# સ્વસંવેદ

સટીક



જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક

કુવેરસ્વામી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

# શ્વસંવેદ



ૐકાર જેહી પ્રણવ સજીવ જપ, અચર ચરાચર તનમે,
જંગમમે જાહેર દરશીતકે, ગુપ્ત રહત તરુ વનમેં. ૩



આદ્ય પુરુષ અહંકાર સજીવન, સમર શકત ૐકારુ,
તિનકે અંશ રેફ બિંદું શિર, જેહી રકાર મકારુ. ૧૪

ઓરુ રકાર મકાર અંકમે, તે નહિં અંશ કહાઈ,
ૐકાર પ્રણવ કે શિર પર, રેફ બિંદું બન તાઈ. ૧૫

- વિશ્વભ્રમ વિધ્વંસ નિધિ ગ્રંથ, અંગ-૨૭



# योगिनाम हृदयं बसंती इति रामः

एकराम का सकल पसारा, एक राम है सबसे न्यारा ।
एक राम घट घट में बोले, एक राम दशरथ घर डोले ॥

# ઓમકાર પ્રાણાયામની સમજ

## પ્રકાશ બ્રહ્મવૃત્તિના ત્રણ મહા તત્ત્વો

| અવિકાશ | કુંભસ્થ | વિકાશ |
|---|---|---|
| ૮ અવિકાશ | ૮ કુંભસ્થ | ૮ વિકાશ |
| ૧ વિકાશ | ૧ અવિકાશ | ૧ કુંભસ્થ |
| ૧ કુંભસ્થ | ૧ વિકાશ | ૧ અવિકાશ |
| **ઓહંગ** | **કુંભક** | **સોહંગ** |
| તેમાં વગ્રજ્ઞાન ચક્ષસત્વ રહ્યું છે જે શ્વાસને પુષ્ટિ કરે છે જેથી અતિશય બહાર નીકળી જતો નથી | તેમાં અનંગ ચક્ષસત્વ રહ્યું છે જે લેતા શ્વાસને ખેચી રાખે છે જેથી ભરાઈને રહે છે. | તેમાં કાળ ચક્ષસત્વ રહ્યું છે તે જે મુકતા શ્વાસને રેચક કરી નાખે છે |
| પ્રેરક પ્રણવ | કુંભક પ્રણવ | રેચક પ્રણવ |
| ઉલટ પ્રણવ | કુંભસ્થ પ્રણવ | સુલટ પ્રણવ |

## સંજમભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્વો

| વગ્રજ્ઞાન (૩ ભાગ) | અનંગ (૩ ભાગ) | કાળ (૪ ભાગ) |
|---|---|---|
| દરેક ઈન્દ્રિયો, તત્ત્વોની ક્રિયાને એક બીજા સાથે ન મળે અને ન્યારી-ન્યારી રહે તે મુજબ રાખીને જે સમયે જોઈએ તે સમયે તે તત્ત્વ, ઈન્દ્રિઓની ક્રિયાને જણાવે છે. | વગ્રજ્ઞાન ચક્ષસત્વે જણાવ્યા બાદ સર્વે તત્ત્વો, ઈન્દ્રિયોને ઉમંગમાં લાવીને જેવુ તત્ત્વ તેવી ક્રિયા કામના વડે કરીને કરાવે છે. | તત્ત્વ, ઈન્દ્રિયોની વર્તમાન ક્રિયાઓને પાછળથી નાશ પમાડવાનુ કામ કરે છે. |



**બ્રહ્મ વાચક એકાક્ષરી ૐ કાર પૂર્ણ પ્રાણાયામ -પ્રત્યેક ઘાટમાં અજપા જાપ તરીકે જપાય છે.**

પંચ મુખી બ્રહ્મા (સૃષ્ટિના પ્રારંભકાળે)



શંકર વ્દારા બ્રહ્માજીના પાંચમાં મુખનું છેદન



વિધિ વિત્તપન શિર પાંચમો; તેહી ઉચરત સ્વસંવેદ;
કાટેહુ શિવ તેહી સમજત્યે; ભવ નહીં પાવહી ભેદ. ૯ (સ્કંધ ૧)

## બ્રહ્મા અને તેમના દ્વારા વદેલા ચાર વેદ



# સર્જનહારના સજાણ જાણ સ્વરૂપ અંશની ચેતનતા




પંચ મહાભૂતવાળા શરીરની ઈન્દ્રિઓના અધિષ્ઠાન મહદ દેવતાઓના સ્થાન (અલ્પ તત્ત્વ સ્વરૂપે) અને સ્થૂળ દેહની રચના અંગેની સમજ



કૈવલવેત્તા પુરુષનો બાલકુવેર સ્વામી
સ્વરૂપે થયેલ પ્રગટ પ્રસંગ (વિ.સંવત ૧૮૨૯, મહાસુદ બીજ),
કાસોરની વનખંડી, ભાલેજ પાસે, આણંદ, ગુજરાત, ભારત




સારસા ગામના નગર જનોને સત્કર્તા સિદ્ધાંતની સમજ આપતા
જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી પરમગુરુ શ્રીમત્
કરુણાસાગર, ગુરુગાદી સારસાપુરી (આણંદ, ગુજરાત, ભારત)


રામભાઉ
ભીખુભાઉ
વ્રજલાલ
છોટમ

જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક કુવેરસ્વામી

# પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના દર્શનિય સ્વરૂપ



બાલ સ્વરૂપ



ઘનશ્યામ સ્વરૂપ



ચલ સ્વરૂપ



પ્રતિમા સ્વરૂપ



ગ્રંથ સ્વરૂપ

મહાશૂન્યની મધ્યમાં આવેલ

# બ્રહ્માંડ




ચૌદ તબકજીનું શિરપર, ઔર ચૌદ ઉપછાંડ,
મધ્ય મહેલ કૈવલ કુલ, સુઘડ સભોમ સઘાડ.

# અનંત બ્રહ્માંડાધીશ
# સકર્તા
# સર્જનહારના

આદ્ય સકૃત સ્વરાટ્ કૂટસ્થ કૈવલ

# પંચવિશેષણ



## જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક
## કુવેરસ્વામી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

# શ્વસંવેદ

## સટીક


**માર્ગદર્શક**

**સંત શ્રી જનકદાસજી ગુરુ શ્રી ગોરધનદાસજી**

**શ્વસંવેદ જ્ઞાન કેન્દ્ર**

મુ.પો. આલમપુર, તા.જી. ગાંધીનગર-૩૮૨૦૪૨

**સંકલન-અનુવાદ**

**શ્રી બીપીન આર. શાહ**

૨ કંચન વાટીકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮

5 Black ridge Ct. Catonsville, MD – 21228, USA



**પ્રકાશક**

ભજનાનંદ પબ્લિકેશન

વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ

૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,

અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક
કુવેરસ્વામી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

# શ્વસંવેદ

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક
કુવેરસ્વામી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**પુરસ્કર્તા :**
**વિશ્વ સર્વજનમંગલ ચેરીટી ટ્રસ્ટ**
૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,
અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

**1st Edition: March 2019**
**Copy:** 1,000
**Price:** Rs. 500/-
**ISBN:** 978-81-921648-7-8

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચેરીટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન:**
**શ્વસંમ વેદ જ્ઞાન કેન્દ્ર**
**મુ.પો. આલમપુર, તા.જી. ગાંધીનગર-૩૮૨૦૪૨**
**ફોન નં. ૯૮૨૪૦ ૨૫૨૯૪**

મુદ્રણ સ્થાન
Shreedhar PrintersPvt. Ltd
M: +91 9825038799

website: www.kaivalgyan.org

**Disclaimer**

આ ગ્રંથના રચયીતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલેખીત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતીક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયીતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના અર્થઘટન દર્શાવતા લખાણમાં રહી ગયેલ ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ સમજ માટે હસ્તલેખીત ગ્રંથને આધારભૂત માનવા.

# અનુક્રમણિકા


પંચમ વેદ એટલે શું ? તેના લુપ્ત થવાનાં કારણ ........................................ xviii

નિવેદન ........................................................................... xx

પ્રકાશકની કલમે ..................................................................... xxiv

શ્વસંવેદમાં દર્શાવેલા જ્ઞાનની ટૂંકી સમજ ................................................ xxvi

મંગલાચરણ.......................................................................... ૧

૧. દિવ્ય પરમગુરુનું આગમન અને કર્તાની ગુપ્ત ગતિ (લક્ષબોધ) દર્શાવનકો સ્કંધ ૧.......૭

૨. સ્થાવર તિલક ચિંતામણિ સ્કંધ ૨ .................................................... ૭૭

૩. જંગમ તિલક ચિંતામણિ સ્કંધ ૩ ...................................................... ૮૭

૪. નિજપતિ પરમ પ્રભાવ સ્કંધ ૪ ....................................................... ૧૬૯

૫. કર્તા ખટવૃત્તિ સ્કંધ ૫ ................................................................ ૨૫૯

૬. તત્ત્વોની ઉત્પત્તિ દર્શાવનકો સ્કંધ ૬ ................................................. ૨૭૩

૭. વૈરાટ તનુ-સૃષ્ટિના તત્ત્વોના મિશ્રણ દર્શાવનકો સ્કંધ ૭ ................................. ૨૮૧

૮. છ મહદ દેવતનુંના વિભાગ દર્શાવનકો સ્કંધ ૮ ............................................ ૩૨૩

૯. સામાન્ય દેવતનુંના વિભાગ તેમજ વિચરણ પંચીકરણ દેખાવનકો સ્કંધ ૯ ............... ૩૩૯

૧૦. સ્થાવર તનું તત્ત્વ પોક્ષણ દર્શાવનકો સ્કંધ ૧૦ ........................................ ૩૫૯

૧૧. ૮૪ લક્ષ પ્રકારના ઘાટોની રચના દર્શાવનકો સ્કંધ ૧૧ .................................. ૩૮૫

૧૨. જંગમ તનુ તત્ત્વ પોક્ષણ દર્શાવનકો સ્કંધ ૧૨ ........................................... ૪૨૫

૧૩. અવસ્થા પલટાવન ચક્ષસત્ત્વ વિભક્તિ દર્શાવનકો સ્કંધ ૧૩ ............................. ૪૩૭

૧૪. ત્રણ ચક્ષસત્ત્વ, મૃત્યુ, અંશનું સ્થાન, તાપ અંગેની ગતિ દર્શાવનકો સ્કંધ ૧૪........... ૪૫૯

ચોપાઈ અનુસુચી..................................................................... ૪૭૯

# પંચમ વેદ એટલે શું ? તેના લુપ્ત થવાનાં કારણ

ૐકાર પ્રાણાયામનાં મહાતત્ત્વો જેના અંશ છે એવા સચરાચર વ્યાપક બ્રહ્મભૂમિકાના અઠ્ઠાવીસ તબક (ઈંડ) પૈકીના મહીમંડ તબકમાં એટલે કે વૈરાટમાં સૃષ્ટિના પ્રારંભ સમયે પ્રથમ નિરંજન પુરુષ અને મહામાયા થકી ત્રણ ગુણના દેવો રજોગુણી બ્રહ્મા, સતોગુણી વિષ્ણુ અને તમોગુણી મહેશ્વર તથા ત્રણ કન્યાઓ સાવિત્રી, લક્ષ્મી અને ઉમિયા થયાં. તેમાં શિવજીને બે બાળક થયાં, વિષ્ણુ નિઃસંતાન રહ્યા અને બ્રહ્માને વિશે પ્રજા ઉત્પન્ન થવાનું રહ્યું. તેમાં બ્રહ્માને પ્રથમ ચાર સનકાદિકો : સનક, સનાતન, સનંદન અને સનત્કુમાર થયા. ત્યાર પછી દસ હજાર પુત્રો થયા, પરંતુ જે ઉત્પન્ન થાય તે બ્રહ્માની પાસે ચાર વર્ષના થાય ત્યારે ચતુર્વેદનો ઉચ્ચાર સાંભળીને તેનું જ્ઞાન ગ્રહણ કરતા અને પાંચમા મુખની વાણી સાંભળીને તેમના હૃદયમાં પરમપદ પામવા માટેની તીવ્ર ઉત્કંઠા જાગ્રત થતી હતી.

બ્રહ્માજીને પ્રથમ પંચ મુખ હતાં. જેની પાછળ કર્તાનો આશય હતો કે ચાર મુખથી સૃષ્ટિ રચના અંગેની વાણી ચતુર્વેદ વડે જગત જાણશે અને પાંચમા મુખ દ્વારા કર્તાના લક્ષ સહિતની પરમાર્થની વાણી જાણીને કર્તાનું ભજન કરશે. આ પ્રકારે રૂઢિગત પરંપરા ચાલે તે માટે પાંચ મુખ રચ્યાં હતાં, પણ તે આશય સફળ થયો નહીં. વિધિપુત્રો પાંચમા મુખનું જ્ઞાન સાંભળીને વિચાર કરવા લાગ્યા કે આપણે તો જીવ અને અલ્પજ્ઞ છીએ જ્યારે આપણા કર્તા તો સર્વજ્ઞ, સજાણ અને અચળ હોઈ નિજધામમાં બિરાજમાન રહ્યા છે. તેવા કર્તાને પ્રાપ્ત કરવા માટે આપણા કાકા શિવજી અને વડુવા (દાદા) નિરંજન તીવ્ર વૈરાગની ભાવના જાગ્રત થતાં સંસારની સર્વ ઉપાધિ ત્યજી ધુંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ગયાં હતા. જેથી આપણે પણ તે પદ માટેની શોધ કરીએ. તેવો નિર્ણય કરી પ્રથમ ચાર સનકાદિકો તપ કરવા તત્કાળ નીકળી ગયા. તેમને અનુસરીને બીજા પુત્રો પણ એકની પાછળ એક એમ દસ હજાર તપ કરવા માટે ગયા, પરંતુ એક પણ તત્ત્વપ્રવૃત્તિવાળો સંસાર ભુક્તમાન કરવા રહ્યો નહીં.

આવી ઊભી થયેલી પરિસ્થિતિનો સંકેત થતાં નિરંજન પુરુષ પણ દ્વિધામાં પડ્યા. સૃષ્ટિની વૃદ્ધિ અટકે તે તેમને યોગ્ય લાગ્યું નહીં. નિજકર્તાએ પંચમવેદ સહિતની જ્ઞાન ઉચ્ચાર કરવાની કળા એટલા માટે બ્રહ્માજીમાં મૂકી હતી કે જેથી ફરી કર્તાનુ લક્ષ ભજન દેખાડવા સારુ પોતાની પાસે રાખેલા પરમવિશેષ અંશને અવતાર લેવડાવવો પડે નહીં, પણ તે ઠેકાણે ગૂંચવણ આવી. જેથી નિરંજને આકાશવાણી દ્વારા પૂછ્યું કે હજુ કેમ સૃષ્ટિના ક્રમનો વિસ્તાર આગળ વધતો નથી ? તે વાણી વિષ્ણુએ સાંભળી વિચાર કર્યો કે સૃષ્ટિ આગળ ન વધવા માટે પાંચમા મુખની વાણી જ કારણભૂત છે. પાંચમા મુખનું છેદન કર્યા વિના સૃષ્ટિની પરંપરા ચાલશે નહીં અને નિજકર્તાનો સૃષ્ટિ રચવાનો આશય પણ પૂર્ણ થશે નહીં. આખરે વિષ્ણુએ શિવજીને બધી હકીકત પોતાની રીતે એવી સમજાવી કે શિવજીને ક્રોધ ઉત્પન્ન કરાવી બ્રહ્માજીના ચતુર મુખ ઉપર જે પાંચમું મુખ હતું તેનું છેદન કરાવ્યું.

પાંચમા મુખના છેદન બાદ ચતુર્મુખી બ્રહ્મા પરમપદની વાણી વિસ્મૃતિ પામ્યા. લાંબા સમય

સુધી ચાર મુખની વાણીના અભ્યાસમાં વૃત્તિને જોડીને પોતે સંસારમાં પ્રવૃત્તિમય રહ્યા. ત્યાર પછી બ્રહ્માએ સ્વયં મનુ પુત્ર અને સત્યરૂપા કન્યા પેદા કર્યાં. તે બંનેનાં લગ્ન કરી તેમના સંજમથી સૃષ્ટિનો ક્રમ આગળ ધપાવ્યો. જે દેવ, દાનવ અને માનવની આદ્ય લઈ આજ સુધી વર્તાઈ રહ્યો છે.

પાંચમા વેદની વાણીનો અસ્ત થતાં શિવ અને વિષ્ણુ પણ પોત-પોતાની જવાબદારી નિભાવવાના કામમાં લાગ્યા. પાંચમા મુખની વાણી સાંભળીને વિધિ પુત્રો તો તપ કરવા ચાલ્યા ગયા હતા. ત્યાર પછીની ઉત્પત્તિનો ક્રમ જે આગળ વધ્યો તે દરેક જીવ ગુણોવાળી કળયુક્ત રચના અંગેની અને અકર્તા બ્રહ્મનું નિરૂપણ કરતી ચારવેદની વાણીમાં જ જકડાઈ રહ્યા છે. સામાન્ય અંશો વિશેષ અંશોના તાબે થઈને રહ્યા. કેટલાક કાળથી જીવ જન્મ-મરણના ફંદમાં ભટકાતા રહ્યા છે. તેઓ કરુણામય દેવોની નાશવંત ઉપાસનામાં વળગીને ચાર પ્રકારની મુક્તિના સંદર્ભે દૈવીધામોનું ક્ષણિક સુખ માણી પુણ્યનો ક્ષય થતાં પાછા મૃત્યુલોકમાં આવી ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોમાં કર્મને આધીન થઈ ભ્રમણ કરે છે, પરંતુ હું કોણ ? અને મારા કર્તા કોણ ? હું ક્યાંથી આવ્યો ? તે અંગેનું જ્ઞાન જાણવા પ્રયત્ન કોઈએ પણ કર્યો નથી.

સર્જનહારના ધામમાંથી બ્રહ્માંડમાં આવેલા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહની માયાજાળમાં ફસાતા રહ્યા. જેથી કોઈ મૂળધામમાં પાછું ગયું નહીં. કરોડો કલ્પો વીત્યા તેમ છતાં કોઈ અંશો પાછા કૈવલધામમાં ન આવવાથી સર્જનહારે કૃપા કરી પોતાના સાંનિધ્યમાં રાખેલા પરમવિશેષ પાટવી અંશને અંશ-અંશીનો લક્ષ દર્શાવવા અને અંશોને પરમગતિનો લક્ષ બક્ષી કર્તાના ધામમાં પાછા મોકલવા માટેનો પરવાનો (કુલમુખત્યારનામું) આપી બ્રહ્માંડમાં મોકલ્યા.

પરમવિશેષ અંશના નાતે પોતાની જવાબદારીને નિભાવવા કર્તાનો આદેશ થતાં જ વાર (સમય) લગાડ્યા સિવાય તુરંત જ તેઓ કૈવલધામમાંથી બ્રહ્માંડમાં આવ્યા. અંતરિક્ષ માર્ગે જ્યાં સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે તેવા મહામંડ તબકમાં પ્રવેશ્યા. સૌપ્રથમ નિરંજન ધામ, બાદ શક્તિના ધામમાં, પછી ત્રણ મહાદેવના ધામની આદ્ય લઈ અંતરિક્ષનાં અન્ય ધામોમાં સર્જનહારનો લક્ષ દર્શાવી પૃથ્વી પરના છ દ્વિપને ચેતાવી છેલ્લે સાતમા જંબુદ્વિપમાં પ્રગટ થયા છે. એવા કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પોતે દિવ્ય દેહે જંબુદ્વિપમાં ૧૦૫ વર્ષ રહ્યા. કૈવલકર્તાના લક્ષનું પ્રતિપાદન કરતા સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. સર્જનહારના પરમલક્ષનું જ્ઞાન દર્શાવતા વિવિધ ગ્રંથો સહિત અલગ-અલગ પદો, સાખી અને દોહા સહિતની ઘણી ગદ્ય અને પદ્ય રચનાઓ રચીને જગતને બોધ આપ્યો છે. તેમની રચના પૈકીના આ પંચમ શ્વસંવેદમાં ન્યાયપૂર્ણ રીતે કર્તાને દર્શાવ્યા છે. તેમજ સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પથી છ વૃત્તિઓ દ્વારા સચરાચર વ્યાપક બ્રહ્મભૂમિકામાં જે રીતે સમગ્ર રચના ઉત્પન્ન કરી તેની તત્ત્વ મેળવણી અને તેના કાર્ય, કારણ તથા પરિણામ દર્શાવતી માહિતી દર્શાવી છે. કૈવલ જ્ઞાન ચક્રવર્તી કરવાના આદેશથી ભારત દેશના ગુજરાત રાજ્યમાં આણંદ જિલ્લાના સારસા ગામમાં ગુરુગાદીની સ્થાપના કરી છે, જ્યાં કુવેરસ્વામીએ લહિયાઓ દ્વારા લખાવેલી સમગ્ર હસ્તલિખિત રચનાઓ હયાત છે.

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

ૐકાર પ્રાણાયામના બંધારણમાં રહેલાં અવિકાસ, વિકાસ અને કુંભસ્થ મહાતત્ત્વો જેના અંશો છે તેવા સચરાચર વ્યાપક બ્રહ્મના પ્રકાશક સર્જનહાર કૈવલકર્તાને અંશભાવે નમસ્કાર કરી તેમજ પરમવિશેષ પાટવીઅંશ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનાં ચરણમાં દંડવત્ પ્રણામ કરીને મારું નિવેદન (વક્તવ્ય) રજૂ કરું છું.

હાલ સમસ્ત વિશ્વમાં ધર્મ ક્ષેત્રે વિવિધ મત મતાંતરો સ્થાપિત કરતા (સિદ્ધાંતોવાળા) ધર્મો જોવા મળે છે. માનવી કોઈને કોઈ ધાર્મિક સંપ્રદાયની માન્યતામાં જોડાઈને આત્મકલ્યાણ અંગેની પ્રવૃત્તિ કરતો રહ્યો છે. દરેકનો અંતિમ લક્ષ આ દેહ પછી મોક્ષ મળે તેવો હોય છે. તેથી પરંપરાગત ચાલી આવેલી માન્યતાને માર્ગે દઢતાપૂર્વક ગમન કરી સંતોષ અનુભવે છે. ઘણાં સુખ-વૈભવમાં રાચીને પ્રભુને યાદ કરતા નથી, પરંતુ જ્યારે દુઃખના દિવસો આવે ત્યારે પ્રભુને યાદ કરે છે. વિશ્વમાં પ્રસિદ્ધ પામેલાં ચારવેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, કુરાન, કતેબ સહિતના અન્ય ધર્મગ્રંથોના જ્ઞાનને પ્રાપ્ત કરી ધર્માચાર્યો દ્વારા દર્શાવેલ વિધિ-નિષેધવાળી કર્મકાંડી ક્રિયાઓમાં મોક્ષ મળશે તે આશયથી ધર્મમય પ્રવૃત્તિ કરે છે. મુમુક્ષુજનો ઐશ્વર્યતા અને ચમત્કારોની ચમકથી અંજાઈને ભોળાભાવે સમર્પિત થઈને પોતાના તન, મન અને ધનને ન્યોછાવર કરે છે. રૂપ-ગુણવાળા દેહધારી અને અવતારાદિક મહાપુરુષો પાછળ આંધળા બનીને ભક્તિમાર્ગે ગમન કરે છે તો કોઈ વિશેષ જ્ઞાનીજનો સગુણ સિદ્ધાંતથી પર એવા બ્રહ્મસિદ્ધાંતના આધારે 'અહં બ્રહ્મ અસ્મિ'ની અસ્મિતા ધારણ કરીને બ્રહ્મ જ સર્વોપરી છે તેમ માને છે. વળી, બધી ઉત્પત્તિ આપોઆપ બ્રહ્મભૂમિકામાં થઈ છે અને આખરે તેમાં જ સમાશે તેવું માનીને તે પદમાં જ તલ્લીન બની રહ્યા છે, પરંતુ ચારવેદ જે પદ માટે નેતિ પોકારી છે તેવા બ્રહ્મપદથી પર રહેલા પરમપદ અંગે કોઈએ શોધ કે વિચાર કર્યો નથી. આવા વિશાળ અને અપરંપાર વૈરાટની રચનાને નિયમબદ્ધ રીતે ચાલે તે રીતે ઉત્પન્ન કરીને ચલાવનાર મહદ વિભૂતિનો કોઈએ વિચાર સુધ્ધાં પણ કર્યો નથી. 'પિંડે સો બ્રહ્માંડે' ના ન્યાયે પણ નાશવંત દેહમાં દેહને ચલાયમાન કરનાર સ્વામીરૂપ ચૈતન અંશ સર્વોપરી છે. તે ક્યાં છે ? કેવો છે ? ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો ? તેની ચેતનતા કેવી રીતે પ્રસરીને રહેલી છે ? વગેરે વગેરે ઘણી બધી બાબતોની દરકાર કોઈએ કરી નથી. આ જ રીતે અખિલ બ્રહ્માંડને સુવ્યવસ્થિત રીતે ઉત્પન્ન કરી સામાન્ય જીવોની સહાયતા માટે દેવી-દેવતાઓને એક એક કરુણા આપી કરુણામય બનાવ્યા એવા સર્વોપરી રહેલા કરુણેશ કૈવલ કર્તાને શોધ્યા કે જાણ્યા નહીં. કરોડો યુગો વીત્યાં, પરંતુ જ્યાંથી અંશો આવ્યા તે ધામમાં પાછા જઈ મૂળ માલિકને કોઈ મળ્યું નહીં. તેથી માલિકે કૃપા કરીને પોતાના સાંનિધ્યમાં રહેલા પરમવિશેષ પાટવીઅંશને પોતાનો સંદેશો જણાવવા વિશ્વમાં મોકલ્યા છે.

સગુણ ઉપાસનાથી વિશેષ નિર્ગુણ બ્રહ્મની ઉપાસના છે અને તેની પરે પરમપદ રૂપ સકર્તાપતિનો

લક્ષ છે. તે સર્વથી શ્રેષ્ઠ અને અખંડમુક્તિને પ્રદાન કરવાવાળો છે. આ મર્મને વિશ્વમાં ન્યાયબદ્ધ રીતે દર્શાવનારું પ્રોક્ષ, તાય અને સદ્‌ગુરુના પદથી પર રહેલું પરમગુરુનું પદ છે. એવા સમર્થ પરમગુરુ વિશ્વમાં આવી અંશને ઓળખાવી શુદ્ધ સ્વરૂપે કરે છે. તેમજ તેવા શુદ્ધ થયેલા અંશોને પરમપદ રૂપ કૈવલધામમાં પહોંચાડવાનું કાર્ય કરે છે. એવા પરોપકારી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા આ 'પંચમ શ્વસંવેદ'ની રચના કરવામાં આવેલી છે.

તો પ્રશ્ન થાય કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કોણ છે ? સકર્તા સર્જનહારનો સંદેશો પહોંચાડવા બ્રહ્મથી પરે રહેલા અંશોના નિજ ઉત્પતિ સ્થાન એવા કૈવલધામમાંથી તેઓને સર્જનહારે જ મોકલ્યા છે. સર્જનહારના હુકમને આધીન થઈ તેઓ બ્રહ્માંડમાં આવી અંશોને પોતાનું શુદ્ધ ચૈતન સ્વરૂપ અને પતિપદને દર્શાવવાનું કાર્ય કરે છે. અંશને પોતાના અસલ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે કરીને સર્જનહાર સાથે મેળાપ કરાવે છે. તેઓની જંબુદ્વિપમાં પ્રગટ થવાની જે કથા છે તે અહીં સંક્ષિપ્તમાં જણાવી છે.

બ્રહ્માંડમાં અઠ્ઠાવીસ તબક પૈકીના મહામંડ ઈંડ કે જ્યાં સૃષ્ટિનું સર્જન થયેલું છે તેવા વૈરાટમાં રહેલાં અંતરિક્ષનાં દૈવી ધામોને સર્જનહારનો લક્ષ આપી પૃથ્વીના સાત દ્વિપોને ચેતાવવા માટે ભોમી પર પધાર્યા છે. પાંચ દ્વિપને ચેતાવી જ્યારે છઠ્ઠા પાલકી દ્વિપમાં હતા ત્યારે તેઓ ભવભીડભંજન સાહેબ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. તે દ્વિપનું પ્રચાર-પ્રસાર કાર્ય આટોપીને છેલ્લા જંબુદ્વિપમાં આવવાની તૈયારીમાં હતા ત્યાં એક ઘટના ઘટી. તેઓ ગુંજારન વનમાં આવેલા કમલ શેઠના બગીચામાંથી પસાર થતા હતા ત્યાં એક બ્રાહ્મણ યુવા દંપતી પોતાના ભોગ-વૈભવને ત્યજીને ધ્યાનમાં બેઠું હતું. ભવભીડભંજન સ્વામીએ આ યુવા દંપતીને ગૃહત્યાગ કરી કઠોર પરિશ્રમ અંગે પૂછ્યું. ધ્યાનસ્થ દશામાંથી સ્વસ્થ થઈ દંપતીએ સ્વામીનો આદર-સત્કાર કરીને પોતાના મનની ઈચ્છા રજૂ કરી અને જન્મ-મરણના ભવસંકટમાંથી મુક્ત કરવાની વિનંતી કરી. ભવભીડભંજન સ્વામીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી નિહાળતાં આ બંને મોક્ષના અધિકારી પાત્ર જણાયાં, પરંતુ તેઓને જંબુદ્વિપમાં આવવાનું હતું તેથી મન ચંચલ હતું. તેથી આ દંપતીની કલ્યાણ કરવાની જે માગણી હતી તે સ્વીકારી અને જંબુદ્વિપમાં અવતાર ધારણ કરવાનું કહ્યું. તેઓ આ દંપતીને જંબુદ્વિપમાં મળશે અને ત્યાં તેમનું કલ્યાણ કરશે તેમ જણાવ્યું. આ દંપતીને જંબુદ્વિપમાં મોકલી હિંદુત્વના રક્ષણ માટેનું ધર્મઝનૂન અને કુળના ગૌરવનુ ખમીર ધરાવતા ક્ષત્રિયકુળમાં જન્મ ધારણ કરવા આજ્ઞા કરી.

સંવત ૧૮૨૯ (ઈ.સ. ૧૭૭૩, ૨૪ જાન્યુઆરી, રવિવાર)ના મહાસુદ બીજના દિવસનો આ પ્રસંગ છે કે ગુજરાત રાજ્યમાં આવેલા કાસોર ગામની ગાઢ વનખંડીમાંથી પસાર થઈને હેતબા નામે ક્ષત્રિયકુળની યુવાન સ્ત્રી પોતાના બાળક લઈને પીયરમાં જતી હતી અને તૃષા લાગતાં પોતાના બાળકને કિનારે મૂકી તળાવમાં પાણી પીવા માટે જાય છે, પણ પાણી પીને પાછાં આવતાં પોતાનું બાળક નિહાળ્યું નહીં. કોઈ જંગલી નહાર નામનું પ્રાણી બાળકને ઉઠાવી ગયું હતું. માતા માથાના વાળ તોડીને આક્રંદ કરતી અત્યંત વ્યાકુળ બની, બાળકને શોધતી-શોધતી પોતાના પીયર તરફ જવાના રસ્તે આગળ વધે છે, ત્યાં બાળસ્વરૂપે બાલકુવેર સ્વામી દર્શન આપે છે અને પૂર્વજન્મની

બની ગયેલી બધી જ ઘટનાની યાદ અપાવે છે. માતા પૂર્વ જન્મની વાત વીસરી ગઈ છે તેવું ગદ્ગદિત કંઠે કહી હવે કલ્યાણ કરવાની વાત કરે છે. માતાને દીધેલા કોલ મુજબ પ્રગટ થઈ પોતે માતાને ઘરે લઈ જવા જણાવી તેના બાળક જેવું સ્વરૂપ બનાવી દે છે.માતા પુત્રભાવે બાળકને ઘરે લઈ જઈને લાડકોડથી ઉછેરે છે. સાત વર્ષના થતાં કુવેરસ્વામી પોતે પોતાની સાચી ઓળખ વિશ્વમાં જાહેર કરે છે. તેઓ કૈવલકર્તાના પરમવિશેષ પાટવી અંશ છે અને કર્તાએ જ તેમને આ વિશ્વમાં (કર્તાનો) સંદેશો પાઠવવા મોકલ્યા છે તેવું દર્શાવી સકર્તા સિદ્ધાંતને દૃઢ કરાવતા કૈવલજ્ઞાનના પ્રચારની શરૂઆત કરે છે. પોતાના ૧૦૫ વર્ષની (સંવત ૧૮૨૯ થી ૧૯૩૪) હયાતી દરમિયાન ઘણી બધી ગદ્ય અને પદ્ય રચના રચી છે. જેમાં સકર્તા સિદ્ધાંતને દર્શાવતા અલગ-અલગ વિષયોને આવરી લેતા ધર્મગ્રંથોની આદ્ય લઈ પ્રભાત, મંગળ, રવેણી, ધોળ, સાખી, ગોડીપદ વગેરેની રચના કરી છે જે હાલમાં પણ ગુરુગાદી સારસાપુરીમાં લહિયાઓ દ્વારા લખેલા હસ્તલિખિત ગ્રંથો ઉપલબ્ધ છે. તેમાંથી આ ‘પંચમ શ્વસંવેદ’ આપની સમક્ષ રજૂ કર્યો છે.

મૂળ ગ્રંથ પ્રાકૃત ભાષામાં લખાયેલો છે, જેમાં મંગલાચરણની આદ્ય લઈ સ્કંધ ૧ થી ૫ પદ્ય વિભાગ (ચોપાઈના રૂપે) છે. જ્યારે સ્કંધ ૬ થી ૧૪ ગદ્ય વિભાગ (લખાણના રૂપે) છે. વાચક વર્ગને સમજવામાં સરળતા રહે તે માટે ચોપાઈના શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ દર્શાવીને તૈયાર કર્યા છે. તત્ત્વોના બંધારણની સમજ અને તે તે તત્ત્વોના કાર્યની ચેષ્ટાથી પિંડ અને બ્રહ્માંડમાં કઈ કઈ અસર વર્તાય છે, તેનું સંકલન કરીને સરળતાપૂર્વકની સમજ પડે તે માટે યોગ્ય ફેરફાર કરી સ્કંધ ૬ થી ૧૪ ના લખાણને નવેસરથી રચના કરી છે.

ગ્રંથનું પ્રકાશન કરતાં પહેલાં સ્કંધ ૧ થી ૫ ના તૈયાર કરેલા લખાણને ગુરુગાદી સારસાપુરીના સપ્તમ કુવેરાચાર્ય પૂજ્ય અવિચળદાસજી મહારાજશ્રી સાથે શિકાગો મંદિરના ગુરુનિવાસમાં બેસીને તેમના માર્ગદર્શન હેઠળ ચર્ચા-વિચારણા કર્યા બાદ લખાણને સરળ અને યોગ્ય બનાવવા પ્રયત્ન કર્યા છે.

અંશનો ભાસ પિંડમાં પ્રણવ ઉપર પડવાથી તે પૂર્ણ ચૈતનતા પામી પોતાની ચેતનતાથી અન્યોઅન્ય તત્ત્વોને ચેતનવંત કરી સમગ્ર દેહને ચેતન કરે છે. અંશ ઈન્દ્રિયોની ચાસમી લઈને આનંદ માણે છે. એવો ચૈતન અંશ પોતાના આભાસે કરીને પ્રણવના માધ્યમથી દેહમાં ચેતનતાનો પ્રસારો કેવી રીતે કરે છે ? તે સઘળી માહિતી દર્શાવતા આ પંચમ શ્વસંવેદમાં અંશ-અંશીના લક્ષનો તેમજ સર્જનહારે રચેલી સમગ્ર ઉત્પત્તિની રચનામાં કરાયેલાં તત્ત્વોના મિશ્રણ અને તેનાં કાર્યોની સાચી અને સચોટ સમજને ચિત્રો અને ગ્રાફના સ્વરૂપમાં રજૂ કરી દર્શાવવા પ્રયત્ન કર્યો છે.

કરોડો કલ્પોથી વિવિધ દેહમાં ભ્રમણ કરતા દેહમય બનેલા ચૈતન અંશોએ પોતાની સમૃદ્ધિ રૂપી અક્કલ, આરત અને સુરતા રૂપી જે ખજાનો હતો તે નર-માદાના સમાગમવાળા ભોગવિલાસમાં ગુમાવી દીધો છે. જેથી અંશ નિર્માલ્ય થયો હોઈ ઊર્ધ્વગમન કરવા માટે નિઃસહાય બની ગયો છે તેથી જ તેને (નિર્માલ્ય થયેલા અંશને) પરમગુરુની કૃપાની જરૂર છે. બ્રહ્માંડમાં માત્ર પરમવિશેષ પાટવી અંશના નાતે સર્જનહારે તેમને વિશેષ સત્તા આપી હોવાથી તેઓ નિઃસહાય અને અસમર્થતા

પામેલા અંશને કરેલાં કર્મોમાંથી મૂક્ત કરી પોતાના શુદ્ધ સ્વરૂપે એટલે કે અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે કરીને ઊર્ધ્વગમન કરવાની શક્તિ પ્રદાન કરી કૈવલધામમાં બિરાજમાન સર્જનહારની સાથે મેળાપ કરાવે છે. માટે પરમગુરુનું શરણ અંશના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવા તેમજ અંશ જેના વંશનો છે એવા અંશીને મળવા માટે અનિવાર્ય અને મહત્ત્વનું છે તે ન ભૂલવું જોઈએ.

આશા છે કે, આપ ‘‘શ્વસંવેદ’’ના જ્ઞાનને વાંચ્યા બાદ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત અન્ય ધર્મગ્રંથોનો અભ્યાસ કરવા પ્રયત્નશીલ રહેશો તો જરૂર તેમના કૃપાપાત્ર અધિકારી બની આ જન્મે જ ચાર પ્રકારની મુક્તિની જંજાળમાંથી છૂટી અખંડ કૈવલ મુક્તિને વરી પરમપદને પ્રાપ્ત કરી શકશો તેમાં જરાપણ શંકા નથી.

અમારા દ્વારા રજૂ કરેલા લખાણમાં કોઈ ગ્રંથના અભ્યાસીને સિદ્ધાંતિક ક્ષતિ જણાય તો વિના સંકોચે અમોને bshah6900@gmail.com પર જણાવશો તો પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો કરી શકાય.

**- બીપીન આર. શાહ**
**સત્ કૈવલ સાહેબ**
**સત્ કૈવલ પરમાત્મ**

# પ્રકાશકની કલમે

પ્રિય આત્મબંધુઓ,

વિશ્વની ઉત્પત્તિથી આજ પર્યંત કરોડો કલ્પો વીત્યા તેમ છતાં માનવી સાચા સર્જનહારના સ્વરૂપને પામવા માટે હજુ પણ પ્રયત્નશીલ છે. હું કોણ ? મારા કર્તા કોણ ? હું ક્યાંથી આવ્યો ? અને અંતે હું ક્યાં જઈશ ? એવા ઘણા બધા સવાલોનો કોઈ જવાબ નથી. માનવી પોતાને રૂપ-ગુણ અને દેહ થકી ઓળખાવે છે ખરો, પરંતુ જે પોતાનું સાચું ચૈતન સ્વરૂપ છે તે ભૂલાઈ ગયું છે. 'પિંડે સો બ્રહ્માંડે'ના ન્યાયે વિચાર કરીને પણ પોતાના ચૈતન અંશ સ્વરૂપની કે અંશ જેની સજાતિ છે એવા સર્જનહારની કલ્પના પણ કોઈ કરી શકતા નથી. તેથી માનવી જન્મ-મરણના ક્રમમાં ભટકતો રહ્યો છે.

ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ સહિત ઘણા બધા ધર્મગ્રંથોમાં સર્જનહાર દ્વારા રચાયેલી રૂપ-ગુણવાળી રચનાને ખૂબ જ વિસ્તૃતપૂર્વક વર્ણવી છે, પરંતુ જ્યારે બ્રહ્મ કે તેના પરની વાત આવે છે ત્યાં 'નેતિ' પોકારીને ચાર વેદ પણ અટકી ગયા છે.

આજથી ૨૪૭ વર્ષ પહેલાં સર્જનહારના સાન્નિધ્યમાં રહેતા દૂત જંબુદ્વિપમાં અંશ-અંશીનો લક્ષ આપવા માટે આવ્યા હતા. જે પરમગુરુ શ્રીમત્ કુવેરસ્વામિ તરીકે વિશ્વમાં ઓળખાય છે. તેમણે વેદથી પરે રહેલા પરમપદની સમજ આપીને ઘાટની ચેતનતાના કારણરૂપે રહેલ ચૈતન અંશની સમજ આપી છે અને વિશ્વના સર્જનહારને પામવા માટેનો સચોટ ઉપાય બતાવ્યો છે. વિશ્વમાં સ્થાપિત વૈદિક અને અવૈદિક સિદ્ધાંતોમાં સર્વ શ્રેષ્ઠ બ્રહ્મ સિદ્ધાંત કહેવાય છે. બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી, બ્રહ્મવેત્તા અને પરમહંસ પુરુષોએ બ્રહ્મને સર્વોપરી ગણીને બધી ઉત્પતિ સહેજા-સહેજ 'બ્રહ્મ'થી થઈ છે અને અંતે તેમાં જ સમાય છે તેવું પ્રતિપાદિત કર્યું છે, પરંતુ સચરાચર વ્યાપક બ્રહ્મ તો કતૃત્વ શક્તિ વગરનું નપુસંક નિયંતારૂપી સર્જનહારનો પ્રકાશ છે. જે બ્રહ્માંડમાં ઠસોઠસ પથરાયેલ છે. જેને આધ્યાત્મિક જગત બ્રહ્મક્ષેત્ર તરીકે સંબોધે છે.

તે સચરાચર વ્યાપક બ્રહ્મના ત્રણ મહાતત્ત્વો પૈકીના પ્રથમ અવિકાસ મહાતત્ત્વના વિશેષ ભાગથી બનેલા ઓહંકાર પ્રણવને લેવાતો – પ્રેરક પ્રણવ કહીએ છીએ. બીજા વિકાસ મહાતત્ત્વના વિશેષ ભાગથી બનેલા સોહંકાર પ્રણવને મૂકાતો – રેચક પ્રણવ કહીએ છીએ અને ત્રીજા કુંભસ્થ મહાતત્ત્વના વિશેષ ભાગથી બનેલા કુંભક પ્રણવ જે પ્રેરક અને રેચકની મધ્યે સ્થંભન પામતો પ્રણવ કહીયે છીયે.

આમ ત્રણે પ્રણવની ગતિથી બનેલા સ્વરૂપને પૂર્ણ પ્રાણાયામ કહેવાય છે. જે મહદ પ્રાણાયામના સ્વરૂપે મહાન વૈરાટમાં અને અલ્પ પ્રાણાયામના સ્વરૂપે માનવ ઘાટ સહિતના સ્થાવર જંગમના ચોર્યાસી લાખ સ્થૂળ ઘાટો તેમજ સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં અજપા-જાપ તરીકે જપાય છે.

પ્રકૃતિના પ્રભાવવાળી પ્રત્યેક રચનામાં જપાતા પ્રાણાયામની સંપૂર્ણ સમજને દર્શાવતો ગ્રંથ એટલે 'શ્વસંવેદ'. આ શ્વસંવેદમાં પ્રાણાયામની ગતિને સવિસ્તાર રીતે દર્શાવામાં આવી છે.

કોઈ પણ ધર્મ, જ્ઞાતિ, જાતિ કે કુળના માનવો હોય, પરંતુ પ્રત્યેકના ઘાટમાં રહેલા જીવ, આત્મા, રુહ કે ચૈતન અંશ સહિતની સર્વ રચનાના એક જ સર્જનહાર છે. વિશ્વનિયંતા કે કાદરરૂપ માલિક એક જ છે એમ બધા ધર્મો સ્વીકારે છે, તેમ છતાં બધાની માન્યતામાં ભિન્નતા દેખાય છે. હકીકતમાં તો જે પૂર્ણ ચૈતન સર્જનહાર છે તેમના જ આપણે બધા સજાતિય ચૈતન અંશ છીએ. તે અંગેની સાચી સમજ વિશ્વમાં 'સર્કતા' સિદ્ધાંત દ્વારા કુવેરસ્વામીએ દર્શાવી છે.

પ્રત્યેક ઘાટોમાં રહેલો ચૈતન અંશ જેની સજાતિનો છે તેવા અંશીને ઓળખાવવા માટે તેમજ અંશનું સ્વરૂપ કેવું છે ? અંશ ક્યાંથી આવ્યો છે ? અંશી કોણ છે ? અને તે અંશીને પ્રાપ્ત કરવા માટેની ભક્તિ દર્શાવતા 'સગુણ' અને 'નિર્ગુણ' સિદ્ધાંતથી તીત એવા 'સકર્તા' સિદ્ધાંતના જ્ઞાનનો પ્રચાર-પ્રસાર થાય એ જ અમારો મુખ્ય આશય છે. ભવસાગરમાં ભૂલા પડેલા જીવાત્માઓ સાચા સર્જનહારને સમજી તેમને પ્રાપ્ત કરવા માટે અને અખંડ મુક્તિ મેળવવા માટે પ્રયત્નશીલ બને, જેથી અંશને મહાપ્રલયકાળ (કયામત કા દિન) સુધી રાહ જોવી ન પડે. યથા નામ તથા ગુણ...ના ન્યાયે વિશ્વસર્વજન મંગલ ચેરીટી ટ્રસ્ટનો ઉદ્દેશ પણ વિશ્વના માનવોના કલ્યાણ માટેની પરોપકારી પ્રવૃત્તિ કરવાનો છે.

આ પહેલાં શ્વસંમવેદના જ્ઞાનને સમજવામાં સહાયતા રહે તે માટે કુવેરસ્વામી દ્વારા રચિત ૧૮ ધર્મગ્રંથો પૈકી ૯ ધર્મગ્રંથોને ટીકા સહિત અમોએ પ્રકાશિત કર્યા છે. જેનો ખુબ જ સારો પ્રતિસાદ વાંચક વર્ગ દ્વારા અમને મળ્યો છે, જે અમારા માટે આનંદની વાત છે.



આ વખતે અમો શ્વસંમવેદનાં મૂળ સ્કંધોના ગુઢાર્થ ભરેલા જ્ઞાનની સરળતાથી સમજ પડે તે માટે સંકલન કર્યા બાદ સચિત્ર તૈયાર કરીને પ્રકાશિત કરીએ છીએ. કોઈ ગ્રંથના અભ્યાસીએ ગ્રંથને મુળ સ્વરૂપે વાંચવો હોય તો તે પ્રાકૃત ભાષામાં લહીયાઓ દ્વારા લખાયેલ હસ્ત લિખિત કોપી અમારી વેબસાઈટ www.kaivalgyan.rog ઉપરથી પણ જોઈ શકશે.

આશા છે કે આ શ્વસંમવેદના જ્ઞાનની કોઈ પણ ધર્મના વ્યક્તિએ પક્ષા-પક્ષ રહિત નિષ્પક્ષ ભાવે આત્મકલ્યાણના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને જ મૂલવણી કરવાની છે, અને તેનો ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવાનો છે. સર્જનહારના પરમપદને પ્રાપ્ત કરવાના લક્ષવાળા આરતવંત મુમુક્ષુ માટે આ એક અમોઘશસ્ત્ર સમાન છે.

કોઈ વિદ્વાન જ્ઞાની પુરુષને અમારી ટીકામાં કોઈ સૈદ્ધાંતિક ક્ષતિ જણાય તો અમોને bshah6900@gmail.com ઉપર લખી મોકલશો તો હવે પછીની હિન્દી અને અંગ્રજી આવૃત્તિમાં તેને યોગ્ય ન્યાય આપવામાં અવશે.

**વિશ્વ સર્વજન મંગલ ચેરિટી ટ્રસ્ટ વતી**
**બીપીન શાહના**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

# શ્વસંવેદમાં દર્શાવેલા જ્ઞાનની ટૂંકી સમજ

## પદ્ય વિભાગ

**મંગલાચરણ**

૧. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પંચમ શ્વસંવેદના પ્રારંભે મંગલાચરણ દ્વારા સર્જનહારને નમસ્કાર કરી વેદનો પ્રારંભ કરે છે.

સર્જનહાર અંશીએ ઉત્કૃષ્ટ સૃષ્ટિનું નિર્માણ કરી ૐકાર પ્રણવની સ્ફુરણા દ્વારા પોતાના સજાતીય અંશની ચેતના સમગ્ર ઘાટમાં ફેલાવી છે તેમ દર્શાવીને કર્તાની જય હો, જય હો જણાવી સર્જનહાર કળ્યામાં ન આવે તેવા અકળ અને અવિનાશી છે તેમ દર્શાવ્યું છે.

**સ્કંધ ૧, દિવ્ય પરમગુરુનું આગમન અને કર્તાની ગુપ્ત ગતિ (લક્ષબોધ) દર્શાવનકો**

બ્રહ્મના અંશો તરીકે રહેલા ૐકાર અને સોહંકાર પ્રણવના માધ્યમથી ચર-અચર અને દેવલોક સહિતના પ્રસિદ્ધ ઘાટોને ચેતના પ્રસારવાનું કામ ચૈતન અંશ કરે છે. ચાર વેદ અંશની ચેતનતા અંગેના ગૂઢાર્થ ભરેલા જ્ઞાનથી અજાણ છે. આ હકીકત (જ્ઞાનને) શ્વસંવેદમાં દર્શાવવામાં આવી છે. વિશ્વના જીવો માયાના ફંદથી મુક્ત થઈને પરમપદ પ્રાપ્ત કરી શકે તેમ છે, પરંતુ કહેવાતા ઈશ્વરોએ પોતાના સ્વાર્થ માટે જીવોને પાંચમા વેદથી દૂર રાખ્યા છે. જેથી જીવો માયામાં લપટાઈને પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી ગયા છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનું આગમન તેના કારણે જ થયું છે. તેઓશ્રી જે લક્ષ લાવ્યા છે તે ખુદ કર્તા જ્યાં વસે છે ત્યાંથી લઈને આવ્યા છે અને નિજ લક્ષ જગતના જીવોને બતાવી અજ્ઞાન રૂપ અંધકારમાંથી મુક્ત કરે છે. કબીરસાહેબના મત મુજબ દર્શાવેલા સાર શબ્દ, રહેત ઘર અને ન્હેઃ અક્ષરની સંપૂર્ણ સમજ પિંડમાં અને બ્રહ્માંડના સંદર્ભે શું છે ? તેની છણાવટ કરી છે, જે તેમણે બાંધુગઢના ધર્મદાસને અધિકારી જાણીને આપી હતી અને ગુપ્ત રાખવા માટે કરોડ સોગંદ આપ્યા હતા. જેમ કબીરસાહેબને ધર્મદાસ પ્રિય હતા તેમ શ્રીમત્ કરુણાસાગરને પરમ પૂજ્ય નારણદાસજી પ્રિય છે. તેઓ અધિકારી જણાતાં અંશ-અંશીના લક્ષ તેમને આપ્યો હતો અને તે ગતિ અન્યને નહીં બક્ષવા સો વખત સોગંદ દીધા હતા. બે પરમહંસ અને અચરતબાને પરમપદની ગતિના અધિકારી જણાતાં તેમને પણ તે ગતિ બક્ષી હતી તેમ દર્શાવ્યું છે.

આ ગ્રંથને જ શ્વસંવેદ કહેવાય તે અંગેનો ખુલાસો અને શ્વસંવેદ લોપ થવાનાં કારણ વિષે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.

**સ્કંધ ૨, સ્થાવર તિલક ચિંતામણિ**

વિશ્વના નામ રૂપ ગુણવાળા જેટલા ચર-અચર ઘાટો છે તેમના પર તિલકની નિશાની સર્જનહારે શરૂઆતથી જ મૂકી છે, તેમ કહીને વિસ્તારપૂર્વક તેમાં રહેલા અણિઅગ્ર અંગો-ઉપાંગોની માહિતી

આપી છે. વૃક્ષ, વેલી, પનડી અને જળજાતિની આદ્ય લઈ અઢાર ભાર વનસ્પતિમાં રહેલ અણિ આકારની આકૃતિ અંગેની વિગત સમજાવી છે. તેમજ ખેડૂત અને રાજાનાં હથિયારો, તેમજ દેવ, દાનવ અને માનવની આદ્ય લઈ પશુ, પક્ષીનાં અંગોમાં અણિ અગ્રતા ક્યાં ક્યાં રહેલી છે તેની સમજ સવિસ્તાર દર્શાવી છે.

## સ્કંધ ૩, જંગમ તિલક ચિંતામણિ

ચાર વેદના સાર મુજબ તત્ત્વોનું વર્ગીકરણ કરીને બ્રહ્મ સિદ્ધાંતની સમજ દર્શાવી આપોઆપ થતી ઉત્પત્તિની સમજનો ખુલાસો કરી પરમગુરુના મત અનુસાર સત્ય શું હોવું જોઈએ તે દર્શાવ્યું છે.

મહદ આકાશથી નાદ, પવનથી વાદળ, સૂર્યથી જળ અને બીજગમાંથી વૃક્ષ એમ બ્રહ્મભૂમિકામાં વૃદ્ધિ પામેલી સર્વ ઉત્પત્તિ આપોઆપ થઈ નથી, પણ તેનો કોઈ કર્તા છે તેમ દર્શાવી પંડિતોના મનમાં પરંપરાગત જે (બ્રહ્મભૂમિકામાં બધું આપોઆપ ઉત્પન્ન થાય છે તે) માન્યતા દૃઢ થયેલી છે તેનો ન્યાયપૂર્વક ખુલાસો કર્યો છે.

વળી, સૂર્યમાં થતા તમોગુણ, રજોગુણ અને સતોગુણના ફેરફારોને લીધે થતી ઋતુની સમજ દર્શાવી છે. માટીનાં વાસણ, પાણીની લહેર, સોનાના દાગીના અને ખાંડની મીઠાઈ બને છે જે પૃથ્વી, પાણી, સોનું અને ખાંડમાંથી તે રચના થયેલી દેખાય છે, પરંતુ તેના કોઈ કર્તા છે અને કારણરૂપ મહદ ચૈતન સિવાય તે કાર્ય શક્ય નથી તેમ દર્શાવી બ્રહ્મ પણ પૃથ્વી, પાણી અને ખાંડ સમાન છે, તેમ જણાવ્યું છે એટલે કે કર્તા સિવાય જગતની ઉત્પત્તિ કેવી રીતે થઈ શકે ? બ્રહ્મનાં વખાણ કરતાં વેદાંત કહે છે કે ચૌદ લોકના દાગીનારૂપ ઘાટો બ્રહ્મમાંથી આપોઆપ ઉત્પન્ન થયા છે, પરંતુ વાસણો કુંભાર દ્વારા, પાણીની લહેર પવન દ્વારા, સોનાના દાગીના સોની દ્વારા બને છે તેમ દરેક રચનાના રચનાર કર્તા છે. કારણ કે કર્તા સિવાય કોઈપણ ઉત્પત્તિ શક્ય નથી તેવું જણાવી પંડિતો અને જ્ઞાની સંતોને નિર્મળ બ્રહ્મજ્ઞાનમાં અટક્યા સિવાય સાચા કર્તાની શોધ કરવા જણાવ્યું છે.

આમ, સાચી સમજ પ્રાપ્ત કર્યા વિના જગતને બોધ ન આપવા કહ્યું છે. ત્રણ ગુણ, શક્તિ અને જ્યોતિ સ્વરુપને પંડિતો આદ્ય માને છે, પરંતુ તેમની ઉત્પત્તિ તો બ્રહ્મક્ષેત્રમાં કર્તા દ્વારા થયેલી છે. માટે તે બધા કર્તા નથી છતાં પોતે ભૂલા પડ્યા છે અને સંસારને પણ ભૂલો પાડ્યો છે. વળી, નિર્ગુણ બ્રહ્મ તો અકર્તા એટલે કે કર્તૃત્વશક્તિ વગરનું છે અને તેની પર રહેલું પરમપદ અપરંપાર, અજોન્ય અને શુભકારી છે તેવું દર્શાવી રૂપ-ગુણવાળાં પદોમાં અને બ્રહ્મપદમાં વૃત્તિ સ્થિર ન કરવા સલાહ આપી છે.

વળી, જંગમ જાતિની ગતિ વિશે વર્ણન કરી તેમના દરેક અંગની માહિતી ભાલતિલકવત્ છે તેવી સ્પષ્ટતા કરી છે. રજો, તમો અને સતોગુણની ભૂમિકાની આદ્ય લઈ ચાર અંતઃકરણોનો વેશ પણ અણિયાળો છે તે અંગે ખુલાસો કર્યો છે. પ્રણવરૂપ ધનુષ્યને જીહ્વારૂપ હાથથી પકડીને વેદરૂપ તીરની અણીથી જીવોના કાન વીંધ્યા છે તેમ કહી દેવોના શરીર, તેમણે ધારણ કરેલાં હથિયારોની આદ્ય લઈ સર્વ જીવોનાં શરીરો અણિવાળા કેમ થયાં તેનું વર્ણન કર્યું છે. જેમ ખીલો પોતાની જાતે કશું જ ઘડી શકતો નથી, પરંતુ કોઈ કુશળ શિલ્પકાર થકી જ સુંદર મૂર્તિ ઘડાય છે તેવું દૃષ્ટાંત આપીને

જણાવ્યું છે કે અંશ પોતે જાતે મુક્તિ મેળવી શકતો નથી, પરંતુ મોક્ષ માટે સમર્થ સદ્‌ગુરુની સહાય અથવા કૃપાની જરૂર પડે છે. તેટલા માટે જગતમાં સદ્‌ગુરુની શોધ કરવા અને તેમને શરણે જઈ સમર્પિત થવા જણાવ્યું છે. જેથી કૈવલપદની પ્રાપ્તિ તેમની કૃપા દ્વારા થઈ શકે. ગુરુરૂપ મધ્યસ્થી સિવાય તે પદની ગતિનો મર્મ ભેદી શકાય તેમ નથી. ભાલતિલકવત્ થયા સિવાય મુક્તિ શક્ય નથી એટલે કે નિજપદ પ્રાપ્ત કરવા માટે અંશોએ પોતાના શુદ્ધ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે થવું પડશે.

જગતમાં છ દર્શન, બાર ભેખ સહિતના સઘળા મતપંથો દ્વારા પોતાના મતપંથને દર્શાવતા તિલકનાં ચિહ્નોની ગતિ સર્જનહારની રચના પક્ષની છે તેમ દર્શાવી સર્જનહાર પક્ષનું પ્રતિપાદન કરતા ભાલતિલકની સર્વોપરીતા દર્શાવી છે. બાહ્ય ભાલતિલકનું સ્વરૂપ વચ્ચે લાલ અને બંને બાજુ સફેદ ચંદનની રેખાઓવાળું દર્શાવી દરેક કાયમપંથી અનુયાયીઓને ભાલતિલક ધારણ કરવા જણાવ્યું છે કારણ કે ભાલતિલક અને કૈવલકર્તાનું ભજન કરવાથી યમના સર્વ દૂતોનાં (જૂથના) અમલનો ડર રહેતો નથી.

### સ્કંધ ૪, નિજપતિ પરમ પ્રભાવ

સર્વ સિદ્ધાંતના સારરૂપ રહેલા અજર-અમર અવિગત પતિનું કૈવલપદ પ્રચંડ અને સર્વ અંશોને સુખ આપનારું શાશ્વત ક્ષેત્ર છે. તેની ઉત્પત્તિ રૂપે વ્યાપક બ્રહ્મ છે. જેમાં સર્જનહારની ઈચ્છાવૃત્તિથી થયેલી નિરંજન, અવ્યાક્રત સહિતનાં બોંતેર તત્ત્વોની ઉત્પત્તિ દર્શાવી છે અને અંશે બ્રહ્મભૂમિકા પસાર કરી પાંચેય દેહની ભૂમિકા ઓળંગી હોવાથી તેને દરેક દેહનો પટ લાગ્યો છે. જેથી અંશ શરીર સાથે સંબંધ થતાં પાંચ તત્ત્વો અને પચ્ચીસ પ્રકૃતિને આધીન થવાથી ઈન્દ્રિયોના રસ ભોગવે છે, જેથી પોતાનું નિજ ચૈતન સ્વરૂપ ભૂલી જઈ દેહમય બની ગયો છે. નાશવંત દેહધારીને માલિક માની જન્મ-મરણનું વિકરાળ દુઃખ કર્મો દ્વારા માથે લીધું છે અને અંશ તેમાં જ ખૂંપી ગયો છે, જેથી દરેકે સાચા સદ્‌ગુરુની શોધ કરી તેમને સ્તુતિ-પ્રાર્થના કેવી રીતે કરવી તે દર્શાવ્યું છે. એવા સમર્થ ગુરુની રીઝ પ્રાપ્ત થાય તો જ અંશ અગમપદને પ્રાપ્ત કરી શકે છે એટલે કે અંશ કૈવલપદ પ્રાપ્ત કરે તેમાં કોઈ શંકા જ નથી તેમ કહી ભાલતિલકના પદનો લક્ષ સમજાવી નિજ કૈવલપદની પ્રાપ્તિ માટે વેઠિયાની જેમ સંસારનો ભાર સહન કરવા જણાવ્યું છે. પ્રગટ જાપ અને ગુપ્ત અમરમંત્રનું ધ્યાન ધરવાની રીત દર્શાવી દરેક ભક્તે કૈવલપદ પ્રાપ્ત કરવા માટેનો સાચો માર્ગ દર્શાવ્યો છે.

જેમ ઝંખણી વિદ્યાનો સાધક ભૂતકાળને જાણે છે છતાં ભવિષ્યની વાતો અનુમાન દ્વારા કરતો હોય છે અને જગત તેને સાચું માને છે. તેવી જ રીતે ચાર વેદ, છ શાસ્ત્ર, કુરાન અને પુરાણોના અભ્યાસ કરી પંડિતો અને ધર્માચાર્યો જગતને ક્રતવી ત્રણ ગુણો, પ્રકૃતિ અને પુરુષ તેમજ બ્રહ્મપદનું ભજન કરાવે છે અને મોક્ષ મળશે તેવી માન્યતા દૃઢ કરાવીને પોતપોતાના મતપંથોમાં ભોળા ભક્તોને રોકી રાખી દુઃખી કર્યા છે. આવી રીતે ઠગાઈને સર્વ અંશો માલિકના અલખ ઘરેથી વિશ્વમાં આવીને ક્રતવી પંથોમાં કેવી રીતે ભૂલા પડ્યા છે તે દર્શાવ્યું છે.

વૈરાટ તનુનાં તત્ત્વોનું બંધારણ દર્શાવી તત્ત્વોના મિશ્રણની સમજ આપી અવસ્થા તથા અંતઃકરણો

કઈ રીતે ભોગવે છે તે દર્શાવ્યું છે. ચૈતન બીજગ સર્વનું સાચું સ્વરૂપ છે, પરંતુ પાંચ તત્ત્વોનું આવરણ ચઢેલું છે. તે આવરણને સદ્‌ગુરુ રૂપ વૈદ્ય દૂર કરતાં તરત જ સ્વ-સ્વરૂપનો ભેદ માલૂમ પડે છે માટે એવા સમર્થ સદ્‌ગુરુની મહત્તા દર્શાવીને તેમને શરણે જવા જણાવ્યું છે.

**સ્કંધ ૫, કર્તા ખટવૃત્તિ**

સર્જનહારને જ્યારે સૃષ્ટિ રચવાનો ઉમંગ થયો ત્યારે બાહ્યવૃત્તિના શુદ્ધ સંકલ્પથી સૌ પ્રથમ છ વૃત્તિઓ દ્વારા સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે, જેમાં પ્રથમ પ્રકાશવૃત્તિથી ત્રણ મહાતત્ત્વો બનાવ્યાં, બીજી સંજમભોગવૃત્તિ દ્વારા ત્રણ ચક્ષસત્ત્વ ઉત્પન્ન કર્યા, ત્રીજી ઈચ્છાવૃત્તિ દ્વારા બોંતેર તત્ત્વોનું નિર્માણ કર્યું, ચોથી ક્રિયાવૃત્તિથી તત્ત્વોની ઊલટ-સૂલટ મેળવણી કરી અલગ-અલગ સમૃદ્ધિ ધરાવતા ઘાટોનાં બીજકો બનાવ્યાં, પાંચમી સજીવનવૃત્તિથી બીજકો દ્વારા ઘાટોની વૃદ્ધિ કરી. આ સમગ્ર સાજ બ્રહ્મભૂમિકામાં વૃદ્ધિ પામીને પરિપક્વ થયો, પરંતુ વાદક સિવાયના વાજિંત્રની જેમ અચેત દશામાં જ્યાં ને ત્યાં (તે જ દશામાં) જડવત્ પડી રહ્યો ત્યારે છેલ્લી છઠ્ઠી કર્તા અંશવૃત્તિથી ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કરી દરેક ઘાટમાં પ્રેરક કર્યા અને સર્વ સાજ ચલાયમાન કર્યો (ચેતનવંત કર્યો) તેની સઘળી માહિતી દર્શાવી છે.

# ગદ્ય વિભાગ

**સ્કંધ ૬, તત્ત્વોની ઉત્પત્તિ**

નિજ સજાણજાણ સ્વરૂપ કૈવલકર્તાને દ્વૈત રમણ કરવાનો જ્યારે ઉમંગ થયો ત્યારે છ વૃત્તિઓએ કરીને વિશ્વ ઉત્પન્ન કર્યું, જેમાં વૃત્તિઓ સમેત કુલ ચોર્યાસી તત્ત્વોના વિસ્તારની સમજ આપવામાં આવી છે.

**સ્કંધ ૭, વૈરાટ તનુ-સૃષ્ટિનાં તત્ત્વોનું મિશ્રણ**

કર્તાએ ક્રિયાવૃત્તિ દ્વારા રચાયેલા વૈરાટતનુને વિશે જેટલા તત્ત્વ વિભાગ પોંખ્યા, તેના મિશ્રણની વિગત અને તે તે તત્ત્વો કયા કયા પ્રકારની ચેષ્ટા કરે છે તેની વિગત દર્શાવી છે, જેમાં પાંચ મહાભૂતની આદ્ય લઈ ત્રણ ગુણમાંથી થયેલાં વિવિધ તત્ત્વોની ઉત્પત્તિ અને તે તત્ત્વોના પ્રભાવવાળા પ્રાણાયામની વિગત દર્શાવી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહનાં તત્ત્વોના બંધારણ અને તત્ત્વોની ક્રિયા દર્શાવી છે.

**સ્કંધ ૮, છ મહદ દેવતનુંના વિભાગ**

અધોમુખે રહેલા વૈરાટના છ શિખર રૂપ અંગ વિશે રહેલા છ મહદ દેવતાઓની (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, કોરમ, મીંડક અને શેષજી) વિગત દર્શાવી તે દેવતાઓના દેહમાં રહેલાં તત્ત્વોના મિશ્રણ અને તેનો પ્રભાવ દર્શાવવામાં આવ્યો છે.

**સ્કંધ ૯, સામાન્ય દેવતનુના વિભાગ તેમજ વિચરણ પંચીકરણ દેખાવન**

કર્તાની ક્રિયાવૃત્તિએ તેત્રીસ કરોડ સામાન્ય દેવતનુના ઘાટની રચના કરી તેમાં વિવિધ તત્ત્વોનું મિશ્રણ કર્યું છે તે અને દેવો તથા દેવાંગનાઓમાં તે તત્ત્વોના પ્રભાવ થકી તેમનામાં કેવા પ્રકારની કાર્યશક્તિ સમાયેલી છે તેની વિગત સચોટ રીતે દર્શાવવામાં આવી છે.

**સ્કંધ ૧૦, સ્થાવર તનુ તત્ત્વ પોક્ષણ**

સ્થાવર જાતિના અઢાર ભાર વનસ્પતિમાં તત્ત્વોનું કેવી રીતે મિશ્રણ કરીને રચના કરવામાં આવેલી છે તે એને તેમાં તૃણ, પનડી, વેલ, જળ અને વૃક્ષ જાતિના વિભાગ દર્શાવી તે તત્ત્વોનો પ્રભાવ અને ક્રિયાઓથી ફળ, ફૂલના સ્વાદ, રંગ અને ગર્ભનું બંધારણ કેવું થાય છે તેની સમજ વિસ્તુત રીતે આપી છે.

**સ્કંધ ૧૧, ૮૪ લક્ષ પ્રકારના ઘાટોની રચના**

કૈવલકર્તાએ ક્રિયાવૃત્તિથી પંચવૃત્તિના તત્ત્વ વિભાગને ઊલટા-સૂલટી મેળવીને ચોર્યાસી લાખ પ્રકારના ઘાટ રચ્યા છે. તે ઘાટોમાં તત્ત્વોના મિશ્રણની વિગત સહિત સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહની અવસ્થા, સંભસક્રણ અને વિવસ્થાની વિગત જણાવી છે. વળી, સ્ત્રી-પુરુષના ઋતુકાળ દરમ્યાન કયા પ્રકારના પ્રણવને આધારે ગર્ભાશયમાં થતી પુત્ર અને પુત્રીની રચનાની સંપૂર્ણ સમજ દર્શાવી છે.

**સ્કંધ ૧૨, જંગમ તનુ તત્ત્વ પોક્ષણ**

જંગમ જાતિના પશુ, કીટ, પતંગ અને જળચર ઘાટોના નર અને માદામાં રહેલાં તત્ત્વોનાં મિશ્રણ દર્શાવી ઘાટના બંધારણની વિગત જણાવી છે.

**સ્કંધ ૧૩, અવસ્થા પલટાવન ચક્ષસત્ત્વ વિભક્તિ દરશકો**

પ્રણવને વિશે પાંચ તત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામમાં મહદ પ્રાણાયામના આભાસ વડે પાંચ અવસ્થા પલટાવાથી તેમાં રહેલી પેટા અવસ્થાનાં તત્ત્વોની ક્રિયા ઉપર ત્રણ ચક્ષસત્ત્વનો પ્રભાવ દર્શાવતી સમજ આપી છે.

**સ્કંધ ૧૪, ત્રણ ચક્ષસત્ત્વ, મૃત્યુ, અંશનું સ્થાન, તાપ અંગેની ગતિકો**

ત્રણ ચક્ષસત્ત્વના મહદ મકાન અને સહેલી સ્થાન વિશેની માહિતી તેમજ અંશના સામાન્ય અને વિશેષ આભાસથી થતાં તત્ત્વોની ચેતનતાની સમજ દર્શાવી છે. સાત ભૂમિકામાં અંશના આભાસની સ્થિતિ તેમજ ત્રિવિધિ તાપ, પ્રાણીઓના ડંખના ઝેરની વિગત, ભૂત, પિશાચ અને મૂઠ અંગેના દુઃખ નિવારણની માહિતી તેમજ ત્રણ પ્રકારના ફણગલી રોગ માટે જવાબદાર તત્ત્વો અને છેલ્લે ચક્ષસત્ત્વના પ્રભાવની સ્થિતિ દર્શાવી અંતે પ્રાણાયામનો નાશ થતાં મૃત્યુ અને પછીના જન્મ અંગેની સમજ આપવામાં આવી છે.

# મંગલાચરણ

**સોહમ્ કરુણા કરનન, પ્રણવ ઓહંગ અવિકાસા;**
**દ્વૈત રમણ ગુંજ ગવન, કીયેહુ નિજપતિ પ્રકાસા. ૧**

### શબ્દાર્થ

**સોહમ્** = તેમણે પોતે(સર્જનહારે) **કરુણા** = કૃપા, દયા, રહેમ **કરનન** = કરીને **પ્રણવ** = પ્રાણાયામ **ઓહંગ** = ૐકાર પ્રાણાયામ **અવિકાસા** = અવિકાસ મહાતત્ત્વ થકી **દ્વૈત** = ભિન્નતા, જુદાપણું **રમણ** = લીલા, વિલાસ **ગુંજ** = ગુહ્ય, ગુપ્ત, રહસ્ય **ગવન** = ગતિ, વિચરણ કરવું, ગમન કરવું **કીયેહુ** = કર્યો છે **નિજપતિ** = સર્જનહારે **પ્રકાસા** = પ્રકાશી, રચના કરી, ઉત્પન્ન કરી, ફેલાવી, પ્રસારી.

### અનુવાદ

**સર્જનહારે(અંશીએ પોતે) કરુણા કરીને બ્રહ્મના મહાતત્ત્વવાળા ૐકાર પ્રાણાયામની સ્ફુરણા કરી છે, જેમાં દ્વૈત અંશોને આનંદ કિલ્લોલપૂર્વક રમણ કરવા નિજપતિએ રહસ્યમય રચનાનો પસારો કર્યો છે.**

### ભાવાર્થ

અપરંપાર શૂન્યમાં જ્યારે જમીન, આસમાન, પવન, પાણી, ચંદ્ર, સૂર્ય, વિરંચી, વિષ્ણુ, મહેશ, પ્રકૃતિ તથા નિરંજન પુરુષની આદ્ય લઈ બ્રહ્માંડ સહિત કાંઈ પણ ઉત્પન્ન થયું ન હતું, અને તત્ત્વો તથા અંશો પણ ઉપજેલા ન હતા ત્યારે સર્જનહાર સકર્તાપતિ એકદેશી, અખંડ, અમર, અચૂત, અનાદિ સિદ્ધ, અક્ષય, દિવ્ય દ્રીગરૂપ, સોહંગપદ અને નિર્મળ મહા શૂન્યની મધ્યે આવેલા કૈવલધામમાં અદ્વૈત મહદ પૂર્ણ ચૈતન સ્વરૂપે અભિરામ કરતા હતા. જ્યારે નિજકર્તાને આપોઆપ ઉપજણ ઊપજી ત્યાર પછી પોતાના શુદ્ધ સંકલ્પ વડે સચરાચર વ્યાપક બ્રહ્મથી ભરપૂર બ્રહ્માંડ સહિત તત્ત્વોની વિવિધતાવાળી અપાર રચના રચી છે. તે રચનાનો આનંદ કિલ્લોલ કરીને મોજ માણવા પોતાની સજાતિના સજાણ જાણ સ્વરૂપ ચૈતન અંશો ઉત્પન્ન કર્યા અને સ્થૂલ, સૂક્ષ્મ,કારણ, મહાકારણ અને પરમકારણ દેહોમાં રમણ કરવા મોકલ્યા.

સૌ પ્રથમ પ્રકાશ  બ્રહ્મવૃત્તિથી વ્યાપક ત્રણ મહાતત્ત્વો ઉત્પન્ન કરીને તેના માપક રૂપે ૐકાર પ્રાણાયમની રચના કરી. જેમાં વિકાસ મહાતત્ત્વના પ્રભાવવાળો સોહંગ, અવિકાસ મહાતત્ત્વના પ્રભાવવાળો ઓહંગ અને કુંભસ્થ મહાતત્ત્વના પ્રભાવવાળો સ્થંભન પ્રણવ બનાવીને જડ તત્ત્વોવાળા દેહને ચૈતનતા બક્ષવાના માધ્યમ તરીકે રાખ્યો અને દેહના સર્વોપરી માલિક તરીકે અંશને મૂક્યો.

આ પ્રમાણે દેવ, દાનવ, માનવ, પશુ, પંખી સહિત ચોરાસી લાખ પ્રકારના ઘાટોમાં તે પ્રાણાયામ અજપાજાપ તરીકે જપાતો રહે છે.

નિજજાણ સ્વરૂપ અંશના આભાસને કારણે સર્વ દેવ, મનુષ્યની આદ્ય લઈને સર્વ તનુ લીલા-ઉલ્લાસ કરતાં જણાય છે. અતિ ગુપ્ત - ગુહ્ય રીતે પિંડથી અલગનો અલગ અને સલંગ રીતે કર્તાની જાણ સ્વરૂપ અંશની દૃષ્ટિ શરીરને વિશે આભાસે કરીને પ્રણવના માધ્યમ થકી પ્રવેશ થઈ પિંડને ચેતનવંતો રાખે છે. સર્જનહારે જ પોતાના નિજ ચેતન અંશોને રમણ કરવા માટે આ વિશ્વમાં મોકલ્યા અને અંશોને માટે જ તેમણે આનંદમયી સૃષ્ટિની રચના કરી છે.

**તેહી કાયમ કૈવલ કુલ, એકલમલ અરસુ;**
**અતિ અપરમ પર પરમ, સર્વ શિર પદ સદ પરસુ. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તેઓ **કાયમ** = અવિનાશી, નિત્ય, સદાને માટે **કૈવલ** = નિજપતિ, સર્જનહાર **કુલ** = કુળ, ધામ **એકલમલ** = એકલા જ, અમલી **અરસુ** = અંતરિક્ષમાં **અતિ** = વધારે, ઘણો, બેહદ **અપરમ** = અપાર, પાર ન પામી શકાય તેવા **પર** = તેની પાર, ઉપર **પરમ** = મહદ, શ્રેષ્ઠ, મહાન **સર્વ** = બધાના **શિર** = મસ્તક **પદ** = નિશાની રૂપે **સદ** = નિત્ય, શાશ્વત, સદાને માટે **પરસુ** = સ્પર્શીને, અલગ સલગ, અરસપરસ રીતે, ગુપ્ત રીતે, આભાસ થકી.

### અનુવાદ

**તે અવિનાશી કૈવલકર્તા એકલા જ અમલી પોતાના ધામને વિશે અંતરિક્ષમાં રહેલા છે. તે ધામ અતિ અપરંપાર, સર્વથી પર અને શ્રેષ્ઠ છે આ પદ દરેકના શિર ઉપર શાશ્વતરૂપે સ્પર્શીને રહેલું છે.**

### ભાવાર્થ

અવિનાશી સર્જનહાર કૈવલકર્તાનું કૈવલધામ અંતરિક્ષમાં બ્રહ્માંડની મધ્યે રહેલું છે. પાર ન પામી શકાય તેવા અપરંપાર, સર્વથી પર અને શ્રેષ્ઠ કૈવલધામમાં કાયમ માટે (કૈવલ કર્તા) પોતે અખંડ બિરાજમાન છે. તેમની દરેક રચના ઉપર (બ્રહ્માંડમાં) તેમના એકલાનો જ અમલ ચાલે છે. તેથી જ તેમને ‘સ્વરાજ’ વિશેષણથી સંબોધવામાં આવે છે. કૈવલકર્તાનું તે શાશ્વત પરમપદ દરેક અંશોના શિર પર સ્પર્શીને રહેલું છે.

**તયો જયો જયો અહો અકલ, સકલ સામ્રથ કરતારન;**
**પસરન પુરુષત્ત્વ અનંત, અંત વિનુ અસંખ્ય અપારન. ૩**

### શબ્દાર્થ

**તયો** = તેવા **જયો જયો** = જય જય હો **અહો** = હે **અકલ** = અકળ **સકલ** = સમસ્ત **સામ્રથ** = સમર્થ **કરતારન** = સર્જનહાર

**પસરન** = પ્રસારો કર્યો છે **પુરુષત્ત્વ** = કર્તૃત્વશક્તિ, પૌરુષત્ત્વ **અનંત** = અપાર **અંત વિનુ** = છેડા વિનાનું **અસંખ્ય** = અગણિત, ગણતરી ન થઈ શકે તેટલું **અપારન** = પાર વગરનું, પારાવાર.

### અનુવાદ

**અહો હે કર્તા ! આપની જય હો, જય હો. આપ કળ્યામાં ન આવી શકે તેવા અકળ છો અને સમસ્ત રચનાના સમર્થ સર્જનહાર છો. આપના પુરુષાર્થ થકી જ આ પસારો થયો છે, જેનો પાર પામી શકાય તેમ નથી, કારણ કે તે અંત વગરનો અનંત, અસંખ્ય અને અપાર છે.**

### ભાવાર્થ

આ સૃષ્ટિની રચના નિહાળતાં તેનો કોઈ પાર પામી શકે તેમ નથી. અનંત એટલે કે જેનો કોઈ છેડો મળી શકે તેમ નથી. તેવા મહદ બ્રહ્માંડની રચના અને તેમાં વળી મહિમંડ ઈંડમાં થયેલા પસારાના ભાગ રૂપે દેવો-દાનવો સહિત સ્થાવર-જંગમના ચોરાસી લાખ પ્રકારના ભિન્નભિન્ન અસંખ્ય ઘાટ આવેલા છે. આ બધું કોઈની મદદ લીધા વગર કળી ન શકાય તેવા અકળ સર્જનહારે પોતાની કર્તૃત્વશક્તિ થકી જ સર્જન કર્યું છે. એવા સર્જનહારની જય હો! જય હો !

**વિવિધી ભાત્ય વિગતંગ અંગ, ભિન્ન વ્રનવ નિરુપં;**
**સમલ શક્ત જીનું સરલ ચરલ, કુલ કરન અનુપં. ૪**

### શબ્દાર્થ

**વિવિધી ભાત્ય** = વિવિધ પ્રકારના **વિગતંગ** = વિગતવાર **અંગ** = સ્કંધ, વિભાગ (ગ્રંથના પ્રકરણ) **ભિન્ન** = જુદાપણું **વ્રનવ** = વર્ણન **નિરુપં** = નિરૂપણ **સમલ શક્ત** = સમાયેલી ચૈતન શક્તિ **જીનું** = જેનું **સરલ** = સરળતાપૂર્વક **ચરલ** = ચલાયમાન **કુલ** = તમામ, સઘળું **કરન** = કરનારું **અનુપં** = ઉપમા ન આપી શકાય તેવું, અદ્વિતીય, અનુપમ.

### અનુવાદ

**વિવિધ પ્રકારની રચનાને ચલાયમાન કરનાર કર્તાની જે ચૈતનશક્તિ સમાયેલી છે તે અંગેનું વિવિધ પ્રકરણો (સ્કંધ) દ્વારા આ ગ્રંથમાં વિગતવાર રીતે અનુપમ વર્ણન કરવામાં આવ્યું છે.**

### ભાવાર્થ

સર્જનહારે આ સૃષ્ટિની રચના વિવિધ તત્ત્વોની મેળવણીથી કરેલી છે. પોતાની ખટવૃત્તિ દ્વારા ભિન્નભિન્ન તત્ત્વોના વિભાગોને ઉત્પન્ન કર્યા છે. પ્રથમ ચાર વૃત્તિ દ્વારા બનાવેલા તત્ત્વોની પોતાની ઈચ્છા મુજબ મેળવણી કરીને સમગ્ર વૈરાટ અને વિવિધ પ્રકારના સ્થાવર જંગમ ઘાટોની યુક્તિપૂર્વક રચના કરી છે. પાંચમી સજીવનવૃત્તિ પ્રેરક કરી ત્યારે બીજ પોતપોતાના માપ પ્રમાણે વૃદ્ધિ પામીને પરિપક્વ થયા, પરંતુ તે જડવત્ જ રહ્યા. ત્યારબાદ પોતાની છઠ્ઠી કર્તા અંશવૃત્તિ દ્વારા પોતાના

સજાતીય અંશને ઉત્પન્ન કરી સર્વ ઘાટોમાં પ્રેરક કર્યો ત્યારે સઘળી રચના હલનચલન કરતી થઈ. આ રીતે કર્તા દ્વારા તૈયાર થયેલી સર્વ રચનામાં પ્રત્યેક તત્ત્વનો પ્રભાવ(કાર્યશક્તિ-ક્રિયા) અને તેમાં સમાયેલી ચૈતનશક્તિનું રહસ્ય વગેરેનું વર્ણન પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા આ સર્વાંગી સ્વરૂપ રૂપ શ્વસંવેદ ગ્રંથમાં વિધવિધ અંગોરૂપી સ્કંધ દ્વારા સરળતાપૂર્વક કરવામાં આવ્યું છે.

**હિરણ્ય ગ્રભ અજ અમર આદ્ય, અણુ અચર ચરાચર;**
**નિરમેયુ સૃષ્ટ ઉત્કૃષ્ટ આપ, જીનું સકલ પરાપર. ૫**

### શબ્દાર્થ

**હિરણ્ય ગ્રભ** = ઉપલક્ષણાત્મક લક્ષણોથી પર ભૂમિકા, ઈંદ્રિયાતિત, નિરાકાર સ્વરૂપથી ભૂમિકા **અજ** = બ્રહ્મા **અમર** = અમર, દેવ, સૂર **આદ્ય** = પ્રથમથી, માંડીને **અણુ** = નાનામાં નાનું રજકણ **અચર** = જડ, સ્થિર **ચરાચર** = સ્થાવર-જંગમ **નિરમેયુ** = સર્જન કર્યું **સૃષ્ટ** = સૃષ્ટિ **ઉત્કૃષ્ટ** = શ્રેષ્ઠ ગુણવત્તાવાળું, ઉત્તમ **આપ** = પોતે, સ્વયં **જીનું** = જેનાથી, તેવાથી **સકલ** = સર્વની, તમામની **પરાપર** = સર્વ રચનાથી પર.

### અનુવાદ

**અણુની આદ્ય લઈને સ્થિર, સ્થાવર અને જંગમ ઘાટો તેમજ બ્રહ્માની આદ્ય લઈને સર્વ દેવલોકની સૃષ્ટિનું ઉત્કૃષ્ટ રીતે હિરણ્યગર્ભ બ્રહ્મભૂમિકામાં આપ દ્વારા સર્જન થયું છે, પરંતુ આપ આ સર્વ રચનાથી પર છો.**

### ભાવાર્થ

સમગ્ર સૃષ્ટિના નિર્માણમાં અણુથી માંડીને સ્થિર (અચર) સહિત સ્થાવર તેમજ જંગમના વિવિધ ઘાટો તથા અંતરિક્ષમાં રહેલા સર્વ લોકમાં વસતા સમસ્ત ઘાટોનું સર્જનહારે ખૂબ જ ઉત્કૃષ્ટ રીતે(શ્રેષ્ઠ ગુણવત્તાવાળું) નિર્માણ કર્યું છે. સમગ્ર બ્રહ્માંડની રચના(ક્રત) વળ ભરીને બનાવી છે. છતાં સર્જનહાર તો કાળથી વર્જિત તથા સર્વ રચનાથી અલગ છે. આ સમગ્ર રચના હિરણ્યગર્ભ બ્રહ્મભૂમિકામાં પરિપક્વ થઈને વિકસેલી છે. જેવી રીતે બાળકોનો ઘાટ તેની માતાના ગર્ભમાં હિરણ્યગર્ભ રીતે પોષાઈને અભિવૃદ્ધિ પામે છે તે જ રીતે સર્જનહાર કેવલકર્તાની સમગ્ર રચના હિરણ્યગર્ભ બ્રહ્મભૂમિકામાં પોષણ પામીને સંવર્ધિત થઈ છે.

**સર્વ ઉતઈત તીત તખત અકથ, કોહુ ગતિ ન પ્રસીત વિત્તુ;**
**તદેવ અખેવ ખુદ ખલક પલક માંહી, અખિલ જીવોનું બીજ સ્ત્રજલ સમસ્ત હેતુ. ૬**

### શબ્દાર્થ

**સર્વ** = તમામ, સમસ્ત **ઉત-ઈત** = પરલોક(દેવલોક) અને આલોક(મૃત્યુ લોક) **તીત** = તેના ઉપર, પર **તખત** = આસન,

સ્થાન, પદ, ધામ **અકથ** = અવર્ણનીય **કોહુ** = કોઈની **ગતિ** = સમજ, દૃષ્ટિ **ન** = નહીં **પ્રસીત** = પહોંચી, પ્રકાશિત થવી **વિત્તુ** = વિત્ત, સારરુપ, સત્ત્વ **તદેવ** = તેથી તો **અખેવ** = નાશ ન થાય તેવું, અક્ષય **ખુદ** = પોતે **ખલક** = મહદ સૃષ્ટિ બ્રહ્માંડ **પલકમાંહી** = એક પલકારામાં, પળમાં **અખિલ** = સમસ્ત **જીવોનું** = સજીવ ઘાટોનું **બીજ** = અંકુર **સ્વજલ** = રસયુક્ત સર્જન **સમસ્ત** = બધાનું **હેતુ** = માટે, મતલબ, નિમિત્ત, કારણ.

## અનુવાદ

**આપનું અવર્ણનીય ધામ દેવલોક અને મૃત્યુલોકથી પર છે. તેવા વિત્ત રૂપ ધામ સુધી કોઈની ગતિ પ્રવેશી નથી. એવા અવિનાશી સર્જનહારે પળવારમાં અખિલ સૃષ્ટિના સમસ્ત જીવોના બીજકનું સર્જન હેતુ પૂર્વક કર્યું છે.**

## ભાવાર્થ

સર્જનહારનું કૈવલધામ બ્રહ્માંડની મધ્યે આવ્યું છે. એટલે કે બ્રહ્માંડના અખિલ શૂન્ય, અરૂઢશૂન્ય તેમજ છવ્વીસ ઈંડો અને મહિમંડ ઈંડ પૈકીના બધા દેવલોક અને મૃત્યુલોકથી પણ પર છે. તે ધામ તત્ત્વાતિત હોવાથી તેનું વર્ણન થઈ શકે તેમ નથી, તેમજ મહાન વિત્તરૂપી તેમના ધામમાં કોઈની ગતિ પ્રવેશી નથી. તેવા પદમાં બિરાજમાન સકર્તા સર્જનહારે સમગ્ર બ્રહ્માંડની રચના(સર્જન) પોતાના શુદ્ધ સંકલ્પથી પળવારમાં કરી છે. તેમજ દરેક જીવના બીજકો પણ તત્ત્વોની ઊલટાસૂલટી મેળવણી કરીને પ્રકૃતિના રસયુક્ત સંચ ભરીને કરી છે.

**અનંત સિદ્ધાંત અંત મોર્ધની કૈવલ કંથ, યાહિત્યે નાં કોહું તંત અધિ પસસ્તિએ;**
**ઈશનકે ઈશ ધીશ મચલ મજોની પુરુષ, કર્તા કે કર્તારેશ્વર કુવેર નમસ્તિએ. ૭**

## શબ્દાર્થ

**અનંત** = અપાર, અંત રહિત, અનેક **સિદ્ધાંત** = મત **અંત** = હદ, છેડો **મોર્ધની** = મોખરે, શ્રેષ્ઠ, સર્વના ધણીરૂપે **કૈવલ કંથ** = કેવલ કર્તા, નિજપતિ **યાહીત્યે** = તેટલા માટે, તેથી જ **નાં કોહુ** = કોઈએ નહીં **તંત** = પૂર્ણ રીતે **અધિ** = અધિક **પસસ્તિએ** = પહેચાન્યા, ઓળખ્યા **ઈશનકે ઈશ** = ઈશ્વરોના પણ ઈશ્વર **ધીશ** = અધિપતિ **મચલ** = મહા અચળ **મજોની** = યોની રહિત, અજન્મા **પુરુષ** = પુરુષ **કર્તા કે કર્તારેશ્વર** = ઈશ્વરોના પણ કર્તા **કુવેર** = કુવેરસ્વામી **નમસ્તિએ** = નમસ્કાર કરે છે.

## અનુવાદ

**અનેક સિદ્ધાંતોનું હાર્દ જોતાં, હે કૈવલ કર્તા ! આપ સર્વના મુર્ધન્ય ધણીરૂપે છો. તેથી જ તો આપને અધિકતર પૂર્ણ રીતે કોઈ ઓળખી શક્યું નથી. કુવેરસ્વામી કહે છે કે આપ ઈશ્વરોના ઈશ્વર અને કિરતારોના પણ કર્તા એવા અયોનિ અને અચળ પુરુષ હોઈ હું આપને નમસ્કાર કરું છું.**

## ભાવાર્થ

જગતમાં ધર્મક્ષેત્રે અનેક સિદ્ધાંતો સ્થાપિત થયેલા છે, પરંતુ તેના હાર્દને જોતાં તેના બે મુખ્ય વિભાગ પાડી શકાય. (૧) સગુણ સિદ્ધાંત કે જેમાં નિરંજન, આદ્યશક્તિ અને સગુણ એટલે ૩ ગુણ - સતોગુણ, રજોગુણ તથા તમોગુણ અર્થાત્ શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ અને શ્રી શંકરની આદ્ય લઈને અનેક અવતારાદિ દેવોની ઉપાસનાનો સમાવેશ થાય છે. (૨) નિર્ગુણ સિદ્ધાંત કે જેમાં બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મવેત્તા યોગી પુરુષો બ્રહ્મને પૂર્ણપદ માને છે. બ્રહ્મને જ સર્વસ્વ માનતા હોવાથી જ ૐકારની ઉપાસના પ્રસ્થાપિત થયેલી છે.

આ બંને સિદ્ધાંતોથી પર રહેલા પરમગુરુ દ્વારા પ્રસ્થાપિત સકર્તા સિદ્ધાંતના આધારે જોતાં સર્વના કારણરૂપે કૈવલ કર્તા પોતે જ છે. અંશની ચેતનતાથી જડ શરીરને ચેતન કરવાના માધ્યમ તરીકે રહેલા સમચૈતન હીર તે ૐકારરૂપી પૂર્ણ પ્રાણાયામ છે. આ રીતે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ તુલના કરીએ તો સકર્તા સિદ્ધાંતથી શ્રેષ્ઠ કોઈ સિદ્ધાંત નથી કે જે સર્જનહારના પરમપદ સુધી પહોંચી શકે.

આ પ્રમાણે જોતાં સર્વ ચૈતન અંશના ધણીરૂપે અને સર્વ ક્રતની રચનાના કારણરૂપે સકર્તા પતિ સર્જનહાર કૈવલ કર્તા પોતે જ છે. એવા ઈશ્વરોના પણ ઈશ્વર અને જગતના કહેવાતા કિરતારોના પણ કર્તા સર્જનહાર કૈવલ કર્તા છે.

તેઓ અચળ અને અયોનિ પુરુષ હોઈ તેમને સંસારમાં અધિકતર પૂર્ણ રીતે (યથાર્થ રીતે) કોઈ જાણતું નથી. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર, મંગલાચરણની રચના દ્વારા કૈવલકર્તાને નમસ્કાર કરીને શ્વસંવેદનો પ્રારંભ કરે છે.

# દિવ્ય પરમગુરુનું આગમન અને કર્તાની ગુપ્ત ગતિ (લક્ષબોધ) દર્શાવનકો

## સ્કંધ ૧



**પ્રથમ એહી મંગલા ચરનન, બ્રનવ કરન ઈતી ગ્રંથ;**
**સસંવેદ શુદ્ધ પંચમો, તાહી ગતિ વિસ્તરહુ અર્થ. ૧**

### શબ્દાર્થ

**પ્રથમ** = શરૂઆતમાં **એહી** = આ **મંગલા ચરનન** = મંગળ + આચરણ, મંગલાચરણ, ગ્રંથના પ્રારંભમાં કરવામાં આવતી સ્તુતિ **બ્રનવ** = વર્ણન, રચના **કરન** = કરવા માટે **ઈતી** = સંપૂર્ણ **ગ્રંથ** = ગ્રંથ **સસંવેદ** = શ્વસંવેદ **શુદ્ધ** = પવિત્ર, મંગળકારી **પંચમો** = પાંચમો **તાહી** = તેની **ગતિ** = સમજ **વિસ્તરહું** = વિસ્તારપૂર્વક દર્શાવવું **અર્થ** = ઊંડી સમજ, મતલબ.

### અનુવાદ

**ગ્રંથ રચનાના પ્રારંભમાં આ મંગલાચરણ રચ્યું છે. હવે આ ગ્રંથની (પંચમવેદ) રચનાનો પ્રારંભ કરું છું જેમાં મંગળકારી પંચમ શ્વસંવેદની ગતિની ઊંડી સમજ આપી વિસ્તારપૂર્વક વર્ણન કરું છું.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ ગ્રંથ રચનાની શરૂઆતમાં પ્રથમ મંગલાચરણ દ્વારા સર્જનહારની સ્તુતિ કરે છે અને વિવિધ સ્કંધ દ્વારા તત્ત્વજ્ઞાનની છણાવટ કરી પવિત્ર પંચમ શ્વસંવેદને પૂર્ણ પ્રકાશમાં લાવવા શુભ કાર્યનો આરંભ કરે છે. વિશ્વમાં પ્રસિદ્ધિ પામેલા ચાર વેદની રચના બ્રહ્માજીએ કરી છે. રજોગુણી સૃષ્ટિના પ્રવાહને આગળ ધપાવવામાં સરળતા રહે તે માટે શ્રી વિષ્ણુએ શંકર દ્વારા બ્રહ્માજીના પાંચમા મુખનું છેદન કરાવ્યું જેથી બ્રહ્મથી પરે રહેલા સર્જનહારના પરમપદનો લક્ષ દર્શાવતા કલ્યાણકારી પાંચમો વેદ લુપ્ત થયો. તે જ્ઞાનને પરમગુરુએ આ વિશ્વમાં પ્રસિદ્ધ (પ્રચલિત) કર્યું છે.

**સોહમ્ સ્વાસા સ્વસમ હી, પ્રણવ પ્રાકૃતમ જેહ;**
**અખિલ લોક અંતર જપ, વેદ પંચમ તેહ. ૨**

### શબ્દાર્થ

**સોહમ્** = તેમણે પોતે (સર્જનહારે) **સ્વાસા** = શ્વાસોશ્વાસ **સ્વ** = પોતે **સમ** = સપ્રમાણ, સમદમ **હી** = તે જ, એ જ **પ્રણવ** = પ્રણવ **પ્રાકૃતમ** = પ્રાકૃતિક રચના **જેહ** = જે રીતે, તે જ **અખિલ** = સમસ્ત **લોક** = દેહો, જીવો **અંતર** = હૃદયમાં **જપ** = જાપ **વેદ** = વેદ **પંચમ** = પાંચમો **તેહ** = તે.

### અનુવાદ

**સર્જનહારે ઉત્પન્ન કરેલ મુકાતો અને લેવાતો શ્વાસ સમદમ પ્રણવ સ્વરૂપે પ્રકૃતિની રચના સાથે જોડાયેલો છે, જે સમગ્ર સૃષ્ટિના જીવો(દેહો)ના અંતરમાં અજપાજાપ સ્વરૂપે જપાય છે. તે જ્ઞાન દર્શાવતા વેદને 'પંચમ વેદ' કહેવાય છે.**

### ભાવાર્થ

આ સૃષ્ટિની રચના સકર્તા સર્જનહારે કરી છે. પોતાના વિશેષ ચૈતન હીરથી ઈચ્છા મુજબ સમચેતન બ્રહ્મમાં હિરણ્યગર્ભવત્ સમગ્ર કૃત(રચના)નો ફેલાવો કર્યો છે. આ સમગ્ર રચનામાં જડ તત્ત્વોનું ચૈતન અંશ સાથે જોડાણ કરાવવામાં સમચૈતન હીરરૂપ પ્રણવ માધ્યમરૂપે રહેલો છે. સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરાયેલા આ સમદમ પ્રણવના માધ્યમથી જ સમગ્ર શરીર ચૈતનવંત બને છે. આમ જડ અને ચૈતનને જોડનાર પ્રણવરૂપી જાપ દરેક સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં હરદમ(હંમેશા) જપાતો રહે છે.

જેમ અંશીના કૃત સાથેના જોડાણમાં મહદ બ્રહ્મ માધ્યમરૂપે છે, તેમ અંશના ઘાટ સાથેના જોડાણમાં સમચૈતન પ્રણવ માધ્યમરૂપે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે, તે અંગેની સમજ આ વેદમાં આપવામાં આવી છે તેથી જ આ વેદને પાંચમો વેદ કહેવાય.

**તેહી શ્વસમ નિજ નિગમસે, દ્રસત સકલ જગ જીવ;**
**ચર અચરા સુરલોક લ્યૌ, પ્રસિદ્ધ જીવન પર શિવ. ૩**

### શબ્દાર્થ

**તેહી** = તે **શ્વસમ** = સમદમ રહેલો શ્વાસ (પ્રણવ) **નિજ** = પોતાના, સ્વયં, મૂળ **નિગમસે** = વેદ દ્વારા **દ્રસત** = દર્શાવેલ **સકલ** = બધા, તમામ **જગ** = સૃષ્ટિના **જીવ** = સામાન્ય અંશો **ચર અચરા** = સ્થાવર અને જંગમ જાતિના ઘાટો **સુરલોક** = સુરલોક **લ્યૌ** = સુધીના **પ્રસિદ્ધ** = ખ્યાતિ પામેલા, પ્રખ્યાત, દષ્ટિગોચર થયેલા **જીવન** = સામાન્ય ઘાટો, જીવો **પર** = ઉપર **શિવ** = વિશેષ કોટિના.

### અનુવાદ

**તે મૂળ વેદ દ્વારા દર્શાવેલ જ્ઞાન મૂજબ જ જગતના તમામ સામાન્ય જીવો તેમજ સ્થાવર તથા જંગમ ઘાટો ઉપર પ્રસિદ્ધિ પામેલા સુરલોક સહિતના વિશેષ અંશોના ઘાટોમાં નિજ પ્રણવ વ્યાપેલો છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા શ્વસંવેદમાં દર્શાવ્યા મુજબ સમસ્ત બ્રહ્માંડના ઘાટોને ચેતનવંત કરવાના માધ્યમ તરીકે પ્રણવ રહેલો છે. જ્યાં જ્યાં જીવન છે ત્યાં ત્યાં પ્રણવની હાજરી છે. અને જ્યાં જ્યાં પ્રણવ છે ત્યાં ત્યાં આ શ્વસંવેદનું પ્રમાણ છે. સકર્તા સર્જનહારે બનાવેલ સમગ્ર કૃતમાં એટલે કે જ્યાં સુધી બ્રહ્મનો વ્યાપ (પ્રસારો) છે, ત્યાં સુધીની સર્વ રચનામાં પ્રણવ રહેલો છે. આ પ્રમાણે મહદ વૈરાટથી માંડીને સ્થાવર જંગમના સ્થૂળ ઘાટો અને તેના ઉપર પ્રસિદ્ધ પામેલા સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહ ધરાવતા દેવી-દેવતાઓ અને પ્રકૃતિ અને નિરંજનના પરમકારણ દેહમાં પ્રણવ રહેલો છે. આ પ્રણવના માધ્યમથી જ અંશોની સજાણજાણ સ્વરૂપે રહેલી ચૈતન શક્તિ જે તે દેહને ચેતન કરે છે. આ રીતે દરેક ઘાટમાં સમ ચેતન હીરરૂપ પ્રણવ જીવન રૂપે દશ્યમાન થાય છે.

**નિગમ ચતુર ચૂરચૂર મતી, ગતિ વિલોકેહુ ભેદ;**
**જાહીત્યે નેતિ કર થકી રહે, તાહી ગતિ લહે સ્વસંવેદ. ૪**

### શબ્દાર્થ

**નિગમ ચતુર** = ચાર વેદ **ચૂરચૂર** = ઝીણા ઝીણા ભાગ, ચૂરેચૂરા **મતી** = બુદ્ધિ **ગતિ** = સમજ - હાર્દ **વિલોકેહુ** = વિલોકન કરતાં **ભેદ** = મર્મ, રહસ્ય **જાહીત્યે** = જેની, જે માટે **નેતિ** = તેનો અંત નથી **કર થકી રહે** = કહીને થાકી ગયા **તાહી** = તેની, તે અંગેની **ગતિ** = સમજ **લહે** = જાણે, દર્શાવે **સ્વસંવેદ** = શ્વસંવેદ.

### અનુવાદ

**ચાર વેદમાં બ્રહ્માએ બુદ્ધિપૂર્વક અતિ સૂક્ષ્મ રીતે બ્રહ્મના ભેદનું વિલોકન કર્યું છે, તેમ છતાં અંતે થાકીને નેતિ શબ્દનો પોકાર કર્યો. તે ગતિને શ્વસંવેદ જાણે છે.**

### ભાવાર્થ

પાંચમા મુખના છેદન બાદ જ્ઞાનની વિસ્મૃતિ થતાં બ્રહ્માજીએ પોતાની બુદ્ધિના ચૂરેચૂરા કરીને અતિ સૂક્ષ્મ રીતે સચરાચર વ્યાપક બ્રહ્મના ભેદનું વિલોકન કર્યું છે, પરંતુ છેવટે થાકીને તેમણે તે પદ માટે ચાર વેદમાં 'નેતિ' શબ્દથી સંબોધન કર્યું. આમ, બ્રહ્માજીએ બ્રહ્મપદ માટે જ જો નેતિ પોકારી હોય તો તેનાથી પરનેતિ પદ એવા પરમપદનું કેવી રીતે વર્ણન કરી શકે? પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે એવા અજાણ અને ગુપ્ત રહેલા પરમપદનું જ્ઞાન શ્વસંવેદમાં દર્શાવ્યું છે.

**સ્વસંવેદ શુદ્ધ સરલ એ, પૂર્વે પરાયણ સંચ;**
**રચેહુ ખલક જીને બહુવિધિ, તાહી નિધે જાહીકો સમંચ. ૫**

### શબ્દાર્થ

**સ્વસંવેદ** = શ્વસંવેદ **શુદ્ધ** = પવિત્ર,નિર્મળ, નિરવિકારી **સરલ** = સરળતાપૂર્વક, નિખાલસ, નિષ્પક્ષ **એ** = છે **પૂર્વે** = પહેલા,આદિ (સમય)માં **પરાયણ** = પોખાયેલો **સંચ** = કળ, યુક્તિ, ચાવી **રચેહુ** = રચના કરાઈ છે ત્યારથી **ખલક** = સમગ્ર બ્રહ્માંડ, વિશ્વ, સૃષ્ટિ **જીને** = જેમણે **બહુવિધિ** = વિવિધ પ્રકારની **તાહી** = તેણે **નિધે** = વિશે **જાહીકો** = તેમણે **સમંચ** = સંબંધ

### અનુવાદ

**કર્તાએ વિવિધતાસભર વિશ્વની રચના કરી છે, જેમાં પ્રણવનો સંબંધ આદિથી જોડાયેલો છે. આ સંચ અંગેની શુદ્ધ સમજ સરળતાથી સમજાય તે રીતે શ્વસંવેદમાં દર્શાવી છે.**

### ભાવાર્થ

જેમ ઘડિયાળમાં ચાવી ભરીને ચલાવવામાં આવે છે, તેમ સર્વ રચનામાં પ્રણવની કળપૂર્વકની ગતિ આદિથી જ પોખવામાં આવેલી છે. જેના થકી જ સર્વ રચના ગણતરીપૂર્વકના પ્રણવથી ભરેલા માપ મુજબ અવધિકાળ સુધી ચાલે છે. ઘડિયાળમાં ચાવી ભરનાર (ઘડિયાળી) ઘડિયાળથી જુદો છે. એ જ ન્યાયે તત્ત્વોથી બનેલી વિશ્વની સઘળી રચના રચીને તેમાં પ્રણવની ગતિને ભરનાર મહદ સજાણજાણરૂપ તત્ત્વાતિત સર્જનહાર (અંશી) રચનાથી જુદા (ન્યારા) છે. એ જ રીતે આ વિવિધ પ્રકારના નાશવંત તત્ત્વોથી બનેલા અસંખ્ય ઘાટો (શરીરો)માં ચાલતા પ્રાણાયામને ચલાયમાન કરવાના કારણરૂપે કર્તાની જ સજાતિનો સજાણજાણ સ્વરૂપ અંશ છે. તે અંશની ચેતનતા પામીને ચાલતા પ્રણવરૂપી સંચ (ચાવી) પૂર્ણ થતાં સુધી ઘાટ ચલાયમાન રહે છે. આ રીતે ઘાટમાં ચાલતા પ્રાણાયામનો સીધો સંબંધ નિજકર્તાની સાથે બ્રહ્મના માધ્યમથી અલંગ-સલંગ જોડાયેલો છે. આ પ્રમાણેના આદિથી પોખાયેલા સંચ અંગેની સમજ પરમગુરુ દ્વારા શુદ્ધ અને સરળ રીતે પંચમ શ્વસંવેદમાં દર્શાવવામાં આવી છે.

**તાહિત્યે સમંચ કર સ્વર ઈત, રહેહુ સકલ ઘટ વ્યાપ;**
**જહાંન સવિત્ત જંતરવત, સ્વસમ તાર નિજ આપ. ૬**

### શબ્દાર્થ

**તાહિત્યે** = તેનો **સમંચ** = યુક્તિપૂર્વકનો સંબંધ **કર** = કરીને **સ્વર** = શબ્દ, સ્વર **ઈત** = અહીં, અંદર, આ પ્રમાણે **રહેહુ** = રહેલો છે **સકલ** = તમામ, બધા **ઘટ** = શરીરમાં **વ્યાપ** = પ્રસરેલો **જહાંન** = સમગ્ર સૃષ્ટિમાં **સવિત્ત** = વિત્તરૂપે **જંતરવત** = વાજિંત્રની માફક **સ્વસમ** = સમદમ પ્રણવ **તાર** = તાર, દોરી **નિજ** = મૂળ સ્વરૂપે **આપ** = પોતે જ.

### અનુવાદ

**તેના સબંધે કરીને શબ્દની રચના પ્રત્યેક ઘાટમાં વ્યાપેલી છે. સમગ્ર સૃષ્ટિમાં વિત્તરૂપે સમદમ વહેતા પ્રણવરૂપ તાર પોતે જ યંત્રવત્ રીતે રહેલો છે.**

### ભાવાર્થ

જેમ વાજિંત્રમાં વિત્તરૂપે પુરાયેલી હવાના વહનથી તેમાં સ્વર (અવાજ) ઉદ્ભવે છે, તેમ બ્રહ્માંડમાં ઠસોઠસ સચરાચર બ્રહ્મનો વ્યાપ છે. તે જ મહદ બ્રહ્મના સોહંગ પ્રણવનો સંબંધ દરેક ઘાટ સાથે વ્યાપક સ્વરૂપે હોવાથી પ્રત્યેક ઘાટમાં સ્વરોની ઉત્પત્તિ થાય છે. પ્રત્યેક ઘાટમાં પ્રણવ ઠસોઠસ ભરેલો છે. તે પ્રણવ દ્વારા જ બાવન અક્ષરોરૂપ સ્વર ઉદ્ભવે છે. જેવી રીતે બ્રહ્માંડમાં સર્જનહારે ભરેલા સંચ મુજબ કાળક્રમે પ્રવાહની જેમ સમસ્ત સૃષ્ટિનો ક્રમ ચાલ્યા કરે છે, તેવી રીતે વિશ્વના સર્વ ઘાટોમાં સર્જનહારના અંશની ચેતનાથી પ્રથમ પ્રણવ ચલાયમાન થાય છે, જેના પ્રેરક-રેચકની ગતિ થકી ઘાટમાં બાવન અક્ષરોની ઉત્પત્તિ થાય છે. આમ સોહંગ પ્રણવરૂપ તાર પોતે જ યંત્રવત્ રહીને વિશ્વના સમગ્ર ઘાટોમાં વાજિંત્રની માફક અક્ષરોનું ઉચ્ચારણ કરે છે.

**તેહી તારે તન પ્રોઈયાં; લોક ચતુર્દશ ખંડ;**
**સ્થાવર જંગમ જલ થલ; અણુ આદ્યે બ્રહ્માંડ. ૭**

### શબ્દાર્થ

**તેહી** = તે, **તારે** = તારરૂપી જોડાણથી **તન** = ઘાટ(શરીર) **પ્રોઈયાં** = જોડાયાં, પરોવાયાં **લોક ચતુર્દશ** = ચૌદ લોક **ખંડ** = ખંડ **સ્થાવર** = સ્થૂળ સ્થિર જાતિ (વનસ્પતિ) **જંગમ** = ચલિત જાતિ (પ્રાણી, માનવ ઈત્યાદિ) **જલ** = જળ **થલ** = પૃથ્વી **અણુ** = નાનામાં નાનો ભાગ **આદ્યે** = સહિત **બ્રહ્માંડ** = બ્રહ્મપ્રકાશ વ્યાપક છે ત્યાં સુધીનો વિસ્તાર

### અનુવાદ

**અણુથી માંડીને સ્થાવર-જંગમ, જળ-સ્થળ, ચૌદ લોક, ખંડ અને સમસ્ત બ્રહ્માંડ તે (સોહંગ પ્રણવ) તાર વડે જ પરોવાયેલા છે.**

### ભાવાર્થ

સર્જનહારના પ્રકાશરૂપી સમચૈતન હીર રૂપ બ્રહ્મના પ્રસારામાં સર્જનહારનું સમસ્ત ક્રત આવેલું છે. નવખંડ અને સપ્તદ્વીપમાં અણુથી માંડીને પાણી અને પૃથ્વી પર વસતા સ્થાવર જાતિ અને જંગમ જાતિના તમામ ઘાટો શુદ્ધ સોહંગરૂપી પ્રણવ તાર વડે પરોવાયેલા છે. તેમજ વૈરાટને વિશે પણ મહદ પ્રણવની પક્કડ છે. આ સર્વે વિવિધતાવાળા ઘાટોના ચૈતનપણામાં, બ્રહ્મના સમચૈતન હીરરૂપે રહેલા પ્રણવની ગતિ પોખાયેલી છે. જે સમસ્ત ઘાટના અસ્તિત્ત્વ માટે આધારરૂપે છે.

**તેહી લખ નિરણે નિરુપણ; નિગમ પંચમા માંહાંય;**
**ઓર સકલ ઓરલી ગ્યમ; વેદ ચતુર ગતિ જાહાંય. ૮**

### શબ્દાર્થ

**તેહી** = તે, આ **લખ** = લક્ષ **નિરણે** = નિર્ણય કરીને, નિર્ણયપૂર્વક **નિરુપણ** = દર્શાવવામાં આવ્યું છે, વર્ણવ્યું છે **નિગમ પંચમા** = પાંચમો વેદ **માંહાંય** = માંય **ઓર** = બીજું, અન્ય **સકલ** = બધું **ઓરલી** = આ બાજુની, ક્રતની **ગ્યમ** = સૂઝ, સમજ **વેદ ચતુર** = ચાર વેદની **ગતિ** = સમજ, દષ્ટિ **જાહાંય** = જ્યાં, જેમ દર્શાવી છે તે.

### અનુવાદ

**તે (વિષય)ના લક્ષનું નિરૂપણ પાંચમાં વેદમાં નિર્ણયપૂર્વક કરેલું છે, જ્યારે ચાર વેદની ગતિ બધી આ તરફની (સમસ્ત ક્રતની) છે.**

### ભાવાર્થ

બ્રહ્માજી દ્વારા ચાર વેદમાં જે જે બાબતોનું ઉત્કૃષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે તેમાં સર્જનહારના

ક્ત અંગેનું વર્ણન છે. એટલે કે ચાર વેદની ગતિમાં નાશવંત તત્ત્વોથી બનેલા અંતરહિત બ્રહ્માંડમાં પોષણથઈને વૃધ્ધિ પામેલ જગતપક્ષની સર્વે રચનાનું જ્ઞાન દર્શાવેલું છે. જેમાં તત્ત્વાતિત એવા વિશ્વના સર્જનહાર અંશી અને ઘાટોનો ચલાવનાર ચૈતન અંશ અંગેની કોઈ વાત આવતી નથી. એટલે જ તો બ્રહ્માજીએ વેદોમાં 'નેતિ' શબ્દનો ઉલ્લેખ કરીને તે વાતને અટકાવી દીધી છે. તત્ત્વાતિત એવા અંશ-અંશીનું જ્ઞાન પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા પંચમ શ્વસંવેદમાં દર્શાવવામાં આવ્યું છે.

**વિધિ વિત્તપન શિર પાંચમો; તેહી ઉચરત સ્વસંવેદ;**
**કાટેહુ શિવ તેહી સમજત્યે; ભવ નહીં પાવહી ભેદ. ૯**

### શબ્દાર્થ

**વિધિ** = બ્રહ્માજી **વિત્તપન** = વિત્તરૂપે, સારરૂપ **શિર** = માથું (મસ્તક) **પાંચમો** = પાંચમો **તેહી** = તે **ઉચરત** = દર્શાવે છે **સ્વસંવેદ** = શ્વસંવેદ **કાટેહુ** = કાપી નાખ્યું **શિવ** = શિવજી દ્વારા **તેહી** = તે **સમજત્યે** = સમજીને, વિચારીને **ભવ** = જગત **નહીં** = નહીં **પાવહી** = પામી શકે **ભેદ** = રહસ્ય (મર્મ)

### અનુવાદ

**બ્રહ્માનું પાંચમું મુખ જ વિત્તરૂપી શ્વસંવેદનું ઉચ્ચારણ કરતું હતું, પરંતુ તેના રહસ્યને સંસાર પામી ન શકે તેવું સમજી વિચારીને જ શિવજી દ્વારા છેદન કરવામાં આવ્યું.**

### ભાવાર્થ

બ્રહ્માજીનું પાંચમું મુખ પરમપદનું (સકર્તાનું) જ્ઞાન દર્શાવતી વાણીનું ઉચ્ચારણ કરતું હતું. તેથી નિરંજન અને મહામાયાના કાર્યક્ષેત્ર રૂપી સૃષ્ટિના પ્રવાહને આગળ ધપાવવાના કાર્યોમાં મુશ્કેલી (અડચણ) ઊભી થતી હતી. પરમપદની વાણી સાંભળતાં જ, ચાર સનકાદિકો અને દશ હજાર બ્રહ્મ પુત્રો સંસારનો ત્યાગ કરીને સકર્તાપદ પામવા તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા. પરિણામે સંસારનો ક્રમ આગળ વધ્યો નહિં. આખરે તે વાણીને લોપ કરવા માટે શ્રી વિષ્ણુએ શિવજી દ્વારા બ્રહ્માજીના પાંચમા મુખનું છેદન કરાવ્યું, જેથી કર્તાના જ્ઞાનનો લોપ થયો. સમય વીતતાં બ્રહ્મા પણ આ જ્ઞાનથી વિસ્મૃતિ પામ્યા, જેથી તેમણે ચાર મુખ દ્વારા વાણીનો વિસ્તાર કરવામાં જ વૃત્તિને સ્થિર કરી. પાંચમા મુખના છેદન પછી બ્રહ્માજીએ સ્વયં મનુ પુત્ર અને સત્યરૂપા નામે કન્યા ઉત્પન્ન કર્યા. આ બંને થકી સૃષ્ટિનો ક્રમ આગળ ચાલ્યો. જેમાં દેવ-દાનવ માનવની આદ્ય લઈ સર્વ જગત આજ સુધી એ જ પ્રમાણે વર્તે છે. એટલે પાંચમા વેદનું અસ્તિત્વ તો હતું જ, પરંતુ બ્રહ્માજીના પાંચમા મુખના છેદન બાદ વિશ્વમાં તે તત્ત્વાતિત એવા પરમપદ અંગેનું જ્ઞાન વિસર્જન (લુપ્ત) પામ્યું હતું. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા આ પંચમ શ્વસંવેદમાં આ જ્ઞાનની સમજ આપવામાં આવી છે.

**જો પાવહી ભવ ભેદ એહ, રહત નહીં કોહુ અંધ;**
**જદિપ અંધ આજ્ઞાન બિનું, જીવ પરત નહીં ફંદ. ૧૦**

### શબ્દાર્થ

**જો** = જો **પાવહી** = પ્રાપ્ત કર્યા હોત **ભવ ભેદ** = જગતનો સાર, સત્વરૂપી રહસ્ય **એહ** = તે **રહત નહીં** = રહેત નહીં **કોહુ** = કોઈ પણ **અંધ** = આંધળા, અજાણ **જદીપ** = તેથી, જો, કદાપિ **અંધ** = આંધળા **અજ્ઞાન** = અજ્ઞાન **બિનુ** = વગર **જીવ** = જીવદશાના ઘાટો, જીવો **પરત** = પાછા **નહીં** = નહીં **ફંદ** = ફંદામાં, બંધનમાં.

### અનુવાદ

**જો જગતના જીવો આ રહસ્યને સમજ્યા હોત તો કોઈ આંધળા (અજ્ઞાની) રહ્યા ન હોત અને જો જીવો અંધ-અજ્ઞાની ન રહ્યા હોત તો માયાના ફંદમાં પડ્યા ન હોત.**

### ભાવાર્થ

જગતના જીવોને સર્જનહાર અંગેના સાચા જ્ઞાનની સમજ પ્રાપ્ત થઈ હોત તો સમજ્યા હોત કે આ સમગ્ર રચના તો નાશવંત છે. કાળ ક્રમે તેનો નાશ થવાનો જ છે. ઘાટને ચલાયમાન કરનાર ચૈતન અંશ તેના કર્મોનાં બંધનોને આધીન વિવિધ ઘાટોમાં ભટક્યા કરે છે, પરંતુ ‘હું’ - કોણ ? ક્યાંથી આવ્યો ? મારા કર્તા કોણ છે ? અને હવે હું ક્યાં જવાનો ? આ અંગેનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાયું હોત તો મુમુક્ષુ કદી પણ ક્તરૂપ માયાના ફંદમાં ફસાત નહીં. અર્થાત્ માયાથી દૂર રહી પોતે વૈરાગી બનીને કર્તાની શોધ માટે જીવન વ્યતિત કરતા હોત, પરતું આ પરમપદના યથાર્થ જ્ઞાન વગર સૌ અજ્ઞાની અને આંધળા જ રહ્યા છે અને તેથી જ જીવો માયાની જાળમાં (ફંદામાં) ફસાયેલા છે.

**બિનું ફંદે ભવ ફારગત, લહત પરમપદ સોય;**
**હોહુ મોક્ષ સર્વ એક સમે, વૃધ્ધિ ઉત્પન્ન નહીં હોય. ૧૧**

### શબ્દાર્થ

**બિનું** = વગર **ફંદ** = ફંદામાં, માયાવી જાળમાં **ભવ** = જગત **ફારગત** = છૂટા થવું, મુક્ત થવું **લહત** = મેળવી શકત, પામી શક્યો હોત **પરમપદ** = નિજપદ, સર્જનહારનું શ્રેષ્ઠ ધામ **સોય** = તે **હોહુ** = થવું **મોક્ષ** = મુક્તિ (જન્મ-મરણથી છુટકારો) **સર્વ** = બધાને **એક સમે** = એકી સાથે, બધાં **વૃધ્ધિ** = વધારો, વિકાસ **ઉત્પન્ન** = પ્રસારો, ઉત્પન્ન **નહીં હોય** = થાત નહીં.

### અનુવાદ

**વિશ્વના જીવો જો માયાના ફંદમાં ન પડે તો સંસારથી મુક્ત થઈને પરમપદ પ્રાપ્ત કરે. જો એક જ સમયે બધાનો મોક્ષ થઈ જાય તો પછી વિશ્વની ઉત્પત્તિ અને વૃદ્ધિ ન થઈ હોત.**

### ભાવાર્થ

વિશ્વની શરૂઆતમાં ચૈતન અંશો નિષ્કર્મી હતા, એટલે કે કૈવલધામમાંથી નીકળ્યા ત્યારે શુદ્ધ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે હોવાથી તેમનામાં કોઈ માયાવી વિકાર હતો નહીં. એટલે તેવા અંશોને કર્તાપદની વાણી તરત જ અસર કરી જાય. એટલે તો સર્વ પ્રથમ સનકાદિકો બ્રહ્માજીના પાંચમાં મુખની વાણી સાંભળી માયાના ફંદમાં ફસાવાને બદલે સર્જનહાર અંશીને મેળવવવા માટે સાધના કરવા ચાલ્યા ગયા હતા.

વિશ્વના ક્રમને આગળ ધપાવવા માટે નિરંજન અને મહામાયાનું ઉત્તરદાયિત્વ હતું. આથી સૃષ્ટિના સંચાલન માટે તેમણે ત્રણ દેવ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તથા ત્રણ દેવીઓ - સાવિત્રી, લક્ષ્મી અને ઉમિયાજીને ઉત્પન્ન કર્યા. કૈવલ કર્તાએ દરેકને કરુણા આપીને કરુણામય બનાવ્યા. જેમ કે બ્રહ્માજીને ઘાટોનું સંવર્ધન કરી ક્રમ આગળ ચલાવવાનું કાર્ય, વિષ્ણુને સૃષ્ટિનું પાલન-પોષણ કરવાનું કાર્ય અને શંકરને સંહાર કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

અંશોને માયાની જાળમાં ફસાયેલા રાખીને સૃષ્ટિનો ક્રમ આગળ ધપાવવા માટેની જવાબદારી મહામાયાની હતી. જો પાંચમાં મુખની વાણીનો લોપ ન કરવામાં આવ્યો હોત તો કોઈ માયાના સકંજામાં સપડાત નહીં. વિશ્વમાં બધા જ પરમપદ પામવાના કાર્યમાં જોડાયા હોત તો બધાંનો એકી સાથે મોક્ષ થઈ જાત અને સૃષ્ટિની વૃદ્ધિ અટકી જાત.

**બિનું વૃધ્ધિ ઉત્પન્ન વિશ્વહી, કો કરહી કિલાસ;**
**ખેલ અખંડિત કયૌ ચલે, નિજ કર્તા ઈતિહાસ. ૧૨**

### શબ્દાર્થ

**બિનું** = વગર **વૃધ્ધિ** = વધારો થવો **ઉત્પન્ન** = ઉત્પત્તિ થવી, જગત ક્રમ ચાલવો **વિશ્વહી** = જગતની, સૃષ્ટિની **કો** = કોણ **કરહી** = કરે **કિલાસ** = ભોગવિલાસ, આનંદ - વિલાસ **ખેલ** = રચના **અખંડિત** = ખંડન થયા વગરની, અવિરત **કયૌ** = કેવી રીતે **ચલે** = આગળ વધે **નિજકર્તા** = સર્જનહારનો **ઈતિહાસ** = અવિરત રચનાનો ક્રમ.

### અનુવાદ

**જો વિશ્વની ઉત્પત્તિ અને વૃદ્ધિ ન થાય તો પદાર્થોના ભોગવિલાસ કોણ ભોગવે ? વળી નિજ કર્તા (સર્જનહાર) ની વિશ્વ-રચનાનો અવિરત ક્રમ કેવી રીતે ચાલે ?**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની શુદ્ધ સંકલ્પ શક્તિથી છ વૃત્તિઓ દ્વારા આ અદ્ભુત વિવિધતાવાળી વિશ્વની રચના કરીને અનંત પ્રકારના ઘાટો ઉત્પન્ન કર્યા છે. તેમની સુખાકારી માટે ખટરસની આદ્ય લઈ વિવિધ ભોગવિલાસની રચના કરી. જેથી આ સઘળી પ્રકૃતિમય વિભૂતિનો અહેસાસ અંશો કરી શકે અને આનંદ-કિલ્લોલમય જિંદગી માણી શકે. અંશો સંસારની વિભૂતિને માણી સત્કર્મો કરતા રહે અને આનંદ-કિલ્લોલ કરે જેથી સર્જનહાર પોતે પણ ઉમંગપૂર્વક હરખ અનુભવે, આવા ઉમદા

ઈરાદાથી જ દરેક ઘાટમાં સર્જનહારે પોતાના સજાતિ અંશ પ્રેરક કર્યા હતા.

દેવોએ વિચાર્યું કે પંચમવેદનું જ્ઞાન સાંભળી સર્વ જીવો મોક્ષના માર્ગને જ અનુસરે તો વિશ્વની ઉત્પત્તિનો ક્રમ અને વૃદ્ધિ અટકી જાય. વળી, સર્જનહારે તેમણે કરુણામય તો બનાયા, પરંતુ વિશ્વની વૃદ્ધિ ન થાય તો કરુણા કરે તો કોના ઉપર કરે ? જો વિશ્વમાં આનંદકિલ્લોલ કરનાર કોઈ રહે જ નહીં તો વિશ્વ રચનાનો અવિરત ક્રમ કેવી રીતે ચાલે ?

**તાહિતે નિગમ નિજ પંચમો, ઈશ્વર રખેહુ દુરાય;**
**આપને સ્વારથ લગનકુ, રાખેહુ જીવ ફનાય. ૧૩**

### શબ્દાર્થ

**તાહિતે** = તેટલા માટે **નિગમ** = વેદ **નિજ પંચમો** = પાંચમો વેદ **ઈશ્વર** = ઈશ્વર (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) **રખેહુ** = રાખ્યો **દુરાય** = દૂર **આપને** = પોતાના **સ્વારથ** = સ્વાર્થ **લગનકુ** = ખાતર, માટે **રાખેહુ** = રાખ્યા **જીવ** = જીવોને **ફનાય** = માયામાં ફસાયેલા.

### અનુવાદ

**એટલા માટે જ પાંચમા વેદથી ઈશ્વરોએ જીવોને દૂર રાખ્યા છે. તેમજ પોતાના સ્વાર્થ ખાતર જગતના જીવોને માયામાં ફસાયેલા રાખ્યા છે.**

### ભાવાર્થ

વિભૂતિવાન ઈશ્વરોએ એટલે નિરંજન અને મહામાયા તેમજ તેમના પરિવારના મહાદેવો - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે પોતાનામાં રહેલ શક્તિનો અહેસાસ અન્યને કરાવવા તેમજ સોંપાયેલ જવાબદારી પૂર્ણ કરવાના હેતુ માટે વિચાર કર્યો, પરંતુ તે ત્યારે જ શક્ય બને, જ્યારે સૃષ્ટિનો ક્રમ આગળ વધે. પોતાને સોંપાયેલી જવાબદારીને શ્રેષ્ઠ રીતે નિભાવવા માટે જીવોને પાંચમા વેદના જ્ઞાનથી દૂર રાખીને પ્રકૃતિની માયાજાળમાં ફસાયેલા રાખ્યા.

આમ સૃષ્ટિના ક્રમને આગળ ધપાવવા પાંચમા વેદને લુપ્ત કર્યો પણ તેમણે પોતાની કે અન્ય જીવાત્માના કલ્યાણની વાત વિચારી જ નહીં.

**ફનેહુ જીવ જગ જ્યોં લ્યો, ત્યૌ લહુ ઈશ આધિન;**
**જબતે રહે ઈતકે ઈત, નિજ કર્તા નહીં ચિન. ૧૪**

### શબ્દાર્થ

**ફનેહુ** = ફસાયેલા રહ્યા, પાયમાલ થઈ ગયા **જીવ** = જીવો **જગ** = જગતમાં **લ્યૌ** = જ્યાં સુધી **ત્યૌ** = ત્યાં સુધી

**લહુ** = રહ્યા **ઈશ** = ઈશ્વરોને **આધિન** = વશમાં, સમર્પણ થઈને **જબતે** = જેટલા માટે તો **જેથી રહે** = રહ્યા **ઈતકે ઈત** = અહીંના અહીં જ **નિજ કર્તા** = સર્જનહાર **નહીં ચિન** = શોધ્યા નહીં, ઓળખ્યા નહીં.

### અનુવાદ

**જગતમાં જ્યાં સુધી જીવો જ્યાં ત્યાં ફસાયેલા રહ્યાં ત્યાં સુધી ઈશ્વરને આધીન રહ્યા, જેથી સર્જનહારની ઓળખ વગર અહીંના અહીં જ રહ્યા છે.**

### ભાવાર્થ

પાંચમા વેદનું જ્ઞાન લોપ થયા બાદ સૃષ્ટિનો ક્રમ આગળ વધ્યો. તેમાં સર્વ જીવો માયાની જાળમાં એવી રીતે ફસાયેલા રહ્યા કે પોતે પોતાના ચૈતન સ્વ-સ્વરૂપને અને વિશ્વના સર્જનહારને ભૂલી ગયા. કેટલાક માત્ર ત્રણ ગુણ – રજોગુણ, તમોગુણ અને સતોગુણના અધિષ્ઠાતા દેવો બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના ગુણગાન ગાવામાં મગ્ન બન્યા તો કેટલાક આદ્યશક્તિ મહામાયાના પ્રભાવમાં અંજાઈને સમર્પિત બન્યા. કેટલાક બ્રહ્મવેત્તા બની નિર્ગુણ બ્રહ્મની ઉપાસનામાં અટક્યા. આ રીતે સર્જનહારના કૃત રૂપી સર્વ રચનામાં જ વૃત્તિને જોડી રમણ કરવા લાગ્યા. સંસારમાં લોકો વધુને વધુ વ્યાકુળ થતા ગયા તેમ તેમ છૂટવા માટે જ્યાં ત્યાં ચમત્કારીઓના ચમત્કારોમાં અને ઐશ્વર્યતાની વિભૂતિના પ્રભાવમાં ફસાતા ગયા. અજ્ઞાનતાવશાત્ વિશ્વમાં સમગ્ર જીવોની આ સ્થિતિ થઈ. જેને જે ઈષ્ટદેવ લાગ્યા તેઓ તેમને જ આધીન થયા અને સર્વે તેમાં જ ફસાયેલા રહ્યા. આથી જન્મ-મરણનો ક્રમ ભોગવી અહીંના અહીં જ રહ્યા.

ઉપર પ્રમાણેની પરિસ્થિતિ થવાને લીધે કોઈએ પોતાના શુદ્ધ સ્વરૂપને કે તેના સજાતિ સકર્તા સર્જનહારને ઓળખ્યા કે ઓળખાવ્યા નહીં.

**બિન કર્તા ચિને નિજ, રહેહુ સકલ જગ જીવ;**
**જીવ ગતિ મતિ વિષયાનંદ, ઈશ્વર જજત સદૈવ. ૧૫**

### શબ્દાર્થ

**બિન** = વગર **કર્તા** = સર્જનહાર **ચિને** = ઓળખ્યા **નિજ** = પોતે આદિ, મૂળ **રહેહુ** = રહ્યા **સકલ** = તમામ **જગ જીવ** = જગતના જીવો **જીવ ગતિ** = જીવોની ગતિ **મતિ** = બુદ્ધિ **વિષયાનંદ** = વિષયોનો આનંદ માણવામાં **ઈશ્વર** = ઈશ્વરોને **જજત** = ભજન-સ્મરણ **સદૈવ** = સદાને માટે.

### અનુવાદ

**નિજ સર્જનહારની ઓળખાણ ન હોવાથી જગતના સર્વ જીવો જીવદશામાં રહ્યા, જેથી તેમની ગતિ અને મતિ સદાને માટે વિષયોના આનંદ માણવામાં અને ઈશ્વરોનું ભજન-સ્મરણ કરવામાં જ રહી.**

### ભાવાર્થ

સર્જનહાર અંગેની સાચી સમજના અભાવે વિશ્વમાં અલ્પ બુદ્ધિના જીવદશા ભોગવનારા તમામ સામાન્ય અંશો ઈન્દ્રિયોના ભોગવિલાસ અને વિષયોના આનંદનો ઉપભોગ કરવામાં તલ્લીન બન્યા. આથી તેઓ વિશેષ અંશોના ઐશ્વર્ય અને ચમત્કારોથી અંજાઈને તેમના પ્રભાવમાં આવી ગયા. આ પ્રમાણે સર્વે જીવો ત્રણ ગુણ તેમજ સામાન્ય દેવ-દેવીઓનું ભજન-સ્મરણ કરી તેમને જ સમર્પિત થઈને આધીન થયા. ભૂચર ગતિના જીવો અજ્ઞાનમય જિંદગી જીવવા લાગ્યા. મનોવાંછિત ફળની પ્રાપ્તિ મેળવવા માટે કોઈનું શરણું સ્વીકારવું પડશે એમ માની પોતાની ઈચ્છાને તૃપ્ત કરવા માટે દેવ-દેવીઓને પ્રસન્ન કરવામાં જ રચ્યાપચ્યા (તલ્લીન) રહ્યાં. જેને કારણે માત્ર સંસારના નાશવંત સુખોની પાછળ ઘેલા બનીને બધા ખંડિત ઉપાસનાઓને વળગી રહ્યા છે.

**જજત ઈશ અંતર ગત, ઈચ્છત ફલ અહંમેવ;**
**લેત દેત નાટક પચે, ભૂલ ગયેહુ નિજ ભેવ. ૧૯**

### શબ્દાર્થ

**જજત** = ભજન કરીને **ઈશ** = ઈશ્વરોનું **અંતર ગત** = હૃદયપૂર્વક **ઈચ્છત** = ઈચ્છા રાખીને, **ફલ** = ફળ પ્રાપ્તિની **અહંમેવ** = અહોભાવ દર્શાવી, ઈષ્ટપણું જાણીને, **લેત દેત** = આપવા લેવાનું **નાટક** = ખેલ **પચે** = ચાલતો રહ્યો, માફક આવી ગયો, રચ્યાપચ્યા રહ્યા **ભૂલ ગયેહુ** = ભૂલી ગયા, **નિજ ભેવ** = પોતાનું સ્વરૂપ, મૂળ વેશ.

### અનુવાદ

**ઈચ્છા મુજબનાં ફળો પ્રાપ્ત કરવા માટે હૃદયમાં અહંમેવ ધારણ કરીને નાશવંત ઈશ્વરોનું ભજન કરવા લાગ્યા, અંશો આ લેણદેણના નાટકમાં રચ્યા પચ્યા રહ્યા જેથી પોતાનું સ્વ-સ્વરૂપ ભૂલી ગયા.**

### ભાવાર્થ

માનવદેહમાં રહેલા સામાન્ય અંશો વિશેષ અંશોની વૈભવી વિભૂતિ અને ચમત્કારોમાં અંજાઈ ગયા. પોતાના મનવાંછિત ફળની પ્રાપ્તિ થશે તેમ સમજી કર્મકાંડી ઉપાસનાઓ અને ધાર્મિક વ્રતો અને આચરણોમાં વ્યસ્ત થઈને વિભૂતિવાન દેવી-દેવતાઓનું યજન-ભજન કરવા લાગ્યા. તે જોઈને વિશેષ અંશો(દેવ-દેવીઓ)ને પણ વિભૂતિ અને ઐશ્વર્યતાના લીધે અહંપણાનું-મોટાપણાનું અભિમાન ચઢ્યું. તેઓ પોતે જ સર્વસ્વ છે, તે પ્રમાણેની ભક્તો તરફથી મળતા પ્રતિસાદની મહત્તામાં મહાલવા લાગ્યા. આ પ્રમાણે જીવ અને ઈશ્વરો લેણદેણ (સમર્પણતા અને ફળ પ્રાપ્તિ)ના વ્યવહારમાં ફસાતા ગયા, જેથી પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી ગયા.

## ભૂલેહુ નિજ ઘર જબનત્યે, તબ તેહુ ભરમત જંત;
## ઉપજી સૃષ્ટ જીનું અબલગે, વીતેહુ કલ્પ અનંત. ૧૭

### શબ્દાર્થ

**ભૂલેહુ** = ભૂલી ગયા **નિજ ઘર** = મૂળ ધામ **જબનત્યે** = જ્યારથી **તબ** = ત્યારથી **તેહુ** = તેઓ **ભરમત** = ભ્રમણામાં ભૂલા પડ્યા **જંત** = જીવ **ઉપજી** = ઉત્પન્ન થઈ, રચી **સૃષ્ટ** = સૃષ્ટિ **જીનું** = જ્યારથી **અબલગ** = અત્યાર સુધી **વીતેહુ** = વીતી ગયા, પસાર થઈ ગયા **કલ્પ** = કલ્પ (સમયનું મોટામાં મોટુ માપ) **અનંત** = અનેક, અપાર.

### અનુવાદ

**સૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારથી અત્યાર સુધી અનંત કલ્પો વીતી ગયા પણ જ્યારથી નિજ ઘર ભૂલ્યા ત્યારથી અત્યાર સુધી બધા ભ્રમણામાં ભટક્યા જ કરે છે.**

### ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆતમાં બ્રહ્મા દ્વારા ઉત્પન્ન થયેલા ચાર સનકાદિકો અને દસ હજાર પુત્રો પાંચમા ઉર્ધ્વ મુખથી ઉચ્ચારાયેલી પરમપદની વાણી સાંભળીને પોતાના સ્વ-સ્વરૂપનું ભાન થતાની સાથે જ, નિરંજનના પગલે પગલે પરમપદની પ્રાપ્તિ અર્થે ધંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા. જ્યારથી આ પાંચમાં વેદના જ્ઞાનને લોપ કરવામાં આવ્યું ત્યાર પછી વિશેષ અંશો પણ તે જ્ઞાન વિસ્મૃતિ પામ્યા.

પોતાનું સ્વ-ચૈતન અંશ સ્વરૂપ અને અંશ જ્યાંથી આવ્યો છે તે મૂળ (નિજ) સ્થાન ભૂલી જવાથી કોઈ પોતાના નિજ ઘરે પહોંચી શક્યા નહીં, આ પ્રમાણે સૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધી અનેક કલ્પો વહી ગયા, પરંતુ સામાન્ય કે વિશેષ અંશો પૈકીના કોઈપણ અંશો પોતે જ્યાંથી આવ્યા હતા તે મૂળ ઘર એટલે કે કૈવલધામમાં પાછા જઈ શક્યા જ નથી તેથી સૃષ્ટી ઉત્પન્ન થઈ ત્યારથી તે અત્યારે સુધી સર્વે જીવો જન્મ-મરણના ચક્રમાં દેવ અને મૃત્યુલોકમાં ભટક્યા કરે છે.

## એહી વિધિ ભરમત જીવ જગ, કોહુ લહત નહીં પાર;
## રાચેહુ જાંહી તાંહી ઉતઈત, ખોજે ના ખુદ કિરતાર. ૧૮

### શબ્દાર્થ

**એહી વિધિ** = એવી રીતે **ભરમત** = ભૂલા પડેલા, ભ્રમિત થયેલા **જીવ** = જીવો **જગ** = જગતના **કોહુ** = કોઈએ પણ **લહત** = જાણ-ઓળખ **નહીં** = નહીં **પાર** = પેલે કિનારે, સામે કિનારે **રાચેહુ** = રચ્યા પચ્યા રહ્યા **જાંહી** = જ્યારથી, જ્યાં **તાંહી** = ત્યારથી, ત્યાં **ઉત ઈત** = આલોક અને પરલોકમાં **ખોજે** = શોધ્યા, ઓળખ્યા **ના** = નહીં **ખુદ** = પોતાના **કિરતાર** = સર્જનહારને.

### અનુવાદ

**આ રીતે જગતના જીવો ભ્રમિત થવાથી કોઈ ભવપાર થઈ શક્યા નહીં. જ્યારથી સૃષ્ટિની રચના થઈ ત્યારથી અત્યાર સુધી આલોક અને દેવલોકમાં રચ્યા-પચ્યા રહ્યાં, પરંતુ કોઈએ પોતાના સર્જનહારને શોધ્યા નહીં.**

### ભાવાર્થ

આ રીતે સૃષ્ટિની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધી સામાન્ય અને વિશેષ અંશો આલોક (મુત્યુલોક) અને પરલોકમાં (અંતરિક્ષના દૈવીધામોમાં) રચ્યા-પચ્યા રહ્યા. બંને પ્રકારના જીવાત્માનો અરસપરસ સુમેળભર્યો વ્યવહાર ચાલવા લાગ્યો. તેઓએ તેમાં જ પૂર્ણતા અનુભવી, પરંતુ કોઈએ જગતના સાચા સર્જનહારને શોધવા પ્રયત્ન કર્યો નહીં. એટલું જ નહીં, પરંતુ આ નાશવંત વિશ્વમાં વિવિધ ઘાટોની રચના કરીને તેમાં સર્જનહારે જ પોતાની સજાતિનો ચૈતન અંશ પ્રેરક કર્યા છે, તેવી સમજ પણ કોઈને પડી નહીં. પરિણામે પોતાના શુદ્ધ ચૈતન (અંશ) સ્વરૂપને ઓળખવાનો કે તેના કર્તા અંશીને શોધવા માટેનો કોઈએ પ્રયત્ન કર્યો નથી.

**તબ તેહી જીવ મુક્તાવન, પાવન કરન જહાન;**
**આયેહુ તન ધર જબી હમ, ધરી ભવ ભેખ મહાન. ૧૯**

### શબ્દાર્થ

**તબ** = તેથી **તેહી** = તે **જીવ** = જીવોને **મુક્તાવન** = મુક્ત કરવા સારું **પાવન** = પવિત્ર **કરન** = કરવા **જહાંન** = જગતને, સૃષ્ટિને **આયેહુ** = આવ્યો છું **તન ધર** = દેહ ધારણ કરીને **જબી** = તેટલા માટે **હમ** = હું **ધરી** = ધારણ કરી **ભવ** = દુનિયામાં **ભેખ** = ત્યાગી વેષ **મહાન** = મહાન, દિવ્ય.

### અનુવાદ

**(પરમગુરુ કહે છે કે) તેથી તેવા જીવોને (શુદ્ધ સ્વરૂપે કરીને) મુક્ત કરવા તેમજ સૃષ્ટિને પવિત્ર કરવા માટે જ આ વિશ્વમાં મહાન ભેખ ધારણ કરીને હું દિવ્ય દેહે આવ્યો છું.**

### ભાવાર્થ

તેથી તેવા જીવોને મુક્ત કરવા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સોળ વિભૂતિ અને નવ બુદ્ધિ સહિત સર્વે અંશોની મુક્તિના ઉદ્દેશરૂપ મહાન ભેખધારણ કરીને આ વિશ્વમાં પધાર્યા છે. સર્જનહારે તેમને વિશ્વમાં મોકલવાનો મુખ્ય આશય, વિશ્વમાં વ્યાપી રહેલ સગુણ અને નિર્ગુણ ઉપાસનાઓમાં ફસાયેલા મુમુક્ષુ વર્ગને છોડાવી સાચો ન્યાયપૂર્વકનો સકર્તા સિદ્ધાંત દર્શાવવાનો છે, જેથી દરેક અંશ પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપને ઓળખીને તે જ્યાંથી આવ્યો છે તે મૂળ વતન રૂપ કૈવલ કર્તાના ધામમાં પાછો જઈને કર્તાને મળી શકે. આવા ભાગ્યશાળી અંશને પોતાના મૂળ ધામમાં ગયા પછી

પાછા મૃત્યુલોકમાં આવીને જન્મ-મરણનું દુઃખ ભોગવવું પડતું નથી. એટલે કે અંશને અખંડ કૈવલ મુક્તિ પ્રાપ્ત થાય છે.

આવા વિભૂતિવાન પુરુષ જ્યાં જ્યાં ગમન કરે છે ત્યાં તેમના પદની રજ (ચરણરજ) થકી પૃથ્વી સહિત સમગ્ર ધામ (લોક) પવિત્ર થાય છે.

**અબ તુમ સુનો જીવ જાંહાંન જગ, મગ મુશ્કેલ જેહી જંત;**
**તેહી પંથ મમ બકસાવહુ, જાવહુ જાહાં નિજ કંથ. ૨૦**

## શબ્દાર્થ

**અબ** = હવે **તુમ** = તમો **સુનો** = સુણો, સાંભળો **જીવ** = જીવો **જાંહાંન** = વિશ્વના **જગ** = જાગીને **મગ** = માર્ગ **મુશ્કેલ** = વિકટ **જેહી જંત** = એવા જીવો માટે **તેહી** = તે **પંથ** = રસ્તો **મમ** = મારો, હું **બકસાવહુ** = બક્ષિશ કરું છું **જાવહુ** = જશો-જઈ શકો **જહાં** = જ્યાં **નિજ કંથ** = આદિ પરમ પિતા.

## અનુવાદ

**હે જગતના જીવો ! હવે તમે જાગ્રત થઈને સાંભળો કે જે માર્ગ જીવો માટે વિકટ છે, તે જ માર્ગ હું તમો ને બક્ષિશ કરું છું, જેથી આદિ પરમપિતા જ્યાં છે ત્યાં જઈ શકશો.**

## ભાવાર્થ

આ કળિકાળમાં અજ્ઞાનતાને લીધે અનેક પ્રકારની અંધશ્રદ્ધા વ્યાપેલી હોવાથી કર્મકાંડી ઉપાસનાનો અત્યંત પ્રચંડ પ્રવાહ વહી રહ્યો છે, તેવા અજ્ઞાન અને અંધશ્રદ્ધારુપી અંધકારના સમયમાં પરમપદની પ્રાપ્તિ કરવી સરળ નથી.

માટે પરમગુરુ જગતના જીવોને ઉદ્દેશીને જણાવે છે કે તેમનો આશય જીવોને પરમપિતા સાથે મેળાપ કરાવવાનો છે. આ માર્ગ આધ્યાત્મિક રીતે સામાન્ય ગતિના જીવો માટે મહાન વિકટ લાગે, કારણ કે વિશ્વમાં ભય અને લાલચથી જે કર્મકાંડી ઉપાસનાની ભરમાર ચાલે છે તેમાંથી નીકળીને અંશને ઉર્ધ્વગમન કરાવતી શાશ્વત ઉપાસના તરફ ઢળવું ખૂબ જ અઘરું છે. પ્રકૃતિના પ્રદેશને છેદી(ઓળંગી)ને પાર જવું તે ખૂબ જ કઠીન છે. માટે સામાન્ય જીવોને પરમગુરુનું જ્ઞાન સ્વીકારવું સહેલું નથી. જે જીવો સમર્પિત થઈને પરમગુરુના આપેલા જ્ઞાનનો બોધ સંપૂર્ણતઃ અનુસરશે તો તેવા અધિકારી અંશોને જ તેઓ નિજ લક્ષ સ્વેચ્છાએ બક્ષિશ કરશે, પરંતુ મુમુક્ષુએ કૃપા પ્રાપ્ત કરવા માટે યોગ્યતા અવશ્ય લાવવી પડે અર્થાત્ અધિકાર પ્રાપ્ત કરવો પડે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના કૃપાપાત્ર બનેલા ભાગ્યવાન અંશો આ જન્મે જ પોતાના શુદ્ધ સ્વરૂપે થઈને પરમપિતા જ્યાં બિરાજમાન છે તેવા તત્ત્વાતિત કૈવલધામમાં પાછા જઈ કૈવલ કર્તાને મળી શકે છે.

**નિજ પતિ પરમ પુરાતન, જન જાવહી તેહી ધામ;**
**પાવહી મોક્ષ પરમપદ, સોહી ગાવહુ ગુન ગ્રામ. ૨૧**

### શબ્દાર્થ

**નિજ પતિ** = પરમપિતા **પરમ** = શ્રેષ્ઠ **પુરાતન** = આદિ, આદ્ય, પુરાણા **જન** = મુમુક્ષુ માનવો **જાવહી** = જઈ શકશે **તેહી** = તે **ધામ** = ધામ, વતન **પાવહી** = પ્રાપ્ત કરીને **મોક્ષ** = મુક્તિ **પરમપદ** = શ્રેષ્ઠ તત્ત્વાતિત પદ **સોહી** = તે **ગાવહુ** = જણાવું છું, **ગુન ગ્રામ** = ગાથા, ગુણગાન.

### અનુવાદ

**જે પુરાતન(આદ્ય) પરમપિતા છે, તેમના જ ગુણગાન હું ગાઉં છું. જે માનવો(અંશો) તે ધામમાં જાય છે, તેઓ જ પરમપદ પ્રાપ્ત કરે છે.**

### ભાવાર્થ

જે આદિ-અનાદિના પરમપિતા છે, તેમજ બ્રહ્માંડની સઘળી રચનાના કારણ રૂપે છે, તેમના ગુણગાન પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ગાય છે સકર્તાપતિ જ્યાં બિરાજેલા છે તેવા કૈવલધામમાં જવાથી જ અંશને પરમપદની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ ત્યાં ગયા પછી અંશને પાછું મૃત્યુલોક કે સ્વર્ગલોકમાં આવવું પડતું નથી. કૈવલધામમાં ગયા પછી સદાને માટે શુદ્ધ ચૈતન-હંસ સ્વરૂપે કર્તાના સાન્નિધ્યમાં રહેવાનું અહોભાગ્ય પ્રાપ્ત થાય છે. આ રીતે હંસ સ્વરૂપે થયેલા અંશો તે ધામનું અખંડ સુખ નિરંતર ભોગવે છે.

**જેહી ગુન ગ્રામ ગુઢારથ, ભારથ ભરમ નિવાર;**
**લાયેહુ લક્ષ તેહી જાંહી વસે, ખાવન ખુદ કિરતાર. ૨૨**

### શબ્દાર્થ

**જેહી** = જે **ગુનગ્રામ** = ગુણગાન **ગુઢારથ** = અતિગહન, ગંભીર **ભારથ** = ભરત ખંડમાં રહેનારના **ભરમ** = ભ્રમણાઓને **નિવાર** = દૂર કરવા **લાયેહુ** = લાવ્યો છું **લક્ષ** = ઉદ્દેશ, વિચારધારા, જ્ઞાન **તેહી** = તેઓ **જાંહી** = જ્યાં **વસે** = વસે છે **ખાવન** = ખલકની રચના કરનાર **ખુદ** = પોતે **કિરતાર** = સર્જનહાર.

### અનુવાદ

**જેની ગુણ ગાથા અતિ ગૂઢાર્થ છે એવા ખલક ને રચનાર ખુદ સર્જનહાર જ્યાં વસે છે ત્યાંથી તેમના લક્ષને લઈને સમગ્ર ભરતખંડના માનવોની ભ્રમણાઓને દૂર કરવા હું આવ્યો છું.**

## ભાવાર્થ

વિશ્વમાં ભરતખંડ એક એવી ભૂમિ છે કે જ્યાં આધ્યાત્મિક્તાનું મહત્ત્વ પ્રસ્થાપિત થયેલું છે. તેમાં મુખ્યત્વે સગુણ દેવ-દેવીઓની અને તેથી આગળ જોઈએ તો નિર્ગુણ બ્રહ્મની ઉપાસના મુખ્યત્વે દષ્ટિગોચર થાય છે. જેમાં સર્જનહાર દ્વારા નિર્માણ કરેલ બધી જ નાશવંત રચનાના જ્ઞાનનો પ્રભાવ જોવા મળે છે. પરંતુ તે જ્ઞાનીજનો સાચા સર્જનહારની ઓળખથી વંચિત રહી ગયા છે. બ્રહ્માજી એ તે પરમપદ માટે 'નેતિ' શબ્દનું ઉચ્ચારણ કર્યું છે. આવી ભ્રમણાયુક્ત માન્યતાઓથી ફસાયેલા મુમુક્ષુઓ માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતથી પર ગૂઢાર્થ ભર્યું જ્ઞાન દર્શાવતા સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જેમાં દેહની ચૈતનતાના કારણરૂપે રહેલો સર્જનહારનો ચૈતન અંશ અને સૃષ્ટિના કારણ રૂપે રહેલ સર્જનહારની (અંશીની) સમજ દર્શાવે છે. આ લક્ષ (સમજ) તેઓ ખુદ સર્જનહાર જ્યાં વસે છે તેવા કૈવલધામમાંથી લઈને આવ્યા છે, કારણ કે આ કાર્ય માટે ખુદ સર્જનહારે જ તેમને અહીં મોકલ્યા છે. એટલે જ સમસ્ત ભરતખંડના લોકની ભ્રમણાઓ દૂર કરવા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અંશ-અંશીના લક્ષને લઈને જંબુદ્વિપમાં પધાર્યા છે.

**સોહી લક્ષ જીનું લખવાવહુ, કહાવહુ મમ જન સંત;**
**અરપેહુ તન મન ચરનન, જબીત કરહુ ગતિવંત. ૨૩**

## શબ્દાર્થ

**સોહી** = તેજ **લક્ષ** = લક્ષ **જીનું** = જેમને **લખવાવહુ** = દર્શાવીશ **કહાવહુ** = કહેવાય **મમ** = મારા **જન સંત** = ભક્ત અને સંતજનોને **અરપેહું** = અર્પણ કરીને **તન** = શરીર **મન** = મન **ચરનન** = ચરણમાં **જબીત** = ત્યારે જ **કરહુ** = કરીશ **ગતિવંત** = ગતિવાળા.

## અનુવાદ

**જે સંત અને ભક્તજન મારા કહેવાય તેમને જ હું તે લક્ષ દર્શાવીશ. જ્યારે તેઓ તેમના તન-મન મારાં ચરણમાં અર્પણ કરશે ત્યારે હું તેમને ગતિવાળા કરીશ.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત કરુણાસાગર જણાવે છે કે જે મુમુક્ષુ ભક્ત હોય કે સંત જન હોય, પરંતુ તેમણે સૌ પ્રથમ (મારાપણાનો) પરમગુરુના શરણાગત સેવકની પાત્રતા પ્રાપ્ત કરવી પડે. તેનું પ્રમાણ એ છે કે મુમુક્ષુએ તેનું તન અને મન પરમગુરુના ચરણમાં સંપૂર્ણ રીતે (અનન્યભાવે) સમર્પણ કરવું જોઈએ. સકર્તા સિદ્ધાંતનું જ્ઞાન ખૂબ જ ગૂઢાર્થ ભર્યું છે. અનેકવાર સાંભળવા છતાં પણ તેનું વારંવાર મનન અને મંથન કરીને વાંચવાની જરૂર છે. એક વાત નિશ્ચિત છે કે ગત જન્મના સંચિત સંસ્કારો હોય તો સાંભળવાથી અવશ્ય સાત્ત્વિક આનંદ થાય અને ભાવનાનો વિકાસ પણ થાય, પરંતુ જ્ઞાનની અનુભૂતિ થવી તે જ જ્ઞાન પ્રાપ્તિનું સાચું માપદંડ છે.

મનની સ્થિતિ સ્થિર રાખવાથી તે અન્ય માયિક ભોગવિલાસમાં કે ઇન્દ્રિયોના વૈભવની પ્રાપ્તિમાં ભટકતું અટકી જાય છે. ગુરુદેવના ચરણમાં તન અને મન સમર્પિત કર્યા પછી તન અને મનનો પોતાની ઇચ્છા મુજબ ઉપયોગ ન કરી શકાય. મનના સ્વામી તરીકે નહીં, પરંતુ સેવક થઈને ગુરુદેવના આદેશ મુજબ તન અને મનનો ઉપયોગ કરવાનો હોય છે એટલે કે ગુરુદેવના આદેશ સિવાયનું કોઈપણ કાર્ય કરાય નહીં.

આવી સ્થિતિ પ્રાપ્ત કરેલ મુમુક્ષુને જ ગુરુદેવ કૃપા કરીને જ્ઞાનનો લક્ષ બોધ આપે છે. કૃપા પ્રાપ્તિ થયેલા મુમુક્ષુને લક્ષ બોધ દ્વારા પોતાના સજાણજાણ ચૈતન અંશસ્વરુપની શુદ્ધ ઓળખ થાય છે, જેથી અંશ મહાન ગતિવાળો બની પરમપદ તરફ પ્રયાણ કરે છે.

**અબ જીનું ચાહેહુ મોક્ષ જન, તેહુ તન મન મમ દેહ;**
**ભેજેહુ પરમપદ નિજ ઘર, જાહી વસે કૈવલ સદેહ. ૨૪**

### શબ્દાર્થ

**અબ** = હવે **જીનું** = જેમને **ચાહેહુ** = ચાહના રાખતા હોય તો **મોક્ષ જન** = મોક્ષની ઇચ્છા ધરાવનાર, મુમુક્ષુ **તેહુ** = તેઓએ **તન** = શરીર **મન** = મન **મમ** = મને **દેહ** = આપવું પડે **ભેજેહુ** = મોકલીશું **પરમપદ** = શ્રેષ્ઠ પદમાં (સ્થાનમાં) **નિજ ઘર** = મૂળવતન **જાંહી** = જાયાં **વસે** = બિરાજમાન છે **કૈવલ** = કૈવલ કર્તા **સદેહ** = પોતે, સ્વયં, હાલ હજૂર.

### અનુવાદ

**હવે જેમને મોક્ષની ઇચ્છા છે તેવા મુમુક્ષુઓ જો પોતાનું તન અને મન મને અર્પણ કરશે, તો જ્યાં કૈવલ (કર્તા) સ્વયં બિરાજમાન છે તેવા મૂળવતનમાં તેમને પહોંચાડીશ.**

### ભાવાર્થ

પરમગુરુ ફરીથી સ્પષ્ટતા કરતાં જણાવે છે કે જે મુમુક્ષુ જનો પોતાના તન અને મન સંપૂર્ણ રીતે તેમના (પરમગુરુના) ચરણમાં સમર્પિત કરશે તેમને જ પરમગુરુની કૃપા પ્રાપ્ત થશે. અને પરમગુરુની કૃપા પ્રાપ્ત થતાં જ જ્ઞાનની અનુભૂતિ દ્વારા પરમ મોક્ષ પ્રાપ્ત કરી શકશે. એવા સમર્પિત ભાગ્યવંત અંશોને ગુરુદેવ કૃપા કરીને જ્યાં સકર્તા સર્જનહાર કૈવલ કર્તા સ્વયં બિરાજમાન છે તેવા કૈવલધામમાં પહોંચાડે છે.

**પરમ મોક્ષ પરમારથ, કરન હરન ભવ દ્વંદ;**
**આયેહુ નિજપતિ પઠયેહુ, લહત ન જીવ મતિમંદ. ૨૫**

### શબ્દાર્થ

**પરમ મોક્ષ** = પરમપદ પામવાવાળો મોક્ષ **પરમારથ** = પરોપકારી **કરન** = કરવા માટે **હરન** = દૂર કરીને

**ભવ** = ભવના, જગતના **દ્વંદ** = દુઃખ, સંકટ **આયેહુ** = આવ્યો છું **નિજપતિ** = સર્જનહારે **પઠયેહુ** = મોકલેલ છે **લહત** = જાણતા **ન** = નથી **જીવ** = જીવો **મતિમંત** = મંદ બુદ્ધિવાળા, અલ્પ સમજવાળા.

### અનુવાદ

**જીવોનું ભવ સંકટ દૂર કરી, પરમ મોક્ષનો પરોપકાર કરવા માટે નિજપતિના મોકલવાથી જ હું આવ્યો છું, તે અલ્પ બુદ્ધિના જીવો જાણતા નથી.**

### ભાવર્થ

પરમગુરુ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ છે. તેઓ સદાને માટે સકર્તા સર્જનહાર કૈવલ કર્તાના સાન્નિધ્યમાં જ કૈવલધામમાં રહે છે. કલ્પમાં એકવાર સર્જનહારની આજ્ઞા થતાં તેઓ પરમપિતાના પરમ લક્ષનું જ્ઞાન આપવા વિશ્વમાં પધારે છે. આવા પરોપકારી કાર્ય કરવા માટે તેઓ અંતરિક્ષના અલગ-અલગ ધામો સહિત પૃથ્વીના સાત દ્વીપમાં જ્ઞાનના ઉપદેશ અર્થે વિચરણ કરે છે. માયાના પ્રચંડ આવરણમાં ફસાયેલા અજ્ઞાની જીવોનું જન્મ-મરણનું દુઃખ દૂર કરવા માટે સકર્તા સિદ્ધાંત દ્વારા અંશ-અંશીનો લક્ષ બોધ આપે છે, જેથી અંશો પોતાના શુદ્ધ આપનપુ સ્વરૂપને ઓળખી અંશીને મળી શકે. અંશના દ્વંદ્વપણાને દૂર કરી સર્જનહાર સાથે મેળાપ કરાવવાના પરમાર્થી કાર્ય માટે જ વિશ્વમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પધાર્યા છે. તેમ છતાં અજ્ઞાની અને અલ્પબુદ્ધિના જીવો તેમને ઓળખી શકતા નથી.

**સોયેહુ જગ અજ્ઞાન નિંદ, તાહી જગાવન કરી ટેર;**
**કૃપા સિંધુ કરુણામયે, કાયમ સત્ કુવેર. ૨૬**

### શબ્દાર્થ

**સોયેહુ** = સુતેલા **જગ** = જગતના **અજ્ઞાન** = જ્ઞાન વગરના **નિંદ** = નિદ્રા **તાહી** = તેમને **જગાવન** = જગાડવા માટે, જાગ્રત કરવા માટે **કરી** = કહી, કરીને **ટેર** = પોકાર, હાકલ કરીને ઊંચા અવાજે બોલવું **કૃપાસિંધુ** = કૃપાના સાગર **કરુણામયે** = કરુણા કરવાવાળા **કાયમ** = સદાને માટે, કાયમ પુરુષ **સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી.

### અનુવાદ

**જગતમાં જીવો અજ્ઞાનની નિદ્રામાં સૂતેલા છે, તેમને પોકાર કરીને જગાડનાર સત્ કુવેરસ્વામી સ્વયં કરુણાના સાગર હોવાથી સદાને માટે કરુણા કરવાવાળા છે.**

### ભાવાર્થ

વિશ્વની ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં જીવો ફસાયેલા છે. સંસારમાં પ્રકૃતિના માયિક બંધનોને લીધે જડ શરીરવત્ થઈ ગયેલા અંશોને હું કોણ ? મારા કર્તા કોણ ? હું ક્યાંથી આવ્યો ? અને અંતે ક્યાં જવાનો ? એ અંગેની ખબર નથી. એવા અજ્ઞાનની ગાઢ નિદ્રામાં સૂતેલા જીવોને જ્ઞાનરૂપ ટંકાર

(પોકાર) દ્વારા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જાગ્રત કરે છે. અને તે કાર્ય માટે જ કરુણાના સાગર એવા સત્ કુવેરસ્વામી દિવ્ય દેહ ધારણ કરીને આ વિશ્વમાં પધાર્યા છે.

**અવિલોકયુ નિજપતિ જગ, કૈવલ આનંદ કંદ;**
**દેખેહુ પરે પરવશ સબે, નિગમ ચતુર ગતિ ફંદ. ૨૭**

### શબ્દાર્થ

**અવિલોક્યુ** = નિહાળ્યું, જણાયું, દેખાયું **નિજપતિ** = સર્જનહારે **જગ** = જગતમાં **કૈવલ** = કૈવલ કર્તા **આનંદ કંદ** = આનંદના મૂળરૂપે (કારણ રૂપે) **દેખેહુ** = દેખતાં, દેખ્યા **પરે** = પડેલા **પરવશ** = પ્રકૃતિથી વશ થઈને, પરસ્વાધિન થઈને **સબે** = સર્વે, બધા જ **નિગમ** = વેદ **ચતુર** = ચાર **ગતિ** = સમજ થકી **ફંદ** = જાળમાં સપડાયેલા.

### અનુવાદ

**આનંદના કંદ રૂપ નિજ કૈવલ પતિએ જગતમાં નિહાળતાં સમગ્ર મનુષ્યોને ચાર વેદની ગતિના ફંદમાં જ પરવશ પડેલા જોયાં.**

### ભાવાર્થ

પોતાના અંશો વિશ્વમાં જઈને આનંદ કરે તેવો ભાવ કૈવલ કર્તાનો હતો. તે કારણે જ તેના કાર્ય રૂપ આ સમગ્ર બ્રહ્માંડની રચના રચીને તેમાં પોતાના સજાતિના અંશોને સાત્ત્વિક આનંદ કિલ્લોલ કરવા માટે મોકલ્યા, જેથી તે બધા (અંશો)ને આનંદ કરતા જોઈને તેઓ પોતે પણ ખુશ થાય.

કોઈ પણ અંશ ઘણા યુગો વીતવા છતાં પોતાના કૈવલધામમાં પરત ફર્યા નહીં ત્યારે દિવ્ય દૃષ્ટિથી અવલોકન કર્યું, તો બધા અંશો પ્રકૃતિને વશ થઈ બ્રહ્મા દ્વારા નિર્માણ થયેલા ચાર વેદના જ્ઞાનમાં અને તેમાંથી ઉદ્ભવેલા શાસ્ત્રો અને અઢાર પુરાણ સહિતની કર્મકાંડી ભ્રમણાયુક્ત ઉપાસનાની જાળમાં પરાધીન થયેલા જોયા.

**ઉપની મહેર જબી જીવ પર, નિજ નૈનન પતિ દેખ;**
**કરન મોક્ષ તેહી જનનકુ, ખનયે કુવેર ધરી ભેખ. ૨૮**

### શબ્દાર્થ

**ઉપની** = ઉપજી **મહેર** = દયા **જબી** = જ્યારે **જીવ** = જીવો **પર** = ઉપર **નિજ** = પોતાની **નૈનન** = દૃષ્ટિથી **પતિ** = સર્જનહારે **દેખ** = દેખ્યું, જોયું **કરન** = કરવા **મોક્ષ** = મુક્તિ **તેહી** = તેવા **જનનકુ** = જીવાત્માઓને **ખનયે** = મોકલ્યા **કુવેર** = કુવેરસ્વામી **ધરી** = ધારણ કરાવી **ભેખ** = દિવ્ય દેહ, વૈરાગ્ય પૂર્ણ વેશ.

### અનુવાદ

**પોતાના દિવ્યચક્ષુથી નિહાળ્યા બાદ સર્જનહારને જીવો પર દયા આવી, તેથી જીવોને મોક્ષ અપાવવા માટે કુવેરસ્વામીને ભેખ ધારણ કરાવીને મોકલ્યાં.**

### ભાવાર્થ

સર્જનહારે જ્યારે પોતાના અલૌકિક દિવ્ય દૃષ્ટિથી વિશ્વમાં નિહાળ્યું ત્યારે, જીવોને પરવશ સ્થિતિમાં જોયા. આમ પોતાના જ અંશોના આવા દયનીય હાલ જોઈને તેમને દયા આવી, જેથી તેમના સાન્નિધ્યમાં રહેલા પરમવિશેષ પાટવી અંશ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરને આજ્ઞા કરીને અહીં મોકલ્યા. વિશ્વમાં માત્ર પરમગુરુ જ નાશવંત ઉપાસનામાં ભૂલા પડેલા અંશોને સાચા સર્જનહારની ઓળખ કરાવવા સમર્થ છે. પતિપદ રૂપ પરમ-મોક્ષનું દાન (બક્ષિશ) આપવાની સત્તા આપીને સર્જનહારે તેમને સોળ વિભૂતિ અને નવ બુદ્ધિ યુક્ત દિવ્ય દેહધારણ કરાવીને વિશ્વમાં મોકલ્યા છે.

**જેહી મોક્ષ ગતિ અગમકી, નિગમ ચતુર ગતિ ન્હાંય;**
**તેહી ગતિ મતિ પતિ પરમસે, લાયેહુ મમ ભવ મ્હાંય. ૨૯**

### શબ્દાર્થ

**જેહી** = જે **મોક્ષ** = મુક્તિનો **ગતિ** = ઉપાય, જ્ઞાન, જાણ, માહિતી **અગમકી** = અગમ્ય પદની **નિગમ** = વેદ **ચતુર** = ચાર **ગતિ** = સૂઝ, સમજ **ન્હાંય** = નથી **તેહી** = તે **ગતિ** = સમજ, જ્ઞાન **ગતિ મતિ** = બુદ્ધિ, વિચાર શિખામણ **પતિ** = સર્જનહાર **પરમસે** = પરમપદમાંથી **લાયેહુ** = લાવ્યો છું **મમ** = હું, મારા થકી **ભવ મ્હાંય** = વિશ્વમાં.

### અનુવાદ

**જે અગમ પદના મોક્ષની સમજ ચાર વેદમાં નથી, તે જ (જ્ઞાન) ગતિ અને મતિ પરમપતિ પાસેથી હું આ વિશ્વમાં લાવ્યો છું.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ ચાર વેદનું નિરૂપણ કરીને વિશ્વની રચનાના વિવિધ વિષયોનું વિસ્તારપૂર્વક સૂક્ષ્મ અને રહસ્યયુક્ત વર્ણન કર્યું છે. સચરાચર વ્યાપક બ્રહ્મને સર્વોપરી સ્થાપીને ૐકાર પદની શ્રેષ્ઠતા દર્શાવી છે, પરંતુ તેનાથી પર એવા તત્ત્વાતિત સર્જનહાર અને તેમના ધામ અંગેની સમજ દર્શાવી નથી. તેથી જ અગમપદ માટે તેમણે ‘નેતિ’ નો પોકાર કર્યો છે. એવા પરમ મોક્ષ અંગેનું ગુપ્ત ગૂઢાર્થ જ્ઞાન આ વિશ્વમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સર્જનહારની પાસેથી જ લાવ્યા છે.

**પુનિ જગમહી હમ આયકર, નિરખેહુ નજર પસાર;**
**કરમકાંડ ફલ આશક, અટક રહેહુ સંસાર. ૩૦**

### શબ્દાર્થ

**પુનિ** = ત્યારબાદ **જગમહી** = જગતમાં **હમ** = મે **આયકર** = આવીને **નિરખેહુ** = જોયું **નજર** = દષ્ટિ **પસાર** = ફેલાવીને, પ્રસારીને **કરમકાંડ** = વૈદિક પ્રણાલીની ધાર્મિક ક્રિયાઓ, વિધિવિધાનો **ફલ** = કર્મોના ફળ **આશક** = આશા રાખીને, ચાહક થઈને, ચાહના રાખીને **અટક** = અટકી **રહેહુ** = રહ્યો છે **સંસાર** = જગત.

### અનુવાદ

**ત્યારબાદ જગતમાં આવીને મેં દિવ્ય દષ્ટિ પ્રસારીને નિહાળ્યું તો, કર્મકાંડના ફળની ચાહનામાં જગત અટકી ગયું હતું.**

### ભાવાર્થ

પરમગુરુ કેવલ કર્તાની આજ્ઞાથી પરમમોક્ષના અગાધ જ્ઞાનનો મુદ્દો લઈને નીકળ્યા અને જ્યારે તેઓ આ લોકમાં આવ્યા ત્યારે તેમણે પોતાની દિવ્ય દષ્ટિ પ્રસારીને જોયું તો સમગ્ર સંસાર વૈદિક તથા પૌરાણિક પ્રણાલીવાળી ધાર્મિક ક્રિયાઓમાં જ જકડાયેલા જોવા મળ્યાં. અમુક પ્રકારના કર્મકાંડથી જ મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે તેવી સમજ દ્વારા કર્મો કરી જીવો આનંદ માને છે. એટલે સંસારમાં અર્થાથી, વિષયી, જીજ્ઞાસુ અને મુમુક્ષુ એમ બધા જ જીવાત્માઓ પોતપોતાની રુચિ અનુસાર ઇન્દ્રિયોના સુખ અને વૈભવોને ભોગવીને શાસ્ત્રોમાં તથા પુરાણોમાં દર્શાવેલ કર્મકાંડ દ્વારા મનવાંછિત ફળની આશાથી જીવન જીવીને તે જ ક્રિયાઓમાં મગ્ન બનીને અટકી પડ્યા છે.

**ગુની જ્ઞાની પંડિત કવિ, ભક્ત જક્ત ઓરુ ભેખ;**
**એહી હદકી મધ્ય રચી રહે, ધરી ધરી વેશ અલેખ. ૩૧**

### શબ્દાર્થ

**ગુનિ** = ભાટ, ચારણ, ગુણીજન **જ્ઞાની** = જેને સારાસાર સમજવાની શક્તિ હોય તેવા, જ્ઞાનીજનો, વિવેકી, ડાહ્યા **પંડિત** = આત્મા-પરમાત્મા અને પ્રકૃતિના વાસ્તવિક સ્વરૂપનું જેને જ્ઞાન હોય તેવા સાક્ષર, વિદ્વાન **કવિ** = કવિતા રચનાર કવિ, વિદ્વાન **ભક્ત** = ભક્તિ કરનાર **જક્ત** = જગત **ઓરુ** = અને **ભેખ** = સાધુ, સંન્યાસી, વૈરાગીનો વેશ **એહી** = તે **હદકી** = કર્તાનું કૃત, સગુણ **રચી રહે** = રાચી રહ્યા છે, **ધરી ધરી** = ધારણ કરીને, **વેશ** = પોશાક, પહેરવેશ, સ્વાંગ **અલેખ** = અપાર, લખવા યોગ્ય નહીં તેવું, ન લખવા જેવું.

### અનુવાદ

**ગુણીજન, જ્ઞાની, પંડિત, કવિ અને ભક્તની આદ્ય લઈને જગતના જીવો તેમજ સર્વે ભેખધારીઓ અલખના નામનો વેશ ધારણ કરીને સગુણમાં (હદની અંદર) રચ્યાપચ્યા (તલ્લીન) રહ્યા છે.**

### ભાવાર્થ

ભાટ-ચારણ સહિત અનેક ગુણીજનો, જ્ઞાનીજનો, પંડિતો, કવિઓ અને ભેખધારીઓ તેમજ જગતના અલ્પ મતિના જીવો સહિતના બધા જ, બાદલા પદોમાં અટક્યા છે. તેમજ સગુણ અવતારી પુરુષોને ઈષ્ટ માનીને તેમની જ ઉપાસનાઓમાં મગ્ન બનીને જીવન વ્યતીત કરી રહ્યા છે. તેમજ વિશ્વના સર્જનહારને પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી ભેખ ધારણ કરી ઈશ્વરોની ઉપાસનામાં રચ્યા પચ્યા રહ્યા છે.

**બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર, ઈશ્વર અંશ વિશેષ;**
**શક્તિ જ્યોત લ્યો ખટપતિ, ધારેહુ સર્વે શિર ઈશ. ૩૨**

### શબ્દાર્થ

**બ્રહ્મા** = બ્રહ્મા **વિષ્ણુ** = વિષ્ણુ **મહેશ્વર** = મહેશ **ઈશ્વર** = વિશેષ ઐશ્વર્યવાન **અંશ** = ચૈતન અંશ **વિશેષ** = વિશેષ અંશો **શક્તિ** = મહંમાયા, આદ્યશક્તિ **જ્યોત** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **લ્યૌ** = સહિતના **ખટપતિ** = છ પતિ **ધારેહુ** = ધારણ કરીને, માનીને **સર્વ** = બધાં **શિર** = શિરપર, મસ્તકપર **ઈશ** = શ્રેષ્ઠ ઈશ્વર, મોટા ઈશ્વર.

### અનુવાદ

**બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈશ્વર, આદ્યશક્તિ અને જ્યોતિ સ્વરૂપ નિરંજન એ છ વિશેષ અંશોને જગતના માનવોએ પોતાના શિર પર ઈષ્ટદેવ તરીકે ધારણ કરેલા છે.**

### ભાવાર્થ

સકર્તા સર્જનહારે વિશ્વની શરૂઆતમાં સંચાલનના કાર્ય માટે મહિમંડ ઈંડના સર્વોપરી તરીકે નિરંજનને જ્યોતિ સ્વરૂપે તેમજ વિશેષ વિભૂતિવાળા ઈશ્વર (નાભિનારાયણ – આદિનારાયણ) ઉત્પન્ન કર્યા. જ્યોતિ સ્વરૂપમાંથી કાજળ રૂપ મહામાયા પ્રકૃતિ ઉત્પન્ન થયા, આ બંનેના યોગથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ થયા. આ છ વિશેષ વિભૂતિવાળા મોટાદેવોને સૃષ્ટિના સંચાલનનું અલગ-અલગ કાર્ય સોંપવામાં આવ્યું. તેમની મહાન વિભૂતિ અને ઐશ્વર્યથી અંજાઈને વિશ્વના સામાન્ય જીવોનું તેમના તરફ વિશેષ આકર્ષણ રહ્યું. આમ મનવાંછિત ફળ પ્રાપ્તિ અર્થે સામાન્ય ગતિના અંશોએ, વિશેષ અંશોને પોતપોતાના શિર પર ઈષ્ટદેવ (ઈશ્વર) તરીકે ધારણ કર્યા.

**તાહીતે સકલ કુલ વિશ્વહી, અટકી રહેહુ ઈત પંથ;**
**ખટપતિ કે મતમહી પચે, ચીનેહુ નહીં કુલ કંથ. ૩૩**

### શબ્દાર્થ

**તાહીતે** = તેમાં જ, તેથી **સકલ કુલ** = સમગ્ર, સઘળું **વિશ્વહી** = જગત **અટકી રહેહુ** = અટકી રહ્યા છે **ઈત પંથ** = આ

બાજુના પંથોમાં, માર્ગમાં **ખટપતિ કે** = છ મહાદેવોના **મતમહી** = માન્યતામાં **પચે** = પચી રહ્યા, વળગી રહ્યા, ખૂંપી ગયા **ચીનેહુ** = ઓળખ્યા, શોધ્યા **નહીં** = નહીં **કુલ** = સમસ્ત **કંથ** = ધણી, ભરથાર.

### અનુવાદ

**તેથી જગતના સર્વ જીવો છ ઈષ્ટદેવો(ઈશ્વરો)ના મતમાં જ રચ્યાપચ્યા રહીને આ બાજુના પંથોમાં અટકી રહ્યા છે, પરંતુ સર્વના ધણી(નિજપતિ)ની કોઈએ શોધ કરી નહીં.**

### ભાવાર્થ

તેથી જગતના સંચાલન માટે સ્થાપિત કરાયેલા ઐશ્વર્યવાન વિશેષ અંશોના મત પંથોમાં સમગ્ર સંસાર અટકી ગયો છે, એટલે કે છ મહદ ઐશ્વર્યવાન મહાદેવોની ઐશ્વર્યતાની સમૃદ્ધિમાં જ ખૂંપી ગયો છે, પરંતુ સમગ્ર જગતમાં ઉપર જણાવેલ છ મહાદેવોની આદ્ય લઈ સર્વ ઘાટોમાં રહેલાં ચૈતન અંશ જેને ઉત્પન કર્યા છે એવા અધિપતિ કૈવલ કર્તાની શોધ કોઈએ કરી નથી.

**યાહિતે અગમ ગતિ જેહુનકી, તેહુનકે બ્રહ્મ સિદ્ધાંત;**
**પરમહંસ જાંહી છકી રહે, નિરસત્વ નિષ્ટ વેદાંત. ૩૪**

### શબ્દાર્થ

**યાહિતે** = તેનાથી **અગમ** = આગળની **સમજ** = સૂઝ **જેહુનકી** = જેમની **તેહુનકે** = તેમનો **બ્રહ્મ** = બ્રહ્મ **સિદ્ધાંત** = સિદ્ધાંત, મત **પરમહંસ** = બ્રહ્મરૂપ પુરુષ, બ્રહ્મજ્ઞાની, પદાર્થ દૃષ્ટિ જેની નાશ પામી છે તેવા પુરુષો **જાંહી** = જ્યાં **છકી રહે** = મસ્ત રહેવું, વૃત્તિ અટકાવીને ગુલતાન થવું, ચકચૂર થવું **નિરસત્વ** = સત્ત્વહીન **નિષ્ટ** = નિર્ણય, નિરાકરણ, અંત **વેદાંત** = વેદોનો સાર.

### અનુવાદ

**તેમનાથી (છ દેવતાઓથી) આગળ (વધીને) જેઓની ગતિ પહોંચી છે, તેમનો બ્રહ્મસિદ્ધાંત છે. નિરસત્વ બ્રહ્મનું વેદાંતમાં નિરાકરણ કરેલું છે, તેમાં જ પરમહંસો વિરામ પામ્યા છે.**

### ભાવાર્થ

આગળ દર્શાવેલ છ મોટા દેવતાઓના સગુણ સિદ્ધાંતથી જેઓની ગતિ આગળ પહોંચી છે, તેવા પરમહંસ પુરુષો બ્રહ્મસિદ્ધાંતમાં અટકી ગયા છે. અકર્તા અને નિઃસત્ત્વ બ્રહ્મમાં તેમની વૃત્તિઓને અટકાવીને તેમાં જ તલ્લીન બન્યા છે. ચાર વેદના જ્ઞાનનો સાર જોતા બ્રહ્માએ પણ અંતે તો નિર્ગુણ બ્રહ્મને જ સર્વોપરી સ્થાપિત કરીને 'નેતિ' પોકારી છે. આ રીતે વિશ્વમાં બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી, બ્રહ્મવેત્તા અને પરમહંસ પુરુષો નિર્ગુણ બ્રહ્મમાં વિરામ પામ્યા છે.

**રામ ક્ષ્ન જુગ ઈશનકી, ગતિ ગીતા મતિ ચીન;**
**સોહી સમરસ ત્રિગુણાતીત, જ્યોતિ બ્રહ્મ લ્યો લીન. ૩૫**

### શબ્દાર્થ

**રામ** = શ્રીરામ **ક્ષ્ન** = શ્રીકૃષ્ણ **જુગ** = જગતના **ઈશનકી** = ઈશ્વરની **ગતિ** = ગતિ, સમજ **ગીતા** = ગીતા **મતિ** = બુદ્ધિપૂર્વક **ચીન** = દેખતાં, નિહાળતાં-વિચારતાં **સોહી** = તે **સમરસ** = એકરૂપ થઈને **ત્રિગુણાતીત** = ત્રણ ગુણોથી પર ગુણોથી રહિત **જ્યોતિ** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **બ્રહ્મ** = બ્રહ્મ **લ્યો** = સુધીમાં **લીન** = તલ્લીન, મશગૂલ, પરાયણ.

### અનુવાદ

**ગીતાના જ્ઞાનની ગતિ વિશે બુદ્ધિપૂર્વક વિચાર કરતાં માલુમ પડે છે કે જગતમાં ઈશ્વર ગણાતા શ્રી રામ અને શ્રી કૃષ્ણ પણ ત્રણ ગુણોથી પર જ્યોતિ અને બ્રહ્મપદમાં એકરૂપ થઈને તેમાં જ તલ્લીન થઈ ગયા છે.**

### ભાવાર્થ

અર્જુનને બોધ આપતાં શ્રી કૃષ્ણએ ગીતામાં જ્ઞાનની શ્રેષ્ઠ ગતિ દર્શાવી છે. તેનો બુદ્ધિપૂર્વક અને ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો જગત જેને ઈશ્વર માને છે, તેવા મહાપુરુષો શ્રીરામ અને શ્રીકૃષ્ણ પણ ત્રણ ગુણોથી પરે એવા જ્યોતિ સ્વરૂપ નિરંજન અને સચરાચર વ્યાપક બ્રહ્મ કે જે સર્જનહારનો વ્યાપક નૂર (પ્રકાશ) છે, તેમાં જ તલ્લીન બનીને એકરૂપ થઈને રહ્યા હતા. અર્થાત્ તેવા ઈશ્વરોની ગતિ બ્રહ્મને સર્વોપરી માનીને બ્રહ્મપદમાં જ સ્થિર થયેલી છે.

**અરબ ખરબ ગતિ અગમ લ્યૌ, ઉચરે જ્ઞાન કબીર;**
**ન્હેંઃ અક્ષર ઘર રહેત હી, સાર શબ્દ રખે તીર. ૩૬**

### શબ્દાર્થ

**અરબ** = દસ કરોડ **ખરબ** = હજાર કરોડ **ગતિ** = સમજ **અગમ** = અગમ્ય **લ્યો** = માં **ઉચરે** = બોલ્યા છે, જ્ઞાન **કબીર** = સદ્ગુરુ કબીરસાહેબ **ન્હેંઃઅક્ષર** = અક્ષર રહિત **ઘર રહેત** = રહેતઘર, મૂળ સ્થાન, રહેઠાણ **હી** = છે **સારશબ્દ** = શબ્દના સારરૂપે, ઉદ્ભવ સ્થાનરૂપે **રખે** = રાખ્યું છે **તીર** = કેન્દ્ર સ્થાને, નીશાનીરુપે.

### અનુવાદ

**કબીરસાહેબે અર્વ ખર્વની સંખ્યામાં (અસંખ્ય શબ્દો દ્વારા) અગમ્ય જ્ઞાનનો ઉચ્ચાર કર્યો છે, પરંતુ તેમણે સારશબ્દ, રહેતઘર અને ન્હેઃઅક્ષરને કેન્દ્ર સ્થાને જ રાખ્યા છે.**

### ભાવાર્થ

સદ્ગુરુ શ્રી કબીરસાહેબે અર્વ-ખર્વની સંખ્યામાં અર્થાત્ અગણિત શબ્દો દ્વારા દોહા, સાખી,

પદ વગેરેની રચનાઓ કરી છે. આ વાણી દ્વારા તેમણે સંસારને વેદથી પર ઉચ્ચ કોટિનું જ્ઞાન પીરસેલું છે. તેમાં પ્રણવના મુકામના સંદર્ભમાં તેમણે સારશબ્દ, રહેતઘર અને ન્હેઃઅક્ષરની સમજ કેન્દ્ર સ્થાને રાખી હતી.

**સો નહીં ભાખે ભવ નિધિ, નિજ અંકુર ગતિ સાર;**
**રાખે ગુપ્ત દુરાયકે, જુગ જન બિનું અધિકાર. ૩૭**

### શબ્દાર્થ

**સો** = તેમણે **નહીં** = નહીં **ભાખે** = જાહેર કર્યું **ભવ નિધિ** = સંસાર સમુદ્રમાં **નિજ** = પોતાના, મૂળ **અંકુર** = બીજ **ગતિ** = સમજ, જ્ઞાન **સાર** = મુદ્દો, વિત્ત, સારાંશ **રાખે** = રાખ્યો **ગુપ્ત** = છાનો **દુરાયકે** = દૂર રાખવા **જુગ જન** = જગતના માનવોથી **બિનું** = વગર **અધિકાર** = પાત્રતા.

### અનુવાદ

**તેથી તેમણે નિજ અંકુરની ગતિનો સાર ભવસાગરમાં કોઈને પણ જણાવ્યો નથી. જગતના જીવો અધિકાર સિવાયના જણાતાં (તે મુદ્દાથી) દૂર રાખવા માટે ગુપ્ત રાખ્યો હતો.**

### ભાવાર્થ

સદ્ગુરુ કબીરસાહેબે સારશબ્દ, રહેતઘર અને ન્હેંઃઅક્ષર એમ ત્રણ મુદ્દાને સાર રૂપે કહ્યા, પરંતુ નિજ અંકુરની ગતિ (જ્ઞાન)ની સમજણ, કોઈને પણ જણાવી નથી. તેનું એક જ કારણ હતું કે આ જગતમાં તે સારરૂપ નિજ અંકુરના જ્ઞાનને પચાવી શકે તેવો કોઈ પણ અધિકારી તેમની દૃષ્ટિમાં ન હતો. તેથી તે સાર રૂપ નિજઅકુંરરુપ ચેતનઅંશના જ્ઞાન ખજાનાને ગુપ્ત જ રાખી, કોઈની આગળ પ્રગટ કર્યો ન હતો.

**શિષ શાખ્યા અગણિત કીયે, મુંડિત ભેખ અલેખ;**
**એક રસ નિજ અધિકારીકે, કાહુ નહીં ગતિ દેખ. ૩૮**

### શબ્દાર્થ

**શિષ** = શિષ્યો **શાખ્યા** = શાખા, ફાંટા, વિભાગ **અગણિત** = અસંખ્ય **કીયે** = કર્યા **મુંડિત** = માથું મુંડાવેલા **ભેખ** = સાધુ, સંન્યાસી **અલેખ** = અપાર **એક રસ** = મગ્ન થયેલા, ભળી ગયેલા **નિજ** = પોતાનું **અધિકારીકે** = પાત્રતાવાળા **કાહુ** = કોઈપણ **નહીં** = નહીં **ગતિ** = સમજ, જ્ઞાન **દેખ** = દેખ્યા, જોયા.

### અનુવાદ

**તેમણે અનેક શિષ્યો અને શાખાઓ તેમજ અસંખ્ય મુંડિત ભેખધારીઓ (ત્યાગી શિષ્યો) પણ બનાવ્યા, પરંતુ જ્ઞાન-ગતિમાં તરબોળ થયા હોય તેવા કોઈપણ અધિકારી દેખાયા નહીં.**

### ભાવાર્થ

સદ્‌ગુરુ શ્રી કબીરસાહેબના મુંડિત ભેખધારી અને અસંખ્ય ગૃહસ્થી શિષ્યો થયા. તેમની પરંપરામાંથી અનેક શાખાઓ પણ વિકાસ પામી હતી, પરંતુ પોતાના અંતરચક્ષુ દ્વારા નિહાળતાં તે ભેખધારી અને મૂંડિત શિષ્યોમાંથી જ્ઞાનની ઊંડી ગતિ ને પરિપૂર્ણ રીતે પામી શકે તેવી પાત્રતા ધરાવતો કોઈપણ સાચો અધિકારી શિષ્ય તેમને મળ્યો નહીં.

**ચકિત ભયે સદ્‌ગુરુ જબી, સામ્રથ સાહેબ કબીર;**
**અલ્પ મતિ જોઈ જીવનકી, કીને બકસુ સુખ શીર. ૩૯**

### શબ્દાર્થ

**ચકિત ભયે** = આશ્ચર્ય પામ્યા, નવાઈ પામ્ય **સદ્‌ગુરુ જબી** = સદ્‌ગુરુ જ્યારે **સામ્રથ** = સમર્થ **સાહેબ કબીર** = શ્રી કબીરસાહેબ **અલ્પ મતિ** = મંદ બુદ્ધિ **જોઈ** = જોઈને **જીવનકી** = જીવોની **કીને** = કોને **બકસુ** = બક્ષિશ કરુ, અર્પણ કરું **સુખ શિર** = સુખનો શ્રેષ્ઠ સાર.

### અનુવાદ

**જ્યારે જીવોની અલ્પ મતિ જોઈને સમર્થ સદ્‌ગુરુ કબીરસાહેબ આશ્ચર્ય પામ્યા કે સુખના શ્રેષ્ઠ સાર રૂપી જ્ઞાનનો મુદ્દો હવે કોને અર્પણ કરું ?**

### ભાવાર્થ

સંસારના જીવો આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરી શકે તે માટે સદ્‌ગુરુ કબીરસાહેબે ઘણો પુરુષાર્થ કર્યો, તેઓએ પોતાના શબ્દોમાં જ બીજકની રચના કરી હતી જેમાં રવેણી, શબ્દ, કહરા, વિપ્રમતીસી, હિંડોળા, ચાંચર, ચૌતીસી, બેલિ, બિરહુલી, સાખી વગેરે પદ તેમજ વચનામૃત અને વચન સુધા સહિત અનેક ગ્રંથનો સમાવેશ થાય છે, પરંતુ પોતાના અનુયાયી શિષ્યોમાં જ્ઞાનગતિને યોગ્ય પાત્રતા ધરાવતા હોય તેવા કોઈ અધિકારી શિષ્યને તેમણે જોયા નહીં. તેથી તેઓ ખૂબ જ દુઃખી થઈ ગયા કે સુખના સારરૂપી જ્ઞાનનો મુદ્દો હવે કોને અર્પણ કરું ?

**બહોરુ જહાંનમહી ઉતઈત, પરખેહુ પરમ અપાર;**
**ધર્મદાસ ગઢ બાંદુકે, દેખેહુ નિજ અધિકાર. ૪૦**

### શબ્દાર્થ

**બહોરુ** = ત્યારે **જહાંનમહી** = વિશ્વમાં **ઉતઈત** = અહીં-તહીં, આમ-તેમ **પરખેહુ** = પારખી જોયું, તપાસી જોયું **પરમઅપાર** = અપરંપાર **ધર્મદાસ** = ધર્મદાસ **ગઢ બાંદુકે** = બાંધુગઢના **દેખેહુ** = દેખ્યા, જોયાં **નિજ અધિકાર** = અધિકારી અંશ, સાચી પાત્રતા ધરાવતા.

### અનુવાદ

**ત્યારબાદ દુનિયામાં સઘળે તેમની અપાર ગતિથી પરખીને જોયું તો બાંધુગઢના ધર્મદાસ યોગ્ય અધિકારી જણાયા.**

### ભાવાર્થ

જ્યારે પોતાના અનુયાયી વર્ગમાં યોગ્ય અધિકાર ધરાવતા પાત્ર (શિષ્ય)ને શોધી ન શકતા સદ્‌ગુરુ કબીરસાહેબ ખૂબ દુ:ખી થઈ ગયા. ત્યારે તેમણે આંતરજ્ઞાન ચક્ષુથી તેમની અપાર ગતિ દ્વારા વિશ્વમાં તપાસ કરીને જોયું તો જ્ઞાનને પચાવી શકે તેવા બાંધુગઢના રહીશ ધર્મદાસ નામના વણિક નગરશેઠ તેમને સાચા અધિકારવાળા જણાયા.

**અતિ કરુણા કર તેહી પર, ત્રુઠેહુ સામ્રથવંત;**
**ધર્મદાસ ધન્ય તુજ સમો, નહીં કોઇ જુગ પર જંત. ૪૧**

### શબ્દાર્થ

**અતિ** = ઘણી **કરુણાકર** = કરુણા કરીને, દયા કરીને **તેહી પર** = તેમના ઉપર **ત્રુઠેહુ** = પ્રસન્ન થયા **સામ્રથવંત** = સમર્થવાન **ધર્મદાસ** = ધર્મદાસ **ધન્ય** = ધન્ય છે **તુજ** = તારા જેવો **સમો** = સમાન **નહીં કોઇ** = કોઈ નથી **જુગ પર** = જગતમાં **જંત** = માણસ, પુરુષ.

### અનુવાદ

**તે સામર્થ્યવાન (સદ્‌ગુરુ કબીરસાહેબ) ધર્મદાસ પર અત્યંત કરુણા કરીને પ્રસન્ન થયા. (અને કહ્યું કે) ‘હે ધર્મદાસ, તને ધન્યવાદ છે, કેમ કે આ જગતમાં તારા સમાન બીજો કોઈપણ (આ જ્ઞાનનો યોગ્ય અધિકારી) નથી.’**

### ભાવાર્થ

આખરે સદ્‌ગુરુ કબીરસાહેબની કૃપામય દૃષ્ટિ બાંધુગઢના ધર્મદાસ શેઠ ઉપર કેન્દ્રિત થઈ ત્યારે તેઓ ખૂબ જ પ્રસન્ન થયા. કારણ કે સકલ વિશ્વમાં તેમણે તારવેલા ત્રણ મુદ્દા – સારશબ્દ, ન્હે:અક્ષર અને રહેતઘરની સમજ પ્રાપ્ત કરવાની યોગ્યતામાં ધર્મદાસની સરખામણી (તુલના) કરી શકે તેવા કોઈ અધિકારી લાગ્યા નહીં. માટે જ સદ્‌ગુરુ કબીરસાહેબે તેમને જ્ઞાનના યોગ્ય અધિકારી માનીને ધન્યવાદ આપ્યા.

**શ્રોત સજન હોઇ સનમુખ, ધર્મદાસ ગતિ મહાદ્ય;**
**આદ્ય અંત મધ્ય ગુપ્ત હી, સો બકસુ પદ સ્વાદ્ય. ૪૨**

### શબ્દાર્થ

**શ્રોત** = સાંભળનાર વર્ગ **સજન** = સજ્જનો **હોઇ** = રાખીને, થઈને **સનમુખ** = સન્મુખ, મુખસામે રાખીને,(ચિત્ત સન્મુખ કરીને) **ધર્મદાસ** = ધર્મદાસ **ગતિ** = સમજ **મહાદ્ય** = મહાન **આદ્ય** = શરૂઆત **અંત** = અંત, છેવટ **મધ્ય** = મધ્ય, પ્રસારાનો સમય **ગુપ્ત હી** = છાનું રાખેલ છે **સો** = તે **બકસુ** = બક્ષિશ કરું છું **પદ** = પદ, સ્થાન **સ્વાદ્ય** = સ્વાધીન.

### અનુવાદ

**હે શ્રોતાજનો ! ચિત્ત સન્મુખ રાખીને સાંભળો કે ધર્મદાસ મહાન ગતિવાળા હોઈ આદિ, મધ્ય અને અંતમાં જે ગુપ્ત રહેલું છે તે પદને બક્ષિશ કરી તેમને આધીન કરું છું.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર શ્રોતાજનોને શુદ્ધ ચિત્ત રાખીને અને એકાગ્રતાથી આ વાતને સાંભળવાની કહે છે. તેઓ જણાવે છે કે ધર્મદાસ મહાન ગતિવાળા હતા, તેથી જ સૃષ્ટિના આદિ, મધ્ય અને અંતકાળમાં જે જ્ઞાન ગુપ્ત રહ્યું હતું તે સદ્ગુરુ કબીરસાહેબે બાંધુગઢના વણિક ધર્મદાસને બક્ષિશ કર્યુ છે. અર્થાત્ આ જ્ઞાન ધર્મદાસને અર્પણ કર્યું.

**ન્હે : અક્ષર ઘર રહેતહી, ઓર શબ્દ નિજ સાર;**
**ધર્મદાસ એહી તુજ દીયે, જો ન લહે સંસાર. ૪૩**

### શબ્દાર્થ

**ન્હે: અક્ષર** = ન્હેં:અક્ષર **ઘર રહેતહી** = રહેતઘર, **ઓર** = અને **શબ્દ નિજ સાર** = નિજ સારશબ્દ **ધર્મદાસ** = ધર્મદાસ **એહી** = તે **તુજ દીયે** = તને આપ્યો **જો ન લહે** = જેને કોઈ જાણતા નથી, **સંસાર** = સંસારમાં.

### અનુવાદ

**હે ધર્મદાસ ! સંસાર જેને જાણતું નથી તે ન્હેં:અક્ષર, રહેતઘર અને નિજ સારશબ્દનું જ્ઞાન તને અર્પણ કરુ છું.**

### ભાવાર્થ

વિશ્વમાં ચાર વેદની આદ્ય લઈ છ શાસ્ત્રો, અઢાર પુરાણ તેમજ અન્ય આધ્યાત્મિક જ્ઞાનથી ભરપૂર ધર્મગ્રંથોના રચનારાઓએ વિશ્વની રચના પૈકીના દરેક વિષયોનું શ્રેષ્ઠ જ્ઞાન દર્શાવેલું છે, પરંતુ જગતના જીવો જેનાથી અજાણ છે તેવા ન્હેં:અક્ષર, રહેતઘર અને નિજ સારશબ્દનો મર્મ સદ્ગુરુ કબીરસાહેબે પોતાના પ્રિય એવા ધર્મદાસને સાચા અધિકારી (પાત્ર) સમજીને બક્ષિશ કર્યો છે.

## બહોરુ બરજુ તોઈ ધર્મદાસ, સોગન દેઈ સત લાખ;
## ન્હે : અક્ષર, ઘર રહેતહી, મત કોઈપે જુગ ભાખ. ૪૪

### શબ્દાર્થ

**બહોરુ** = હવે, ત્યારે **બરજુ** = અટકાવવું, રોકવું **તોઈ** = તને **ધર્મદાસ** = ધર્મદાસ **સોગન દેઈ** = સોગંદ આપીને **સત** = સો **લાખ** = લાખ(સો લાખ, એક કરોડ) **ન્હે: અક્ષર** = ન્હઃઅક્ષર **ઘર રહેતહી** = રહેતઘર **મત કોઈપે** = કોઈને પણ નહીં **જુગ** = જગતમાં **ભાખ** = બતાવતો, કહેતો.

### અનુવાદ

**હવે હે ધર્મદાસ ! તને સો લાખ (કરોડ) સોગંદ આપીને અટકાવું છું કે ન્હેઃઅક્ષર અને રહેતઘરની સમજ જગતમાં કોઈને બતાવતો નહીં.**

### ભાવાર્થ

વિશ્વમાં જે કોઈ વિશેષ વિદ્યા છે, તે બિન અધિકારી વ્યક્તિને આપવાથી અયોગ્ય ઉપયોગ થતો હોય છે, તેવી ઈતિહાસમાં ઘણી બધી ઘટનાઓ જોવા મળે છે. વળી, ઘણું બધું જ્ઞાન યોગ્ય પાત્રતા ધરાવતા વ્યક્તિના અભાવને કારણે જગતમાં લુપ્ત પણ થઈ ગયું છે.

સંત કબીરસાહેબના પ્રાગટ્ય સમયે સમાજ કર્મકાંડ અને સગુણ ઉપાસનામાં રૂઢિચુસ્ત હતો. તેવા સંજોગોમાં તત્ત્વાતિત ગૂઢ જ્ઞાનને સમજવું અને સ્વીકારવું જન સમાજ માટે અશક્ય નહીં પણ અઘરું જરૂર હતું. એટલે કબીરસાહેબ પોતાનો અદ્વિતીય સિદ્ધાંત એવા માણસને અર્પણ કરવા ઈચ્છતા હતા કે, જે બરાબર સમજીને અનુભૂતિ કરી શકે અર્થાત્ તેને પચાવવાની પાત્રતા-અધિકાર ધરાવતા હોય.

સદ્ગુરુ, કબીરસાહેબે પણ ધર્મદાસને યોગ્ય અધિકારી જોઈને જ તે ગુપ્ત મુદ્દાની ગતિ બક્ષિશ કરી છે. આ ગતિ ધર્મદાસ અન્ય વ્યકિતને ન આપી દે તે માટે એક કરોડ સોગંદ દઈને કબીરસાહેબ તેમને વચનના બંધનથી અટકાવ્યા કે આ સારશબ્દ, ન્હેંઃઅક્ષર અને રહેતઘરની ગુપ્ત ગતિનું જ્ઞાન કોઈને પણ આપીશ નહીં.

## ધર્મદાસકુ જેહી દીયા, સાર શબ્દ નિજ છેક;
## ન્હેઃ અક્ષર ઘર રહેતહી, નામ તીન લખ એક. ૪૫

### શબ્દાર્થ

**ધર્મદાસકુ** = ધર્મદાસને **જેહી** = જે **દીયા** = આપ્યો, દીધો **સાર શબ્દ** = સારશબ્દ **નિજ** = પોતાનું **છેક** = છેવટનું **ન્હેઃઅક્ષર** = ન્હેંઃઅક્ષર **ઘર રહેતહી** = રહેતઘરનું **નામ** = નામ **તીન** = ત્રણ છે **લખ** = તાત્પર્ય, ઉદ્દેશ, ઈરાદો **એક** = એક જ.

### અનુવાદ

**ધર્મદાસને જે સારશબ્દ, ન્હેં:અક્ષર અને રહેતઘરની છેલ્લી જે સમજ આપી તેમાં ત્રણ નામ અલગ અલગ છે, પરંતુ તેનો લક્ષ તો એક જ છે.**

### ભાવાર્થ

સદ્‌ગુરુ કબીરસાહેબે ધર્મદાસને પોતાની છેલ્લી ગતિ વિશેની સમજ આપતા ત્રણ અલગ-અલગ નામવાળા સારશબ્દ, રહેતઘર અને ન્હેં:અક્ષરનો મુદ્દો દર્શાવ્યો છે. જ્યારે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે એ ત્રણ અલગ અલગ નામોથી દર્શાવેલ મુદ્દાનો લક્ષ તો એક જ છે.

**તેહી સાર સત્ શબ્દકે, ન્હે: અક્ષર ઘર રહેત;**
**સોહી નિજ મર્મ બતાવહુ, સુનો મમ સંત સચેત. ૪૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **સાર સત્ શબ્દકે** = સાર સત્ શબ્દનો **ન્હે: અક્ષર** = ન્હેં:અક્ષર **ઘર રહેત** = રહેતઘર **સોહી** = તેના **નિજ મર્મ** = મૂળ સિદ્ધાંત, સમજ, મતલબ **બતાવહુ** = બતાવું છું, દર્શાવું છું **સુનો** = સાંભળો **મમ** = મારા **સંત** = સંતજનો **સચેત** = ધ્યાન રાખીને, ચિત્ત સ્થિર રાખીને.

### અનુવાદ

**તે સારશબ્દ, ન્હેં:અક્ષર અને રહેતઘરના મૂળ મતલબની સમજ દર્શાવું છું. હે મારા સંતજનો! તમે સચેત થઈને સાંભળો.**

### ભાવાર્થ

તે સારશબ્દ, ન્હેં:અક્ષર અને રહેતઘર એમ ત્રણે બાબતની ગતિની મૂળ મતલબ પરમગુરુ પંચમ શ્વસંવેદના આધારે સર્વ સંતજનોને દર્શાવે છે. આ ગૂઢ બાબત અંગેના મર્મને અત્યંત સાવધાન થઈને શ્રવણ કરવાનું કહે છે. કારણ કે આ ગૂઢાર્થને સમજવા માટે મન સ્થિર અને અંતરમુખ હોવું જરૂરી છે. શ્રોતા બહિર્મુખ અથવા ચંચળ ચિત્તવાળા બને તો પરમગુરુની વાણીને યથાર્થ રીતે સમજી શકે નહીં, આથી એકાગ્ર ચિત્તે શ્રવણ કરવાનું કહે છે જેથી તેમનો પુરુષાર્થ વ્યર્થ ના જાય.

**પ્રથમ રહેતઘર પિંડમે, ન્હે: અક્ષર નિરધાર;**
**સાર શબ્દ સહીતમ કહુ, ગતિ અનુભવ વિસ્તાર. ૪૭**

### શબ્દાર્થ

**પ્રથમ** = સૌથી પહેલા **રહેતઘર** = રહેતઘર **પિંડમે** = ઘાટમાં, દેહમાં **ન્હે: અક્ષર** = ન્હેં:અક્ષર **નિરધાર** = નિશ્ચય

કરવો, નિર્ણય કરવો **સાર શબ્દ** = સારશબ્દ **સહીતમ** = સહિત **કહુ** = જણાવું છું **ગતિ** = સમજ **અનુભવ** = અનુભવવાળી **વિસ્તાર** = વિસ્તારપૂર્વક.

## અનુવાદ

**પ્રથમ પિંડમાં રહેતઘર, ન્હેં:અક્ષર અને સારશબ્દ સહિતનો મર્મ અનુભવ ગતિ દ્વારા નિર્ણય કરીને વિસ્તારપૂર્વક દર્શાવું છું.**

## ભાવાર્થ

સૌપ્રથમ આપણા પિંડમાં જે મૂળ સ્થાન તરીકે રહેલા રહેતઘર, ન્હેં:અક્ષર અને સારશબ્દ સહિત ત્રણે બાબતોને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર તેમની અનુભવ ગતિ દ્વારા નિર્ણય કરીને વિસ્તારપૂર્વક દર્શાવે છે.

**સૂર મનુ પશુ પતંગ લ્યૌ, રસના એ જેહી ઉચરંત;**
**તેહી સર્વ શબ્દ કતવ કુલ, અંતઃકરણ વર્તંત. ૪૮**

## શબ્દાર્થ

**સૂર** = દેવ **મનુ** = મનુષ્ય **પશુ** = પશુ **પતંગ** = પક્ષી **લ્યૌ** = સુધી, સહિતના, બધા **રસના** = જીભથી **એ** = તેઓ **જેહી** = જેવી રીતે **ઉચરંત** = વાણીનો ઉચ્ચાર કરે છે **તેહી** = તે **સર્વ** = બધું, તમામ **શબ્દ** = શબ્દોનું **કતવ** = કારણરૂપ **કુલ** = સમસ્ત, બધા, મૂળ **અંતઃકરણ** = અંતઃકરણ **વર્તંત** = વર્તવા થકી, સ્ફુરણાથી.

## અનુવાદ

**દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વિગેરે પોતાની જીભથી જે વાણીનો ઉચ્ચાર કરે છે તે બધા શબ્દના કારણ રૂપ સમસ્ત સ્ફુરણા અંતઃકરણની જ છે.**

## ભાવાર્થ

દેવલોક, મનુષ્યજાતિ, કીટ- પતગંથી માંડીને પશુ-પક્ષીના તમામ ઘાટો પોતપોતાની રીતે જીભ વડે વાણીનો ઉચ્ચાર કરે છે. તેમાં જે તે જાતિના ઘાટો જે તે વાણી સમજી શકે છે. તે સમસ્ત શબ્દની રચનાનું મૂળ કારણ દેહમાં પ્રવર્તતા અંતઃકરણ છે. જ્યારે જ્યારે અંતઃકરણમાં સ્ફુરણા થાય ત્યારે ત્યારે જ શબ્દની રચના થાય છે એટલે કે જે જે શબ્દનો ઉચ્ચાર થાય છે તે તે શબ્દો અંતઃકરણની સ્ફુરણા દ્વારા જ ઉત્પન્ન થાય છે.

**પણ વિકસત નિજ પ્રણવસે, કરણી કત અંતસ દ્વાર;**
**બિનુ અંતસ અજપા જપ, સોહી શબ્દ નિજ સાર. ૪૯**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ, **વિકસત** = વિકાસ થવો, વૃદ્ધિ થવી **નિજ** = મૂળ, પોતાના **પ્રણવસે** = શ્વાસોચ્છવાસથી **કરણી** = કરામત, ક્રિયા **કત** = રચના **અંતસ દ્વાર** = અંતઃકરણ દ્વારા **બિનુ** = વગર **અંતસ** = અંતઃકરણ **અજપા જપ** = આપમેળે જપાતા જાપ, શ્વાસોશ્વાસની ક્રિયા **સોહી** = તે **શબ્દ** = શબ્દની રચના **નિજ** = મૂળ **સાર** = શબ્દ છે.

### અનુવાદ

**નિજ પ્રણવ દ્વારા જે શબ્દનો વિકાસ થાય છે, તેની કરામત અંતઃકરણ દ્વારા થાય છે. અંતઃકરણ સિવાય જે અજપાજાપ જપાય છે તે જ સારશબ્દ છે.**

### ભાવાર્થ

દરેક ઘાટમાં ઉચ્ચારિત થતો શબ્દ અંતઃકરણની સ્ફુરણાથી થાય છે. અંતઃકરણના પ્રભાવથી જ્યારે નિજ પ્રણવનો વિકાસ થાય ત્યારે તેના બહાર નીકળવાની ગતિથી શબ્દની રચના બને છે, પરંતુ ઘાટમાં અંતઃકરણની ગેરહાજરીમાં જે અજપાજાપ (આપમેળે જપાતો જાપ) ચાલુ રહે તે સારશબ્દ છે. એટલે કે અંતઃકરણનો પ્રભાવ લીન પામતાં રહેલો એકલો ૐકાર પ્રણવ ગમન કરે છે. અર્થાત્ બધા જ અંતઃકરણ અને તેને લગતી બધી જ અવસ્થાઓ લીન પામતા મુખ્ય પ્રણવ કોઈ પણ પ્રકારની ઉપાધિથી રહિત સર્જનહારના સમચૈતન હીર રૂપ મહદબ્રહ્મના અંશ રૂપે શુદ્ધ થઈ જાય છે. તે જ સારશબ્દની ઓળખાણ છે. અંશના આભાસ સિવાય તે જડ છે અને તે જડ પ્રણવ ઉપર પિંડના સાક્ષી રૂપે રહેલા અંશના આભાસ થકી ચૈતનતાનો વેગ પ્રાપ્ત કરે પછી જ તે ૐકાર પ્રણવ ચૈતનવંતો બનીને નિર્મળ સ્વરૂપે વહે છે. તે જ સારશબ્દની પહેચાન છે.

**ઓર સકલ કત શબ્દકે, નાયક અજપા જાપ;**
**જીનતે શબ્દ સકલ ભયે, જદીપ સાર કીયે થાપ. ૫૦**

### શબ્દાર્થ

**ઓર** = વળી **સકલ** = બધા જ **કત** = કતવી, રચના, કાર્ય **શબ્દકે** = શબ્દની **નાયક** = આગેવાન **અજપા જાપ** = અજપાજાપ જપાય છે **જીનતે** = જેનાથી, જેટલા **શબ્દ** = શબ્દો **સકલ** = બધા **ભયે** = થયા, ઉદ્‌ભવ્યા **જદીપ** = જેથી **સાર** = સારશબ્દ **કીયે** = કરીને **થાપ** = સ્થાપન કર્યું છે.

### અનુવાદ

**બીજા બધા જ કતવી શબ્દોનો નાયક(કર્તા) અજપાજાપ છે. જેનાથી બધા શબ્દો ઉદ્‌ભવે છે. તેથી જ અજપાજાપને સારશબ્દ તરીકે સ્થાપન કર્યું છે**

### ભાવાર્થ

અગાઉ જોયા પ્રમાણે શબ્દનું મૂળ પ્રણવ છે, પરંતુ તે પ્રણવમાંથી આપોઆપ શબ્દો બહાર નીકળતા નથી. જ્યારે આ પ્રણવ સાથે અંતઃકરણ જોડાય ત્યારે જ પ્રણવ દ્વારા શબ્દ રચના સાકાર બને છે. આમ મિશ્રિત પ્રણવમાંથી અંતઃકરણ વિરામ પામે ત્યારે તે અંતઃ કરણની ભાવના સિવાયનો એકલો વહી રહેલો અજપાજાપ પિંડમાં ગમન કરે છે. મતલબ કે તેવા શુદ્ધ પ્રણવને શબ્દ રચનાનું મૂળ ઉદ્ભવ સ્થાન(નાયક) કહી શકાય. તેથી જ તેવા શુદ્ધ પ્રણવના હંગ રૂપે રહેલા અજપાજાપનું સારશબ્દ તરીકે સ્થાપન કર્યું છે.

**ગાઢ સષોપતિ માંહિ સબે, હોય તનુ ક્ત નાશ;**
**ઓરુ તાપર તુરિયા સમે, વહે જયૌ સમ દમ શ્વાસ. ૫૧**

### શબ્દાર્થ

**ગાઢ** = ઘોર, અત્યંત, ખૂબ જ ઊંડે પ્રવેશ કરેલ **સષોપતિ** = સષોપતિ અવસ્થા **માંહિ** = માં **સબે** = બધા **હોય** = થાય **તનુ** = શરીરના **ક્ત** = કાર્યોના **નાશ** = અંત આવવો, સ્થગિત થઈ જવું, નાશ પામવું **ઓરુ** = અને, વળી **તાપર** = તેનાથી પણ પરે, તેનાથી ઉપર **તુરિયા** = તુરિયા અવસ્થા **સમે** = સમયે, તે વખતે **વહે** = વહન કરે **જયૌં** = ત્યારે **સમ** = એક સરખો, સમાન માપથી **દમ** = પ્રાણાયામ **શ્વાસ** = શ્વાસોશ્વાસ.

### અનુવાદ

**ગાઢ સષોપતિ અવસ્થામાં શરીરની સર્વ ક્રિયાઓનો નાશ થાય છે. વળી તેનાથી પરે તુરિયા અવસ્થા સમયે શ્વાસ રૂપ પ્રણવ એક સરખો વહ્યા કરે છે.**

### ભાવાર્થ

શરીરમાં પાંચ પ્રકારની અવસ્થાઓ વર્તમાન કરતી હોય છે.(જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુરિયા અને ઉન્મુનિ) તે પૈકી જ્યારે અગ્નિતત્ત્વનો સૂક્ષ્મ પ્રણવ મહદ પ્રણવને વિશે ચાલે ત્યારે સષોપતિ અવસ્થા વર્તમાન કરતી હોય છે. તે વખતે શરીરના બધા જ કાર્યો વિરામ પામે છે. કારણ કે તે વખતે જાગ્રત અવસ્થાના મન અંતઃકરણ કે સ્વપ્ન અવસ્થાના બુદ્ધિ અંતઃકરણનો પ્રભાવ પ્રણવ ઉપર રહેતો નથી. એટલે સષોપતિ અવસ્થામાં માત્ર અહંકાર અંતઃકરણનો પ્રભાવ હોવાથી શરીરની બધી જ ક્રિયાઓ વિરામ પામે છે. આને કારણદેહની ભૂમિકા પણ કહેવાય છે. ઉપરાંત તેનાથી પણ પરે તુરિયા અવસ્થા રહેલી છે. જ્યારે વાયુતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે તુરિયા અવસ્થા સક્રિય થાય છે. તે સમયે માત્ર ચિત્ત અંતઃકરણનો પ્રભાવ હોવાથી શરીરના સર્વ પદાર્થોના સંકલ્પ લીન પામીને શાંત થઈ જાય છે. કારણ કે આ વખતે જાગ્રત, સ્વપ્ન અને સષોપતિ તેમજ મન, બુદ્ધિ અને અહંકાર મળીને કુલ છ તત્ત્વો ક્રિયાશીલ હતા તે લીન પામે છે. તે વખતે પ્રાણાયામ (લેતો અને મુકાતો ) સરખા પ્રમાણમાં વહે છે. તેને મહાકારણ દેહની ભૂમિકા પણ કહેવામાં આવે છે.

## તેહી શ્વાસા અનુ અક્ષર, પર વિનુ પસરે ન્હેઃ કામ;
## ઓર બાવન માત્રા વિનુ, ન્હેઃ અક્ષર જીનુ નામ. ૫૨

### શબ્દાર્થ

**તેહી** = તે **શ્વાસા** = શ્વાસ, પ્રણવ **અનુ** = સૂક્ષ્મ **અક્ષર** = અક્ષર **પર** = બળ, પ્રભાવ **વિનુ** = વગર **પસરે** = વહે છે **ન્હેઃ કામ** = કામના રહીત, ભાવના વગર **ઓર** = વળી **બાવન** = બાવન **માત્રા** = વર્ણમાળનો વિસ્તાર **વિનુ** = વગર **ન્હેઃ અક્ષર** = ન્હેંઃઅક્ષર **જીનુ** = જેનું **નામ** = નામ.

### અનુવાદ

**જ્યારે પ્રણવ અક્ષર વગરનો થઈ બળ વગરનો નિષ્કામ વહે છે અને બાવન અક્ષર વગરનો થાય છે તેનું નામ ન્હેંઃઅક્ષર છે.**

### ભાવાર્થ

જ્યારે શ્વાસ રૂપ પ્રણવ અક્ષરોથી રહિત હોય છે, અર્થાત્ તે પ્રણવ બાવન અક્ષર સિવાયનો હોવાથી અક્ષરોના પ્રભાવ વગર પિંડમાં એકલો વહ્યા કરે છે. જે કામનારહિત બને છે. જ્યારે પ્રણવની ગતિ સૂક્ષ્મ થાય છે ત્યારે તે નિર્મળ હોઈ નિષ્કામ વહે છે અને વર્ણમાળાના બાવન અક્ષર વગરનો બને છે. તેવા અક્ષરોથી રહિત શુદ્ધ ૐકાર પ્રણવને ન્હેંઃઅક્ષર કહેવાય છે.

## ક્રત વિશે દશ ઈન્દ્રિકે, લીન સષોપતિ થાય;
## પ્રણવ વિષે ઘર એક રસ, રહે સો રહેત કહાય. ૫૩

### શબ્દાર્થ

**ક્રત** = રચના, ક્રિયા **વિશે** = અંગેની **દશ ઈન્દ્રિકે** = દસ ઈન્દ્રિયોના **લીન** = સમાપ્ત, લય થવુ **સષોપતિ** = સષોપતિ અવસ્થા **થાય** = થાય **પ્રણવ વિષે** = પ્રણવ અંગે **ઘર** = ઘર, સ્થાન **એક રસ** = એકરૂપતા પામીને **રહે** = રહે છે **સો** = તે **રહેત** = રહેતઘર **કહાય** = કહેવાય.

### અનુવાદ

**દસ ઈન્દ્રિયો અંગેની ક્રિયા સષોપતિમાં લીન થાય છે, ત્યારે પ્રણવ એકરસ થઈને તેના ઘરે(સ્થાને) રહે છે. તેને જ રહેતઘર કહેવાય.**

### ભાવાર્થ

શરીરમાં રહેલી પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો પોતપોતાની સજાતીય આંકાક્ષાઓમાંથી ઊઠતા વિષયોમાં જ વર્તમાન કરીને કર્મો કર્યા કરે છે, પરંતુ સષોપતિ અવસ્થામાં ઈન્દ્રિયોના

કાર્યો લીન પામી જાય છે એટલે પ્રણવને વિશે જે ઇન્દ્રિયોના કાર્યોની પકડ હતી તે સષોપતિ અવસ્થામાં વિરામ પામે છે. તે વખતે પ્રણવ અતિ શુદ્ધ એકલમલ (અન્ય કોઈ તત્ત્વના મિલન સિવાયનો નિર્મળ)વહેતો હોવાથી જે (સ્થિતિમાં) મૂળ ઘરને વિશે એકરસ થઈને રહે છે. આ રીતે ઇન્દ્રિયોના કર્મોના પ્રભાવ વગરનો નિર્મળ બનેલો હીર રૂપ ૐકાર પ્રણવ પોતાના મહદ હંગ એવા સમચૈતન બ્રહ્મ સાથે એકરસ થઈને રહે છે. તે સ્થિતિને રહેતઘર કહેવામાં આવે છે. ન્હેં:અક્ષર રૂપ ૐકાર પ્રણવ છે, તેની ઉત્પત્તિ પણ રહેતઘરમાંથી જ થાય છે અને છેવટે તેમાં જ સમાઈ જાય છે.

**બહોરુ પ્રણવ સમ દમ જમ, કુંભકવત ગતિ હોય;**
**બાહેર ભિતર સરભર, રહે રહેતઘર સોય. ૫૪**

### શબ્દાર્થ

**બહોરુ** = જ્યારે, હવે **પ્રણવ** = પ્રણવ **સમ** = સમાન, સપ્રમાણ **દમ** = શ્વાસ **જમ** = થાય, ત્યારે **કુંભકવત** = સ્થિર, અટકીને રહેલ **ગતિ હોય** = સ્થિતિ હોય છે **બાહેર** = બહાર **ભીતર** = અંદર **સરભર** = સભરાભર, સરખે સરખું, ઓછું-વત્તું નહીં **રહે** = રહે છે **રહેત ઘર** = રહેતઘર **સોય** = કહે છે, તે.

### અનુવાદ

**જ્યારે પ્રણવ સમદમ પણે અંદર બહાર સપ્રમાણ કુંભકની સ્થિતિમાં સરખે સરખો રહે છે, ત્યારે તેને રહેતઘર કહેવાય છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ સષોપતિ અવસ્થામાં ઇન્દ્રિયોના કાર્યોથી નિવૃત્ત દશાએ પહોંચેલો પ્રણવ રેચક અને પ્રેરક બંને વખતે સપ્રમાણ એક સરખો જ વહે છે. આ બંને ક્રિયા મધ્યે જ્યારે પ્રણવ કુંભકવત્ સ્થિતિમાં રહે છે તેવા શુદ્ધ ૐકાર પ્રણવના સ્થિર થયેલા સ્વરૂપના ઠેકાણાને રહેતઘર કહેવાય છે.

**સાર શબ્દ ઘર રેહેતહી, ન્હે : અક્ષર તનુ માંહાંય;**
**કહયો લક્ષ વિવિધવિધ, સમજ સુલભ સુખદાય. ૫૫**

### શબ્દાર્થ

**સાર શબ્દ** = સારશબ્દ **ઘર રહેતહી** = રહેતઘર **ન્હે :અક્ષર** = ન્હેં:અક્ષર **તનુ** = પિંડ, શરીર **માંહાંય** = માં **કહયો** = જણાવ્યો છે, કહેવાયો છે **લક્ષ** = લક્ષ **વિવિધ વિધ** = વિધવિધ રીતે **સમજ સુલભ** = સરળતા થી સમજાય **સુખદાય** = સુખદાયી.

### અનુવાદ

**પિંડમાં રહેલા સારશબ્દ, રહેતઘર અને ન્હેંઃઅક્ષરના લક્ષને જુદી જુદી રીતે સરળતાપૂર્વક કહ્યો છે. જે આ સુલભતાથી સમજશે તેને માટે આ(જ્ઞાન) સુખદાયી બનશે.**

### ભાવાર્થ

પિંડમાં રહેલા સારશબ્દ, રહેતઘર અને ન્હેંઃઅક્ષરના લક્ષને જુદી જુદી રીતે ખૂબ જ સરળતાપૂર્વક સમજણ પડે તે પ્રમાણે દર્શાવ્યો છે. જેને આ ગૂઢાર્થ જ્ઞાનની સમજ સુલભ થશે તેને આ જ્ઞાન આનંદ આપશે. જે આ જ્ઞાનચર્ચાને સમજી નહીં શકે, તેને સમજવાની કે સાંભળવાની રુચિ પેદા થશે નહીં.

**પિંડ તીત બ્રહ્માંડ પર, નિજ નભ બિનુ ક્રત સાર;**
**ચિદ્ ખગ જગ જીનું ગ્રભીતવ, અથાહ થાહ બિનુ પાર. ૫૬**

### શબ્દાર્થ

**પિંડ** = શરીરથી, ઘાટથી **તીત** = પરે, અલગ **બ્રહ્માંડ પર** = બ્રહ્માંડ પરે **નિજ** = મૂળ **નભ** = આકાશ **બિનુ** = વગર **ક્રત** = રચના **સાર** = સત્વ રૂપે, સાર રૂપે **ચિદ** = ચિદરૂપ **ખગ** = શૂન્યમાં **જગ** = વિશ્વ **જીનુ** = જેનું **ગ્રભીતવ** = ગર્ભવત **અથાહ થાહ** = થાહ વગરનું, અથાહ, અંત વગરનું, અમાપ **બિનુ પાર** = પાર વગરનું, અપાર.

### અનુવાદ

**પિંડથી તિત બ્રહ્માંડ અને તેની પરે ખગાકાર મહદ શૂન્ય છે. તેનો સાર જોતાં તે રચના વગરનું છે. આ અથાગ અને અપાર મહદ શૂન્યમાં ચિદાકાર નભ સમગ્ર વિશ્વને ગર્ભવત્ ધારણ કરે છે.**

### ભાવાર્થ

અવિગત આકાશમાં વ્યાપક રહેલા રચના વગરના મહદ ખગાકાર શૂન્યના ઉદરમાં સર્જનહારના પ્રકાશ રૂપી ચિદ્ બ્રહ્મ આવેલું છે. તે બ્રહ્મ વિશ્વની સમગ્ર રચનાને ગર્ભવત્ ધારણ કરે છે, અર્થાત્ સર્વે રચના અંકુર રૂપે હોઈ ચિદ્ રૂપ બ્રહ્મભૂમિકામાં પોષણ પામીને વૃદ્ધિ પામેલી છે. મહદ શૂન્ય સચરાચર વ્યાપેલું હોઈ અમાપ અને પાર ન પામી શકાય તેવું અપાર છે.

**અંત સકલ ઘટ પ્રણવકો, નિજ નિવાસ તેહી ઠામ;**
**પિંડ બ્રહ્માંડની પર જેહી, મહાદ રહેત ઘર ગ્રામ. ૫૭**

### શબ્દાર્થ

**અંત** = છેવટે **સકલ** = દરેક, પ્રત્યેક **ઘટ** = ઘાટોના **પ્રણવકો** = પ્રણવનો **નિજ** = મૂળ **નિવાસ** = રહેવું રહે છે

**તેહી** = તે **ઠામ** = રહેવા માટેનું સ્થળ (જગ્યા) **પિંડ** = શરીર **બ્રહ્માંડ ની** = બ્રહ્માંડની **પરે** = તેની ઉપર **જેહી** = જે **મહાદ** = વિરાટ, વિશાળ **રહેત ઘર** = રહેતઘરનું **ગ્રામ** = વતન છે.

### અનુવાદ

**છેવટે તો સર્વ ઘાટોમાં રહેલ પ્રણવના મૂળ નિવાસની જગ્યા પિંડ અને બ્રહ્માંડની રચનાથી પર મહાન મુકામ રૂપે આવેલું છે. તે ઘર રહેતઘર છે.**

### ભાવાર્થ

ચૌદ લોકના દરેક ઘાટમાં રહેલ પ્રણવ અંતે તો તેના નિવાસ એવા સર્જનહારના નૂર રૂપે સચરાચર વ્યાપક ચિદ્ બ્રહ્મમાં જ ભળી જાય છે. જે પિંડ અને બ્રહ્માંડની રચનાથી પરે અર્થાત્ ઘાટ અને કર્તાના ક્તથી પર રહેલ સમચૈતન બ્રહ્મ હોઈ પ્રણવનું છેલ્લું ઠેકાણું છે. તેને જ રહેતઘર કહેવામાં આવે છે.

**પ્રણવ સકલ રેહેવન ઘર, છેવટકો નિજ સોય;**
**અંત સમયે તાંહી રહી રહે, જદીપ રેહેતઘર ઓય. ૫૮**

### શબ્દાર્થ

**પ્રણવ** = પ્રણવ **સકલ** = બધાના, સર્વના **રેહેવન** = રહેવાનું **ઘર** = ધામ (વતન) **છેવટકો** = છેવટનું **નિજ** = મૂળ **સોય** = છે **અંત સમયે** = અંત સમયે **તાંહી** = ત્યાં જ **રહી રહે** = સ્થિર થઈને રહે છે **જદીપ** = જેથી તે **રેહેતઘર** = રહેતઘર **ઓય** = તે જ.

### અનુવાદ

**સર્વના પ્રણવનું રહેવાનું નિજ ઘર છેવટે તો તે જ છે. અંત સમયે (પ્રણવ) ત્યાં જઈને સ્થિર થઈને રહે છે માટે તેને જ રહેતઘર કહેવાય છે.**

### ભાવાર્થ

પિંડના અંત સમયે દેહના તત્ત્વો પંચ મહાભૂતમાં અને પ્રણવ પણ પોતાના ઉદ્ભવ સ્થાનમાં પાછો ભળી જાય છે. દરેકના પ્રણવનું મૂળવતન છેવટે તો તે જ કહેવાય છે કે જ્યાં તે સ્થિર થઈને અંતે રહે છે. આમ, મહદમાં ૐકાર પ્રણવને રહેવાનું જે વતન(ઘર) છે તેને જ રહેતઘર કહેવાય.

**સાર શબ્દ ઘર રેહેતહી, ન્હે : અક્ષર સ્વર જેહ;**
**ગુઢ ગત ગુંજ કબીરકી, ધર્મદાસ કહી એહ. ૫૯**

### શબ્દાર્થ

**સાર શબ્દ** = સારશબ્દ **ઘર રેહેતહી** = રહેતઘરની **ન્હે : અક્ષર** = ન્હેં:અક્ષર **સ્વર** = પ્રણવ **જેહ** = જે **ગુઢ** = ગૂઢાર્થ રીતે **ગત** = સમજ **ગુંજ** = ગુંજતી હતી **કબીરકી** = સદ્‌ગુરુ કબીરસાહેબની **ધર્મ દાસ** = ધર્મદાસને **કહી** = કહી, જણાવી **એહ** = તે જ પ્રમાણે.

### અનુવાદ

**આ રીતે સારશબ્દ, રહેતઘર અને ન્હેં:અક્ષર અંગેની જે ગૂઢાર્થભરી ગુપ્ત ગતિ જે કબીરસાહેબના મનમાં ગુંજતી હતી તે તેમણે ધર્મદાસને કહી.**

### ભાવાર્થ

સારશબ્દ,ન્હેં:અક્ષર અને રહેતઘરની ગતિ ખૂબ જ ગૂઢાર્થ ભરી અને ગુપ્ત હતી. જે કબીરસાહેબના અંતરમાં સદા ગુંજતી હતી. આ જ્ઞાનને તેઓ અર્પણ કરવા આતુર હતા, પરંતુ અનેક મુંડિત સાધુઓ અને અનુયાયીઓમાં એકમાત્ર યોગ્ય અધિકારી શિષ્ય ધર્મદાસ જણાયા, તેથી તેમને આ ગતિ અર્પણ કરી.

**સાર શબ્દ ન્હે: અક્ષર, ઓરુ ઓરલ્યા ઘર રહેત;**
**તાપર નિજ અંકુર રહે, એ તીનું લક્ષકે વેત. ૬૦**

### શબ્દાર્થ

**સાર શબ્દ** = સારશબ્દ **ન્હે: અક્ષર** = ન્હેં:અક્ષર **ઓરુ** = અને **ઓરલ્યા** = આ બાજુના **ઘર રેહેત** = રહેતઘર **તાપર** = તેના ઉપર **નિજ** = મૂળ **અંકુર** = અંકુર, અંશ **રહે** = રહે છે **એ** = એ **તીનું** = ત્રણેયના **લક્ષકે** = લક્ષનો **વેત** = જાણકાર છે.

### અનુવાદ

**સારશબ્દ, ન્હેં:અક્ષર અને રહેતઘર એ આ બાજુના છે તેનાથી પર નિજ અંકુર(અંશ) રહેલું છે, જે ત્રણેયના લક્ષનો જાણકાર છે.**

### ભાવાર્થ

સારશબ્દ, ન્હેં:અક્ષર અને રહેતઘર એ ત્રણેનો મુકામ વ્યાપક બ્રહ્મના હિર રૂપ ૐકાર પ્રાણાયામ છે. જે પોતે સમચેતન છે, તેને ચેતન કરનાર નિજ અંકુશ રૂપ અંશ છે. પિંડમાં અંશના આભાસ થકી જ પ્રણવ ચેતનવંત થાય છે. તે ચેતનવંત થયેલો પ્રણવ પોતાની ચેતના થકી જ સમગ્ર શરીરના બધા જ તત્ત્વોને ચેતનવંતા કરે છે. અર્થાત્ પિંડનો સર્વોપરી અંકુર રૂપી અંશ આ ત્રણે મુદ્દાના લક્ષનો જાણકાર (વેત્તા) છે.

**તેહી વેત્તા વીત જતમત, સત ઈત ઉત કરતાર;**
**સો ગતિ કાહુસે ન ભાખેહુ, રહે કબીર ઉરધાર. ૬૧**

### શબ્દાર્થ

**તેહી** = તે **વેત્તા** = જાણકાર **વીત્ત** = વિત્ત **જતમત** = જતમતપણે, યથાર્થ રૂપે **સત** = શાશ્વત **ઈત ઉત** = આલોક અને પરલોક, ચૌદલોક **કરતાર** = કર્તા, સ્વામી, માલિક, સર્જનહાર **સો** = તેની **ગતિ** = સમજ **કાઉસે** = કોઈનેય **ન** = નહીં **ભાખેહુ** = દર્શાવી **રહે** = રહ્યા **કબીર** = સદ્‌ગુરુ કબીરસાહેબ **ઉરધાર** = હૃદયમાં જ રાખી.

### અનુવાદ

**તે વેત્તા ચૌદલોકના ઘાટમાં સ્વામી તરીકે જતમત પણે છે. વિત્તરૂપ શાશ્વત અંશ અંગેની ગતિ કબીરસાહેબે કોઈને દર્શાવી નથી, પરંતુ પોતાના હૃદયમાં ધારણ કરી રાખી હતી.**

### ભાવાર્થ

આગાઉ જણાવેલ ત્રણ લક્ષ - સારશબ્દ, રહેતઘર અને ન્હેં:અક્ષરનો વેત્તા નિજ અંશ છે. જે સર્વોપરી છે. આ નિજ અંશપદનું જ્ઞાન પોતાના હૃદયમાં સંગ્રહી રાખ્યું પણ કોઈને આપ્યું નહીં. સદ્‌ગુરુ અહીં સુધીના જ્ઞાનને દર્શાવે છે. (અંશથી પરે રહેલા અંશી પદનું જ્ઞાન ચારે ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુ હવે પછીના પ્રકરણમાં જણાવે છે.)

**ખુદસે ઈત આવન ગત, તેહી સામ્રથ અંકુર;**
**ફેરી પતિપે જાવન રત, હજરત હાલ હજુર. ૬૨**

### શબ્દાર્થ

**ખુદસે** = મૂળવતનમાંથી, પોતાને ત્યાંથી **ઈત** = આ લોકમાં **આવન** = આવ્યો છે **ગત** = સમજ **તેહી** = તે **સામ્રથ** = સમર્થવાન, સક્ષમ **અંકુર** = અંકુર (અંશ) **ફેરી** = પાછા **પતિપે** = પોતાના પતિને ત્યાં **જાવન** = જવાની **રત** = તાલાવેલી, ઈચ્છા **હજરત** = માલિક, સ્વામી **હાલ** = હમણાં જ, પ્રત્યક્ષ **હજુર** = હાજર, હયાત, વિદ્યામાન, સાંનિધ્ય.

### અનુવાદ

**ખુદ કર્તાના ધામથી આ વિશ્વમાં આવવાનું સામર્થ્ય અંકુરરૂપી અંશમાં છે. (તેમ) ફરી પતિ પાસે જવાની રત હોય તો તે હાલ-હજુર માલિકના સાંનિધ્યમાં જઈ શકે છે.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાના ધામમાં રહીને આ સમગ્ર બ્રહ્માંડમાં સર્વે રચના પોતાના શુદ્ધ સંકલ્પ શક્તિથી રચી છે, જેમાં ચોર્યાસી લાખ પ્રકારના વિવિધ ઘાટનું સર્જન કર્યું. છેવટે તે ઘાટમાં પોતાની

સજાતિનો ચૈતન અંશ પ્રેરક કરીને સમગ્ર વિશ્વ હલન-ચલન યુક્ત કર્યું. આ રીતે અંકુર રૂપી અંશ પોતાના મૂળવતનથી શુદ્ધ ચૈતન સ્વરૂપે બ્રહ્માંડમાં આવ્યો હતો. હવે જો તેને ફરીથી પોતાના નિજ ઘર (મૂળવતન) જવાની ઉત્કંઠા જાગે તો જે સ્વરૂપે આવ્યો હતો તે જ સ્વરૂપે થઈ પોતાના પતિ રૂપ સર્જનહાર જ્યાં હાલ હજૂર બિરાજમાન છે એવા કૈવલધામમાં જઈ શકે.

**સોહી લખ પખ વિનુ પરમહી, ઉત્ક્રષ્ટી અજમાલ;**
**નિજ પતિ યેહુ જીને બકસેહુ, તેહી હુલાવે હાલ. ૬૩**

### શબ્દાર્થ

**સોહી** = તે **લખ** = લક્ષ, માર્ગ **પખ વિનુ** = પક્ષપાત રહિત **પરમહી** = પહેલાનો, આદિનો **ઉત્ક્રષ્ટી** = ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ **અજમાલ** = ગુપ્ત, અજાણ્યો **નિજપતિ** = સર્જનહાર **યેહુ** = તેમણે, આ **જીને** = જેમણે **બકસેહુ** = બક્ષિશ કરી હોય **તેહી** = તેજ **હુલાવે** = જણાવે, લાવે **હાલ** = અત્યારે, પ્રત્યક્ષ, જાણ, સમજ.

### અનુવાદ

**તે માર્ગ પક્ષપાતથી રહિત આદિ અનાદિનો ઉત્કૃષ્ટ અને ગુપ્ત છે. નિજપતિએ તે લક્ષની જાણ્ય જેને બક્ષિશ કરી હોય તે જ (આ જાણ્ય) જણાવી શકે.**

### ભાવાર્થ

તે લક્ષ (માર્ગ) અનાદિનો હોઈ કોઈપણ પ્રકારના પક્ષાપક્ષ વગરનો અને પરમશ્રેષ્ઠ છે. જે વિશ્વમાં ગુપ્ત રહ્યો છે, જેથી સંસારમાં કોઈ જાણી શક્યું નથી. સકર્તા સર્જનહારે તે માર્ગની સંપૂર્ણ માહિતી અને તમામ સત્તા જે અધિકારીને સોંપેલી હોય કે બક્ષિશ કરી હોય તે જ આ લક્ષને જાણી શકે અને અન્યને જણાવી શકે છે.

**મહદ અંશ વિભૂતિ વિદ, નિજપતિ કીયે પ્રથમ;**
**સૃષ્ટ આદ્ય જેહી જેષ્ઠ હી, તિનકુ દીનેહુ વાહી ગમ. ૬૪**

### શબ્દાર્થ

**મહદ અંશ** = પરમવિશેષ અંશ **વિભૂતિ** = વિભૂતિ, ઐશ્વર્ય **વિદ** = વિભૂષિત, વિદ્વતા **નિજપતિ** = સકર્તાપતિએ **કીયે** = કર્યા **પ્રથમ** = પ્રથમ **સૃષ્ટ** = સૃષ્ટિની **આદ્ય** = પ્રારંભ, શરૂઆત **જેહી** = જે **જેષ્ઠ હી** = જયેષ્ઠ, પાટવી **તિનકુ** = તેમણે **દીનેહુ** = અર્પણ કરી **વાહી ગમ** = તે ગમ, સમજ.

### અનુવાદ

**નિજપતિએ સૃષ્ટિની આદ્યમાં વિશેષ વિભૂતિથી વિભૂષિત પ્રથમ પરમવિશેષ પાટવી અંશ**

**ઉત્પન્ન કરીને તેમને આ લક્ષની સમજ આપી છે.**

### ભાવાર્થ

જ્યારે નિજપતિ કૈવલ કર્તાએ આ સૃષ્ટિની ઉત્પત્તિ કરી, પછી રચનાને ચેતનવંતી કરવા ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા. તે પૈકી પરમવિશેષ અંશોમાં સૌપ્રથમ વિશેષ વિભૂતિથી વિભૂષિત પરમવિશેષ પાટવી અંશને ઉત્પન્ન કર્યા, ત્યારબાદ બધી રચનાનો વિલાસ કર્યો હોવાથી તે સાક્ષીરુપે રહેલા છે. તે પાટવી પરમવિશેષ અંશને કૈવલ કર્તાએ પોતાના સાંનિધ્યમાં જ રાખ્યા. સર્વે બાબતની સમજ રૂપ ગતિની બક્ષિશ કરીને અંશોના ઉદ્ધારના કાર્ય માટે તેમને અધિકાર (કુલમુખત્યાર નામુ) આપ્યો. સર્જનહાર તો કરુણેશ હોઈ પરમવિશેષ પાટવી અંશ (એકલા) ને બધી જ કરુણાઓ, સોળ વિભૂતિ તેમજ નવ બુદ્ધિ વડે સમર્થ બનાવ્યા છે.

**મહાદ્ અંશકુ મતલબે, નિજ ગમ દીયે ઉપદેશ;**
**ઉત ઈત કાહી પહોંચાવન, ખુદકા ખરા સંદેશ. ૬૫**

### શબ્દાર્થ

**મહાદ અંશકુ** = પરમવિશેષ અંશને **મતલબે** = આશય માટે, ઉદેશ્ય માટે **નિજ ગમ** = મૂળ સમજ **દીયે** = આપી **ઉપદેશ** = સમજ, જ્ઞાનગતિ **ઉત** = અંતરિક્ષના ધામો **ઈત** = મૃત્યુલોક **કાહી** = ક્યાં પણ જઈને, કહીને **પહોંચાવન** = પહોંચાડવા **ખુદકા** = પોતાના **ખરા** = સાચા, વિશેષ **સંદેશ** = સંદેશાને.

### અનુવાદ

**સર્જનહારનો પોતાના પરમવિશેષ પાટવી અંશને નિજગમનો ઉપદેશ આપવાનો મતલબ એ હતો કે તેઓ અંતરિક્ષના ધામો અને મૃત્યુલોકમાં જઈ ખુદ કર્તાનો સત્ય સંદેશ પહોંચાડે.**

### ભાવાર્થ

કૈવલધામમાં બિરાજમાન સર્જનહારે પોતાના સાંનિધ્યમાં રાખેલા પરમવિશેષ પાટવી અંશને એટલા માટે જ મહદ ગતિ બક્ષિશ કરી છે કે પોતાનો વિશેષ સંદેશો આપવા સમર્થ બને. વળી, અંશ-અંશીનું જ્ઞાન (નિજલક્ષની જાણ્ય) કલ્પમાં એકવાર અંતરિક્ષના દૈવી ધામો કે મૃત્યુલોકમાં ક્યાંય પણ જવું પડે તો ત્યાં જઈને પહોંચાડી શકે.

**જીનકુ વ્યાપત ના કછુ, અસૂજ અંધ અજ્ઞાન;**
**સદા સર્વદા ઉત ઈત, રહત અહોનિશ જ્ઞાન. ૬૬**

## શબ્દાર્થ

**જીનકુ** = તેમને, **વ્યાપત ના કછુ** = કાંઈ પણ વ્યાપી ન શકે, **અસૂજ** = અજાણપણુ, **અંધ અજ્ઞાન** = અજ્ઞાન રૂપી અંધકાર, **સદા સર્વદા** = સદાને માટે **ઉત** = દેવલોક, **ઈત** = મૃત્યુલોક, **રહત** = રહે, **અહોનિશ** = હર હંમેશ, **જ્ઞાન** = સમજ.

## અનુવાદ

**તેમને (પરમવિશેષ પાટવી અંશને) અજાણપણું કે અજ્ઞાન રૂપી અંધકાર જેવું કંઈ પણ વ્યાપી શકતું નથી, જેથી તેઓ સદા સર્વદા ઉત-ઈતમાં (દેવલોક કે મૃત્યુલોક) અહર્નિશ જ્ઞાનયુક્ત રહે છે.**

## ભાવાર્થ

પરમવિશેષ પાટવી અંશને અજાણપણું કે અજ્ઞાન રૂપી અંધકાર વ્યાપી શકતાં નથી. તેઓ તો નિત્ય પ્રતિ જ્ઞાનમય જ રહે છે. એટલે જ તેઓ સર્જનહારનો સંદેશો પહોંચાડવા અંતરિક્ષના દેવલોક અને મૃત્યુલોકમાં ભ્રમણ કરવા છતાં જ્ઞાનયુક્ત જ રહે છે. પરિણામે જ્યાં જેવા જોઈએ તેવા સ્વરૂપે પ્રગટ થઈને નિજકર્તાનો સંદેશો પહોંચાડે છે. આમ છતાં પોતે કર્તાની સજાણ જાણ ગતિને અને જ્ઞાન પક્ષે પોતાના નિજ સ્વરૂપને ભૂલતા નથી અને સર્વજ્ઞ રહી શકે છે. તેમજ સર્જનહાર સાથે અલંગ-સલંગ રહીને નિજ જાણ થકી એકમેક રહેવા સામર્થ્યવાન છે. એટલે કે તેમના સ્વહંગને કર્તાના મહદહંગ સાથે સદા સર્વદા જોડેલું જ રાખે છે.

**ઓર સબ અંશ સામાન્યકી, અતિ અજ્ઞાન અબુજ;**
**અંધાધુંધ ગત સબનકી, ઉત ઈત કછુ ન સુજ. ૬૭**

## શબ્દાર્થ

**ઓર સબ** = બીજા બધા **અંશ સામાન્યકી** = સામાન્ય અંશોની **અતિ** = અત્યંત **અજ્ઞાન** = અજ્ઞાન વશ **અબુજ** = અણસમજ, અજાણપણુ **અંધાધુંધ** = દિશાવિહીન **ગત** = સ્થિતિ, હાલત **સબનકી** = બધાની **ઉત** = દેવલોક **ઈત** = મૃત્યુલોક **કછુ** = કંઈપણ **ન સુજ** = સમજ નથી, જાણ નથી.

## અનુવાદ

**બીજા બધા સામાન્ય અંશો અત્યંત અજ્ઞાની અને અબુજ છે. તે બધાની ગતિ દિશા વિહીન હોવાથી ઉત-ઈતની (દેવલોક કે મૃત્યુલોક અંગેની) કંઈ પણ સમજ (સૂઝ) નથી.**

## ભાવાર્થ

સર્જનહારે પરમવિશેષ, વિશેષ અને સામાન્ય એમ ત્રણ પ્રકારના અંશોનું નિર્માણ કર્યું. તે પૈકીના સામાન્ય અંશોની પરિસ્થિતિ વિશ્વમાં આવ્યા પછી કરુણાજનક બની ગઈ. બ્રહ્મ તેમજ દેહના આવરણોને લીધે પ્રકૃતિના પાશ (માયાજાળ)માં ફસાયા અને વિષય-વાસનામાં લપેટાઈ ગયા. પરિણામે ગાઢ

અજ્ઞાનરૂપી અંધકારમાં ભુલા પડ્યા. અજ્ઞાનતાને લીધે તેઓ અલ્પ મતિના બની ગયા. એટલે મૃત્યુલોક અને દેવલોકની સઘળી જાણ વિસરાઈ ગઈ. આવી અંધાધૂધી અને અરાજકતા ભરી પરિસ્થિતિને કારણે જડ અને ચેતનના સત્યાસત્યનો તોલ ન કરી શકવાથી હું કોણ? મારા કર્તા કોણ ? હું ક્યાંથી આવ્યો? અને અંતે ક્યાં જવાનું છે ? વગેરે બાબતોની સૂઝ (સમજણ) રહેવા પામી નહીં.

**પરમહંસ જુગ ઈશ લહુ, ઓરલે રહે ફસાય;**
**ઓર અલ્પ મતિ જીવનકી, તીનકી કુન ચલાય. ૬૮**

### શબ્દાર્થ

**પરમહંસ** = પરમહંસની ગતિવાળા, પરમહંસો **જુગ** = જગતમાં **ઈશ** = ઈશ્વરો **લહુ** = જોતાં, અવલોકન કરતાં, સુધીના **ઓરલે** = નાશવંત, આ બાજુ, અહીંના **રહે** = રહ્યા, **ફસાય** = ફસાયેલા **ઓર** = તો પછી **અલ્પ** = સામાન્ય **મતિ** = બુદ્ધિ **જીવનકી** = જીવોની **તીનકી** = તે, તેમની, તે બાબતમાં **કુન** = કેવી રીતે **ચલાય** = ચાલી શકે.

### અનુવાદ

**પરમહંસની આદ્ય લઈને જગતના ઈશ્વરો સુધી સર્વેની ગતિ આ બાજુનાં નાશવંત પદોમાં ફસાયેલી છે તો પછી અન્ય સામાન્ય જીવો છે તેમની બુદ્ધિ કેવી રીતે ચાલી શકે ?**

### ભાવાર્થ

પરમહંસ ગતિના પુરુષની આદ્ય લઈને વિશ્વના ઐશ્વર્યવાન એવા અવતારાદિક દેવ-દેવીઓ પણ આ બાજુના બ્રહ્મ સિદ્ધાંતમાં ફસાયેલા જોવા મળે છે. પરિણામે પોતાની અને પરમપતિની જાણ તેઓ વિસ્મૃતિ પામ્યા. આખરે સચરાચર વ્યાપક બ્રહ્મભૂમિકામાં પોતાની વૃત્તિ સ્થિર કરીને બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મવેતા પુરુષો કહેવાયા. આવા વિશેષ ગતિના પરમહંસ પુરુષોની આવી સ્થિતિ થાય તો પછી જે અલ્પમતિના સામાન્ય જીવો છે તેમની બુદ્ધિ, પોતાના સ્વ-સ્વરૂપ અને પરમપદની ઓળખાણ અંગે કેવી રીતે પહોંચી શકે?

**લોક ચતુર્દશ ત્યૌ તસે, કોહુ ન લહત નિજ ભેદ;**
**જીનું પથ આગહુ ઈશ્વર, પરમહંસ ઓરુ વેદ. ૬૯**

### શબ્દાર્થ

**લોક ચતુર્દશ** = ચૌદ લોકમાં **ત્યૌ** = તેવી રીતે **તસે** = અટક્યા **કોહુન લહત** = કોઈપણ જાણી શક્યા નહીં **નિજ** = નિજપદ **ભેદ** = મર્મને **જીનું** = જેમને **પથ** = અનુસરીને,રસ્તો **આગહુ** = આગેવાન, મુખ્ય **ઈશ્વર** = ઈશ્વરોને **પરમહંસ** = પરમહંસો **ઓરુ** = પણ, અને **વેદ** = વેદ.

### અનુવાદ

**આ રીતે ચૌદ લોક સુધી બધા ત્યાં જ અટકી ગયા અને પરમપદના મર્મને કોઈ જાણી શક્યા નહીં (કારણ કે) તે અંગેની જાણ આગેવાન કહેવાતા પરમહંસ, ઈશ્વરો કે બ્રહ્માને (વેદને) પણ નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં સામાન્ય અંશોએ વિશેષ અંશોમાં ઐશ્વર્યતા જોઈ તેથી તેઓ તેમાં અંજાઈ જઈ તેમને આગેવાન માનીને અનુસરવા લાગ્યા. જ્યારે વિશેષ અંશો, ઐશ્વર્યવાન અવતારિક દેવ-દેવીઓ અને પરમહંસ પુરુષો વેદોના સારમાં જ અટકી રહ્યા છે. આમ, પરમપદના મર્મને કોઈ જાણી શક્યા નહીં. તેથી ચૌદ લોકમાં સૌ બ્રહ્મને જ છેવટનું પદ માનીને તેમાં વૃત્તિ સ્થિર કરીને રહ્યા, જેથી કોઈ નિજલક્ષના ભેદની શોધ કરી શક્યા નહીં.

**બહેહુ લાહાર સબ તેહુનકી, અંધ પરમપર ધોખ;**
**તેહુતે ના કોહુ પાઈયા, શુદ્ધ કૈવલપદ મોખ. ૭૦**

### શબ્દાર્થ

**બહેહુ** = વહેવા લાગ્યા, તણાવા લાગ્યા **લાહાર** = એકની પાછળ એક ગાડરિયા પ્રવાહની માફક, વિચાર વગરનું અંધ અનુકરણ **સબ** = બધા **તેહુનકી** = તેઓની, પોતાની, **અંધ** = આંધળા **પરમપર** = પરંપરાથી **ધોખ** = ઠગાઈને, છેતરાઈને **તેહુ તે** = તેટલા માટે **ના** = ના **કોહુ** = કોઈપણ **પાઈયા** = પામી શક્યા **શુદ્ધ** = પવિત્ર **કૈવલપદ** = કૈવલપદ **મોખ** = મુખિયા રૂપ, અગ્રિમતાવાળું, અદિનું, આદ્ય.

### અનુવાદ

**તે આંધળી પરંપરાથી છેતરાઈને બધા ગાડરિયા પ્રવાહમાં વહી રહ્યા છે, પણ નિર્મળ અને મોર્ધન્ય કૈવલપદને કોઈ પ્રાપ્ત કરી શક્યા નહીં.**

### ભાવાર્થ

સંસારમાં અગાઉથી ચાલી આવેલી પ્રણાલિકા અને પરંપરામાં ઘેટાંના ટોળાંની માફક અર્થાત્ ગાડરિયા પ્રવાહની જેમ બધા જ જીવો વગર વિચારે વહી રહ્યા છે. સચરાચર વ્યાપક મહામાયાના પાશમાં જકડાઈને અજ્ઞાનતાવશ આંધળી, કર્મકાંડી અને નાશવંત ઉપાસનાઓની પરંપરામાં છેતરાઈને તેમાંથી નીકળવાનો માર્ગ કોઈ જ વિચારતું નથી. પોતાના શુદ્ધ ચૈતન સ્વ-સ્વરૂપનો કે બ્રહ્માંડને રચનારા પુરાણા પરમપિતાનો ખ્યાલ જ ન આવતાં કૈવલપદ જે સત્ અને અનાદિનું છે તેને કોઈપણ પ્રાપ્ત કરી શક્યા નથી.

**એહી અભિપ્રાય આય હમ, કથહુ તાય દ્વિગ જ્ઞાન;**
**ચૌદ તબક ચકવે ગતિ, કરહુ ચરાચર જાન. ૭૧**

## શબ્દાર્થ

**એહી** = તે જ **અભિપ્રાય** = ઈરાદાથી **આય** = આવ્યો છું **હમ** = હું **કથહુ** = કહેવા **તાય** = તેનું **દ્વિગ** = ઉભય, બંને **જ્ઞાન** = જ્ઞાન **ચૌદ તબક** = ચૌદ લોકમાં **ચકવે** = ચક્રવર્તી **ગતિ** = સમજ **કરહુ** = કહીશ **ચરાચર** = ચર (જંગમ) અને અચર (સ્થાવર) **જાન** = જાણ, માહિતી, ખુલાસો, સમજ.

## અનુવાદ

**આ અભિપ્રાયના કારણે હું આ વિશ્વમાં આવ્યો છું અને ઉભયપક્ષ (અંશ-અંશી)નાં અલૌકિક જ્ઞાનનું કથન કરીને, સ્થાવર-જંગમની સમજ દર્શાવીશ. આમ, ચૌદ લોકમાં આ જ્ઞાનની ગતિ ચક્રવર્તી કરીશ.**

## ભાવાર્થ

વિશ્વ અંશ-અંશીના જ્ઞાનથી અજાણ હોઈ તે પદને પામવાનો સાચો માર્ગ દર્શાવવા સર્જનહારે પરમગુરુને આ વિશ્વમાં મોકલ્યા છે. તેથી પરમપિતા કૈવલ કર્તાના અલૌકિક જ્ઞાનને પ્રગટ કરવાના એકમાત્ર શુદ્ધ હેતુથી તેઓ બ્રહ્માંડમાં વિચરણ કરે છે. સ્થાવર જંગમની સમજ સહિત આ સૃષ્ટિમાં સકર્તા પતિના અલૌકિક જ્ઞાનને દર્શાવીને ચૌદ લોકમાં કૈવલજ્ઞાનને ચક્રવર્તી કરવાનો તેમનો મુખ્ય ઉદ્દેશ છે. એટલે કે જગતમાં ચાલતી ખંડિત ઉપાસનાના પાસમાંથી મુમુક્ષુઓને મુક્ત કરીને અંશને સકર્તા પતિનો લક્ષબોધ આપવાનો મુખ્ય હેતુ છે, જેથી જગતના અજ્ઞાત જીવો પોતાના સાચા સ્વરુપને ઓળખીને પરમ પિતાને પ્રાપ્ત કરી શકે.

**શ્રોતા સરલ મમોક્ષહુ, સુનહો સકલ ચિત્ત લાય;**
**ભવ ઉત્પન્ન તન જીનું કહું, સ્થિર સ્થાવર જગ માય. ૭૨**

## શબ્દાર્થ

**શ્રોતા** = સાંભળનાર **સરલ** = નિખાલસ, ખુલ્લા હૃદયના **મમોક્ષહુ** = મોક્ષપદની ઈચ્છા રાખનાર, મુમુક્ષુ **સુનહો** = સાંભળો **સકલ** = તમામ **ચિત્ત** = ચિત્ત **લાય** = રાખીને, ધારણ કરીને **ભવ** = વૈરાટ **ઉત્પન્ન** = ઉત્પન્ન **તન** = ઘાટ **જીનું** = જે અંગેનું **કહું** = દર્શાવું **સ્થિર** = જે સ્થિર રહે છે **સ્થાવર** = એવા સ્થાવર જાતિ **જગ** = જગત **માય** = માં.

## અનુવાદ

**(હે) મુમુક્ષુ અને નિખાલસ શ્રોતાજનો ! જગતમાં રહેલી સ્થિર સ્થાવર જાતિના ઘાટોની આદ્ય લઈને વૈરાટની ઉત્પત્તિ વિશે કહું છું તે સૌ ચિત્ત રાખીને શ્રવણ કરો.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનું સકર્તા સિદ્ધાંત પ્રતિપાદન કરતું કેવલજ્ઞાન મોક્ષ(કલ્યાણ) આપનાર છે, પરંતુ જે મુમુક્ષુ સરળ, નિષ્કપટ, નિષ્પક્ષ તેમજ કોઈપણ પ્રકારના પૂર્વાગ્રહથી મુક્ત થઈને એક ચિત્તે શ્રવણ કરે તો જ આ ન્યાયિક સકર્તા સિદ્ધાંતને સમજી શકે છે.

હવે પછીના સ્કંધમાં સર્જનહારે જે રીતે વૈરાટની રચના તેમજ આ જગતમાં રહેલા સ્થિર સ્થાવર જાતિના બધા જ ઘાટોની ઉત્પત્તિ કેવી રીતે કરી તેની માહિતી આપી છે.

**ઓરુ ઈન્દ્રાદિક સુર સર, અણુ આદ્ય બ્રહ્માંડ;**
**વિવિધી ભાત તાહી વિસ્તરહુ, પંચી કરણ પ્રચંડ. ૭૩**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **ઈન્દ્રાદિક** = ઈન્દ્ર વગેરે **સુર સર** = મહાન દેવતાઓ **અણુ** = અણુ **આદ્ય** = લઈને **બ્રહ્માંડ** = બ્રહ્માંડ **વિવિધી** = વિધવિધ, વિવિધ, અલગ-અલગ **ભાત** = પ્રકાર **તાહી** = તેથી, તેનો **વિસ્તરહુ** = વિસ્તારપૂર્વક કહુ છું **પંચી કરણ** = તત્ત્વોનું મિશ્રણ **પ્રચંડ** = મહદ.

### અનુવાદ

**અણુથી માંડી ઈન્દ્રાદિક મહાદેવોની આદ્ય લઈ સમસ્ત બ્રહ્માંડનું જે વિશાળ પંચીકરણ છે, તેનો વિવિધ પ્રકારે વિસ્તાર હું દર્શાવું છું.**

### ભાવાર્થ

મહિમંડ ઈંડમાં અણુથી માંડીને સઘળી વૈરાટની રચનામાં અને ઈન્દ્ર સહિતના તેત્રીસ કરોડ સામાન્ય દેવતાઓ અને છ મહાન દેવતાઓ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા શેષ, કોરમ અને મીંડક) ના દેહની રચનામાં સર્જનહારે આવશ્યક્તા અનુસાર તત્ત્વોનું મિશ્રણ કરેલ છે. તે તત્ત્વોના જુદાજુદા પ્રકારે થતા કાર્ય, સ્થાન અને તેની ફળશ્રુતિ વગેરે પંચીકરણનું વર્ણન પરમગુરુએ આ પંચમ શ્વસંવેદમાં વિસ્તારપૂર્વક કર્યું છે.

**અજ ઈશ્વર પંડિત કવિ, સરસ્વતી શારદ શેષ;**
**સો ગતિ અતિ હમ બરન હુ, તિનકો જાંહી ન પ્રવેશ. ૭૪**

### શબ્દાર્થ

**અજ** = બ્રહ્મા **ઈશ્વર** = અવતારાદિક દેવો **પંડિત** = પંડિતો **કવિ** = કાવ્યના રચનાર **સરસ્વતી** = સરસ્વતી દેવી **શારદ** = શારદા દેવી **શેષ** = શેષજી **સોગતિ** = તે ગતિને **અતિ** = વિસ્તારપૂર્વક **હમ** = હું **બરન હુ** = વર્ણવું છું **તીનકો** = એની **જાંહી** = જ્યાં **ન** = નથી **પ્રવેશ** = પ્રવેશી શકે, પ્રવેશ.

### અનુવાદ

**બ્રહ્મા, અવતારાદિક ઈશ્વરો, સરસ્વતી, શારદા, શેષજી, પંડિતો અને કવિઓની ગતિ જ્યાં પ્રવેશી નથી તે ગતિને હું વિસ્તારથી વર્ણવું છું.**

### ભાવાર્થ

વિશ્વમાં બ્રહ્માજીની આદ્ય લઈ મહાન દેવતાઓ, અવતારાદિક ઈશ્વરો, સરસ્વતી, શારદા, શેષજી તેમજ વિદ્વાન પુરુષો, પંડિતો તથા આધ્યાત્મિક રચના કરનારા કવિઓની સમજ જે પરમપદ સુધી પહોંચી (પ્રવેશી) શકી નથી, તેવા રહસ્યમય અને ગુપ્ત રહેલા પરમપદને પરમગુરુએ આ શ્વસંવેદમાં વિસ્તારપૂર્વક વર્ણવ્યું છે.

**ખુદ ખાવન કૈવલ કુલ, જીનુ અંશ જીવ જહાંન;**
**આયેહુ પ્રથુ ઉતસે ઈત, ધરી તન તિલક શિરાંન. ૭૫**

### શબ્દાર્થ

**ખુદ** = પોતે **ખાવન** = ધણી, સર્જનહાર **કૈવલ** = કૈવલ કર્તા **કુલ** = સર્વના **જીનુ** = જેમના **અંશ** = અંશો **જીવ** = ઘાટોમાં **જહાંન** = વિશ્વના **આયેહુ** = આવ્યા છે **પ્રથુ** = પ્રથમ, પ્રારંભમાં **ઉતસે** = ત્યાં થી **ઈત** = અહીંયા **ધરી** = ધારણ કરીને **તન** = રૂપ **તિલક** = અણી અગ્ર આકાર **શિરાંન** = સ્વરુપે, સમાન.

### અનુવાદ

**કૈવલ કર્તા સર્વના ધણી છે. જગતના પ્રત્યેક ઘાટમાં તેમના જ અંશો છે. પ્રથમ તે અંશો ત્યાંથી અહીં આવ્યા ત્યારે તેમના શિર ઉપર ભાલ તિલકની નિશાની (અણિઅગ્ર રૂપ) ધારણ કરી હતી.**

### ભાવાર્થ

સમસ્ત બ્રહ્માંડની રચનાના કારણ રૂપ સકર્તા સર્જનહાર છે. પોતાના શુદ્ધ સંકલ્પથી પોતાની છ વૃત્તિઓ દ્વારા આ સઘળી રચના રચીને પોતે તો મહદ નિજજાણસ્વરૂપે કૈવલધામમાં જ રહ્યા. રચનાનો આનંદ માણવા માટે ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર તથા જંગમજાતિ સહિત પાંચ પ્રકારના દેહોથી વિભૂષિત વિવિધ ઘાટો બનાવ્યા. તે સર્વે ઘાટોમાં પોતાની સજાતિના અંશો પ્રેરક કર્યા. જ્યારે આ અંશો કૈવલધામમાંથી નીકળી બ્રહ્માંડમાં આવીને ઘાટોમાં પ્રવેશ્યા ત્યારે તેઓ ભાલતિલકવત્ અણિઅગ્ર અંકુર સ્વરૂપે આવ્યા હતા.

**તેહી તિલક નિજ નીરણવું, બરનવું કર્તા સબંધ;**
**જેહી લક્ષસે હી જીવ આયેહુ, તેહી લક્ષ સેહી તનું બંધ. ૭૬**

### શબ્દાર્થ

**તેહી** = તે જ **તિલક** = અણિઅગ્રવાળુ નિશાન **નિજ** = મૂળ **નીરણવું** = નિર્ણય કરીને **બરનવું** = વર્ણન કર્યું છે **કર્તા** = કેવલ કર્તા **સબંધ** = સાથેનો સંબંધ **જેહી** = જે **લક્ષસે હી** = તે જ ઉદ્દેશથી, તે જ લક્ષથી જ **જીવ** = અંશ **આયેહુ** = આવ્યા છે **તેહી લક્ષસે હી** = તે લક્ષથી જ **તનું** = દેહ **બંધ** = બંધારણ, બંધન.

### અનુવાદ

**તે તિલકનો નિજ કર્તા સાથેનો જે સંબંધ છે તેનો નિર્ણય કરીને વર્ણવું છું. જે લક્ષ વડે જીવો આવ્યા તે જ લક્ષ વડે તેઓ શરીરમાં બંધન પામ્યા છે.**

### ભાવાર્થ

અણિઅગ્રવાળા તિલકની જે નિશાની છે તેનો સકર્તા સર્જનહાર સાથે કેવા પ્રકારનો સંબંધ છે તે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અહીંયા નિર્ણય કરીને દર્શાવે છે.

સર્જનહારે જ્યારે તેમના સજાતીય અંશોને બ્રહ્માંડમાં મોકલ્યા ત્યારે તેઓ શુદ્ધ ચૈતન સ્વરૂપે અણિઅગ્ર ભાલતિલકવત્ હતા. તે અંશો પ્રથમ બ્રહ્મભૂમિકામાં પસાર થઈને અનુક્રમે પરમકારણ દેહ, મહાકારણ દેહ, કારણ દેહ અને સૂક્ષ્મ દેહમાં થઈ છેલ્લે સ્થૂળ દેહમાં આવ્યા. સર્જનહારે અંશોને આનંદ માણવાના કલ્યાણકારક ઉદ્દેશથી મોકલ્યા હતા. વળી, બ્રહ્માંડમાં આવ્યા ત્યારે તિલકવત્ અણિઅગ્ર અંકુરીત સ્વરૂપ (લક્ષ) લઈને તે આવ્યા હતા. તે સ્વરૂપે થઈને પાછા જઈ શકે તેવું બંધન રાખ્યું, પરંતુ કર્મને આધારે જન્મ-મરણના ક્રમમાં ભટક્યા કરે છે. બ્રહ્માંડમાં આવ્યા બાદ જેમ જેમ અંશ દેહ બદલતો ગયો તેમ તેમ તેના ઉપર તે તે દેહોની ભૂમિકાનું આવરણ ચઢતું ગયું. જેથી પોતાના શુદ્ધ ચૈતન અણિઅગ્રવાળા અંકુરિત સ્વરૂપ ઉપર દેહના આવરણો વીંટળાઈ ગયા. પોતાની નિજ લક્ષરૂપી આરત જે કર્તા માલિક સાથેની હતી તે દેહના આવરણથી દેહમય થઈ ગઈ. જો તેને કર્તા માલિક પાસે પાછું જવું હોય તો જેવો આવ્યો હતો તેવો અસલ અણિઅગ્ર તિલકવત્ સ્વરૂપે થાય તો જ જઈ શકાય.

**નિજપતિસે જબી વિલસેહુ, રતી અંકુર અણી ભેસ;**
**તેહી કારણ તનું પરમહી, વિખરેહુ વિશ્વ વિદેશ. ૭૭**

### શબ્દાર્થ

**નિજપતિસે** = નિજકર્તાથી **જબી** = જ્યારે **વિલસેહુ** = વિખૂટા પડ્યા **રતી** = પ્રીતિ **અંકુર** = અંકુર **અણી** = અણિદાર **ભેસ** = વેશ, આકાર, દેખાવ **તેહી** = તેનું **કારણ** = કારણે **તનું** = દેહ **પરમહી** = પરમકારણ દેહ **વિખરેહુ** = ફેલાયા, વિખરાયા **વિશ્વ** = વિશ્વમાં **વિદેશ** = પરદેશમાં.

### અનુવાદ

**અંશો નિજ કર્તાથી જ્યારે છૂટા પડીને વિશ્વરૂપ વિદેશમાં વિખરાયા, ત્યારે અણિઅગ્ર અંકુરિત સ્વરૂપમાં પ્રીતિ ધરાવતા હતા અને તેના કારણે જ પરમકારણ દેહમાં પ્રવેશી શક્યા.**

### ભાવાર્થ

પરમપિતા કૈવલકર્તાથી છૂટા પડીને અંશો વિશ્વરૂપ વિદેશમાં વિખરાયા ત્યારે પોતાના અણિઅગ્ર અંકુરિત સ્વરૂપમાં પ્રિતિ રાખીને આરતવંત હતા. તે અંશોએ બ્રહ્મભૂમિકામાં પ્રવેશીને પ્રણવને સાથે લઈને આ અણિઅગ્રતાના કારણે જ અન્ય ભૂમિકાઓમાં પ્રવેશી શક્યા. નિરંજનતત્ત્વ રૂપી પરમકારણ દેહમાં સૌ પ્રથમ પ્રવેશ કર્યો, આ પરમકારણ દેહમાં આરતપૂર્વક ઘણા કાળ રહીને પરિપક્વ થયા બાદ નિરંજનતત્ત્વનું તેજ તેમનામાં આવ્યું.

**મલિન આદ્ય શુભ સુર લહુ, ખાણ ચતુર કરમીર;**
**વિવિધ ભાત જીત તીત જીવ, કોઉ કોહુ ધરે શરીર. ૭૮**

### શબ્દાર્થ

**મલિન** = અપવિત્ર, દુષ્ટ **આદ્ય** = થી લઈને, સહિતના **શુભ** = પવિત્ર, પુનિત, મંગલકારી **સુર** = દેવો **લહુ** = સુધીના **ખાણ** = યોની **ચતુર** = ચાર **કરમીર** = કર્મો અનુસાર, કર્મ બંધન યુકત **વિવિધ** = જુદાજુદા **ભાત** = ભાતભાતના **જીત તીત** = જ્યાં, ત્યાં **જીવ** = જીવ **કોઉ કોહુ** = કોઈ ને કોઈ **ધરે** = ધારણ કરે **શરીર** = શરીર, દેહ.

### અનુવાદ

**દુષ્ટોની આદ્ય લઈને મંગલકારી દેવો સહિત કર્મ બંધન યુક્ત ચાર પ્રકારની ખાણોમાં જ્યાં ને ત્યાં જુદી જુદી જાતના કોઈ ને કોઈ શરીર ધારણ કરે છે.**

### ભાવાર્થ

અંશો કર્તાના ધામમાંથી નીકળી બ્રહ્મભૂમિકામાં પ્રવેશ્યા બાદ પ્રથમ પરમકારણ દેહમાં આવ્યા બાદ મહાકારણ, કારણ અને સૂક્ષ્મ દેહોમાં અનુક્રમે પ્રવેશ્યા, જેથી જુદાજુદા દેહોનો પટ લાગ્યો. જેમાં વિશેષ અને પરમવિશેષ અંશો મહદ દેવ તનુ સહિત સામાન્ય દેવ-દેવીઓનાં તેત્રીસ કરોડ ઘાટમાં રમણ કરવા લાગ્યા. છેલ્લે સામાન્ય અંશોએ સ્થૂળદેહની ભૂમિકા કે જે કર્મ બંધન યુક્ત ચાર પ્રકારની ખાણોમાં પોતપોતાના કર્મો અનુસાર શરીર (ઘાટો) ધારણ કર્યા. આ પ્રમાણે સર્જનહારે નક્કી કરેલી ચાર ખાણ -ઈંડજ, જરાયુજ, ઉદ્‌બીજ અને સ્વેદજના ચોર્યાસી લાખ પ્રકારના નાનામાં નાના સૂક્ષ્મ ઘાટોથી માંડીને મહાનમાં મહાન ઘાટોમાં અંશોનું ભ્રમણ થતું રહ્યું છે.

**તરણ આદ્ય ઓરુ કીટ અજ, રજ તજ સજે જુ વેખ;**
**સર્વ તનુ પર નિજ પતિનકે, ચીન દીન અણી રેખ. ૭૯**

### શબ્દાર્થ

**તરણ** = તરણાની **આદ્ય** = થી માંડીને **ઓરુ** = બીજા **કીટ** = કીટ જાતિ **અજ** = બ્રહ્મા **રજ તજ** = નાના મોટા

**સજે** = સજેલું **જુ** = જે પ્રમાણેના **વેખ** = વેશવાળુ **સર્વ તનુ પર** = દરેક ઘાટ ઉપર **નિજ પતિન કે** = નિજ પતિનું **ચીન** = ચિહ્ન- ઓળખાણ **દીન** = આપી દીધેલું છે **અણિ રેખ** = અણિયાળી રેખાઓ વાળું.

### અનુવાદ

**તૃણ જાતિ અને કિટ જાતિથી લઈને બ્રહ્મા સુધીના નાનામોટા જે પ્રમાણે વેશ ધારણ કરે છે, તે તમામ ઘાટો પર સકર્તા નિજ પતિની ઓળખ રૂપે અણિયાળી રેખાવાળું ચિહ્ન આપેલું છે.**

### ભાવાર્થ

સંસારમાં સ્થાવર જાતિમાં ઘાસના તણખલાથી માંડીને જંગમજાતિમાં કીટ સહિતના અનેક પ્રકાર નાનામોટા ઘાટોની રચના થઈ છે. તે જ રીતે બ્રહ્માથી માંડીને દેવ કોટિમાં નાનામોટા અનેક દેવ-દેવીઓની રચના થયેલી છે. તે તમામ પ્રકારના ઘાટોમાં સકર્તા સર્જનહારે નિજપતિના લક્ષની ઓળખ રૂપે અણિયાળી રેખાવાળાં અનુપમ ચિહ્નો આપેલાં છે.

**ચીન ભાલ અણી અગ્રજેહ, નિજ ઘરકા ફુરમાન;**
**સકલ અંશ તીત સે ઈત, લાયેહુ સધર પ્રમાન. ૮૦**

### શબ્દાર્થ

**ચિન** = ચિહ્ન **ભાલ અણી અગ્ર** = ભાલ જેવું અણિ અગ્રવાળું **જેહ** = જે છે તે **નિજ ઘરકા** = મૂળવતનના **ફુરમાન** = આદેશ, મુજબ **સકલ અંશ** = દરેક અંશો **તીત સે ઈત** = ત્યાંથી અહીંયા **લાયેહુ** = લાવ્યા છે **સધર** = સધ્ધર, મજબૂત **પ્રમાન** = સાબિતી રૂપે, પરવાના રૂપે પ્રમાણ.

### અનુવાદ

**ભાલાના આકાર જેવું આગળથી અણિવાળુ જે નિશાન નિજ ઘરના આદેશ મુજબ સઘળા અંશો ત્યાંથી (કૈવલધામમાંથી)આ બાજુ(બ્રહ્માંડમાં) સચોટ પ્રમાણ લઈને આવ્યા છે.**

### ભાવાર્થ

સર્વ અંશો કૈવલધામમાંથી વિખૂટા પડીને બ્રહ્માંડમાં આવ્યા, ત્યારે તેમની સાથે નિજ ઘરના ફરમાન મુજબ સાબિતીરૂપે એક સચોટ પરવાના (આજ્ઞા)રૂપ ભાલાના આકાર જેવું આગળથી અણિવાળું નિશાન લઈને આવેલા છે.

**સોહી ઘર સધર પ્રમાનગી, બાનગી વિનુ ન રેખ;**
**તેહુ ઘટ ઘટ દર્શાવહુ, જબી હમ પુરુષ અલેખ. ૮૧**

### શબ્દાર્થ

**સોહી** = તે **ઘર** = મૂળવતન, કૈવલધામ **સધર** = સધ્ધર **પ્રમાનગી** = પરવાનારૂપ, આજ્ઞારૂપ **બાનગી** = નમૂના, રચના, બનાવેલ કૃત **વિનુ** = વગરની **ન** = નહીં **રેખ** = લેશમાત્ર **તેહુ** = તે **ઘટ ઘટ** = ઘટ ઘટમાં **દર્શાવહુ** = દર્શાવું છું **જબી** = એટલે જ **હમ** = હું **પુરુષ** = પુરુષ **અલેખ** = અલેખ.

### અનુવાદ

**તે ઘરના સચોટ (ચોક્કસ) પરવાના વગર લેશમાત્ર રચના બાકી નથી. તેનું પ્રમાણ દરેક ઘટ-ઘટમાં દર્શાવું છું, કારણ કે હું અલેખ પુરુષ છું.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અલેખ પુરુષ છે, તેથી સર્જનહારની દરેક રચનામાં રહેલા નિજઘરના અણિઅગ્રવાળા નમૂનાનું પ્રમાણ ન્યાયપૂર્વક દર્શાવે છે. તે સચોટ (ચોક્કસ) નમૂનાના પરવાના વગર એકપણ રચના બાકી નથી, કારણ કે સકર્તા પતિ સર્જનહારે દરેક બીજકોના અંકુરમાં જ તે પરવાના રૂપ ચિહ્ન મુકી દીધું છે. સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોવાથી સર્જનહારની આ અદ્‌ભુત રચનાને તેઓ જાણે છે અને તે જાણ આ પંચમ શ્વસંવેદમાં જણાવે છે.

**અંગ તિલક ચિંતામણી, અણી અગ્ર જેહી અંક;**
**શિર ધરકે જીવ જીત તીત, પતિ પખે ફરત નિશંક. ૮૨**

### શબ્દાર્થ

**અંગ** = શરીર ઉપર **તિલક** = ભાલતિલકની નિશાની **ચિંતામણી** = ચિંતામણિ તુલ્ય **અણી અગ્ર** = આગળ અણિવાળા **જેહી** = જે **અંક** = નિશાની **શિર** = મસ્તક **ધરકે** = ધારણ કરીને **જીવ** = જીવ **જીત તીત** = જ્યાં ત્યાં, કોઈપણ સ્થળે **પતિ પખે** = પતિ પક્ષે **ફરત** = ફરી શકશે **નિશંક** = ડર રાખ્યા વગર.

### અનુવાદ

**અણિઅગ્રવાળી(ભાલ) તિલકની નિશાની ચિંતામણિ સમાન છે, જે જીવો તે નિશાની રૂપ તિલક મસ્તક પર ધારણ કરે તે જીવો પતિ પક્ષના હોઈ (વિશ્વમાં) ગમે ત્યાં નિશંકપણે (નિડરપણે) ફરી શકે છે.**

### ભાવાર્થ

સર્જનહારે બધી જ રચનામાં અણિઅગ્રવાળા તિલકની નિશાની પતિ પક્ષના પરવાના રૂપે પોંખેલી છે, જે ચિંતામણિ સમાન છે. જે જીવો પરમગુરુના ચરણોમાં સમર્પિત થયેલા છે અને જેમણે સકર્તા સિદ્ધાંત મુજબ કંઠી ઉપદેશ લીધેલો છે, તેવા મુમુક્ષુઓએ ભાલતિલકની નિશાની અવશ્ય ધારણ કરવી જોઈએ. કારણ કે તેઓ તો સકર્તા સર્જનહારના પક્ષને દૃઢ કરાવતા કાયમપંથી અનુયાયીઓ

કહેવાય. જેથી તેવા દરેક મુમુક્ષુ ભાલતિલકના પ્રતાપે કાળ-માયાના ડર રાખ્યા સિવાય વિશ્વમાં નિ:શંક પણે કોઈપણ સ્થળે ફરી શકે અને ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરી મોક્ષ માર્ગે ગમન કરી શકે.

**સો નિજપતિસે બગાર કર, ગુનેગાર જીવ હોય;**
**ખાનપાન જીનુ જેહી જેહી, સરખુ ન પોખે સોય. ૮૩**

### શબ્દાર્થ

**સો** = તે **નિજપતિસે** = સકર્તાપતિની સાથે **બગાર કર** = બગાડીને **ગુનેગાર** = ગુનેગાર **જીવ** = જીવ **હોય** = થાય છે **ખાનપાન** = ખાવાપીવાનું, પોષણ **જીનું** = જેનું **જેહી જેહી** = જેવું **સરખુ** = એક સમાન **ન** = નહીં **પોખે** = આપે **સોય** = તેઓ.

### અનુવાદ

**જે અંશ નિજપતિ સાથે બગાડે છે, તેવા જીવો (કર્તાના) ગુનેગાર બને છે, (જેથી) તેને જેવું જોઈએ તેવું સમાન ખાન-પાન સર્જનહાર પોંખતા નથી.**

### ભાવાર્થ

સકર્તા પતિના ધામમાંથી અંશ પાછા જવાના પરવાના રૂપે અણિઅગ્ર આરત રૂપ તિલક નિશાની લઈને જ આવ્યો છે. જેથી પરમગુરુએ કાયમપંથી અનુયાયીઓને પોતાના મસ્તક ઉપર ભાલતિલકની નિશાની પ્રતિક રૂપે ધારણ કરવાની આજ્ઞા આપી છે. શિષ્યની ફરજ છે કે ગુરુના આદેશનું પાલન કરવું. છતાં જેઓ ગુરુ વચનોની અવગણના કરીને ભાલતિલક કરતા નથી તથા પોતાના ચૈતન અણિઅગ્ર અંકુરિત સ્વરૂપને ભૂલીને જગતમાં સ્વચ્છંદતાથી ફરે છે તેઓ નિજપતિના ગુનેગાર બને છે. સર્જનહારે ગુના પ્રમાણે જે તે પ્રકારની શિક્ષા ભોગવવા માટે કર્મના સિદ્ધાંતની ગોઠવણી કરેલી છે. તે ન્યાયે નિજપતિના ગુનેગારોને પણ યથાયોગ્ય (કર્મ મુજબ) શિક્ષા ભોગવવી જ પડે છે. જેથી સર્જનહારના નિયમોનું પાલન નહીં કરનારને કર્તા આવશ્યકતા અનુસાર એક સરખું ખાન-પાન રૂપ સુખ આપતા નથી.

**આપ આપને અવગુણ સબે, ભુગતત સુખ દુ:ખ સંચ;**
**નિજપતિ તખતકી તાડના, કોઉકુ કછુ ન રંચ. ૮૪**

### શબ્દાર્થ

**આપ** = પોતે **આપને** = પોતાના **અવગુણ** = ખરાબ ગુણો (કર્મો) **સબે** = બધા **ભુગતત** = ભોગવે છે **સુખ દુ:ખ** = સુખ અને દુ:ખ **સંચ** = પૂર્વજન્મના બાકી રહેલાં સંચિત કર્મ **નિજપતિ** = સર્જનહાર **તખતકી** = અમલની, ધામની **તાડના** = શિક્ષા **કોઉકુ** = કોઈને પણ **કછુ** = કાંઈ પણ **ન** = નહીં **રંચ** = સહેજ પણ.

## અનુવાદ

**નિજપતિ પોતાની રીતે કોઈને રંચમાત્ર શિક્ષા કરતા નથી, પરંતુ બધા પોતપોતાના ગુણ અવગુણોવાળા સંચિત કર્મોને કારણે સુખ-દુઃખ ભોગવી રહ્યા છે.**

## ભાવાર્થ

સર્જનહાર તરફથી મળેલ વિભૂતિઓને ભોગવવાનો સૌને એક સરખો અધિકાર છે. ચાહે તે પુણ્યશાળી હોય કે પાપી. સર્જનહાર કોઈ પણ જીવ પ્રત્યે ભેદભાવ રાખતા નથી. સર્જનહારની બક્ષેલી વિભૂતિથી કોઈ વંચિત રહે તેનું કારણ તેના કર્મનું પરિણામ છે. સર્જનહારે તો દરેકને કર્મ કરવા માટે સ્વતંત્ર રાખ્યા છે. મન, વચન અને શરીરથી કરેલાં કર્મોનાં ફળ સર્જનહારના નિયમ અનુસાર દરેક અંશને ભોગવવાં પડે છે. ભલે પછી તે સત્કર્મ હોય કે દુષ્કર્મ (પાપ કે પુણ્ય), પરંતુ કર્મોનો સરવાળો કે બાદબાકી થતી નથી. બધાં જ કર્મનાં ફળ એક જ જન્મે ભોગવવાનું બની શકે તેવું પણ નથી. આવી રીતે ભોગવાતાં બાકી રહેલાં (અનેક) પૂર્વજન્મનાં ભેગા થયેલાં કર્મોના સમૂહને સંચિત કર્મો તરીકે ગણવામાં આવે છે. જેથી ગમે તે દેહધારણ કરીને પણ અંશે પોતે જ પોતાનાં સંચિત કર્મોનાં ફળ ભોગવવાં પડે છે, પરંતુ કર્તા કોઈ જીવ સાથે દ્વેષપૂર્ણ વ્યવહાર રાખતા નથી કે શિક્ષા કરતા નથી.

**નિજ ક્રત વૃત સબ જહાંનહી, જ્ઞાન વિના ગમ ગોય;**
**તબ લગી જીવ ન પાવહી, ખુદ પતિ ગતિ નકોય. ૮૫**

## શબ્દાર્થ

**નિજ** = પોતાના (સર્જનહારના) **ક્રત** = રચનામાં **વૃત** = વર્તે છે **સબ** = બધા, સર્વે **જહાંનહી** = વિશ્વમાં, જગતમાં **જ્ઞાન વિના** = જ્ઞાન વગર **ગમ** = જાણ, સમજ **ગોય** = ગુમાવીને **તબ લગી** = ત્યાં સુધી **જીવ** = જીવો **ન પાવહી** = પામી ન શકે **ખુદ પતિ** = મૂળ માલિકની **ગતિ** = સમજ **ન કોય** = કોઈ નહીં.

## અનુવાદ

**નિજ ગમ ગુમાવીને સમજના અભાવે જગતના બધા જીવો જ્યાં સુધી નિજ કર્તાની રચનામાં વર્તે ત્યાં સુધી કોઈપણ જીવ કર્તાની ગતિને પ્રાપ્ત કરી શકશે નહીં.**

## ભાવાર્થ

સમસ્ત વિશ્વના જીવો - પ્રકૃતિના બંધનમાં જકડાઈને જીવે છે આથી પોતાના સ્વ-ચૈતન સ્વરૂપની જાણ રહી નથી. આમ જગતના જીવો સર્જનહારના ક્રતમાં જ, અર્થાત્ તેમણે બનાવેલી રચનાના ફંદમાં જ ફસાયેલા રહ્યા છે. તેથી તત્ત્વાતિત સર્જનહારની સમજ પ્રાપ્ત કરી શક્યા જ નથી. મુમુક્ષુ જીવોએ ત્રણ ગુણોને પોતાના ઈષ્ટદેવ માન્યા અને જેની જ્ઞાન ગતિ વિશેષ પહોંચી તેવા પુરુષો,

બ્રહ્મપદને અંતિમ અને છેવટનું પદ માનીને તેમાં જ વર્તમાન કરી રહ્યા છે. જ્યાં સુધી જીવો સગુણ અને નિર્ગુણ બ્રહ્મપદમાં જ ફસાયેલા રહેશે ત્યાં સુધી ખુદ કર્તાની ગતિ મેળવીને પરમપદ પ્રાપ્ત કરી શકશે નહીં. અને સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય અને સાંન્નિધ્ય એમ ચાર પ્રકારની મુક્તિમાં સંતોષ અનુભવી જન્મ-મરણના ક્રમમાં ભટક્યા કરશે.

**પણ શિર અંક પ્રતાપસુ, ખુદસે ખરા કરાર;**
**મહાદ મોક્ષ નહીં ગુરુ વિના, ઓરુ પોખત તનું આહાર. ૮૬**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **શિર** = મસ્તક ઉપર **અંક** = નિશાની **પ્રતાપસુ** = પ્રભુત્વ, પ્રભાવ **ખુદસે** = ખુદાથી, કર્તાથી **ખરા** = સાચો **કરાર** = કબૂલાત, ઠરાવ **મહાદ મોક્ષ** = પરમપદ **નહીં** = ન મળે **ગુરુ વિના** = ગુરુ વગર **ઓરુ** = બાકીના **પોખત** = પોખે છે **તનું** = શરીરના **આહાર** = ખોરાક, પોષણ, ઈન્દ્રિયોને પોષણ કરે.

### અનુવાદ

**શિર ઉપર અંકિત તિલક સર્જનહાર સાથેના સંબંધનો કરાર હોઈ તેના પ્રતાપથી શરીરને જરૂરી આહાર (મળે) પોખે, પરંતુ અખંડ મોક્ષ ગુરુ વિના થાય નહીં.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિના સર્જનહાર એક જ છે અને અણુથી બ્રહ્માંડ સુધીના દરેક સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ આદિ દરેક દેહમાં તે કર્તાનો જ અંશ વસેલો છે. દરેકના શિર ઉપર અણિઅગ્ર અંકુરની નિશાની એક સમાન પ્રસ્થાપિત થયેલી હોઈ બધાનો સર્જનહાર એક જ છે તેમ સાબિત થાય છે. તેથી જ સર્જનહારે કોઈ પ્રકારનો ભેદ રાખ્યા સિવાય આવશ્યકતા અનુસાર અર્થાત્ કીડીને કણ અને હાથીને મણ પ્રમાણે આહારની વ્યવસ્થા કરેલી છે.

પરંતુ જો અંશને આ જન્મ-મરણના ક્રમમાંથી નીકળી સકર્તાપતિના સાંનિધ્યમાં જઈ પંચમી અખંડ કેવલ મુક્તિ પ્રાપ્ત કરવી હોય તો પરમગુરુના શરણ વિના અન્ય કોઈ ઉપાય જ નથી.

**ખુદ ઘર ગમ ધર જા દિન કે, તોપે વદિત વચન;**
**નારણદાસ ધન્ય તુજ ગતિ, રતિ મોપે તન મન. ૮૭**

### શબ્દાર્થ

**ખુદ ઘર** = પરમપદ ની, કૈવલધામની **ગમ** = જાણ **ધર** = ધારણ કરીને **જા દિન કે** = જે દિવસથી નીકળ્યો તે દિવસથી **તોપે** = તારા પ્રત્યે **વદિત** = ઉચ્ચાર કર્યા **વચન** = વાણી **નારણદાસ** = પુજ્ય નારણદાસ મહારાજ **ધન્ય** = ધન્ય છે **તુજ ગતિ** = તમારી સમજને **રતિ** = આરતપૂર્વક **મોપે** = મને અર્પણ કર્યું છે **તન મન** = તન અને મન.

### અનુવાદ

**જે દિવસથી ખુદ ઘર (કૈવલધામ ) ની જાણ લઈને આવ્યો તે જ વચનો મેં તને કહ્યા છે. હે નારણદાસ ! તારી ગતિને ધન્ય છે કે તારું તન અને મન તે મારા પ્રત્યે આરતપૂર્વક અર્પણ કર્યું છે.**

### ભાવાર્થ

પરમગુરુના સાન્નિધ્યમાં ઘણાં વિદ્વાન અને સમર્પિત સંતો-ભક્તો કૈવલ જ્ઞાનમાં રસબસ થઈને રહેતાં હતા, પરંતુ તેમાં વિશેષ સમજ ધરાવનાર અને સંપૂર્ણપણે તન અને મન અર્પણ કરીને પરમગુરુના ચરણોના અભિલાષી થઈને અધિકાર પ્રાપ્ત કરનાર એકમાત્ર પૂજ્ય નારણદાસ મહારાજ હતા. પરમગુરુ કૈવલધામથી નીકળીને બ્રહ્માંડમાં આવ્યા ત્યારે જે લક્ષની ગમગતિ સાથે લાવ્યા હતા, તે જ અલૌકિક લક્ષ, તેમણે પૂજ્ય નારણદાસ મહારાજને દર્શાવ્યો અને તેમને અધિકારની યોગ્યતા બદલ ધન્યવાદ પણ આપ્યા.

**ધરમદાસ ગઢ બાંદુકે, જયૌ થે કબીર હજુર;**
**તેસેહી તુજ નારણ ચિત્ત, મમ ચરનન ચકચૂર. ૮૮**

### શબ્દાર્થ

**ધરમદાસ** = ધરમદાસ **ગઢ બાંદુકે** = બાંધુગઢના **જયૌ** = જેવી રીતે **થે** = હતા **કબીર** = સદ્ગુરુ કબીરસાહેબની **હજુર** = સન્મુખ, સાંનિધ્ય **તેસેહી** = તેવી જ રીતે **તુજ** = તમો **નારણ** = પૂજ્ય નારાણદાસ **ચિત્ત** = ચિત્તને **મમ** = મારા **ચરનન** = ચરણોમાં **ચકચૂર** = તલ્લીન, મશગૂલ, એકતાર.

### અનુવાદ

**જેવી રીતે બાંધુગઢના ધર્મદાસ કબીરસાહેબની હજૂરમાં રહેતા હતા, તેવી જ રીતે હે નારણદાસ ! તારું ચિત્ત મારા ચરણમાં ચકચૂર છે.**

### ભાવાર્થ

સદ્ગુરુ કબીરસાહેબના અનેક મુંડિત સાધુ-સંતો અને ભક્તજનો હતા, પરંતુ બધામાં જ્ઞાનના એકમાત્ર અધિકારી બાંદુગઢના શેઠ ધર્મદાસ હતા. તેવી જ રીતે પરમગુરુના ચરણકમળમાં જ ચિત્તને જોડીને હરહંમેશ તેમની સંગ રહેનાર એકમાત્ર યોગ્ય અધિકારી પૂજ્ય નારણદાસ મહારાજ હતા. પૂજ્ય નારણદાસ મહારાજમાં પરમગુરુના જ્ઞાનને ઓળખવાની ગતિ હતી. વેદો, શાસ્ત્રો અને પુરાણોના ગહન અભ્યાસ થકી તેઓ અનેક ભેખધારી મહાપુરુષોના સંપર્કમાં આવ્યા હતા, પરંતુ તે જ્યારે પરમગુરુના સંપર્કમાં આવ્યા ત્યારે તેમણે સગુણ-નિર્ગુણથી તિત સર્વશ્રેષ્ઠ સકર્તા સિદ્ધાંત છે તેવું સ્વીકારી લીધું. વર્ષોથી તેમના હૃદયમાં

જે પરંપરાગત માન્યતા દૃઢ થઈ હતી તે ત્યજીને તેઓ તુરંત પરમગુરુના શરણમાં સમર્પિત થઈ ગયા હતા. ચતુરમુક્તિથી પર પંચમી અખંડ કૈવલ મુક્તિ મેળવવા માટે તેમના હૃદયમાં એટલો બધો તીવ્ર વ્રેહ પ્રગટ્યો કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે તેમને નરવેદસાગર એટલે કે વૈરાગ્યના સાગરની ઉપાધિ આપી.

**નારણદાસ તોઈ નરણવી, દેખેહુ નિજ અધિકાર;**
**સ્વપ્નાંતર અંતર નહીં, મમ ચિતવન એકતાર. ૮૯**

### શબ્દાર્થ

**નારણદાસ** = પૂજ્ય નારણદાસજી **તોઈ** = તેથી **નરણવી** = નિર્ણય કર્યો કે **દેખેહુ** = દિઠું, જોયું તો **નિજ** = પોતાના **અધિકાર** = અધિકારી, પાત્રતા ધરાવતા, લાયક **સ્વપ્નાંતર** = સ્વપ્નમાં પણ **અંતર** = દૂર **નહીં** = નહીં **મમ ચિતવન** = મારામાં જ ચિત્તનો **એકતાર** = એકમેક, એકાગ્રતા.

### અનુવાદ

**હે નારણદાસ ! મેં નિર્ણય કરીને જોયું છે કે તું જ મારા નિજ જ્ઞાનનો અધિકારી છે. કારણ કે મારા પ્રત્યે તારા ચિત્તની એકાગ્રતા સ્વપ્નમાં પણ દૂર થતી નથી.**

### ભાવાર્થ

પૂજ્ય નારણદાસ મહારાજની ચિત્તવૃત્તિ પરમગુરુના ચરણકમળમાંથી સહેજ પણ અલગ થતી ન હતી. અર્થાત્ પૂજ્ય નારણદાસ મહારાજને જ્ઞાન પ્રાપ્તિની આતુરતા તેમજ તેમની સમર્પણ ભાવના પરમગુરુના ચરણોથી એકક્ષણ માટે પણ અલગ થતી ન હતી. એટલું જ નહીં, પરંતુ તેઓ સ્વપ્નાંતરે પણ પરમગુરુથી અલગ (દૂર) થતા ન હતા. અર્થાત્ તેમનું ચિત્ત પરમગુરુ સિવાય ક્યાંય અટકતું ન હતું. એક ક્ષણભર પણ પરમગુરુનું સ્મરણનુ છુટતુ ન હતું. આ તમામ બાબતને લઈને જ પરમગુરુએ અંશ-અંશીના લક્ષની ગતિના અધિકારી માત્ર પૂજ્ય નારણદાસ મહારાજ છે તેવો નિર્ણય કર્યો હતો.

**નારણદાસ ધન્ય તુજ સમો, જુગમે પ્રિય ન કોય;**
**જબીત પ્રતિત ગતિ પરમકી, કહન આયેહુ મમ તોય. ૯૦**

### શબ્દાર્થ

**નારણદાસ** = પૂજ્ય નારણદાસજી **ધન્ય** = ધન્યવાદ છે **તુજ સમો** = તારા જેવા **જુગમે** = જગતમાં **પ્રિય** = પ્રિય, વહાલો **ન કોય** = કોઈ નથી **જબીત** = જેથી જ **પ્રતિત** = વિશ્વાસ **ગતિ** = સમજ, જાણ **પરમકી** = પરમપદની **કહન** = કહેવા **આયેહુ** = આવ્યો છું **મમ** = હું **તોય** = તને.

### અનુવાદ

**હે નારણદાસ ! તને ધન્ય છે. આ જગતમાં તારા સમાન મને બીજો કોઈ પ્રિય નથી. જ્યારે મને એવો વિશ્વાસ થયો ત્યારે જ હું તને પરમપદની ગતિ (જ્ઞાન) જણાવું છું.**

### ભાવાર્થ

પરમગતિની જાણ બક્ષવા માટે જ્યારે પરમગુરુને સંપૂર્ણ વિશ્વાસ બેઠો, ત્યારે તેઓ પૂજ્ય નારણદાસ મહારાજને હૃદયપૂર્વક ધન્યવાદ પાઠવે છે. જેના માટે પરમગુરુ જગતમાં આવ્યા છે તે નિજપતિનો પરમલક્ષ અધિકારી સિવાય અન્યને આપી શકાય નહીં. આમ કૈવલ કર્તાની ગતિ પ્રાપ્ત કરવા માટે પૂજ્ય નારણદાસ જેવા યોગ્ય અધિકારી પાત્રની પહેચાન થતાં જ પરમગુરુ સંતોષની લાગણી અનુભવે છે. અને જગતમાં પૂજ્ય નારણદાસ સિવાય અધિક પ્રિય અન્ય કોઈ જ નથી તે આ ચોપાઈથી જાહેર કરે છે.

**ઓર સકલ નિજ સંતહી, મમ ચરનન જીનું ચાય;**
**એહિ લક્ષ તિનહી બતાવહુ, અતિ અંતર ઉર લાય. ૯૧**

### શબ્દાર્થ

**ઓર** = બીજા **સકલ** = બધા **નિજ** = પોતાના **સંતહી** = સંતો **મમ** = મારા **ચરનન** = ચરણોને **જીનું** = જેને **ચાય** = ચાહના, અપેક્ષા, ચાહત **એહી** = તે **લક્ષ** = લક્ષ **તિનહી** = તેઓને **બતાવહુ** = બતાવીશ **અતિ** = અપાર **અંતર ઉર** = ઉર, અંતર, હૃદયમાં **લાય** = લાવીને.

### અનુવાદ

**મારા અન્ય સંતો કે જેઓ મારા ચરણની ચાહના રાખે છે તેમને પણ હૃદયમાં અત્યંત ઉમંગ લાવીને એ જ લક્ષ બતાવીશ (આપીશ).**

### ભાવાર્થ

પરમગુરુના શરણમાં આવી, મુંડિત સાધુ-સંતો અને અપાર ભક્તજનો સત્સંગનો લાભ લેતા હતા તે તમામ પૈકી જેઓ પરમગુરુના ચરણમાં પ્રેમ અને સમર્પણની ભાવના રાખીને અધિકાર પ્રાપ્ત કરશે તે સર્વેને (પરમગુરુ) પોતાના હૃદયમાં અત્યંત આનંદ લાવીને પરમપદના (અગમ ગતિના) લક્ષનું અવશ્ય દાન કરશે.

**નારણદાસ નિજ તિલકકે, મર્મ બતાવહુ તોય;**
**ઓરુ નિજપતિ ગમ ગાવહુ, તોપે રખુ ન કોય. ૯૨**


धर्मदास तोहि लाख दुहाई, सार शब्द कहीं बाहर नहीं जाई।
सार शब्द बाहर जो परि है, बिचली पीढ़ी हंस नहीं तरि है ॥
- कबीर
कबीर सागर, जीव धर्म बोध, बोध सागर



જેહી નિજપતિ ગતિ અતિ કહુ, મહેરબાન હોઈ તોય;
તેહી ગતિ ઓરપે ન બક્ષાહી, સોગન સાત તુજ મોય.

### શબ્દાર્થ

**નારણદાસ** = પૂજ્ય નારણદાસ **નિજ** = મૂળ **તિલકકે** = તિલકનો **મર્મ** = સમજ, રહસ્ય **બતાવહુ** = બતાવું છું **તોય** = તમને **ઓરુ** = તેમજ **નિજપતિ** = સર્જનહાર, પરમપિતા **ગમ** = ગતિ, સમજ **ગાવહુ** = ગાઉં છું, દર્શાવું છું **તોપે** = તમારાથી **રખુન** = રાખીશ નહીં **કોય** = કંઈપણ બાકી.

### અનુવાદ

**હે નારણદાસ ! તમને નિજ તિલકનો મહિમા બતાવું છું તેમજ પરમપિતાની સમજ દર્શાવું છું. કારણ કે તમારાથી કાંઈ હું કશું ગુપ્ત રાખીશ નહીં.**

### ભાવાર્થ

અહીં પરમગુરુ પૂજ્ય નારણદાસને ભાલતિલકનું રહસ્ય(મર્મ) અને કૈવલકર્તાની સમજ દર્શાવે છે. પરમગુરુને પૂજ્ય નારણદાસ પ્રત્યે એટલો બધો દૃઢ વિશ્વાસ હતો કે તેઓ પૂજ્ય નારણદાસ મહારાજને જણાવે છે કે સકર્તા સર્જનહારના પરમ લક્ષની માહિતી તેમનાથી ગુપ્ત રાખશે નહીં.

**જેહી નિજપતિ ગતિ અતિ કહુ, મહેરબાન હોઈ તોય;**
**તેહી ગતિ ઓરપે ન બક્ષહી, સોગન સત તુજ મોય. ૯૩**

### શબ્દાર્થ

**જેહી** = જેથી **નિજપતિ** = પરમપિતા સર્જનહારની **ગતિ** = સમજ **અતિ** = અપરંપાર છે **કહુ** = કહુ છું **મહેરબાન** = કૃપા, પ્રસન્ન **હોઈ** = થઈને, હોવું **તોય** = તારા ઉપર **તેહી ગતિ** = તે સમજ **ઓરપે** = બીજાને **ન** = નહીં **બક્ષહી** = બક્ષિશ કરતો **સોગન** = સોગંદ, સમ, પ્રતિજ્ઞા, શપથ **સત** = સો વખત **તુજ** = તને **મોય** = મારા.

### અનુવાદ

**તારા પર મહેરબાની (કૃપા) કરીને નિજપતિની જે અપરંપાર ગતિ છે જે તને કહું છું. સો વખત મારા સોગંદ આપીને તને જણાવું છું કે તે ગતિ અન્ય કોઈને બક્ષિશ કરીશ નહીં.**

### ભાવાર્થ

પૂજ્ય નારણદાસની સમર્પણ ભાવનાથી પરમગુરુ ખૂબ જ પ્રસન્ન હતાં. તેથી જ તેમને નિજપતિના પરમલક્ષની પરમગતિ બક્ષિશ કરી છે, પરંતુ નિજપતિના લક્ષની ગતિ અન્ય વ્યક્તિને બક્ષિશ ના આપવા માટે સો વખત સોગંદ આપે છે એટલે કે આ પરમગતિનો લક્ષ તેમણે પોતાના હૃદયમાં રાખવાનો છે, પરંતુ અન્યને બક્ષિશ કરવાનો અધિકાર આપ્યો નથી. અર્થાત્ પરમલક્ષની ગતિ બક્ષવાના અધિકારથી વંચિત રાખ્યા છે.

**હમ બક્ષી ગતિ તોહીનકુ, તોહીકા તોહી ઉર રાખ;**
**દેખહુ નિજ અધિકારી કોહો, તેહી જનકુ મમ દાખ. ૯૪**

### શબ્દાર્થ

**હમ બક્ષી** = મેં જે અર્પણ કરી છે તે **ગતિ** = સમજ **તોહીનકુ** = તમને **તોહીકા તોહી** = તમારા પોતાના **ઉર** = હૃદયમાં **રાખ** = રાખો **દેખહુ** = જણાય તો **નિજ અધિકારી** = અધિકારી જન **કોહો** = કોઈ **તેહી** = તેવા **જનકુ** = જનોને, માનવોને **મમ** = મારી **દાખ** = (ઓળખાણ કરાવજે) દેખાડવું, કહેવું, ધ્યાન પર લાવવું.

### અનુવાદ

**જે ગતિ મેં તને બક્ષિશ કરી છે તેને તું તારા હૃદયમાં જ રાખજે. જો કોઈ નિજ અધિકારી જણાય તો તેવા માનવને મારી ઓળખાણ કરાવજે.**

### ભાવાર્થ

પૂજ્ય નારણદાસ મહારાજને નિજ પરમપતિની જે અગમ ગતિ પરમગુરુએ આપી છે તે અન્યને ન આપવા આજ્ઞા કરી છે. તે અગમ ગતિ પૂજ્ય નારણદાસે પોતાના હૃદયમાં જ રાખવાની છે. તેમ છતાં જો કોઈ મુમુક્ષુ માનવ નિજગતિ મેળવવા અધિકારને પાત્ર જણાય તો તેવા મુમુક્ષુઓને પરમગુરુનાં શરણમાં મોકલવા માટે પૂજ્ય નારણદાસ મહારાજને જણાવ્યું છે. એટલે કે માત્ર ને માત્ર પરમગુરુનું શરણું સ્વીકારીને તેમની કૃપા પ્રાપ્ત કર્યા સિવાય દુનિયામાં કોઈપણ માનવ પરમપતિના લક્ષને પ્રાપ્ત કરે છતાં પરમ મોક્ષની ગતિ પ્રાપ્ત કરી શકે નહીં.

**ચહે હો લક્ષ એહી જેહી જન, તેહી મુજપે મુગતાય;**
**મહાદ મોક્ષ ગતિ મુજ વિના, ઓરસે નહીં બક્સાય. ૯૫**

### શબ્દાર્થ

**ચહેહો** = ચાહના હોય તો **લક્ષ એહી** = આ લક્ષ અંગેની **જેહી જન** = તેવા જનોને **તેહી** = તો **મુજપે** = મારા વડે **મુગતાય** = મુક્તિ મેળવશે **મહાદ મોક્ષ ગતિ** = પરમ શ્રેષ્ઠ મોક્ષની ગતિ (સમજ) **મુજ વિના** = મારા સિવાય **ઓરસે** = બીજાથી **નહીં** = નહીં **બક્સાય** = બક્ષિશ કરી શકાય.

### અનુવાદ

**આ લક્ષની જે માનવોને ચાહના થાય તેઓ મારા થકી જ તે લક્ષને મેળવી શકશે, કારણ કે પરમ મોક્ષની ગતિ મારા સિવાય અન્ય કોઈપણ બક્ષી શકે નહીં.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પૂજ્ય નારણદાસ મહારાજને કહે છે કે કર્તાપદના અલૌકિક લક્ષને જાણવાની જેને ઇચ્છા હોય તેવા અધિકારી જનોને તેમના (પરમગુરુના) શરણમાં મોકલવા. કારણ કે સર્જનહારે આ કાર્ય માટે સંપૂર્ણ સત્તા આપી પરમમોક્ષ પ્રદાન કરવા માટે જ તેમને આ વિશ્વમાં મોકલ્યા છે. તેથી સમગ્ર બ્રહ્માંડમાં પરમમોક્ષની ગતિ આપવા અન્ય કોઈ સમર્થ નથી. અન્ય દેવ-દેવીઓ પોતાના ભક્તને ચાર પ્રકારની મુક્તિ અર્થે પોતાના ધામોનું સુખ આપશે, પરંતુ તે સુખ તો નાશવંત છે અથવા પુણ્ય ક્ષય થતાં પાછા મૃત્યુલોકમાં આવવું જ પડે છે. જેથી જન્મ-મરણની ઘટમાળથી સંપૂર્ણ છુટકારો મળતો નથી.પરમગુરુ સિવાય લખ ચોર્યાસીના ગર્ભસંકટમાંથી મુક્ત કરીને પંચમી અખંડ કૈવલ મુક્તિ પ્રદાન કરનાર બ્રહ્માંડમાં અન્ય કોઈ જ નથી.

**એહી નફા મુજ મીલનકા, દરસવુ નિજ કરતાર;**
**સદેહી અધિક મુદા મુજ થકી, પાવહી પદ અધિકાર. ૯૬**

### શબ્દાર્થ

**એહી** = તે જ **નફા** = નફો **મુજ** = મને **મીલનકા** = મળવાનો **દરસવુ** = દર્શાવીશ **નિજ** = પોતાના, મૂળ **કરતાર** = કર્તાને **સદેહી** = સદેહે, જીવતાં જીવંત, જીવન દરમ્યાન **અધિક** = ઉત્તમ **મુદા** = મુદ્દો, વસ્તુ **મુજ** = મારા **થકી** = વડે **પાવહી** = પામી શકાય **પદ** = શ્રેષ્ઠ પરમપદ **અધિકાર** = અધિકાર, પાત્રતા.

### અનુવાદ

**મને મળવાથી ફાયદો એ થાય છે કે હું નિજ કર્તાને ઓળખાવું છું. તેમજ મારા થકી શ્રેષ્ઠ પરમપદ પામવાનો અધિકાર સદેહે (આ દેહે જ) પ્રાપ્ત થાય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં અન્ય પ્રકારના ગુરુઓની સરખામણીમાં શ્રેષ્ઠ એવા પરમગુરુને મળવાનો વિશેષ ફાયદો એ છે કે તેઓ દેહના સ્વામી એવા શુદ્ધ ચૈતન સ્વરૂપની ઓળખાણ કરાવી બ્રહ્માંડના સ્વામી એવા તત્ત્વાતિત વિશ્વના સર્જનહાર કૈવલ કર્તા સાથે મેળાપ કરાવે છે. જેથી આ માનવદેહ દરમિયાન એટલે કે આ દેહે જ (જન્મે) પરમશ્રેષ્ઠ પરમપદ પામવાનો અવસર પ્રાપ્ત થાય છે. જેથી હવે પછી અંશને અન્ય નાશવંત દેહ ધારણ કરવો પડતો નથી અને જન્મ-મરણ રૂપ ગર્ભસંકટમાંથી છુટકારો મેળવી પંચમી અખંડ કૈવલ મુક્તિ પામી શકે છે.

**હમ જેહી ગતિ નિજ તુજ દેહી, અજર અમર ઘર તંત;**
**ઉપજી સૃષ્ટિ જીનું અબ લગી, ના કહી જુગ પરજંત. ૯૭**

### શબ્દાર્થ

**હમ** = મેં **જેહી** = જે **ગતિ** = સમજ, જાણ **નિજ** = પોતાના **તુજ દેહી** = તમને કહી, તમને આપી **અજર** = જરે નહીં તેવું, ઓગળે નહીં તેવું **અમર** = મૃત્યુ ન થાય તેવું **ઘર** = ધામ **તંત** = તત્ત્વ **ઉપજી** = ઉત્પન્ન થઈ **સૃષ્ટિ** = વિશ્વ **જીનુ** = ત્યારથી **અબ લગી** = અત્યાર સુધી **ના કહી** = કોઈ એ કહી નથી **જુગ** = વિશ્વમાં **પરજંત** = પર્યન્ત, આજ સુધી.

### અનુવાદ

**અંશોના અજર-અમર ધામ વિશેની નિજ ગતિ મેં તને અર્પણ કરી છે. આ હકીકત સૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારથી અત્યાર સુધી કોઈએ કહી નથી.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં નિવાસ કરતા સર્વે સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોના ઉત્પત્તિ સ્થાન સમા અજર-અમર કૈવલધામ અંગેની અર્થાત્ નિજ પરમપદની ગતિ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે પૂજ્ય નારણદાસ મહારાજને આપી. આવું અગમગતિનું જ્ઞાન અને સકર્તા સિદ્ધાંતની સમજ સૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધીમાં કોઈપણ મહાપુરુષોએ પરવશ થઈને જીવતા જગતના અજ્ઞાની જીવોને કહી નથી.

**એહી તન ધર એક તુજ કહ્યા, પરમહંસ ઓરુ દોય;**
**કંચિત તેહી અધિકારી થે, પણ સમજણ કે સોય. ૯૮**

### શબ્દાર્થ

**એહી** = આ **તન** = દિવ્ય દેહ **ધર** = ધારણા કર્યા પછી **એક** = એક **તુજ કહી** = તને દર્શાવી છે **પરમહંસ** = પરમહંસ **ઓરુ** = બીજા - અન્ય **દોય** = બે **કંચિત** = અલ્પ, થોડા **તેહી** = તેઓ **અધિકારી થે** = અધિકારી હતા **પણ** = પરંતુ **સમજણ કે** = સમજણમાં **સોય** = પુરા હતા.

### અનુવાદ

**આ દિવ્ય દેહ ધારણ કર્યા બાદ મેં (નિજ પરમપદની ગતિ) એક તને તથા અન્ય બે પરમહંસોને આપી કે તેઓ અધિકાર પક્ષે અલ્પ હતા, પરંતુ સમજણમાં પૂર્ણ હતા.**

### ભાવાર્થ

સકર્તા પતિનો લક્ષ આપવા કૈવલધામથી નીકળ્યા પછી પરમગુરુ એ અંતરિક્ષના ઘણા બધા દૈવી ધામોમાં વિચરણ કર્યું છે અને કર્તા પદનો લક્ષ આપ્યો છે. છેલ્લે પૃથ્વી પરના છ દ્વિપો ચેતાવીને સાતમા જંબુ દ્વિપમાં સદેહે પ્રગટ થઈને પૂજ્ય નારણદાસ મહારાજને નિજ પરમપદની ગતિ બક્ષિશ કરી. તેમજ બે પરમહંસ મહાપુરુષોને પણ તે ગતિ બક્ષી હતી. આ બંને પુરુષો પૂજ્ય નારણદાસ

જેટલા અધિકારી ન હતા, પરંતુ સમજણમાં ખૂબ જ પૂર્ણતા પામેલા હતા. એટલે કે ખૂબ જ ઊંડી સમજ ધરાવતા હતા.

**બાઈ ચતુરથી અચરત, બ્રહ્મજોન તનુ જેહ;**
**તીનું ગતિ રતિ મમ ચરનન, સ્વપ્નેહુ નહીં સંદેહ. ૯૯**

### શબ્દાર્થ

**બાઈ** = સ્ત્રી, નારી **ચતુરથી** = ચોથી **અચરત** = પૂજ્ય અચરતબા **બ્રહ્મજોન** = બ્રાહ્મણ કુળના **તનુ** = શરીર **જેહ** = તેમનું **તીનુ** = તેઓની **ગતિ** = સમજ **રતિ** = પ્રીતિ, આરત **મમ** = મારા **ચરનન** = ચરણોમાં હતી **સ્વપ્નેહુ** = સ્વપ્નાંતરમાં પણ **નહીં** = નહીં **સંદેહ** = સંશય.

### અનુવાદ

**ચોથી બ્રાહ્મણ કુળમાં શરીર ધારણ કરનાર અચરતબા હતાં.તે મારા ચરણમાં જ સમજણપૂર્વક પ્રીતિ રાખીને રહેતાં અને તેમનામાં સ્વપ્નાંતરે પણ સંશય ન હતો.**

### ભાવાર્થ

અગાઉ ત્રણ પરમલક્ષના અધિકારી મહાપુરુષોને કર્તાપદની ગતિ બક્ષી હતી. ચોથા સારસા ગામમાં બ્રાહ્મણ કુળમાં જન્મેલા અચરતબા નામે એક સ્ત્રી હતાં. તેમને પણ પરમપદના લક્ષની ગતિ બક્ષી હતી. કારણ કે પરમગુરુના ચરણકમળમાં તેઓ સમજપૂર્વક પ્રીતિ રાખીને રહેતાં હતાં, અને સદાને માટે તેઓ કૈવલ જ્ઞાનમાં જ મગ્ન રહેતાં. પરમપદની પ્રાપ્તિ માટેના લક્ષ સિવાય અન્ય કોઈ ઈચ્છા નહોતી. તેમજ સ્વપ્નાંતરે પણ તેમના મનમાં પરમગુરુ પ્રત્યે તથા તેમના દ્વારા પ્રસ્થાપિત સકર્તા સિદ્ધાંત દર્શાવતા કૈવલજ્ઞાન અંગે કોઈપણ જાતનો સંશય ન હતો.

**રહેણી રચિત ચિત્ત જતમત, તજી કુલ દ્રઢ સમશેર;**
**લોક ચતુર્દશ તૃણવત્, ડારેહુ મમ શિર ફેર. ૧૦૦**

### શબ્દાર્થ

**રહેણી** = રહેણી પાળવામાં, નીતિ નિયમમાં **રચિત** = સારધાર, તલ્લિન, રચ્યાં પચ્યાં, મગ્ન **ચિત્ત** = ચિત્તમાં **જતમત પણે** = દઢતાપૂર્વક **તજી** = ત્યજીને **કુલ** = કુળના, કુળાભિમાન **દ્રઢ** = ધારણા કરીને **સમશેર** = જ્ઞાન રૂપી તલવાર **લોક ચતુર્દશ** = ચૌદ લોકના સુખને **તૃણવત્** = તરણા સમાન **ડારેહુ** = સમજીને ધરી દેવું **મમ** = મારાં ચરણોમાં **શિર** = મસ્તક **ફેર** = ફેરવવું.

### અનુવાદ

**રહેણી-કરણીમાં સારધાર (જતમત) રહીને તે મારા શરણમાં ચિત્ત રાખતાં હતાં. તેમણે**

**સમજણની તલવારથી કુળની મર્યાદા દૃઢતાપૂર્વક ત્યજી દીધી હતી તેમજ ચૌદ લોકનું સુખ તૃણવત્ સમજીને મને સમર્પિત રહ્યાં (મુખ ઉપર ફેરવીને બલા સમજી ત્યજી દીધું).**

### ભાવાર્થ

બ્રાહ્મણકુળમાં જન્મેલ વ્યક્તિને આદિકાળથી ઉચ્ચજાતિ ગણવામાં આવે છે. વળી, તેઓ પોતાને પૃથ્વી પરના ભૂદેવ ગણાવતા તેમજ વેદના પઠન-પાઠન અને કર્મકાંડ માટે તેમનો જ અધિકાર છે એવી પણ માન્યતા ધરાવે છે. બાકીના ત્રણ વર્ણના માનવો તેમને ગુરુ ગણતા હોવાથી તેઓ અન્ય કોઈને ગુરુ તરીકે સ્વીકારતા નહીં. એવી માન્યતાથી તેઓ અન્ય જ્ઞાતિના જ્ઞાની પુરુષને નમતા નથી. આવા કપરા (કઠણ) સમયમાં પૂજ્ય અચરતબા પોતે બ્રાહ્મણ કુળમાં જન્મેલા હોવા છતાં સર્પ કાંચળી ઉતારે તેમ કુળની મર્યાદા અને કુળનું અભિમાન દૃઢતાપૂર્વક ત્યજીને પરમગુરુના શરણે આવ્યાં હતાં. તેઓ રહેણી-કરણીમાં પણ જતમત રહેતાં હતાં. પરમગુરુના સજાણજાણ સ્વરૂપના બદલામાં ચૌદલોકના સુખને તરણાની જેમ તુચ્છ સમજી તેમનું ચિત્ત પરમગુરુના ચરણકમળમાં જ હંમેશને માટે સ્થિર કર્યું હતું.

**એક અખંડ વૃત્તિ મુજ વિષે, તજી સકલ ક્રત કહેર;**
**સહેજ સ્વભાવિક શુદ્ધ ચિત્ત, ઓરુ કાહુસુ નહીં વેર. ૧૦૧**

### શબ્દાર્થ

**એક** = એક **અખંડ** = ખંડિત વગર, સૂત્રવત્ **વૃત્તિ** = સમજ યુક્ત જોડાણ, સુરતા **મુજ વિષે** = મારા પ્રત્યે **તજી** = ત્યજીને **સકલ** = બધા જ **ક્રત** = જગતમાં, કર્મ, સાંસારિક, ક્રતવિ **કહેર** = જુલમ **સહેજ** = સહજપૂર્ણ **સ્વભાવિક** = સ્વભાવિક, દ્વેષ રહિત **શુદ્ધ ચિત્ત** = શુદ્ધ ચિત્ત રાખીને **ઓર** = બીજા **કાહુસુ** = કોઈની સાથે **નહીં** = નથી **વેર** = દુશ્મનાવટ.

### અનુવાદ

**જગતના સઘળા ત્રાસદાયી કર્મો ત્યજી એકમાત્ર મારા પ્રત્યે જ અખંડવૃત્તિ રાખી હતી. વળી કોઈના પ્રત્યે વેર રાખ્યા વગર શુદ્ધ ચિત્ત થઈ સહજ સ્વભાવે રહેતા હતા.**

### ભાવાર્થ

પૂજ્ય અચરતબા પરિવારજનો સાથે રહેતાં હતાં. જગત તરફથી તેમના પ્રત્યે ત્રાસદાયી વ્યવહાર હતો તેમ છતાં તેઓ તેમની વાણી, વર્તન કે સ્વભાવથી અન્યને સહેજ પણ દુઃખ ના પહોંચે અને નડતરરૂપ કે બોજારૂપ ન થાય તેવું પવિત્ર જીવન જીવતાં હતાં. તેમની નિર્મળ ચિત્તવૃત્તિ અખંડરૂપે માત્રને માત્ર પરમગુરુમાં લીન રહેતી હતી. તેમનું જીવન સહજ, સરળ, સ્વાભાવિક અને નિર્મળ હતું. સંસારમાં કોઈ તેમની નિંદા કરે તોપણ તેની સાથે વેરભાવ રાખતા નહીં. અચરતબાનું આ

પ્રકારનું જીવન આત્મમાર્ગ ઉપર ચાલનારાઓ માટે પ્રેરણારૂપ છે કારણ કે દુન્યવી વહેવાર પણ પવિત્ર અને બંધન મુક્ત હોય તો જ મોક્ષનો માર્ગ સરળ બને.

**જબી નિજ લક્ષ હમ તીનુ દીયા, દેખેહુ નિજ અધિકાર;**
**ગુપ્ત કહીથી સો અબ કહી, નારણદાસ તોહી ઝાર. ૧૦૨**

### શબ્દાર્થ

**જબી** = જેથી **નિજ લક્ષ** = પરમપદની સમજ **હમ** = મેં **તીનું દીયા** = ત્રણેયને આપ્યો, તેમને આપ્યો **દેખેહુ** = જોઈને **નિજ અધિકાર** = નિજલક્ષના અધિકારી **ગુપ્ત કહીથી** = જે ગુપ્ત હકીકત કહી હતી તે **અબ કહી** = હવે કહીને, દર્શાવીને **નારણદાસ** = પૂજ્ય નારણદાસ **તોહી** = તને - તારી સામે **ઝાર** = જાહેરમાં કહું છું, જાહેર કરું છું, દર્શાવું છું.

### અનુવાદ

**જ્યારે તેઓને નિજ લક્ષના યોગ્ય અધિકારી તરીકે જોયા પછી તેમને મેં નિજ લક્ષ આપ્યો. હે નારણદાસ! જે બાબત (લક્ષ) ગુપ્ત હતી તે હવે તમારી આગળ જાહેર કરું છું.**

### ભાવાર્થ

પરમગુરુએ નિજ લક્ષનો મર્મ અગાઉ બે પરમહંસોને અને પૂજ્ય અચરતબા એમ ત્રણ વ્યક્તિને જણાવ્યો હતો. આ ત્રણેય પાત્રો નિજ લક્ષના અધિકારી હતા. તે ગુપ્ત નિજ લક્ષના મુદ્દાને સંપૂર્ણ રીતે સમર્પિત અને પૂર્ણ અધિકારી એવા પૂજ્ય નારણદાસ મહારાજને દર્શાવ્યો છે.

**જબી હમ કહત તુજે સુન, અતિ આગ્રહ દેઈ કીલ;**
**કેહેના નહીં એહુ કાહુન સે, રાખી રહેહુ સત શીલ. ૧૦૩**

### શબ્દાર્થ

**જબી** = જેથી **હમ** = હું **કહત** = કહું છું **તુજે** = તને **સુન** = સાંભળ **અતિ** = વધુ **આગ્રહ** = આગ્રહપૂર્વક **દેઈ** = આપીને **કિલ** = ખરેખર, નિશ્ચય **કેહેના** = કહેતા, કહેવું **નહીં** = નહીં **એહુ** = તે **કાહુનસે** = કોઈને પણ **રાખી** = રાખીને **રહેહુ** = રહેજો **સત્** = સત્યને **શીલ** = અકબંધ, ગુપ્ત, ચારિત્ર.

### અનુવાદ

**જેથી ખૂબ જ આગ્રહપૂર્વક નિશ્ચય કરીને હું તને કહું છું તે સાંભળ ! આ સત્ય વાત કોઈને પણ કહીશ નહીં તેને અકબંધ અને ગુપ્ત રાખીને રહેજે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ફરીથી પૂજ્ય નારણદાસ મહારાજને ખૂબ જ આગ્રહપૂર્વક નિશ્ચય કરીને જણાવે છે કે પરમપદ પામવા માટેના લક્ષને તેમણે જગતમાં ગુપ્ત જ રાખવાનો છે અને અન્ય કોઈને પણ જણાવવાનો નથી. એટલું જ નહીં, પરંતુ તે ગુપ્ત મુદ્દાને પૂજ્ય નારણદાસ મહારાજે પોતાના હૃદયમાં અકબંધ રાખીને રહેવાનું કહ્યું છે. આમ ગુરુ આજ્ઞા પાળવા માટે ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધની સત્ય નીતિને વળગી રહેવા જણાવ્યું છે.

**જો ગત હમ તુમસે કહી, ઓરુ તુમ ઓરસે કેહ;**
**કુન અધિક માહાતમ મમ, ધરી આવનકુ દેહ. ૧૦૪**

### શબ્દાર્થ

**જો** = જે **ગત** = સમજ **હમ** = મેં **તુમસે** = તમોને **કહી** = કહી **ઓરુ** = અને **તુમ** = તમો **ઓરસે કહે** = બીજાને કહો તો **કુન** = શું રહે **અધિક** = વિશેષ **માહાતમ** = ધ્યેય, મહત્ત્વ, આશય **મમ** = મારે **ધરી** = ધરીને **આવનકુ** = આવવાનો **દેહ** = દેહ.

### અનુવાદ

**મેં જે સમજ તને કહી અને તે તું બીજાને કહી દે, તો પછી મારે દેહધારણ કરીને આવવાનું અધિક મહત્ત્વ શું રહે?**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે પૂજ્ય નારણદાસને ગુપ્ત પરમપદનો લક્ષ બક્ષિશ કરી તે મુદ્દાને કોઈને પણ ન કહેવા માટે સોગંદ આપ્યા. કારણ કે પરમપદની ગતિનો આ લક્ષ અન્યને જણાવે તો પછી પરમગુરુને કૈવલધામમાંથી દેહધારણ કરી આ વિશ્વમાં આવવાનું મહત્ત્વ કઈ રીતે સચવાય? આથી એક વાત સુનિશ્ચિત થાય છે કે પરમગુરુ દ્વારા જાગ્રત થયેલ સંત પુરુષો કે જ્ઞાની મુમુક્ષુજનો પરમગુરુની સાચી ઓળખ કરાવી તેમના શરણમાં જવા પ્રેરી શકે, પરંતુ કૈવલ કર્તાનો લક્ષ પરમ વિશેષ અંશ તરીકે પરમગુરુ જ આપી શકે.

**અબ સમજેહુ સંક્ષેપમે, મમ ઉર આશે અંત;**
**લાખ શીખનકી શીખ એહ, કોઉકુ દીયે ન તંત. ૧૦૫**

### શબ્દાર્થ

**અબ** = હવે **સમજેહુ** = સમજાવું છું **સંક્ષેપમે** = ટૂંકમાં, ટુંકાણમાં **મમ** = મારા **ઉર** = હૃદયનો, અંતરનો **આશે** = આશય **અંત** = છેલ્લો, અંતિમ **લાખ** = લાખ **શીખનકી** = શિખામણની **શીખ** = શિખામણ **એહ** = તે જ કે **કોઉકુ** = કોઈને પણ **દીયે ન** = આપીશ નહીં **તંત** = સાર, તત્ત્વ.

### અનુવાદ

**હવે મારા અંતરમાં રહેલો છેલ્લો આશય ટૂંકમાં સમજાવું છું કે લાખ શિખામણના અંતે એક શિખામણ એ જ છે કે આ સાર કોઈને આપીશ નહીં.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર, ગુપ્ત રાખવાના મુદ્દા વિશે પોતાના હૃદયમાં રહેલો અંતિમ આશય પૂજ્ય નારણદાસ મહારાજને વારંવાર યાદ કરાવે છે. અહીં પણ તેઓ ભારપૂર્વક સ્પષ્ટ શબ્દોમાં સૂચન કરતાં પૂજ્ય નારણદાસ મહારાજને કહે છે કે લાખ શિખામણની એક જ છેલ્લી શિખામણ છે કે ગુપ્ત રાખવાનો આ સારરૂપ મુદ્દો કોઈ પણ સંજોગોમાં કોઈને પણ આપવો નહીં કે જાહેર કરવો નહીં.

**એહી આગે ગતિ બરન હુ, ઓરુ નિજપતિ કૃત વેત;**
**અબ તો કહુ નિજ તિલકકી, સુણ નારણ ધરી હેત. ૧૦૬**

### શબ્દાર્થ

**એહી** = એથી, એનાથી, એ અંગેની **આગે** = આગળ હવે પછી **ગતિ** = સમજ **બરનહુ** = વર્ણન કરીશ **ઓરુ** = અને **નિજપતિ** = સર્જનહાર **કૃત** = ની રચના **વેત** = જાણ - વર્ણણ **અબ તો** = અત્યારે તો **કહુ** = કહે છે **નિજ તિલકકી** = નિજ તિલક અંગે **સુણ** = સાંભળો **નારણ** = પૂજ્ય નારણદાસજી **ધરી** = ધારણ કરીને **હેત** = પ્રેમ, આરત, ભાવ.

### અનુવાદ

**નિજપતિના કૃતની સમજ અને તેમની ગતિ અંગેનું વર્ણન આગળ ઉપર કરીશ, પરંતુ અત્યારે તો નિજ તિલક વિશે જણાવું છું તે હે નારણદાસ ! તું હેત ધારણ કરીને સાંભળ.**

### ભાવાર્થ

પરમપદ અંગેની પૂરી સમજ અને સર્જનહારે બ્રહ્મભૂમિકામાં રચેલા મહાવૈરાટ તેમજ અનંત પ્રકારના ઘાટોની રચનાનું વર્ણન હવે પછીના સ્કંધોમાં પરમગુરુ દર્શાવશે. પણ હાલ તો ભાલતિલક વિશે વર્ણન કરતા હોવાથી પૂજ્ય નારણદાસ મહારાજને તે ખૂબ ધ્યાન રાખીને તથા પ્રેમપૂર્વક સાંભળવા જણાવે છે.

**એહી સત્સંગ તૂજ મૂજ તણો, નારણ રખી ચુપચાપ;**
**અબ વદુ વચન પ્રભાવિક, પંડિત જ્ઞાની સમાપ. ૧૦૭**

### શબ્દાર્થ

**એહી** = આ **સત્સંગ** = શાશ્વત વસ્તુના સંગ માટેનો વાર્તાલાપ **તુજ** = તમારી સાથે **મુજ તણો** = મારી સાથે

**નારણ** = પૂજ્ય નારણદાસજી **રખી** = રાખીને **ચુપચાપ** = ગુપ્તપણે, છાનોમાનો **અબ** = હવે **વદુ** = ઉચ્ચારું છું **વચન** = શબ્દો **પ્રભાવિક** = પ્રભાવશાળી **પંડિત** = ખૂબ જ બુદ્ધિશાળી, સમજુ અને વિદ્વાન **જ્ઞાની** = જ્ઞાનવાન **સમાપ** = છેવટનું, અંતિમ, સંતોષયુક્ત.

### અનુવાદ

**હે નારણદાસ! આપણા બંને વચ્ચેનો વાર્તાલાપ તું ગુપ્ત રાખજે. હવે પંડિતો અને જ્ઞાનીઓને સંતોષ થાય તેવા પ્રભાવશાળી વચનોનો હું ઉચ્ચાર કરું છું.**

### ભાવાર્થ

શાશ્વત વસ્તુની પ્રાપ્તિ માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અને પૂજ્ય નારણદાસ મહારાજ વચ્ચે જે વાર્તાલાપ થયો તેમાંથી જે ગુપ્ત રાખવા યોગ્ય મુદ્દા માટે પૂજ્ય નારણદાસ મહારાજને ગુપ્ત રાખવા જણાવ્યું છે. હવે પંડિતો અને જ્ઞાનીજનોને પ્રભાવિત કરવાવાળું અદ્ભુત જ્ઞાનયુક્ત વર્ણન શરૂ કરે છે કે જે અદ્વિતીય જ્ઞાન વેદ, શાસ્ત્ર કે પુરાણમાં પણ નથી.

**તેહી પણ સુને સનમુખ રહી, અતિ અંતર રત લાય;**
**ગુપ્ત ગ્રંથ ગત ખુદનકી, કહે કુવેર સમજાય. ૧૦૮**

### શબ્દાર્થ

**તેહી પણ** = તેવો પણ **સુને** = સાંભળે **સનમુખ રહી** = ચિત્તને સન્મુખ રાખીને **અતિ** = અતિશય **અંતર** = હૃદયમાં **રત** = આરત, પ્રેમ **લાય** = લાવીને **ગુપ્ત** = છાની **ગ્રંથ** = પંચમ શ્વસંવેદ **ગત** = ગતિ - સમજ - જ્ઞાન **ખુદનકી** = ખુદ માલિકની, સર્જનહાર અંગેની **કહે કુવેર** = કુવેર સ્વામી કહે છે કે **સમજાય** = સમજાશે.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે નિજ સર્જનહારની જે ગુપ્ત ગતિ હતી તે આ ગ્રંથ દ્વારા સમજાવીશ. તે સન્મુખ રહીને તથા અંતરમાં અત્યંત આરત રાખીને સાંભળનારને જ સમજાશે.**

### ભાવાર્થ

જ્ઞાની અને પંડિતોની આદ્ય લઈ મુમુક્ષુ જનોએ પણ આ વાણી ને પોતાના ચિત્તને સન્મુખ કરી હૃદયમાં આરત લાવીને સાંભળવાની છે, જેથી તેઓ સારી રીતે સમજી શકે. કારણ કે આ પંચમ શ્વસંવેદમાં ખુદ સર્જનહાર દ્વારા સર્જેલ ઉત્કૃષ્ટ સર્જન અને પરમપદ અંગેની સાચી સમજ જે ગુપ્ત હતી તે જાહેર કરેલી છે.


સ્થાવર તિલક ચિંતામણિ
સ્કંધ ૨










## જ્ઞાન સંપ્રદાયના સંત તેમજ અનુયાયી માટેનું બાહ્ય ભાલ-તિલક



કહુ જીનુ વરણ તિલક રંગ વેશા, રક્ત શ્વેત ઉભયે અણિ રેષા;
અબ તુમ સંત સકલ મમ દાસુ, ધરો એહી તિલક નિશંખ નિસવાસુ.

# જ્ઞાન સંપ્રદાયના સંત તેમજ અનુયાયી માટેનું ભીતર ભાલ-તિલક




| ચક્રોના નંબર | સ્થાન | જાપ ની સંખ્યા | કમળદળ | દેવતા અધિષ્ઠાન |
|---|---|---|---|---|
| ૭ | બ્રહરંધ્ર | ૧૦૦૦ | ૨ | નિરંજન |
| ૬ | ભ્રકુટિ | ૧૦૦૦ | ૨ | શક્તિ |
| ૫ | કંઠ | ૧૦૦૦ | ૧૬ | જીવશિવ |
| ૪ | હૃદય | ૬૦૦૦ | ૧૨ | શિવશક્તિ |
| ૩ | નાભિ | ૬૦૦૦ | ૧૦ | વિષ્ણુ |
| ૨ | ઉપસ્થ | ૬૦૦૦ | ૬ | બ્રહ્મા |
| ૧ | ગુદા | ૬૦૦ | ૪ | ગણપતિ |
| | | ૨૧,૬૦૦ (૨૪ કલાક માં) | ૫૨ | |

નોંધ :( ૮૬૪ પ્રાણાયામે પેટા અવસ્થા પાંચેય પૂરી કરે ત્યારે કુલ ૪૩૨૦ પ્રાણાયામે ૧ મૂળ અવસ્થા પૂરી થાય)

| સમય | ૧ કલાકોમાં | તત્વ | રંગ | લેતા વાયુ | મૂકતા વાયુ | (આંગળ) માપ | સ્વાદ | જવા માટેની દિશા | સ્થિતિ | ગતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૦ પળ | ૩૦૦ | પૃથ્વી | પીળો | કોરમ | અપાન | ૧૨ | મીઠો | પૂર્વ | લાભ | મદયમાં |
| ૪૦ પળ | ૨૪૦ | જળ | સફેદ | કલકલ | પાન | ૧૬ | મધુર | દક્ષિણ | લાભ | નીચે |
| ૩૦ પળ | ૧૮૦ | અગ્નિ | લાલ | દેવદત | ઉદાન | ૪ | તીખો | પશ્ચિમ | તટસ્થ | ઉપર |
| ૨૦ પળ | ૧૨૦ | વાયુ | લીલો | નાગ | વ્યાન | ૮ | ચરપરો | ઉત્તર | નૂકસાન | સીધી |
| ૧૦ પળ | ૬૦ | આકાશ | શ્યામ | ધનંજય | સમાન | ૨ ૧/૨ | ફિકકો | સ્થિર રહેવું | નૂકસાન | ત્રાંસો |
| | ૯૦૦ | | | | | | (મોળો) | | | |

(રાગ - ઢાળ ફેર - ચોપાઈ)

**જેહી નિજ તિલક ભાલ ગતિ તંતુ, ધરે તન શિર જેતને હી જીવજંતુ;**
**સુનહો સંત પંડિત તેહી મરમુ, કહુ જેહી અરથ તુરત જાય ભરમુ. ૧**

### શબ્દાર્થ

**જેહી** = જે **નિજ** = પોતાનું (મૂળ સ્વરૂપનું) **તિલક ભાલ** = ભાલતિલક **ગતિ** = ગતિ, સમજ **તંતુ** = ઘાટ **ધરે** = ધારણ કરે છે **તન** = શરીરના **શિર** = મસ્તક પર **જેતનેહી** = જેટલા **જીવજંતુ** = જંગમ ઘાટ, સ્થૂળ ઘાટ **સુનહો** = સાંભળો **સંત** = સંતો **પંડિત** = પંડિતો **તેહિ** = તેનો **મર્મ** = આશય, રહસ્ય **કહુ** = કહું છું **જેહી** = જેનો **અરથ** = અર્થ, ખુલાસો **તુરત** = તુરંત જ **જાય ભરમુ** = ભ્રમણાઓ દૂર થઈ જાય.

### અનુવાદ

**જેટલા સ્થૂલ દેહધારી ઘાટો છે, તેમના શિર ઉપર નિજ કર્તાએ ધારણ કરાવેલ ભાલતિલકનો મર્મ હું કહું છું તે હે સંતો અને પંડિતો ! તમે સાંભળો. જેનો અર્થ સમજાતાં (તમારી) અનેક ભ્રમણાઓ તુરંત નાશ પામશે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે ભાલતિલકનો સંબંધ પોતાના ચૈતન સ્વરૂપ તથા પરમપદની પ્રાપ્તિ સાથે જોડાયેલો છે. આ ભાલતિલકનું પ્રતીક (ચિહ્ન) સર્જનહારે વિશ્વના તમામ સ્થૂલ દેહધારી ઘાટોમાં મૂકેલું છે. આવા અદ્‌ભુત મર્મવાળા ભાલતિલકના ગૂઢ રહસ્યને સમજતાં જ સંતો અને પંડિતોના હૃદયમાં રહેલ અનેક પ્રકારની ભ્રમણાઓનું નિવારણ થઈ જશે.

**નામ રુપ ગુણ જીવ તન જેતે, અચર ચરાચર જલથલ તે તે;**
**તિલક ભાલ સર્વ શિર અધિકારા, સૂક્ષ્મ સ્થૂળ કુલ અણી આકારા. ૨**

### શબ્દાર્થ

**નામ** = નામ **રુપ** = આકાર **ગુણ** = પ્રકૃતિના ત્રણ લાક્ષણિક ધર્મઃ રજોગુણ, સતોગુણ અને તમોગુણ **જીવ** = જીવ **તન** = શરીર **જે તે** = જેટલા છે તેટલા **અચર** = સ્થિર ઘાટ, સ્થાવર જાતિ - વનસ્પતિ **ચરાચર** = હાલતું-ચાલતું, જંગમજાતિ, પ્રાણીઓ **જલથલ** = પાણી અને પૃથ્વી પર રહેતા પ્રાણીઓ **તે તે** = જેટલા છે તેટલા **તિલક ભાલ** = ભાલતિલક **સર્વ** = બધાના જ, દરેકના **શિર** = મસ્તક **અધિકારા** = અધિકાર, પરવાનો **સૂક્ષ્મ** = દેખી ન શકાય તેવા અલ્પ સૂક્ષ્મ દેહ **સ્થૂળ** = અત્યંત કદાવર (સૂક્ષ્મ નહીં તેવો), સ્થૂળ દેહ **કુલ** = સહિત **અણી** = ભાલાની આગળના ભાગ જેવો **આકારા** = આકાર.

### અનુવાદ

**નામ, રુપ અને ગુણવાળા પૃથ્વી અને પાણીમાં રહેતા સ્થાવર તથા જંગમ સહિતના તમામ**

**ઘાટોના મસ્તક ઉપર પરવાના રૂપ ભાલતિલક જેવી અણિઅગ્ર આકારવાળી નિશાની છે.**

## ભાવાર્થ

સર્જનહારે ચોર્યાસી લાખ પ્રકારના ઘાટ પૈકી તૃણ જાતિ, પનડી જાતિ, વેલ જાતિ, જળચર અને વૃક્ષ જાતિના મળીને કુલ અઢાર (૧૮) લાખ પ્રકારના ઘાટો રચ્યા છે. આ ઉપરાંત પૃથ્વીની અંદર અને ઉપર તથા આકાશમાં રહેનારા કીટ, પતંગ, પશુ - પક્ષી, જળચર જાતિ અને મનુષ્યો સહિતના છાસઠ (૬૬) લાખ પ્રકારના ઘાટનું નિર્માણ કર્યું છે. જેમાં અતિ સૂક્ષ્મ ઘાટોથી માંડીને મહાકાય ઘાટો છે, તે દરેકના શરીરના અંગો અધિકતર ભાલતિલકના નમૂનાના પ્રતીકરૂપે અણિઅગ્ર આકારવાળા છે.

**ધાન સકલ સર્વ તરણહી સારે, પત્ર સર્વહી તીનુ અણી આકારે;**
**ભાર અઢાર વનસ્પતિ જાતિ, અણી અગ્રેઉ તેહુનકી સર્વ પાતી. ૩**

## શબ્દાર્થ

**ધાન** = અનાજ, પશુ-પક્ષી અને માણસના ખાવામાં આવતાં કેટલીક જાતનાં દાણા, ધાન્ય **સકલ** = તમામ **સર્વ** = બધી જ પ્રકારની **તરણહી** = ઘાસની જાત, ૪૦૦૦ જુદા જુદા ઘાસના પ્રકાર દા.ત. જીંજવો, અણિયાર, ધ્રોખડ, ધરફો, સામો, ધ્રામણુ, રાતડુ, કાળિયુ, પાંષ્ટી, ચામણચોરો, કણેરૂ, દાભ સૂળિયુ, લામડો વિગેરે **સારે** = બધા જ **પત્ર** = પાન **સર્વહી** = બધાજ પ્રકારના **તીનુ** = તેમના **અણી આકારે** = આગળનો અણિ આકારવાળો ભાગ છે **ભાર અઢાર** = અઢાર ભાર ( ૨૪ **મણ** = ૧ ભાર, ૧૮ X **૨૪** = ૪૩૨ મણ વજન થાય તેટલાં બીજ - (૧ ભાર = ૨૦૨૧૭૬૦૦૦ સંખ્યા X ૧૮) - (૪ ભાર કુલ ફળ આપતાં ઝાડ + ૪ ભાર ફળ ન આપતાં ઝાડ + ૪ ભાર કાંટા વાળા ઝાડ +૬ ભાર તૃણ વેલી - પનડી **વેલી** = ૧૮ ભાર વનસ્પતિ) વનસ્પતિ **જાતિ** = વનસ્પતિની જાતિઓ **અણી અગ્રેઉ** = આગળથી અણિ આકારવાળી **તેહુનકી** = તેમની **સર્વ પાતી** = બધી જ પાંદડીઓ, પાના.

## અનુવાદ

**સર્વ પ્રકારના ધાન્ય, દરેક પ્રકારના ઘાસ, તમામ પ્રકારના પાંદડા, અણિઅગ્ર આકારવાળાં છે. અર્થાત્ અઢાર ભાર વનસ્પતિ જાતિ તથા તેમનાં તમામ પાંદડા આગળથી અણિયાળાં છે.**

## ભાવાર્થ

ખેતરોમાં પાકતાં - ઘઉં, જુવાર, બાજરી, ડાંગર, તલ, જવ વગેરે ધાન્ય, પૃથ્વી અને પાણીમાં થતા જુદાં જુદાં પ્રકારની તૃણ જાતિ, વેલી જાતિ, પનડી જાતિ તેમજ વૃક્ષ જાતિના પાંદડા આગળથી અણિ આકારવાળાં હોય છે. અર્થાત્ અઢાર ભાર વનસ્પતિનાં સઘળા પાંદડાનો આકાર આગળથી અણિવાળો જ હોય છે.

**કેતેકકુ કંટક અણિયારે, કેતેકકુ અનિ ફલફુલહી ધારે;**
**કેતેકકુ કાકર અનિ ભાલા, ડાલ મૂલ સર્વ પેઢ વિશાલા. ૪**

### શબ્દાર્થ

**કેતેકકુ** = કેટલાકના **કંટક** = કાંટા **અણિયારે** = અણિવાળા **કેતેકકુ** = કેટલાકના **અનિ** = અણિવાળા **ફલફુલહી** = ફળો અને ફૂલો પણ **ધારે** = ધારવાળા, ધારો, કિનાર, કોરનો ભાગ **કેતેકકુ** = કેટલાકના **કાકર** = ઝીણા દાંતાની ધાર (કરવતની ધાર) ઠળિયો, ફળનું બીજ **અનિ ભાલા** = ભાલાની જેમ અણિવાળા **ડાલ** = ડાળી **મૂલ** = મૂળિયા **સર્વ** = બધા જ **પેઢ** = વૃક્ષ જાતિ **વિશાલા** = વિશાળ, મોટાં, લાંબાં પહોળાં, કદાવર.

### અનુવાદ

**કેટલાંકના કાંટા અણિવાળા, કેટલાકને ફળ - ફૂલ અણિવાળાં અને ધારદાર, કેટલાકના ઠળિયા તો કેટલાક વિશાળ વૃક્ષોની ડાળ અને મૂળ વગેરે અણિવાળાં હોય છે.**

### ભાવાર્થ

સ્થાવર જાતિમાં કેટલાક વૃક્ષ - છોડનાં કાંટા અણિવાળા હોય છે તો કેટલાકના ફૂલ અને ફળો અણિવાળા કે ધારવાળા હોય છે. કેટલાંક ફળોમાં રહેલા ઠળિયા અણિવાળા હોય છે. કેટલાક કદાવર વૃક્ષોની ડાળીઓ, મૂળ અને લાંબા-પહોળા થડ પણ ભાલા જેવા આગળથી અણિવાળા હોય છે.

**કેતેકકુ અનિ સહુ સાજ સકુલા, કેતેકકુ શાખાહી અનિ મૂલા;**
**કેતીક વેલ અનિ નહર નહરકુ, પકર લેત સર્વ ગીરે તરુવરકુ. ૫**

### શબ્દાર્થ

**કેતેકકુ** = કેટલાકના **અનિ** = અણિવાળા **સહુ સાજ** = બધા જ અંગો-વિભાગો **સકુલા** = તમામ **કેતેકકુ** = કેટલાકના **શાખાહી** = શાખાઓ, ડાળીઓ **અનિ** = અણિવાળા **મૂલા** = મૂળિયાં **કેતીક** = કેટલીક, અમુક **વેલ** = વેલી જાતિ **અનિ નહર** = અણિવાળા નહોર (વેલી જાતનો વિકસતો નરમ કુમળો પાતળો આગળનો ભાગ) **નહરકુ** = નહોરથી **પકર લેત** = પકડી લે છે **સર્વ** = બધા જ **ગીરે** = પર્વતો **તરુવરકુ** = વૃક્ષોને, ઝાડને.

### અનુવાદ

**કેટલાક (વૃક્ષો)ની ડાળીઓ અને મૂળ અણિવાળા છે તો કેટલાંક (વૃક્ષો)નો બધો જ સાજ તદન(સમૂળગા) અણિવાળો હોય છે. કેટલીક વેલ - જાતિના દરેક નહોર અણિયાળા હોય છે, જેથી તે પર્વત ઉપર કે વૃક્ષને પકડી ને ચઢી શકે છે.**

### ભાવાર્થ

કેટલાંક વૃક્ષોનાં બધા જ અંગો જેવાં કે થડ, ડાળી, પાન, ફૂલ, ફળ, મૂળિયા અણિવાળા હોય છે; કેટલાંકના માત્ર ડાળી, શાખા અને મૂળિયા અણિવાળા હોય છે. કેટલીક વેલી જાતિમાં આગળની શાખાઓનો ભાગ નહોર, સૂતરના તાંતણાની જેમ પાતળો હોઈ અણિવાળો હોય છે. જે અન્ય વસ્તુને વળગીને વીંટળાઈ રહે છે અને તેને પકડીને પર્વત કે વૃક્ષ પર સહેલાઈથી ચઢી શકે છે.

**કેતીક પત્ર ફુલ અનિ ડીરા, કેતેકકુ અનિ સકલ શરીરા;**
**દરષ સકલકે બીજગ તીન આદુ, લહો તેહી પરખ વરખકી અનાદુ. ૬**

### શબ્દાર્થ

**કેતીક** = કેટલાંકના **પત્ર** = પાન **ફુલ** = ફૂલો **અનિ** = અણિવાળા **ડિરા** = ડીંટું **કેતેકકુ** = કેટલાંકના **અનિ** = અણિવાળા **સકલ શરીરા** = સમગ્ર શરીર **દરષ** = દેખાય છે **સકલકે** = બધાના **બીજગ** = બીજ - અંકુરો **તીન** = તેઓના **આદિ** = જૂના, પુરાણા **લહો** = ધ્યાનપૂર્વક સમજો **તેહી** = તેને **પરખ** = પરીક્ષા કરો, અવલોકન કરવાથી **વરખકી** = વૃક્ષો, ઝાડ **અનાદુ** = અનાદિ, પ્રાચીન.

### અનુવાદ

**કેટલાંકનાં પાંદડા, ફૂલ અને ડીંટા અણિવાળા હોય છે તો કેટલાકના આખા શરીર અણિવાળા હોય છે. દરેક વૃક્ષોની સમજપૂર્વક અવલોકન કરતાં જણાશે કે સર્વ રચના તેના બીજકમાં આદિ અનાદિથી જ સમાયેલી દેખાય છે.**

### ભાવાર્થ

કેટલાંકનાં પાંદડા અને ફૂલો તથા ડીંટા અણિયાળાં હોય છે, તો કેટલાંકના બધા જ અંગો સહિત આખું શરીર અણિવાળું હોય છે. આ રીતે તૃણજાતિ, વેલીજાતિ, પનડીજાતિ, જળજાતિની વનસ્પતિ તેમજ, વૃક્ષજાતિની ખૂબ જ ધ્યાનપૂર્વક પરીક્ષા (અવલોકન) કરતાં માલુમ પડે છે કે સર્જનહારે આ બધી જ રચનાને આદિ - અનાદિથી જ અંકુરોમાં પોખણી કરેલી છે.

**બીજગ અનાદ આદ્ય અંકુરા, ઉદિત પ્રથમ અણીકાર ત્રસુરા;**
**કોઈ અંકુર બેડંગ ગતિ દરસે, પણ નિકસત અનિ બીજ નિજ ધરસે. ૭**

### શબ્દાર્થ

**બીજગ** = બીજક **અનાદ આદ્ય** = આદિ અનાદિના **અંકુરા** = અંકુરોમાં **ઉદિત** = ઊગે છે **પ્રથમ** = પહેલાં **અણીકાર** = અણિ આકારવાળા **ત્રસુરા** = ત્રિશૂળ જેવા **કોઈ** = કોઈક **અંકુર** = અંકુરો **બેડંગ** = બેડોળ, કદરૂપું, નિશ્ચિત આકાર વગરનું **ગતિ** = સ્થિતિ **દરસે** = દેખાય **પણ** = પણ **નિકસત** = વિકાસ થતાં, આવિષ્કાર થતાં (અંકુર જ્યારે શરૂઆતથી નીકળે ત્યારે) **અનિ** = અણિવાળું **બીજ** = બીજક **નિજ** = પોતાનું **ધરસે** = ધારણ કરેલું, પોખાયેલ, ગુણો પ્રમાણે

## અનુવાદ

**બીજક અને અંકુર આદિ - અનાદિના છે, તે પ્રથમ ઊગે ત્યારે ત્રિશૂળ જેવા આકારે હોય, તો કોઈ અંકુર બેડોળ દેખાય છે, પરંતુ વિકાસ પામે ત્યારે પોતાનામાં પોખાયેલા ગુણ પ્રમાણે અણિવાળું જ થાય છે.**

## ભાવાર્થ

સર્જનહારે આદિ અનાદિથી જ બીજક અને અંકુરની રચના કરી છે. તે મુજબ યોગ્ય ઋતુકાળ આવતાં તે ઉદિત થાય ત્યારે પ્રથમ ત્રિશૂળ જેવા વચ્ચે ડીંટ અને બંને બાજુનાં પાંદડાં પણ અણિ આકારે હોય છે. વળી, કોઈ કોઈ અંકુરો ઉદિત થાય ત્યારે નિશ્ચિત આકાર વગરના (બેડોળ) જણાય છે, પરંતુ વિકાસ થતાં મૂળભૂત ગુણધર્મ મુજબ અણિવાળાં થાય છે. એટલે કે જ્યારે તેનો વિકાસ થાય ત્યારે તેના રૂપ - ગુણ વગેરેમાં ઉત્તરોત્તર પરિવર્તન થતાં અંતે તો અણિવાળા જ હોય છે.

**ભાલતિલક લક્ષ સર્વ તરુ ઉગહી, આદ્ય અંત અણીસાર જુગ જુગહી;**
**વનસ્પતિ ગત એહી અનુસરા, તિલક ભાલ અંક સર્વ તનુ ધારા. ૮**

## શબ્દાર્થ

**ભાલતિલક** = ભાલતિલકના **લક્ષ** = લક્ષ રૂપે **સર્વ** = બધા જ **તરુ** = વૃક્ષજાતિ **ઉગહી** = ઊગે છે **આદ્ય** = શરૂઆત **અંત** = અંતમાં **અણીસાર** = અણિ આકારે જ **જુગ જુગહી** = યુગોના યુગો પર્યંત **વનસ્પતિ** = સ્થાવરજાતિ **ગત** = ગતિ, સ્થિતિ,ક્રિયા **એહી** = તે **અનુસરા** = પ્રમાણે **તિલક ભાલ** = ભાલતિલક **અંક** = નિશાની **સર્વ** = બધાના **તનુ** = શરીર ઉપર **ધારા** = ધારણ કરેલું છે, પરંપરા ચાલે છે.

## અનુવાદ

**આદિથી અંત પર્યંત યુગોના યુગો વહી ગયાં છતાં બધા જ વૃક્ષો ભાલતિલકના લક્ષ પ્રમાણે જ ઊગે છે. એ જ સ્થિતિ અનુસાર વનસ્પતિના સર્વ ઘાટોએ પણ ભાલતિલકનું નિશાન ધારણ કર્યું છે.**

## ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆતથી યુગોના યુગો વહી ગયાં છતાં સ્થાવરજાતિની બધી જ વનસ્પતિ ભાલતિલકના આકાર મુજબ જ અણિ આકારે ઉદિત થઈને વૃદ્ધિ પામે છે. એ જ પ્રમાણે વનસ્પતિની ઉદિત ક્રિયા, ક્રમાનુસાર તેના અંત સુધી અવિરત પરંપરાગત ચાલ્યા જ કરે છે. આમ ભાલતિલકની નિશાની બધા વનસ્પતિના ઘાટોએ આદિથી જ ધારણ કરી છે.

**થીર થાવર તરુવર ગત પેખી, બિનુ અની અગ્ર આકાર ન દેખી;**
**ઓરુ થાવર પર્વત જમી જેતા, ભાલતિલક સમ અગ્રહી તેતા. ૯**

### શબ્દાર્થ

**થીર થાવર** = સ્થાવર જાતિના સ્થિર ઘાટો **તરુવર** = વૃક્ષ - ઝાડ **ગત** = સ્થિતિ, ગતિ, ક્રમ **પેખી** = તપાસી જુઓ **બિનુ** = વગર **અની અગ્ર** = અણિ યુક્ત **આકાર** = આકારવાળો **ન દેખી** = દેખાશે નહીં **ઓરુ** = અને **થાવર** = સ્થિર **પર્વત** = પર્વત **જમી** = જમીન ઉપર **જેતા** = જેટલા છે **ભાલતિલક સમ** = ભાલતિલક સમાન **અગ્રહી** = આગળથી **તેતા** = તેટલા.

### અનુવાદ

**સ્થિર રહેલા સ્થાવરજાતિના વૃક્ષોની ગતિ જોતાં કોઈપણ વનસ્પતિ અણિઅગ્ર વગરની જણાશે નહીં. તેમજ પૃથ્વી ઉપર સ્થાવરજાતિના જેટલા પર્વતો છે તેટલા બધા જ ભાલતિલકની અણિઅગ્ર આકૃતિ સમાન આગળથી અણિવાળા હોય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં સ્થિર રહેલા સ્થાવરજાતિના વૃક્ષોનું અવલોકન કરતા જાણાય છે કે, એવી કોઈપણ વનસ્પતિ નથી કે જેમાં ભાલતિલક જેવી અણિ અગ્રવાળી નિશાની ન હોય. અર્થાત્ બધી જ વનસ્પતિમાં પાંદડાં, ડાળીઓ, ફળ - ફૂલ જેવા કોઈને કોઈ વિભાગ અણિઅગ્ર હોય છે. એ જ પ્રમાણે પૃથ્વી ઉપરના પર્વતોને જોતાં તેનો આકાર પણ ભાલતિલકની આકૃતિ જેમ આગળથી અણિવાળો જ દૃશ્યમાન ભાસે છે.

**કમલ નાભ પૃથ્વી આદ્યહી નિકસે, અણી અલંકાર ભાલ વિનુ બિકસે;**
**વિકસત કલીદલ કમલ સલુને, સઘરી પંખ અનિ તિલક નમુને. ૧૦**

### શબ્દાર્થ

**કમલ** = કમળનો **નાભ** = મધ્યભાગ, નાભી **પૃથ્વી** = પૃથ્વી **આદ્યહી** = પ્રથમ **નિકસે** = નીકળે **અણી** = અણિ **અલંકાર** = દેખાવ **ભાલ** = ભાલા **વિનુ** = વિનાનું **બિકસે** = વિકાસ પામે **વિકસત** = વિકાસ થતાં, સંપૂર્ણ ખીલતાં **કલીદલ** = કળી પાંખડીનો સમૂહ **કમલ સલુને** = ખીલીને (સંપૂર્ણ ખીલતાં) કમળ બને **સઘરી** = બધી જ **પંખ** = પાંખડિયો **અનિ** = અણિવાળી **તિલક** = તિલક **નમુને** = નમુનારૂપ.

### અનુવાદ

**પ્રથમ પૃથ્વીમાંથી જ્યારે કમળનો નાભિ ભાગ નીકળે ત્યારે ભાલા જેવી અણિ વગરનો વિકાસ પામે છે, પરંતુ કમળની કળીની પાંખડીઓનો સમૂહ જ્યારે સંપૂર્ણ ખીલે છે ત્યારે ખીલેલાં કમળની કળીની બધી જ પાંખડીઓ તિલકના નમૂના રૂપે અણિવાળો દેખાય છે.**

### ભાવાર્થ

સ્થાવર જાતિમાં બધી જ વનસ્પતિ ઊગે છે ત્યારે પૃથ્વીમાં અણિઅગ્ર આકારે જ અંકુર નીકળે

છે, પરંતુ જ્યારે કમળ ઊગે ત્યારે તેનો આકાર ભાલા જેવો હોતો નથી પણ દંડાકાર હોય છે. જ્યારે તેની પાંખડીઓનો સમૂહ સંપૂર્ણ રીતે ખીલે છે ત્યારે તે ખીલેલાં કમળની દરેક પાંખડીનો આકાર અણિઅગ્ર તિલકના નમૂના રૂપે જ દેખાય છે.

**સકલ અચર ગત એહી નર નુપા, ભાલતિલક અનિ અગ્ર સ્વરુપા;**
**કહી ગતિ તિલક અચર શિર જેતી, કહે કુવેર અબ ચર શિર તેતી. ૧૧**

### શબ્દાર્થ

**સકલ** = તમામ **અચર** = સ્થાવરજાતિ **ગત** = ગતિ **એહી** = તે **નર** = મનુષ્ય **નુપા** = રાજા **ભાલતિલક** = ભાલતિલકની જેમ **અનિ અગ્ર** = આગળથી અણિયાળું **સ્વરુપા** = સ્વરૂપ છે **કહી ગતિ** = ગતિને કહી છે **તિલક** = તિલકની **અચર શિર** = સ્થાવરજાતિના શિર પર, (વનસ્પતિના અંગો પર) **જેતી** = જેટલા **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અબ** = હવે **ચર શિર** = જંગમના શરીર પર જેટલી છે **તેતી** = તેટલી કહુ છું.

### અનુવાદ

**આ પ્રમાણે ભાલતિલકની જેમ અણિ અગ્રવાળી તમામ સ્થાવર જાતિનું વર્ણન અનુપમ નિર્ણય કરીને જણાવ્યું. કુવેરસ્વામી કહે છે કે સ્થાવરજાતિના શિર પર તિલકની જે સ્થિતિ કહી, તેમ હવે જંગમજાતિના શિર પર તે (ભાલતિલકની) ગતિ દર્શાવું છું.**

### ભાવાર્થ

સમગ્ર સ્થાવરજાતિના તૃણ, વેલ, પનડીજાતિ, જળજાતિની વનસ્પતિ અને પૃથ્વી પરની તમામ સ્થાવરજાતિમાં તેમજ પહાડો વિગેરેમાં ભાલતિલકની નિશાનીનું પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અનુપમ રીતે આ બીજા સ્કંધમાં વર્ણન કર્યું છે. કુવેરસ્વામી કહે છે કે આ રીતે સ્થાવર જાતિના વનસ્પતિના ઘાટોમાં ભાલતિલકરૂપ નિશાનીની સમજ (ગતિ) હતી તે દર્શાવવામાં આવી છે. તે જ રીતે હવે પછીના સ્કંધમાં જંગમજાતિના વિવિધ પ્રકારના ઘાટોમાં ભાલતિલકની નિશાની કેવા પ્રકારે છે તે અંગે દર્શાવવામાં આવશે.

# જંગમ તિલક ચિંતામણિ

## સ્કંધ 3



### (ચારે વેદના મત અનુસાર)

**ચર બ્રહ્મા ચતુરાનન જેહી, શંભુ સત્વગુન આદ્ય સબેહી;**
**તેહુનકે અરઘ વરગ તન જગતા, એંસી લક્ષ ચૌ લક્ષ વિવગતા. ૧**

### શબ્દાર્થ

**ચર** = જંગમજાતિ **બ્રહ્મા ચતુરાનન** = ચાર મુખવાળા બ્રહ્મા (રજોગુણ) **જેહી** = જેઓ **શંભુ** = શિવજી (તમોગુણ) **સત્વગુન** = સતોગુણી વિષ્ણુ **આદ્ય** = આદિ **સબેહી** = સહિતના બધા **તેહુનકે** = તેમના **અરઘ** = તત્ત્વોના મિશ્રણ ઉમેરીને, મેળવીને **વરગ** = વર્ગીકરણ, દરજ્જો **તન** = શરીર, ઘાટ **જગતા** = જગતના **એંસી લક્ષ ચૌ લક્ષ** = ચોરાસી લાખ **વિવગતા** = વિધવિધ પ્રકારના ઘાટ.

### અનુવાદ

**ચાર મુખવાળા બ્રહ્મા (રજોગુણ), શિવજી (તમોગુણ) અને વિષ્ણુ (સતોગુણ)ના તત્ત્વોની મેળવણી અને વર્ગીકરણ દ્વારા જગતમાં જંગમજાતિના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટબનેલાં છે.**

### ભાવાર્થ

ચાર મુખવાળા બ્રહ્મા રજોગુણના, વિષ્ણુ સતોગુણના અને મહેશ તમોગુણના અધિષ્ઠાન દેવતા છે. આ ત્રણ ગુણોના તત્ત્વોની મેળવણી - પોખણી જંગમજાતિના ઘાટો (શરીરો)માં ઓછાવત્તા પ્રમાણમાં થયેલી છે. આ ત્રણ ગુણોના તત્ત્વોનું વિવિધ રીતે મિશ્રણ અને વર્ગીકરણ ચોર્યાસી લાખ પ્રકારના ઘાટમાં થયેલું છે.

**અવન્યલોક સુર લોક ગગનહી, વિવિધ ભાત ત્રેહે ત્રેહેકે તનહી;**
**ત્રિગુણ અરઘ જગ વિગત વિભાગા, જેહી જીનસે ઉત્પન્ન કહુ રાગા. ૨**

### શબ્દાર્થ

**અવન્ય લોક** = પૃથ્વીલોક **સુરલોક** = સુરલોક, દેવલોક **ગગનહી** = અંતરિક્ષમાં, આકાશમાં **વિવિધ ભાત** = જુદી જુદી જાતના **ત્રેહે ત્રેહેકે** = તરહ તરહના (ભિન્ન ભિન્ન) **તનહી** = ઘાટો, શરીરો **ત્રિગુણ** = ત્રણ ગુણો **અરઘ** = અર્ક, સત્ત્વ **જગ** = જગત **વિગત** = વિગતવાર **વિભાગા** = ભાગ, હિસ્સો, વહેંચણી **જેહી** = જે **જીનસે** = જેનાથી **ઉત્પન્ન** = ઉત્પન્ન **કહુ** = કહુ છું **રાગા** = સબંધ, અનુરાગ.

### અનુવાદ

**પૃથ્વીલોક અને આકાશમાં તથા સુરલોકમાં રહેતા ઘાટો ભિન્ન ભિન્ન પ્રકારના અને જુદી જુદી જાતિના છે. જગતમાં ત્રણ ગુણોના સત્વ વડે મિશ્રણ દ્વારા જે જેનાથી ઉત્પન્ન થયું છે તે તથા તેના વિશે વિગતવાર કહું છું.**

### ભાવાર્થ

ત્રણ ગુણો (રજો, તમો અને સતો) ના તત્ત્વોના સત્વની (અર્કની) મેળવણી (મિશ્રણ) કરીને પૃથ્વીલોકમાં વસતા વિવિધ ઘાટો અને આકાશમાં ઊડતા અસંખ્ય ઘાટો તથા સુરલોકમાં રહેતા વિવિધ ઘાટોનું નિર્માણ થયેલું છે. તે ત્રણે ગુણોના તત્ત્વોનો પ્રભાવ ચાર વેદ ના મત મુજબ અહીં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દર્શાવે છે. અર્થાત્ જે તે ગુણોથી જે જે ઉત્પન્ન થયું તેનો ત્રણે ગુણ સાથે રહેલા પ્રભાવની વિગત અહીં દર્શાવવામાં આવી છે.

**શબ્દ સ્પર્શ રુપ રસ ઓરુ ગંધા, પંચતત્ત્વ સહિતમ શિવધંધા;**
**ઈન્દ્રિ સાજ દશ અજ ઉત્પાની, પૃથક પૃથક પિંડમાંહી રચાની. ૩**

### શબ્દાર્થ

**શબ્દ** = શબ્દમાત્રા **સ્પર્શ** = સ્પર્શમાત્રા **રુપ** = રુપમાત્રા **રસ** = રસમાત્રા **ઓરુ** = અને **ગંધા** = ગંધમાત્રા **પંચ તત્ત્વ** = પાંચ તત્ત્વો **સહિતમ** = મળીને **શિવ ધંધા** = શિવજી (તમોગુણ) દ્વારા નિર્માણ પામ્યું **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **સાજ** = શણગાર, સામાન, શોભા, ઠાઠ **દશ** = દસ (૧૦) **અજ** = બ્રહ્માએ (રજોગુણ) **ઉત્પાની** = ઉત્પન્ન કર્યા **પૃથક પૃથક** = તબક્કાવાર અલગ અલગ **પિંડમાંહી** = શરીરમાં **રચાની** = રચના થયેલી છે.

### અનુવાદ

**શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ માત્રાના પાંચ તત્ત્વો શિવજી થકી ઉત્પન્ન થયા. દસ ઈન્દ્રિયોનો સાજ બ્રહ્મા દ્વારા ઉત્પન્ન થયો. આ સર્વે તત્ત્વો પિંડમાં તબક્કાવાર અને અનુક્રમે રચના પામ્યા છે.**

### ભાવાર્થ

ચાર વેદમાં જણાવ્યા અનુસાર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ માત્રાઓ અને પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો શિવજી દ્વારા ઉત્પન્ન થયાં છે. તેમજ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોનો સાજ બ્રહ્માજી દ્વારા ઉત્પન્ન થયેલો છે. શરીરમાં તે પાંચ મહાભૂતો, પાંચ માત્રાઓ અને દસ ઈન્દ્રિયોની તબક્કાવાર (અલગ-અલગ ક્રમાનુસાર) રીતે રચના પામેલ છે.

**ઓરુ વિષ્નુ કે અંતસકરણ ચઉના, ચતુર અવસ્થા રહે જેહી ભોવના;**
**પ્રસિધ્ધ સૃષ્ટ તન એહી સ્થુલા, સરલ શક્ત વ્યાપક અનુકુલા. ૪**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **વિષ્નુ કે** = વિષ્ણુના **અંતસકરણ** = અંત:કરણ **ચઉના** = ચાર **ચતુર** = ચાર **અવસ્થા** = અવસ્થા **રહે** = રહે છે **જેહી** = તે **ભોવના** = ભુવનમાં (શરીરમાં) **પ્રસિધ્ધ** = દેખાય તેવો **સૃષ્ટ** = સૃષ્ટિમાં **તન** = શરીર **એહી** = આ **સ્થુલા** = સ્થૂળ દેહ **સરલ શક્ત** = સરળપણે શક્તિ **વ્યાપક** = વ્યાપેલી છે **અનુકુલા** = અનુકૂળતા મુજબ, જરૂરિયાત મુજબ.

## અનુવાદ

**વિષ્ણુથી ચાર અંતઃકરણ અને ચાર અવસ્થા થયેલાં છે. તે ભૂવન રૂપ શરીરમાં રહેલાં છે. તેમાં અનુકૂળતા મુજબ સરળપણે શક્તિ વ્યાપક રહેલી છે. તેથી આ સ્થૂળ શરીર દૃષ્ટિગોચર થાય છે.**

## ભાવાર્થ

ચાર વેદમાં જણાવ્યા મુજબ વિષ્ણુથી ચાર અંતઃકરણ - મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તથા જાગ્રત, સ્વપ્ન, સષોપતિ અને તુરિયા એ ચાર અવસ્થા ઉત્પન્ન થયેલાં છે. આ તત્ત્વો ‘ સ્થૂળ દેહ’માં સમાયેલા છે. તેમાં શક્તિ સરળપણે અનુકૂળતા મુજબ વ્યાપેલી છે. ઘાટ પ્રમાણે તેમાં તત્ત્વો પોખાયેલા છે. વળી, કેટલાક શરીરોમાં અમુક તત્ત્વો વધારે તો કેટલાક શરીરોમાં તે તત્ત્વો ઓછા છે. આમ દરેક (ઘાટ)માં તે બધા તત્ત્વો સરખા પ્રમાણમાં નથી, પરંતુ અનુકૂળતા અને આવશ્યક્તા પ્રમાણે રહેલાં છે. આથી જ આ સ્થૂળ દેહ દૃષ્ટિગોચર થાય છે.

**ધારન પંડ અકડ અહંકારા, અણુ આદ્યે બ્રહ્માંડહી સારા;**
**સોહુ નિજ અંશ સંચ ગુણ શિવકે, અવનિ રચી જા જબકી તા દિનકે. ૫**

## શબ્દાર્થ

**ધારન** = ધારણ કરી રાખેલ છે **પંડ** = પિંડ, શરીર **અકડ** = અક્કડપણુ, કડક, ટટ્ટાર **અહંકારા** = અહંકારઘણ, ધનંજે તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલાં તત્ત્વો પૈકીનું એક તત્ત્વ **અણુ આદ્યે** = અણુથી લઈને **બ્રહ્માંડહી** = બ્રહ્માંડ સુધી **સારા** = સર્વે **સોહુ** = તે **નિજ અંશ** = પોતાનો અંશ **સંચ** = ગોઠવણ **ગુણ શિવકે** = શિવના ગુણની છે **અવનિ** = પૃથ્વી **રચી** = રચના થઈ **જા જબકી** = જ્યારથી **તા દિનકે** = તે દિવસથી - ત્યારથી.

## અનુવાદ

**અણુની આદ્ય લઈને બ્રહ્માંડ સુધી સર્વ પિંડો અહંકારઘણે અક્કડપણે ધારણ કરી રાખ્યાં છે. જ્યારથી સૃષ્ટિની રચના થઈ ત્યારથી આ તત્ત્વોનો સંચ શિવજીના અંશરૂપે ઘાટમાં રહેલો છે.**

## ભાવાર્થ

ચાર વેદમાં જણાવ્યા અનુસાર અણુની આદ્ય લઈ નાનામાં નાના ઘાટથી બ્રહ્માંડમાં આવેલા મહાકાય વૈરાટ સુધી દરેકમાં જે અક્કડપણું રહેલું છે, તે અહંકાર ઘણને લીધે છે. આ સંચ - શક્તિ શિવજીના (અહંકાર) ‘તમોગુણ’ ના તત્ત્વના ભાગ રૂપે રહેલી છે; જે સૃષ્ટિની રચના થઈ ત્યારથી કાર્યરત અને વ્યાપેલી છે.

**સાત્વિક ગુણ તન સ્વાંતિ સકલમેં, બ્રહ્માકે રજો ઈન્દ્રિ વિકલમે;**
**શક્તિ સરલ તુમ કહી જેહી આગુ, પ્રોયે એહી તત્ત્વ સકલ તીન ધાગુ. ૬**

### શબ્દાર્થ

**સાત્વિક ગુણ** = સતોગુણ **તન** = શરીર **સ્વાંતિ** = શાંતિ **સકલ મે**= સર્વમાં **બ્રહ્માકે** = બ્રહ્માજીના **રજો** = રજોગુણ **ઈન્દ્રિ** = ઇન્દ્રિયો **વિકલમે** = ખેંચાણ, આતુરતા, વ્યાકુળતા **શક્તિ સરલ** = સરળપણે શક્તિ છે તે **તુમ** = તમોને **કહી** = કહી **જેહી આગુ** = જે આગળ કહી તે **પ્રોયે** = પરોવાયેલી **એહી** = તે **તત્ત્વ** = તત્ત્વોમાં **સકલ** = બધાં, તમામ **તીન** = તેના **ધાગુ** = ધાગા, દોરામાં, તાર, રેષો.

### અનુવાદ

**સત્વગુણથી સઘળા શરીરમાં શાંતિ મળે છે. બ્રહ્માના રજોગુણથી ઈન્દ્રિયોમાં આતુરતા જાગે છે. આગળ સરળ પણે વ્યાપક રહેલી શક્તિ વિશે જે તમને કહ્યું હતું તે શક્તિરૂપ દોરા વડે સર્વ તત્ત્વો પરોવાયેલાં છે.**

### ભાવાર્થ

ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદમાં જણાવ્યા અનુસાર શરીરમાં સત્વગુણના તત્ત્વો રૂપે ચાર અંતઃકરણો અને ચાર અવસ્થાઓ છે. તેથી શરીરમાં શાંતિ જણાય છે. જ્યારે ઈન્દ્રિયો ભોગ ભોગવવા માટે આકુળ વ્યાકુળ થતાં જે વિલાસવૃત્તિ જણાય તે બ્રહ્માના રજોગુણનો પ્રભાવ સમજવો. વળી આગળ દર્શાવ્યા પ્રમાણે સ્થૂળ દેહમાં શક્તિ વ્યાપક રહેલી છે. તેની સ્પષ્ટતા કરતા પરમગુરુ જણાવે છે કે શક્તિરૂપ દોરા વડે જ સર્વ તત્ત્વો પરોવાયેલા છે. અર્થાત્ આ તત્ત્વો પર શક્તિની પકડ રહેલી હોવાથી ઘાટમાં જ્યારે જેવી જરૂરિયાત જણાય ત્યારે તેવી ભાવના પેદા થાય છે. તેમજ જેવા સંજોગો ઊભા થાય તે પ્રમાણે તે તત્ત્વો પોતાની ભૂમિકા ભજવે છે.

**દરસ અદરસ આદ્ય ચક્રવર્તિ, સુક્ષ્મ સ્થૂળ અણુ પ્રોયે પરકરતી;**
**એહી પરકાર નિગમ ચહુ કહેવુ, નિજ ઉત્પન્ન ગતિ અગમહી રહેવુ. ૭**

### શબ્દાર્થ

**દરસ** = દૃશ્ય, દૃષ્ટિથી દેખાય તેવા **અદરખ** = અદૃશ્ય, દૃષ્ટિથી ન દેખાય તેવા **આદ્ય** = આદિ **ચક્રવર્તિ** = સર્વવ્યાપી, સર્વોપરી **સુક્ષ્મ** = સૂક્ષ્મજાતિ, સૂક્ષ્મદેહ **સ્થૂળ** = સ્થૂળ દેહ **અણુ** = અણુ **પ્રોયે** = પરોવાયેલાં **પરકરતી** = પ્રકૃતિ, માયા **એહી** = તે **પરકાર** = પ્રકારે **નિગમ** = વેદ **ચહુ** = ચાર **કહેવુ** = કહે છે **નિજ** = મૂળ **ઉત્પન્ન** = ઉત્પત્તિ **ગતિ** = સમજ **અગમહી** = અગમ્ય - અજાણ **રહેવું** = રહેલી છે.

### અનુવાદ

**અણુની આદ્ય લઈને દૃશ્ય - અદૃશ્ય તથા સ્થૂળ - સૂક્ષ્મના બધા જ ઘાટો સર્વવ્યાપી પ્રકૃતિ (માયા)ના દોરાથી પરોવાયેલા છે. એમ ચાર વેદમાં જણાવ્યું છે, પરંતુ મૂળ ઉત્પત્તિની ગતિ અજાણી (અગમ) રહેલી છે.**

## ભાવાર્થ

ચતુરાનન બ્રહ્માજીએ પોતાના મુખથી ચાર વેદઃ સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ અને ઋગ્વેદનું ઉચ્ચારણ કર્યું છે. જેમાં અણુથી માંડીને નાનામાં નાના(જે નજરે દેખી શકાય અને ન દેખી શકાય તેવા) સ્થૂળ દેહો તેમજ સૂક્ષ્મ દેહો પર માયા (પ્રકૃતિ) નો પ્રભાવ સર્વવ્યાપી છે એમ દર્શાવ્યું છે, પરંતુ સર્જનહારે મૂળ તત્ત્વોની મેળવણી કરીને ઘાટો તેમજ અન્ય રચના કેવી રીતે ઉત્પન્ન કરી તે અંગેનું જ્ઞાન બતાવ્યું નથી. તે જ્ઞાનથી તેઓ પણ અજાણ્યા છે, એમ પુરવાર થાય છે. એ જ રીતે સમગ્ર બ્રહ્માંડ અને તેમાં વસતા અનેક ઘાટનું વર્ણન કરવામાં આવ્યું છે, પરંતુ તેનું સર્જન કરનાર સર્જનહાર (અંશી)ની સમજ આપી નથી.

**શક્તિ ધાગુ વટવલ અકડાઈ, ભયે નિરંજન પુરુષકે અંશ પાઈ;**
**આગુ શક્તિ જીનસેં ઉતપાની, ફેરી તેહી પુરુષ ભાસ સરસાની. ૮**

## શબ્દાર્થ

**શક્તિ** = માયા, પ્રકૃતિ **ધાગુ** = દોરો **વટવલ** = વળથી ભરેલ **અકડાઈ** = અક્કડપણું **ભયે** = થવું **નિરંજન** = નિરંજન **પુરુષકે** = પુરુષના **અંશ** = ભાગ **પાઈ** = પામીને **આગુ** =આગળથી જે વાત કરી તે **શક્તિ**= મહંમાયા, આદ્યશક્તિ **જીનસે** = જેમનાથી, જેમના વડે **ઉતપાની** = ઉત્પન્ન થઈ **ફેરી** = પછી **તેહી** = તે **પુરુષ** = પુરુષ **ભાસ** = આભાસ, તેજ **સરસાની** = સર્વોપરીતા, સર્વવ્યાપિતા, ચક્રવર્તી.

## અનુવાદ

**જેમ દોરીરૂપી શક્તિમાં નિરંજન પુરુષનો વળરૂપી અંશ પ્રાપ્ત થતાં શક્તિને અકડાઈપણું પ્રાપ્ત થયું. અગાઉ જણાવ્યા મૂજબ જેના વડે શક્તિ ઉત્પન્ન થઈ, પછી તે નિરંજન પુરુષનો ભાસ (પ્રભાવ) સર્વવ્યાપી બન્યો.**

## ભાવાર્થ

આદ્યશક્તિ મહામાયા વ્યાપક છે, પરંતુ આ 'શક્તિ'ના દેહમાં નિરંજનના તત્ત્વનો વળ ભરાતાં તેમાં અકડાઈપણું અહંભાવ - પ્રગટ થયેલો છે. તેમજ નિરંજનતત્ત્વના બળ થકી મહામાયા શક્તિનો પ્રસારો સર્વવ્યાપી સમગ્ર બ્રહ્માંડમાં સર્વોપરીતા સ્વરૂપે છે. શક્તિ બધા જ તત્ત્વોનો સંચ કરે છે એટલે કે બધા તત્ત્વો દોરાની માફક પરોવાયેલાં છે. પણ શક્તિમાં સંચ પૂરવાનું કામ નિરંજન કરે છે. જેમ રૂની દિવેટમાં વળ ભરાતાં અક્કડપણું આવે ત્યારે તે કાર્યશીલ બને છે તેમ પ્રકૃતિમાં પણ નિરંજનનો વળ ભરેલો છે. માટે આદ્યશક્તિથી જ સૃષ્ટિ વળવાળી બની અને સર્વવ્યાપી સ્વરૂપ ધારણ કરવાની ક્ષમતા શક્તિમાં આવી છે. આમ જેના વડે શક્તિ ઉત્પન્ન થયાં તેવા નિરંજન પુરુષનો આભાસ સર્વવ્યાપી બન્યો છે.

**સોહી શ્રુતિ કહત પુરુષ બ્રહ્મહેજા, અણ ઈચ્છા ઉત્પન્ન ગત સહેજા;**
**જ્યૌ રવિતે ઉત્પન્ન અપ નિરા, ફેરી સોસત ગત સહેજ સહીરા. ૯**

### શબ્દાર્થ

**સોહી** = તે **શ્રુતિ** = વેદ, સાંભળેલી વાત ઉપરથી બનાવેલી રચના **કહત** = કહેલી **પુરુષ** = નિરંજન પુરુષ **બ્રહ્મહેજા** = બ્રહ્મના હેજ (તેજ) થી થયેલા **અણ ઈચ્છા** = ઈચ્છા સિવાય **ઉત્પન્ન ગત** = ઉત્પત્તિ થયેલ **સહેજા** = સહેજા સહેજ, આપો આપ **જ્યૌ** = જેમ **રવિ તે** = સૂર્યથી **ઉત્પન્ન** = ઉત્પન્ન **અપ** = આપોઆપ **નિરા** = જળ, પાણી **ફેરી** = પછી થી **સોસત** = શોષણ થાય છે તે **ગત** = ગતિ **સહેજ** = સહેજાસહેજ **સહીરા** = પોતાના દૈવત, સત્વ તેજથી.

### અનુવાદ

**ચાર વેદનું એવું કહેવું છે કે બ્રહ્મના હેજથી ઈચ્છા સિવાય સહેજા સહેજ નિરંજન પુરુષ ઉત્પન્ન થયા છે. જેમ કે સૂર્યથી જળ આપોઆપ ઉત્પન્ન થાય છે અને પાછું શોષણ પણ તેના તેજથી સહેજા સહેજ થાય છે.**

### ભાવાર્થ

ચાર વેદમાં દર્શાવ્યું છે કે બ્રહ્મ સચરાચર વ્યાપક છે. તેના પોતાના જ તેજ - હેજથી બ્રહ્મની ઈચ્છા સિવાય બ્રહ્મમાંથી જ નિરંજન પુરુષ આપોઆપ ઉત્પન્ન થયેલા છે. જેના સમર્થન માટે પણ દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે જેમ સૂર્યના તેજથી સૂર્યની ઈચ્છા સિવાય પાણી આપોઆપ ઉત્પન્ન થાય છે અને વળી તે પાણી સૂર્યની ગરમી મળતાં આપોઆપ તેની ઈચ્છા ન હોવા છતાં શોષાઈ જાય છે એટલે કે આ બધું સહેજાસહેજ થતું હોય છે, પરંતુ તેને કરવાવાળો કોઈ જ નથી.

**દિનકરકુ અપ ઉપજ ન ભાવુ, સોસત પોષત સહેજ સભાવુ;**
**મારુતસે તન આભ્ર જમાઈ, શુન્ય સકલ મલ રહત છવાઈ. ૧૦**

### શબ્દાર્થ

**દિનકરકુ** = સૂર્યને **અપ** = પાણી **ઉપજ** = ઉત્પન્ન કરવાનો **ન** = નથી **ભાવુ** = ભાવ, ઈચ્છા **સોસત** = શોષણ કરવું **પોષત**= પોષણ કરવું. **સહેજ** = સહેજાસહેજ **સભાવુ** = સ્વભાવ પ્રમાણે **મારુતસે** = પવનથી **તન આભ્ર** = આકાશનું સ્વરૂપ **જમાઈ** = જામણ થાય છે, બંધાય છે **શૂન્ય** = શૂન્યમાં **સકલ મલ** = બધા મળ સ્વરૂપે, વિકારયુક્ત **રહત** = રહે છે **છવાઈ** = છવાયેલાં.

### અનુવાદ

**સૂર્યને જળ ઉત્પન્ન કરવાનો ભાવ નથી, પરંતુ સહેજ સ્વભાવથી જળનું શોષણ તેમજ પોષણ થતું જ રહ્યું છે. તેમજ પવનથી વાદળનું રૂપ બંધાય છે, જે સમસ્ત આકાશમાં મળ સ્વરૂપે છવાયેલાં રહે છે.**

## ભાવાર્થ

ચાર વેદનું માવું છે કે સૂર્યને જળ ઉત્પન્ન કરવાની કોઈ જ ઈચ્છા નથી, છતાં સહજાસહજ જળની ઉત્પત્તિ અને જળના શોષણની પ્રક્રિયા ચાલ્યા જ કરે છે. એટલે કે સૂર્યની ગરમીથી પાણીનું બાષ્પીભવન થાય છે અને વરસાદના સ્વરૂપે આપણને પાણી પાછું પ્રાપ્ત થાય છે. તેમાં સૂર્યનો પુરુષાર્થ નથી.

સાથે સાથે બીજું દૃષ્ટાંત સમજાવ્યું છે કે પવનથી વાદળાં બંધાય છે તેમાં પવનની ઈચ્છા વાદળો બાંધવાની (બનાવવાની) નથી છતાં આપોઆપ થાય છે અને તે વાદળો એકબીજામાં ભળી જઈને શૂન્યમાં વિકાર યુક્ત - મળ સ્વરૂપે છવાયેલાં રહે છે.આ ક્રિયાનો કોઈ કરવાવાળો નથી, પરંતુ સહજાસહજ અનુક્રમે થયા જ કરે છે.

**વિલસત સહેજ ઉપજતહી યેસે, મારુત ધરત ન ઈચ્છ કરાસે;**
**બિનુ બાદલ કાહુ ગગન હીચોલે, કરહી પરલે બ્રહ્માંડ હીડોલે. ૧૧**

## શબ્દાર્થ

**વિલસત** = વિનાશ પામે છે, વિખરાઈ જાય છે **સહેજ** = સહજ રીતે **ઉપજ હી** = ઉત્પન્ન થાય છે **યેસે** = તેમજ, તેજ પ્રમાણે **મારુત** = પવન **ઈચ્છ** = ઈચ્છા ધરાવતા નથી **કરાસે** = ક્યારેય **બિનુ** = વગર **બાદલ** = વાદળ **કાહુ** = કોણ **ગગન** = આકાશમાં **હીચોલે** = ગવન કરે **કરહી** = કરે છે **પરલે** = વિનાશ **બ્રહ્માંડ** = બ્રહ્માંડ **હીડોલે** = ડોલવા માંડે.

## અનુવાદ

**પવનની ઈચ્છા વગર સહેજા સહેજ (વાદળ) ઊપજે અને વિલસે છે. તેમાં પવનની ક્યારેય ઈચ્છા હોતી નથી. વાદળ વગર આકાશમાં કોણ (શું) હીચોલે - ગવન કરે ? તે સમયે બ્રહ્માંડ પણ ખળભળી ઊઠે છે અને છેવટે તેનો પ્રલય થાય છે.**

## ભાવાર્થ

ચાર વેદના મત અનુસાર જેમ વાદળો ઉત્પન્ન થાય છે તેમ સહેજા સહેજ વિલસાઈ પણ જાય છે. તે માટે પવનને ક્યારેય ઈચ્છા હોતી નથી, પરંતુ તે ક્રિયા આપોઆપ થાય છે. આકાશમાં પવન જે દિશામાં જાય તે બાજુ વાદળ પણ હિલોળા મારતાં હોય એમ લાગે છે, પરંતુ વાદળ જ ન હોય તો આકાશમાં આમ તેમ હિલોળા કોણ મારે ?

ભયભીત ગર્જનાથી જેમ બ્રહ્માંડ ડોલાયમાન થાય એટલે ઘણાં બધાં તત્ત્વોની ઊથલપાથલ થાય અને અંતે પ્રલય થાય, પરંતુ ગર્જનાને તે ડોલાવાની ઈચ્છા હોતી નથી, તે તો આપોઆપ જ થાય છે.

**નિજ નભ ભભક શબ્દ અણ ઈચ્છા, ભયેહુ આકાશ માત વિનુ વંછા;**
**ધરે તેહી શબ્દ શક્ત અદ્‌ભૂતા, લોક સકલ જુગ કીયે ભયે ભુતા. ૧૨**

## શબ્દાર્થ

**નિજ** = પોતે **નભ** = આકાશ **ભભક** = વીજળી, પ્રકાશનો ઝબકારો **શબ્દ** = શબ્દ - ગર્જના **અણ ઈચ્છા** = ઈચ્છા વગર **ભયેહુ** = થાય છે **આકાશ** = આકાશ **માત** = માતા, જનની **વિનુ** = વગર **વંછા** = ઈચ્છા **ધરે** = ધારણ કરે **તેહી** = તે **શબ્દ** = શબ્દ, ગર્જના **શક્ત** = શક્તિ, તાકાત **અદ્‌ભૂતા** = અદ્‌ભુત **લોકસકલ** = સર્વ લોક **જુગ** = જગત **કીયે** = કર્યા, બન્યા **ભયે** = થયા, ઉત્પન્ન થયા **ભૂતા** = પંચભૂત (પૃથ્વી, તેજ, જળ, આકાશ અને વાયુ )

## અનુવાદ

**નિજ આકાશમાં ઝબકારા સાથે પ્રચંડ ગર્જનાનો અવાજ થાય છે, તે માટે આકાશને ઈચ્છા હોતી નથી. એટલે કે માતૃતૂલ્ય આકાશની ઈચ્છા વગર તે ઉત્પન્ન થાય છે. તે ગર્જના રૂપ શબ્દે એવી તો અદ્‌ભુત શક્તિ ધારણ કરી કે તેના નાદથી સર્વલોક અને જગતને ધારણ કરનાર (પાંચ) મહાભૂત ઉત્પન્ન થયા.**

## ભાવાર્થ

ચાર વેદના મત અનુસાર મહ્દ આકાશમાં પ્રકાશના ઝબકારા સાથે પ્રચંડ શબ્દ ગર્જના થઈ અને તે ગર્જના કરવા પાછળ આકાશની ઈચ્છા ન હતી, પરંતુ આપોઆપ થઈ. પંચમહાભૂતની ઉત્પત્તિનું કારણ નાદથી માનવમાં આવ્યું છે અને નાદની ઉત્પત્તિ આકાશમાંથી થાય છે એટલે આકાશરૂપ માતાની ઈચ્છા વગર પંચમહાભૂત સ્વરૂપ બાળકો ઉત્પન્ન થયા છે. જે સર્વલોક અને જગતને ધારણ કરવાવાળાં છે. આવા પ્રચંડ નાદ થવા પાછળ મહદ આકાશને કોઈપણ ઈચ્છા ન હતી, પરંતુ આપોઆપ જ થયો છે.

**તીત નભ નાદ ભયેઉ અનુકરતા, ઈત સામ્રથ કૃત સબ જુગ હરતા;**
**ત્રિયે દૃષ્ટાંત જ્ઞાન જેહી કહેઉ, પુરુષ બ્રહ્મતે ત્યૌ અનુભયેઉ. ૧૩**

## શબ્દાર્થ

**તીત** = તે **નભ** = આકાશમાં **નાદ** = ગર્જના **ભયેઉ** = થયો **અનુકરતા** = કોઈના કર્યા વગર **ઈત** = તે **સામ્રથ** = સમર્થવાન **કૃત(ક્રત)** = રચના **સબ** = સર્વે, તમામ **જુગ** = જગત **હરતા** = નાશ કરનાર **ત્રિયે** = ત્રણેય **દૃષ્ટાંત** = દૃષ્ટાંત **જ્ઞાન** = સમજ **જેહી** = જે રીતે **કહેઉ** = દર્શાવ્યું **પુરુષ** = પુરુષ(નિરંજન પુરુષ) **બ્રહ્મ તે** = બ્રહ્મમાંથી **ત્યૌ** = એવી રીતે **અનુભયેઉ** = ઈચ્છા વગર ઉત્પન્ન થયા છે.

## અનુવાદ

**આકાશમાં નાદ કોઈના કર્યા વગર થાય છે,(મહદ) આકાશમાં નાદ થકી જગતની સર્વ રચના અને વિનાશ આપોઆપ થાય છે.**

**આ ત્રણ દૃષ્ટાંત મુજબ બ્રહ્માંડમાંથી નિરંજન પુરુષ ઈચ્છા વગર જ ઉત્પન્ન થયા છે.**

### ભાવાર્થ

ચાર વેદના મત અનુસાર અગાઉ દર્શાવ્યા મુજબ મહદ આકાશમાં થયેલા નાદ(ગર્જના)થી પાંચ તત્ત્વોવાળા સમગ્ર જગતની રચના થઈ છે. તે જ નાદથી સઘળી રચનાનો પ્રલય (નાશ) થાય છે. આમ, ઉત્પત્તિ કે વિનાશની ક્રિયા આપોઆપ થાય છે. તેમાં આકાશને કોઈ શ્રમ કરવો પડતો નથી કે તેની કોઈ ઈચ્છા હોતી નથી

આ પ્રમાણે ત્રણ દૃષ્ટાંતની સમજ દ્વારા ચાર વેદમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે નિરંજન પુરુષ બ્રહ્મથી આપોઆપ ઉત્પન્ન થયેલ છે.

**નિજ ઉપજણ કર્તા હંગ નાંહી, ગગન પવન પાવક કીસમાંહી;**
**ત્યૌ ગતિ બ્રહ્મ મ્રમ માનુભાવા, ઉપજે નિરંજન સહેજ સભાવા. ૧૪**

### શબ્દાર્થ

**નિજ** = પોતાની **ઉપજણ** = ઈચ્છા **કર્તા** = રચનાર **હંગ** = જાણ **નાંહી** = નથી **ગગન** = આકાશ **પવન** = પવન, વાયુ **પાવક** = અગ્નિ, સૂર્ય **કીસમાંહી** = કોઈનામાંય **ત્યૌ** = તે રીતે **ગતિ** = સમજ **બ્રહ્મ** = બ્રહ્મ **મ્રમ** = મરમ, મર્મ, સમજ **માનુભવા** = મનની ભાવના **ઉપજે** = ઉત્પન્ન થયા **નિરંજન** = નિરંજન પુરુષ **સહેજ** = હેજથી **સભાવા** = સ્વભાવિક રીતે, સહેજાસહેજ.

### અનુવાદ

**આકાશ, પવન અને સૂર્યમાં કર્તા(રચનાર) તરીકે પોતાની ઈચ્છા કે જાણ નથી. તેવી જ રીતે બ્રહ્મના મનમાં કોઈ સમજ કે ભાવના નથી છતાં નિરંજન પુરુષ સહજ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયા છે.**

### ભાવાર્થ

ચાર વેદના મત અનુસાર આકાશને શબ્દ (ગર્જના) કરવાની, પવનને વાદળ એકત્ર કે વિખેરવાની અને સૂર્યને જળ ઉત્પન્ન - શોષણ કરવાની ઈચ્છા થતી નથી, છતાં આ કાર્ય આપોઆપ અનુક્રમે થતું રહે છે.

તેવી જ રીતે બ્રહ્મને કોઈપણ પ્રકારનો ભાવ કે મનમાં ઈચ્છા શક્તિ હોતી નથી કે નિરંજન પુરુષને ઉત્પન્ન કરે, છતાં તે નિરંજન પુરુષ બ્રહ્મમાં સહેજા સહેજ હેજથી ઉત્પન્ન થયા છે.

**આભ્ર નાદ અપ ક્રત હર્ત તંતુ, પુરુષ પ્રાકમ બ્રહ્માંડ અનંતુ;**
**ઉપજ ખપત ગત કરન નખેદુ, રહત સદા પદ બ્રહ્મ અછેદુ. ૧૫**

### શબ્દાર્થ

**આભ્ર** = વાદળ **નાદ** = ગર્જના, શબ્દ **અપ** = પાણી **ક્રત** = કર્તા **હર્ત** = હરતા **તંતુ** = પોતે જ છે **પુરુષ** = નિરંજન

પુરુષ **પ્રાકમ્** = પરાક્રમી **બ્રહ્માંડ** = બ્રહ્માંડ **અનંતુ** = ન ઈતિ, જેનો કોઈ છેડો નથી તેવું, અંત રહિત (કદની દષ્ટિએ) **ઉપજ** = ઉત્પત્તિ **ખપત** = સમાવેશ **ગત** = ગતિ **કરન** = કરવા માટેની **નખેદુ** = સર્વ વિનાશ **રહત** = રહે છે **સદા** = સદાને માટે, કાયમ **પદ** = સ્થિતિ **બ્રહ્મ** = બ્રહ્મ **અછેદુ** = અખંડ, છેદી ન શકાય તેવું.

## અનુવાદ

**વાદળ, નાદ અને પાણી આ ત્રણ કર્તા - હર્તા પોતે છે. તેવી રીતે આપોઆપ પરાક્રમી નિરંજન પુરુષ અને અંત વગરના બ્રહ્માંડની રચના થઈ છે. આ રીતે ઉત્પત્તિ અને વિનાશના ક્રમનો બ્રહ્મમાં સમાવેશ થયો છે; તેમ છતાં બ્રહ્મ પદ સદાને માટે અભિન્ન - અખંડ રહ્યું છે.**

## ભાવાર્થ

ચાર વેદના મત અનુસાર જેમ વાદળ, ગર્જના અને પાણી આ ત્રણેની ઉત્પત્તિમાં તે પોતે જ કર્તા - હર્તા છે, અર્થાત્ કોઈએ તેમનું સર્જન કર્યું નથી, પરંતુ આપોઆપ ઉત્પન્ન થયા છે. તેમ મહાન પરાક્રમી નિરંજન પુરુષ અને અંત વગરના બ્રહ્માંડના કર્તા - હર્તા તે પોતે છે. બ્રહ્મભૂમિકામાં ક્રમે ક્રમે ઉત્પત્તિ અને વિનાશ થાય છે, તેમ છતાં બ્રહ્મપદ તો સદાને માટે અભિન્ન અને અખંડ રહેલું છે.

**બ્રહ્મ સનાતન આદ્ય સર્વનુ, કોટી કલ્પ જુગ અનંત અરબનુ;**
**સકલ ચરાચર વ્યાપક પદહી, વેદ વચન વદિત સદચિદહી. ૧૬**

## શબ્દાર્થ

**બ્રહ્મ** = બ્રહ્મ **સનાતન** = શાશ્વત **આદ્ય** = આદિનું **સર્વનુ** = દરેકથી, સર્વથી **કોટી** = કરોડો **કલ્પ** = કલ્પ **યુગ** = યુગ **અનંત** = અનંત **અરબનું** = અરબો(સંખ્યા) **સકલ** = બધે જ **સચરાચર** = સર્વત્ર **વ્યાપક** = વ્યાપેલું, પ્રસરેલું **પદહી** = પદ, સ્થાન **વેદ** = વેદ, વચન, વાક્યો, વાણી **વદિત** = ઉચ્ચાર કરવો **સદ** = શાશ્વત **ચિદહી** = ચિદાકાર, ચેતન.

## અનુવાદ

**અનંત અરબ યુગો અને કરોડો કલ્પોથી બ્રહ્મ સર્વથી આદિનું હોઈ સનાતન છે. તે બ્રહ્મપદ સચરાચર (સર્વત્ર) છે. તેના માટે વેદ સદ્ અને ચિદ્નો ઉચ્ચાર કરે છે.**

## ભાવાર્થ

બ્રહ્મ એ આદિ અનાદિકાળથી એટલે કે અનંત અરબ યુગો અને કરોડો કલ્પોથી સનાતન હોઈ વ્યાપક રૂપે સર્વત્ર પ્રસરેલું છે. તેથી જ તેને સચરાચર વ્યાપક બ્રહ્મ કહેવામાં આવે છે. બ્રહ્માએ વેદોમાં નિર્ગુણ બ્રહ્મને શાશ્વત્ અને ચિદાકાર તરીકે વર્ણવેલું છે.

**ઓરુ આનંદ સહિત પદ સરલુ, લહત મરમ કોઈ કોઈક જવરલુ;**
**અખંડ ડંડ અદ્વૈત વિત્ત સભરા, ચૌ દસોદસ ઠસ ખચ ધર સઘરા. ૧૭**

## શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **આનંદ** = દિવ્યાનંદ **સહિત** = સહિત **પદ** = પદ **સરલુ** = સરળ, સર્વને સ્પર્શીને રહેલું **લહત** = જાણ **મરમ** = મર્મ **કોઈક** = કોઈક જ **જવરલુ** = જવલ્લે જ (કોઈક કોઈક વખત) **અખંડ** = અખંડ **ડંડ** = દંડવત્, અક્કડ **અદ્વૈત** = જુદા પણું નહીં તેવું, બીજા સાથે સરખામણી થઈ ન શકે તેવું, એક જ, અભેદ **વિત્ત** = નૂર **સભરા** = સભરાભર **ચૌ** = ચારેય બાજુ **દસોદસ** = દશેય દિશામાં **ઠસ** = ઠસોઠસ **ખચ** = ખેંચીને, ખીચોખીચ **ધર** = ધારણ કરવું **સઘરા** = સઘળું, પૃથ્વી સહિત, બધું જ.

## અનુવાદ

**વળી, આનંદયુક્ત સરળ(બ્રહ્મ) પદના મર્મને કોઈક વીરલા પુરુષ જાણી શકે છે. તે બ્રહ્મ અખંડ ડંડાકાર, અદ્વૈત, વિત્તરૂપે દશે દિશાઓમાં ઠસોઠસ અને ખીચોખીચ ભરપૂર ભરેલું હોઈ, (પૃથ્વી સહિત) સઘળું ધારણ કરીને રહેલું છે.**

## ભાવાર્થ

ચાર વેદના મત મુજબ બ્રહ્મ, સત, ચિદ્ અને આનંદયુક્ત હોઈ તમામ રચનાને સ્પર્શીને રહેલું છે. જેના મતલબને કોઈક વીરલા પુરુષ જ જાણી શકે છે. તે બ્રહ્મ અખંડ, ડંડાકાર રૂપે અક્કડ અને અન્યની સાથે સરખામણી ન થઈ શકે તેવું અદ્વિતીય અને અભેદ્ય છે. બ્રહ્મ દશે દિશામાં સભરાભર પ્રસરેલું છે એટલે કે બ્રહ્મ સિવાય કશું પણ બાકી રહેતું નથી.

**ઈન્દ્રિ અગોચર સ્વર પર મહાદુ, ત્રિગુણાતીત જેહી આદ્ય અનાદુ;**
**બ્રહ્મ લક્ષ એહી સકલ સરાવા, નિગમ નેતિ નહીં ભાવ અભાવા. ૧૮**

## શબ્દાર્થ

**ઈન્દ્રિ** = ઈન્દ્રિયોથી **અગોચર** = પામી ન શકાય તેવું, ઈન્દ્રિયાતિત, અગમ્ય **સ્વર** = પ્રણવથી **પર** = પર, તિત **મહાદ્** = વિશેષ, મહદ **ત્રિગુણાતીત** = ત્રણ ગુણોથી પણ પરે **જેહી** = જે **આદ્ય** = આદિ **અનાદુ** = અનાદિનું **બ્રહ્મલક્ષ** = બ્રહ્મનો લક્ષ **એહી** = આ પ્રમાણે **સકલ** = બધાય **સરાવા** = સરાહના કરેલ છે, વખાણ(પ્રશંસા) કરેલ છે **નિગમ** = વેદ **નેતિ** = ન ઈતિ, જેનો કોઈ છેડો નથી **નહીં** = નથી - રહિત **ભાવ અભાવા** = ભાવ કે અભાવ, ભાવાભાવ.

## અનુવાદ

**આદિ અનાદિથી બ્રહ્મપદ ગુણોથી રહિત, ઈન્દ્રિયાતિત, અગમ્ય અને પ્રણવની ઉપર મહદ સ્વરૂપે રહેલું છે. આ પ્રમાણે તે બ્રહ્મપદની સૌએ સરાહના કરી છે; ભાવાભાવ રહિત તે બ્રહ્મપદ માટે વેદોએ પણ 'ન ઈતિ' (જેનો કોઈ છેડો જ નથી પણ અપાર છે) એમ જાહેર કર્યું છે.**

### ભાવાર્થ

બ્રહ્મપદ આદિ અનાદિનું છે. ત્રણ ગુણો (રજોગુણ, તમોગુણ અને સતોગુણ) થી રહિત છે. ઈન્દ્રિયોથી પ્રાપ્ત ન થાય તેવું ઈન્દ્રિયાતિત અર્થાત અગમ્ય છે. તે પ્રણવની ઉપર મહદ સ્વરૂપે રહેલું છે. એટલે કે પ્રણવની ઉપર બ્રહ્મનો પૂર્ણ પ્રભાવ રહેલો છે. ભાવા-ભાવથી રહિત બ્રહ્મપદ માટે બ્રહ્માજીએ પોતાના ચાર વેદમાં પણ 'ન ઈતિ' અર્થાત્ કે જેનો કોઈ છેડો જ નથી એટલે કે અનંત છે એમ કહ્યું છે.

**તાહી તે નિરંજન કેહી વિધિ ઉપના, જકત સહિત જાકે વત સુપના;**
**સોહી મમ મર્મ કહેહુ મજભુતા, સુનહો સંત પંડિત સમજુતા. ૧૯**

### શબ્દાર્થ

**તાહીતે** = તેથી **નિરંજન** = નિરંજન પુરુષ **કેહી વિધિ** = કેવી રીતે **ઉપના** = ઉત્પન્ન થયા **જકત** = જગત **સહિત** = સહિત **જાકે** = જેમને **વત્ સુપના** = સ્વપ્નવત્ **સોહી** = તે **મમ** = મારે **મર્મ** = મર્મ, મત, રહસ્ય **કહેહુ** = કહુ છું **મજભુતા** = અસરકારક, નક્કર, નિશ્ચયાત્મક **સુનહો** = સાંભળો **સંત** = સંતો **પંડિત** = પંડિતો **સમજુતા** = સમજુ, શાણા.

### અનુવાદ

**જગત સહિત (બધું જ) સ્વપ્નવત્ છે, તો પછી નિરંજન પુરુષ કેવી રીતે ઉત્પન્ન થયા? આ રહસ્ય(ભેદ) નિશ્ચયાત્મક રીતે હું કહી સમજાવું છું. તે હે સમજુ સંતો અને પંડિતો ! સાંભળો.**

### ભાવાર્થ

અગાઉ જગત સહિત નિરંજન પુરુષ માટે ચાર વેદના મત અનુસાર આપોઆપ ઉત્પત્તિ સમજાવવામાં આવી છે. તેમાં ત્રણ દૃષ્ટાંતો દ્વારા વાદળ, ગર્જના અને પાણી સહેજા સહેજ ઉત્પન્ન થયા છે એમ દર્શાવીને પરાક્રમી નિરંજન પુરુષ પણ બ્રહ્મમાંથી હેજ ભાવે સહેજા સહેજ ઉત્પન્ન થયા છે તેમ દર્શાવ્યું છે.

વેદના તે મતનું ખંડન અર્થાત્ સ્પષ્ટીકરણ કરતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અહીં દર્શાવે છે કે બ્રહ્મમાં જગત સહિત બધું જ સ્વપ્નવત્ (મિથ્યા) હોય તો મહાન પુરુષ નિરંજન કેવી રીતે ઉત્પન્ન થયા? સમજુ અને શાણા સંતો તથા પંડિતોને નિરંજનની ઉત્પત્તિ અંગે પરમગુરુ પોતાના મત અનુસાર નિશ્ચયાત્મક રીતે ખુલાસો આપે છે.

**બિનુ અંકુર બીજ ઉગહી ના અવનિ, દેખો વિલોક વાંક ભવભવની;**
**અનંત કોટ જુગ ઘન અપરલયે, બિનહુ બીજગ ધરા કબહુ ન પલયે. ૨૦**

### શબ્દાર્થ

**બિનુ અંકુર** = અંકુર વગરનું **બીજ** = બીજક **ઉગહી ના** = ઊગતું નથી **અવનિ** = પૃથ્વીમાં **દેખો** = જુઓ

**વિલોક** = નિરીક્ષણ અવલોકન કરીને **વાંક** = ભૂલ **ભવભવની** = ભવોભવથી ચાલી આવેલી **અનંત કોટ** = અનંતકોટી, અનંત કરોડ **જુગ** = યુગો પર્યંત **ઘન** = વરસાદનું **અપરલયે** = પાણી પાયા કરે, પલાડે, ભીંજાવે **બિનહુ** = વગર **બીજગ** = બીજ **ધરા** = પૃથ્વી **કબહુ** = કશુ પણ **ન** = નહીં **પલયે** = ઊગે, પલ્લવિત થાય.

## અનુવાદ

**અંકુર સિવાયનું કોઈપણ બીજક પૃથ્વીમાં ઊગી શકતું નથી. અનંત કરોડો યુગો સુધી વરસાદ વરસે તો પણ અંકુર વગરનું બીજક પલ્લવિત થાય નહીં. એટલે અવલોકન કરીને જોતાં તે (આપોઆપ ઉત્પત્તિની માન્યતા) ભૂલ ભવોભવથી ચાલી આવેલી છે.**

## ભાવાર્થ

જમીનમાં જો અંકુર વિનાના બીજક હોય તો તેમાંથી વનસ્પતિ ઊગી શકતી નથી. પછી ભલે તેને બારે માસ પાણી કે ગમે તેટલું ખાતર આપવામાં આવે. એટલે કે અનેક યુગો સુધી જમીન પર વરસાદ વરસે તો પણ અંકુર વિનાના બીજકથી વનસ્પતિ કદી પણ ઊગતી નથી. અને પૃથ્વી પલ્લવિત (હરિયાળી) થતી નથી. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે પૃથ્વી પર બીજક આપોઆપ ઊગી નીકળે છે તે મત અનેક યુગોથી ચાલી આવેલી ભ્રમણાયુક્ત ભૂલ છે.

**સોહી બીજકે જુગમે કુન કરતા, જુવો પંડિત જ્ઞાની ધરી સુરતા;**
**લોક ચતુર્દશ પિંડ બ્રહ્માંડા, શક્તિ સહિત બીજગ તન ઈંડા ૨૧**

## શબ્દાર્થ

**સોહી** = તે **બીજકે** = બીજકના **જુગમે** = વિશ્વમાં **કુન કરતા** = કોણ બનાવનાર છે **જુવો** = જુઓ **પંડિત** = પંડિતો **જ્ઞાની** = જ્ઞાનીઓ **ધરી સુરતા** = સુરતા ધારણ કરીને **લોક ચતુર્દશ** = ચૌદલોકમાં **પિંડ** = શરીર, ઘાટ **બ્રહ્માંડ** = બ્રહ્માંડ, સર્જનહારની સમગ્ર રચના જેમાં ઉત્પન્ન કરેલ છે તે વિસ્તાર **શક્તિ** = આદ્યશક્તિ, પ્રકૃતિ **સહિત** = સહિત **બીજગ** = બીજકોના **તન** = સ્વરૂપ **ઈંડા** = ઈંડો.

## અનુવાદ

**હે જ્ઞાનીઓ અને પંડિતો ! જગતમાં બીજકના કર્તા કોણ? તે અંગે સુરતા ધારણ કરીને વિચાર કરો. પિંડ બ્રહ્માંડના સર્વ ઈંડોની આદ્ય લઈ ચૌદલોકમાં શક્તિ સહિત બધાનો દેહ એક બીજક રૂપ છે.**

## ભાવાર્થ

સર્જનહારના પ્રકાશરૂપ બ્રહ્મનો ફેલાવો વ્યાપક છે, જેનો કોઈ અંત જ નથી. અર્થાત્ તે મહાવૈરાટ હોઈ તેના સમગ્ર વિસ્તારને બ્રહ્માંડ કહેવાય છે. તેમાં ઉત્પન્ન થયેલી અન્ય ઈંડો સહિતની રચના અને મહિમંડ ઈંડના ચૌદલોકની આદ્ય લઈ શક્તિ અને નિરંજન સહિત સર્વે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ,

મહાકારણ અને પરમકારણ દેહના તમામ શરીરો બીજક રૂપ છે. તો તેનો રચનાર કોણ છે? તે અંગે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જ્ઞાની અને પંડિતોને વિચાર કરવાનું અને સુરતા ધારણ કરી ચિંતન કરવાનું કહે છે.

**તાહીતે અગમ રહે બીજ કરનારા, પંડિત જ્ઞાની મન કરહો વિચારા;**
**સોહી બીજગ નિરંજનહીસે નીકરે, ઈંડ કટાક્ષ પોમી પર બીખરે. ૨૨**

### શબ્દાર્થ

**તાહી તે** = તેટલા માટે જ **અગમ** = અગમ્ય, અજાણ **રહે** = રહ્યા **બીજ** = બીજકનાં **કરનારા** = કરનારા **પંડિત** = પંડિત **જ્ઞાની** = જ્ઞાની **મન** = મનથી **કરહો** = કરો **વિચારા** = વિચાર **સોહી** = તે **બીજગ** = બીજક **નિરંજનહીસે** = નિરંજન થકી **નીકરે** = પ્રસારો થયા **ઈંડ** = મહિમંડ ઈંડમાં **કટાક્ષ**= દૃષ્ટિના પ્રસારની જેમ **પોમી પર** = પૃથ્વી પર **બીખરે** = વિખરાયા.

### અનુવાદ

**તેટલા માટે બીજકના રચનારા અજાણ્યા રહ્યાં છે તેથી હે જ્ઞાનીઓ અને પંડિતો ! તમે મનમાં વિચાર કરો કે તે બીજકો નિરંજનમાંથી નીકળીને(પસાર થઈને), પૃથ્વી સહીત મહિમંડ ઈંડમાં દૃષ્ટિના પ્રસારની જેમ વિખરાયેલા છે.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની ચોથી ક્રિયાવૃત્તિ દ્વારા વિવિધ બૂંદ બીજકોનું નિર્માણ કર્યું છે, તેમ છતાં તે બીજકોના કર્તા અજાણ્યા છે. તે માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જ્ઞાનીઓ અને પંડિતોને તેમના મનમાં મનન અને ચિંતન કરવા માટે જણાવે છે. સાથે સાથે એ પણ જણાવ્યું છે કે તે બીજકો નિરંજન ભૂમિકામાંથી પસાર થઈને જેમ દૃષ્ટિનો પ્રસારો ચોતરફ પહોંચે છે તે જ ન્યાયે સર્વે બીજકો મહિમંડ ઈંડના સર્વત્ર વિસ્તારમાં વિખરાયેલા છે.

**અવનિ સકલ અંકુર જબ ભયેઉ, વિવિધિ ભાત વનખંડ નિપયેઉ;**
**એક એકપે અન્યો અન્યહી અનંતા, ઝરી ઝરી બીજ ભયેહુ નહીં અંતા. ૨૩**

### શબ્દાર્થ

**અવનિ** = પૃથ્વી **સકલ** = બધા **અંકુર** = અંકુરોવાળી **જબ** = જયારે **ભયેઉ** = થઈ **વિવિધિ ભાત** = વિધવિધ પ્રકારના ભાતવાળા **વનખંડ** = વનસ્પતિના જંગલો **નિપયેઉ** = ઉત્પન્ન થઈ, ઊગી નીકળી **એક એકપે** = એક એકથી **અન્યોઅન્યહી** = અન્યોઅન્ય, એક એકથી, એકબીજા દ્વારા **અનંતા** = અનેક ઘણા, અગણિત, અસંખ્ય **ઝરી ઝરી** = ખરી ખરીને, પડી પડીને, વારંવાર ઊગીને **બીજ** = બીજકો **ભયેંહુ** = થયાં **નહીં અંતા** = અંત વગર, અસંખ્ય.

### અનુવાદ

**જ્યારે સમગ્ર પૃથ્વી અંકુરોવાળી થઈ ત્યારે વિવિધ ભાતના વનખંડ ઉત્પન્ન થયા પછી તે એક એકમાંથી વારંવાર અન્યોઅન્ય અગણિત બીજકો થયા કે જેનો અંત આવે તેમ નથી.**

### ભાવાર્થ

નિરંજન ભૂમિકામાં પસાર થઈને સ્થાવર જાતિના બીજકો પૃથ્વી ઉપર પડ્યા ત્યારે પૃથ્વી પણ બીજકો વાળી બની અને તે બીજકોમાંથી વિવિધ પ્રકારની ભાતભાતવાળી વનસ્પતિના જંગલો બન્યાં. ત્યારબાદ તે બીજકો પરિપક્વ થઈને ખરવા લાગ્યાં. આ રીતે પુનરાવર્તન થતાં ગણતરી પણ ન થઈ શકે તેટલાં (અગણિત) બીજકોનો પ્રસારો થયો. આ રીતે એક એકથી પ્રત્યેક બીજકોમાંથી અનેક બીજકોની વૃદ્ધિ થઈ.

**ત્રિયે દ્દષ્ટાંત કહેહુ જેહી આગુ, ત્યૌ ચોથા બીજગ અનુરાગુ;**
**શૂન્ય શબ્દ આભ્રણ રવિ નીરુ, બિનુ બંછન જયૌ ધરત શરીરુ. ૨૪**

### શબ્દાર્થ

**ત્રિયે** = ત્રણ **દ્દષ્ટાંત** = દ્દષ્ટાંત **કહેહુ** = કહ્યાં **જેહી** = જે **આગુ** = આગળ **ત્યૌ** = તેને, તેમ, તે મુજબ **ચોથા** = ચોથું **બીજગ** = બીજકનું **અનુરાગ** = તેના જેવું જ અનુરૂપ **શૂન્ય** = મહદ આકાશ, પોલાણ **શબ્દ** = ગર્જના, નાદ **આભ્રણ** = વાદળ **રવિ** = સૂર્ય **નીરુ** = પાણી **બિનુ** = વગર **બંછન** = ઈચ્છા **જયૌ** = જેમ **ધરત** = ધારણા કરે **શરીરુ** = શરીર, સ્વરૂપ

### અનુવાદ

**આગળ જે ત્રણ દ્દષ્ટાંત કહ્યાં હતાં કે જેમ શૂન્યથી શબ્દ, પવનથી વાદળ અને સૂર્યથી જળ ઈચ્છા સિવાય શરીર (સ્વરૂપ) ધારણ કરે છે. તેને અનુરૂપ ચોથું બીજકનું પણ દ્દષ્ટાંત છે.**

### ભાવાર્થ

આગળ વેદના મતાનુસાર ત્રણ દ્દષ્ટાંત દર્શાવ્યા હતાં, જેવી રીતે મહદ આકાશમાંથી નાદ (શબ્દ), પવનથી વાદળ અને સૂર્ય થકી જળ એ ત્રણે ઈચ્છા વગર ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે તેને અનુરૂપ બીજકનું ચોથું દ્દષ્ટાંત દર્શાવવામાં આવ્યું છે. ટૂંકમાં વેદના મતાનુસાર કોઈનો કોઈ કર્તા નથી તે સમજાવવા બ્રહ્મ સિદ્ધાંતીઓએ આવા જુદાજુદા દ્દષ્ટાંત આપ્યા છે.

**ત્યૌ બીજગ અવનિ પખ ઉરે, આપહી આપ અચાનક સફુરે;**
**અવનિ તોય નહીં ઈચ્છ ઉપજકી, સહેજ સ્વભાવ નિપજ રજ રજકી. ૨૫**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી રીતે **બીજગ** = બીજક **અવનિ** = પૃથ્વીના **પખ ઉરે** = પેટાળમાંથી **આપ હી આપ** = આપોઆપ **અચાનક** = અચાનક, એકાએક **સફુરે** = સ્ફુરાયમાન થાય **અવનિ** = પૃથ્વી **તોય** = પાણી **નહીં ઈચ્છ** = ઈચ્છા નથી **ઉપજકી** = ઉપજાવવાની **સહેજ સ્વભાવ** = સહેજાસહેજ, સહજ સ્વભાવે **નિપજ** = ઊપજ **રજ રજકી** = બારીકમાં બારીક, રજે રજની, નાનાં મોટાં તમામ.

### અનુવાદ

**તેવી જ રીતે બીજક પૃથ્વીના પેટાળમાંથી પોતાની જાતે અચાનક ઊગી નીકળે છે. પૃથ્વીને અને પાણીને વૃક્ષ ઉત્પન્ન કરવાની સહેજ પણ ઈચ્છા નથી, છતાં સહેજા સહેજ ઉત્પત્તિ થાય છે.**

### ભાવાર્થ

પૃથ્વીના પેટાળમાં રહેલાં તમામ બીજકો વર્ષાઋતુમાં અચાનક ઊગી નીકળે છે. તેને ઉગાડવા માટે પૃથ્વી અને પાણીની બિલકુલ ઈચ્છા નથી. તેમ છતાં બારીકમાં બારીક બીજકોથી માંડીને મોટા બીજકો પણ સહજ સ્વાભાવિક રીતે યોગ મળતાં પૃથ્વીના પેટાળમાંથી અચાનક ઊગી નીકળે છે. એટલે કે પૃથ્વી એવી ઈચ્છા નથી કરતી કે હું મારા ખોળામાં રહેલા બીજકોને ઉત્પન્ન કરું અને વરસાદ પણ એવી ઈચ્છાથી નથી વરસતો કે પૃથ્વીના પેટાળમાં રહેલા બીજકોને ઉગાડું. આમ, આ બીજકો આપોઆપ જ ઊગી નીકળે છે તેવું લાગે છે.

**ત્યૌ નિજ બ્રહ્મ ભોમીગત ભાવુ, કરતવ કરન ઈચ્છ નહીં ચાહાવુ;**
**જડ નહીં અવન્ય બ્રહ્મ નહીં જડહિ, પણ નહીં ઉપજ શક્તિ સડભડહી. ૨૬**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી જ રીતે **નિજ બ્રહ્મ** = બ્રહ્મ પોતે **ભોમીગત** = પૃથ્વીની માફક **ભાવુ** = ભાવ **કરતવ** = ક્રિયા-કર્મ **કરન** =કરવાની **ઈચ્છ નહીં** = ઈચ્છા નથી **ચાહાવુ** = ચાહવું, પ્રેમથી રાખવો **જડ નહીં** = જડ નથી **અવન્ય** =પૃથ્વી **બ્રહ્મ** = બ્રહ્મ **નહીં જડહી** = જડ નથી **પણ** = છતાં **નહીં ઉપજ** = ઉપજતું નથી, પેદા થતું નથી **શક્તિ** = ચૈતન શક્તિ **સડ ભડહી** = ભેગી ભળ્યા સિવાય, સમાન, સરખેસરખું.

### અનુવાદ

**તેવી જ રીતે નિજ બ્રહ્મ પૃથ્વીના જેવુ જ ભાવવાળું છે. તેથી તેને પણ ક્રિયા કર્મ કરવાની ઈચ્છા નથી, પરંતુ (ચૈતન) શક્તિ ભળ્યા વગર કંઈ ઉત્પન્ન થતું નથી તેમ છતાં પૃથ્વી કે બ્રહ્મ જડ નથી.**

### ભાવાર્થ

પૃથ્વીમાં તેની ઈચ્છા સિવાય વનસ્પતિ ઉત્પન્ન થાય છે, અર્થાત્ પૃથ્વીને તે ઉગાડવાનો ભાવ

કે અભાવ નથી. પૃથ્વીની માફક બ્રહ્મ પણ ભાવવાળુ છે. તે બંનેમાંથી કોઈને પણ કર્મ કરવાની ચાહના થતી નથી, છતાં બંને ઉત્પત્તિ કરવા પક્ષેની ભૂમિકા જોતાં એક સરખા છે. છતાં પણ સહેજાસહેજ પોષણ કરવાની હિરણ્યગર્ભ શક્તિ બંનેમાં લગભગ સરખી જ છે. કારણ કે તેમાં રચના થતી હોય એમ દેખાય છે, પરંતુ ચૈતન શક્તિ જ્યાં સુધી ન ભળે ત્યાં સુધી ઊપજ થતી નથી.

જેમ કે ક્રિયાવૃત્તિ દ્વારા તત્ત્વોને ઊલટસૂલટ કરીને સર્જનહારે બ્રહ્મભૂમિકામાં ચોરાસી લાખ પ્રકારના બીજકને બનાવ્યાં છે, જેમાં તેમની સજીવનવૃત્તિ દ્વારા બધા જ બીજકો પોતપોતાના માપ પ્રમાણે પરિપક્વ થઈને વૃદ્ધિ પામીને રહ્યા, પરંતુ છેલ્લી અંશવૃત્તિ દ્વારા પોતાના જ સજાતિના ચૈતન અંશને દરેક ઘાટમાં પ્રેરક કર્યા, ત્યારે જ બધા ઘાટ પરિપૂર્ણ રીતે હલનચલન કરતા થયાં.

**જયૌ બીજગ નિરંજન નિરમયેઉ, લોક સકલ જડ તન કૃત ભયેઉ;**
**ત્યૌ ચૈતન બીજગ જીવ અંશુ, બ્રહ્મ ભોમ ઉદિતવ જુગ વંશુ. ૨૭**

### શબ્દાર્થ

**જયૌ** = જેવી રીતે **બીજગ** = બીજક **નિરંજન** = નિરંજનની ભૂમિકામાં **નિરમયેઉ** = નિર્માણ પામ્યા, પોષણ પામ્યા **લોક સકલ** = તમામ લોકના, બધા જ ધામના **જડ તન** = જડ શરીરની **કૃત** = રચના **ભયેઉ** = થઈ **ત્યૌ** = તેવી જ રીતે **ચૈતન બીજગ** = ચૈતન બીજક **જીવ** = ઘાટોમાં **અંશુ** = અંશ છે. **બ્રહ્મ ભોમ** = બ્રહ્મભૂમિકામાં **ઉદિતવ** = ઉત્પન્ન થયેલ **જુગ** = જગનો **વંશુ** = વંશ વૃદ્ધિ.

### અનુવાદ

**જેવી રીતે નિરંજન ભૂમિકામાં બીજક નિર્માણ થતાં સર્વ લોકના જડ શરીરો રૂપ રચના થઈ. તેવી જ રીતે બ્રહ્મભૂમિકામાં ચૈતન બીજકરૂપ અંશ દ્વારા આ વિશ્વની વંશવૃદ્ધિ થઈ છે.**

### ભાવાર્થ

દૃષ્ટાંતને આધારે જોતાં જેમ નિરંજન ભૂમિકામાં દેહના બીજકોનું નિર્માણ થયું અને તે બીજકો વડે જગતમાં સર્વ જડ ઘાટની રચના થઈ.

તેવી જ રીતે બીજકરૂપ ચૈતન અંશના પ્રભાવથી(આભાસથી) બ્રહ્મભૂમિકામાં પોષણ પામીને વૃદ્ધિ પામેલાં અનંત ઘાટો ચૈતનતા પામેલા છે. નિરંજન અને બ્રહ્મ એમ બંને ભૂમિકામાં ઉત્પન્ન થયેલ જડ ઘાટ સાથે ચૈતન અંશના સંયોગ થતાં જ સમગ્ર વિશ્વની વંશવૃદ્ધિ શક્ય બનેલી છે.

**જડ ચૈતન ઉભય બીજ મરમુ, એકકી જામણ જમી એકકુ હે બ્રહ્મુ;**
**બ્રહ્મ ભોમ ચૈતન બીજ જામે, જડ બીજગ અવનિ વૃધ્ધિ પામે. ૨૮**

### શબ્દાર્થ

**જડ**= જડ, અચેત **ચૈતન** = ચેતન **ઉભય** = બંને **બીજ** = બીજકોનું **મરમુ** = મર્મ (રહસ્ય) બતાવું છું

**એકકી જામણ** = એકનું જામણ (જામવું) **જમી** = પૃથ્વી છે **એકકુ** =એકનું છે **બ્રહ્મુ** = બ્રહ્મ **બ્રહ્મ ભોમ** = બ્રહ્મભૂમિકા **ચૈતન બીજ** = ચેતન બીજક **જામે** = જામણ થાય **જડ બીજગ** = જડ બીજક **અવનિ** = પૃથ્વીમાં **વૃધ્ધિ** = વૃદ્ધિ **પામે** = પામે છે.

### અનુવાદ

**જડ અને ચૈતન બંનેનાં મર્મ જોતાં એકનું જામણ પૃથ્વી છે, તો એકનું બ્રહ્મ છે. બ્રહ્મભૂમિકામાં ચૈતન બીજક જામે છે અને પૃથ્વીમાં જડ બીજકની વૃદ્ધિ થાય છે.**

### ભાવાર્થ

જડ બીજક અને ચૈતન બીજકોની સ્થિતિનો વિચાર કરતાં લાગે છે કે જડ બીજકનું જામણ પૃથ્વી છે અને ચૈતન બીજકનું જામણ બ્રહ્મભૂમિકા છે. એટલે કે બ્રહ્મભૂમિકામાં ચૈતન બીજનો જમાવ થાય છે અને પૃથ્વીની ભૂમિકામાં જડ બીજકોનું પોષણ થાય છે.

**જડ બીજગ નિરંજન હીસે ભયેઉ, જીવ ચૈતન બીજ કીને નિરમયેઉ;**
**કાજી પંડિત ઓરુ સંત સમેતુ, કરો એહી ખોજ જબી તો બડવેતુ. ૨૯**

### શબ્દાર્થ

**જડ બીજગ** = જડ બીજકો **નિરંજન હીસે** = નિરંજનની ભૂમિકામાં **ભયેઉ** = ઉત્પન્ન થયાં **જીવ** = ઘાટોના **ચૈતન બીજ** = ચૈતન બીજકો(બ્રહ્મભૂમિકામાં થયાં) **કીને** = કોણે **નિરમયેઉ** = નિર્માણ કર્યું, ઉત્પન્ન કર્યાં **કાજી** = કાજી **પંડિત** = પંડિતો **ઓરુ** = અને **સંત** = સંતો **સમેતુ** = સહિત, સાથે, બધા **કરો એહી ખોજ** = એ બાબતની શોધ કરો **જબી તો** = ત્યારે જ **બડવેતુ** = મહાન જાણકાર ગણાશો.

### અનુવાદ

**જડ બીજક નિરંજન ભૂમિકામાં ઉત્પન્ન થયાં, પરંતુ ઘાટોના ચૈતન બીજકો કોણે ઉત્પન્ન કર્યાં? કાજી, પંડિત અને સંતો સહિત સૌ તેનું સંશોધન કરશે ત્યારે જ તમો મહાન વિદ્વાન ગણાશો.**

### ભાવાર્થ

જડ બીજકો ઉત્પન્ન થવાની ભૂમિકા નિરંજન છે અને ચૈતન બીજકો ઉત્પન્ન થવાથી ભૂમિકા બ્રહ્મ છે. આમ નિરંજન ભૂમિકામાં જડ બીજકો અને બ્રહ્મભૂમિકામાં ચૈતન બીજકો ઉત્પન્ન થયાં, પરંતુ તે સઘળાં બીજકો કોણે ઉત્પન્ન કર્યાં કે જેથી તેમને યોગ્ય ભૂમિકા મળતાં તે બીજકો વૃદ્ધિ પામ્યાં? તે માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કાજી, પંડિતો અને સંતોને કહે છે કે તેઓ પોતાની જાતને વિદ્વાન કહેવડાવે છે, પરંતુ ઉપરોક્ત વર્ણવેલા જડ અને ચૈતન બીજકોના કર્તાની જ્યારે શોધ કરશે ત્યારે જ તે ખરા વિદ્વાન કહેવાશે.

**ચૈતન હંશ જીવ અંકુરા, ન ભયે બ્રહ્મસે આપ નિજ નુરા;**
**સોહી નુરકે નુરી અકલ અભેદા, લહતના મર્મ શાસ્ત્ર ચહુ વેદા. ૩૦**

### શબ્દાર્થ

**ચૈતન હંશ** = ચૈતન અંશ **જીવ અંકુરા** = જીવોના અંકુર રૂપ છે. **ન ભયે** = નથી થયા **બ્રહ્મસે** = બ્રહ્મથી **આપ** = પોતે **નિજનુરા** = નિજનો પ્રકાશ છે. **સોહી** = તેવા **નુરકે** = પ્રકાશના **નુરી** = પ્રકાશક **અકલ અભેદા** = અકળ અને અભેદ છે. **લહત** = જાણતા **ન** = નહીં **મર્મ** = મર્મ, રહસ્ય **શાસ્ત્ર** = શાસ્ત્ર **ચહુ** = ચારેય **વેદા** = વેદ.

### અનુવાદ

**ચૈતન અંશ તો જીવના અંકુર રૂપે છે. તે બ્રહ્મથી થયાં નથી, પરંતુ સ્વયં પ્રકાશિત છે. તે પ્રકાશના પ્રકાશક અકળ અને અભેદ છે, તેનું રહસ્ય ચાર વેદ કે શાસ્ત્રો જાણતા નથી.**

### ભાવાર્થ

જીવ (ઘાટ) માત્રના અંકુર રૂપે ચૈતન અંશ છે. તેના સિવાય દેહ જડવત્ છે. અર્થાત્ ચૈતનતા પામતા નથી. તે બ્રહ્મભૂમિકામાં કાર્યશીલ બની સ્વયં પ્રકાશમાન રહે છે પણ બ્રહ્મથી ઉત્પન્ન થયા નથી કે ચૈતન થયા નથી. ચૈતન અંશ જેના વંશનો છે, તેવા સર્જનહાર તો સ્વયં પ્રકાશિત છે, જ્યારે બ્રહ્મ તો પોતે જ સર્જનહારનો પ્રકાશ છે. જ્યારે અંશ કિરણરૂપે હોઈ સ્વયં પ્રકાશિત છે. આ પ્રકાશના કારણ રૂપ સર્જનહાર પોતે જ છે. એટલા માટે જ સર્જનહારને અકળ અને અભેદ કહ્યા છે. એવા પ્રકાશના પ્રકાશકને ચાર વેદ કે છ શાસ્ત્ર જાણતા નથી.

**સહુ ઓરલે પદ રહે અટકાઈ, શક્તિ નિરંજન ગુન જશ ગાઈ;**
**નિજ કર્તા ગત કોહુ ન કહેતુ, જીને કરીયા જીવ બીજગ સચેતુ. ૩૧**

### શબ્દાર્થ

**સહુ** = બધા, સર્વે **ઓરલે પદ** = આ બાજુના પદમાં **રહે**= રહ્યા **અટકાઈ** = અટકીને, રોકાઈને **શક્તિ** = આદ્યશક્તિ (પ્રકૃતિ) **નિરંજન** = આદિ પુરુષ નિરંજન **ગુન** = ત્રણ ગુણો (રજોગુણ, સતોગુણ અને તમોગુણ) **જશ** = યશ **ગાઈ** = ગાયા **નિજકર્તા** = ખુદ કર્તાની **ગત** = સમજ **કોહુ** = કોઈ પણ **ન કહેતુ** = કહેતું નથી **જીને** = જેમણે **કરીયા** = ઉત્પન્ન કર્યા **જીવ** = જીવોને **બીજગ** = બીજકોને **સચેતુ** = સચેતન.

### અનુવાદ

**બધા આ બાજુના પદમાં અર્થાત્ શક્તિ, નિરંજન તથા ત્રણ ગુણ વગેરેનાં ગુણગાન ગાવામાં અટકી પડ્યા છે, પરંતુ જેણે જીવ અને બીજકને સચેતન કર્યા છે તેવા નિજકર્તાની ગતિ કોઈ જણાવતું નથી.**

### ભાવાર્થ

જગતમાં સૌ કોઈ આ બાજુના એટલે કે નાશવંત તત્ત્વોવાળી સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા નિરંજન પુરુષ, આદ્યશક્તિ અને તે બંને દ્વારા ઉત્પન્ન થયેલા ત્રણ ગુણોના અધિપતિ દેવતાઓ રજોગુણી બ્રહ્મા, સતોગુણી વિષ્ણુ અને તમોગુણી શિવના યશગાન ગાવામાં જ અટકી રહ્યા છે, પરંતુ જેણે ચોરાસી લાખ પ્રકારના ઘાટોના બીજકનું નિર્માણ કર્યું તથા તે ઘાટોને સચેતન કરવા જીવોના અંકુર રૂપ પોતાની સજાતીના ચૈતન અંશ પ્રેરક કર્યા છે. તેવા નિજકર્તા સર્જનહારની ગતિને વિશે કોઈને જાણકારી નથી. અર્થાત્ નિજપતિની ગતિને કોઈ જાણતું નથી.

**સર્વ સિદ્ધાંત સાર ગત અંતુ, બરનેહુ બ્રહ્મ નિરાલ અચંતુ;**
**બિનહુ ચૈતન સૃષ્ટ કયૌ કરી સરજી, કહો પંડિત જ્ઞાની ગુન ધરજી. ૩૨**

### શબ્દાર્થ

**સર્વ સિદ્ધાંત** = બધા સિદ્ધાંતોના **સાર** = સાર રૂપ **ગત** = ગતિને **અંતુ** = અંત, છેડો **બરનેહુ** = વર્ણવ્યું છે **બ્રહ્મ** = બ્રહ્મને **નિરાલ** = નિરાળું **અચંતુ** = અચિંત્ય **બિનહુ** = વગર **ચૈતન** = ચૈતન **સૃષ્ટ** = સૃષ્ટિ **કયૌ કરી** = કેવી રીતે **સરજી** = સર્જન કર્યું **કહો** = કહો **પંડિત** = પંડિતો **જ્ઞાની** = જ્ઞાનીઓ, જ્ઞાનીજનો **ગુન** = ત્રણ ગુણમાં જ **ધરજી** = ભરોસો રાખનાર, ધીરજવંત.

### અનુવાદ

**સર્વ સિદ્ધાંતના સાર રૂપે છેવટે તો નિરાલા, અચિંત્ય બ્રહ્મને વર્ણવેલું છે, પરંતુ ગુણોમાં ભરોસો રાખનાર હે પંડિતો અને જ્ઞાનીજનો ! નિજ ચૈતન વગર સૃષ્ટિનું સર્જન કેવી રીતે થયું ? તે કહો.**

### ભાવાર્થ

માત્ર ત્રણ ગુણો - રજો, તમો અને સતોગુણમાં ભરોસો રાખનાર જ્ઞાની અને પંડિતોને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે કે, વિશ્વમાં ચાલતી સઘળી ઉપાસનાઓના સિદ્ધાંતોનો સાર જોતાં માલુમ પડે છે કે આખરે તો બધાનો છેડો અચિંત્ય (ચિંતવન કરવાની શક્તિ વગરનું) અને નિરાળા બ્રહ્મપદ સુધીનો જ છે, એટલે કે આ જગતની રચનામાં બ્રહ્મ જ સર્વોપરી છે. તેમાંથી જ બધું આપોઆપ ઉત્પન્ન થયુ છે, તે પ્રમાણે પ્રતિપાદન કરવામાં આવેલું છે, પરંતુ આપોઆપ પોતાની મેળે કંઈ જ થતું નથી. કોઈપણ કાર્ય પાછળ કારણરૂપ કર્તા હોય છે. આ પ્રમાણે મહદ ચૈતન સર્જનહાર સિવાય સૃષ્ટિની રચના કેવી રીતે થઈ શકે ? અને કોણે કરી ? તે અંગેની શોધ વિચાર માંગી લે છે.

**જેહી હમ બ્રહ્મ અવન કર ઠાના, સોહુ તુમહી સિદ્ધાંત બખાના;**
**પાદુ પાણ્ય બિનુ કર્મ અજાપુ, અંતઃકરણ ઈન્દ્રિ બિનુ થાપુ. ૩૩**

### શબ્દાર્થ

**જેહી** = જે **હમ** = મેં **બ્રહ્મ** = બ્રહ્મને **અવન** = પૃથ્વી, ધરા **કર** = કરીને **ઠાના** = ઠેરવ્યું છે **સોહી** = તેને **તુમહી** = તમોએ **સિદ્ધાંત** = સિદ્ધાંત **બખાના** = વખાણ કર્યા છે. **પાદુ** = પગ **પાણ્ય** = હાથ **બિનુ** = વગર **કર્મ** = કાર્ય **અજાપુ** = અજપાજાપ **અંતઃકરણ** = અંતઃકરણ **ઈન્દ્રિ** = ઈન્દ્રિ **બીનુ** = વગરનું **થાપુ** = સ્થાપ્યું છે.

### અનુવાદ

**મેં જે બ્રહ્મને પૃથ્વી કહીને ઠરાવ્યું છે તેનો તમે સિદ્ધાંત બનાવીને વખાણ કર્યા છે. કારણ કે બ્રહ્મ હાથ-પગ સિવાયનું, અજપાજાપની ક્રિયા સિવાયનું અને અંતઃકરણ તેમજ ઈન્દ્રિયોથી રહિત છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર બ્રહ્મ માટે કહે છે કે જે રીતે પૃથ્વીમાં બીજકની વૃદ્ધિ થાય છે. એ રીતે બ્રહ્મરૂપ ભૂમિકામાં સર્વ રચના વૃદ્ધિ પામી છે. વળી જેને હાથ-પગ, અંતઃકરણ અને ઈન્દ્રિયો નથી તો પછી એવા બ્રહ્મને બીજક ધારણ કરનાર બ્રહ્મભૂમિકા તરીકે જ ઓળખાવી શકાય. જ્યારે બ્રહ્મજ્ઞાનીઓ અને પંડિતો આવા બ્રહ્મને સર્વોપરી સિદ્ધાંત તરીકે સ્થાપન કરીને તેના વખાણ કરે છે.

**પંચતત્ત્વ ગુણ રહિત અકર્તા, સોહુ કયૌ કરી ભયે જકતકે ધરતા;**
**ત્રીયે દ્દષ્ટાંત સહેજ ઉત્પન્નકા, આભ્ર નિર રવિ શબ્દ ગગનકા. ૩૪**

### શબ્દાર્થ

**પંચતત્ત્વ** = પાંચ તત્ત્વો **ગુણ** = ત્રણ ગુણો **રહિત** = વગર **અકર્તા** = કર્તૃત્વ શક્તિ વગરનું **સોહુ** = તે **કયૌ કરી** = કેવી રીતે કરે **ભયે** = બને **જકતકે** = જગત(વિશ્વના) **ધરતા** = ધારણ કરનાર **ત્રિયે** = ત્રણ **દ્દષ્ટાંત** = દૃષ્ટાંત **સહેજ** = સહેજાસહેજ **ઉત્પન્નકા** = ઉત્પન્ન થાય છે. તેમ **આભ્ર** = વાદળ **નિર** = પાણી **રવિ** = સૂર્ય **શબ્દ** = નાદ **ગગનકા** = આકાશનો.

### અનુવાદ

**(જેને માટે) પવનથી વાદળ, સૂર્યથી પાણી અને આકાશથી નાદના સહેજાસહેજ ઉત્પત્તિ માટે ત્રણ દૃષ્ટાંતો અહીં આપ્યા છે, પરંતુ પાંચ તત્ત્વો અને ગુણો વગરનું અકર્તા બ્રહ્મ જગતના ધારણ કરતા કેવી રીતે બની શકે?**

### ભાવાર્થ

ચાર વેદના મત અનુસાર જેમ પવનથી વાદળ, સૂર્યથી પાણી અને આકાશથી નાદ થાય છે. આ ત્રણેયની સહેજાસહેજ ઉત્પત્તિ થાય છે. તેના કોઈ કર્તા નથી; કારણ કે તેને ઉત્પન્ન કરવા માટે પવન, સૂર્ય અને આકાશને કોઈ ઈચ્છા હોતી નથી. આ ત્રણ દૃષ્ટાંતો દ્વારા દ્દઢતા કરાવી છે કે બ્રહ્મને

કંઈ પણ ઉત્પન્ન કરવાની ઇચ્છા નથી, પરંતુ બધું આપોઆપ જ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે.

તે બાબતનો ખુલાસો કરતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે પાંચ તત્ત્વો, ત્રણ ગુણો રહિત અને જેની પોતાની કર્તૃત્વશક્તિ નથી એવા અકર્તા બ્રહ્મ, જગતને કેવી રીતે ધારણ કરી શકે? અર્થાત્ અકર્તા બ્રહ્મ જગતના સકર્તા (સર્જનહાર) કેવી રીતે થઈ શકે?

**કહુ તિનકે કર્તા પુનિ સોઈ, સુન હો સંત શ્રોતાહુ સબ કોઈ;**
**ગગન શબ્દ નિરંજનકે હકારા, બોલત પુરુષ જયૌ દેવલ ભકારા. ૩૫**

### શબ્દાર્થ

**કહુ** = કહું છું **તિનકે** = ત્રણેયના **કર્તા** = કરનાર **પુનિ** = વળી **સોઈ** = તે, કોઈ **સુનહો** = સાંભળો **સંત** = સંતો **શ્રોતાહુ** = શ્રોતાજનો **સબ કોઈ** = બધા જ-સર્વ **ગગન** = આકાશમાં **શબ્દ** = ગર્જના, નાદ **નિરંજનકે** = નિરંજનનો **હકારા** = હુંકારો **બોલત** = બોલે છે **પુરુષ** = પુરુષ **જયૌ** = જેમ **દેવલ** = દેવળમાં **ભકારા** = પડઘો.

### અનુવાદ

**વળી (ફરીથી) કહું છું કે તે ત્રણેના કર્તા કોઈ અન્ય છે. હે સંતો અને શ્રોતાજનો! સર્વ કોઈ સાંભળો કે જેમ દેવાલયમાં કોઈ પુરુષ બોલે તો તેનો પડઘો પડે છે, તેમ આકાશમાં જે શબ્દ ઉત્પન્ન થાય છે તે નિરંજન પુરુષનો હોંકારો છે.**

### ભાવાર્થ

આગળ ત્રણ દૃષ્ટાંતો આપ્યાં, તેના કર્તા કોઈ અન્ય છે. તેનો ખુલાસો કરતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જેમ ઘુમ્મટાકાર દેવળમાં કોઈ પુરુષ ખોંખારો કરીને અવાજ કરે તો તેનો પડઘો પડવાથી આખું દેવળ ગાજી ઊઠે છે. તેમ આ ઘુમ્મટાકાર મહિમંડ ઈંડમાં મહદ નિરંજન પુરુષનો હોંકારો એ જ આકાશમાંથી થતો નાદ-શબ્દ છે. એટલે કે આકાશમાં નાદના કરનાર(કર્તા) અવ્યક્ત મહદ નિરંજન પુરુષ છે. તે નાદ આપોઆપ થતો નથી.

**સમ દમ પવન ચરલ ગતિ વામે, તપ્ત તેજ આભ્રણ પુનિ જામે;**
**જયૌ ગ્રથ શીત સબંધ ગત જેસે, ત્યૌ ગ્રથ પવન તપ્ત શીત તેસે. ૩૬**

### શબ્દાર્થ

**સમદમ** = સપ્રમાણ(ન ચાલતો કે ન થંભી ગયેલો) શાંત **પવન** = પવન, વાયુ **ચરલ** = ચાલવાની **ગતિ** = ગતિ **વામે** = પામે, થાય **તપ્ત** = તપે **તેજ** = પ્રકાશ **આભ્રણ** = વાદળ **પૂનિ** = ફરીથી **જામે** = જામણ થાય **જયૌ** = જેમ **ગ્રથ** = ઘી **શીત** = ઠંડી **સબંધ** = સંબંધ, સંપર્ક **ગત** = ગતિ **જેસે** = તે મુજબ, તેવી રીતે **ત્યૌ** = તે મુજબ **ગ્રથ** = ઘી **પવન** = પવન **તપ્ત** = તપે **શીત** = ઠંડક **તેસે** = તે પ્રમાણે.

### અનુવાદ

**પવનની ચાલવાની ગતિ સમદમ રહે ત્યારે તેના તપેલા તેજથી ફરી વાદળ બંધાય છે. જેમ ઠંડીથી ઘી જામે છે તેમ ઘી રૂપ પવન અને ઠંડક રૂપ વાતાવરણથી ઘીના જામણ રૂપ વાદળ બંધાય છે.**

### ભાવાર્થ

જ્યારે પવનના વહેવાની ગતિ સમદમપણે(સપ્રમાણ) એટલે કે સ્થિર પણ નહીં અને વહેતો પણ નહીં તેવી સ્થિતિમાં હોય ત્યારે આકાશનાં પોલાણમાંથી પસાર થતાં કિરણોના તેજને અવરોધક વાતાવરણ ન હોવાથી સૂર્યના કિરણોની ગરમીનું પ્રમાણ વિશેષ અનુભવાય છે. જેથી તેના તાપમાનથી જળનું વિશેષ શોષણ થાય છે. બાષ્પીભવનના રૂપે તે આકાશમાં ઊંચે ચઢે અને પવનમાં એકત્રીકરણ થાય. જેમ જેમ ઊંચાઈએ જાય તેમ તેમ વાતાવરણ શીતળ બનતું જાય છે.

જેમ ઘીને ઠંડીનો સંસર્ગ થતાં પ્રવાહી રૂપમાંથી ઘન સ્વરૂપમાં ફેરવાય છે, તેમ ઠંડીના સંસર્ગમાં ભેજવાળો પવન મળે એટલે વાદળ બંધાય છે.

**ધરત રજોગુણ રવિકર જબહી, ઝરત નિર વ્રજ વત ગત તબહી;**
**ત્રીયાહી ભોમ ભગવત વ્રજ ગ્રાહાયે, ખાણ ચતુર તન ઉર ઉપજાયે. ૩૭**

### શબ્દાર્થ

**ધરત** = ધારણ કરે **રજોગુણ** = રજોગુણ **રવિકર** = સૂર્ય **જબહી** =જ્યારે **ઝરત** = ઝરે છે **નિર** = પાણી **વ્રજ વત** = ધારદાર ટુટી પડવું **ગત** =ગતિ **તબહી** = ત્યારે **ત્રીયાહી** = સ્ત્રીરૂપ **ભોમ** = પૃથ્વી **ભગવત** = સ્ત્રીનો ભગ, ઈન્દ્રિ સમાન **વ્રજ** = બિંદુ **ગ્રાહાયે** = ગ્રહણ કરે **ખાણ ચતુર** = ચાર ખાણના **તન** = શરીર, ઘાટ, અંકુરો **ઉર** = હૃદયમાં, ભીતરમાં **ઉપજાયે** = ઉપજાવે છે.

### અનુવાદ

**જ્યારે સૂર્ય રજોગુણ ધારણ કરે ત્યારે બુંદરૂપ પાણી ધારદાર તૂટી પડે છે. આ પાણી રૂપ બુંદને સ્ત્રી રૂપ પૃથ્વી પોતાના ભગમાં બિંદુને ગ્રહણ કરીને ચોથી ખાણના (ઉદ્‌બીજના) બીજકોને ભીતરમાં ઉત્પન્ન કરે છે.**

### ભાવાર્થ

સૂર્ય મહદ અગ્નિનું વ્યક્ત સ્વરૂપ છે. તે પણ તત્ત્વોનો બનેલો ઘાટ છે. આધ્યાત્મિક રીતે તેનું મહત્ત્વ અધિક છે. તેમાં થતા તત્ત્વોના વધ-ઘટ અને પરિવર્તનથી પૃથ્વી, ચંદ્ર અને અન્ય ગગન મંડળના ગ્રહોમાં ભૌગોલિક ફેરફારો થાય છે. તેની અસર દરેક ઘાટ પર પણ વત્તા-ઓછા પ્રમાણમાં પડે છે.

જ્યારે સૂર્ય રજોગુણ ધારણ કરે ત્યારે તેના કિરણોના રજોગુણી પ્રભાવથી વાદળોનાં બંધારણમાંથી પાણી છૂટું પડતા બુંદ સ્વરૂપે વરસાદ વરસાવે છે. સ્ત્રીરૂપ પૃથ્વી પોતાના ભગ ઈન્દ્રિ સમાન ઉદરમાં તે વરસાદના પાણીને ગ્રહણ કરે છે, અને પોતાના ભીતરમાં રહેલાં અંકુરો થકી ચોથી ખાણ (ઉદ્‌બીજ)ની અઢાર ભાર વનસ્પતિ ઉત્પન્ન કરે છે. સૂર્ય પણ એક દેવ છે. સર્જનહારે તેને કરુણા સોંપેલી હોવાથી તે બ્રહ્માંડમાં પોતાની ભૂમિકા ભજવે છે. તેના જે જે અંગોમાં ગુણ વર્તમાન કરે ત્યારે ઋતુઓમાં જે જે પરિવર્તન થાય છે તે પરમગુરુ શ્રીમત્‌ કરુણાસાગર અહીં દર્શાવે છે.

**ઉપજત ગુણ તમો દિનકર ઘોરા, શોષતહી અપ કિરની કરી જોરા;**
**ઓરુ ખટ ઋતુ પુનિ યાહીતે ઉપાની, ત્રિગુણ ધારનસે સો કહહુ નિદાની. ૩૮**

### શબ્દાર્થ

**ઉપજત** = ઊપજે **ગુણતમો** = તમોગુણ **દિનકર** = સૂર્ય **ઘોરા** = અતિવિશેષ, અતિશય **શોષતહી** = શોષે છે **અપ** = પાણી **કિરની** = કિરણ **કરી જોરા** = જોર, બળપૂર્વક **ઓરુ** = અને **ખટઋતુ** = છ ઋતુ **પુનિ** = વળી **યાહીતે** = આનાથી જ **ઉપાની** = ઉત્પન્ન થાય છે **ત્રિગુણ** = ત્રણ ગુણ **ધારનસે** = ધારણ કરવાથી **સો કહહુ** = તે કહું છું **નિદાની** = નિદાન કરીને, નિર્ણય કરીને.

### અનુવાદ

**જ્યારે સૂર્યને ઘોર તમોગુણ ઉત્પન્ન થાય ત્યારે તમોગુણી કિરણો બળપૂર્વક પાણીનું શોષણ કરે છે. જેને લીધે ત્રણ ગુણ ધારણ કરવાથી છ ઋતુ કેવી રીતે ઉત્પન્ન થાય છે તે નિર્ણય કરીને કહું છું.**

### ભાવાર્થ

સૂર્યમાં જ્યારે અતિશય તમોગુણ ઉત્પન્ન થાય છે, ત્યારે તેના તાપમાનમાં ભયંકરતા અનુભવાય છે. અતિશય તાપમાનને લીધે તમોગુણી કિરણો સવિશેષ પ્રમાણમાં પાણીનું શોષણ કરતા હોય છે. વળી ત્રણે ગુણોનું પરિવર્તન અવારનવાર થયા કરે છે. તેથી છ ઋતુઓની ઉત્પત્તિ થાય છે. પરમગુરુ શ્રીમત્‌ કરુણાસાગર આ ત્રણ ગુણોના પ્રભાવથી કઈ ઋતુ કયા ગુણોના કારણે થાય છે તેનું નિદાન કરીને હવે દર્શાવે છે.

**રજો ઓરુ સત્વ સંજુકતહી આદિતા, વ્રતત સકલમાંહી ઋતુ જબી શીતા;**
**રહત સતોગુણ કત રજુ છીમા, જાહીસે જગતમાંહી ઋતુ ગતિ હીમા. ૩૯**

### શબ્દાર્થ

**રજો** = રજોગુણ **ઓરુ** = અને **સત્વ** = સતોગુણ **સંજુકતહી** = ભેગા મળે **આદિતા** = સૂર્યમાં **વ્રતત** = વર્તે છે **સકલમાંહી** = બધામાંથી, સર્વસ્વ **ઋતુ** = ઋતુ **જબી** = જ્યારે, ત્યારે **શીતા** = શિયાળો, શિશિર **રહત** = રહે છે **સતોગુણ** = સતોગુણ

**ક્ત** = કાર્યરત હોય **રજુ** = રજોગુણ **છીમા** = શાંત પામે **જાહીસે** = જેનાથી **જગતમાંહી** = જગતમાં **ઋતુ ગતિ હિમા** = હીમઋતુ વર્તે છે (હેમંતઋતુ).

## અનુવાદ

**જ્યારે સૂર્યમાં રજોગુણ અને સતોગુણ ભેગા મળે ત્યારે સર્વત્ર શિશિરઋતુ વરતાય છે. એકલો સતોગુણ કાર્યરત રહે અને રજોગુણ શાંત પામે ત્યારે જગતમાં હિમઋતુ વરતાય છે.**

## ભાવાર્થ

જ્યારે સૂર્યમાં રજોગુણ અને સતોગુણ બંને સાથે ભેગા મળીને વર્તતા હોય ત્યારે શિશિરઋતુ વર્તમાન કરતી હોય છે. વળી જ્યારે સૂર્યમાં રજોગુણ નષ્ટ પામીને શાંત થઈ જાય અને એકલો સતોગુણ રહે ત્યારે જગતમાં હેમંતઋતુનો અમલ જણાય છે.

**રજો ઓરુ તમો સુર મિલિત સંજોગા, ઋતુ વસંતહી જબી ખીલત અમોઘા;**
**વિસરત ગુન રજો તમો રહે જબહી, ગ્રીષ્મકાલ ઋતુ લગત હે તબહી. ૪૦**

## શબ્દાર્થ

**રજો** = રજોગુણ **ઓરુ** = અને **તમો** = તમોગુણ **સુર** = સૂર્યમાં **મિલિત** = ભેગા મળે **સંજોગા** = તેવા સંજોગોમાં **ઋતુ વસંતહી** = વસંતઋતુ **જબી** = ત્યારે **ખીલત** = ખીલી ઊઠે છે **અમોઘા** = ફળદાયક, લાભકર્તા **વિસરત** = વિસર્જન પામે **ગુન રજો** = રજોગુણ **તમો** = તમોગુણ **રહે જબહી** = જ્યારે રહે **ગ્રીષ્મકાલ ઋતુ** = ગ્રીષ્મકાળ ઋતુ **લગત હે** = લાગે છે **તબહી** = ત્યારે

## અનુવાદ

**જ્યારે રજો અને તમોગુણ ભેગાં મળે તેવા સંજોગોમાં ફળદાયક વસંતઋતુ ખીલી ઊઠે છે. તેમાંથી રજોગુણ વિસર્જન પામે અને તમોગુણ રહે ત્યારે ગ્રીષ્મ ઋતુ થાય છે.**

## ભાવાર્થ

જ્યારે સૂર્યમાં રજોગુણ અને તમોગુણ ભેગા મળીને વરતાય તો તેવા સંજોગોમાં ફળદાયક વસંતઋતુ ખીલી ઊઠે છે, પરંતુ જ્યારે તે બંને રજોગુણ અને તમોગુણમાંથી રજોગુણ વિસર્જન પામે – શાંત થઈ જાય ત્યારે ફક્ત તમોગુણ રહે છે, જેનાથી ગ્રીષ્મકાલ અર્થાત્ કાળઝાળ ગરમીવાળા ઉનાળાની ઋતુનો અમલ થાય છે.

**તજી તમોગુન રજોગુન સુર ધરહી, ઋતુ વર્ષા લગત જગત જલ ભરહી;**
**યાહી રજોમાંહી તમો કરતહી પ્રવેશા, ઋતુ શરદ મૃદુલ વ્રતત સર્વ દેશા. ૪૧**

### શબ્દાર્થ

**તજી** = ત્યજીને **તમોગુન** = તમોગુણ **રજોગુન** = રજોગુણ **સુર** = સૂર્ય **ધરહી** = ધારણ કરે તો **ઋતુ વર્ષા** = વર્ષાઋતુ **લગત** = લાગે છે, થાય છે. **જગત** = જગતમાં **જલ ભરહી** = જળ ભરી દે છે **યાહી** = તે **રજોમાંહી** = રજોગુણમાંથી **તમો** = તમોગુણ **કરતહી** = કરે **પ્રવેશા** = પ્રવેશ **ઋતુશરદ** = શરદઋતુ **મૃદુલ** = કોમળ, રમણીય **વ્રતત** = વર્તે છે **સર્વ દેશા** =આખાય દેશમાં, સમગ્ર દેશમાં.

### અનુવાદ

**જ્યારે સૂર્ય તમોગુણ ત્યજીને રજોગુણ ધારણ કરે ત્યારે વર્ષાઋતુ થાય છે, જેથી જગત જળથી ભરાય છે. જો રજોગુણમાં તમોગુણ પ્રવેશ કરે તો આખા દેશમાં રમણીય શરદઋતુ વર્તે છે.**

### ભાવાર્થ

જ્યારે સૂર્ય તમોગુણનો પ્રભાવ ત્યજીને રજોગુણનો ભાવ ધારણ કરે ત્યારે વર્ષાઋતુ આરંભાય છે અને પૃથ્વી પાણીથી તરબોળ બને છે. જ્યારે સૂર્યના રજોગુણના પ્રભાવમાં તમોગુણ પ્રવેશ કરે તો સમગ્ર દેશમાં મૃદુલ શરદઋતુ વર્તમાન થાય છે.

**કબહુક ગુન તમો વ્રતત વર્ષાકાલા, મહા ભયંકર પોમી પરત દુકાલા;**
**સ્વપને રજોગુન ઉપજત ભાના, બિન ઋતુ વ્રષત જે ઘનહી નિદાના. ૪૨**

### શબ્દાર્થ

**કબહુક** = ક્યારેક **ગુન તમો** = તમોગુણ **વ્રતત** = વર્તે છે **વર્ષાકાલ** = વર્ષાકાળમાં(વર્ષાઋતુમાં) **મહા ભયંકર** = મહાન ભયંકર **પોમી** = ધરતી ઉપર **પરત દુકાલા** = દુષ્કાળ પડે છે **સ્વપને રજોગુણ** = સ્વપ્નમાં રજોગુણ **ઉપજત** = ઉત્પન્ન **ભાના** = સૂર્યને **બિન** = વગર **ઋતુ** = ઋતુ **વ્રષત** = વરસે છે **ઘનહી** = વરસાદ **નિદાના** = નક્કી કરેલ છે, નિર્ણય કરેલ છે.

### અનુવાદ

**કયારેક વર્ષાઋતુમાં તમોગુણ વર્તે તો પૃથ્વી પર મહા ભયંકર દુષ્કાળ પડે. સૂર્યને સ્વપ્નમાં રજોગુણ ઉત્પન્ન થાય તો ઋતુકાળ વગર વરસાદ વરસે છે તેમ નિર્ણય કરીને જણાવેલ છે.**

### ભાવાર્થ

કોઈ કોઈ વખત વર્ષાઋતુ દરમિયાન જ્યારે રજોગુણ પ્રવર્તતો હોય તેને બદલે સૂર્યમાં તમોગુણ વર્તવાનો ચાલુ થાય તો સહેજ પણ વરસાદ પડતો નથી અથવા જૂજ પ્રમાણમાં વરસાદ પડે છે. જેના કારણે પૃથ્વી પર અનાજ-ઘાસ વગેરે ઊગે નહીં અને દુષ્કાળ પડે છે. જ્યારે સૂર્યને સ્વપ્ન અવસ્થામાં રજોગુણ ઉત્પન્ન થાય તો તેવા સમયે ઋતુ ન હોય એટલે કે વર્ષાઋતુ સિવાયની ગમે તે ઋતુ હોય છતાં

પણ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર નિર્ણય કરીને કહે છે કે ત્યારે કમોસમી વરસાદ વરસે છે, એટલે કે માવઠું થાય છે.

**શીત ઓર હીમ બસત ગુન હૃદયે, રહત લિંગ સ્થાન વર્ષાઇ ઋતુ શરદયે;**
**નયન નિવાસ સુરકે ગુન કરહી, ઋતુ વસંતહી ઓરુ ગ્રીષ્મ સમ રહી. ૪૩**

### શબ્દાર્થ

**શીત** = શિશિર **ઓરુ** = અને **હીમ** = હેમંત **બસત** =વસે છે **ગુન** = ગુણ **હૃદયે** = હૃદય સ્થાને **રહત** = રહે છે **લિંગ સ્થાન** = લિંગ સ્થાને **વર્ષા ઈઋતુ** = વર્ષાઋતુ **શરદયે** = શરદઋતુ **નયન નિવાસ** = નયનોમાં નિવાસ **સુરકે** = સૂર્યના **ગુન** = ગુણો **કરહી** = કરે છે **ઋતુ વસંતહી** = વસંતઋતુ **ઓરુ** = અને **ગ્રીષ્મ** = ગ્રીષ્મઋતુ **સમ** = સપ્રમાણ, સમધારણ **રહી** = રહે છે.

### અનુવાદ

**સૂર્યના હૃદય સ્થાને ગુણ વર્તમાન કરે ત્યારે શિશિર અને હેમંતઋતુ થાય. લિંગ સ્થાને ગુણ વર્તે ત્યારે વર્ષા અને શરદઋતુ થાય અને બંને આંખોમાં ગુણ વર્તે તો વસંતઋતુ અને ગ્રીષ્મઋતુ સમધારણ રહે છે.**

### ભાવાર્થ

સૂર્ય એક દેવ છે અને સર્જનહારે તેમને કરુણામય બનાવ્યા હોવાથી તે સ્થાનિક ઈંડમાં પોતે પોતાની ભૂમિકા નિભાવે છે, તેના કયા કયા અંગો ઉપર કયા પ્રકારના ગુણ વર્તમાન થાય છે અને તેથી ઋતુકાળમાં કયા પ્રકારનું પરિવર્તન થતું હોય છે તેની સમજ અહીં આપવામાં આવી છે. સૂર્યનાં હૃદય સ્થાને સતોગુણ અને રજોગુણ વર્તમાન થાય જેનાથી શિશિરઋતુ અને માત્ર સતોગુણ વર્તમાન થાય ત્યારે હીમઋતુ થાય છે. સૂર્યના લિંગ સ્થાને રજોગુણ વર્તમાન થાય જેથી વર્ષાઋતુ અને સતોગુણ તથા તમોગુણ વર્તે તો શરદઋતુ થાય છે. સૂર્યના નેત્રમાં એક સરખાપણે તમોગુણ અને રજોગુણ વર્તે જેનાથી વસંતઋતુ અને માત્ર તમોગુણ વર્તે ત્યારે ગ્રીષ્મઋતુ થાય છે.

**રહત ગલિત ત્રિતી યેહુ ગુન જેહી, વર્તત આવંત્રહી સકલ ઘટ તેહી;**
**યાહીકે સફુર વિના ઋતુ વર્ષાકાલા, પરત અચાનક વિશ્વહી દુકાળા. ૪૪**

### શબ્દાર્થ

**રહત** = રહે **ગલિત** =ગળાઈને, વિરામ પામીને **ત્રિતી યેહુ** = આ ત્રણેય **ગુન** = ગુણ **જેહી** = જે **વર્તત** = વર્તે **આવંત્રહી** = આ વર્તમાન કરતા **સકલ** = બધું, સમગ્ર, આખા, પૂર્ણ **ઘટ** = શરીર **તેહી** = તે, થાય, બને **યાહીકે** = ત્યારે, તેમની **સફુર વિના** = સ્ફુરણા વગર **ઋતુ વર્ષાકાલ** = વર્ષાકાળ ઋતુ **પરત** = પડે **અચાનક** = અચાનક **વિશ્વહી** = વિશ્વમાં **દુકાળા** = દુષ્કાળ.

સૂર્યને સ્વપ્ન
અવસ્થામાં
રજોગુણ
ઉત્પન થાય
ત્યારે ઋતુ
સિવાયનો
વરસાદ
વરસે




વર્ષાઋતુ
દરમ્યાન સૂર્યમા
તમોગુણ
વર્તમાન કરે
ત્યારે ભયંકર
દુસ્કાળ પડે

## અનુવાદ

**આ પ્રમાણે વર્તમાન કરતા ત્રણેય ગુણ પૂર્ણ શરીરમાં વિરામ પામીને વર્તે ત્યારે કોઈપણ ગુણની સ્ફુરણા થતી ન હોવાથી તે સમયે વિશ્વમાં અચાનક (ઋતુ વગર) વર્ષાકાળ થાય અને દુષ્કાળ પડે.**

## ભાવાર્થ

સૂર્યના પૂર્ણ શરીરમાં વર્તમાન કરતા રજોગુણ, તમોગુણ અને સતોગુણ ત્રણે જ્યારે પૂર્ણ સ્વરૂપે વિરામ પામી જાય એટલે કે શરીરમાં ત્રણ ગુણનો પ્રભાવ કે અસર ન વર્તાય તેવા સમયે સૂર્યના શરીરમાં કોઈપણ પ્રકારની સ્ફુરણા રહેતી નથી. આવા સમયના કિરણોમાં કોઈ ગુણાત્મક ભાવ રહેવા પામતો નથી. આ સમય દરમિયાન વર્ષાઋતુ ચાલતી ન હોવા છતાં વરસાદ પડે અને પરિણામે વિશ્વમાં અણધાર્યો દુષ્કાળ પડે છે.

**એહી ખટ ઋતુ ગુન સુરકે સમાગુ, સહેજ હોત કહત કીયે સો વિભાગુ;**
**અવનિ તોય કંચન ઓરુ ખંડા, દીયે દ્રષ્ટાંત લહેરી નંગભંડા. ૪૫**

### શબ્દાર્થ

**એહી** = તે **ખટ ઋતુ** = છ ઋતુ **ગુન** = ગુણોના **સુરકે** = સૂર્યમાં **સમાગુ** = સમાયેલા હોવાથી **સહેજ** = સહેજાસહેજ **હોત** = થાય છે **કહત** = કહે છે **કીયે** = કરે **સો** = તે **વિભાગુ** = વિભાજન કરીને કહુ-દૃષ્ટાંત આપીને કહુ **અવનિ** = પૃથ્વી **તોય** = પાણી **કંચન** = સોનું **ઓરુ** = અને **ખંડા** = ખાંડ(મીઠાઈ) **દીયે** = આપ્યા **દૃષ્ટાંત** = દૃષ્ટાંત **લહેરી** = લહેર **નંગ** = દાગીના, આભૂષણ, અલંકાર **ભંડા** = વાસણ, ઘાટ.

### અનુવાદ

**સૂર્યના ગુણોના વિભાગ પાડીને જણાવ્યું છે કે ગુણોના સમાગમથી સહેજાસહેજ છ ઋતુઓ થતી હોય છે. તેમ માટીના વાસણ, પાણીની લહેર, સોનાના દાગીના અને ખાંડની મીઠાઈ બને છે.**

### ભાવાર્થ

છ ઋતુઓ આપોઆપ થતી નથી, પરંતુ સૂર્યમાં વર્તમાન રજોગુણ, તમોગુણ તથા સતોગુણના પ્રભાવ અને સમાગમ (બે ગુણોની મેળવણી)ની અસર થતાં જ તે શક્ય બને છે. આ બધું સહેજા સહેજ થતું હોય તેવું પ્રતિપાદન કરાવવા આ ચાર પ્રકારના દૃષ્ટાંત આપીને વેદાંત દ્વારા કહેવામાં આવે છે કે પૃથ્વીમાંથી માટીના વાસણો બને છે, (દરિયામાં) પાણીની લહેર ઉત્પન્ન થાય છે, સોનામાંથી દાગીના બને છે અને ખાંડમાંથી મીઠાઈ બને છે.

**તેસેહી બ્રહ્મ વેદાંત બખાના, ચૌદલોક નંગ ભંડ ઉત્પાના;**
**ભંડ કુલાલ લહેરી અપ પવના, નંગ સોનાર કીયેહુ કત સહુના. ૪૬**

### શબ્દાર્થ

**તેસેહી** = તે રીતે **બ્રહ્મ** = બ્રહ્મના **વેદાંત** = વેદાંતોએ **બખાના** = વખાણ્યા, સરાહના કરી છે **ચૌદલોક** = ચૌદ લોકના **નંગ** = દાગીના **ભંડ** = ઘાટ **ઉત્પાના** = ઉત્પન્ન કર્યા છે **ભંડ** = વાસણો **કુલાલ** = પ્રજાપતિ **લહેરી** = લહેર **અપ** = પાણીની **પવના** = પવનથી **નંગ** = દાગીના **સોનાર** = સોનીથી **કીયેહુ** = થાય છે, કરનાર છે **કત** = રચના **સહુના** = દરેકના.

### અનુવાદ

**તેવી જ રીતે બ્રહ્મના વખાણ કરતાં વેદાંત કહે છે કે ચૌદ લોકના દાગીના રૂપ ઘાટો બ્રહ્મમાંથી ઉત્પન્ન થયાં છે, પરંતુ વાસણો કુંભાર દ્વારા, પાણીની લહેર પવન દ્વારા અને સોનાના દાગીના સોની દ્વારા બને છે. આ પ્રમાણે દરેક રચનાના રચયિતા છે.**

### ભાવાર્થ

વેદાંતમાં અકર્તા બ્રહ્મના વખાણ કરેલા છે. તેની સરાહના કરતાં વ્યાસમુનિ દૃષ્ટાંત દ્વારા દર્શાવે છે કે ચૌદ લોકના સમગ્ર દાગીના રૂપ ઘાટો બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયા છે. અને તે પણ સહેજા સહેજ

(આપોઆપ) ઉત્પન્ન થયેલા છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર તેની સમજ આપતાં જણાવે છે કે આ જગતમાં આપમેળે કશું બનતું નથી. દરેક રચનાનો કોઈ ને કોઈ રચયિતા હોય છે. ઉપર દર્શાવેલા દૃષ્ટાંત જોતાં સ્પષ્ટ છે કે માટીના વાસણોને બનાવનાર કુંભાર છે, પાણીની લહેરનો કર્તા પવન છે અને સોનાના દાગીનાને ઘડનાર સોની છે. મતલબ કે કર્તા વગર કૃત રૂપ સૃષ્ટિ હોઈ શકે નહીં. બ્રહ્મ સ્વયં અકર્તા અને કર્તૃત્વ શક્તિ વગરનું છે. જ્યારે બ્રહ્મ ઉપર કોઈ પદ છે, જેનાથી આ બ્રહ્મ સહિત સમગ્ર રચના રચાઈ છે.

**બિનું કર્તા નંગ ઉપજત નાંહી. અવનિ તોય કંચન ખંડમાંહી;**
**ત્યૌ અપ અવન કનક બ્રહ્મ તેસે. બિનુ કર્તા જુગ ઉત્પન્ન કેસે. ૪૭**

### શબ્દાર્થ

**બિનું** = વગર **કર્તા** = રચનાર **નંગ** = દાગીના **ઉપજત** = ઉત્પન્ન થતા **નાંહી** = નથી **અવનિ** = પૃથ્વી, ધરા **તોય** = પાણી **કંચન** = સોનુ **ખંડ** = ખાંડ **માંહી** = માંથી **ત્યૌ** = તેવી જ રીતે **અપ** = પાણી **અવન** = પૃથ્વી **કનક** = સોનું **બ્રહ્મ** = બ્રહ્મ **તેસે** = તેમ **બિનુ** = વગર **કર્તા** = રચનાર **જુગ** = જગત **ઉત્પન્ન** = ઉત્પત્તિ **કેસે** = કેવી રીતે

### અનુવાદ

**તેવી રીતે પૃથ્વી, પાણી, સોનું અને ખાંડમાંથી કોઈના કર્યા વગર (રચનાર વગર) ઘાટો ઉત્પન્ન થાય નહીં. 'બ્રહ્મ' પણ પૃથ્વી, પાણી, સોનું અને ખાંડ સમાન જ છે. તો પછી જગતની ઉત્પત્તિ કર્તા સિવાય કેવી રીતે થઈ શકે?**

### ભાવાર્થ

પૃથ્વી, પાણી, સોનું અને ખાંડથી વિવિધ પ્રકારની રચના થયેલી હોય છે, જેમ કે : માટીના વાસણો, પાણીની લહેરો, સોનાના દાગીના અને ખાંડની મીઠાઈઓ બને છે. તે તમામ રચના કોઈના કર્યા સિવાય થઈ નથી. વળી તેનો રચનારો તે રચનાથી ન્યારો છે. તેવી જ રીતે 'બ્રહ્મ' પણ પાણી, પૃથ્વી, સોનું અને ખાંડ સમાન જ છે. આ બધી વસ્તુમાંથી કોઈ બનાવનાર (કર્તા) સિવાય આપોઆપ ઘાટ બનતા નથી. આમ, બ્રહ્મ અને તેમાં થયેલી સઘળી રચના (જગત) કર્તા સિવાય થઈ શકતી નથી.

**સમ શક્તિ સચરાચર સર્વમે, અવનિ તોય કંચન ખંડવમાં;**
**અધિક શક્તિ બિનુ ઉપજે ન ઘાટા, ત્યૌ સમ બ્રહ્મસે કયૌ ભયે હે વૈરાટા. ૪૮**

### શબ્દાર્થ

**સમ શક્તિ** = સમાયેલી શક્તિ **સચરાચર** = સર્વત્ર વ્યાપક રૂપે, અણુએ અણુમાં **સર્વમે** = બધાયમાં **અવનિ** = પૃથ્વી **તોય** = પાણી **કંચન** = સોનું **ખંડવમાં** = ખાંડમાં **અધિક શક્તિ** = વિશેષ શક્તિવાન **બિનું** = વગર **ઉપજે ન** = ઉત્પન્ન

થઈ ન શકે **ઘાટા** = ઘાટો **ત્યૌ** = તેવી રીતે **સમ બ્રહ્મસે** = બ્રહ્મમાં સમાયેલી શક્તિથી **કર્યૌ** = કેવી રીતે **ભયે હે** = થઈ શકે **વૈરાટા** = સમસ્ત, વૈરાટ.

### અનુવાદ

**પૃથ્વી, પાણી, સુવર્ણ અને ખાંડમાં સમાયેલી શક્તિ સચરાચર વ્યાપેલી છે, પરંતુ વિશેષ શક્તિવાન વગર કોઈ ઘાટ ઉત્પન્ન ન થઈ શકે. સમ શક્તિવાળું બ્રહ્મ સર્વ વ્યાપક હોવા છતાં (વિશેષ શક્તિ વગર) તે બ્રહ્મથી મહાન વૈરાટ કેવી રીતે થઈ શકે?**

### ભાવાર્થ

પૃથ્વી, પાણી, સુવર્ણ અને ખાંડમાં સમાયેલી સામાન્ય શક્તિ તેમના અણુ અણુમાં સર્વત્ર વ્યાપેલી છે, પરંતુ આ વસ્તુ તેનામાં સામાન્ય શક્તિ હોવાથી કંઈ જ ઉત્પન્ન કરી શકે નહીં. એટલે કે બહારની વિશેષ શક્તિ વગર કાંઈ પણ ઉત્પત્તિ અસંભવ છે. જેમ કે સોનું પોતે દાગીના ન બનાવી શકે. પણ વિશેષ શક્તિવાન તેનાથી અલગ એવા સોની વડે જ તે શક્ય બને છે. તેવી રીતે પાણી પોતાની જ લહેરને ઉત્પન્ન ન કરી શકે, પરંતુ વિશેષ શક્તિમાન પવન જ પાણીમાં મોજાં ઉત્પન્ન કરી શકે. તેવી જ રીતે સમશક્તિ તો અકર્તા બ્રહ્મમાં પણ સમાયેલી છે અને સર્વવ્યાપક અણુ અણુમાં પ્રસરેલી છે, પરંતુ બ્રહ્મથી પર કોઈ અધિક (મહદ) શક્તિવાન વગર બ્રહ્મભૂમિકામાં વૈરાટ સહિતની રચના શક્ય નથી.

**તાહીતે ખોજ પંડિત કરો સંતુ, કર્યૌ અટકેહુ બ્રહ્મજ્ઞાન અતંતુ;**
**બિનુ તંતુ તન તુમ કર્યૌ પાવા, પંચતત્ત્વ ગુન કયાંસેહી આવા. ૪૯**

### શબ્દાર્થ

**તાહીતે** = તે માટે **ખોજ** = શોધ **પંડિત** = પંડિતો **કરો** = કરો **સંતુ** =સંતો **કર્યૌ** = શા માટે **અટકેહુ** = અટક્યા **બ્રહ્મજ્ઞાન** = બ્રહ્મજ્ઞાનમાં **અતંતુ** = આકાર રહિત **બિનુ** = વગર **તંતુ** = આકાર **તન** = ઘાટ, શરીર **તુમ** = તમોએ **કર્યૌ** = કેવી રીતે **પાવા** = પ્રાપ્ત કર્યો **પંચતત્ત્વ** = પાંચ તત્ત્વો **ગુન** = ત્રણ ગુણ **કયાંસેહી** = કંઈથી, કયાંથી **આવા** = આવ્યા

### અનુવાદ

**તેટલા માટે હે સંતો અને પંડિતો ! તમે શોધ કરો. નિરાકારી બ્રહ્મજ્ઞાનમાં શા માટે અટક્યા છો ? નિરાકારમાંથી આકારવાળો ઘાટ કેવી રીતે પ્રાપ્ત થયો ? તથા પાંચ તત્ત્વો અને ત્રણ ગુણો ક્યાંથી આવ્યા ?**

### ભાવાર્થ

તેટલા જ માટે સંતો અને પંડિતોએ આ બાબતની શોધ કરવા માટેની ખૂબ જ જરૂર છે. ન્યાયપૂર્વકનો વિચાર કર્યા વગર આકાર વગરના નિરાકાર અને અકર્તા બ્રહ્મજ્ઞાનને કર્તા માનીને શા માટે અટકી

રહ્યા છો ? નિરાકાર અને કર્તૃત્વશક્તિ વગરના બ્રહ્મમાંથી આકારવાળા ઘાટો કેવી રીતે પ્રાપ્ત થાય? તેમાં વળી પાંચ તત્ત્વો - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તથા ત્રણ ગુણ - સતોગુણ, તમોગુણ અને રજોગુણ ક્યાંથી આવે છે? એ બાબતોનો વિચાર કરતાં પણ જણાશે કે બ્રહ્મથી પર કોઈ વિશેષ શક્તિવાન સર્જનહાર છે જ, કે જેમણે આ સમગ્ર રચના બ્રહ્મભૂમિકામાં ઉત્પન્ન કરેલી છે.

**ઈન્દ્રિ સાજ અંતઃકરણ ઉરા, જયોતિ શક્તિ લ્યૌ તંત સફુરા;**
**તંત સકલ એહી કીનહુ બનાયે, તુમહી તો બ્રહ્મ નિરાકારહી ગાયે. ૫૦**

### શબ્દાર્થ

**ઈન્દ્રિ સાજ** = ઈન્દ્રિયોનો સાજ **અંતઃકરણ** = અંતઃકરણ **ઉરા** = અને **જયોતિ** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **શક્તિ** = આદ્યશક્તિ **લ્યૌ** = થી માંડીને **તંત** = ઘાટો **સફુરા** = સ્ફુરણ પામ્યા **તંત**= ઘાટો **સકલ** = બધા **એહી** = આ પ્રમાણે **કીનહુ** = કોણે **બનાયે** = બનાવ્યા **તુમહી તો** = તમે તો **બ્રહ્મ** = બ્રહ્મને **નિરાકારહી** = નિરાકાર **ગાયે** = ગાયું છે, વખાણ્યું છે.

### અનુવાદ

**મહંમાયા અને નિરંજન સુધીના દરેક ઘાટ ઈન્દ્રિયોના સાજ અને અંતઃકરણ પોખીને બનાવ્યાં છે, તો આ પ્રમાણે એ સર્વ ઘાટો કોણે બનાવ્યા? તમે તો બ્રહ્મને નિરાકાર છે તેમ વર્ણવ્યું છે.**

### ભાવાર્થ

વેદાંતની માન્યતા અંગે સમજ આપતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે, મહામાયા આદ્યશક્તિ અને જ્યોતિ સ્વરૂપ નિરંજનથી માંડીને કીટ-પતંગ સહિતના વિશ્વના નાના મોટા સર્વ ઘાટો દસ ઈન્દ્રિયો અને પાંચ અંતઃકરણનો સાજ પોખીને બનાવેલા છે. આ બધા ઘાટો કોણે બનાવ્યા છે? તેની શોધ કરવાની જરૂર છે. વેદાંતમાં દર્શાવેલું છે કે બ્રહ્મ નિરાકાર અને અકર્તા છે, તો પછી તે પોતે કંઈ પણ નવીન રચના બનાવી શકે નહીં. આપોઆપ (સહેજાસહેજ) કોઈપણ રચના બની શકે નહીં, માટે તેને બનાવનાર અધિક શક્તિશાળી કોઈ બ્રહ્મથી પર છે.

**નિરાકાર બ્રહ્મ સમ સરભરહી, અધિક સામ્રથ કર્તા સબ કરહી;**
**સોહી નિજ કર્તા કારણ પદ પરમ, વેદ કતેબ ન જાનત મરમ. ૫૧**

### શબ્દાર્થ

**નિરાકાર** = આકાર રહિત **બ્રહ્મ** = બ્રહ્મ **સમ** = સપ્રમાણ, સમચેતન **સરભરહી** = ઠસોઠસ ભરાયેલું **અધિક** = વિશેષ **સામ્રથ** = સમર્થ, સામર્થ્ય **કર્તા** = સર્જનહાર, નિજકર્તા **સબ** = સઘળું **કરહી** = કરે છે **સોહી** = તે **નિજ કર્તા** = નિજ સર્જનહાર **કારણ** = કારણ રૂપે **પદ પરમ** =પરમપદ, શ્રેષ્ઠ પદ **વેદ** = ચાર વેદ **કતેબ** = કિતાબ **ન** = નથી **જાનત** = જાણતા **મરમ** = મર્મ, રહસ્ય.

### અનુવાદ

**નિરાકાર બ્રહ્મ સપ્રમાણ સભરાભર છે, પરંતુ તેનાથી (અધિક) સામર્થ્યવાન કર્તા છે, જેણે સમગ્ર રચના રચી છે, તે નિજકર્તાનું પરમપદ કારણ રૂપ છે. જેના રહસ્યને વેદ અને કતેબ પણ જાણતા નથી.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં નિરાકાર બ્રહ્મ સમચૈતન હીરરૂપે સર્વત્ર ઠસોઠસ ભરેલું છે. તેનામાં કર્તૃત્વશક્તિ નહીં હોવાથી તેનાથી કશું પણ થઈ શકતું નથી, પરંતુ નિજકર્તા જ સર્વપ્રકારની રચનાના રચયિતા છે. કારણ કે કૃત તેનાથી અધિક શક્તિવાળા કર્તાથી જ સંભવે છે. તેમ બ્રહ્મના કારણ રૂપ જે સ્વ-પોતે જ કર્તા છે કે જેણે આ સમગ્ર સર્જન કર્યું છે. આ ઉત્કૃષ્ટ અને રહસ્યમય જ્ઞાન ચાર વેદની આદ્ય લઈ શાસ્ત્ર, પુરાણ કે કિતાબ પણ જાણતા નથી.

**જેહી કર્તા કીયે તંત એહી સરભી, આપ તંતુ બિના તંત સગર્ભી;**
**સોહી કર્તા કુનહુ નહીં ચીના, સહુ ઓરલે પદારથ બ્રહ્મભીના. ૫૨**

### શબ્દાર્થ

**જેહી** =તે **કર્તા** = કર્તા, સર્જનહાર **કીયે** = બનાવ્યા, કર્યા **તંત** = ઘાટો **એહી** = આ **સરભી** = સર્વે **આપ** = પોતે **તંતુબિના**=શરીર વગરના **તંત** = તંત, તંતુ (રીતે) **સગર્ભી**= હિરણ્યગર્ભ **સોહી** = તે **કર્તા** = સર્જનહાર **કુનહુ** = કોઈએ પણ **નહીં** = નથી **ચીના** = ઓળખ્યા **સહુ** = બધા જ **ઓરલે પદારથ**=દુન્યવી, ભૌતિક તત્ત્વોવાળા પદાર્થમાં **બ્રહ્મભીના**=બ્રહ્મપદમાં ભાવુક, તલ્લિન થયા.

### અનુવાદ

**તે કર્તા ઘાટ રહિત હોવા છતાં સર્વ ઘાટો હિરણ્યગર્ભવત્ રચ્યાં છે. એવા કર્તાને કોઈએ ઓળખ્યા નથી, પરંતુ દુન્વયી ભૌતિક તત્ત્વોવાળા પદાર્થોમાં અને બ્રહ્મપદમાં બધા જ ભાવુક થયા છે.**

### ભાવાર્થ

તે કર્તા ઘાટ અને અઘાટથી રહિત હોવા છતાં પોતાની સંકલ્પશક્તિથી સર્વ ઘાટોને બ્રહ્મભૂમિકામાં હિરણ્યગર્ભવત્ બનાવ્યા છે. જેમ કે માતાના ઉદરમાં રહેલું પિતાનું બિંદુ હિરણ્યગર્ભવત્ રીતે માતાના સમચેતન હીરથી પોષણ પામીને વૃદ્ધિ પામે છે. તે જ ન્યાયે સર્જનહારે પોતાના મહદ ચૈતન હીરથી બ્રહ્મભૂમિકામાં રચના રચી છે. જે હિરણ્યગર્ભવત્ રીતે બ્રહ્મના ઉદરમાં સમચૈતન હીર દ્વારા તે સર્વ રચના પોષણ થઈને વૃદ્ધિ પામે છે. તેમ છતાં સૌ કોઈ આ બાજુના દુન્યવી જડ તત્ત્વોથી બનેલા ભૌતિક રૂપ-ગુણવાળા સ્વરૂપો અને અકર્તા બ્રહ્મને જ સર્વસ્વ સમજીને પોતાની વૃત્તિને સ્થિર કરી છે.

**નિજ પદારથ નિરંજન મહામાયા, અન્યો અન્ય તીનુ જુગ ઉપજાયા;**
**સોહી બીજગ નિરંજન હમ ગાયે, બ્રહ્મભોમ ઉપજન બહુ પાયે. ૫૩**

### શબ્દાર્થ

**નિજ** = મૂળ, પોતે **પદારથ** = પદાર્થ, તત્ત્વ **નિરંજન** = નિરંજન પુરુષ **મહામાયા** = પ્રકૃતિ અન્યો **અન્ય** = એકબીજા વડે, પરસ્પર, સૌજન્યથી **તીનુ** = તેમના ત્રણેય (ગુણ) **જુગ** = જગત **ઉપજાયા** = ઉત્પન્ન કર્યુ **સોહી** = તે **બીજગ** = બીજક **નિરંજન** = નિરંજન પુરુષ **હમ** = મેં **ગાયે** = ગાયું, વર્ણવ્યું **બ્રહ્મભોમ** = બ્રહ્મભૂમિકામાં **ઉપજન** = ઉત્પત્તિ **બહુ** = ઘણી **પાયે** = થઈ.

### અનુવાદ

**આદિ (મૂળ) તત્ત્વરૂપ નિરંજન અને પ્રકૃતિના અન્યોઅન્ય સંબંધથી આ જગત ઉત્પન્ન થયું છે. તે નિરંજનને મેં બીજક તરીકે વર્ણવ્યું છે. તેમના દ્વારા બ્રહ્મભૂમિકામાં ઘણી ઉત્પત્તિ થઈ છે.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની ઈચ્છાવૃત્તિ દ્વારા પ્રથમ નિજ(આદિ) તત્ત્વ તરીકે નિરંજનતત્ત્વની ઉત્પત્તિ કરી. તેમાંથી પ્રકૃતિ તત્ત્વ રૂપ મહામાયા થયાં. બંનેના પારસ્પરિક વ્યવહાર-સંબંધ થકી અનુક્રમે ત્રણ ગુણ (રજોગુણ, તમોગુણ અને સતોગુણ) સહીત વિશ્વની સઘળી ઉત્પત્તિની વૃદ્ધિ થઈ છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર મૂળ બીજક તરીકે નિરંજનનું વર્ણન કરે છે. તે મૂળ બીજક થકી જ બ્રહ્મભૂમિકામાં અનેક બીજકો વૃદ્ધિ પામ્યાં (ઉદ્દભવ્યાં).

**જયોતિ બીજગ બ્રહ્મ અવનિ આકારા, તુમ જન જાનો એહી નિજ કરતારા;**
**અહો પંડિત જ્ઞાની ઘર શોધો, બિનુ જાને કયૌ જગ પરમોધો. ૫૪**

### શબ્દાર્થ

**જયોતિ** = જ્યોતિસ્વરૂપ **બીજગ** = બીજક **બ્રહ્મ** = બ્રહ્મ **અવનિ** = પૃથ્વી **આકારા** = આકાર પામે છે, ઉત્પન્ન થાય છે **તુમ** = તમો **જન** = માનવો **જાનો** = જાણો **એહી** = તે જ **નિજ કરતારા** = નિજ સર્જનહાર છે **અહો** = હે **પંડિત** = પંડિતો **જ્ઞાની** = જ્ઞાનીઓ **ઘર** = મૂળવતન(જ્યાંથી ઉત્પત્તિ થઈ છે તે નિજ રહેઠાણ) **શોધો** = શોધખોળ કરો **બિનુ જાને** = જાણ્યા વગર **કયૌ** = શા માટે ? કેમ ? **જગ** = જગતને **પરમોધો** = ઉપદેશ કરો છો ?

### અનુવાદ

**જ્યોતિ (નિરંજન) રૂપ બીજક પૃથ્વીરૂપ બ્રહ્મમાં પેદા થયેલું છે, જેથી તેને તમો બધા નિજ કિરતાર માનો છો. હે જ્ઞાની પંડિતો ! તમો મૂળ ઉત્પત્તિના સ્થાનને શોધો. તે જાણ્યા વગર જગતને શા માટે ઉપદેશ કરો છો?**

### ભાવાર્થ

જેમ પૃથ્વીમાં રહેલા બીજકોની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે તેમ જ્યોતિ સ્વરૂપ નિરંજનનું બીજક બ્રહ્મ રૂપ ભૂમિકામાં વૃદ્ધિ પામ્યું છે અને સર્વ જગત પણ તેમાં જ રચના પામ્યું છે. એટલે કે બધું નિરંજન દ્વારા જ ઉત્પન્ન થયું છે એમ માનીને વિશ્વના સર્જનહાર નિરંજન પોતે છે એમ તમે માનો છો. તેથી જ્ઞાની પંડિતોને તે અંગે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સમજાવે છે કે ખરેખર તો આ બધાના મૂળ ઉત્પત્તિના ઘરને શોધવા માટે પ્રયત્ન કરવો જોઈએ. મૂળ ઉત્પત્તિ ક્યાંથી થઈ તે ગુપ્ત રહસ્ય જાણ્યા વગર જગતને બોધ આપવાનો તેમને કોઈ અધિકાર નથી. એટલે જ્ઞાની કહેવાતા પંડિતોએ નિજ ઘરને જાણ્યા સિવાય જગતના જીવોને ખોટો ઉપદેશ કરવો જોઈએ નહીં.

**તુમ નહીં ચીનત આદ્ય તુમારા, તો કેસે ચીનો નિજપતિ કિરતારા;**
**આદ્ય તુમાર શક્તિ ઓરુ જ્યોતિ, બ્રહ્મક્ષેત્ર મહી ભયે ઉદ્યોતિ. ૫૫**

### શબ્દાર્થ

**તુમ** = તમે (જ્ઞાની-પંડિતો) **નહીં** = નહીં **ચીનત** = ઓળખ્યા **આદ્ય** = આદિ **તુમારા** = તમારા સ્વરૂપને, ચૈતનને, અંશને **તો કેસે** = તો કેવી રીતે **ચીનો** = ઓળખો **નિજપતિ** = નિજપતિ **કિરતારા** = સર્જનહારને, કર્તાના સ્વરૂપને **આદ્ય** = આદિ પદ **તુમાર** = તમારી **શક્તિ** = આદ્યશક્તિ **ઓરુ** = અને **જ્યોતિ** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **બ્રહ્મક્ષેત્ર** = બ્રહ્મભૂમિકા **મહી** = અંદર **ભયે** = થયા **ઉદ્યોતિ** = ઉદ્ભવ, ઉત્પન્ન.

### અનુવાદ

**તમે તમારા મૂળ આદિ સ્વરૂપને (અંશ સ્વરૂપને) જ ઓળખ્યું નથી, તો નિજપતિ સર્જનહારને કેવી રીતે ઓળખશો? તમે તો શક્તિ અને જ્યોતિપુરુષને તમારા આદ્ય માનો છો. જેમનો ઉદ્ભવ બ્રહ્મક્ષેત્રમાં થયેલો છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર વિશ્વના માનવોને બોધ આપનાર જ્ઞાની પંડિતોને કહે છે કે તેમણે આદિ સ્વરૂપ એવા ચૈતન અંશને જ ઓળખ્યો નથી તો ચૈતન અંશની ઉત્પત્તિના કારણરૂપે રહેલા સર્જનહારના પૂર્ણ ચૈતન અંશીપદને ક્યાંથી ઓળખી શકવાના? તેઓ તો આદ્ય તરીકે નિરંજન અને શક્તિને માને છે, પરંતુ તેમની ઉત્પત્તિ બ્રહ્મક્ષેત્રમાં થઈ છે. બ્રહ્મ તો કર્તૃત્વ શક્તિ વગરનો સદ્, ચિદ્ આનંદ રૂપ સર્જનહારનો પ્રકાશ છે. શરીરમાં ચૈતનતાના કારણરૂપે રહેલા અંશ થકી જ સર્જનહારને ઓળખી શકાતા હોવાથી જ્ઞાની પંડિતોએ પ્રથમ સ્વ-સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું પડે.

**એહી સબ કર્તા સો નિજપદ નાંહી, તુમ તો સકલ ભૂલે ઉનહુકી માંહી;**
**ભૂલેહુ આપ ઓરનકુ ભૂલાવો, જકત સકલમાંહી કરી કરી દાવો. ૫૬**

### શબ્દાર્થ

**એહી** = એ **સબ** = બધા **કર્તા** = કર્તા **સો** = તે **નિજપદ** = નિજપદ રૂપ **નાંહી** = નથી **તુમ તો** = તમે તો **સકલ** = બધા **ભૂલે** = ભૂલા પડ્યા **ઉનહુકી માંહી** = તેમનામાં જ, તેઓનામાં જ **ભૂલેહુ આપ** = તમે તો ભૂલા પડ્યા **ઓરનકુ** = બીજાને પણ **ભૂલાવો** = ભૂલા પાડો છો **જકત સકલ માંહી** = આખા જગતમાં **કરી કરી દાવો** = દાવો કરી કરીને.

### અનુવાદ

**એ બધા કર્તા કે નિજપદ નથી; છતાં તમો બધા તેમનામાં જ ભૂલા પડ્યા છો. વળી પોતે તો ભૂલા પડ્યા, પરંતુ જગતમાં પોકળ દાવાઓ કરી કરીને બીજા બધાને પણ ભૂલા પાડો છો.**

### ભાવાર્થ

બ્રહ્મ તેમજ બ્રહ્મક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ નિરંજન અને આદ્યશક્તિને બ્રહ્મજ્ઞાનીઓ કર્તા માને છે, પરંતુ તે નિજપતિ રૂપ સાચા સર્જનહાર નથી. છતાં જ્ઞાની પંડિતો તેમાં જ ભૂલા પડ્યા છે. એટલું જ નહીં, પરંતુ પોતે તો ભૂલા પડ્યા પરંતુ પોતાની માન્યતા સાચી છે, તેવો દઢતાપૂર્વક પોકળ દાવો કરીને અન્ય શ્રદ્ધાળુઓને પણ ભૂલા પાડીને અવળે રસ્તે ચઢાવી દીધા છે.

**સગુણ નિર્ગુણ દોહુ પક્ષ દઢવાઈ, કરત બોધ બુધકે મત ઠાઈ;**
**સગુણ શકત ગુણ જયોત સમેતુ, નિર્ગુણ બ્રહ્મ ન્હેઃ કરમહી નેતુ. ૫૭**

### શબ્દાર્થ

**સગુણ** = સગુણ **નિર્ગુણ** = નિર્ગુણ **દોહુ** = બંને **પક્ષ** = સિદ્ધાંત **દઢવાઈ** = દઢ કરાવ્યાં **કરત બોધ** = બોધ કરીને **બુધકે** = બુદ્ધિપૂર્વકનો **મત** = મત **ઠાઈ** = ઠેરવે છે **સગુણ** = સગુણ મતમાં **શકત** = શક્તિ **ગુણ** = ત્રણ ગુણ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) **જયોત** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **સમેતુ** = સુધીનું **નિર્ગુણ** = નિર્ગુણ મત **બ્રહ્મ** = બ્રહ્મ **ન્હેઃ કરમહી** = ન્હેઃ કર્મી, અકર્તા (કર્તુત્વશક્તિ વગરનું) **નેતુ** = નેતિ કહી છે, જેનો કોઈ અંત નથી.

### અનુવાદ

**સગુણ અને નિર્ગુણ બંને સિદ્ધાંતોને બુદ્ધિપૂર્વકના બોધથી દઢ કરાવ્યો છે. તેમાં ગુણ, પ્રકૃતિ અને નિરંજન સહિતનો સગુણ સિદ્ધાંત અને જેનો કોઈ છેડો જ નથી તેવા ન્હેઃ કર્મી બ્રહ્મનો નિર્ગુણ સિદ્ધાંત છે.**

### ભાવાર્થ

જ્ઞાની પંડિતોએ બુદ્ધિપૂર્વકનો બોધ કરી ધર્મ માર્ગમાં સગુણ અને નિર્ગુણ એમ બે સિદ્ધાંતોને વિશ્વના સર્જનહાર તરીકે દઢ કરાવ્યા છે. સગુણ સિદ્ધાંતમાં રૂપ-ગુણવાળા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તથા આદ્યશક્તિ અને નિરંજન સુધીના મહાદેવોનો સમાવેશ થાય છે. એટલે કે સમગ્ર સંસારના જીવો સગુણ દેવોને સમર્પિત થઈ મોક્ષ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. જેઓ જ્ઞાન ક્ષેત્રમાં આગળ વધ્યા તેવા

યોગી અને પ્રણવ સિદ્ધપુરુષોની આદ્ય લઈ બ્રહ્મવેત્તા, બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને પરમહંસ પુરુષો 'નેતિ' શબ્દથી સંબોધાયેલા બ્રહ્મને સર્વોપરી માનીને તેમાં તલ્લીન રહે છે. એમ બ્રહ્મને સર્વોપરી માનવાવાળા મતને 'બ્રહ્મસિદ્ધાંત' કહેવામાં આવે છે.

**વેદ પુરાણ શાસ્ત્ર મત એહી, તીનહુકી પર પદ પરમ સદેહી;**
**અપરંપાર પાર તીનુ પારી, પુરુષ અજોન્ય સુગમ શુભકારી. ૫૮**

### શબ્દાર્થ

**વેદ** = ચાર વેદ **પુરાણ** = અઢાર પુરાણ **શાસ્ત્ર** = છ શાસ્ત્ર **મત** = મત, માન્યતા **એહી** = એ પ્રમાણે છે **તીનહુકી** = તેમનાથી, ત્રણેયના **પર** = પરે **પદ પરમ** = પરમપદ **સદેહી** = રૂપ-અરૂપથી પરે મૂર્તિમંત ધણી, સ્વામી **અપરંપાર** = અપાર **પાર** = પર **તીનુ પારી** = તેની પર, પરે **પુરુષ** = પુરુષ **અજોન્ય** = અજન્મા **સુગમ** = સરળ, સુજાણ **શુભકારી** = શુભકારી છે.

### અનુવાદ

**એ પ્રમાણે વેદ, પુરાણ અને શાસ્ત્રોનો મત છે, પરંતુ તેમનાથી પણ પર એવા પરમપદમાં મૂર્તિમંતરૂપે (કર્તા) રહેલા છે. એવા અપરંપાર બ્રહ્મથી પણ પરે રહેલ અજોન્ય પુરુષ સુજાણ અને કલ્યાણકારી છે.**

### ભાવાર્થ

બ્રહ્મા રચિત ચાર 'વેદ' તથા તેના જ્ઞાનનું દોહન કરીને વિદ્વાનો દ્વારા બનાવેલા છ 'શાસ્ત્ર' અને વ્યાસજી દ્વારા નિર્મિત અઢાર 'પુરાણ' છે. આ ત્રણેયના મત આગળ દર્શાવ્યા મુજબના સગુણ કે નિર્ગુણ સિદ્ધાંતોનું જ પ્રતિપાદન કરે છે, પરંતુ એ બંને સિદ્ધાંતમાં સ્થપાયેલા સગુણ અને નિર્ગુણ પદથી પણ પર પરમપદ આવેલું છે. તે પરમપદના સ્વામી નિજ સકર્તા સર્જનહાર રૂપ-અરૂપથી પરે પૂર્ણ ચૈતન સ્વરૂપે મૂર્તિમંત રહેલા છે તે અજોન્ય સજાણ પુરુષ કલ્યાણકારી અને અજન્મા છે.

**સગર્ભ શુદ્ધ સનાતન તનહી, અટલ સદા પદ સધર સદનહી;**
**સદ ચિદ આનંદ કંદ પર પોતે, સરલ સત્તા જીનું સકલ ઉદ્યોતે. ૫૯**

### શબ્દાર્થ

**સગર્ભ** = હિરણ્યગર્ભવત્ **શુદ્ધ** = શુદ્ધ **સનાતન** = શાશ્વત **તનહી** = શરીર, સ્વરૂપ **અટલ** = સ્થિર **સદા** =સદાને માટે **પદ** = આસન **સધર** = કોઈપણ આધાર સિવાય **સદનહી** = ધામ, રહેવાનું ઘર **સદ ચિદ આનંદ** = સદ્ ચિદ્ આનંદ રૂપ બ્રહ્મ **કંદ** = કારણ રૂપ **પર પોતે** = ઉપર પોતે છે **સરલ સત્તા** = કપટ રહિત-નિખાલસ રીતે જેની સત્તાનો વ્યાપ છે **જીનું** = જેમણે **સકલ ઉદ્યોતે** = બધું જ ઉત્પન્ન કરેલું છે.

### અનુવાદ

**હિરણ્યગર્ભવત્ શુદ્ધ શાશ્વત સ્વરૂપ હમેશાં અટલ આસને અને સધર ધામમાં છે. સદ્ ચિદ્ આનંદ રૂપ બ્રહ્મના પોતે કારણ રૂપ હોઈ તેમણે સર્વની ઉત્પત્તિ પોતાની સત્તાથી સરળતાપૂર્વક કરેલી છે.**

### ભાવાર્થ

હિરણ્યગર્ભવત્ શુદ્ધ, શાશ્વત, તત્ત્વાતિત, રૂપ, અરૂપથી પર, સકર્તા (સર્જનહાર) હંમેશ માટે આધાર રહિત અટલ આસન પર કૈવલધામમાં બિરાજમાન છે. તેઓ બ્રહ્મના કારણ રૂપે છે. એટલે સર્જનહાર સદ્ ચિદ્ આનંદ રૂપી બ્રહ્મના કારણ રૂપે છે. બ્રહ્મ એ નૂર(પ્રકાશ) છે જ્યારે તેઓ સ્વયં નૂરી(પ્રકાશક) છે. તેમજ આ બ્રહ્માંડની રચના તેઓએ પોતાની સત્તાથી સરળતાપૂર્વક કરેલી છે. એટલે કે તેમની સઘળી રચના કપટથી રહિત પોતાની ઈચ્છા મુજબ નિર્માણ કરેલી છે અને સમગ્ર બ્રહ્માંડમાં તેમનો પોતાનો જ અમલ વ્યાપે છે.

**રહેત શૂન્ય અજરાયલ અરસુ, જહાં બ્રાજહી કૈવલ નિજ પરસુ;**
**અગમ ભોમ તેહી અકથ કથાના, સદા સદોદિત સર્વાતિત સ્થાના. ૬૦**

### શબ્દાર્થ

**રહેત** = રહે છે **શૂન્ય** = શૂન્ય **અજરાયલ** = નિર્ભય, અમર **અરસુ** = અંતરિક્ષ, આકાશમાં **જહાં** = ત્યાં **બ્રાજહી** = બિરાજમાન છે **કૈવલ** = કૈવલ કર્તા **નિજ પરસુ** = પોતે સ્પર્શીને રહ્યા છે **અગમ** = અગમ્ય, ઈન્દ્રિયાતિત **ભોમ** = ભૂમી **તેહી**= તે **અકથ** = અવર્ણનીય **કથાના** = વર્ણન કર્યું નથી **સદા** = નિત્ય **સદોદિત** = પ્રકાશમય **સર્વાતિત** = સર્વથી પર **સ્થાના** = સ્થાનક, ધામ.

### અનુવાદ

**અંતરિક્ષમાં રહેલા મહદ શૂન્યના મધ્યમાં અજર અમર ધામ રહેલું છે. જ્યાં નિજ કૈવલ કર્તા સ્પર્શીને બિરાજમાન છે. તે ધામ સદાને માટે સર્વાતીત છે. વળી તે અગમ અને અવર્ણનીય હોઈ કોઈએ પણ તેનું વર્ણન કર્યું નથી.**

### ભાવાર્થ

મહદ શૂન્યની મધ્યમાં અજર અમર કૈવલધામ આવેલું છે. જ્યાં કૈવલકર્તા અટલ આસને બિરાજમાન છે. વળી તે સ્થાન અગમ અને અવર્ણનીય હોઈ એવા કૈવલધામનું વર્ણન થઈ શકે તેમ નથી. તે અંતિમ ધામ સૌથી પરે છે અને સદા સર્વદા પ્રકાશમય છે.

**સર્વ ઉત્કૃષ્ટ શિખર ઘર સોઇ, બિનુ કેવલ કર્તા નહીં કોઇ;**
**સોહી કેવલપદ આદ્ય અનાદુ, બ્રહ્મ જયોત શક્તિ ગુણ આદુ. ૬૧**

### શબ્દાર્થ

**સર્વ ઉત્કૃષ્ટ** = સર્વોત્તમ, સર્વમાં શ્રેષ્ઠ **શિખર** = શિખર **ઘર** = ધામ **સોઇ** = છે **બિનુ** = વગર **કેવલ કર્તા** = કેવલ કર્તા **નહીં** = નહીં **કોઇ** = કોઈપણ **સોહી** = તે **કેવલ પદ** = કેવલપદ **આદ્ય** = જેના પહેલાં કંઈ જ ન હતું તે (સર્જનહારનું પ્રથમ વિશેષણ) **અનાદુ** =પુરાણું **બ્રહ્મ** = બ્રહ્મ **જયોત** = જ્યોતિ નિરંજન પુરુષ **શક્તિ** = આદ્યશક્તિ **ગુણ** = ત્રણ ગુણ **આદુ** = અનાદિનું.

### અનુવાદ

**તે કેવલપદ શ્રેષ્ઠ શિખર પર આવેલું છે. ત્યાં કેવલ કર્તા સિવાય અન્ય કોઈ નથી. બ્રહ્મ, જ્યોતિ, (નારાયણ)શક્તિ, ત્રણ ગુણ વગેરેથી પણ આદિ અનાદિનું તે કેવલપદ છે.**

### ભાવાર્થ

જ્યારે ત્રણ ગુણ (બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ), આદ્યશક્તિ મહામાયા, જ્યોતિ સ્વરૂપ નિરંજન, તેમજ સદ્ ચિદ્ આનંદ સ્વરૂપ નિર્ગુણ બ્રહ્મ વગેરે ન હતાં, ત્યારે પણ મહા શૂન્યમાં સર્વ શ્રેષ્ઠ શિખર પર કેવલધામ(પદ) હતું. એવા આદિ અનાદિ કેવલધામમાં સૌના માલિક સ્વયં સકર્તા સર્જનહાર પોતે માત્ર શુદ્ધ મહદ ચૈતન સ્વરૂપે નિવાસ કરતાં હતાં.

**તેહી કર્તા મહાદ અખંડ ઉજાસા, વ્યાપક બ્રહ્મ જેનું તેજ પ્રકાશા;**
**જીવ અંશ બીજગ પુનિ તિનકે, કેવલ આદ્ય સનાતન જીનકે. ૬૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **કર્તા** = કર્તા-પતિ **મહાદ** = મહાન **અખંડ** = અખંડિત, ખંડિત નહીં તેવું **ઉજાસા** = તેજોમય **વ્યાપક** = વ્યાપેલો **બ્રહ્મ** = બ્રહ્મ **જેનું** = તેમનો **તેજ** = તેજનો **પ્રકાશા** = પ્રકાશે છે **જીવ** = ઘાટમાં રહેલ **અંશ** = અંશના **બીજગ** = બીજક **પુનિ** = પણ **તિનકે** = તેમના **કેવલ** = કેવલ કર્તા (વળથી રહિત) **આદ્ય** = અનાદિના **સનાતન** = શાશ્વત **જીનકે** = જેના.

### અનુવાદ

**તે કર્તા મહાન અને અખંડ તેજોમય છે. વ્યાપક બ્રહ્મ તેમના તેજનો પ્રકાશ છે. અનેક જીવ (અંશ) અને બીજક પણ તેમણે જ બનાવેલા છે. એવા કેવલ કર્તા આદ્ય અને સનાતન છે.**

### ભાવાર્થ

તે સકર્તા સર્જનહાર મહાન અને અખંડ તેજોમય છે. સચરાચર વ્યાપક નિર્ગુણ બ્રહ્મ તેમના જ તેજનો પ્રકાશ છે. એવી બ્રહ્મભૂમિકામાં સર્જનહારે સ્વયં પોતાની સંકલ્પશક્તિ દ્વારા તત્ત્વોનો વિસ્તાર

કર્યા બાદ પરમકારણ, મહાકારણ, કારણ અને સૂક્ષ્મ દેહોની આદ્ય લઈ સ્થાવર જંગમ સહિતના સ્થૂળ દેહના બીજકો ઉત્પન્ન કર્યા છે. અને દરેક ઘાટને ચેતનવંતો કરવા પરમવિશેષ, વિશેષ અને સામાન્ય અંશો ઉત્પન્ન કરી ઘાટોમાં પ્રેરક કર્યા છે. એવા સૌના સાક્ષી અર્થાત્ સૌના મૂળ કારણ રૂપ કૈવલ કર્તા છે. જે આદિ અનાદિથી પુરાતન અને સનાતન (શાશ્વત) છે.

**પ્રથમ બીજગ નિરંજનહી અંકુરા, અણી અગ્રેવ તન ભયેહુ સફુરા;**
**તિલક ભાલ નિરંજન ગત જયોતિ, તેજ પૂંજ અણી અગ્ર ઉદ્યોતી. ૬૩**

### શબ્દાર્થ

**પ્રથમ** = સૌ પહેલાં **બીજગ** = બીજક **નિરંજનહી** = નિરંજનનું **અંકુરા** = અંકુરિત થયું **અણી અગ્રેવ** = આગળથી અણિવાળું **તન** = શરીર **ભયેહુ** = થયું **સફુરા** = સ્ફુરાયમાન **તિલક ભાલ** = ભાલતિલક સમાન **નિરંજન** = નિરંજનની **ગત** = બળ પ્રવેશ કરવાની શક્તિ **જયોતિ** = જ્યોતિ સ્વરૂપે **તેજ પૂંજ** = પ્રકાશનો સમૂહ **અણી અગ્ર** = આગળથી અણિવાળો આકાર **ઉદ્યોતી** = દેખાવ, દર્શન, ચિતાર, ઉદ્‌ભવ.

### અનુવાદ

**સૌ પ્રથમ નિરંજન રૂપ બીજક અંકુરિત થયું. તેનું અણિઅગ્ર આકારવાળું શરીર સ્ફુરાયમાન થયું. નિરંજનનું તેજ પૂંજ જ્યોતિ સ્વરૂપ (પ્રકાશનો સમૂહ) અણિઅગ્ર ભાલતિલક રૂપે જ દેખાય છે.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની ત્રીજી ઈચ્છાવૃત્તિથી સૌ પ્રથમ નિરંજન મહાતત્ત્વ ઉત્પન્ન કર્યું. તેના વ્યક્ત સ્વરૂપે આદિ નિરંજન થયા ત્યારે તેમનું અંકુરિત બીજનો આકાર અણિઅગ્રવાળો જ હતો. તે નિરંજનના જ્યોત સ્વરૂપને નિહાળતાં પ્રતીતિ થાય છે કે તે પ્રકાશનો સમૂહ પણ અણિઅગ્રવાળો દેખાય છે. જે અણિઅગ્ર ભાલતિલકની નિશાની સ્વરૂપે જ છે. (સૃષ્ટિની શરૂઆતમાં જ નિરંજન પુરુષ શક્તિનો ત્યાગ કરીને ધંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા. તેથી તેમનું કોઈ દશ્ય અને વર્ણનીય સ્વરૂપ ન હોવાથી તેના ભક્તો જ્યોતિ સ્વરૂપનાં જ દર્શન કરીને સંતોષ માને છે, તેમજ યોગીજનો અને પ્રણવની સાધના કરતા સાધકો બ્રહ્મરંદ્રમાં વૃત્તિ સ્થિર કરીને હજાર પાંખડીના કમળમાં બિરાજમાન નિરંજનની અખંડ જ્યોતિ સ્વરૂપનાં દર્શન કરે છે).

**ઓર સકલ જીવ ત્રિગુણ સમેતા, અણી અગ્રેવ લખ ઉપજ સહેતા;**
**સ્થિર સ્થાવર આગમ હમ બરને, અણી અગ્રેવ તન સબ બન બરને. ૬૪**

### શબ્દાર્થ

**ઓર** = બીજા **સકલ** = સર્વ **જીવ** = જીવો **ત્રિગુણ** = ત્રણ ગુણો **સમેતા** = સહિત **અણી અગ્રેવ** = આગળથી અણિવાળા

ભાગ **લખ** = નિહાળતાં, જોતાં **ઉપજ** =ઉદ્ભવ થયા **સહેતા** = હેતપૂર્વક **સ્થિર** = સ્થિર રહેતી **સ્થાવર** = સ્થાવર જાતિનું **આગમ** = અગાઉ **હમ** = મેં **બરને** = વર્ણવ્યું **અણી અગ્રેવ** = આગળથી અણિવાળું **તન** = શરીર **સબ** = સર્વનું **બન** = બનેલું **બરને** = વર્ણવ્યું છે.

## અનુવાદ

**ત્રણ ગુણ સહિતના બધા જ ઘાટોની હેતપૂર્વકની ઉત્પત્તિ જોતાં અણિઅગ્રવાળી નિશાની મુજબ જ થયેલી છે. સ્થિર રહેતી સ્થાવર જાતિ જે આગળ મેં વર્ણવી છે તે સર્વના શરીર અણિઅગ્રવાળા બનેલાનું વર્ણન કર્યું છે.**

## ભાવાર્થ

સર્જનહારે ત્રણ ગુણના દેવતાઓ સહિત સૃષ્ટિના દરેક ઘાટની રચના હેતુપૂર્વક અણિઅગ્રવાળી નિશાની મુજબ કરેલી છે. આ નિશાનીને લીધે સર્વમાં સતત જાગૃતતા રહે કે તેઓ નિજ ઘરેથી અણિઅગ્રવાળા અંકુરિત સ્વરૂપે અહીં આવ્યા છે અને પાછા પોતાના નિજ(મૂળ) ઘરે જવું હોય ત્યારે તે જ (અણિઅગ્ર) સ્વરૂપે થવું પડશે તો જ પાછા જઈ શકાશે. આ ગર્ભિત આશયથી જ સર્જનહારે અણિઅગ્રવાળા ભાલતિલકના જેવી નિશાની દરેક ઘાટમાં દેખી શકાય તેમ મૂકી છે. સ્થિર રહેતી અઢાર ભાર વનસ્પતિના ઘાટોની રચના અંગે રહેલી અણિઅગ્ર નિશાનીનું વર્ણન આ અગાઉ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે વિસ્તારપૂર્વક કરી દીધેલું છે.

**અબ જંગમ ગતમત કહુ સારા, અણી અગ્રેવ ભવ સકલ પસારા;**
**ત્રિગુણ શક્તિ સુરલોક સમેતુ, અણી અગ્રેવ તન સકલ ન કેતુ. ૬૫**

## શબ્દાર્થ

**અબ** = હવે **જંગમ** = જંગમ જાતિની **ગતમત** = ગતિ અને મતિનું **કહુ** = કહુ છું **સારા** = સમસ્ત **અણી અગ્રેવ** = આગળથી અણિવાળું **ભવ** = સૃષ્ટિનો **સકલ** = બધા જ **પસારા** = પ્રસારો **ત્રિગુણ** = ત્રણ ગુણ **શક્તિ** = આદ્ય શક્તિ **સુરલોક** = સુરલોક **સમેતુ** = સહિત **અણી અગ્રેવ** = આગળથી અણિ આકારવાળા **તન** = શરીર, દેહ **સકલ** = બધા **ન** = ન હોય તો **કેતુ** = કેટલાક.

## અનુવાદ

**હવે જંગમ જાતિના સમગ્ર ઘાટોની ગતિની સમજ (સૂઝ) પડે તે માટે કહું છું કે તેનો પણ બધો પસારો અણિઅગ્ર સ્વરૂપે થયેલો છે. ત્રણ ગુણ, શક્તિ અને દેવલોક સહિત બધા જ દેહોના સમગ્ર પૈકી કેટલાક અંગો અણિઅગ્રવાળા છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે જંગમ અર્થાત્ ગમન કરી શકે તેવા ચર જાતિના પસારાની

ગતિ સરળ રીતે આપણને સમજાવે છે. બધા જ જંગમ જાતિના ઘાટોનો પસારો અણિઅગ્રવાળો જ છે. વિશેષ દેવતાઓ - બ્રહ્મા, વિષ્ણુ, મહેશ(શંકર), મીંડક, કોરમ અને શેષ તથા સામાન્ય તેત્રીસ કરોડ દેવતાઓ સહિત જંગમ જાતિના ઘાટો પૈકીના કેટલાકના અમુક અંગો તો કેટલાકના બધા જ અંગો અણિઅગ્રવાળા છે.

**પાદુ પાણ્ય અંગુરી અનિવેશા, શ્રવણ નૈંન અનિ ડસન વિશેષા;**
**ઓરુ નાસા લિંગસ અનિ રુપા, રોમ સકલ અનિ અગ્ર અનુપા. ૬૬**

### શબ્દાર્થ

**પાદુ** = પગ **પાણ્ય** = હાથ **અંગુરી** = આંગળીઓ **અનિવેશા** = અણિ આકારની **શ્રવણ** = કાન **નેન** = આંખ **અનિ** = અણિ **ડસન** = દાંત **વિશેષા** = વિશેષ કરીને **ઓરુ** = અને **નાસા** = નાક **લિંગસ** = જનનેંદ્રિય **અનિ** = અણિ **રૂપા** = સ્વરૂપે **રોમ** = રુવાંટું **સકલ** = બધા જ **અનિ અગ્ર** = આગળથી અણિવાળાં **અનુપા** = અનુપમ સુંદર.

### અનુવાદ

**હાથ અને પગની આંગળીઓનો આકાર અણિયાળો છે. કાન, આંખો અને દાંત વિશેષ અણિવાળા છે. નાક અને લિંગ અણિવાળા છે અને બધાં રુવાંટા (વાળ) અણિવાળા હોઈ સુંદર લાગે છે.**

### ભાવાર્થ

જંગમ ઘાટોમાં હાથ અને પગની આંગળીઓનો આકાર આગળથી અણિયાળો હોય છે. કાન અને આંખો અણિયાળા છે. વળી દાંત વિશેષ અણિયાળાં છે. નાક અને જનનેંદ્રિય અણિયાળાં છે. તેમજ શરીર પરનાં બધાં જ રુવાંટાં(વાળ) અણિવાળાં હોઈ શરીરની શોભા નીખરી ઊઠે છે.

**નિખ શિખ કુચન સહિત અનિ રાજે, રસના રસિક અનિ અગ્ર બિરાજે;**
**પંચતત્ત્વ અબ કહુ સમજાઇ, તિલક ભાલવત્ ગત્ય સબ તાઇ. ૬૭**

### શબ્દાર્થ

**નિખ** = નખ **શિખ** = શિખા(ચોટલી) **કુચન** = કુચ સ્થાન(સ્તન) **સહિત** = સહિત **અનિ** = અણિયાળાં **રાજે** = દેખાય છે **રસના** = જીભ **રસિક** = રસવાળી **અનિઅગ્ર** = આગળથી અણિયાળી **બિરાજે** = બેઠેલી છે **પંચતત્ત્વ** = પાંચ તત્ત્વો **અબ કહુ** = હવે કહું છું **સમજાઇ** = સમજાવીને **તિલક ભાલવત્** = ભાલતિલક સમાન **ગત્ય** = ગતિ, સમજ **સબ તાઇ** = તે બધાં.

### અનુવાદ

**મુખમાં રહેલી રસિક જીહ્વા અને સ્તનથી માંડીને નખથી શિખા સુધીના સર્વ અંગો અણિઅગ્ર**

**આકારથી શોભે છે. હવે પંચ તત્ત્વો વિશે કહી સમજાવું છું કે તે પણ બધા ભાલતિલકવત્ છે.**

## ભાવાર્થ

મુખમાં છ પ્રકારના સ્વાદ પારખનાર જીભ આગળથી અણિયાળી છે. વળી, શરીરમાં સ્તન(કુચ સ્થાન) થી માંડીને નખશિખ સુધીના સર્વ અંગો અણિ આકારે શરીર ઉપર શોભે છે. હવે શરીરમાં અંગો સાથે પંચ તત્ત્વોનો તિલકવત્ સંબંધ રહ્યો છે તે વિશે આપણને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવશે.

**શ્રવણ વ્યોમ રસના અપ સારા, નયન તેજ અવનિ ગંધ ઠારા;**
**પવન તુચા સપરસ તન સારુ, રોમ રોમ અણી અગ્ર આકારુ. ૬૮**

## શબ્દાર્થ

**શ્રવણ** = કાન **વ્યોમ** = આકાશતત્ત્વ **રસના** = જીભ **અપ** = જળતત્ત્વ **સારા** = બધા **નયન** = આંખ **તેજ** = અગ્નિતત્ત્વ **અવનિ** = પૃથ્વી **ગંધ** = નાક **ઠારા** = રહે છે **પવન** = વાયુતત્ત્વ **તુચા** = ત્વચા, ચામડી **સપરસ** = સ્પર્શ(જ્ઞાનેન્દ્રિય) **તન** = શરીરનાં **સારુ** = બધાં **રોમ રોમ** = રોમે રોમે, રુવાંટાં **અણી અગ્ર** = આગળથી અણિવાળા **આકારુ** = આકાર જેવું.

## અનુવાદ

**કાને આકાશતત્ત્વ, જીભ્યાએ જળતત્ત્વ, નેત્રોએ અગ્નિતત્ત્વ, ગંધ ગ્રહણ કરતી નાસિકાએ પૃથ્વીતત્ત્વ અને સ્પર્શ કરવાવાળી ચામડીએ પવનતત્ત્વ હોઈ શરીરનાં બધાં રોમે રોમ અણિઅગ્ર આકારવાળાં છે.**

## ભાવાર્થ

શબ્દમાત્રાને ગ્રહણ કરતા કાને આકાશતત્ત્વ છે. રસમાત્રાને ગ્રહણ કરતી જીભે જળતત્ત્વ છે. રૂપમાત્રાને ગ્રહણ કરતી આંખોએ અગ્નિતત્ત્વ છે. ગંધમાત્રાને ગ્રહણ કરતી નાસિકાએ પૃથ્વીતત્ત્વ છે અને સ્પર્શમાત્રાને ગ્રહણ કરતી ત્વચાએ પવનતત્ત્વ હોઈ રોમેરોમ અણિઅગ્ર આકારવાળાં છે. આમ, આખા શરીરમાં જે જે માત્રાને ગ્રહણ કરતી તેની સજાતિની તત્ત્વોવાળી બધી જ ઈન્દ્રિયો આગળ જણાવ્યું તે પ્રમાણે અણિઅગ્ર છે એટલે તે ઈન્દ્રિયોના તત્ત્વો અણિઅગ્રવાળા કહેવાય.

**પંચતત્ત્વ ઇંદ્રિ મુખ એહી, ભાલતિલક અણી અગ્ર સનેહી;**
**બાની ચતુર અણી અગ્ર બખાનુ, પરા પશ્યંતિ મધ્યમાહી વૈખરાનુ. ૬૯**

## શબ્દાર્થ

**પંચતત્ત્વ** = પાંચ તત્ત્વોના **ઇંદ્રિ મુખ** = મુખ્ય ઈન્દ્રિયો **એહી** = જે છે તે **ભાલતિલક** = ભાલતિલક સમાન **અણી અગ્ર**

= આગળથી અણિવાળી **સનેહી** = સબંધ, સ્નેહી **બાની ચતુર** = ચાર પ્રકારની વાણી **અણી અગ્ર** = આગળથી અણિયાળી **બખાનુ** = વર્ણન કરવું **પરા** = પરાવાણી **પશ્યંતિ** = પશ્યંતી વાણી **મધ્યમાહી** = મધ્યમા વાણી **વૈખરાનુ** = વૈખરી વાણી.

### અનુવાદ

**આ રીતે મુખ્ય પાંચ તત્ત્વોની મુખ્ય ઈન્દ્રિયો અણિઅગ્રવાળી છે. હવે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારની વાણી કે જે અણિઅગ્રવાળી છે તે વર્ણવું છું.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબની મુખ્ય પાંચ તત્ત્વવાળી મુખ્ય ઈન્દ્રિયો સર્વ ભાલતિલકના જેવી હોઈ અણિઅગ્રવાળી છે. હવે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એમ ચાર પ્રકારની વાણી કે જે અણિઅગ્રવાળી છે તે (વાણી)નું વર્ણન હવે પછી કરવામાં આવે છે.

**પરાહિ શૂન્ય શ્રવણ અનિયારે, પશ્યંતિ ૐકાર અનિરેખ શિર ધારે;**
**ઘડન ઘાટ મધ્યમા અનિ ઉરા, વૈખરી દ્વાર અનિ સ્વરહી સફુરા. ૭૦**

### શબ્દાર્થ

**પરાહિ** = પરાવાણી **શૂન્ય** = શૂન્યરૂપ **શ્રવણ** = શબ્દ **અનિયારે** = અણિવાળો **પશ્યંતિ** = પશ્યંતી વાણી **ૐકાર** = ૐકાર ના જેવો આકાર **અનિરેખ** = અણિવાળી રેખા **શિર ધારે** = માથા પર ધારણ કરે છે **ઘડન** = ઘડે છે **ઘાટ** = ઘાટ-આકાર **મધ્યમા** = મધ્યમા વાણી **અનિ** = અણિ આકારવાળો **ઉરા** = હૃદયમાં **વૈખરી** = વૈખરી વાણી **દ્વાર** = દરવાજો-જવા આવવા માટેનો માર્ગ **અનિ** = અણિ આકારવાળો **સ્વરહી** = ધ્વની-સુર **સફુરા** = સ્ફુરાયમાન થાય છે.

### અનુવાદ

**પરાવાણી શૂન્ય સમાન હોઈ તેનો શબ્દ પણ અણિયાળો હોય છે. પશ્યંતી વાણીના ૐકારમાં તેના માથા ઉપર અણિયુક્ત રેખા ધારણ કરેલી છે. જ્યારે મધ્યમા વાણીથી હૃદયમાં શબ્દોનો ઘાટ અણિયાળો ઘડાય છે અને વૈખરી વાણીથી અણિઅગ્ર આકારે સ્વર (ધ્વનિ) સ્ફુરાયમાન થાય છે.**

### ભાવાર્થ

પરાવાણી શૂન્ય સમાન છે. બ્રહ્મરંધ્રમાંથી ઉદ્‌ભવેલો વાયુ જ્યોતને સ્પર્શે છે. આ વાયુના વહનથી અતિ સૂક્ષ્મ ધ્વનિ ઉત્પન્ન થાય છે જે અણિવાળો હોય છે પછી તે વાયુ નાભિ પ્રદેશમાં થઈને નીકળે એટલે ૐકાર વાળો ધ્વનિ પેદા થાય જેના માથે રેખા અણિવાળી હોય છે. જેને પશ્યંતી વાણી કહેવાય. જેને શબ્દનું મૂળ ઉત્પત્તિ સ્થાન કહેવામાં આવે છે. પછી તે વાયુ હૃદયમાં થઈને નીકળે તેનો ધ્વનિ, શબ્દનો ઘાટ ઘડે છે. તેને મધ્યમા વાણી કહેવામાં આવે છે. તેના ઘાટ

પણ અણિવાળા હોય છે. તે ઘાટ ઘડાયેલાં વાયુ મુખના દ્વારે નીકળે છે. જેનાથી કંઠ, તાલુ, મૂર્ધા, હોઠ, દંત વગેરે ને સ્પર્શી જે અર્થપૂર્ણ શબ્દરૂપ વપરાતી વાણી છે. જેને વૈખરી વાણી કહેવાય છે તે પણ અણિઅગ્રવાળી હોય છે.

**ઘડન ઘાટ મધ્યમા અનિ કેસે, ભયેહુ અક્ષર અનિગત તાઈ તેસે;**
**ત્રિગુણ તંત અણી અગ્ર સમેતી, સૂનહો સંત તીનુ સમજ સચેતી. ૭૧**

### શબ્દાર્થ

**ઘડન** = ઘડે છે **ઘાટ** = આકાર **મધ્યમા** = મધ્યમા વાણી **અનિ** = અણિ **કેસે** = જેવા **ભયેહુ** = થાય છે **અક્ષર** = અક્ષર **અનિગત** = અણિયાળા **તાઈ** = તેનાથી **તેસે** = તે પ્રમાણે **ત્રિગુણ** = ત્રણ ગુણ **તંત** = શરીર **અણી અગ્ર** = આગળથી અણિવાળા **સમેતી** = સહિત **સુનહો** = સાંભળો **સંત** = સંતો **તીનુ** = તેની **સમજ** = સમજ **સચેતી** = સચેત થઈને.

### અનુવાદ

**મધ્યમા વાણીથી જેવા અણિવાળા ઘાટ ઘડાય છે તેવા પ્રકારના અણિવાળા અક્ષરો તેમાંથી થાય છે. હવે ત્રણ ગુણના શરીર સહિત બધું અણિઅગ્રવાળું છે તે વિશેની સમજ હે સંતો ! તમે સચેત થઈને સાંભળો.**

### ભાવાર્થ

મધ્યમા વાણી હ્રદયમાં જે ભાવથી અણિઅગ્રવાળા ઘાટ ઘડે તેવા જ પ્રકારના તેમાંથી અણિવાળા અક્ષરો ઉત્પન્ન થતા હોય છે. કર્તાની રચના અણિઅગ્ર આકારે દૃષ્ટીગોચર થાય છે, જેમાં ત્રણ ગુણોના શરીર સહિત બધું જ અણિઅગ્રવાળુ બનેલું છે તે અંગે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સંતોને સંબોધીને કહે છે કે આ વર્ણન સચેત થઈને શ્રવણ કરવાનું છે.

**પ્રથમ રજો સંબંધહી જેહી સાધે, નૈન કટાક્ષ અણી અગ્ર સનાધે;**
**દ્વિતીયે સતોગુણ સબ સુખપુરી, ગલિત વચન અનિ દોહુ કર જોરી. ૭૨**

### શબ્દાર્થ

**પ્રથમ** = પહેલો **રજો** = રજોગુણ **સંબંધહી** = સંબંધીને **જેહી** = જે પ્રમાણે **સાધે** = જોડે છે **નૈન** = આંખો **કટાક્ષ** = નજર **અણી અગ્ર** = આગળથી અણિયાળી **સનાધે** = સંધાન કરે **દ્વિતીયે** = બીજો **સતોગુણ** = સતોગુણ **સબ** = બધાને **સુખપુરી** = સુખકારી **ગલિત** = બોલે **વચન** = વચન **અનિ** = અણિયાળા **દોહુ** = બે **કર** = હાથ **જોરી** = જોડીને.

### અનુવાદ

**પ્રથમ રજોગુણી સંબંધ જેને જોડવો હોય તે અણિઅગ્રવાળા આંખોથી જ અનુસંધાન કરે છે.**

**બીજો સતોગુણી જે સર્વને સુખ આપનાર છે, તેથી તે બે હાથ જોડીને નમ્રતાપૂર્વક વાણી (વચનો) બોલે છે.**

### ભાવાર્થ

કોઈ સ્ત્રી કે પુરુષ અન્યોન્ય રજોગુણી સંબંધ બાંધવા માગતા હોય તો તે સૌ પ્રથમ રજોગુણી અણિઅગ્રવાળા નયનો (આંખો) વડે એકબીજાને પોતાના મનનો ભાવ પહોંચાડે છે.

જ્યારે સતોગુણી સંબંધ જોડવા માટે વ્યક્તિ બે હાથ જોડીને અણિઅગ્ર રૂપે નમ્રતાપૂર્વકના કોમળ વચનો દ્વારા વાર્તાલાપ કરતો હોય છે, જેનું પરિણામ સદા સુખદાયી હોય છે.

**ત્રિતીયે તમોહી અહંકાર ઉદ્યોતિ, તેહી ગતિ અગ્ર જવાલા અનિ જયોતિ;**
**તિલક ભાલ સમ ત્રિગુણ સનાતુ, તાહીતે સકલ તન ભયે અણિયાતુ. ૭૩**

### શબ્દાર્થ

**ત્રિતીયે** = ત્રીજો **તમોહી** = તમોગુણ **અહંકાર** = અહંકાર(અભિમાનપૂર્વક) **ઉદ્યોતિ** = ધારણ કરે છે **તેહી ગતિ** = તેની સમજ **અગ્ર જવાલા** = આગળની જ્વાળાઓ **અનિ**= અણિવાળી **જયોતિ** = જ્યોતિ, પ્રજ્વલિત અગ્નિ **તિલક ભાલ** = ભાલતિલક **સમ** = સમાન **ત્રિગુણ** = ત્રણ ગુણો **સનાતુ** = સરખો નાતો ધરાવતાં **તાહીતે** = તેનાથી **સકલ** = બધા જ **તન** = શરીર **ભયે** = થયાં **અણિયાતુ** = અણિયાળાં.

### અનુવાદ

**ત્રીજો તમોગુણી ભાવ જ્યારે કોઈ અભિમાનપૂર્વક ધારણ કરે ત્યારે તેની ગતિ પ્રજ્વલિત અગ્નિથી થતી આગની જ્વાળાઓ જેવી અણિયાળી હોય છે. આ રીતે ત્રણે ગુણો ભાલતિલકની જેમ નાતો (સંબંધ) ધરાવતા હોવાથી બધાં શરીરો પણ અણિઅગ્રવાળાં થયાં છે.**

### ભાવાર્થ

ત્રીજો તમોગુણી ભાવ જો કોઈ વ્યક્તિ ધારણ કરે તો તેનો સ્વભાવ અભિમાનવાળો બને છે. તે વખતની સ્થિતિ, પ્રજ્વલિત અગ્નિથી થતી આગની જ્વાળાઓ જેવી અતિ અગ્ર અણિયાળી હોય છે. જે હંમેશા વિનાશકારી હોય છે.

આ પ્રમાણે ત્રણે ગુણોની સ્થિતિ ભાલતિલકની નિશાની સાથે સંબંધ ધરાવતી અણિઅગ્ર ભાગવાળી દશ્યમાન થાય છે. આમ, બધાના શરીરમાં જે જે ગુણો વર્તમાન કરે ત્યારે તે તે ગુણના પ્રભાવવાળો વ્યવહાર થાય, પરંતુ તે સર્વે વ્યવહારમાં ભાલતિલક માફક અણિઅગ્ર આકાર દેખાય છે.

**અંતઃકરણ ચતુર અણિ ભેશા, કરન બોધ ગતિ જુગ ઉપદેશા;**
**ચિત્ત ચિતવન સંકલ્પ મન સારા, ઘડન ઘાટ બુધ તોલત અહંકારા. ૭૪**

### શબ્દાર્થ

**અંતઃકરણ** = અંતઃકરણ **ચતુર** = ચારેય **અણિ** = અણિયુક્ત **ભેશા** = વેશ **કરન બોધ** = બોધ કરવાની **ગતિ** = ગતિ, સમજ **જુગ** = જગતને **ઉપદેશા** = ઉપદેશ કરે **ચિત્ત** =ચિત્ત **ચિતવન** = ચિંતવન કરે **સંકલ્પ** = સંકલ્પ **મન** = મન **સારા** = બધા **ઘડન** = ઘડે **ઘાટ** = ઘાટ **બુધ** = બુદ્ધિ **તોલત** = તોલીને, સારા-સારનો નિર્ણય કરે **અહંકારા** = અહંકાર વડે.

### અનુવાદ

**ચાર અંતઃકરણનો વેશ પણ અણિયાળો છે. તે જગતને ઉપદેશ આપવા માટેની ગતિને સમજાવે છે કે મન સંકલ્પ કરે, બુદ્ધિ ઘાટ ઘડે, જ્યારે સારાસારનો તોલ અહંકાર કરે છે અને ચિત્ત ચિંતવન કરે છે.**

### ભાવાર્થ

ચારેય અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો વેશ અણિઅગ્રવાળો છે. તે અંગેની સમજ પડે તે રીતે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જગતને ઉપદેશ આપતાં જણાવે છે કે - કોઈપણ પ્રવૃત્તિ કરવા માટે સૌ પ્રથમ ચિત્ત અંતઃકરણ દ્વારા ચિત્તવન કરવામાં આવે છે. મન અંતઃકરણ દ્વારા તેનો સંકલ્પ કરવામાં આવે છે. હવે જે સંકલ્પ થયો તેનો ઘાટ ઘડવાનું કાર્ય બુદ્ધિ અંતઃકરણ કરે છે. પછી તે યોગ્ય છે કે કેમ તેના સારાસારનો તોલ કરવાનું કાર્ય અહંકાર અંતઃકરણ કરે છે,

આમ, દરેક અંતઃકરણના ગુણો અણિયુક્ત એકાગ્રતા ધારણ કરેલા હોય ત્યારે જ તે સફળતાપૂર્વક કાર્ય કરી શકે. માટે તે ચારે ચાર અંતઃકરણને અણિઅગ્રતાવાળા કહેવામાં આવ્યાં છે.

**કહહું તાય અણી અગ્ર બખાની, જેહી જાકી ગત્ય મતિ અતિ છાની;**
**સકલ વસ્ત રજ અજ લગી જેહી, પ્રોઇ મન વૃત્તિ અણીઅગ્ર સનેહી. ૭૫**

### શબ્દાર્થ

**કહહું** = કહુ છું **તાય** = તે **અણી અગ્ર** = આગળથી અણિયાળું **બખાની** = વખાણ કરું છું **જેહી** = જેની **જાકી** = જેવી **ગત્ય** = સ્થિતિ **મતિ**= મર્મ **અતિ** = ઘણી **છાની** = ગુપ્ત **સકલ**= બધા **વસ્ત**= પદાર્થરૂપ ઘાટ **રજ અજ** = રજથી માંડીને બ્રહ્મા સુધી **લગી** = સુધીના **જેહી**= જે **પ્રોઇ** = પરોવી છે **મન વૃત્તિ**= મન અંતઃકરણની વૃત્તિ **અણી અગ્ર** = આગળથી અણિવાળી **સનેહી** = સ્નેહપૂર્વક.

### અનુવાદ

**જેની ગતિ અને મતિ ઘણી જ ગુપ્ત રહેલી છે તે અણિઅગ્રવાળી ગતિના વખાણ કરતાં કહુ છું કે નાનામાં નાનાં ઘાટોથી માંડીને બ્રહ્માજી સુધીના તમામ ઘાટોમાં મનની અણિઅગ્રવાળી વૃત્તિ સ્નેહપૂર્વક પરોવેલી છે.**

### ભાવાર્થ

જેની ક્રિયાઓની સમજ ઘણી જ ગુપ્તપણે રહેલી છે એવા અણિઅગ્રવાળા ચાર અંતઃકરણ વખાણ કરવા યોગ્ય છે. કારણ કે વિશ્વમાં નાનામાં નાના કીટ-પતંગના ઘાટોથી માંડીને મહાનમાં મહાન બ્રહ્મા સુધીના તમામ ઘાટોમાં મન અંતઃકરણની અણિઅગ્રવાળી એટલે કે કુશાગ્ર મનોવૃત્તિ પરોવાયેલી છે.

**ત્રિવિધિ રસ્વ સમલિત ઠસ વેદા, ગડેહુ અગ્ર હોઈ લેઈ બુધ ભેદા;**
**સોહી નિજ ભેદ કહેહુ સંસારા, ખટહી શાસ્ત્ર મત પુરાન અઢારા. ૭૬**

### શબ્દાર્થ

**ત્રિવિધિ** = ત્રણ પ્રકાર ત્રિગુણાત્મક **રસ્વ** = માત્રાઓ, રસ્વ ઉને (રકાર મકાર અને ઉકાર) **સમલિત** = સપ્રમાણ ભેળવીને **ઠસ** = ઠસોઠસ **વેદા** = વેદોમાં **ગડેહુ** = ઉપજાવેલું, બનાવેલું **અગ્ર** = અગ્રેસર **હોઈ** = છે, થઈ **લેઈ** = લઈને **બુધ**= બુદ્ધિ **ભેદા** = રહસ્ય, ભેદ **સોહી** = તે **નિજભેદ** = મૂળ મર્મ, રહસ્ય **કહેહુ** = કહે છે **સંસારા** = સંસારમાં **ખટહી** = છ **શાસ્ત્ર** = શાસ્ત્રો. **મત** = સિદ્ધાંત **પુરાન અઢારા** = અઢાર પુરાણ.

### અનુવાદ

**ત્રણ પ્રકારના રસ્વ (ૐકાર) ના હાર્દને ચાર વેદમાં ઠસોઠસ ભરેલો છે. તે નિજ મર્મને સંસારમાં કુશાગ્ર બુદ્ધિથી રહસ્યમય છ શાસ્ત્ર અને અઢાર પુરાણ કહે છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ ચાર વેદમાં પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણી થકી સચરાચર બ્રહ્મ માટે તેમજ ૐકારના ત્રણ રસ્વઉ – રકાર, મકાર અને ઉકારની સમજ અને તેના ગૂઢ (રહસ્યમય ) જ્ઞાનને સપ્રમાણ ઠસોઠસ ભરેલું છે. વેદમાંથી દોહન કરી અતિ વિશેષ કુશાગ્ર (અણિઅગ્ર ભાલતિલકવત્) બુદ્ધિવાળા મહાપુરુષોએ તે નિજ રહસ્ય સંસારના જીવોને કહેવા માટે છ શાસ્ત્ર અને અઢાર પુરાણ સહિતના ધર્મગ્રંથો દ્વારા અલગ અલગ મતો દ્વારા દર્શાવ્યા છે.

**ચિત ચિતવન તન રહતહી ઘેરા, છનત સાર અણી અગ્રન ભેરા;**
**દૃઢ મજબુત હરદેહી અહંકારા, કઢેહુ તોલ કંટહી કસ સારા. ૭૭**

### શબ્દાર્થ

**ચિત** = ચિત અંતઃકરણ **ચિતવન** = ચિંતવન **તન** = શરીર **રહતહી** = રહે છે **ઘેરા** = તરફ, ભણી, બાજુ, ઊંડાણમાં **છનત** = તારવવું **સાર** = હાર્દ **અણી અગ્રન** = અણી અગ્ર સ્વરૂપે **ભેરા** = ભેગું કરવું **દૃઢ** = દઢતાપૂર્વક **મજબુત** = મજબૂત **હરદેહી** = હૃદયમાં **અહંકારા** = અહંકાર અંતઃકરણ **કઢેહુ** = કઢેલાને **તોલ** = તોલીને **કંટહી**= કાંટાની જેમ**કસ** =સત્વ, તત્ત્વ, અર્ક **સારા** = સાર રૂપે.

## અનુવાદ

**શરીરમાં ચિત્ત અંતઃકરણનું ચિંતવન ઘેરુ રહેલું છે. તે અણિઅગ્રવાળી ગતિથી સારને તારવી ને ભેગું કરે છે. તેમજ હૃદયમાં દઢતાપૂર્વક રહેલ અહંકાર અંતઃકરણ તારવીને કાઢેલા ને અણિઅગ્ર કાંટાની માફક તોલ કરે છે.**

## ભાવાર્થ

ચિત અંતઃકરણ કે જેના ચિંતવનનું સ્થાન શરીરમાં અત્યંત ઘેરું-ઊંડું છે. તેની અણિગ્રવાળી ગતિ વડે જ તોલ થયેલા વિચારોનું દોહન કરી ને સાર રૂપ સત્વને તારવીને પોતાના તરફ ભેગાં કરે છે. જેમ વજન માપવાનો અણિઅગ્ર કાંટો વજનની ચોક્કસતા દર્શાવે છે તેમ દઢતાપૂર્વક મજબૂત રહેલા અહંકાર અંતઃકરણ હૃદયમાં તારવીને કઢેલા સારરૂપ સત્વની સારાસારની પરીક્ષા કરી તેનો બરાબર તોલ કરે છે.

**સોહી કંટક અણી અગ્ર સરેખુ, કહેહુ અહંકાર હમ જબી અનિવેખુ;**
**શરીર શોધન સર્વ એહી અનુકર્મુ, તિલક ભાલવત રસ્વગતિ મર્મુ. ૭૮**

## શબ્દાર્થ

**સોહી** = તે **કંટક** = કાંટો (વજન કરવાના સાધનનો) **અણી અગ્ર** = આગળથી અણિયાળું **સરેખુ** = સરખું, એક સમાન **કહેહુ** = કહું છું **અહંકાર** = અહંકાર અંતઃકરણ **હમ** = હું **જબી** = જેથી **અનિવેખુ** = અણિયાળો વેશ **શરીર** = શરીર **સોધન** = શોધ તપાસીને **સર્વ** = બધા જ, તમામ **એહી** = તે મુજબના, આ **અનુકર્મુ** = અનુકુળતાપૂર્વકનાં સર્વે કર્મોનું **તિલક ભાલવત** = ભાલતિલક સમાન **રસ્વગતિ** = ટૂંકી નજર, કેન્દ્રિત થયેલી દષ્ટિ **મર્મુ** = બતાવ્યું છે, રહસ્ય જણાવ્યું છે.

## અનુવાદ

**તે (વજન બતાવતા) કાંટાનો અગ્રભાગ અણિઅગ્ર હોય છે. તેથી જ અહંકાર અંતઃકરણને હું અણિઅગ્ર કહું છું. જે શરીરના આ સર્વે અનુકૂળ રહેલા કર્મોનું સંશોધન ભાલતિલકવત્ કેન્દ્રિત થયેલી દષ્ટી રાખીને તોલ કરે છે.**

## ભાવાર્થ

જેમ વજન કરવાના સાધનમાં વજન દર્શાવતો કાંટો આગળથી અણિવાળો હોય છે, જેથી તે ચોક્કસ વજનના આંકડાને બતાવી શકે છે. તે જ રીતે અહંકાર અંતઃકરણને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે પણ ભાલતિલક સમાન કહ્યું છે. કારણ કે તે અણિઅગ્ર રીતે કેન્દ્રિત થયેલી દષ્ટિથી શરીરને અનુકૂળ એવા કર્મોનું યોગ્ય રીતે સંશોધન કરે છે અને સાર અસારનો નિર્ણય કરીને તેનો તોલ કરે છે.

**દશ અવતાર વિષ્ણુકે ધરે જેહી, અણીઅગ્રેવ તન સકલ સબેહી;**
**કોહુકે પાદુ પાણ્ય કોહુ પુછ મુખા, બિનહુ અગ્ર અનિ નહીં તન રુખા. ૭૯**

### શબ્દાર્થ

**દશ અવતાર** = દસ અવતાર **વિષ્ણુકે** = વિષ્ણુના **ધરે જેહી** = જે ધારણ કર્યા છે તેમાં **અણી અગ્રેવ** = આગળથી અણિયાળું **તન** = શરીર **સકલ સબેહી** = બધાનું **કોહુકે** = કોઈના **પાદુ** = પગ **પાણ્ય** = હાથ **કોહુ** = કોઈનું **પુછ** = પૂંછડી **મુખા** = મુખ **બિનહુ** = વગર **અગ્ર અનિ** = આગળથી અણિ **નહીં** = નથી **તન** = શરીર **રુખા** = બાકી નથી.

### અનુવાદ

**વિષ્ણુએ જે દસ અવતાર ધારણ કર્યા છે તે બધા જ શરીરો અણિઅગ્રવાળા છે. કોઈના હાથપગ, કોઈનું પૂંછડું કે મુખ અણિઅગ્રવાળાં છે. અણિઅગ્ર વગરનું કોઈ શરીર બાકી નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં વિષ્ણુના દસ અવતાર પૈકી જે શરીરો ધારણ કર્યા છે તે દરેકના શરીરની રચના જોઈએ તો કોઈ ને કોઈ અવયવો અણિઅગ્રવાળાં જ ધારણ કરેલાં છે. જેમ કે કોઈ અવતારના હાથ પગ અણિવાળા હતાં તો કોઈ અવતારનું પૂંછડું કે મુખ અણિવાળું છે. આ રીતે એવા કોઈ અવતાર નથી કે જેમાં તેમણે અણિઅગ્રવાળા અવયવ(અંગ) ધારણ ન કર્યાં હોય.

**શેષ સકલ સૃષ્ટિ શિર ધારુ, યાહીકે પૂછ ફની અનિહી આકારુ;**
**જીવ લક્ષ બાવીસ અપ જાતિ, અનિ અગ્રેવ તન સકલ વિજાતિ. ૮૦**

### શબ્દાર્થ

**શેષ** = શેષજી **સકલ** = આખી, સમગ્ર **સૃષ્ટિ** = સૃષ્ટિને **શિર ધારુ** =મસ્તક પર ધારણ કરી છે **યાહીકે** = તેમની **પૂછ** = પૂંછડી **ફની** = ફેણ **આકારુ** = અણિ આકારવાળી છે **જીવ લક્ષ બાવીસ** = બાવીસ લાખ જીવો **અપ જાતિ**= જળ જાતિ, જળમાં રહેતી જાતિ **અનિ અગ્રેવ** = આગળ અણિયાળું **તન** = શરીર **સકલ** = બધી જ **વિજાતિ** = ભિન્ન ભિન્ન જાતિ, વિવિધ જાતિ.

### અનુવાદ

**સમગ્ર સૃષ્ટિને શિર પર ધારણ કરનાર શેષજીની પૂંછ અને ફેણ અણિ આકારે છે. બાવીસ લાખ જળચર જાતિનાં દરેક જીવોના શરીર ભિન્ન ભિન્ન હોવા છતાં બધા જ અણિયાળાં છે.**

### ભાવાર્થ

૭ મહાદેવો પૈકીના એક દેવ શેષજી છે કે જેમણે સમગ્ર સૃષ્ટિને પોતાના શિર પર ધારણ કરેલી છે. તે શેષજીની પૂંછડી અને ફેણ પણ અણિઅગ્રવાળી છે.

ચોરાસી લાખ પ્રકારના વિવિધ ઘાટો પૈકી બાવીસ લાખ પ્રકારના જળચર જાતિના વિવિધ ઘાટો છે, જેમાં ઓગણીસ લાખ જળચર જે જળમાં જ રહે છે, અને ત્રણ લાખ જળચર જીવો પૃથ્વી પર ચારો ચરીને જળમાં પાછાં જાય છે. તેવા કુલ બાવીસ લાખ ભિન્ન ભિન્ન શરીરો હોવા છતાં તે

તમામ શરીર અણિયાળાં છે.

**પંચ ચતુર કુલ નાગ નરેશુ, મુછ પુછ અનીઅગ્ર સરેસુ;**
**પર્વત કુલ અષ્ટાંગ અનુપા, ભાલતિલક અનીઅગ્ર નિરુપા. ૮૧**

## શબ્દાર્થ

**પંચ ચતુર** = નવ(૯) **કુલ** = કુળ **નાગ** = નાગ **નરેશું** = રાજા **મુછ** = મૂંછ **પુછ** = પૂંછડી **અનીઅગ્ર** = આગળથી અણિવાળું **સરેસુ**= સારુ, સુશોભિત, સરસ **પર્વત** =પર્વત **કુલ અષ્ટાંગ** = આઠ અંગોવાળા **અનુપા** = અનુપમ **ભાલતિલક** = ભાલતિલક સમાન **અનિઅગ્ર** = આગળથી અણિયાળાં **નિરુપા** = નિરૂપણ કરેલું.

## અનુવાદ

**નવકુળ નાગના રાજાનાં (શેષનાગના) મૂંછ અને પૂંછ અણિઅગ્રયાળા સુશોભિત છે. ઉપમા ન આપી શકાય તેવા આઠ પ્રકારના પર્વતો પણ ભાલતિલક જેવા અણિઅગ્રયાળા છે.**

## ભાવાર્થ

પૃથ્વીના પેટાળમાં આવેલા ચૌદ લોક પૈકી શેષલોકમાં રહેતા નવકુળ નાગની આદ્ય લઈ તેના રાજા શેષ નારાયણનાં મૂંછ અને પૂંછ પણ અણિઅગ્ર છે.

જેની ઉપમા ન આપી શકાય તેવા આઠ પર્વતો ( હિમાલય, હેમકૂટ, નિષધ, ગંધમાદન, નીલ, શ્વેત, શૃંગવાન અને માલ્યવાન) પણ ભાલતિલક જેવા અણિઅગ્રવાળા છે. તેમજ ગિરિ, અગ,નગ, ધરાધર, શૈલ, અદ્રિ, શિખરી અને શ્રૃંગી - આ બધાં પર્વતોનો આકાર અણિઅગ્રવાળો છે.

**પશુ પંખી ઓરુ કીટ પતંગા, અનીઅગ્રેવ તન સકલ ઉતંગા;**
**કોહુકી ચંચ પર કાહુ કર પાદુ, કોહુ સીંગ પુછ અનીઅગ્ર અનાદુ. ૮૨**

## શબ્દાર્થ

**પશુ**= જાનવર **પંખી** = પક્ષીઓ **ઓરુ** = અને **કીટ** = જીવાણું, જંતુ **પતંગા** = ફુદાં-પતંગિયાં **અનીઅગ્રેવ** = આગળથી અણિયાળું **તન** = શરીર **સકલ** = બધાં જ **ઉતંગા** = ઉત્તમ, શ્રેષ્ઠ, વિશેષ **કોહુકી** = કોઈની **ચંચ** = ચાંચ **પર** = પાંખ **કાહુ** = કોઈનું **કર** = હાથ **પાદુ**= પગ **કોહુ** = કોઈનું **સીંગ** = શિંગડા **પુછ** = પૂંછડા **અનીઅગ્ર** = આગળથી અણિવાળું **અનાદુ** = અનાદિથી.

## અનુવાદ

**જાનવર, પક્ષી, જંતુ અને પતંગિયાં સહિત બધાંના શરીર વિશેષ અણિવાળાં છે, કોઈની ચાંચ અને પાંખ તો કોઈના હાથ અને પગ, કોઈના શિંગડાં અને પૂંછડી વગેરે અનાદિથી જ અણિઅગ્ર છે.**

### ભાવાર્થ

સૃષ્ટિમાં ચોરાસી લાખ પ્રકારના ઘાટ પૈકી દસ લાખ કીટ જાતિ અને સાત લાખ પશુ જાતિ પૃથ્વી પર રહે છે. નવ લાખ પતંગ જાતિ આકાશમાં ઊડે અને પૃથ્વી પર પરત આવીને રહે છે. ત્રણ લાખ પતંગ જાતિ પૃથ્વી પર અલ્પ રહે અને આકાશમાં જ રહે છે અને બે લાખ પતંગ જાતિ માત્ર આકાશમાં જ રહે છે, પરંતુ પૃથ્વી પર કદિ આવતાં નથી. એ બધા મળીને અઠ્ઠાવીસ લાખ પ્રકારનાં ઘાટ (શરીર) અણિઅગ્ર છે. તેમાં કોઈની ચાંચ, કોઈની પાંખ તો કોઈના હાથ-પગ તો વળી કોઈનાં શિંગડાં અને કોઈની પૂંછડી અનાદિથી જ અણિઅગ્ર છે.

**રુદ્રહી બાણ એકાદશ લિંગુ, ભાલતિલક અનીઅગ્ર ઉતંગુ;**
**શકિત સકલ સંસાર સરાંની, અણી અલંકાર શિર ધર નિશાની. ૮૩**

### શબ્દાર્થ

**રુદ્રહી** = શિવજીના **બાણ** = બાણ **એકાદશ** = અગિયાર **લિંગુ** = લિંગ, મહાદેવની પિંડી **ભાલતિલક** = ભાલતિલક સમાન **અનીઅગ્ર** = આગળથી અણિવાળું **ઉતંગુ** = વિશેષ **શકિત** = શકિત (સ્ત્રી) **સકલ**= બધાય **સંસાર**= સંસારમાં **સરાંની** = વખાણ કર્યા છે **અણી** = અણિયાળાં **અલંકાર** = ઘરેણાં **શિર ધર** = માથા પર ધારણ કરેલા **નિશાની** = ચિહ્ન.

### અનુવાદ

**શિવજીના અગિયાર રુદ્રના બાણ અને લિંગ વિશેષ ભાલતિલક જેવાં અણિઅગ્ર છે. સંસાર જેની સરાહના કરે છે તે સ્ત્રી જાતિના માથા પર ધારણ કરેલાં આભૂષણ પણ અણિયાળાં છે.**

### ભાવાર્થ

સૃષ્ટિમાં તમોગુણના અધિષ્ઠાન મહાદેવના બાણ-નદીનાં અંડાકૃતિવાળો પથ્થરને પંદર વખત વજન કરતાં જો વજન સરખું ન થાય અને બદલાયા કરે તેવા લિંગને બાણ (રુદ્ર) કહેવામાં આવે છે. જે નીચે મુજબ છે — શંભુ, પિનાકી, ગિરીશ, સ્થાણુ, ભર્ગ, ભવ, સદાશિવ, શિવ, હર, શર્વ અને કપાલી. વળી શિવજીના બાણ (પિંડી)ને અગિયાર સ્વરૂપોથી પૂજવામાં આવે છે. જેને શંકરનું લિંગ પણ કહેવામાં આવે છે. બાર જ્યોતિર્લિંગ - સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાળેશ્વર, ઓમકારેશ્વર, કેદારનાથ, ભીમાશંકર, કાશી વિશ્વનાથ, ત્ર્યંબકેશ્વર, વૈદ્યનાથં, નાગેશ્વર, રામેશ્વરમ અને ઘૃષ્ણેશ્વર. આ ઉપરાંત ગોમતેશ્વર, નાગનાથ, નાગનાયેશ અને વામેશ્વર લિંગ પણ ધાર્મિક સ્થળ તરીકે પ્રચલિત છે. આ બધા જ્યોતિર્લિંગનો આકાર ભાલતિલક જેવો અણિયાળો છે.

સંસાર જેની અહર્નિશ સરાહના કરે છે, તે સ્ત્રી જાતિ માયાનું સ્વરૂપ છે. જેનું કામદેવયુક્ત રજોગુણી શરીર છે. તે શરીરના આભૂષણ યુકત સ્ત્રીત્વનાં ચિહ્નો (અવયવો ) અને ધારણ કરેલા ઘરેણાં પણ અણિયાળાં હોય છે.

**ભ્રકૃટિ નૈન નાશા અની અગ્રુ, વેધે સકલ કામી કુલ નગરુ;**
**દેવ સકલકે દેવલ અવનિકે, ભાલતિલકવત્ અગ્ર અનીકે. ૮૪**

### શબ્દાર્થ

**ભ્રકૃટિ** = ભ્રમર **નૈન** = આંખ **નાશા** = નાક **અની અગ્રુ** = અણિયાળું છે **વેધે** = વીંધે, છીદ્ર પાડે **સકલ** = બધા, પૂર્ણ **કામી** = કામનાયુક્ત, વિષયાસક્ત **કુલ** = બધા **નગરુ** = બેશરમ, નૂગરા **દેવ**= દેવતાઓ **સકલકે** = બધાના **દેવલ** = દેવળ, મંદિર **અવનિકે** = પૃથ્વી પરના **ભાલતિલકવત્** = ભાલતિલક સમાન **અગ્ર અનિકે** = આગળથી અણિયાળા.

### અનુવાદ

**તમામ કામી (કામાંધ) નૂગરાના હૃદયને વીંધે તેવી સ્ત્રીની ભ્રમર, આંખો અને નાક પણ અણિયાળાં હોય છે. પૃથ્વી પરના દેવોના દેવાલયો પણ ભાલતિલક જેવા અણિઅગ્ર હોય છે.**

### ભાવાર્થ

જેમણે ગુરુનું શરણ સ્વીકાર્યું નથી તેવા શરમ વગરના નુગરા અને પૂર્ણ રજોગુણી એવા કામાંધ પુરુષોના હૃદય કામનાઓથી ભરેલા હોય છે. તેવા રજોગુણી હૃદયને વીંધવાનું કામ કરતાં સ્ત્રી જાતિનાં બાહ્ય અંગો જેવાં કે ભ્રકુટી(ભ્રમરો) આંખો અને નાક વિગેરે પણ અણિયાળાં હોય છે

વળી, પૃથ્વી પર નિર્માણ પામેલાં સર્વ દેવોના ગગનચુંબી દેવાલયો અણિઅગ્રવાળાં હોઈ ભાલતિલક નિશાની સમાન દેખાય છે.

**શસ્ત્ર સકલ બહુ વિધિ મતમતકે, કીરખી રાછ ક્ષત્રી નરપતકે;**
**અની અગ્રેવ કર સકલ ધરનકુ, તુપ્ત બંધુ અની કરન ધરનકુ. ૮૫**

### શબ્દાર્થ

**શસ્ત્ર** = શસ્ત્ર, હથિયાર **સકલ** = બધા **બહુવિધિ** = વિધવિધ પ્રકારના **મતમતકે** = જુદાજુદા **કીરખી** = ખેડૂત **રાછ** = ઓજાર **ક્ષત્રી** = ક્ષત્રિય, રજપૂત **નરપતકે**= રાજાઓના **અની અગ્રેવ**= આગળથી અણિયાળાં **કર** = હાથમાં **સકલ** = બધા **ધરનકુ** = ધારણ કરવા યોગ્ય **તુપ્ત** = સંતોષપૂર્ણ **બંધુ** = ભાઈ, સગા મિત્ર **અની કરન** = અણિયાળાં **ઘરનકુ** = ધારણ કરે છે.

### અનુવાદ

**ખેડૂતના ઓજાર અને રજપૂત રાજાઓના હથિયારો ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે. જેને તેઓ બંધુ માનીને હાથમાં ધારણ કરે છે અને સંતોષ અનુભવે છે. આવા બધા જ હથિયારો અણિઅગ્ર હોય છે.**

### ભાવાર્થ

ધરતીપુત્ર કહેવાતા ખેડૂતો પોતાના ખેતીકામ માટે ઘણા પ્રકારના ઓજારો રાખે છે. રાષ્ટ્ર

ભક્ત એવા રાજપૂત રાજાઓ (ક્ષત્રિયો) પણ રાજ્યને અને રૈયતને સલામત રાખવા માટે અને શત્રુ પર આક્રમણ કરવા તથા પોતાના રાજ્યનુ રક્ષણ કરવાના આશયથી જુદાં જુદાં પ્રકારના ઘણાં શસ્ત્રો રાખતા હોય છે. આ પ્રમાણે ખેડૂતના ઓજારો અને રાજાઓના હથિયારો પોતપોતાના કાર્યો અને ફરજો સંતોષપૂર્વક પૂર્ણ કરવા અને જવાબદારી નિભાવવા મદદરૂપ થતા હોવાથી તેને (હથિયારોને) બંધુ ગણીને પોતાની સાથે જ રાખે છે. જે સઘળાં હથિયારો અણિઅગ્રવત્ જ હોય છે.

**દેવ સકલ શશી સુર ઉડઘનહી, અની અગ્રેવ કીરણી સર્વ તનહી;**
**નિગમ ચતુર ચુરચુર સ્વર સુરતી, અણિઅગ્રેવ વ્યાકરણ રુચા ફુરતી. ૮૬**

## શબ્દાર્થ

**દેવ** = દેવતાઓ **સકલ** = બધા **શશી** = ચંદ્ર **સુર** = સૂર્ય **ઉડઘનહી** = તારાઓ **અનીઅગ્રેવ** = આગળથી અણિયાળું **કીરણી** = કિરણ **સર્વ** = બધાના **તનહી** = શરીરોમાંથી નીકળતા **નિગમ** = વેદ **ચતુર** = ચાર **ચુરચુર** = ચૂરેચૂરા કરીને **સ્વર** = સ્વરના, પ્રણવના (વાણી વિલાસના) **સુરતી** = શ્રૃતિ રૂપે **અણી અગ્રેવ** = અણિયાળા **વ્યાકરણ** = વ્યાકરણ યુક્ત **રુચા** = ઋચાઓ, વેદમંત્રો **ફુરતી** = સ્ફુરાયમાન કરી છે, બનાવી, રચી છે.

## અનુવાદ

**સૂર્ય, ચંદ્ર, તારા સહિતના સઘળા દેવોના શરીરમાંથી નીકળતાં કિરણો અણિયાળાં હોય છે. બ્રહ્માએ પોતાની વાણીથી શ્રુતિરૂપે ચાર વેદની રચનામાં કરેલી વ્યાકરણ યુક્ત ઋચાઓ (વેદમંત્રો) અણિઅગ્ર છે.**

## ભાવાર્થ

અંતરિક્ષમાં રહેતા દેવતાઓ પૈકીના ચંદ્ર, સૂર્ય અને નવલખ તારાઓ સહિત સર્વે દૈવી શરીરોમાંથી નીકળતા પ્રકાશના કિરણો પણ અણિયાળા છે. તેમજ બ્રહ્માએ વાણીનો વિલાસ કરીને શ્રુતિ સ્વરૂપે ચાર વેદની રચના કરી છે. તેવા વેદની વ્યાકરણમય (વ્યાકરણ = ભાષાને નિયમમાં રાખી વિકાર પામતી અટકાવતું તથા જેનાથી શબ્દોનું સ્પષ્ટીકરણ થાય તેવું શાસ્ત્ર) ઋચાઓ (વેદમંત્રો) અણિયાળી છે. (સંસ્કૃત ભાષાના શબ્દોના ઉચ્ચાર સામાન્ય માણસ માટે અઘરા છે. એટલે શુદ્ધ ઉચ્ચાર કરવા માટે તેનો અભ્યાસ કરવો પડે. વેદની ઋચાઓના ઉચ્ચાર પ્રણવની ગતિ સાથે અભ્યાસ દ્વારા કરવો પડતો હોય છે. આપણે વેદ મંત્ર બોલનાર ઘણા વેદ વક્તા બ્રાહ્મણોને વેદ મંત્રના ઉચ્ચાર સાથે હાથ હલાવતા જોઈએ છીએ. તેના મતલબ વેદ મંત્રો સાથે પ્રણવની ગતિ દર્શાવવાનો છે. ઉપરની ચોપાઈમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે સ્વરને પ્રણવ ચૂરેચૂરા કરવાની જે વાત લખી છે તેનો મતલબ ઉપર મુજબ થાય છે.)

**પ્રણવ ચાપ રસના કર ઠાંની, નિગમ વાણ્ય અણિ કર્ણ વેધાંની;**
**એહી અભિપ્રાય કહેહુ સુનો સંતુ, સકલ જીવ કયૌ ભયે અણી તંતુ. ૮૭**

### શબ્દાર્થ

**પ્રણવ** = પ્રણવ રૂપ **ચાપ** = ધનુષ્ય **રસના** = જિહ્‌વા રૂપ **કર** = હાથથી **ઠાંની** = પકડેલ છે **નિગમ** = વેદ **વાણ્ય** = વાણી **અણિ** = અણિથી **કર્ણ** = કાન **વેધાંની** = વીંધાય છે **એહી** = તે **અભિપ્રાય** = ઈરાદો, મત, સારાંશ, આશય, ઉદેશ **કહેહુ** = કહુ છું **સુનો** = સાંભળો **સંતુ** = સંતો **સકલ** = બધા **જીવ** = જીવોની **કયૌ** = કેમ **ભયે** = થઈ **અણી** = અણિયાળા **તંતુ** = શરીર, દેહ.

### અનુવાદ

**પ્રણવરૂપ ધનુષ્યને જિહ્‌વા રૂપ હાથથી પકડીને અણીઅગ્ર વેદ વાણીથી (જીવોના) કાન વીંધાય છે. હવે બધા જ જીવોના શરીરો અણિવાળા કેમ થયા તેનું તાત્પર્ય કહું છું તે હે સંતો! સાંભળો.**

### ભાવાર્થ

વિશ્વમાં સચરાચર વ્યાપક નિર્ગુણ બ્રહ્મના (પ્રકાશબ્રહ્મવૃત્તિના) ત્રણ મહાતત્ત્વોના અલ્પ સ્વરૂપે પિંડમાં પ્રણવનું સ્વરૂપ છે. તે પ્રણવથી શબ્દની રચના થાય છે. તે શબ્દનું મુખ દ્વારા ઉચ્ચારણ થતાં કાનથી સંભળાય છે. આ બાબતને દૃષ્ટાંત રૂપે સમજાવતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે પ્રણવરૂપ ધનુષ્ય ઉપર વેદની ઋચારૂપ વાણીને જિહ્‌વા રૂપી હાથ વડે પકડીને છોડવામાં આવે તો તે વાણી કાનને વીંધે (કાનમાં પ્રવેશ કરે) છે. આ રીતે વીંધવાનું કામ અણિઅગ્રવાળો ભાગ કરે છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સંતોને સમજાવતાં જણાવે છે કે ચાર પ્રકારની ખાણો દ્વારા ઉપજેલા ચોરાસી (૮૪) લાખ પ્રકારના બધા જ શરીરો વંશ પરંપરાગત અણિઅગ્રવાળા કેમ થયા? તેનું તાત્પર્ય હવે સાંભળો.

**નિજ કૈવલસે સકલ જબ ભયેવું, અણી અગ્રેવ અંકુર ઉત્પયેવું;**
**અણી અંકુર આયેહુ ઈત ધરસે, ફેરી અણી કરત જાવન ઉત ઘરસે. ૮૮**

### શબ્દાર્થ

**નિજ** = પોતે, સ્વયં **કૈવલસે** = કૈવલકર્તાથી **સકલ** = બધું જ **જબ** = જ્યારે **ભયેવું** = થયું **અણી અગ્રેવ** = આગળથી અણિયાળુ **અંકુર** = અંકુર **ઉત્પયેવું** = ઉત્પન્ન કર્યું **અણી** = અણિયાળું **અંકુર** = અંકુર, અંશ **આયેહુ** = આવ્યા **ઈત** = તે, અહીં, બ્રહ્માંડમાં **ધરસે** = પ્રથમથી **ફેરી** = પાછા **અણી** = અણિયાળું **કરત** = કરીને **જાવન** = જવાય **ઉત** = તે, ત્યાં, કૈવલધામમાં **ઘરસે** = ઘરે

### અનુવાદ

**નિજ કૈવલ કર્તાએ જ્યારે બધું રચ્યું ત્યારે અણિઅગ્ર અંકુરો ઉત્પન્ન કર્યાં છે. પ્રથમથી જ**

**અંકુરો અણિઅગ્રવત્ આ બાજુ (બ્રહ્માંડમાં) આવ્યા છે. તે અંકુરો અણિઅગ્ર સ્વરૂપે થાય તો જ પાછા તે ઘરે (કૈવલધામમાં) જઈ શકશે.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહાર નિજ કૈવલ કર્તા દ્વારા આ સઘળી રચનાનું સર્જન અણિઅગ્ર સ્વરૂપે કરવામાં આવ્યું છે. તેનો પ્રસારો ચિદાકાર બ્રહ્મભૂમિકામાં જ કરેલો છે. તે સઘળી જડ રચનાને સચેતન કરવા પોતાની સજાતિના ચૈતન અંશોને અણિઅગ્ર આકારે અંકુરિત કરીને બ્રહ્માંડમાં મોકલ્યા. એટલે કે કૈવલધામમાંથી ચૈતન અંશો જ્યારે બ્રહ્માંડમાં આવ્યા ત્યારે અણિઅગ્ર આકારે અંકુરિત થઈને બ્રહ્મભૂમિકામાં પ્રવેશ્યા હતા. હવે જો તે અંશોને પાછા પોતાના મૂળ ઘર - કૈવલધામમાં જવું હોય તો જે સ્વરૂપે આવ્યા હતા તે જ સ્વરૂપે (અણિઅગ્ર સ્વરૂપે) થઈને જ પાછા જઈ શકશે. આ સઘળી અણિઅગ્ર રચના કરવા પાછળ સર્જનહારનો એક ગર્ભિત મર્મ છે. જ્યારે આપણી દૃષ્ટિ દરેક રચના ઉપર પડે ત્યારે બધું જ અણિયાળું બનાવેલું દેખાય છે, જેથી યાદ આવે કે આપણે પણ એ જ (અણિઅગ્ર) સ્વરૂપે આવ્યા છીએ અને પાછા પણ એ જ સ્વરૂપે થવાનું છે.

**વિશ્વ સકલ તન સર્વ અણી આસે, નિજ ચૈતન ગત સહેજ પ્રકાશે;**
**કૈવલ પદ સરભર ઠસ દેશા, ભયેહુ અગ્રતાહી કરન પ્રવેશા. ૮૯**

### શબ્દાર્થ

**વિશ્વ** = વિશ્વ **સકલ** = સઘળું, સમગ્ર **તન** = ઘાટ, રચના **સર્વ** = બધા જ **અણી** = અણિ **આસે** = આશય **નિજ ચૈતન** = નિજ ચૈતનની **ગત** = ગતિ **સેહેજ** = સહેજાસહેજ **પ્રકાશે** = પ્રકાશિત થઈ **કૈવલ પદ** = કૈવલ કર્તાનું કૈવલધામ **સરભર** = સંપૂર્ણ, સભરાભર **ઠસ** = ઠાંસી ઠાંસીને **દેશા** = દિશાઓમાં **ભયેહુ** = બનાવ્યા **અગ્રતાહી** = તેથી જ અણિવાળા **કરન** = કરી શક્યા **પ્રવેશા** = પ્રવેશ.

### અનુવાદ

**નિજ ચૈતનની ગતિ સહેજાસહેજ સમજાય તે આશયથી જ વિશ્વના સર્વે દેહમાં અણિઅગ્ર નિશાની મૂકી છે. કૈવલ કર્તાનો પ્રકાશ દશે દિશાઓમાં ઠસોઠસ ભરેલો હોઈ અણિઅગ્રવાળા થવાથી જ તેમાં(અંકુર) પ્રવેશ કરી શક્યા છે.**

### ભાવાર્થ

સર્જનહાર બ્રહ્માંડની મધ્યે બિરાજમાન છે, અને તેમનો બ્રહ્મપ્રકાશનો તેજપૂંજ દશે દિશાઓમાં (સર્વત્ર) સંપૂર્ણ પ્રસરેલો છે. બ્રહ્મભૂમિકામાં વૃદ્ધિ પામેલી સઘળી રચના તેમના મહદ ચૈતન અંશના પ્રભાવથી પ્રકાશ પામેલી છે. અર્થાત્ સર્જનહારે અંશના નિજજાણ સ્વરૂપના આભાસ વડે જ સર્વ રચનાને ચેતનવંતી કરી છે. પોતાના નિજજાણ સ્વરૂપ અંશને કૈવલધામમાંથી જ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે બનાવ્યા છે, જેથી તે સરળતાથી બ્રહ્માંડમાં પ્રવેશ કરી શકે. વિશ્વમાં સર્વે દેહધારીને

અણિઅગ્રતાનો આશય સમજાય તે માટે વિશ્વનિયંતાએ બ્રહ્માંડમાં જે કાંઈ સર્જન કર્યું તે બધું જ અણિઅગ્રતાને પ્રાધાન્યતા આપીને રચ્યું છે.

**જયૌ નરપત દ્વારેહી સર્વ દીના, જોડહી પાણ્ય અણી અગ્ર આધીના;**
**ત્યૌ કેવલ નરપતહી જીવનકુ, અણી અગ્રેવ સ્તૂતિ સર્વ તનકુ. ૯૦**

### શબ્દાર્થ

**જયૌ** = જેમ **નરપત** = રાજાના **દ્વારે હી** = દ્વાર ઉપર **સર્વ** = બધા જ **દીના** = ગરીબ, દીન **જોડહી** = જોડીને **પાણ્ય** = હાથ **અણી અગ્ર** =અણી અગ્ર રૂપે **આધીના** = આધીન થાય છે **ત્યૌ** = તેવી જ રીતે **કેવલ** = કેવલ કર્તા **નરપતહી** = રાજાધિરાજ **જીવનકુ** = બધા જ જીવોને **અણી અગ્રેવ** = અણી અગ્રતાપૂર્વકની **સ્તૂતિ** = સ્તુતિ **સર્વ** = બધા જ **તનકુ** = પોતાના ચૈતન સ્વરૂપને, ઘાટને.

### અનુવાદ

**જેવી રીતે રાજાના દ્વારે યાચક અણિઅગ્રવાળા હાથ જોડીને આધીન થાય છે, તેવી જ રીતે બધા જીવોએ અણિઅગ્રવત્ ચૈતન સ્વરૂપે થઈને રાજાધિરાજ કેવલ કર્તાની સ્તુતિ કરવી જોઈએ.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અહીં ઉત્તમ ઉદાહરણ આપીને દર્શાવ્યું છે કે જેવી રીતે રાજાના દ્વારે કોઈપણ યાચક યાચના કરવા જાય ત્યારે તે ખૂબ જ નમ્રતાપૂર્વક હાથ જોડીને ઊભો રહે છે. જ્યારે તે અણિઅગ્રવત્ હાથ જોડીને વિનમ્રતા દર્શાવે ત્યારે જ રાજા તેની પર દયા કરે છે.

તેવી જ રીતે આપણે સૌએ પણ દીન-હીન બની અંશ ભાવે ખૂબ જ નમ્રતા અને વિવેકપૂર્વક આરત ધારણ કરી અણિઅગ્રવત્ થઈ સર્જનહાર કેવલકર્તાની સ્તુતિ કરવી જોઈએ. કેવલ કર્તા તો કરુણેશ હોઈ ચૈતનભાવે કરેલી સ્તુતિનો સ્વીકાર કરી પરમપદનું દાન આપે છે.

**જેસેહી ભોમ સજડ સંલારી, ગડત ખીલ અણી અગ્ર આકારી;**
**યૌ કેવલહી પોમી પરિપુરા, ગડત આસ જીવ અણી અંકુરા. ૯૧**

### શબ્દાર્થ

**જેસેહી** = જેવી રીતે **ભોમ** = પૃથ્વી, ભૂમિ, શિલા, પથ્થરની લાંબી છાંટ **સજડ** = સખત, સજ્જડ **સંલારી** = સલ્યાનો ઘડનાર, સલાટ, શિલ્પકાર **ગડત** = ઘડે છે **ખીલ** = ખીલા જેવું સાધન, છીણી, ટાંકણું **અણી અગ્ર** = અણી અગ્ર **આકારી** = આકારવાળું **યૌ** = તેવી જ રીતે **કેવલહી** = કૈવલ કર્તા એ **પોમી** = પૃથ્વી **પરિપુરા** = પરિપૂર્ણ **ગડત** = ઘડેલો છે **આસ** = ઈચ્છા મુજબ **જીવ** = ઘાટ **અણિ અંકુરા** = અણિયાળા અંકુરો વડે.

## અનુવાદ

**જેવી રીતે સલાટ સજ્જડ ભૂમિમાંથી ટાંકણા વડે અણિઅગ્ર આકાર બનાવે છે. તેમ કૈવલરૂપ પરિપૂર્ણ ભૂમિમાંથી કૈવલકર્તાએ પોતાની ઈચ્છા મુજબ અણિઅગ્ર જીવ અંકુર ઘડ્યા છે.**

## ભાવાર્થ

વિશ્વમાં જેમ પૃથ્વીના પેટાળમાંથી નીકળતી સજ્જડ પથ્થરની લાંબી પહોળી છાટમાંથી શિલ્પકાર ટાંકણા વડે પોતાની પસંદગી મુજબ અણિઅગ્ર આકારવાળા વિવિધ સ્વરૂપો ઘડે છે. તેમ ખુદ કૈવલકર્તારૂપ પરિપૂર્ણ ભૂમિમાંથી તેમની ઈચ્છા મુજબ તેમને પોતે જ અણિઅગ્ર આકારવાળા જીવ અંકુરો (અંશો) ઘડ્યા છે.

**આપહી આપ ગડહી નહીં કીલા, ત્યૌ જીવ મોક્ષહી લહત ન એકીલા;**
**ગાડેહુ કીલ પુરુષ જમી ગડ હી, યૌ સતગુરુસે કૈવલ જીવ ભડહી. ૯૨**

## શબ્દાર્થ

**આપહી આપ** = પોતાની જાતે જ **ગડહી** = ઘડવાનું કામ, શિલ્પકામ **નહીં કીલા** = છીણી, ટાંકણું કે ખીલો કરી શકતો નથી **ત્યૌ** = તેવી રીતે **જીવ** = અંશ **મોક્ષહી** = મોક્ષને **લહત** = પ્રાપ્ત કરી શકતો **ન** = નથી **એકીલા** = પોતાની જાતે, એકલા **ગાડેહુ** = ઘડે છે **કીલ** = છીણી, ટાંકણું **પુરુષ** = (અન્ય) પુરુષ **જમી ગડ હી** = જેમ કંડારે છે **યૌ** = તેવી જ રીતે **સતગુરુસે** = સતગુરુ થકી જ **કૈવલ** = કૈવલ કર્તામાં **જીવ** = અંશ **ભડહી** = ભળી શકે છે મળી શકે છે.

## અનુવાદ

**જેમ ટાંકણું પોતાની જાતે જ કશું ઘડી શકતું નથી, પરંતુ કોઈ શિલ્પકાર થકી જ મૂર્તિ ઘડાય છે. તેમ એકલો જીવ પોતાની જાતે મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી, પરંતુ સદ્‌ગુરુ થકી જ જીવ કૈવલ (ધામ)માં જઈ ભળી શકે.**

## ભાવાર્થ

જેમ કોઈ અણિઅગ્રવાળું હથિયાર પોતાની ઈચ્છાથી શિલામાંથી અણિઅગ્ર સ્વરૂપ ઘડી શકતું નથી. તેવી જ રીતે અંશ ઈચ્છા કરે કે તેને પરમ મોક્ષ પ્રાપ્ત કરવો છે, પરંતુ તે પોતાની જાતે મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. જો કોઈ અનુભવી અને કુશળ શિલ્પકાર હથિયાર વડે પોતાની ઈચ્છા મુજબની પથ્થરની છાંટમાંથી બિન જરૂરી ભાગ દૂર કરી અસલ અણિઅગ્ર આકારવાળું સ્વરૂપ બનાવે છે. તેમ સમર્થ સદ્‌ગુરુ અંશ ઉપર લાગેલા બિનજરૂરી માયાના અને દેહના આવરણો પોતાના જ્ઞાન રૂપી હથિયારથી દૂર કરી અસલ અણુ અગ્ર અંકુરિત સ્વરૂપે બનાવે છે. ત્યાર પછી જ અણિઅગ્ર અંકુરિત થયેલ તે ચૈતન અંશને ગુરુદેવ કૃપા થકી જ કૈવલધામમાં મોકલી ત્યાં બિરાજમાન કૈવલ કર્તાની સાથે મેળાપ કરાવે છે.

**તાહિતે સકલ સતગુરુ કરો ખોજા, બિનહુ મોક્ષ વૃથા કયૌ ખુવો રોજા;**
**હો સતગુરુ સામ્રથ જગમાંહી, તેહુ તોલના સરભર કોહુ નાહી. ૯૩**

### શબ્દાર્થ

**તાહિતે** = તેટલા માટે જ **સકલ** = બધા **સતગુરુ** = સતગુરુની **કરો ખોજા** = શોધ કરો **બિનહુ મોક્ષ** = મોક્ષ પ્રાપ્તિ વગર **વૃથા** = વ્યર્થ **કયૌ** = શા માટે **ખુવો** = ગુમાવો છો, ખોવો છો **રોજા** = પવિત્ર દિવસો **હો** = હોય તો **સતગુરુ** = સતગુરુ **સામ્રથ** = સમર્થ **જગમાંહી** = જગમાં, વિશ્વમાં **તેહુ** = તેમની **તોલના** = તુલના **સરભર** = જરાપણ, બરાબરી રૂપે, સરખા **કોહુનાહી** = કોઈ છે જ નહીં.

### અનુવાદ

**મોક્ષની પ્રાપ્તિ વગર શા માટે પવિત્ર દિવસો ગુમાવો છો ? વિશ્વમાં સદ્‌ગુરુ જ સમર્થ છે. તેમના બરાબર કોઈ જ નથી માટે જગતમાં સદ્‌ગુરુની શોધ કરો.**

### ભાવાર્થ

જગતમાં ગુરુની પદવી ધારણ કરેલા અસંખ્ય પુરુષો જોવા મળે છે. આધ્યાત્મિક જ્ઞાનની દૃષ્ટિએ જોતાં તેમના ચાર પ્રકાર છે (૧) પ્રોક્ષગુરુ (૨) તાયગુરુ (૩) સદ્‌ગુરુ (૪) પરમગુરુ. એમાં સદ્‌ગુરુ સમર્થ ગુરુ છે જે શરીરમાં રહેલા ચૈતન અંશની ઓળખાણ કરાવે છે, પરંતુ તે અંશને શુદ્ધ ચૈતન સ્વરૂપે કરીને સર્જનહાર સાથે મેળાપ કરાવનાર મહાન સમર્થ પરમગુરુ છે. જેઓની તુલના સમગ્ર બ્રહ્માંડમાં કોઈની સાથે થઈ શકે તેમ નથી. માટે જેમને મોક્ષ (પરમપદ)ની ઈચ્છા હોય તથા જન્મ મરણના સંકટમાંથી પૂર્ણપણે મુક્ત થવું હોય તો તેવા આરતવંત મુમુક્ષુઓએ જગતમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરને શોધીને તેમના શરણે જવું જોઈએ.

**કૈવલપદ અદબદ અજમાલી, પાવતહી જેહી ગુરુ કરત દલાલી;**
**કૈવલપદ સદ્‌ગુરુ નહીં ભિન્નુ, સલંગ સુતર સરભર લોલીનું. ૯૪**

### શબ્દાર્થ

**કૈવલપદ** = કૈવલપદ **અદબદ** = જેમ છે તેમ, અદ્‌ભુત **અજમાલી** = અજાણ, અજન્મા **પાવતહી** = પ્રાપ્ત કરી શકે **જેહી** = જેમના થકી **ગુરુ** = ગુરુ **કરત દલાલી** = દલાલી કરે છે, મધ્યસ્થી તરીકે કામ કરે છે **કૈવલપદ** = કૈવલકર્તાનું પદ **સદ્‌ગુરુ** = સદ્‌ગુરુ, સાચા ગુરુ **નહીં ભિન્નુ** = ભેદ નથી **સલંગ** = સળંગ **સુતર** = સૂતરના દોરા, તાંતણા **સરભર** = ઓછુંવત્તું નહીં, સમાન, પૂરેપૂરું **લોલીનું** = તલ્લિન, નિમગ્ન.

### અનુવાદ

**કૈવલપદ અદ્‌ભુત અને અજન્મા (અજાણ) છે, જેને ગુરુરૂપી (દલાલ) મધ્યસ્થી થકી જ પ્રાપ્ત**

**કરી શકાય. વળી, કૈવલપદ અને સાચા ગુરુ (પરમગુરુ)માં કોઈ ભેદ નથી. તે એક સળંગ સૂત્રવત્ રીતે એકમેક (લોલીન) રહેલા છે.**

## ભાવાર્થ

કૈવલપદ અદ્બદ (મોંઘમ) એટલે કે સીધે સીધું ઓળખી શકાય તેવું નથી, વળી, અદ્ભુત અને અજન્મા (અચુત) છે. તે પદ સાથે પરમગુરુનો નાતો અલંગ-સલંગ રીતે ( સલંગ સૂત્રવત્) જોડાયેલા છે. જેમ કે સૂતરના તાંતણામાં પરોવાયેલા પદાર્થ સળંગ સૂત્રવત્ત હોય છે. તેમ સાચા ગુરુ (પરમગુરુ) પણ પરિપૂર્ણ રીતે કૈવલપદ સાથે લોલીન અને સૂત્રવત્ રહેલા છે.

માટે મધ્યસ્થી એવા સમર્થ પરમગુરુ દ્વારા જ મોક્ષપદ પ્રાપ્ત થઈ શકે છે. અર્થાત્ જો પરમપદ પ્રાપ્ત કરવું હોય તો ગુરુઓમાં શ્રેષ્ઠ એવા સમર્થ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

**એકમેક અદ્વૈત ગમગતહી, મીલે સતગુરુ કૈવલપદ પતહી;**
**કૈવલપદ કરુણામયે રહેઉ, અણિઅગ્રેઉ સર્વ ભવ ઉતપયેઉ. ૯૫**

## શબ્દાર્થ

**એકમેક** = પરસ્પર **અદ્વૈત** = જુદાપણું નહીં તેવું, એકત્વ, એકરૂપતામય **ગમગતહી** = સૂઝ અને જ્ઞાનથી **મીલે** = મળતો **સદ્ગુરુ**= સદ્ગુરુ, સાચા ગુરુ **કૈવલપદ** = કૈવલપદ **પતહી** = પ્રાપ્ત કરી શકાય **કૈવલપદ** = કૈવલપદ **કરુણામયે** = કરુણા કરનાર **રહેઉ** = રહેલું છે **અણિઅગ્રેઉ** = અણી અગ્રવાળું **સર્વ** = સમગ્ર **ભવ** = બ્રહ્માંડ, રચના **ઉતપયેઉ** = ઉત્પન્ન થયું છે.

## અનુવાદ

**તેઓ સમજ અને જ્ઞાન થકી એકબીજાથી (એકમેક છે)સળંગ છે. એવા સદગુરુ મળે તો કૈવલપદ પ્રાપ્ત કરી શકાય. કૈવલપદ કરૂણામય રહેલું છે. તે પદ દ્વારા જ અણિઅગ્રવત્ સમસ્ત બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે.**

## ભાવાર્થ

સૂઝ, સમજ કે જ્ઞાનની દષ્ટિએ વિચારતાં પરમગુરુ અને કૈવલપદ બંને પરિપૂર્ણ છે. તેમજ એકબીજાથી અદ્વૈત છે(અલગ નથી). એવા સમર્થ પરમગુરુનું શરણું જો પ્રાપ્ત થાય તો કૈવલપદ મેળવવાની આકાંક્ષા ખૂબ જ સરળતાપૂર્વક પૂર્ણ થઈ શકે. વળી, કૈવલપદ કરુણામય છે એટલે જ તો સમસ્ત બ્રહ્માંડની રચના અણિઅગ્રવત્ રચી છે. મતલબ કે આ અણિઅગ્રવત્ સમસ્ત બ્રહ્માંડની રચના કરુણાઓના ઈશ એવા કરુણેશ કૈવલ કર્તાથી જ સર્જન પામેલી છે.

**ભાલતિલક ચિંન સબ તનુ જાયે, સકલ જીવ ચર અચર જનાયે;**
**નિજ ચૈતન દેહ આદ અવિકારુ, તિલક ભાલ તન સબ ઉર ધારુ. ૯૬**

### શબ્દાર્થ

**ભાલતિલક** = ભાલતિલક **ચિંન** = ચિહ્ન **સબ તનુ** = બધાં જ ઘાટમાં **જાયે** = જોવા મળે **સકલ** = બધા **જીવ** = ઘાટ **ચર** = જંગમ **અચર** = સ્થાવર **જનાયે** = દેખાય છે **નિજ ચૈતન દેહ** = નિજ ચૈતનનું રૂપ **આદ**= આદિથી **અવિકારુ** = અવિકારી છે **તિલક ભાલ** = ભાલતિલક **તન** = ઘાટ, સ્વરૂપ **સબ** = બધાયે **ઉર** = હૃદય, અંદર **ધારુ** = ધારણ.

### અનુવાદ

**ભાલતિલકનું ચિહ્ન પ્રત્યેક ઘાટમાં જોવા મળે છે. જ્યારે સ્થાવર અને જંગમના તમામ ઘાટમાં પ્રત્યક્ષ દેખાય છે, પરંતુ ચૈતન અંશનું સ્વરૂપ આદિ અને અવિકારી છે, જે ભાલતિલકના સ્વરૂપે દરેક શરીરની અંદર ધારણ કરાયેલું છે.**

### ભાવાર્થ

ભાલતિલકનું ચિહ્ન સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહ એમ બધા જ દેહમાં પોખેલું છે, પરંતુ સ્થાવર જાતિના વૃક્ષો, વેલી, તૃણ અને પનડીજાતિમાં તેમજ જંગમ જાતિના પશુ, પક્ષી, માનવી, કીટ, પતંગ વિગેરે મળીને કુલ ચોરાસી લાખ પ્રકારના સ્થૂળ ઘાટમાં પ્રત્યક્ષ રીતે અણિઅગ્રવાળાં અંગો દેખાય છે. આદિથી જે નિજ ચૈતન અંશનું અણિઅગ્ર અંકુરિત સ્વરૂપ પ્રત્યક્ષ નિહાળી શકાય તેમ નથી. વળી, તેનું મૂળ સ્વરૂપ તો વિકાર સિવાયનું છે જે ભાલતિલકના સ્વરૂપે બધી જ પ્રકારના શરીરમાં ધારણ કરાયેલું છે.

**એહી પરકાર સાર સર્વ ખોજુ, અણિઅગ્રેવ તન સકલ સરોજુ;**
**યાહી અનુભવ પંડિત મમ સંતુ, ખટ દર્શન સૂનો ભેખ અનંતુ. ૯૭**

### શબ્દાર્થ

**એહી** = એ **પરકાર** = પ્રકારે **સાર** = સારાંશ **સર્વ** = બધાનો **ખોજુ** = તપાસતા **અણી અગ્રેવ** = અણિઅગ્રવાળું **તન** = ઘાટ **સકલ** = બધા જ **સરોજુ** = કમળવત્ **યાહી** = તે **અનુભવ** = અનુભવ, પ્રત્યક્ષ સમજ **પંડિત** = પંડિતો **મમ** = મારા **સંતુ** = સંતો **ખટ દર્શન** = છ દર્શનવાળા **સુનો** = સાંભળો **ભેખ** = સાધુ વેશ, વિરકત કે સંન્યાસી થયેલ સાધુ **અનંતુ** = જેનો છેડો નથી તેવું.

### અનુવાદ

**આ પ્રકારે બધાનો સારાંશ તપાસતાં જણાય છે કે તમામ ઘાટો કમળવત્ અણિઅગ્રવાળાં છે. છ દર્શનનાં અનેક ભેખધારીઓ, પંડિતો અને સંતો આ મારા અનુભવને સાંભળો.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણેના તર્કબદ્ધ, પરંતુ વાસ્તવિક અને જ્ઞાનસભર બધી જ રજૂઆતનો સારાંશ તપાસતાં જણાય છે કે સર્વ ઘાટો કમળની પાંખડીઓની જેમ અણિઅગ્રવાળાં છે.

ધર્મમય જીવન જીવતા છ દર્શનના અનેક ભેખધારીઓ, પંડિતો તેમજ પરમગુરુના શરણે આવેલા સંતો સહિત તમામને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પોતાનું અનુભવયુકત ગૂઢ જ્ઞાન શ્રવણ કરવાનો આદેશ આપે છે.

**તિલક ભાલ હમ જબી નિરમાવા, સકલ જીવ આસેહી ભરપાવા;**
**અસંખ્ય લોક ગતિ કીયેહુ ન મેરા, તિલક ભાલ ચકવે પતિ મેરા. ૯૮**

### શબ્દાર્થ

**તિલક ભાલ** = ભાલતિલક **હમ** = મેં **જબી** = જ્યારે **નિરમાવા** = નિર્માણ કર્યું **સકલ** = બધા જ **જીવ** = ઘાટોના **આસેહી** = આશયને **ભરપાવા** = ભરપાઈ કરી શકે તેમ, પરિપૂર્ણ થાય તે માટે **અસંખ્ય** = અનેક, અસંખ્ય **લોક ગતિ** = લોકોની ગતિ, લોકોની સમજણ **કીયેહુ** =કરી શક્યા, કહી શકાય **ન** = નથી **મેરા** = મારી, મારા જેવી **તિલક ભાલ** = ભાલતિલક **ચકવે**= ચક્રવર્તી **પતિ** = પતિ, ધણી **મેરા** = મારા.

### અનુવાદ

**મેં જે ભાલતિલકનું નિર્માણ કર્યું છે તેનો હેતુ બધા જીવોનો આશય પરિપૂર્ણ થાય તે માટેનો છે. મારા પતિ સર્વોપરી છે. તેવી જ રીતે ભાલતિલક પણ (સર્વોપરી) છે, પરંતુ અસંખ્ય લોકોમાં મારા જેવી ગતિ કોઈ કહી શક્યા નથી (અસંખ્ય લોકોની સમજણમાં મારી વાત આવી નથી).**

### ભાવાર્થ

ભાલતિલકનો ખરો હેતુ મોક્ષ પ્રાપ્તિની ગતિ મેળવવા માટેના સંકેત રૂપે છે એટલે કે જે કોઈ મુમુક્ષુજનો આ ભાલતિલક મુજબ અંશની ચૈતનવૃત્તિને અણિઅગ્રવાળી અંકુરિત કરશે તેનો જ મોક્ષ પ્રાપ્તિનો આશય પરિપૂર્ણ થઈ શકશે. જેમ બ્રહ્માંડમાં સકર્તા સર્જનહાર કેવલ કર્તા સર્વોપરી છે. તેમ બધાં જ ધાર્મિક અને ભક્તિમય ચિહ્ન રૂપ તિલકોમાં ભાલતિલક પણ સર્વોપરી ઉદ્દેશ ધરાવતું છે. કારણ કે અંશ-અંશીના લક્ષની સર્વોપરીતાને દૃઢ કરાવવાના પ્રતીક રૂપે અણિઅગ્રવાળા ભાલતિલકનું નિર્માણ કરેલું છે. આ વાત અસંખ્ય લોકોની સમજણમાં આવતી નથી કે સમજી શક્યા નથી. વળી વિશ્વના અન્ય તિલક સર્જનહારની રચના પૈકીના ઈષ્ટ દેવોને અનુલક્ષીને બનાવવામાં આવેલા છે. જ્યારે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા જણાવેલ ભાલતિલક સર્જનહારને ઉદ્દેશીને બનાવેલું હોઈ તેનો લક્ષ ઉત્કૃષ્ઠ અને જ્ઞાનસભર સમજ આપે છે.

**ઓર સકલ કરતવ ઉપજુગતી, તિલક ભાલ ગત બીનુ નહીં મુક્તિ;**
**ભાલતિલક લક્ષ નિજપદ પાહુ, આયે જેહી ગતિ ઈત વાહી ગતિ જાહુ. ૯૯**

### શબ્દાર્થ

**ઓર** = બીજા **સકલ** = બધા **કરતવ** = કૃતવી **ઉપજુગતી** = યુક્તિપૂર્વક, ઉપજાવેલાં, જગતપક્ષનાં **તિલક ભાલ** = ભાલતિલકની **ગત** = ગતિ, સમજ **બીનુ** = વગર **નહીં** = નથી **મુક્તિ** = મુક્તિ **ભાલતિલક** = ભાલતિલકનો **લક્ષ** = લક્ષ **નિજપદ** = નિજપદનો **પાહુ** = પામવાનો **આયે** = આવ્યા **જેહી** = જે રીતે **ગતિ** = ગતિથી **ઈત** = તે **વાહી** = ત્યાં, તે મુજબની **ગતિ** = ગતિથી **જાહુ** = જવાશે.

### અનુવાદ

**બીજાં બધા (તિલક) જગતપક્ષનાં હોઈ કૃતવી છે. ભાલતિલકની ગતિ વિના મુક્તિ નથી. એટલે જ ભાલતિલકનો લક્ષ નિજપદને પ્રાપ્ત કરવા માટેનો છે. (અંશો) જે ગતિથી આવ્યા તે મુજબની ગતિથી જ જવાશે.**

### ભાવાર્થ

બીજા બધાં તિલકો યુક્તિપૂર્વક પોતાના સિદ્ધાંતને અને ઈષ્ટદેવોને અનુલક્ષીને બનાવેલાં છે, જે માત્ર સર્જનહારની રચના પૈકીના કોઈને કોઈ દૈવી પદના લક્ષને પ્રાપ્ત કરાવવાવાળા છે. જ્યારે ભાલતિલક સ્વયં સર્જનહારના લક્ષને પ્રાપ્ત કરાવવાવાળું છે. અર્થાત્ ભાલતિલકનો લક્ષ નિજપદને પ્રાપ્ત કરવા માટેનો છે. જે લક્ષ સિવાય કોઈની અખંડ મુક્તિ થઈ શકતી નથી. સર્જનહારના કૈવલધામમાંથી જ્યારે આપણે શુદ્ધ અણિઅગ્ર અંકુરિત થઈને આવ્યા હતા અને અણિઅગ્ર અંકુરિત શુદ્ધ ચૈતન સ્વરૂપે થઈને જ પાછા જવાશે. આવા ઉમદા અને અલૌકિક રહસ્યને અહર્નિશ સમજ આપનારુ ભાલતિલકનું પ્રતીક છે.

**દ્વૈત રમણ નામ રુપ ગુણ વેશા, આવન જાવન અણી અગ્ર પ્રવેશા;**
**નિજ ચૈતન તન કછુના સહાવે, જેહી ચૈતન જડ દૃષ્ટ ના આવે. ૧૦૦**

### શબ્દાર્થ

**દ્વૈત** = છૂટા થયા, છૂટા પડ્યા **રમણ** = રમણ કરવા માટે **નામ** = નામ **રુપ** = સ્વરૂપ **ગુણ** = ગુણવાળો **વેશા** = દેહ ધારણ કર્યા **આવન જાવન** = આવતાં અને જતાં **અણી અગ્ર** = અણિઅગ્રરૂપે **પ્રવેશા** = દાખલ થવું, પ્રવેશ્યા **નિજ ચૈતન** = ચૈતન પોતે **તન** = શરીર (સ્વરૂપ)ને **કછુ** = કંઈ પણ **ના** = ના **સહાવે** = શોભે **જેહી** = જેથી, જેમકે **ચૈતન** = ચૈતન **જડ** = નિર્જીવ **દૃષ્ટ** = દૃષ્ટિમાં **ના આવે** = આવી શકતો નથી.

### અનુવાદ

**અંશો વિખુટા પડ્યા પછી નામ, રૂપ અને ગુણવાળા દેહોમાં વિચરણ કરે છે, પરંતુ આવવા -**

**જવા માટે તે અણિઅગ્રતાથી જ પ્રવેશી શકે છે. નિજ ચૈતનના સ્વરૂપને આમાનું (નામ, રૂપ, ગુણ) કશું પણ શોભતું (સ્પર્શતું) નથી, જેથી ચૈતન જડ દૃષ્ટિમાં આવતો નથી.**

## ભાવાર્થ

અંશો કૈવલધામમાંથી જ્યારે વિખુટા પડ્યા ત્યારથી નામ, રૂપ અને ગુણવાળા નાશવંત દેહોમાં રમણ(આનંદ) કરવા લાગ્યા છે. તે શુદ્ધ ચૈતન અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે બ્રહ્માંડમાં પ્રવેશ પામ્યા હતા. અને જો પાછા કૈવલધામમાં જવું હશે તો શુદ્ધ અણિઅગ્ર સ્વરૂપે થઈને જ જવાશે.

નિજ શુદ્ધ ચૈતન અંશનું કોઈ રૂપ નથી. તેથી નામ, રૂપ, ગુણવાળા નાશવંત તત્ત્વોથી તે ઓળખાઈ શકે તેમ નથી. તેમજ આ પંચભૌતિક સ્થૂળ ઘાટથી ચૈતન કદાપિ દૃષ્ટિગોચર થતું નથી કે થઈ શકે પણ નહીં. કારણ કે સ્થૂળ દેહની ઇન્દ્રિયો તો તત્ત્વોવાળી છે અને તેના સજાતીય તત્ત્વોને જ ગ્રહણ કરી શકે, જ્યારે ચૈતન તો તત્ત્વાતિત હોઈ માત્ર દેહની ચૈતનતાથી જ તેને અનુભવી શકાય છે. સજાતિ સજાતિને ગ્રહણ કરી શકે એટલે કે નામ, રૂપ, ગુણવાળું નાશવંત વિશ્વ અંશની સજાતિનું નથી. તેનુ સ્થાન તો નિજ કૈવલપદ છે તેથી ત્યાં જવા માટે તેને ઉત્કંઠા રાખી પોતાના શુદ્ધ ચૈતન અણિઅગ્રરૂપે થવું જરૂરી છે.

**સોહી ચૈતન જબી ભયે દ્રશ રુપા, તિલક ભાલવત્ સકલ સરુપા;**
**નિજ ચૈતનકે તિલક સર્વ દેહુ, સોહી નમુને હમ કીયે ઉપલેહુ. ૧૦૧**

## શબ્દાર્થ

**સોહી** = તે **ચૈતન** = ચૈતન અંશ **જબી** = જ્યારે **ભયે** = થયો **દ્રશરુપા** = હાજર, દશ્ય સ્વરૂપે **તિલક ભાલવત્** = ભાલતિલક સમાન **સકલ** = બધું **સરુપા** = ચેતનવંતરૂપે **નિજ ચૈતનકે** = નિજ ચૈતન અંશનો **તિલક** = તિલકવત્ **સર્વ દેહુ** = આખુંય શરીર **સોહી** = તે **નમુને** = નમૂના મુજબ **હમ** = મેં **કીયે** = કર્યું છે **ઉપલેહુ** = બાહ્ય, દેખી શકાય તેવું (ભાલતિલક).

## અનુવાદ

**તે ચૈતન જ્યારે હાજર (દશ્યરૂપે) થયો ત્યારે તેનું સ્વરૂપ સર્વ રીતે તિલકવત્ હતું અને તે જ તિલકવત્ નિજ ચૈતન સર્વ દેહમાં છે તેથી તે જ નમૂના પ્રમાણે મેં બાહ્ય ભાલતિલકનું નિર્માણ કર્યું છે.**

## ભાવાર્થ

આદિમાં બીજ જ્યારે અંકુરિત થયું ત્યારે બધી રચના જડવત્ હતી પણ જ્યારે ચૈતન અંશ પ્રત્યક્ષ રીતે ઘાટમાં દશ્ય (હાજર) થયો ત્યારે જ તે રચના પૂર્ણ ચૈતન બની. તેથી જ આપણને જણાય છે કે ચૈતન અંશ તેમાં છે. એટલે કે તે જો દશ્યમાન (હાજર) ન થાય તો રચના વૃદ્ધિ પામેલી હોવા છતાં જડ રચના જ કહેવાય.

જ્યારે કર્તાથી છૂટા પડ્યા ત્યારે અંશનુ સ્વરૂપ સર્વરૂપે ભાલતિલકવત્ હતું. એવા તિલકવત્ અણિઅગ્ર અંકુરિત અંશની હાજરીથી જ શરીરના બધા અંગો ચેતનવત્ થઈને કાર્યરત બને છે. અર્થાત્ દરેક અંગ ભાલતિલકવત્ અંશની ચૈતનતાથી ચેતનવત્ દેખાય છે. ચૈતન અંશની ઉર્ધ્વગતિના લક્ષની પ્રતીતિ કરાવવા માટે જ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે બાહ્ય ભાલતિલકની રચના કરી છે.

**યાહિતે સકલ ખોજ કીયેહુ નિહોરા, તિલક ભાલ સબકે શિર મોરા;**
**પંથ પક્ષ જતમત જયૌ લ્યૌ વેશા, ખટ દર્શન ઓરુ દ્વાદશ ભેષા. ૧૦૨**

### શબ્દાર્થ

**યાહિતે** = એટલા માટે **સકલ** = સર્વે **ખોજ** = શોધ **કીયેહુ** = કરી **નિહોરા** = નિહાળ્યું **તિલક ભાલ** = ભાલતિલક **સબકે** = બધાના **શિર મોરા** = અગ્રેસર, મુખિયા, તાજના સાક્ષી રૂપ **પંથ** = પંથો **પક્ષ** = પક્ષો **જતમત** = જેટલા છે તેટલાં જ- પોતાના સિદ્ધાંતને અનુરૂપ **જયૌ લ્યૌ** = સર્વત્ર **વેશા** = વેશ, દિદાર **ખટ દર્શન** = છ દર્શન **ઓરુ** = અને **દ્વાદશ ભેષા** = બાર ભેખ.

### અનુવાદ

**જેથી સર્વ પ્રકારે શોધ કરીને મેં નિહાળ્યું તો છ દર્શન, બાર ભેખ તેમજ સઘળા મત-પંથના પક્ષવાળાઓએ જત-મતપણે જે જે તિલકો અપનાવ્યા છે તે સૌની ઉપર શિરમોર રૂપે આ ભાલતિલક છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે પોતાની દિવ્ય દૃષ્ટિથી અલગ અલગ ધાર્મિક વિચારધારા ધરાવતા પક્ષો જેવા કે છ દર્શન, બાર ભેખઃ કુટીચક્ર, બુધ્ધક, હંસ, પરમહંસ, તુરિયાતિત, અવધૂત, સાધુ, બાવા, આચાર્ય, મંડલેશ્વર, પિઠાધીશ્વર અને પરબ્રહ્મ. તેમજ વિવિધ મત-પંથો વગેરે નિહાળ્યાં. તેમણે જોયું કે આ દરેકે પોતપોતાના સિદ્ધાંત અને મત મુજબ સર્જનહારની રચના પૈકીના કોઈ ને કોઈ ઈષ્ટદેવને દૃષ્ટિમાં રાખીને તિલકનું પ્રતીક નિશ્ચિત કર્યું છે, પરંતુ એ બધાં જ તિલક આખરે તો વિશ્વની રચનાના ભાગ રૂપે જે તે દેવ-દેવીઓની ભક્તિ થકી ચાર પ્રકારની નાશવંત મુક્તિને પ્રાપ્ત કરવાના લક્ષનાં છે.

પરમગુરુએ દર્શાવેલ બાહ્ય ભાલતિલક તો વિશ્વના સર્જનહાર પક્ષે અખંડ કૈવલ મોક્ષની પ્રાપ્તિ કરવાના મહાન ઉદ્દેશવાળું છે. જેમ દેહમાં અંશ સર્વોપરી છે, તેમ બ્રહ્માંડમાં સર્જનહાર સર્વોપરી છે. તેવી જ રીતે અંશ-અંશીના ઉદ્દેશને પ્રતિપાદિત કરતું ભાલતિલક સંસારના અન્ય તિલકોમાં શિરમોર છે.

**ભાલતિલક તિનમાંહી સરદારા, કરેહુ લક્ષ તનુ આદ્ય વિચારા;**
**નિજપદ લક્ષ પક્ષ નહીં પાતી, સોહી પદ અટલહી આદ્ય સનાતી. ૧૦૩**

### શબ્દાર્થ

**ભાલતિલક** = ભાલતિલક **તિનમાંહી** = તેઓમાં **સરદારા** = સરદાર રૂપે છે, આગેવાન રૂપે **કરેહુ** = કરે છે **લક્ષ** = લક્ષનું **તનુ** = સ્વરૂપ **આદ્ય** = આદિના **વિચારા** = વિચારવાળું **નિજપદ** = નિજપદનો **લક્ષ** = લક્ષ **પક્ષ નહીં પાતી** = પક્ષપાત વગરનો **સોહી**= તે **પદ** = પદ **અટલહી** = અચળ છે **આદ્ય** = આદિઅનાદિનો **સનાતી** = શાશ્વત, સનાતન.

### અનુવાદ

**તેમાં(તમામ તિલકોમાં) ભાલતિલક સરદાર રૂપે અને આદિ(સ્વરૂપ)ના લક્ષનો વિચાર કરનારું છે. તે નિજપદનો લક્ષ પક્ષપાત વગરનો છે. તે જ પદ અચળ, અનાદિ અને સનાતન છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે દર્શાવેલ ભાલતિલક દુન્યવી ઉદ્દેશ ધરાવતા તિલકોમાં સરદાર સમાન હોઈ અગ્રેસર છે. પ્રથમ કેવલકર્તાએ જ્યારે અંશો ઉત્પન્ન કર્યાં હતાં ત્યારે બધા અંશો અણિઅગ્ર અંકુરિત સ્વ-સ્વરૂપના હતા. તે અંગેના લક્ષની પ્રતીતિ કરાવતું આ ભાલ તિલક હોઈ સર્જનહારની પ્રાપ્તિ માટે અત્યંત સહાયરૂપ છે. વિશ્વનિયંતાના નિજપદનો લક્ષ આદિઅનાદિથી અવિચળ અને સનાતન હોઈ કોઈપણ જાતના પક્ષપાત સિવાયનો છે.

**પક્ષ પંથ મત વિવિધ વિચારા, દ્વૈતભાવ ઓરલ્યા ઉપચારા;**
**સોહી મમ સકલ નકલવત્ પેખ્યા, તિલક ભાલ ઉપચાર વિશેષા. ૧૦૪**

### શબ્દાર્થ

**પક્ષ** = પક્ષ **પંથ** = પંથ **મત** = મત **વિવિધ** = વિધવિધ **વિચારા** = વિચારધારા ધરાવતા **દ્વૈતભાવ** = જગત પક્ષની રચનાના ભાવ યુક્ત **ઓરલ્યા** = આ બાજુના **ઉપચારા** = ઉપચાર, ધર્માચરણ, બાહ્ય પ્રતીક **સોહી** = તે **મમ** = મેં **સકલ** = બધા **નકલવત્** = અનુકરણ યુક્ત **પેખ્યા** = જોયા, પરખ કરીને જોવું **તિલક ભાલ** = ભાલતિલક **ઉપચાર** = ધર્માચરણવાળું બાહ્ય પ્રતીક **વિશેષા** = વિશેષ કરીને, અસાધારણ.

### અનુવાદ

**વિવિધ વિચારધારા ધરાવતા ભિન્ન ભિન્ન પંથ - પક્ષ અને મતોને જોતાં આ (બધા જ તિલકના પ્રતીક) દ્વૈત ભાવ ધરાવતા આ બાજુના (જગત પક્ષના) પ્રતીક છે. આ બધા પ્રતીકો મને (એકબીજાના) અનુકરણ કરનારા લાગ્યા. જ્યારે ભાલતિલક વિશેષ પ્રતીક રૂપે છે.**

### ભાવાર્થ

ધર્મમાર્ગમાં વિવિધ વિચારધારા ધરાવતા અલગ અલગ પક્ષો, પંથો અને ભિન્નભિન્ન મતો જોવા મળે છે. તેમના તિલકના ચિહ્નનું હાર્દ (ધ્યેય) સર્જનહારે બનાવેલી જગતની નાશવંત રચનાના સંદર્ભમાં પ્રીતિ ધરાવનારું છે. તેમની વૃત્તિ કયાં તો ત્રણ ગુણોના લક્ષને અથવા તો બ્રહ્મપદના

લક્ષમાં સ્થિર છે. ધર્મસ્થાપકોની અનુકરણયુક્ત માન્યતા પ્રમાણે પોતાના પક્ષના પ્રતીક રૂપે તેમજ તેમના સ્થાપિત મતની ઓળખ માટે બનાવેલાં તિલકનો ઉદ્દેશ દુન્યવી છે.

જ્યારે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અવિનાશી સર્જનહારના પક્ષે કૈવલપદની પ્રાપ્તિનો લક્ષ દર્શાવતા પ્રતીક રૂપે બાહ્ય ભાલતિલકની રચના કરેલી છે. જે દુન્યવી તિલકોથી અસાધારણ અને વિશેષ મત દર્શાવતું પ્રતીક છે.

**જેહી ઉપચાર આદ્ય અનુસુતા, તેહી ઉપચાર સકલ સંજુતા;**
**નિજ ઉપચાર સાર તન દેહી, ભાલતિલકવત્ સર્વ સજેહી. ૧૦૫**

### શબ્દાર્થ

**જેહી** = જે **ઉપચાર** = ધર્માચરણ માટેનું બાહ્ય પ્રતીક, ક્રિયા કર્મ **આદ્ય** = આદિનું **અનુસુતા** = ની સાથે જોડાયેલું - સંકડાયેલું **તેહી** = તે **ઉપચાર** = ધર્માચરણ માટેનું બાહ્ય પ્રતીક, ક્રિયા કર્મ **સકલ** = બધાનું, સર્વે સાથેનું, દરેક, પૂર્ણ **સંજુતા** = સંજુકતા - જોડાયેલું છે **નિજ ઉપચાર** = મૂળ જે ધર્માચરણ માટેનું બાહ્ય પ્રતીક, ક્રિયાકર્મ **સાર** = સારરૂપે **તન** = દેહ - શરીર પર **દેહી** = દીધેલા છે **ભાલતિલકવત્** = ભાલતિલક સમાન **સર્વ** = બધુ જ **સજેહી** = સર્જેલું છે.

### અનુવાદ

**ભાલતિલકનું બાહ્ય પ્રતીક આદિથી નિજ કૈવલપદ સાથે સંકળાયેલું છે. નિજ ઉપચારના સારરૂપ સમગ્ર દેહનો સાજ ભાલતિલકવત્ સર્જાયો છે.**

### ભાવાર્થ

ધર્માચરણ માટેનું બાહ્ય પ્રતીક રૂપ ભાલતિલક આદ્ય નિજ કૈવલપતિના લક્ષ સાથે જોડાયેલું છે. સર્જનહારે દરેક દેહમાં આવેલા બધા જ અંગોની સજાવટ ભાલતિલકવત્ કરેલી છે. બાહ્ય ભાલતિલકની રચના દેહના અણિ આકારવાળા અંગોની રચના સાથે સામ્યતા ધરાવતું છે. આ બાહ્ય ભાલતિલકનું અણિઅગ્ર આકારનું પ્રતીક સર્જનહારની સઘળી રચનામાં દશ્યમાન છે. ટૂંકમાં સૃષ્ટિના સ્થાવર જંગમ દરેક ઘાટના અંગ-ઉપાંગમાં ભાલતિલક જેવું અણિઅગ્ર પ્રતીક કર્તાએ સજાવ્યું (પોખ્યું) છે.

**પસરણ પૃષ્ટ સંકીરણ સંખેતુ, ભાલતિલક દોનુ અગ્ર સહેતુ;**
**તાહીત્યે તિલક હમ ભાલ ભવિતા, જાહીકે આકાર સકલ તન કેતા. ૧૦૬**

### શબ્દાર્થ

**પસરણ** = પ્રસારામાં **પૃષ્ટ** = પૃતિ પામવું **સંકીરણ** = સંકલન, બીડાઈ જવું, સંકીર્ણ થવું **સંખેતુ** = સંકોચિત, બિડાયેલું **ભાલતિલક** = ભાલતિલક **દોનુ** = બંને પરિસ્થિતિમાં **અગ્ર** = અણિઅગ્રતાપૂર્વક **સહેતુ** = સરખા હેતુ છે **તાહીત્યે** = તે માટે

**તિલક** = તિલક **હમ** = મેં **ભાલ** = ભાલા રૂપ અણિયાળું **ભવિતા** = બનાવ્યું છે **જાહીકે** = જેમાં **આકાર** = આકાર **સકલ** = સર્વ **તન** = દેહ, શરીર **કેતા** = કરેલા, રચાયેલા છે.

## અનુવાદ

**પુષ્ટિ પામતાં પ્રસરણ થાય અને સંકલનમાં સંકુચિત થવું એ બંને પરિસ્થિતિમાં અણિઅગ્રનો હેતુ સરખો છે તેટલા માટે જ મેં ભાલતિલકનું નિર્માણ અણિઅગ્ર બનાવ્યું છે. તે ભાલતિલકના આકાર અનુસાર તમામ શરીર રચાયેલાં છે.**

## ભાવાર્થ

વિશ્વના પ્રસારામાં અંકુરો પુષ્ટિ પામતાં વિકાસ પામે છે અને જ્યારે પ્રસારો સંકોચાઈ જાય ત્યારે પણ અંકુરોનું સંકલન અણિઅગ્રતાથી જ થાય છે. આ બંને પરિસ્થિતિના હેતુ ને સંકેત કરતું આ ભાલતિલક છે. માટે જ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જેમ સૃષ્ટિના પ્રસારાથી પુષ્ટિ પામેલ રચના અંતે સંકલન થઈ સમાય છે. તે પ્રમાણે ભાલતિલકની રચના કરી છે. જેમાં નીચેનો ભાગ પુષ્ટિ અને ઉપર જતાં સંકેલાઈને ભેગો થયેલો છે.

**ન ચી પરપંચ લખો ન મત ભુરી, આદિ મમ જ્ઞાન તિલક જુગ મુરી;**
**જ્ઞાન દૃષ્ટિ જુઓ સકલ વિલોકી, દ્વિ દૃષ્ટિ કરી લક્ષ અલોકી. ૧૦૭**

## શબ્દાર્થ

**ન** = નથી **ચિ** = ચિન્હો, ઓળખો, અન્યની સમાનતાવાળું **પરપંચ** = કપટ, પ્રપંચ **લખો ન** = આલેખશો નહીં, ધારવું નહીં **મત** = અભિપ્રાય **ભુરી** = મહાન **આદિ** = અનાદિનું **મમ** = મારું **જ્ઞાન** = જ્ઞાન **તિલક** = તિલક **જુગ** = જગત **મુરી** = મૂળરૂપે **જ્ઞાન દૃષ્ટિ** = સમજપૂર્વકની દૃષ્ટિ **જુઓ** = જોવું, અવલોકન કરો **સકલ** = બધું જ **વિલોકી** = જોઈને, અવલોકન કરીને **દ્વિ દૃષ્ટિ** = બે દૃષ્ટિ (સુરતા-નુરતા) **કરી** = કરીને **લક્ષ** = લક્ષ **અલોકી** = તપાસી જુઓ, પરિક્ષણ કરો.

## અનુવાદ

**બંને દૃષ્ટિથી લક્ષનું અવલોકન કરીને જુવો તો મારા તિલકના જ્ઞાનનો મત વિશ્વના આદિ પદનો છે. તેવા મહાન મતને પ્રપંચ તરીકે જોશો નહીં.**

## ભાવાર્થ

જગતના મૂળ કારણ રૂપ સર્જનહાર બ્રહ્મથી પરે છે. તેમના પરમપદનો ઉત્કૃષ્ટ લક્ષ પરમગુરુ દ્વારા દર્શાવવામાં આવ્યો છે. તે જ રીતે સકર્તા સિદ્ધાંતના પરમ લક્ષ માટેના પ્રતીક રૂપે દર્શાવેલ બાહ્ય ભાલતિલકની નિશાની મહાન છે. તેની સરખામણી અન્ય ક્રતના સંદર્ભે કરાતાં તિલકો સાથે કરી શકાય નહીં. આ ભાલતિલક કર્તાના પક્ષને દૃઢ કરાવતું હોઈ આ ભાલતિલકના લક્ષને સુરતા અને નુરતા એમ(અંતર અને બાહ્ય દૃષ્ટિ) બંને દૃષ્ટિથી પરિક્ષણ કરવું જોઈએ, તેમજ બાહ્ય

ભાલતિલક અને ભીતર ભાલતિલકના સ્વરૂપને સમજવું જોઈએ. જેથી સમજાશે કે ભાલતિલકની મહત્તા દર્શાવવામાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનો કોઈ પ્રપંચ નથી.

**દૃષ્ટ અલોક આતમ અનુભવકી, સોહી ગતિ લહત લોક વિત્ત સર્વકી;**
**યાહિ નિજ દૃષ્ટ લક્ષ મમ ન્યાલો, ભાલતિલક પખ વદિત વિશાલો. ૧૦૮**

### શબ્દાર્થ

**દૃષ્ટ** = દૃષ્ટિ **અલોક** = અવલોકનથી, પરિક્ષણ **આતમ** = અંશ, આત્મા **અનુભવકી** = અનુભવની **સોહી** = તે **ગતિ** = ગતિ **લહત** = જાણે, માણે **લોક** = લોકના **વિત્ત** = વિત્ત, સાર **સર્વકી** = દરેકના, સર્વના **યાહિ** = તે **નિજ દૃષ્ટ** = નિજ દૃષ્ટિના **લક્ષ** = લક્ષ **મમ** = મારો **ન્યાલો** = નિહાળો **ભાલતિલક** = ભાલતિલક **પખ** = પક્ષ, ની તરફેણ **વદિત** = વાણીથી **વિશાલો** = વિસ્તારપૂર્વક.

### અનુવાદ

**અલૌકિક આત્મ અનુભવની દૃષ્ટિથી નિહાળશો તો સર્વ લોકના વિત્તને આ ગતિ વડે જાણી શકશો. ભાલતિલકના પક્ષનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તેવા મારા લક્ષને નિજ દૃષ્ટિથી નિહાળો.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે ભાલતિલકના ગૂઢાર્થ ભરેલા ઉપદેશને નિષ્પક્ષ રીતે વિસ્તારપૂર્વક જણાવ્યો છે. નિજ પરમપદ સાથેના લક્ષ સાથે સંબંધ ધરાવતા આ બાહ્ય પ્રતીકના મર્મને જે કોઈ માનવ નિર્મળ હૃદયથી અવલોકન કરશે તો તેને પોતાના ચૈતન સ્વ-સ્વરૂપનો અનુભવ થશે. તેમજ તે સમજ થકી સર્વે લોકના વિત્તને પણ જાણી શકાશે. વળી, નક્કી કરી શકાશે કે જો બ્રહ્મથી પર એવા સર્જનહારના કૈવલધામમાં પાછા જવું હશે તો, તિલકવત્ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે થઈને જ પરત જઈ શકાશે.

**અણી અલંકાર સકલ તન ધજહી, તાહીતે તિલક ભાલ ભવ દિગવજહી;**
**અહો મમ સજજન સંત સૂનો સરહી, તિલક ભાલ જાહર જુગ ધરહી. ૧૦૯**

### શબ્દાર્થ

**અણી** = અણિયુક્ત **અલંકાર** = પ્રતિકૃતિવાળી રચના - આભૂષણ **સકલ** = સર્વે **તન** = ઘાટોએ **ધજહી** = ધજા, સજાવેલા, સુશોભિત **તાહીતે** = તેથી જ **તિલક ભાલ** = ભાલતિલક **ભવ** = વિશ્વમાં **દિગવજહી** = દિગ્વિજયી છે **અહો** = હો **મમ** = મારા **સજજન** = સજ્જનો **સંત** = સંતો **સૂનો** = સાંભળો **સરહી** = શ્રેષ્ઠ **તિલક ભાલ** = ભાલતિલક **જાહર** = જાહેરમાં **જુગ** = જગતમાં **ધરહી** = ધારણ કરજો.

### અનુવાદ

**સર્વ ઘાટો ધજાની જેમ અણિઅગ્ર અલંકારથી સજાવેલા છે. તેમ ભાલતિલક વિશ્વમાં દિગ્વિજયી છે. હે મારા સંત અને સજ્જનો ! સાંભળો કે આ શ્રેષ્ઠ ભાલતિલકને જગજાહેર રીતે ધારણ કરો.**

### ભાવાર્થ

સર્જનહારે દરેક ઘાટ (શરીર) માં અણિયુક્ત પ્રતિકૃતિવાળા અંગોની રચના કરી છે. વિશ્વના દરેક ઘાટના અંગો ઉપર ભાલતિલકવત્ આકૃતિ દશ્યમાન થાય છે. તેથી જ કહેવાય છે કે આ ભાલતિલક પરમ મોક્ષની પ્રાપ્તિના લક્ષ સુધી પહોંચાડનાર દિગ્વિજયી ધજાના નિશાની રૂપે છે. માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા તેમના દીક્ષિત સંતો અને ભક્તજનોને આદેશ છે કે દરેક કાયમપંથીએ પોતાના લલાટ પર આ અનુપમ ભાલતિલક નિઃશંકપણે જગજાહેર રીતે ધારણ કરવું.

**તિલક ભાલ સો નવીન નહીં નુગતા, આદ્ય અંત તન પ્રસિદ્ધ સંજુકતા;**
**સકલ જીવ મમ પદ પખ દક્ષુ, તિલક ભાલ અની સબ શિર લક્ષુ. ૧૧૦**

### શબ્દાર્થ

**તિલક ભાલ** = ભાલતિલક **સો** = તો **નવીન નહીં** = નવું નથી **નુગતા** = ટુચકો, તર્ક, નુકતો **આદ્ય** = શરૂઆતથી **અંત** = અંત સુધી **તન** = શરીર સાથે **પ્રસિદ્ધ** = પ્રત્યક્ષ રીતે -જાહેર **સંજુકતા** = જોડાયેલુ છે, સંયુક્ત **સકલ** = બધા **જીવ** = જીવોને, અંશોને **મમ** = મારા **પદ પખ** = પરમપદના પક્ષને **દક્ષુ** = દીક્ષા આપીશ **તિલક ભાલ** = ભાલતિલક **અની** = અણિવાળું **સબ શિર** = બધાના શિર (મસ્તક) પર **લક્ષુ** = નિશાન - ચિહ્ન જોઈને, ઉદેશ્યને સિદ્ધ કરવાવાળું.

### અનુવાદ

**ભાલતિલક એ કોઈ નવીન ટુચકો(તર્ક) નથી, પરંતુ તે આરંભથી અંત સુધી શરીર સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલ છે. આ અણિવાળું ભાલતિલક સૌના શરીર ઉપર લક્ષ તરીકે છે. એવા બધા જ જીવોને હું મારા પક્ષે (તરફથી) પરમપદની દીક્ષા આપીશ.**

### ભાવાર્થ

ભાલતિલકની નિશાની રૂપ પ્રતીક કોઈ નવીન ઊભો કરેલો તર્ક કે ટુચકો નથી. તે તો આદિ-અનાદિથી અંત સુધી વિશ્વના દરેક ઘાટોની સાથે પ્રત્યક્ષ સ્વરૂપે સંકળાયેલું પ્રતીક છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ અણિઅગ્ર ભાલતિલકનું પ્રતીક સર્જનહારના પક્ષની નિશાની તરીકે હોઈ દરેકે પોતાના લલાટે ધારણ કરવું. જે આરતવંત મુમુક્ષુ આ પ્રમાણેની ગુરુ આજ્ઞાઓનું સંપૂર્ણ પાલન કરશે તેવા અધિકારી મુમુક્ષુઓને તેઓ પરમપદ અવશ્ય બક્ષશે.

**નિજ કેવલ પદકે જીવ અંશા, ભાલતિલક કે ઉપાસિક હંસા;**
**જબ કૈવલ પદસે દ્વૈત પાવા, ભાલતિલક અંક ગતિ વહાંસે લાવા. ૧૧૧**

### શબ્દાર્થ

**નિજ કૈવલ પદકે** = નિજ કૈવલપદ(ધામ)ના **જીવ અંશા** = અંશો જીવ રૂપ થયેલ **ભાલતિલક કે** = ભાલતિલકના **ઉપાસિક** = ઉપાસક, ઉપાસના કરનાર **હંસા** = હંસ સ્વરૂપે **જબ** = જ્યારે **કૈવલ પદસે** = કૈવલધામથી **દ્વૈત** = દ્વૈત, અલગ **પાવા** = પડ્યા **ભાલતિલક** = ભાલતિલક **અંક** = નિશાની રૂપ **ગતિ** = અંકુરિત ગતિ (સ્વરૂપ) **વહાંસે** = ત્યાંથી **લાવા** = લાવ્યા છે.

### અનુવાદ

**જ્યારે કૈવલધામમાંથી અંશો અલગ થયા, ત્યારે ભાલતિલકની નિશાની રૂપ ગતિ લાવ્યા છે. નિજ કૈવલપદના રહેવાસી અંશો પૈકી જે જીવરૂપ થયા છે, તે ભાલતિલકના ઉપાસક થતાં હંસ સ્વરૂપે થશે.**

### ભાવાર્થ

સૃષ્ટિના પ્રારંભે જ્યારે કૈવલધામમાંથી અંશો સર્જનહારથી દ્વૈત સ્વરૂપે અલગ થઈને બ્રહ્માંડમાં આવ્યા ત્યારે તેઓ નિર્મળ નિજ હંસ સ્વરૂપે અણિઅગ્રવત્ અંકુરિત થઈને આવ્યા હતા. એટલે કે અણિઅગ્ર નિશાની રૂપ સ્વરૂપને લઈને આવ્યા હતા. એવા નિજ કૈવલધામમાંથી આવેલા હંસો ઉપર દેહના આવરણો અને કર્મોનો પટ લાગવાથી જીવદશાવાળા થયા. હવે જેમને સર્જનહાર પાસે પરત જવાની ઉત્કંઠા હોય તેમણે જે સ્વરૂપે આ સૃષ્ટિમાં આવ્યાં હતાં તેવા ભાલતિલકવત્ અણિઅગ્ર અંકુરિત હંસ સ્વરૂપે થવું પડશે. એટલે કે ભાલતિલકવત્ વૃત્તિ ધરાવતા મુમુક્ષુજનો ગુરુ કૃપા થકી જીવ પણું ત્યજી પુનઃ હંસ સ્વરૂપ પ્રાપ્ત કરશે.

**સરજી સૃષ્ટ ઉત્કુષ્ટ તબનકા, તિલક ભાલ સિક્કા આદ્ય કૈવલકા;**
**નિજ કર્તાર ઉપાસ જો કરહો, તિલક ભાલ છાપા ઉર ધરહો. ૧૧૨**

### શબ્દાર્થ

**સરજી** = સર્જન પામી **સૃષ્ટ** = સૃષ્ટિ **ઉત્કુષ્ટ** = ગહન, સર્વ શ્રેષ્ઠ, મહાન **તબનકા** = ત્યારથી **તિલક ભાલ** = ભાલતિલક સ્વરૂપ **સિક્કા** = છાપ, મહોર **આદ્ય** = અનાદિ **કૈવલકા** = કૈવલ કર્તાની **નિજ કર્તાર** = આદિ સર્જનહારની **ઉપાસ** = ઉપાસના **જો** = જો **કરહો** = કરતા હોય તો **તિલક ભાલ** = ભાલતિલકની જેમ **છાપા** = છાપ **ઉર** = હૃદયમાં, પ્રેમથી **ધરહો** = ધરજો, ધારણ કરો.

### અનુવાદ

**આદ્ય કૈવલકર્તાએ સૃષ્ટિનું શ્રેષ્ઠ સર્જન કર્યું ત્યારથી ભાલતિલકરૂપ મહોર મારી છે. એવા નિજ સર્જનહારની ઉપાસના કરવી હોય તો ભાલતિલક રૂપી અણિ આકારવાળા ચિહ્નને હૃદયમાં ધારણ કરો.**

### ભાવાર્થ

આદ્ય કૈવલકર્તાએ આ શ્રેષ્ઠ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારથી જ ભાલતિલકવત્ અણિઅગ્રવાળા અંકુરની રચના કરી છે. તે એક મહોર સમાન છે. એવા નિજ સર્જનહારની ઉપાસના કરવાની (ભક્તિ કરવાની) ભાવનાવાળા અંશોએ કપાળમાં ભાલતિલકનું ચિહ્ન ધારણ કરવું જોઈએ. પોતાની સુરતા અને નુરતાને નાસિકાના અગ્રભાગે ભાલતિલકવત્ અણિઅગ્રે કરીને પોતાના હંગ ભાવે અહર્નિશ સર્જનહારનું ધ્યાન ધરવું જોઈએ. એટલે કે શુદ્ધ અમરમંત્રનો ગુપ્ત જાપ અથવા 'કૈવલ... કૈવલ'ના પ્રગટ જાપનું શ્વાસે શ્વાસે (આઠે પહોર) રટણ કરવું જોઈએ.

**ઓર સકલ ઉપાસન વરતા, અધિક વિભૂતી દેખ કીયે કર્તા;**
**તાહિકે ઉપાસિક કૃતવ શરીરા, નિજ ચૈતન નહીં પ્રસવ પરીરા. ૧૧૩**

### શબ્દાર્થ

**ઓર** = બીજી, અને, વળી **સકલ** = સર્વ, બધી **ઉપાસન** = ઉપાસના **વરતા** = વ્યવહારમાં ચાલતી **અધિક** = વિશેષ **વિભૂતી** = ઐશ્વર્ય **દેખ** = દેખીને, જોઈને **કીયે** = કરીને, બનાવીને **કર્તા** = સર્જનહાર **તાહિકે** = તેમના **ઉપાસિક** = જેની ઉપાસના કરવામાં આવે છે તે ઈષ્ટદેવ, ઉપાસક **કૃતવ શરીરા** = શરીર કર્તાની રચનાના ભાગરૂપે છે **નિજ ચૈતન** = નિજ ચૈતનને **નહીં** = નહીં **પ્રસવ** = ઉત્પન્ન કરનાર **પરીરા** = વંશજ, પૂર્વજ.

### અનુવાદ

**વળી, વ્યવહારમાં પ્રચલિત ઉપાસના જોતાં અધિક ઐશ્વર્યતાને લીધે તેમનું કર્તા તરીકે સ્થાપન કર્યું છે, પરંતુ તે ઉપાસ્ય દેવ કૃતવી શરીરવાળા છે. નિજ ચૈતન અંશના ઉત્પન્ન કરનારા (કર્તા) નથી.**

### ભાવાર્થ

દુનિયામાં ચાલતી ઉપાસનાઓને ધ્યાનપૂર્વક તપાસતાં માલુમ પડે છે કે, તેમાં અધિક ઐશ્વર્યતાવાળા દેવો, અવતારાદિક મહાપુરુષોનું કર્તા તરીકે સ્થાપન કર્યું છે, પરંતુ જેમનું સ્થાપન કર્તા તરીકે કર્યું છે તેવા ઐશ્વર્યવાન શરીરધારી અવતારોએ તો સર્જનહારની રચના પૈકીના નાશવંત શરીરો ધારણ કરેલાં છે. એટલે કે સર્જનહારે રચેલા સમગ્ર કૃતના તત્ત્વોવાળાં નાશવંત શરીરો ધારણ કર્યાં છે. તેઓ નિજ અંશના ઉત્પન્ન કરનારા અંશી નથી. નિજકર્તા તરીકે આ સંસારમાં સ્થાપન કરાયેલા ઐશ્વર્યવાન શરીરધારી અવતારોમાં કોઈ જ અંશી નથી. તેઓ તો માત્ર સર્જનહારે આપેલી કરુણામય વિભૂતિથી વિભૂષિત નાશવંત દેહધારી મહાન દૈવી પુરુષો જ છે. વળી, તેમનામાં પણ સર્જનહારની સજાતિનો જ ચૈતન અંશ વસેલો છે જે અંશ આપણામાં પણ છે, જેથી તેઓની પણ કર્તાના કૃતમાં જ ગણતરી થાય, પરંતુ કર્તા તરીકે કદી સંબોધન થાય નહીં.

**ક્તવકે આપ ક્તહી ઈષ્ટ થાપા, કર્તવકે જાપ કર્તવહી કે છાપા;**
**કૈવલપદ સદ ચિદ પર નેતા, યાહી મે નહીં કોહુ તાહી પદ વેત્તા. ૧૧૪**

### શબ્દાર્થ

**ક્તવકે** = ક્તના, સર્જનહારની રચના પૈકીના **આપ** = પોતે **ક્તહી** = ક્તવી **ઈષ્ટ** = ઈષ્ટ, મહાન **થાપા** = થાપ્યા, સ્થાપના કરી **કર્તવકે** = ક્તના **જાપ** = જપ **કર્તવહીકે** = ક્તવી **છાપા** = નિશાની, પ્રતીક, ચિહ્ન **કૈવલપદ** = કૈવલપદ, કૈવલધામ **સદ ચિદ** = બ્રહ્મ **પર** = પરે, પર, ની ઉપર **નેતા** = સ્વામી, શ્રેષ્ઠ નેતા, સરદાર સમાન, માલિક, સ્વામી **યાહી મે** = તેથી, તેમાંથી **નહીં કોઉ** = કોઈ નહીં **તાહી** = તેનો **પદ વેત્તા** = પદના જાણકાર.

### અનુવાદ

**તમો સર્જનહારની રચના પૈકીના જ છો તેથી તમોએ આ રચના પૈકીના (ક્તવી) જ ઈષ્ટદેવની સ્થાપના કરી છે. જે જાપ જપો છો તે પણ રચના પૈકીના જ છે. વળી જે ચિહ્ન ધારણ કરો છો તે પણ ક્તવી જ છે. છેવટનું જે સદ્-ચિદ-બ્રહ્મ સ્થાપેલું છે તેના ઉપર શ્રેષ્ઠ સ્વામી રૂપ કૈવલપદ છે, પરંતુ આમાંથી કોઈ તે પદના જાણકાર જ નથી.**

### ભાવાર્થ

સર્જનહારે રચેલા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં કર્તાના સજાતીય સામાન્ય, વિશેષ કે પરમવિશેષ અંશો પૈકીના કોઈને કોઈ અંશ છે. એટલે કે વિશ્વમાં જેમની ઈષ્ટદેવ તરીકે સ્થાપના કરવામાં આવી છે તે પણ સર્જનહારની રચના પૈકીના જ દૈવી મહાપુરુષો છે. તેમના દ્વારા અપાયેલી મંત્ર આદિ જ્ઞાનની સમજ પણ ક્તવી છે અને પ્રતીક તરીકે તિલક ધારણ કરવામાં આવે છે તે પણ ક્તવી જ છે. આ બાજુના અનેક મત સંસ્થાપકોમાં કોઈ કૈવલપદના વેત્તા નથી.

જ્યારે કૈવલપદ તો આ સઘળી નાશવંત રચના જેમાં સમાયેલી છે, તેવા સદ્, ચિદ્, આનંદ બ્રહ્મ પદથી પણ પરે છે. તે કૈવલપદ અવિનાશી, તત્ત્વાતિત અને નિરાળું છે. અને સર્વના શિર ઉપર સરદાર સમાન છે. વિશ્વમાં સર્જનહારનું કૈવલપદ પ્રસિદ્ધ નથી. તેના કારણે જ જગતમાં દેવતાઓના આવા ક્તવી જુદા-જુદા મંત્ર-તંત્રનો અને વિવિધ ક્તવી તિલકોનો પ્રભાવ જોવા મળે છે.

**તબ તિનુ તિલક અલખ કયૌ લખહી, રચી પચી રહેવુ પ્રપંચ કીચ પખહી;**
**તિલક ભાલ કૈવલ પ્રીછ પદમી, ધરહી લેલાટ પાવહી પદ કદમી. ૧૧૫**

### શબ્દાર્થ

**તબ**=તેહી **તિનુ**=તેઓનું **તિલક**=તિલક **અલખ**=અલખને **કયૌ**=કેવી રીતે **લખહી**=વર્ણન કરી શકે, લક્ષને સમજી શકે **રચી પચી** = રચ્યા પચ્યા **રહેવુ** = રહે છે **પ્રપંચ** = કપટ યુક્ત, કાવા દાવામાં **કીચ** = કાદવમાં **પખહી** = પક્ષમાં, પક્ષપાત, તરફેણ **તિલક ભાલ** = ભાલતિલક **કૈવલ** = કૈવલ કર્તાની **પ્રીછ**=પહેચાણ, ઓળખાણ કરનાર **પદમી** = દરજ્જો

ધરાવતું, પદની **ધરહી** = ધારણ કરવાથી **લેલાટ** = લલાટમાં, કપાળમાં **પાવહી**=પ્રાપ્ત કરી શકાશે **પદ** = મહાપદ, પરમપદ **કદમી** = પ્રાચીન, આદ્ય, અસલી, જૂનું.

### અનુવાદ

**માટે તેઓના તિલકથી અલેખના લક્ષને કેવી રીતે સમજી શકાય ? આથી જ તેઓ પ્રપંચ યુક્ત પક્ષના કીચડમાં રચ્યા-પચ્યા રહ્યા છે. જ્યારે ભાલતિલક તો કૈવલપદની ઓળખાણ કરાવતું પ્રતીક છે. માટે લલાટમાં ધારણ કરવાથી આદિ પરમપદ પ્રાપ્ત થશે.**

### ભાવાર્થ

કૃતવી તિલકના લક્ષથી તત્ત્વાતિત અને અવિનાશી એવા અલેખના લક્ષને કેવી રીતે સમજી શકાય? આવા અવિનાશી શાશ્વત (સનાતન) નિજ કૈવલ કર્તાના લક્ષને નહીં સમજી શકવાથી વિશ્વના બધા જ મત-પંથીઓ નાશવંત ઉપાસના અને કૃતવી તિલકોના પ્રપંચ રૂપી કાદવમાં રચ્યાપચ્યા રહ્યા છે. જ્યારે ભાલતિલકનો લક્ષ તો વિશ્વના સર્જનહાર કૈવલકર્તાના પરમપદનો અધિકાર (હક્ક) ધરાવતું પ્રતીક છે તેથી જ કૈવલપદ પ્રાપ્ત કરવાના આશયવાળા મુમુક્ષુજનોએ ગુરુ આજ્ઞા મુજબ નિત્ય કપાળ પર અપરંપાર ગતિવાળું અણિઅગ્રવત્ ભાલતિલક અવશ્ય ધારણ કરવું જોઈએ, જેથી ગુરુ કૃપા થતાં પરમપદ ખૂબ જ સરળતાપૂર્વક પ્રાપ્ત કરી શકાય.

**કૈવલ મોક્ષ ઈચ્છ જીનુ ભક્તિ, ધરહી તિલક અણી અગ્ર સંજુક્તિ;**
**ભાલતિલક શિર જેહી જન કરહી, સોહી નમુને નિજપદ સંચરહી. ૧૧૬**

### શબ્દાર્થ

**કૈવલ મોક્ષ** = કૈવલ મોક્ષની **ઈચ્છ** = ઈચ્છાથી **જીનુ** = જેઓ **ભક્તિ** = ભક્તિ કરે છે **ધરહી** = ધારણ કરવું **તિલક** = તિલક **અણી અગ્ર**= અણિઅગ્રવાળું **સંજુક્તિ** = સંયુક્ત થયેલું, જોડાયેલું **ભાલતિલક** = ભાલતિલક **શિર** = મસ્તક ઉપર **જેહી** = જે **જન** = માનવો **કરહી** = કરે છે **સોહી** = તે **નમુને** = નમૂના મુજબ **નિજપદ** = નિજ પરમપદ **સંચરહી** = જઈ શકશે.

### અનુવાદ

**કૈવલ મોક્ષની ઈચ્છાથી જેઓ ભક્તિ કરતા હોય, તેમણે આગળથી અણિ વડે જોડાયેલું તિલક ધારણ કરવું. જે માનવ શિર પર ભાલતિલક કરશે, તે જ નમુના મુજબ નિજપદમાં જઈ શકશે.**

### ભાવાર્થ

જે મુમુક્ષુજનો અવિનાશી એવા વિશ્વના સર્જનહાર કૈવલ કર્તાના અખંડ પરમપદ (કૈવલ મોક્ષ) પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખતા હોય તો તેમણે પ્રથમ પરમગુરુના શરણમાં જઈ ગુરુપદ ધારણ

કરવું. તેમના વચનાનુસાર જીવન જીવીને દર્શાવેલા અણિઅગ્રવત્ ભાલતિલકને પોતાના મસ્તક (કપાળ) પર અવશ્ય ધારણ કરવું. આ તિલક આગળથી અણિવાળું જોડાયેલું છે. તે નમૂના મુજબ સુરતા-નુરતાને નાસિકાના અગ્ર ભાગે સ્થિર કરીને સૂક્ષ્મણા માર્ગે ગવન કરતા આકાશતત્ત્વના પ્રણવ દ્વારા અમરમંત્રના અજપાજાપ જપવા. (લક્ષ ભજનની વિધિ અગાધ બોધ નામના ગ્રંથમાં આપેલી છે) અહીં ટૂંકમાં કહેવામાં આવ્યું છે કે જે આરતવંત મુમુક્ષુજનો ગૂઢ રહસ્યવાળું ભાલતિલક પોતાના શિર પર ધારણ કરશે તો ગુરુકૃપા થકી પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે અણિઅગ્રવત્ થઈ કાળ-માયાને ભેદીને બ્રહ્મથી પરે રહેલા પોતાના મૂળવતન રૂપી પરમપદમાં નિઃશંક જઈ શકશે.

**જો કોહુ અરથ ગુપત મત ઘેહેરુ, લહત ન મર્મ રુઠ બુધ વેરુ;**
**કરત સુરત અણી અગ્ર આકારા, સમજત સકલ અકલ સુવિચારા. ૧૧૭**

### શબ્દાર્થ

**જો કોહુ** = જો કોઈ **અરથ** = ઉદ્દેશ, પ્રયોજન **ગુપત** = ગુપ્ત, ખાનગી **મત** = મર્મ, અભિપ્રાય **ઘેહેરુ** = ગહન, ઊંડો **લહત ન**= ન જાણી શકે **મર્મ** = અભિપ્રાય **રુઠ** = રુઠવું, કોપવું, કોપાયમાન થવું **બુધ** = બુદ્ધિ **વેરુ** = શત્રુ **કરત** = કરીને **સુરત** = સુરતા **અણી અગ્ર** = આગળથી અણિયાળી **આકારા** = આકારવાળું **સમજત** = સમજી શકે **સકલ** = સર્વે, બધા **અકલ** = અકળિત, કળ્યામાં ન આવે તેવા **સુવિચારા** = સારા વિચારવાળા.

### અનુવાદ

**પોતાની બુદ્ધિ સાથે દુશ્મનાવટ રાખીને, રૂઠેલા અને બુદ્ધિહીન માનવો આ ગુપ્ત અને ગહન (ગૂઢ) ઉદ્દેશને સમજી શકતા નથી, પરંતુ જો કોઈ સુવિચારી પુરુષો પોતાની સુરતાને અણિઅગ્ર આકારવાળી કરશે, તે સૌ કળી ન શકાય તેવા અકળ મર્મને સમજી શકશે.**

### ભાવાર્થ

પોતાની બુદ્ધિ સાથે સતત દુશ્મનાવટ રાખતાં અને કોઈની પાસેથી બુદ્ધિરૂપ શિખામણ લેવા રાજી નથી પણ ક્રોધી સ્વભાવવાળા બુદ્ધિહીન માનવો અગાઉ દર્શાવેલા ભાલતિલકના ગહન અને ગુપ્ત મર્મને સમજી શકતા નથી, પરંતુ જેણે પોતાની સુરતાને અણિઅગ્ર આકારવાળી કરી છે તેવા બુદ્ધિમાન પુરુષો સહેલાઈથી કળી ન શકાય તેવા ગૂઢાર્થ ભરેલા ઉદ્દેશને ખૂબ જ સરળતાપૂર્વક સમજી શકશે.

**અણી અગ્રેવ લક્ષ તિલક સો ભાલા, મિટે ભવ ફરન જો ધરહી સકાલા;**
**તિલક ભાલ ઓળખાણ અગમકી, અણિ અંકુર ઉત્પન્ન જીવ જનકી. ૧૧૮**

### શબ્દાર્થ

**અણી અગ્રેવ** = આગળથી અણિયાળી **લક્ષ** = લક્ષ **તિલક સો ભાલા** = ભાલતિલકનો છે **મિટે** = મટી જાય

**ભવ ફરન** = ભવમાં ફેરા ફરવાનું **જો** = જો, જે **ધરહી** = ધારણ કરે **સકાલા** = જીવન પર્યંત, સર્વકાળ **તિલક ભાલ** = ભાલતિલક **ઓળખાણ** = ઓળખાણ કરનારું **અગમકી** = અગમ પદની **અણિ અંકુર** = અણિ અંકુરથી **ઉત્પન્ન** = ઉત્પત્તિ થઈ છે **જીવ** = જીવો, અંશોની **જનકી** = માનવીની, ઘાટની.

## અનુવાદ

**ભાલતિલકનો લક્ષ અણિઅગ્રવાળો હોવાથી જે માનવી જીવનપર્યંત તેને ધારણ કરશે તેને ભવનાં ફેરા ફરવાનું મટી જશે. વળી, ભાલતિલક અગમ પદની ઓળખાણ કરાવનારું છે કારણ કે ઘાટો સહિત અંશોની ઉત્પત્તિનું અંકુર પણ અણિયાળું છે.**

## ભાવાર્થ

ભાલતિલકનો લક્ષ અણિઅગ્રવાળો, ગુપ્ત અને ગૂઢ છે માટે જે કોઈ મુમુક્ષુ જન ભાલતિલકને જીવન પર્યંત ધારણ કરશે તેના જન્મ-મરણના ફેરા અવશ્ય ટળી જશે. એટલે કે કાળ અને માયાના બંધનમાંથી મુક્ત થઈ જશે.

દરેક જીવ-જંતુથી માંડીને દેવ, દાનવ અને માનવ સુધી તમામ નાના-મોટા ઘાટોની ઉત્પત્તિની આદ્ય લઈ ચૈતન અંશ સહિતની સર્વે રચના અણિઅગ્રરૂપ અંકુરમાંથી થઈ છે. ભાલતિલકનો લક્ષ ઉત્પત્તિના ઉદ્દેશને સમજાવતો હોવાથી જરૂર કહી શકાય કે ભાલતિલક અગમપદની ઓળખાણ કરાવનાર છે.

**ઓર છાપ ગુણ ઈશ ઓરલાની, તિલક ભાલ ઘર ઠેઠ નિશાની;**
**તિલક ભાલ તેહુત્યે ચક્રવર્તિ, અનંત બ્રહ્માંડ દ્વીપ સપ્ત ધરતી. ૧૧૯**

## શબ્દાર્થ

**ઓર** = બીજા **છાપ** = પ્રતીક **ગુણ** = ત્રણ ગુણો **ઈશ** = અવતારાદિક ઈશ્વર **ઓરલાની** = આ બાજુના **તિલક ભાલ** = ભાલતિલક **ઘર ઠેઠ** = મૂળ કૈવલધામની **નિશાની** = નિશાની છે **તિલક ભાલ** = ભાલતિલક **તેહુત્યે** = તે માટે જ, તેથી જ **ચક્રવર્તિ** = ચક્રવર્તી છે **અનંત** = જેનો કોઈ છેડો નથી તેવું, અમાપ **બ્રહ્માંડ** = બ્રહ્મભૂમિકામાં આકાર પામેલી સઘળી રચના **દ્વીપ** = દ્વિપ **સપ્ત** = સાત **ધરતી**= પૃથ્વી.

## અનુવાદ

**બીજા પ્રતીકો આ લોકના સગુણ દેવ-દેવીઓની નિશાની છે. જ્યારે ભાલતિલક તો મૂળ કૈવલધામના ઘરની નિશાની છે. તેથી તે ભાલતિલક પૃથ્વીના સાત દ્વિપ સહિત અનંત બ્રહ્માંડમાં ચક્રવર્તી છે.**

## ભાવાર્થ

વિશ્વમાં ચાલતી સગુણ ઉપાસનાઓના ઈષ્ટ દેવતાઓની નિશાની સ્વરૂપે રહેલાં બધાં તિલકો

જગત પક્ષનાં હોઈ ક્ષતવી છે. જ્યારે ભાલતિલક તો છેવટના નિજ કૈવલપદ રૂપ અખંડ કૈવલધામના લક્ષને દર્શાવતું પ્રતીક છે. તેથી પૃથ્વી પરના સાત દ્વિપમાં અને જેનો કોઈ છેડો નથી એવા બ્રહ્મ રૂપ ભૂમિકામાં અર્થાત્ સર્જનહાર દ્વારા સર્જન કરવામાં આવેલ સઘળી રચના રૂપ બ્રહ્માંડમાં તે ચક્રવર્તી છે.

**ભાલતિલક ઓરુ ભજન કૈવલકા, જમ જુથ કુલ નહીં ડરપ અમલકા;**
**તિલક ભાલ અનુભવ એહી નિરણુ, મહિમા અતુલ ગતિ કાહા મમ બરણુ. ૧૨૦**

### શબ્દાર્થ

**ભાલતિલક** = ભાલતિલક **ઓરુ** = અને **ભજન કૈવલકા** =કૈવલ કર્તા (સર્જનહાર)નું ધ્યાન, ભજનથી **જમ જુથ** = યમરાજાનો સમૂહ (યમના દૂતોનું ટોળું) **કુલ** = બધાય, સર્વે, કુળ **નહીં** = નહીં, નથી **ડરપ** = ડર, બીક, ભય **અમલકા** = અમલનો, શાસનનો **તિલક ભાલ** = ભાલતિલકના **અનુભવ** = અનુભવને, પોતાની જાતે જાણવું તે **એહી** = એ જ **નિરણુ** = નિર્ણય કરવો, બતાવવું **મહિમા** = મહિમા, પ્રતાપ **અતુલ ગતિ** = ગતિ (સમજ), તુલના (સરખામણી)ન થઈ શકે તેવી ગતિ(સમજ) **કાહા** = કેટલું **મમ** = હું **બરણુ** = વર્ણન કરું.

### અનુવાદ

**ભાલતિલક ધારણ કરવાથી અને કૈવલનું ભજન કરવાથી યમદૂતના ટોળાંના અમલનો ડર રહેતો નથી. ભાલતિલકના આ અનુભવનો નિર્ણય કરીને હું તેનો મહિમા અને અતુલ્ય ગતિનું કેટલુંક વર્ણન કરું ?**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે જંગમ તિલકમણિ નામના આ સ્કંધમાં ભાલતિલકનો મહિમાનો ગૂઢાર્થ ભરેલો ઉપદેશ સરળ અને ન્યાયપૂર્ણ રીતે સમજાવ્યો છે. તેઓએ જણાવ્યું છે કે ભાલતિલક માટે જે વર્ણન કર્યું તેની તુલના અન્ય તિલકો સાથે થઈ શકે તેમ નથી. વળી ભાલતિલક કરવાથી અને કૈવલ કર્તાનું ધ્યાન ભજન ધરવાથી યમરાજના કુળમાંથી (ડરાવવા માટે) યમદૂતોનાં ટોળેટોળાં આવે તો પણ તેના અમલનો સહેજ પણ ડર રહેતો નથી. (યમના દૂતનો અમલ અર્થાત્ જીવાત્માને નર્કમાં લઈ જવો) એટલે કે જે ભાલતિલક અને કૈવલકર્તાનું સ્મરણ કરે છે તેને યમદૂતો નર્કમાં લઈ જઈ શકતા નથી. એવા ભાલતિલકનો મહિમા અપરંપાર છે.

**જાહિતે સબંધ નિજ પદ અનુરાગા, કયૌ ન કરહી તેહી તિલક અભાગા;**
**નિજ પદ લક્ષ કૈવલ સદ સોઈ, તાહિકે તિલક ભાલ કહેહુ જે મોઈ. ૧૨૧**

### શબ્દાર્થ

**જાહિતે** = જેનો **સબંધ** = સંબંધ, જોડાણ **નિજ પદ** = આદિ પરમપદ સાથે **અનુરાગા** = પ્રેમપૂર્વકનો છે **કયૌ** = શા માટે

**ન** = નહીં **કરહી** = કરતા **તેહી** = તે **તિલક** = ભાલતિલક **અભાગા** = અભાગી, ભાગ્ય વિનાનું **નિજ પદ** = આદિ પરમપદ **લક્ષ** = લક્ષ **કેવલ** = કૈવલ કર્તા **સદ** = શાશ્વત **સોઇ** = તેમનો **તાહિકે** = તે માટે **તિલક ભાલ** = ભાલતિલક **કહેહુ** = કહુ છું **જે** = જે **મોઇ** = હું.

### અનુવાદ

**જેનો (જે તિલકનો) અનુરાગપૂર્ણ સંબંધ નિજપદ સાથે છે. તેવું તિલક હે અભાગિયાઓ ! શા માટે (ધારણ) કરતા નથી ? નિજ કૈવલપદનો તે જ સાચો લક્ષ છે. તે માટે જ હું તમને ભાલતિલક ધારણ કરવા માટે કહું છું.**

### ભાવાર્થ

ભાલતિલકનો સંબંધ પોતાના નિજ ઘર (પરમપદ) સાથે સીધે સીધો જોડાયેલો છે. આ ભાલતિલક ધારણ કરવાથી આપણા હૃદયમાં કર્તા પ્રત્યે દૃઢ પ્રીતિ (અનુરાગ) પેદા થાય છે અને ઉર્ધ્વગમન માટે અણિઅગ્ર સ્વરૂપે થવાની સતત યાદ અપાવે છે. તેવા ભાલતિલકને વિશ્વમાં જે જીવો ધારણ કરતા નથી, તેઓ ખરેખર અભાગી જીવો જ કહેવાય. નિજ પદનો લક્ષ શાશ્વત સકર્તા પતિ (કૈવલ કર્તા) સાથે મેળાપ કરાવી આપે છે. પરમપદ સાથે દૃઢ જોડાણ (સંબંધ) કરી આપનારું ભાલતિલકનું પ્રતીક છે. તેથી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા તેવા ભાલતિલકને ધારણ કરવા માટે કહેવામાં આવ્યું છે.

**કહુ જીનુ વરણ તિલક રંગ વેશા, રક્ત શ્વેત ઉભયે અણિ રેષા;**
**અબ તુમ સંત સકલ મમ દાસુ, ધરો એહી તિલક નિશંખ નિસવાસુ. ૧૨૨**

### શબ્દાર્થ

**કહુ** = કહુ છું, વર્ણવું છું **જીનુ** = જેનું **વરણ** = રંગ, વર્ણ, દેખાવ **તિલક** = ભાલતિલકનો **રંગ** = રંગ **વેશા** = સ્વરૂપ, દેખાવ **રક્ત** = લાલ **શ્વેત** = સફેદ **ઉભયે** = બંને બાજુ - બંને **અણિ રેષા** = આગળથી અણિયુક્ત રેખાઓ **અબ** = હવે **તુમ** = તમો **સંત** = સંતજનો **સકલ** = બધા, સર્વે **મમ** = મારા **દાસુ** = સેવકો **ધરો** = ધારણ કરો **એહી** = તેના જેવું, આ **તિલક** = ભાલતિલક **નિશંખ** = શંકા વગર, નિઃશંક, નિશ્ચયપૂર્વક **નિસવાસુ**= વિશ્વાસપૂર્વક, વિશ્વાસ ધારણ કરીને, હિંમતથી.

### અનુવાદ

**હવે(ભાલ) તિલકનો રંગ અને સ્વરૂપ વર્ણવું છું. વચ્ચે લાલ અને બંને બાજુ અણિયાળી સફેદ રેખાઓ કરવી. હે મારા સંતો અને સેવકો! આ જ (ભાલ) તિલક નિશ્ચયપૂર્વક અને નિઃશંકપણે ધારણ કરો.**

### ભાવાર્થ

બાહ્ય ભાલતિલક કેવું હોવું જોઈએ તે માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અહીં વર્ણન કર્યું

છે. કપાળ પર વચ્ચે ભાલાના આકાર જેવું (કુમકુમથી) લાલ ચિહ્ન કરવું. તેની બંને બાજુ સફેદ ચંદનની ઉપર જતા અણિઅગ્ર બને તેવી બે રેખાઓ કરવી. આ રીતે કપાળ (ભાલપ્રદેશ)માં ભાલા આકારનું અણિવાળું ભાલતિલક બનશે. આ પ્રમાણેનું ભાલતિલક પરમગુરુમાં પૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખતા દરેક કાયમપંથી સંતો અને ભક્તજનોએ પોતાના કપાળ પર અવશ્ય ધારણ કરવું. આ તિલકને ધારણ કર્યા પછી કોઈપણ જાતની શરમ, શંકા કે ડર રાખવાની જરૂર નથી.

**અતિ દઢ અડંગ મતે મસ્તાને, ફરો ફંદ ફરક તરક જગ જાને;**
**નિડર નિહંગ સિંઘ સમ સાધુ, રહો ઉત્કૃષ્ટ સૃષ્ટ નહીં બાધુ. ૧૨૩**

### શબ્દાર્થ

**અતિ** = વિશેષ, અધિકતમ, અતિશય **દઢ** = દઢતા લાવીને, નિશ્ચયપૂર્વક **અડંગ** = અચળ, ડગ્યા સિવાય **મતે** = મતથી **મસ્તાને** = મસ્ત બનીને **ફરો** = ફરો **ફંદ** = માયાના બંધનોથી **ફરક** = તફાવત **તરક** = તર્કમય, તાર્કિક રીતે **જગ** = જગત **જાને** = સમજી શકે, જાણે તેવી રીતે **નિડર** = ડર્યા વગર **નિહંગ** = પોતાના સ્વ-સ્વરૂપમાં વૃત્તિ સ્થિર પામેલા **સિંઘ** = સિંહ **સમ** = સમાન **સાધુ** = સાધુઓ **રહો** = રહો - રહેવું **ઉત્કૃષ્ટ** = સૌથી શ્રેષ્ઠ ગતિથી **સૃષ્ટ** = સૃષ્ટિમાં, જગતમાં **નહીં** = નહીં **બાધુ** = રુકાવટ, અડચણ, મુશ્કેલી.

### અનુવાદ

**અત્યંત દઢતાપૂર્વકના (માયાના) બંધનોથી મુક્ત થઈ પોતાના મતમાં જ મસ્ત બનીને અડગપણે ફરો કે જેથી જગત તેનો તાર્કિક રીતે તફાવત સમજી શકે. આ પ્રમાણે હે મારા સિંહ સમાન સાધુઓ! આ શ્રેષ્ઠ ગતિ દ્વારા નિજસ્વરૂપમાં વૃત્તિ સ્થિર કરીને(કોઈપણ) સૃષ્ટિમાં મુશ્કેલી સિવાય ભ્રમણ કરો.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ભેખધારી સાધુઓને ઉદ્દેશીને ભાલતિલકના પ્રભાવ (મહિમા) નું વર્ણન કરતાં જણાવે છે કે વિશ્વમાં અત્યંત દઢતાપૂર્વક, પોતાના મતમાં મસ્તાના બનીને, સંસારના માયિક બંધનોથી મુક્ત થઈ એવી રીતે જીવન જીવો કે આખુ જગત તમને અન્યના કરતાં ભિન્ન દષ્ટિથી નિહાળે. હંમેશાં નિજ સ્વરૂપમાં લીન બનીને કોઈપણ જાતનો ડર રાખ્યા સિવાય સમગ્ર વિશ્વમાં વિચરણ કરવું જોઈએ. જેવી રીતે જંગલમાં સિંહ નિર્ભયતાપૂર્વક વિચરી શકે તેવી રીતે સાધુઓએ પણ તિલક ધારણ કરીને તેની શ્રેષ્ઠ ગતિ પ્રાપ્ત કરીને પોતાના સ્વ-સ્વરૂપમાં મસ્ત બની કોઈપણ જાતનો ડર રાખ્યા સિવાય સમસ્ત વિશ્વમાં ફરવું.

**એહી વિધિ વિચરત નર ઓરુ નારી, સોહી જન કૈવલપદ અધિકારી;**
**તેહી અધિકાર સાર શ્રુતિ અંતુ, યાહિત્યે અધિક નહીં પદ પરમંતુ. ૧૨૪**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ રીતે, આ પ્રમાણે **વિચરત** = ફરો, ફરે (આચરણ કરે) **નર** = પુરુષો **ઓરુ** = અને **નારી** = સ્ત્રીઓ **સોહી** = તે જ **જન** = માનવો **કેવલપદ** = કૈવલપદના **અધિકારી** = લાયકાત, અધિકારને પ્રાપ્ત કરવા યોગ્ય **તેહી** = તે **અધિકાર** = અધિકાર **સાર** = સાર રૂપે **શ્રુતિ અંતુ** = વેદના છેવટનો છે **યાહિત્ય** = તેનાથી **અધિક** = વિશેષ **નહીં** = નથી **પદ** = પદ **પરમંતુ** = અન્ય કોઈ, આનાથી શ્રેષ્ઠ બીજુ કોઈ.

### અનુવાદ

**એ પ્રમાણે જે સ્ત્રી અને પુરુષો આચરણ કરશે તે માનવી કૈવલપદના અધિકારી બનશે. વેદના સાર કરતાં પણ આ અધિકાર છેવટનો છે માટે એથી અધિક અન્ય કોઈ શ્રેષ્ઠ પદ નથી.**

### ભાવાર્થ

પ્રત્યેક સ્ત્રી અને પુરુષોએ અગાઉ દર્શાવ્યા પ્રમાણેનું ભાલતિલક કપાળમાં ધારણ કરીને શુદ્ધ રહેણી-કરણીથી જીવન વિતાવવું જોઈએ. આ રીતે પરમગુરુના શુદ્ધ ઉપાસક બની જીવન જીવશે તો તેવા ગૃહસ્થી માનવો નિજ પરમપદના અધિકારી બનશે. અહીં પરમપદને પામવાના ઉદ્દેશ તરફ જ અંગુલિનિર્દેશ કરેલો છે. કારણ કે પરમપદ(નિજ ઘર) સિવાય બીજું કોઈપણ શ્રેષ્ઠત્તમ પદ નથી. વેદમાં જે અંતિમ અને શ્રેષ્ઠ સાર કહ્યો છે તેથી પણ અધિક કાંઈ હોય તો તે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા દર્શાવેલ આ ભાલતિલકનો લક્ષ છે. તેનાથી અધિક શ્રેષ્ઠ પદ વિશ્વમાં અન્ય નથી.

**એહી નિજ તિલક નિરુપણ, ખુદ ઘર કા શિર તોર;**
**તેહી તજી ઓર તન અરચહી, નિજ પતિનકે અતિ ચોર. ૧૨૫**

### શબ્દાર્થ

**એહી** = આ, એજ **નિજ તિલક** = નિજ ભાલતિલક **નિરુપણ** = નિરુપણ(વર્ણન)કરવામાં આવ્યું છે તે, દર્શાવવામાં આવ્યું છે તે **ખુદ ઘરકા** = મૂળ ધામના, નિજ ધામના **શિર** = મસ્તક પરના **તોર** = તોરા સમાન, કલગી સમાન **તેહી** = તેને **તજી** = ત્યજીને, છોડી દઈને **ઓર** = અન્ય, બીજા **તન** = શરીર પર **અરચહી** = ધારણ કરશે **નિજ પતિનકે** = આદિ સર્જનહારના **અતિ** = મહાન **ચોર** = ચોરી કરનાર, ચોર કહેવાશે.

### અનુવાદ

**આ રીતે વર્ણવાયેલું નિજ તિલક એ નિજ ઘરના શિર પર (કલગી) તોરા સમાન છે. તે ત્યજીને શરીર પર અન્ય (તિલક) ધારણ કરનાર નિજ પતિનો મહાન ચોર કહેવાશે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે જે ભાલતિલકની રચના કરી છે તે તિલક નિજ કૈવલધામના તોરા રૂપે છે. એટલું જ નહીં, પરંતુ અંશે જે શરીર ધારણ કર્યું છે તે શરીર માટે પણ ભાલતિલક તોરા (યશ

કલગી) સમાન છે. અર્થાત્ માનવ શરીરના મસ્તક પર ભાલતિલક તોરા (કલગી)ની જેમ શોભા વધારે છે અને સાથે સાથે નિજ ઘરે જવા માટેની ગતિની સતત યાદ અપાવનારુ આ ભાલતિલક સર્વોત્તમ તિલક છે. સકર્તા સિદ્ધાંત અપનાવેલા અને પરમગુરુનું શરણું સ્વીકારેલા દરેક સંત, ભક્ત, સજ્જન, નર, નારી, આબાલ વૃદ્ધ દરેક કાયમપંથી અનુયાયીઓ, આ તિલક સિવાય પોતાના મસ્તક પર કોઈ અન્ય તિલક ધારણ કરશે તો તેઓ ખરેખર નિજ પતિ સર્જનહારના મહાન ગુનેગાર (મહાચોર) કહેવાશે.

**અચુત સચીત ચિત વિમલ હી, સમલ સજેહુ જેહી સાજ;**
**કહે કુવેર સો પ્રભાવન કી, સૂનહુ નારણ ગતિ રાજ. ૧૨૬**

### શબ્દાર્થ

**અચુત** = અજન્મા- માદાની યોનીમાંથી પ્રસવ ન પામેલા **સચીત** = પોતાના શુદ્ધ ચિત્તે(સજાણજાણ ચિત્તે) **ચિત** = ચિંતવનથી - જાણ થકી **વિમલ હી** = મળ રહિત છે **સમલ** = મળવાળો, વિકારવાળો **સજેહુ** = રચના કરી છે **જેહી** = તે **સાજ** = વપરાયેલા સરસામાન, તત્ત્વોવાળી સમગ્ર રચના **કહે કુવેર** = કુવેર સ્વામી કહે છે કે **સો** = તેના **પ્રભાવન કી** = પ્રભાવનું, પરાક્રમનું **સૂનહુ** = સાંભળો **નારણ** = પરમ પૂજ્ય નારણદાસજી મહારાજ **ગતિ** = શક્તિ, સમજ **રાજ** = ભેદ, રહસ્ય.

### અનુવાદ

**અજન્મા (અયોનિ) એવા સર્જનહારે શુદ્ધ સજાણજાણથી (સંકલ્પ દ્વારા) પોતે વળ રહિત હોવા છતાં વળભરીને રચનાનો જે સાજ સજ્યો છે તેવા કર્તાના પરાક્રમને (પ્રભાવને) હું જણાવું છું, કુવેરસ્વામી કહે છે કે હે નારણદાસ ! તમે સાંભળો.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કુવેરસ્વામી સઘળા સંતોમાં શ્રેષ્ઠ સમજવાળા પૂજ્ય નારણદાસ મહારાજને ઉદ્દેશીને કહે છે કે સૃષ્ટિના સર્જનહાર તો અજન્મા (અયોની)છે. તેઓ પોતે વળ રહિત છે. તેમ છતાં તેમણે પોતે શુદ્ધ સંકલ્પ કરીને વળ ભરીને આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. હવે પછીના સ્કંધમાં તેઓ સૃષ્ટિનાં સર્જનની ગતિનો પ્રભાવ તથા રહસ્ય જણાવે છે.

# નિજપતિ પરમ પ્રભાવ
# સ્કંધ ૪



**કૈવલપદ પ્રચંડ પ્રમેતુ, સકલ જીવનનું સુખદ સદ ખેતુ;**
**સર્વ સિદ્ધાંત સાર સદ એહી, અજર અમર અવિગત પતિ જેહી. ૧**

## શબ્દાર્થ

**કૈવલપદ** = કૈવલપદ **પ્રચંડ** = ખૂબ વિશાળ, કદાવર **પ્રમેતુ** = પ્રમાણ દ્વારા જાણી શકાય તેવું, પ્રમાણ જન્ય **સકલ** = સર્વ **જીવનનું** = જીવોનું, ઘાટોનું **સુખદ** = કલ્યાણકારી, સુખ આપનારું **સદ** = શાશ્વત **ખેતુ** = ખેતર, ધામ, ઉત્પત્તિ કેન્દ્ર, ક્ષેત્ર **સર્વ સિદ્ધાંત** = બધા જ સિદ્ધાંતનો **સાર** = સારાંશ **સદ** = સત્યરુપ, શાશ્વતરુપ **એહી** = એ જ છે **અજર** = જરી ન શકે તેવું, ક્ષીણ ન થાય તેવું **અમર** = મૃત્યુ ન થાય અથવા નાશ ન થાય તેવા અવિનાશી **અવિગત** = જાણ્યામાં ન આવે તેવું, નિત્ય, નિરાકાર, અવ્યક્ત **પતિ** = સ્વામી **જેહી** = જેમનું, જે.

## અનુવાદ

**કૈવલપદ પ્રચંડ અને પ્રમાણિત છે. તે સમસ્ત જીવોને શાશ્વત સુખ આપનાર ક્ષેત્ર(ધામ) છે. સર્વ સિદ્ધાંતોના નિચોડ રૂપે એ જ સત્યરૂપ પદ છે કે જેના સ્વામી અજર, અમર અને અવિગત છે.**

## ભાવાર્થ

સૃષ્ટિના રચયિતા સકર્તા સર્જનહાર કૈવલ કર્તા તમામ જીવોના સ્વામી છે. તેમનું પદ દરેક પ્રકારના અંશોને શાશ્વત સુખ આપનારું નિજ ધામ છે. તે કૈવલધામમાં બિરાજમાન કૈવલકર્તા અજન્મા, અવિનાશી અને નિત્ય છે. તે કૈવલધામ ખૂબ જ વિશાળ અને તત્ત્વાતિત છે, તે (ધામ) ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ અને કુરાનમાં દર્શાવેલ સિદ્ધાંતની આદ્ય લઈ વિશ્વના તમામ સિદ્ધાંતોના સારાંશ રૂપે હોઈ સત્ય છે.

**કરમ કાલ બિન શ્રમ મમ ભેવા, આદ્ય અંત મધ્ય તંત સદેવા;**
**મચલ મજોન વ્યોમ ગત સહેજા, સદાહી સર્વદા ચકવે પદ પેજા. ૨**

## શબ્દાર્થ

**કરમ** = કર્મોના **કાલ** = કાળનો **બિન** = વિના, વગર **શ્રમ** = શ્રમ **મમ** = મારો **ભેવા** = અનુભવ **આદ્ય** = આદિમાં, પ્રથમ **અંત** = છેવટે **મધ્ય** = મધ્યમાં, પ્રસારામાં **તંત** = પોતાની જાતે, એકસરખું, પૂર્ણ રીતે **સદેવા** = સદા, સર્વદા **મચલ** = સ્થિર **મજોન** = અજન્મા **વ્યોમ ગત** = પ્રચંડ, અપાર શક્તિવાળુ **સહેજા** = સહેજાસહેજ રીતે **સદાહી** = કાયમ, હંમેશા **સર્વદા** = હંમેશા **ચકવે** = ચક્રવર્તી પણે **પદ પેજા** = પદને ધારણ કરેલું.

## અનુવાદ

**મારા અનુભવ પ્રમાણે કૈવલપદ આદ્ય, મધ્ય અને અંતમાં સદૈવ કર્મ, કાળ અને શ્રમથી રહિત છે. તે પદ અજન્મા, સ્થિર પ્રચંડ શક્તિ ધરાવતું (વ્યોમગત) અને હંમેશાં સહજ તથા સર્વશ્રેષ્ઠ હોઈ ચક્રવર્તી છે કે જે પદમાં મારો વિશ્રામ છે.**

### ભાવાર્થ

સર્જનહારનું પરમપદ કાળકર્મથી રહિત હોવાથી, કાળચક્રની અસર તેને વર્તાતી નથી. એટલે કે બાલ્યાવસ્થા, યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થાની અસર વર્તતી નથી. તેમજ આદ્ય, મધ્ય અને અંતમાં (સદા-સદોદિત) એક સમાન રહે છે. પરમ (મહા) શૂન્યમાં તે અડોલ રહેલું છે. તે અજન્મા અને પ્રચંડ શક્તિ ધરાવતું પદ છે. એટલું જ નહીં, પરંતુ તે સહજ, વ્યોમગત, સદાસર્વદા અને સર્વશ્રેષ્ઠ હોઈ ચક્રવર્તી છે અને સર્વને ધારણ કરનારું છે. એવા અવર્ણનીય તેમજ તત્ત્વાતિત પરમ(કૈવલ) ધામમાં પરમગુરુ સદાને માટે રહે છે.

**આવન જાવન ગવન બિનુ જેહી, જયૌકા ત્યૌ અદ્વૈત વિત્ત તેહી;**
**અધર આસન તિત તખત સધામા, નિજપતિ બસત પ્રસિધ્ધ બહુ નામા. ૩**

### શબ્દાર્થ

**આવન** = આવવું **જાવન** = જવું **ગવન** = ચાલવું **બિનુ** = વિના **જેહી** = તે **જયૌકા ત્યૌ** = જેમ છે તેમ, જ્યાં છે ત્યાં **અદ્વૈત** = પૂર્ણ, અખંડ સ્વરૂપે, અદ્વૈત **વિત્ત** = વિત્ત **તેહી** = તે **અધર** = અધ્ધર, કોઈના આધાર વિનાનું, ઉચ્ચ, અચલ **આસન** = બેઠક **તિત** = પર **તખત** = સિંહાસન **સધામા** = સ્વધામમાં, પોતાના જ ધામમાં **નિજપતિ** = નિજકર્તા **બસત** = વસે છે **પ્રસિધ્ધ** = લોકોમાં જાહેર થયેલ, વિખ્યાત **બહુ નામા** = બહુનામી.

### અનુવાદ

**નિજકર્તા કદાપિ (નિજ ધામેથી) આવતા જતા કે ગમન કરતા નથી. જ્યાં છે ત્યાં જ અદ્વૈત વિત્ત રૂપે, અનેક નામોથી પ્રસિદ્ધ એવા નિજપતિ પોતાના ધામમાં ઉચ્ચ આસન પર બિરાજમાન છે.**

### ભાવાર્થ

સૃષ્ટિના સર્જનહાર કૈવલ કર્તા અંતરિક્ષમાં આવેલા કૈવલધામમાં જ અટલ આસને સદા સર્વદા અદ્વૈત વિત્ત રૂપે બિરાજમાન રહે છે. તેઓ પોતાની બનાવેલી રચનામાં કદી પણ અવતાર ધારણ કરીને આવતા કે જતા નથી. અર્થાત્ પોતાના ધામમાંથી કદી પણ ચલાયમાન થતા નથી. વિશ્વના સર્જનહારને લોકો અનેક નામોથી સંબોધન કરે છે, પરંતુ પરમગુરુએ તેમને આદ્ય, સક્રત, સ્વરાજ, કરુણેશ અને કૈવલ એમ પાંચ વિશેષણોથી નવાજેલા છે. એવા રૂપ અરૂપથી પર રહેલા સર્વાતિત અને તત્ત્વાતિત સર્જનહાર અંતરિક્ષમાં આધાર રહિત કૈવલધામમાં જ અધ્ધર તખત પર બિરાજમાન છે.

**ચૈતન હંશ વંશ જગ જીનકે, સુનહો સકલ ઉત્પન્ન પુનિ તિનકે;**
**નિજ કૈવલપદ પરમ આદિતા, વ્યાપક બ્રહ્મ જેનું તેજ સદિતા. ૪**

### શબ્દાર્થ

**ચૈતન હંશ** = ચૈતન અંશ **વંશ** = વંશ **જગ** = જગતના **જીનકે** = જેમના **સુનહો** = સાંભળો **સકલ** = સર્વે **ઉત્પન્ન** = ઉત્પત્તિ **પુનિ** = શુદ્ધ, વિકાર રહિત, પવિત્ર **તિનકે** = તેમની **નિજ કેવલપદ** = નિજ કૈવલપદ **પરમ** = શ્રેષ્ઠ **આદિતા** = સૂર્ય સમાન તેજસ્વી **વ્યાપક** = સચરાચર વ્યાપક **બ્રહ્મ** = બ્રહ્મ **જેનું** = તેમનું જ **તેજ** = પ્રકાશ **સદિતા** = સદાને માટે.

### અનુવાદ

**નિજ કૈવલકર્તાના વંશના જે ચૈતન અંશો આ વિશ્વમાં છે. તેમની ઉત્પત્તિની સર્વ હકીકત શ્રવણ કરો. તેમાં સૂર્યરૂપ નિજ કૈવલકર્તા છે અને તેમના પ્રકાશરૂપ વ્યાપક બ્રહ્મ હોઈ સદાને માટે અખંડ છે.**

### ભાવાર્થ

સકર્તા સર્જનહારે કોઈની પણ મદદ લીધા સિવાય પોતાના શુદ્ધ સંકલ્પથી સર્વ ઉત્પત્તિ કરી છે. તેની સઘળી હકીકત પરમગુરુ વિશ્વના માનવોને આ પંચમ શ્વસંવેદના માધ્યમ દ્વારા દર્શાવે છે. વિશ્વમાં જેટલા ચૈતન અંશો છે તે બધા જ સર્જનહારના વંશના છે. જેમ સૂર્ય એકદેશી છે જ્યારે તેનો પ્રકાશ વ્યાપક છે, તેમ સકર્તા સર્જનહાર કૈવલ કર્તા એકદેશી હોઈ તેમની રચનાની વૃદ્ધિ માટે ફેલાવેલો હિરણ્યગર્ભ ભૂમિકારૂપે રહેલો બ્રહ્મપ્રકાશ બ્રહ્માંડમાં સચરાચર વ્યાપક છે. તે બ્રહ્મ સદા સદોદિત અખંડ અને સમ ચૈતન હીર રૂપે રહેલું છે.

**મહા અંકુર પુનિ પ્રસવ ભયેઉ, જ્યોતિ સ્વરૂપ નારાયણ દરસયેવુ;**
**અસંખ્ય કાલ જ્યોતિ જગમગહી, બ્રહ્મ તેજ વ્યાપક લગ પગહી. ૫**

### શબ્દાર્થ

**મહા** = મહાન **અંકુર** = અંકુર **પુનિ** = ફરી, પછી, વિકાર રહિત, પવિત્ર **પ્રસવ** = જન્મ, ઉત્પત્તિ **ભયેઉ** = થયો, થયું, બન્યું **જ્યોતિ સ્વરૂપ** = જ્યોતિસ્વરૂપ **નારાયણ** = નારાયણ **દરસયેવુ** = દશ્યમાન થયા **અસંખ્ય કાલ** = અસંખ્યકાળ (વિશેષ) **જ્યોતિ** = જ્યોતિ સ્વરૂપ **જગમગહી** = ઝગમગતી રહી **બ્રહ્મ તેજ** = બ્રહ્મ તેજ, બ્રહ્મ રૂપી પ્રકાશમાં **વ્યાપક** = વ્યાપક રીતે **લગ** = લગી, પર્યંત, સુધી **પગહી** = વિસ્તાર, પાંગરેલું, ફેલાવો.

### અનુવાદ

**પછી તે (વ્યાપક બ્રહ્મમાંથી) મહાન અંકુરનો ઉદ્ભવ થયો જેના જ્યોતિસ્વરૂપ નારાયણ દશ્યમાન થયા, આ જ્યોતિ અનંતકાળ સુધી ઝગમગતી રહે છે. તેનું તેજ બ્રહ્મના વ્યાપ છે ત્યાં સુધી પ્રસરેલું છે.**

### ભાવાર્થ

સર્જનહારના નૂર તરીકે બ્રહ્મ સચરાચર વ્યાપેલું છે અને તેનો કોઈ અંત નથી. જ્યાં સુધી બ્રહ્મનો

પ્રકાશ છે ત્યાં સુધી સર્જનહારની રચનાનો વ્યાપ છે. સર્જનહારે તે બ્રહ્મરૂપી ભૂમિકામાં પોતાના શુદ્ધ સંકલ્પથી સઘળી રચનાઓ રચી છે. વ્યાપક બ્રહ્મના વિસ્તારવાળા પૂર્ણ ઘટકને આપણે બ્રહ્માંડ તરીકે જાણીએ છીએ. સૌપ્રથમ મહાન બીજક (અવ્યક્ત તત્ત્વ)ની ઉત્પત્તિ થઈ. તે બ્રહ્મ અગ્નિરૂપ બીજકના અંકુરમાંથી જ્યોતિ પ્રગટ થઈ, જે જ્યોતિ (પ્રકાશ) અનંતકાળ સુધી ઝગમગતી રહી અને પૂર્ણ પરિપક્વ થઈ. જેનું આખરે જ્યોતિસ્વરૂપ દૃશ્યમાન (વ્યક્તતત્ત્વ) થયું, તેને આદી નારાયણના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રસવ પામેલ જ્યોતિસ્વરૂપનું તેજ સમગ્ર બ્રહ્મના વિસ્તાર સુધી પ્રસરેલું છે.

**ભયેહુ ઈચ્છ પીછ પુરુષ નિરંજનુ, કારણ અંકુર ઉપજેહુ માયા અંજનુ;**
**મહંમાયા કારણ અંકુરહી, કેતકે કાલ તપી બ્રહ્મ ઝુરહી. ૬**

### શબ્દાર્થ

**ભયેહુ** = થયું **ઈચ્છ** = ઈચ્છાવૃત્તિ **પીછ** = પછી **પુરુષ** = કૈવલ પુરુષ **નિરંજનુ** = નિરંજન પુરુષનું **કારણ** = કારણ **અંકુર** = અંકુર (તત્ત્વ) **ઉપજેહુ** = ઉપજ્યુ **માયા અંજનુ** = અંજન રૂપી માયાનું **મહંમાયા** = મહંમાયા **કારણ** = કારણરૂપે **અંકુરહી** = અંકુરિત થયું **કેતકે** = કેટલાંક **કાલ** = કાળ **તપી** = તપીને **બ્રહ્મ ઝુરહી** = બ્રહ્મભૂમિમાં ઝારણ પામ્યું, પરિપક્વ પામ્યું.

### અનુવાદ

**ત્યારબાદ કૈવલપુરુષે ઈચ્છાવૃત્તિથી નિરંજનતત્ત્વ ઉત્પન્ન કર્યું જે અંજનરૂપી માયાના (અવ્યાક્તના) અંકુરના કારણ રૂપે છે. આ મહંમાયાનું અંકુર પણ કેટલાંક કાળ સુધી બ્રહ્મભૂમિકામાં તપીને પરિપક્વ થતાં કારણ રૂપ બન્યાં.**

### ભાવાર્થ

ત્યાર પછી સર્જનહાર કૈવલ પુરુષે પોતાની ઈચ્છાવૃત્તિથી નિરંજનતત્ત્વ ઉત્પન્ન કર્યું અને તે નિરંજનતત્ત્વમાંથી અંજન રૂપી માયાનો ઉદ્ભવ થયો. જ્યોત લાંબો સમય પ્રગટેલી રહે તો તેના અગ્ર ભાગે કાજળ રૂપ અંજન થાય છે. તે જ રીતે જ્યોતિ રૂપ નારાયણ ઘણો કાળ વિત્યા બાદ તેમાંથી મહંમાયા તત્ત્વનું રૂપ પ્રગટ થયું. આમ, બ્રહ્મરૂપ ભૂમિકામાં આ બંને મહાતત્ત્વો પરિપક્વ થયાં. એટલું જ નહીં, પરંતુ નિરંજનતત્ત્વ અને અવ્યાક્રત મહાતત્ત્વોનો પ્રભાવ પણ સમગ્ર બ્રહ્માંડમાં ભરપૂર રીતે સભરાભર વ્યાપક બન્યો. અવ્યાક્રત તત્ત્વનું અંકુર ઘણા કાળ સુધી બ્રહ્મમાં ઝૂરી ઝૂરીને તપાયમાન થતાં પરિપક્વતા પામીને વિસ્તાર પામ્યું. નિરંજન અને મહંમાયા (અવ્યાક્રત) બંને મહાતત્ત્વ તેમના પછીના તત્ત્વ જગતની ઉત્પત્તિના મૂળ કારણ રૂપે રહેલાં છે.

**ચતુર પ્રકાર વિભૂતિ વિદ્યાની, ભઈ પરિપૂરણ હિરણ્યગર્ભ ભવાની;**
**નિજ અંકુર નિરંજન વિભુ પૂરે, તયો તપ ચતુર તંત લૂ સફુરે. ૭**

### શબ્દાર્થ

**ચતુર** = ચાર **પ્રકાર** = પ્રકારની **વિભૂતિ** = ઐશ્વર્ય, અલૌકિક શક્તિ, સામર્થ્ય **વિધ્યાની** = ઉત્પન્ન **ભઈ** = થઈ **પરિપૂરણ** = પરિપૂર્ણ **હિરણ્યગર્ભ** = હિરણ્યગર્ભ **ભવાની** = મહામાયા **નિજ અંકુર** = મૂળ અંકુર (પોતાનું) **નિરંજન** = નિરંજન **વિભુ** = આશ્ચર્ય, વિભૂતિ, સામર્થ્ય **પૂરે** = પૂરીને, પોખીને **તયો** = નિશ્ચિત રીતે, પુરુ કરેલું **તપ** = તપીને **ચતુર** = ચાર **તંત** = તત્ત્વો **લૂ** = લીધા, થયા **સફુરે** = સ્ફુરાયમાન.

### અનુવાદ

**જ્યારે નિરંજને પોતાની સામર્થ્યતા નિજ અંકુરરૂપ મહામાયામાં પોખી ત્યારે હિરણ્યગર્ભ રીતે તે અંકુરો પરિપૂર્ણ રીતે તપીને નિશ્ચિતરૂપે ચાર પ્રકારના વિભૂતિવાન તત્ત્વો સ્ફુરાયમાન થયાં.**

### ભાવાર્થ

નિરંજને પોતાના સામર્થ્યથી વિત્તરૂપી વિભૂતિના અંકુરરૂપ અવ્યાક્તમાં જ્યારે પોખી ત્યારે હિરણ્યગર્ભ રીતે અવ્યાક્તના અંકુરો પરિપૂર્ણ રીતે તપીને નિશ્ચિતરૂપે ચાર પ્રકારના કારણરૂપ મહાતત્ત્વો સ્ફુરાયમાન થયાં. આ રીતે અવ્યાક્તતત્ત્વમાંથી વિભૂતિવાળા ચાર પ્રકારના કારણ તત્ત્વો - મહાતત્ત્વ કારણ, આનંદતત્ત્વ કારણ, પ્રકૃતિતત્ત્વ કારણ અને ધનંજેતત્ત્વ કારણ થયા.

**તત્ત્વ ચતુર પુનિ તાહીસે ઉપાને, પ્રથક પ્રથક કહુ જબી જગ જાને;**
**આનંદતત્ત્વ મહાતત્ત્વ તનુ જેહી, તાહીતે પ્રકૃતિતત્ત્વ ધનંજે સજેહી. ૮**

### શબ્દાર્થ

**તત્ત્વ** = તત્ત્વો **ચતુર** = ચાર **પુનિ** = વળી **તાહીસે**= તેમાંથી **ઉપાને** = ઉત્પન્ન થયાં **પ્રથક પ્રથક** = જુદાં જુદાં **કહુ** = કહું છું **જબી** = જ્યારે, ત્યારે **જગ** = જગત **જાને** = જાણે, જાણી શકે **આનંદતત્ત્વ** = આનંદતત્ત્વ **મહાતત્ત્વ** = મહાતત્ત્વ **તનુ જેહી** = જે શરીર **તાહીતે** = તેનાથી **પ્રકૃતિતત્ત્વ** = પ્રકૃતિ તત્ત્વ **ધનંજે** = ધનંજે તત્ત્વ **સજેહી** = સર્જન પામ્યું.

### અનુવાદ

**વળી, તેમાંથી ચાર તત્ત્વો ઉત્પન્ન થયાં. જગત જાણી શકે તે હેતુથી તેમના જુદા-જુદા (નામ) કહું છું. આનંદ તત્ત્વકારણ અને મહા તત્ત્વકારણનાં સ્વરૂપ ઉત્પન્ન થયાં તેમજ તેમાંથી પ્રકૃતિ તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણનું સર્જન થયું.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જગત જાણી શકે તે માટે જે રીતે અલગ-અલગ મહાતત્ત્વોની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે તે દર્શાવે છે. પ્રથમ બ્રહ્મભૂમિકામાં નિરંજન અને મહંમાયાનાં (અવ્યાક્તનાં) તત્ત્વો પરિપક્વ થયા, બાદ તે અવ્યાક્તમાંથી પ્રથમ આનંદ તત્ત્વકારણ અને બીજું મહા તત્ત્વકારણ

ઉત્પન્ન થયું. આ આનંદ તત્ત્વકારણમાંથી પ્રકૃતિ તત્ત્વકારણ અંકુરિત થયું અને મહા તત્ત્વકારણમાંથી ધનંજે તત્ત્વકારણ અંકુરિત થયું. આ રીતે અલગ-અલગ ચાર તત્ત્વકારણની ઉત્પત્તિ થઈ. એટલે કે જુદા-જુદા કાર્યક્ષેત્ર ધરાવતાં ચાર નામ વાળાં અલગ-અલગ મહાતત્ત્વો ઉત્પન્ન થયાં.

**પ્રકૃતિ ઉછાહ ચાહ જબી ભયેઉ, ત્રિગુણ અંકુર સુક્ષ્મ નિરમયેઉ;**
**ત્રિગુણ તપત કહી જૂગહી જમાવા, બ્રહ્મ તેજ સંજુકત શુદ્ધ પાવા. ૯**

### શબ્દાર્થ

**પ્રકૃતિ** = પ્રકૃતિ તત્ત્વ **ઉછાહ** = ઉત્સાહ, આનંદ **ચાહ** = ચાહના, ઈચ્છા **જબી** = જ્યારે **ભયેઉ** = થઈ **ત્રિગુણ** = ત્રણ ગુણોના તત્ત્વો **અંકુર** = અંકુરો **સુક્ષ્મ** = સૂક્ષ્મ **નિરમયેઉ** = નિર્માણ થયા **ત્રિગુણ** = ત્રણ ગુણોના તત્ત્વો **તપત** = તપ્યા **કહી જૂગહી** = અનેક યુગો સુધી **જમાવા** = જમાવ થયો, પરિપક્વ થયા **બ્રહ્મ તેજ** = બ્રહ્મનું તેજ **સંજુકત** = સાથે ભળીને **શુદ્ધ પાવા**= નિર્મળતા પ્રાપ્ત થઈ.

### અનુવાદ

**જ્યારે પ્રકૃતિ તત્ત્વકારણને આનંદ મેળવવાની ચાહના ઉત્પન્ન થઈ, ત્યારે સૂક્ષ્મ રૂપે ત્રણ ગુણોનાં અંકુરોનું નિર્માણ થયું. ત્રણ ગુણના અંકુરો બ્રહ્મમાં અનેક યુગો સુધી તપતાં પરીપક્વ થયા પછી તેમાં બ્રહ્મતેજ ભળ્યું અને નિર્મળતા પ્રાપ્ત થઈ.**

### ભાવાર્થ

જ્યારે પ્રકૃતિ તત્ત્વકારણ પરિપક્વ થયું પછી તેમાં ઉત્સાહયુક્ત ચાહના ઉત્પન્ન થઈ ત્યારે તેમાં સૂક્ષ્મ રૂપે ત્રણ ગુણના અંકુરોનો જમાવ થયો. આ રીતે ત્રણ ગુણોના તત્ત્વો અનેક યુગો સુધી બ્રહ્મભૂમિકામાં તપતાં પરિપક્વ થયા ત્યારે તેમાં બ્રહ્મનું તેજ ભળ્યું. આમ ત્રણેય ગુણોનાં તત્ત્વો પરિપક્વતા પામીને નિર્મળ સ્વરૂપે થયાં.

**ભઈ શુદ્ધ સચેત સુગમ ગતિ ચાહાઈ, સ્થૂળ અંકુર અનુકુલ ઉપજાઈ;**
**તપે બહુ કાલ તત્ત્વ પંચભૂતા, બ્રહ્મભાસ તેજુ પકે મજબુતા. ૧૦**

### શબ્દાર્થ

**ભઈ** = થયાં **શુદ્ધ** = શુદ્ધ, નિર્મળ **સચેત** = સચેતન **સુગમ** = સરળ **ગતિ** = ઈચ્છા, દશા **ચાહાઈ** = ચાહના થઈ **સ્થૂળ** = સ્થૂળ દેહના **અંકુર** = અંકુર **અનુકુલ** = અનુકૂળતા **ઉપજાઈ** = ઉત્પન્ન કર્યા **તપે**= તપ્યા **બહુ કાલ** = ઘણા કાળ પર્યંત **તત્ત્વ** = તત્ત્વો **પંચભૂતા** = પાંચ ભૂત (તત્ત્વો)ના **બ્રહ્મભાસ** = બ્રહ્મતેજમાં **તેજુ** = તે બધાં, તે તેજમાં **પકે** = પરિપક્વ થયા **મજબુતા** = મજબૂત.

## અનુવાદ

**જ્યારે શુદ્ધ અને સુગમ ગતિવાળા અંકુરો સચેતન થયાં ત્યારે સ્થૂળ દેહને (અંકુરો) અનુકૂળ તત્ત્વો ઉત્પન્ન થયાં. પંચ ભૂતનાં તત્ત્વો કેટલાયે કાળ સુધી તપ્યાં ત્યારે બ્રહ્મભૂમિકામાં તે બધાં જ તત્ત્વો પરિપક્વ થઈ મજબૂત બન્યાં.**

## ભાવાર્થ

જ્યારે ત્રણ ગુણોનાં તત્ત્વોના અંકુરો નિર્મળ અને સુગમ ગતિવાળાં થઈને સચેતન થયાં ત્યારે સ્થૂળ દેહને અનુકૂળ તત્ત્વો ઉત્પન્ન થયાં. આ પાંચ ભૂતના તત્ત્વોવાળા અંકુરો બ્રહ્મના અત્યંત તેજમાં અનેક કાળ સુધી તપી તપીને પરિપક્વ થઈ મજબૂત બન્યાં.

**સૂક્ષ્મ સ્થૂળ કારણ મહાકારણ, ભયે એ ચતુર પંચમુ પરમકારણ;**
**પરમ કારણ પરિબ્રહ્મ અરુપા, વ્યાપક સકલ સમસત્ત્વ સરુપા. ૧૧**

## શબ્દાર્થ

**સૂક્ષ્મ** = સૂક્ષ્મ દેહ **સ્થૂળ** = સ્થૂળ દેહ **કારણ** = કારણ દેહ **મહાકારણ** = મહાકારણ દેહ **ભયે** = થયા **એ** = એ **ચતુર** = ચાર **પંચમુ**= પાંચમો **પરમકારણ** = પરમકારણ દેહ **પરમ કારણ** = પરમકારણ દેહ **પરિબ્રહ્મ** = પરબ્રહ્મરૂપ **અરુપા** = અરૂપી, અદૃશ્ય સ્વરૂપે **વ્યાપક** = વ્યાપેલ, વ્યાપીને **સકલ** = બધો જ **સમસત્ત્વ** = સમશક્તિરૂપે, હીરરૂપે સમાઈને **સરુપા** = સ્વરૂપવાન, આકૃતિવાન.

## અનુવાદ

**સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એ ચાર અને પાંચમો પરમકારણ દેહ થયો, જેમાં પરમકારણ દેહ અરૂપ હોઈ પરબ્રહ્મ રૂપે છે. જે બધામાં સમાઈને હીર સ્વરૂપે વ્યાપક રહેલો છે.**

## ભાવાર્થ

ત્યાર પછી સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ, કારણ દેહ અને મહાકારણ દેહ મળી કુલ ચાર અને પાંચમા પરમકારણના અંકુરો બન્યા, જેમાં પરમકારણ દેહતો અરૂપ હોઈ પરબ્રહ્મ રૂપે (અદૃશ્ય સચરાચર વ્યાપક સ્વરૂપે) સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એમ ચાર દેહમાં સમાઈને હીર રૂપે સપ્રમાણ વ્યાપક રહેલો છે.

અથવા બીજી રીતે સમજીએતો પ્રકાશ બ્રહ્મને વિશે સકર્તાની સજાણ દૃષ્ટિરૂપ ભાવના સમશક્તિરૂપે વ્યાપક થઈ તેને પ્રકાશબ્રહ્મવૃત્તિ કહે છે. વળી તે બ્રહ્મપ્રકાશને વિશે કર્તાની સમસત્તા વ્યાપક થઈ ને આકૃત્તિવાળુ થયું છે. તેવા બ્રહ્મવૃત્તિના મહાતત્ત્વો અવ્યક્ત સ્વરૂપે વ્યાપેલા છે તે જ રીતે પરમકારણ દેહ પણ અરૂપ હોય સર્વમાં વ્યાપક રહેલો છે.

**એહી પંચ ભોમ કારણ દ્વૈત ભયેઉ, સમદમ સચર અચર અજ રહેવુ;**
**હલન ચલન વિનુ ગવન ગંભિરા, ઉપજણ પ્રસવ ખેતવત શિરા. ૧૨**

### શબ્દાર્થ

**એહી** = તે, એ, આ **પંચ** = પાંચ **ભોમ** = ભૂમિકાવાળા અંકુરો **કારણ** = કારણરૂપે **દ્વૈત** = જગત, અલગ **ભયેઉ** = પડ્યા, થયા **સમદમ** = જેમ છે તેમ સ્થિતિ **સચર અચર** = સચરાચર, સર્વવ્યાપી **અજ** = એમજ, જેમ છે તેમ સ્થિતિમાં **રહેવુ** = રહેલા છે **હલન ચલન** = હાલવુ ચાલવુ **વિનુ** = વગર **ગવન** = ગતિ **ગંભિરા** = સ્થિર, સૂનમૂન **ઉપજણ** = ધારણા **પ્રસવ** = પ્રસવ થવું, પેદાથવું, વૃદ્ધિપામવું **ખેતવત** = ક્ષેત્રવત્ **શિરા** = છાયા.

### અનુવાદ

**આ પાંચ સૃષ્ટિના કારણ રૂપે થયા, પરંતુ તે સચરાચર વ્યાપકમાં જેમ છે તેમ સમદમ પણે રહ્યા. બ્રહ્મક્ષેત્રમાં કર્તાની ધારણા મુજબ તે વૃદ્ધિ પામ્યા, પરંતુ તે કોઈપણ પ્રકારના હલન-ચલનની ગતિ વગર સૂનમૂનપણે છાયાની માફક ભૂમિકાવત્ જ રહ્યા.**

### ભાવાર્થ

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ એમ પાંચે પ્રકારના દેહના અંકુરો સૃષ્ટિના પસારાના કારણ રૂપે થયા અને તે અંકુરો સચરાચર વ્યાપક બ્રહ્મક્ષેત્રમાં પ્રસવ પામીને જેમ છે તેમ સ્થિતિમાં છાયાની જેમ ભૂમિવત્ રહ્યા. આ રીતે દરેક દેહો અંકુરિત થઈને હિરણ્યગર્ભવત્ બ્રહ્મક્ષેત્રમાં સર્જનહારે પોતાની ધારણમાં પોખ્યા મુજબના વૃદ્ધિ પામ્યા પરંતુ પ્રગટ વર્તમાન ક્રિયા વગરના એટલે કે કોઈપણ પ્રકારનાં હલન-ચલન કર્યા વગર સૂનમૂનપણે (જડવત્) છાયાની માફક જડવત્ રહ્યા. જ્યારે સર્જનહારે સર્વજ્ઞ સજાણ પણે જોયું કે આ સર્વે ઘાટના અંકુરો વૃદ્ધિ પામ્યા છતાં કોઈ ક્રિયા કરતા નથી ત્યારે છઠ્ઠી અંશવૃત્તિથી પોતાની સજાતિના ચૈતન અંશોને ઉત્પન્ન કર્યા.

**નિજ કૈવલ વૃક્ષવત્ પદ જાસે, જીવ અંકુર બીજ અનંત ઉપાસે;**
**સોહી અંકુર બીજ વિખરે વિદેશા બ્રહ્મભોમી કીયે પ્રથમ પ્રવેશા. ૧૩**

### શબ્દાર્થ

**નિજ કૈવલ** = નિજ કૈવલ કર્તા **વૃક્ષવત્** = વૃક્ષ સમાન **પદ** = પદ **જાસે** = જેવું છે **જીવ અંકુર** = જીવોના અંકુર રૂપી **બીજ** = બીજક **અનંત**= અસંખ્ય **ઉપાસે** = ઉત્પન્ન કર્યા **સોહી** = તે **અંકુર** = અંકુર રૂપી **બીજ** = બીજક **વિખરે** = વિખરાયા **વિદેશા** = વિદેશમાં **બ્રહ્મભોમી** = બ્રહ્મભૂમિકામાં **કીયે** = કર્યા **પ્રથમ** = પહેલો **પ્રવેશા** = પ્રવેશ.

### અનુવાદ

**નિજ કૈવલ કર્તાનું પદ એક વૃક્ષ સમાન છે, જેમાંથી જીવોના અંકુર રૂપી અસંખ્ય બીજકો ઉત્પન્ન**

**થયાં છે. તે અંકુર રૂપી બીજક જ્યારે (વિશ્વ રૂપી) વિદેશમાં વિખરાયા ત્યારે પ્રથમ બ્રહ્મભૂમિકામાં પ્રવેશ કર્યો.**

### ભાવાર્થ

આ રીતે જોતાં વિશ્વના સર્જનહાર નિજ કૈવલ કર્તાનું પરમપદ એક વૃક્ષ સમાન છે. કારણ કે તે પદમાંથી અસંખ્ય અંકુરો રૂપી બીજકો (અંશો) ઉત્પન્ન થયાં છે. જેમ વૃક્ષનાં બીજ વૃક્ષથી જુદા પડતાં વિખરાઈને અનેક પ્રદેશમાં વિસ્તાર પામે છે. એજ પ્રમાણે ચૈતન અંશો જ્યારે સર્જનહારથી વિખૂટા પડ્યાં ત્યારે વિદેશરૂપી સમગ્ર બ્રહ્માંડમાં વિખેરાયા અને સૌ પ્રથમ બ્રહ્મભૂમિકામાં પ્રવેશ પામ્યા. એટલે કે જે બ્રહ્મક્ષેત્ર રૂપ ભૂમિકા હતી તે ભૂમિકામાં પ્રવેશીને ક્રમશઃ પાંચ દેહની ભૂમિકામાં જવા માટે પસાર થયા.

**નિજ બીજ અંશ સંચ બિનુ શેષુ, પ્રણવ તંત બ્રહ્મહીસે ભયે વેશુ;**
**પ્રણવ તંત બ્રહ્મહીસે જબ લહેવુ, ફેરી નિરંજન ભોમમે ગરકયેવુ. ૧૪**

### શબ્દાર્થ

**નિજ બીજ અંશ** = અંશ રૂપી નિજ બીજક **સંચ બિનુ** = રૂપ, વળ વિનાના, અરૂપ **શેષુ** = વેષ, સ્વરૂપ **પ્રણવ** = પ્રણવ **તંત** = તત્ત્વ **બ્રહ્મહીસે** = બ્રહ્મમાંથી **ભયે** = બન્યું **વેશુ** = વેશવાળું **પ્રણવ તંત** = પ્રણવ તત્ત્વ **બ્રહ્મહીસે** = બ્રહ્મમાંથી **જબ લહેવુ** = જ્યારે લીધું **ફેરી** = પછીથી **નિરંજન ભોમમે** = નિરંજનની ભૂમિકામાં **ગરકયેવુ** = મુકામ કર્યો.

### અનુવાદ

**છેલ્લે ઉત્પન્ન કરેલ નિજ બીજક રૂપ અંશ વળ વિનાના સ્વરૂપે હતો. તેણે બ્રહ્મમાંથી પ્રણવ તત્ત્વનો વેશ ધારણ કર્યો. આમ, પ્રણવ તત્ત્વનો વેશ ધારણ કર્યા પછી તેણે નિરંજન ભૂમિકામાં મુકામ કર્યો.**

### ભાવાર્થ

છેલ્લી છઠ્ઠી કર્તા અંશવૃત્તિથી ઉત્પત્તિ પામેલ નિજ ચૈતન અંશ સકર્તા સર્જનહાર (કૈવલ કર્તા) થી વિખૂટો પડ્યો ત્યારે વળ રહિત અને શુદ્ધ નિર્મળ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે હતો. જ્યારે સૌ પ્રથમ બ્રહ્મભૂમિકામાંથી પસાર થયો ત્યારે ચિદાકાર બ્રહ્મમાંથી ત્રણ ચક્ષસત્ત્વ મિશ્રિત પ્રણવ તત્ત્વ રૂપી પોશાક (શણગાર) ધારણ કર્યો. આ રીતે નિજજાણ સ્વરૂપ ચૈતન અંશે પ્રણવ તત્ત્વના વેશથી સજ્જ થઈને પછી નિરંજનતત્ત્વની ભૂમિકામાં પ્રવેશીને મુકામ કર્યો.

**પુરુષ નિરંજન સો આદ નરેહા, પકે તાંહી બીજગ પ્રણવ તનુ દેહા;**
**બોહોરુ નિરંજનસે અંશ ભયે ભિન્ના, અકલ તેજ તનુ ઉન હુસે લીના. ૧૫**

### શબ્દાર્થ

**પુરુષ નિરંજન** = નિરંજન પુરુષ **સો** = તો **આદ** = આદિ **નરેહા** = રાજા, શ્રેષ્ઠ અધિપતિ **પકે** = પરિપક્વ થાય **તાંહી** = ત્યાંથી **બીજગ** = અંશરૂપી બીજક **પ્રણવ તનુ દેહા** = પ્રણવ રૂપી, ધારણ કરેલ દેહ **બોહોરુ** = પછી, ત્યારે **નિરંજનસે** = નિરંજને, નિરંજન ભૂમિકામાંથી **અંશ ભયે ભિન્ના** = અંશ જ્યારે નીકળ્યો, છૂટો પડ્યો **અકલ તેજ** = અલૌકિક તેજ **તનુ** = શરીર **ઉન હુસે લીના** = એમાંથી લીધું.

### અનુવાદ

**નિરંજન તો આદિના શ્રેષ્ઠ પુરુષ છે. અંશે જે પ્રણવનો અલંકાર ધારણ કરેલ દેહ છે તે પરિપક્વ થયો. પછી જ્યારે નિરંજન ભૂમિકામાંથી અંશ છૂટો પડ્યો ત્યારે તેમાંથી અલૌકિક તેજ લીધું.**

### ભાવાર્થ

નિરંજનતત્ત્વ આદિ અનાદિનું છે. તેના અધિષ્ઠાન દેવતા નિરંજન પુરુષ પણ આદિના શ્રેષ્ઠ પુરુષ છે. અંશ જ્યારે પ્રણવતત્ત્વનો અલંકાર ધારણ કરીને બ્રહ્મભૂમિકામાંથી નિરંજનરૂપ નૂર ભૂમિકામાં પ્રવેશ પામી પ્રણવના અલંકારવાળો દેહ તપીને પરિપક્વતા પામ્યો. નિરંજન ભૂમિકાના નૂર રૂપ અલૌકિક તેજ લીધું અને તેજના પટ સાથે ત્યાંથી છૂટો પડ્યો. આમ, કર્તાના સજાણ સ્વરૂપ અંશ હવે બ્રહ્મના ચક્ષસત્ત્વ મિશ્રિત 'પ્રણવ' અને આદિ નિરંજનના મહદ તત્ત્વવાળી ભૂમિકામાંથી 'તેજ' એમ બે પટના વેશવાળો થયો.

**અકલ તેજ તનુ નિકલંક દેહી, ધરત ધ્યાન જોગી દર્શત હે તેહી;**
**સોહી નિકલંક તન તત્ત્વહી ઉજાસા, શક્તિ ભોમ પુનિ કીયેહુ નિવાસા. ૧૬**

### શબ્દાર્થ

**અકલ** = અકળ, કળી ન શકાય તેવું, અગમ્ય **તેજ** = તેજ, પ્રકાશ **તનુ** = શરીર **નિકલંક** = કલંક રહિત, નિર્દોષ **દેહી** = દેહ **ધરત** = ધરે છે **ધ્યાન** = ધ્યાન **જોગી** = યોગીઓ **દર્શત હે** = દેખે છે, દર્શન થાય છે **તેહી** = તેને **સોહી** = તે **નિકલંક** = નિર્દોષ, કલંકરહિત **તન** = શરીર **તત્ત્વહી** = તત્ત્વયુક્ત **ઉજાસા** = પ્રકાશ, તેજ **શક્તિ** = શક્તિ **ભોમ** = ભૂમિકામાં **પુનિ** = પછી **કીયેહુ નિવાસા** = નિવાસ કર્યો.

### અનુવાદ

**આ નિષ્કલંક દેહનું તેજ અકળ છે. યોગીઓ ધ્યાન ધરીને તેનાં જ દર્શન કરે છે. તે નિષ્કલંક દેહ (પરમકારણ દેહ) પ્રાપ્ત કરીને તેણે (અંશે) શક્તિની ભૂમિકામાં નિવાસ કર્યો.**

### ભાવાર્થ

કલંકરહિત આદિ નિરંજનતત્ત્વનું જ્યોતિ સ્વરૂપ વાળા પરમકારણ દેહનું તેજ કળી ન શકાય

તેવું છે. યોગીપુરુષો ધ્યાનાવસ્થામાં તેજસ્વી જ્યોત સ્વરૂપનાં જ દર્શન કરે છે, એટલે કે તેજોમય જ્યોતિ સ્વરૂપ નિરંજનતત્ત્વનાં દર્શન કરીને તેની સાધનામાં લીન રહે છે. એવા નિષ્કલંક તેજના તત્ત્વને ધારણ કરેલ સકર્તાપતિના સજાણ સ્વરૂપ અંશે આદ્યશક્તિની ભૂમિકામાં પ્રવેશ કર્યો.

**કીયેહુ નિવાસ શક્તિભોમ જબહી, ચંચલવૃત્તિ મતિ લીયે તન તબહી;**
**પ્રણવ તેજ મીલી એકરસ ભયેવુ, પ્રકૃતિ અંશ પુનિ બીજ હીર નવેવુ. ૧૭**

### શબ્દાર્થ

**કીયેહુ નિવાસ** = નિવાસ કર્યો **શક્તિભોમ** = શક્તિની ભૂમિકામાં **જબહી** = જ્યારે **ચંચલવૃત્તિ** = ચંચળવૃત્તિ **મતિ** = બુદ્ધિ **લીયે** = લીધી **તન** = શરીર **તબહી** = ત્યારે **પ્રણવ** = પ્રણવ **તેજ** = તેજ **મીલી** = મળીને **એકરસ** = એકરસ **ભયેવુ** = થયા **પ્રકૃતિ** = પ્રકૃતિ થકી, પ્રકૃતિ વડે **અંશ** = અંશ **પુનિ** = વળી, પછી **બીજ હીર** = હીર રૂપી બીજક **નવેવુ** = નવું રૂપ ધારણ કર્યું.

### અનુવાદ

**જ્યારે શક્તિની ભૂમિકામાં નિવાસ કર્યો, ત્યારે આ ઘાટે ચંચળવૃત્તિવાળી મતિ ગ્રહણ કરી, તેમાં પ્રણવ અને તેજ મળતાં બધું એકરસ થયું, અને આમ અંશે પ્રકૃતિના હીર રૂપી બીજકવાળુ નવું રૂપ ધારણ કર્યું.**

### ભાવાર્થ

જ્યારે કર્તાના નિજજાણ સ્વરૂપ અંશે પ્રણવ અને તેજ એમ બંને અલંકારોથી વિભૂષિત થઈને આદ્યશક્તિની ભૂમિકામાં નિવાસ કર્યો ત્યારે ત્યાંથી ચંચળવૃત્તિ વાળી બુદ્ધિને ગ્રહણ કરી. અર્થાત્ અહીંથી પ્રકૃતિના હીર રૂપ બીજકવાળુ સત્ત્વ લઈ અંશ ચંચળતાવાળો બને છે. આ રીતે ત્રણે તત્ત્વોના પટથી લપટાયેલો અંશ પ્રકૃતિવશ થઈ ગયો. એટલે કે અવ્યાકૃત તત્ત્વના ચારેય મહાતત્ત્વો - મહા તત્ત્વકારણ, આનંદ તત્ત્વકારણ, ધનંજે તત્ત્વકારણ અને પ્રકૃતિ તત્ત્વ કારણરૂપી મહાકારણ દેહના તત્ત્વોમાં તેમજ નિરંજન અને અવ્યાકૃતતત્ત્વ રૂપ પરમકારણ દેહના તત્ત્વો અને બ્રહ્મના પ્રણવ તત્ત્વ મળીને ત્રણેય દેહના અલંકારોના સંમોહનમાં આવીને વર્તવા લાગ્યો. આમ, પ્રકૃતિ અને તેજનાં તત્ત્વો ભળી જઈને એકરસ થયાં ત્યારે અંશે પ્રકૃત્તિતત્ત્વના હીરરૂપી બીજકવાળું નવું જ રૂપ ધારણ કર્યું.

**અદૃષ્ટ વિભૂતિ ત્રીયેનુ તન પાવા, નિજ ચૈતન પુઠલ લપટાવા;**
**લપટત લીન તદવત માંહી ભયેવુ, નિજ ચૈતન આપરુપ કરી લયેવુ. ૧૮**

### શબ્દાર્થ

**અદૃષ્ટ** = અદૃશ્ય **વિભૂતિ** = ઐશ્વર્ય **ત્રીયેનુ** = ત્રણેયનું **તન** = શરીર **પાવા** = પામીને **નિજ ચૈતન** = નિજ ચૈતન (અંશ)

**પુઠલ** = તેની પાછળ **લપટાવા** = લપટાઈ ગયો **લપટત લીન** = લપટાઈને તલ્લીન બની જઈ **તદવત** = તદાકાર થઈ ગયો **માંહી** = તેમાં જ **ભયેવુ** = ભયો, થયો **નિજ ચૈતન** = પોતાના નિજ ચૈતન રૂપને **આપરુપ** = તેમનાં સ્વરૂપ(ત્રણ દેહના) જેવું **કરી લયેવુ** = કરી લીધું.

## અનુવાદ

**આ ત્રણેય દેહની અદશ્ય વિભૂતિને ધારણ કરીને નિજ ચૈતન તેમાં લપટાઈ ગયો અને એવો તો તદ્વત્ થઈ ગયો કે પોતાનું જે નિજ ચૈતન સ્વરૂપ હતું તે તેમાં (તત્ત્વોમાં) લીન કરી દીધું.**

## ભાવાર્થ

કર્તાનો સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશ જ્યારે આ ત્રણેય ભૂમિકામાંથી (બ્રહ્મભૂમિકા, પરમકારણ દેહની ભૂમિકા અને મહાકારણ દેહની ભૂમિકા) પસાર થયો ત્યારે આ ત્રણેય દેહના અદશ્ય વિભૂતિવાળા તત્ત્વોને ધારણ કરતો ગયો. જે જે ભૂમિકામાંથી તે તે તત્ત્વોના અલંકારોને ધારણ કરતાં લપટાઈને તદ્વત્ થઈ જે પોતાનું શુદ્ધ ચૈતન સ્વરૂપ ભૂલી ગયો. પ્રણવ, તેજ અને ચંચળવૃત્તિવાળી મતિમાં એકરસ થઈને પોતાના મૂળસ્વરૂપને ભૂલીને પ્રકૃતિના પાસવાળો નવા સ્વરૂપે થઈ ગયો. અર્થાત્ પોતે આ ત્રણેય ભૂમિકાના ગુણોમાં એકાકાર થઈ જે તે દેહના વિભૂતિવાન તત્ત્વોમાં મગ્ન બની ગયો.

**વાહી માંહી ઓહી ઓહી વાહીમાંહી ભીજુ, ચિદ ગલતાન સગર્ભી ભયે બીજુ;**
**ભયે વિભૂતિવાન જબી નિજ અંશુ, ઉદ્ભવ આકંત હવી સહેજ આકંસુ. ૧૯**

## શબ્દાર્થ

**વાહી માંહી** = મારામાં **ઓહી** = તે **ઓહી** = તે **વાહીમાંહી** = તેમાં **ભીજુ** = ભીંજાયેલું, એકરૂપ થયેલું છે **ચિદ** = ચિત્ત **ગલતાન** = ગુલતાન **સગર્ભી** = બંનેના સંબંધથી ફલીકરણ **ભયે** = થયું **બીજુ** = બીજક **ભયે** = થયા **વિભૂતિવાન** =ઐશ્વર્યવાન **જબી** = જ્યારે **નિજ અંશુ** = અંશ પોતે **ઉદ્ભવ** = ઉત્પન્ન થયો **આકંત** = વ્યાકુળતા, આવેગ **હવી** = થઈ, થયો **સહેજ** = સહેજ રીતે **આકંસુ** = ઈચ્છાવત્, ઈચ્છાઓ વાળો.

## અનુવાદ

**જ્યારે તે (આગળ જણાવેલ ભૂમિકા) મારામાં છે અને હું તેમાં ભીંજાઈને એકરૂપ થયો છું જ્યારે ચિદ્ ગુલતાન થતાં (અંશ) આ બીજકોનું ફલીકરણ થયું. જ્યારે નિજઅંશ વિભૂતિવાળો થયો ત્યારે તેને સહેજા-સહેજ આકાંક્ષાનો આવેગ પેદા થયો.**

## ભાવાર્થ

આ પ્રમાણે અંશ જ્યારે પ્રકૃતિમય બન્યો એટલે કે પરમકારણ અને મહાકારણ દેહના તત્ત્વોના ગુણો પરિપક્વતા પામતાં માનવા લાગ્યો કે દેહના ગુણો મારામાં છે કે મારા થકી જે તે દેહોના ગુણો

છે? એના પરિણામે અંશ અજ્ઞાનવસાત્ પોતાના ચિત્તમાં દેહના ગુણોના આકર્ષણથી પ્રેરિત થઈને ગુલતાન થયો. આ રીતે જ્યારે શુદ્ધ ચૈતન અંશ લપટાઈને બ્રહ્મનું પ્રણવતત્ત્વ, પરમકારણ દેહના નિરંજનતત્ત્વ અને અવ્યાકૃતતત્ત્વ અને મહાકારણ દેહના મહાતત્ત્વ, આનંદતત્ત્વ, ધનંજેતત્ત્વ અને પ્રકૃતિતત્ત્વ એમ કુલ સાત તત્ત્વોથી વિભૂતિવાન બન્યો ત્યારે તેને સહેજાસહજ નાશવંત તત્ત્વોને ભોગવવાની આકાંક્ષાઓ ઉત્પન્ન થવા લાગી.

**પ્રકૃતિ પ્રેરક બીજ વિલસ ભયાના, ખટ ગુણ ઘણ માંહી કીયેહુ પિયાના;**
**જેહી ખટ ગુણ ઘણ મીલી અપ અવની, પ્રસિદ્ધ પ્રભાવ ઠાવ કહુ ગત સઉની. ૨૦**

### શબ્દાર્થ

**પ્રકૃતિ** = પ્રકૃતિની **પ્રેરક** = પ્રેરણાથી **બીજ** = બીજક **વિલસ** = વિલાસિક, મોહક, શૃંગાર ચેષ્ટાવાળો **ભયાના** = બન્યો, થયો **ખટ** = છ **ગુણ** = ગુણ **ઘણ** = ઘણ (ત્રણ ગુણ અને ત્રણ ઘણ) **માંહી** = માં **કીયેહુ પિયાના** = પ્રણાય કર્યું પ્રવેશ કર્યો **જેહી** = તે **ખટ** = છ **ગુણ** = ગુણ **ઘણ** = ઘણ **મીલી** = મળીને **અપ** = જળ, પાણી **અવની** = પૃથ્વી **પ્રસિદ્ધ** = પ્રખ્યાત **પ્રભાવ** = પ્રભાવ **ઠાવ** = નક્કી કરીને **કહુ** = કહુ છું **ગત** = ગતિ **સઉની** = દરેકની.

### અનુવાદ

**પ્રકૃતિની પ્રેરણાથી બીજક વિલાસિક થયાં અને છ ગુણ-ઘણમાં પ્રવેશ કર્યો. આ છ ગુણ-ઘણ પૃથ્વીમાં પાણી ભળે તેમ ભળ્યાં. આ તત્ત્વો ભળવાથી તે દરેકના પ્રસિદ્ધ પ્રભાવની ગતિને હું નક્કી કરીને કહું છું.**

### ભાવાર્થ

પ્રકૃતિના પ્રભાવથી પ્રેરાયેલો અંશ ત્રણ ગુણો અને ત્રણ ઘણ તથા છ તત્ત્વોથી બનેલ ત્રણ પ્રકારના દેહમાં ક્રમશઃ ગયો. તેમાં પ્રથમ અચંતગણ અને તેની દસ ભાવનાઓ તથા તમોગુણ અને તેના દસ કાળના તત્ત્વોથી બનેલા કારણદેહમાં પ્રવેશ કર્યો. પછી બીજો સ્વકાશઘણ તેની પાંચ વિવસ્તા, પાંચ સંભસકરણ તથા સત્ત્વગુણનાં પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થાના તત્ત્વોવાળો સૂક્ષ્મદેહમાં પ્રવેશ કર્યો અને હવે ત્રીજો અને છેલ્લો અહંકારઘણ અને તેની પાંચ માત્રા અને પંચભૂત તેમજ રજોગુણ અને તેની દસ આકાંક્ષાઓના તત્ત્વોવાળા સ્થૂળ દેહમાં પ્રવેશ પામ્યો.

જેમ પૃથ્વીમાં પાણી ભળે તેથી બીજકોનું ફલીકરણ થાય, તે જ ન્યાયે પૃથ્વીરૂપ ત્રણ ઘણ અને પાણી રૂપ ત્રણ ગુણોને દર્શાવીને તેમાંથી અન્ય તત્ત્વોનું ફલીકરણ અંગેની વિગત અને દરેક તત્ત્વના પ્રસિદ્ધ પ્રભાવની ગતિ નક્કી કરીને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે આપણને દર્શાવે છે.

**પ્રથમ અવન્ય અહંકારઘણ ઠાઈ, સ્વકાશ પોગર અચંત કઠણાઈ;**
**એહી ત્રીયે ઘણ મીલી અવન્ય અસ્થાના, ત્રિગુણ નીર રસ્વ સહીર મેલાના. ૨૧**

### શબ્દાર્થ

**પ્રથમ** = પહેલાં **અવન્ય** = પૃથ્વી **અહંકારઘણ** = અહંકારઘણ **ઠાઈ** = સ્થિર રહે છે, અચલ છે **સ્વકાશ** = સ્વકાશઘણથી **પોગર** = પોલાણ રહે છે **અચંત** = અચંતઘણથી **કઠણાઈ** = કઠણતા પામે છે **એહી ત્રીયે** = આ ત્રણ **ઘણ** = ઘણ **મીલી** = મળીને **અવન્ય** = પૃથ્વી **અસ્થાના** = રચાઈ, દરજ્જો પામી **ત્રિગુણ** = ત્રણ ગુણ **નીર** = પાણીના રૂપે **રસ્વ** = રસ, સત્વ **સહીર** = હીર રૂપે **મેલાના** = મેળવ્યા છે.

### અનુવાદ

**પ્રથમ પૃથ્વીમાં અહંકારઘણ તે સ્થિરતા છે. પોલાણ રૂપે સ્વકાશઘણ છે અને કઠણતા રૂપે અચંતઘણ છે. આ ત્રણ ઘણ ભેગા મળીને પૃથ્વીનું પ્રત્યક્ષ સ્વરૂપ બન્યું. ત્રણ ગુણોના તત્ત્વો પણ હીર સ્વરૂપે ભળીને પાણીનું સ્વરૂપ થયું છે.**

### ભાવાર્થ

આ જ દૃષ્ટાંતને ન્યાયપૂર્વક સમજાવતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે પૃથ્વીમાં પહેલો જે અહંકારઘણ છે તે અચલ રૂપે રહેલો છે. પૃથ્વીમાં જે પોલાણ છે તે સ્વરૂપે સ્વકાશઘણ રહેલો છે અને પૃથ્વીમાં જે કઠણતા છે તે સ્વરૂપે અચંતઘણ રહેલો છે. આમ ત્રણે ઘણ ભેગા મળીને સમગ્ર પૃથ્વીનુ પ્રસિદ્ધ કાર્યાન્વિત સ્વરૂપ બન્યું છે.

વળી ત્રણ ગુણો - રજોગુણ, સતોગુણ અને તમોગુણના તત્ત્વો હીર રૂપે જળતત્ત્વનું (પાણીનું) સ્વરૂપ કેવી રીતે બન્યું અને કેવી રીતે કાર્યશીલ છે તે હવે પછી આપણને પરમગુરુ વિસ્તારપૂર્વક દર્શાવે છે.

**રજોગુણ અપ સતોગુણ શીતલાઈ, તાત્વર ગુણ તમો પાણ બલતાઈ;**
**ત્રિઘણ ભોમ્ય અપ ત્રિગુણ સમેતા, એહી ખટ ગુણ ઘણ મીલીત સખેતા. ૨૨**

### શબ્દાર્થ

**રજોગુણ** = રજોગુણ રૂપી **અપ** = પાણી **સતોગુણ** = સતોગુણ રૂપી **શીતલાઈ** = શીતળતા **તાત્વર** = વેગ વહેવાપણું **ગુણ તમો** = તમોગુણ **પાણ બલતાઈ** = પથ્થર સમાન તાકાતવાળું, અતિશય બળવાળું, અત્યંત સામર્થ્યવાન **ત્રિઘણ** = ત્રણ ઘણ રૂપી **ભોમ્ય** = પૃથ્વીના **અપ** = પાણી રૂપી **ત્રિગુણ** = ત્રણ ગુણ **સમેતા** = ભળેલા છે. **એહી** = આ પ્રમાણે **ખટ** = છ **ગુણ ઘણ** = ગુણો અને ઘણ **મીલીત** = મળીને **સખેતા** = ખેતી શરૂ (ચાલુ) થઈ.

### અનુવાદ

**રજોગુણ પાણીનું રૂપ છે, શીતળતા રૂપે સતોગુણ છે અને અત્યંત બળપૂર્વક વહેવાપણા રૂપે તમોગુણ છે. પાણીરૂપી ત્રણ ગુણ અને ત્રણ ઘણ રૂપ પૃથ્વી સહિત આ છ ગુણ-ઘણ મળીને (વિશ્વરૂપ) ખેતરમાં ખેતી ચાલુ થઈ.**

### ભાવાર્થ

રજોગુણ પાણીના સ્વરૂપે રહેલો છે. પાણીમાં જે શીતળતાનો ગુણ છે તે સ્વરૂપે સતોગુણ રહેલો છે અને પાણીમાં જે અત્યંત બળપૂર્વક (ખૂબ વેગથી) વહેવાપણું છે તે સ્વરૂપે તમોગુણ રહેલો છે. આ ત્રણેનું મિશ્રણ થઈ પાણીનું સ્થૂળ સ્વરૂપ બન્યું છે. જેમ ખેતરમાં ખેતી કરતા જમીનમાં (પૃથ્વીમાં) રહેલા ત્રણ ઘણ અને પાણી ભળે તો તેમાં (પૃથ્વીમાં) રહેલાં બીજકો અંકુરિત થાય છે તે દૃષ્ટાંતના ન્યાયે બ્રહ્મક્ષેત્રમાં ગુણ અને ઘણ ભળતાં ખેતપેદાશ રૂપે સઘળાં તત્ત્વોની ઉત્પત્તિ થઈ છે.

**એહી વિધિ ગુણ અપ અવન્ય રેલામે, ચૈતન બીજ બોહોરું વાહી ખેત જામે;**
**જામત બીજ ત્રીયે ગુણ અપ ભીજે, સહિર સત્ત્વ નવ તત્ત્વ તનુ હીજે. ૨૩**

### શબ્દાર્થ

**એહી વિધિ** = એ જ પ્રમાણે, એ જ ન્યાયે, એ જ રીતે **ગુણ** = ગુણો રૂપી **અપ**= પાણી **અવન્ય** = પૃથ્વીમાં **રેલામે** = ભળ્યા, રેલાઈને રસમય થયા **ચૈતન બીજ** = ચૈતન રૂપી બીજક **બોહોરું** = તેનાથી **વાહી** = તે **ખેત** = બ્રહ્મરૂપ ખેતરમાં **જામે** = જામ્યા **જામત બીજ** = જામેલાં બીજ **ત્રીયે ગુણ** = ત્રણ ગુણો રૂપ **અપ** = પાણીથી **ભીજે** = ભીંજાયાં **સહિર સત્ત્વ** = હિર રૂપી સત્વ **નવ તત્ત્વ** = નવ તત્ત્વો **તનુ** = દેહ **હીજે** = થયા.

### અનુવાદ

**આ રીતે પાણીરૂપ ગુણો પૃથ્વીરૂપી ઘણમાં ભળ્યાં ત્યારે તે બ્રહ્મરૂપી ખેતરમાં ચૈતન બીજનું જામણ થયું, જામણ પામેલાં બીજ પાણીરૂપી ગુણોથી ભીંજાયા, જેમાંથી દેહ માટે હીર રૂપ નવ તત્ત્વો તૈયાર થયાં.**

### ભાવાર્થ

અગાઉ જણાવ્યા મુજબ પાણીરૂપ ગુણો અને પૃથ્વીરૂપી ઘણ મળી કુલ છ તત્ત્વો થકી નવ પ્રકારનાં હીરરૂપ તત્ત્વ સ્વરૂપ બન્યા. ગુણોરૂપી પાણી ઘણરૂપી પૃથ્વીના ઉદરમાં ભળ્યા ત્યારે ખેતી કરવા યોગ્ય બ્રહ્મરૂપી ખેતરની ભૂમિકા તૈયાર થઈ. જેમ પૃથ્વીમાં (ખેતરમાં) પડી રહેલાં બીજકો પાણી દ્વારા ભીંજાવાથી અંકુરિત થાય છે, તે જ ન્યાયે આ છ ગુણ - ઘણથી તૈયાર થયેલ ખેતરમાં તત્ત્વોના બીજકોનું ફલીકરણ થયું અને પ્રથમ નવ પ્રકારના તત્ત્વોરૂપ પાક પાક્યો (આકાંક્ષા, કાળ, અવસ્થા, અંતઃકરણ, ભાવના, વિવસ્તા, સંભસક્રણ, માત્રા અને પંચભૂત).

**સોહી નવ તત્ત્વ તનુ સુક્ષ્મ શરીરા, ત્રિઘણ ભોમ્ય મુલ ગડેહુ સધીરા;**
**પકર પોમી મુલ જબર જુરાયે, પંચતત્ત્વ સ્થૂળ પ્રગટ દેખાયે. ૨૪**

### શબ્દાર્થ

**સોહી** = તે **નવ તત્ત્વ** = નવ તત્ત્વો **તનુ** = દેહ **સુક્ષ્મ** = સૂક્ષ્મ **શરીરા** = શરીર **ત્રિઘણ** = ત્રણ ગુણ

**ભોમ્ય**=પૃથ્વી રૂપે **મુલ**=મળીને **ગડેહુ**=ઘડ્યા, ઘડતર **સધીરા**=બુદ્ધિયુક્ત, સમજપૂર્વક **પકર**=પકડી રાખ્યું **પોમી**=જમીન **મુલ**=મૂળ **જબર** = ગીચોગીચ, ભરચક **જુરાયે** = ખૂબ જ તાકાતથી **પંચતત્ત્વ** = પાંચ તત્ત્વોવાળુ **સ્થૂળ** = સ્થૂળ દેહ **પ્રગટ દેખાયે** = પ્રગટ થયો, પ્રત્યક્ષ દેખાયો, દશ્યમાન થયો.

## અનુવાદ

**ત્રણ ઘણરૂપી ભૂમિમાં ત્રણ ગુણ ભેળવી નવ તત્ત્વો બન્યા છે. તેમાંથી જ સમજયુક્ત સૂક્ષ્મ દેહ ઘડાયો છે અને એ જ તત્ત્વોના મૂળિયા ખૂબ જ તાકાતથી ભૂમિકાને પકડી રાખે છે, જેથી પાંચ તત્ત્વવાળો સ્થૂળ દેહ પ્રત્યક્ષ દેખાય છે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ ત્રણ ઘણરૂપી ભૂમિકામાં ત્રણ ગુણરૂપી પાણીના સંયોગથી જે નવ પ્રકારના તત્ત્વો સ્ફુરાયમાન થયા તે પૈકી સત્વગુણના પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થા તેમજ સ્વકાશઘણનાં પાંચ સંભસક્રણ અને પાંચ વિવસ્તા ભેળવીને સૂક્ષ્મ દેહનું બંધારણ સમજયુક્ત કરવામાં આવ્યું છે. જેમ જમીનમાં રહેલાં ગીચોગીચ મૂળિયા ખૂબ જ તાકાતથી પકડી રાખીને જે અંકુરનો વિસ્તાર કરે છે તે પ્રત્યક્ષ જોઈ શકાય છે.

તે જ રીતે રજોગુણની દસ આકાંક્ષા અને અહંકારઘણથી પાંચ માત્રા તેમજ પંચભૂત મેળવીને સૂમેળભર્યા ફલીકરણ રૂપે પ્રત્યક્ષ દેખાય તેવા સ્થૂળ દેહની રચના કરવામાં આવી છે.

**સૂક્ષ્મ સ્થૂળ તનુ પ્રગટ પ્રસીના, ખટ ગુણ ઘણસે જુગલ એહી લીના;**
**સૂક્ષ્મ સ્થૂળ કારણ મહા જેહી, પરમ કારણ પંચમો તનુ તેહી. ૨૫**

## શબ્દાર્થ

**સૂક્ષ્મ** = સૂક્ષ્મ દેહ **સ્થૂળ** = સ્થૂળ દેહ **તનુ**= શરીર **પ્રગટ** = પ્રત્યક્ષ **પ્રસીના** = પ્રસિદ્ધ, વિખ્યાત, જાહેર **ખટ** = છ **ગુણ ઘણસે** = ગુણઘણથી **જુગલ** = બંને મળીને **એહી** = તે **લીના** = બન્યા **સૂક્ષ્મ** = સૂક્ષ્મ દેહ **સ્થૂળ** =સ્થૂળ દેહ **કારણ** = કારણ દેહ **મહા** = મહાકારણ દેહ **જેહી** = જેના પર **પરમ કારણ** = પરમ કારણ દેહ **પંચમો** = પાંચમો **તનુ** = શરીર **તેહી** = તે, જે છે.

## અનુવાદ

**ગુણ અને ઘણ મળીને બનેલા સૂક્ષ્મ અને સ્થૂળ એમ બંને દેહને પ્રત્યક્ષ રીતે પ્રસિદ્ધ કરી બતાવ્યા. આ જ રીતે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પાંચમો પરમકારણ દેહ બન્યા.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે સ્થૂળ અને સૂક્ષ્મ દેહોના તત્ત્વોનો વિસ્તાર કેવી રીતે થયો અને ત્રણ ગુણ અને ત્રણ ઘણ મળીને આ બંને દેહ (શરીર) અંગેના તત્ત્વોને પ્રત્યક્ષ રીતે સમજ પડે

તેમ જાહેર કર્યા છે. આ રીતે તત્ત્વોના બંધારણથી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પાંચમા પરમકારણ દેહની રચના થઈ છે.

**ભયેહુ પંચ પરમ કારણ સમેતા, સકલ સાજ કીયે આતમ સચેતા;**
**ખટ ગુણ ઘણ પંચ પચીસ પ્રકરણુ, દશ ઈન્દ્રિ ઓરુ અંતસકરણુ. ૨૬**

### શબ્દાર્થ

**ભયેહુ** = થયા **પંચ** = પાંચ **પરમ કારણ** = પરમકારણ દેહ **સમેતા** = સહિત **સકલ** = બધા જ **સાજ** = સાજ, સાધન, શરીર **કીયે** = કર્યા **આતમ** = આત્મા દ્વારા **સચેતા** = સચેતન **ખટ** = છ **ગુણ ઘણ** = ગુણો અને ઘણ **પંચ** = અન્ય પાંચ (તત્ત્વો) મળી **પચીસ** = પચ્ચીસ **પ્રકરણુ** = પ્રકૃતિ **દશ** = દસ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **ઓરુ** = અને **અંતસકરણુ** = અંતઃકરણો.

### અનુવાદ

**પરમકારણ દેહ સહિતના પાંચે દેહો આત્મા (અંશ)થી સચેતન થાય છે. જેમાં પચ્ચીસ પ્રકૃતિના છ ગુણ - ઘણ, પાંચ મહાતત્ત્વો, દસ ઈન્દ્રિયો અને અંતઃકરણનો સમાવેશ થાય છે.**

### ભાવાર્થ

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પાંચમો પરમકારણ દેહ સહિત સર્વેમાં ત્રણ ગુણ, ત્રણ ઘણ, દસ ઈન્દ્રિયો, ચાર અંતઃકરણ, ચાર મહાતત્ત્વો અને એક અવ્યાક્રતત્ત્વ મળીને પચ્ચીસ પ્રકૃતિનાં તત્ત્વો છે. તેને સમચૈતન હીર રૂપ બ્રહ્મના ત્રણ મહાતત્ત્વો પૈકીનું અવિકાસ મહાતત્ત્વ રૂપ ૐકાર પ્રણવ (ઓહંગ) જેને આત્મા તરીકે સંબોધવામાં આવે છે તેના માધ્યમ થકી અન્યોઅન્ય તત્ત્વો ચેતના પામી સમગ્ર પ્રકૃતિના તત્ત્વો સચેતન થાય છે.

**રોમરોમ રગરગ નખ શીખહી, ઔઠ હાથ માપ સુગમ સવેખહી;**
**સકલ સોહોજ સંપૂર્ણ શરીરા, ભયેઉ રમણ જબી પ્રણવ સમીરા. ૨૭**

### શબ્દાર્થ

**રોમરોમ** = રોમ રોમ, રૂવાડાં, રુવાડે રુવાડાં **રગરગ** = નસ, રગેરગ **નખ શીખહી** = નખથી માંડીને શિખા પર્યંત, નખશિખ **ઔઠ** = સાડા ત્રણ **હાથ**= હાથનો **માપ** = માપવાળો **સુગમ** = સરળ **સવેખહી** = આખું શરીર **સકલ** = બધો જ **સોહોજ** = ઠાઠ, સાજ **સંપૂર્ણ** = પૂરેપૂરો, બધો જ, પરિપૂર્ણ **શરીરા** = શરીર, દેહ **ભયેહુ** = થયા **રમણ** = રમણ કરવા યુક્ત **જબી** = જ્યારે **પ્રણવ** = પ્રણવ **સમીરા** = પવન, વાયુ.

### અનુવાદ

**રોમેરોમ અને રગેરગથી લઈ નખથી શિખા સુધી સાડા ત્રણ હાથના સરળ માપનું આખું શરીર**

**છે. જ્યારે તેનો બધો જ ઠાઠ (સાજ) સંપૂર્ણ તૈયાર થાય ત્યારે જ શરીરમાં પ્રણવ રૂપી વાયુ રમણ કરે છે.**

### ભાવાર્થ

સાડા ત્રણ હાથના સરળ માપવાળો આ સ્થૂળ દેહ છે. અંગ-ઉપાંગ સહિત નખથી શિખા પર્યંત રોમેરોમ અને રગેરગનો બધા જ ઠાઠ (સાજ) સંપૂર્ણપણે જ્યારે તૈયાર થાય છે ત્યારે દેહમાં પ્રણવ રૂપી વાયુ દાખલ થઈને રમણ કરવા લાગે છે.

**હલન ચલન ઈતિહાસ ભઈ મૂરતિ, જબ ચૈતન અવિકાસ પાયે ફૂરતિ;**
**ભયે ચૈતન અવિકાસ નિજ આપુ, સકલ શરીર હીર જીનુ જેહી વ્યાપુ. ૨૮**

### શબ્દાર્થ

**હલન ચલન** = હાલતું ચાલતું **ઈતિહાસ** = બંધારણની પરિપૂર્ણતા થતાં **ભઈ** = થઈ **મૂરતિ** = પૂર્ણ સ્વરૂપમય દેહ **જબ** = ત્યારે **ચૈતન** = ચૈતન અંશ થકી **અવિકાસ** = અવિકાસ મહાતત્ત્વ **પાયે** = મેળવે છે **ફૂરતિ** = સ્ફૂર્તિદાયક થાય, ફરકવા માંડે, ગતિવંત બને **ભયે** = થયો **ચૈતન** = ચૈતન અંશ **અવિકાસ** = અવિકાસ મહાતત્ત્વ **નિજ** = પોતે **આપુ** = પોતાનો **સકલ** = બધું જ **શરીર** = શરીર **હીર** = હીર, નૂર, રૂપ **જીનુ** = જેનું **જેહી** = જે રીતે **વ્યાપુ** = વ્યાપક રહેલું છે.

### અનુવાદ

**જ્યારે શરીરના બંધારણની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે ચૈતન અંશ અવિકાસ (મહાતત્ત્વ) ને સ્ફુરણા કરે છે, જેથી દેહનું હલન-ચલન થાય છે આ રીતે ચૈતન અંશ પોતે અવિકાસ તત્ત્વને પોતાનો કરી લે છે, ત્યારે આખા શરીરમાં તેનું નૂર (હીર) વ્યાપે છે.**

### ભાવાર્થ

જ્યારે સંપૂર્ણ રીતે આકારવાળો મૂર્તિમાન ઘાટ બની ગયા પછી તેમાં પવનનો પ્રવેશ થાય છે. ત્યાર પછી જ કૈવલકર્તાના સજાણજાણ રૂપ ચૈતન અંશની ચેતનતા સૌ પ્રથમ અવિકાસ મહાતત્ત્વને સ્ફુરણા કરે છે. એટલે ૐકાર પ્રણવ જાગૃત થઈ ગતિમાન બને છે. ત્યાર પછી ચૈતનતા પામેલ તે આત્મા રૂપ પ્રણવની ચેતનતા અન્યો અન્ય તત્ત્વોને સચેતન કરીને સમગ્ર શરીરમાં વ્યાપી જાય છે. એટલે કે શરીરના બધા જ તત્ત્વોમાં ચેતનતા પ્રદાન થાય છે. ત્યારે દેહમાં જીવંતપણું જણાય છે અને હલન-ચલન શક્ય બને છે.

**એક દમ અમલ રાજ સર્વ દેહું, કરન લગે કૈવલ અંશ જેહુ;**
**ચર્મ સચેત વેત હોઈ ચાલે, જહાં જેવી વિભૂત યું ગત તેહુ માહાલે. ૨૯**

## શબ્દાર્થ

**એક** = એક **દમ** = પ્રણવ **અમલ** = અમલ, સત્તા **રાજ** = રાજાની જેમ **સર્વ** = બધા જ **દેહું** = ઘાટ **કરન** = કરવા **લગે** = લાગે **કૈવલ અંશ** = કૈવલ કર્તાની સજાણજાણ રૂપી અંશ **જેહુ** = જેના ઉપર **ચર્મ** = ચામડીથી ઘેરાયેલો **સચેત** = સચેતન **વેત** = વિત્તવાળા **હોઈ** = થઈને **ચાલે** = ચાલે છે, ગતિ કરે છે **જહાં** = જ્યાં **જેવી** = જેવી **વિભૂત** = આશ્ચર્ય **યું** = ત્યાં **ગત** = ગતિથી, રીતે **તેહુ** = તે **માહાલે** = મ્હાલે છે, મોજ કરે છે.

## અનુવાદ

**કૈવલ કર્તાનો (સજાણજાણ રૂપી ચૈતન) અંશ રાજાની જેમ આખા શરીર ઉપર પ્રણવના અમલથી રાજ કરવા લાગ્યો. ચામડીથી વીંટળાયેલો વિત્તવાળો દેહ સચેતન થઈને ગતિ કરે છે અને જ્યાં જેવી વિભૂતિ હોય ત્યાં તેવી રીતે તે મહાલે છે.**

## ભાવાર્થ

બ્રહ્મના અંશો ઓહંગ અને સોહંગની સત્તાના માધ્યમથી કૈવલકર્તાની સજાણજાણ રૂપી ચૈતન અંશ જ્યારે રાજાની માફક આખા શરીરના બધા જ તત્ત્વો ઉપર રાજ કરે છે, ત્યારે ચામડીથી મઢેલો અને પ્રણવના વિત્તવાળો દેહ સચેતન થઈ ગતિ કરે છે. ચૈતન અંશ આ વિત્તવાળા જુદા જુદા શરીરોમાં જ્યાં જેવી વિભૂતિ (ઘાટની ઐશ્વર્યતા) હોય ત્યાં તેવા ઘાટને અનુરૂપ થઈને તત્ત્વોની ચાસમી ગ્રહીને પોતે આનંદ માણે છે.

**એહી પરકાર સકલ ચર અચરા, નિજ ચૈતન ખેલે ઘટ સચરા;**
**ખેલત ખેલ ખલકહી ખેલારી, ખાણ ચતુરમાંહી આપ વિસારી. ૩૦**

## શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે **સકલ** = સર્વે **ચર** = જંગમજાતિ **અચરા** = સ્થાવર જાતિ **નિજ ચૈતન** = ચૈતન પોતે **ખેલે** = રમે છે **ઘટ** = ઘાટોમાં **સચરા** = સર્વ, બધા જ, સર્વત્ર **ખેલત ખેલ** = આ ખેલ ખેલે છે **ખલકહી** = ખલકનો **ખેલારી** = ખેલનાર **ખાણ** = ખાણ **ચતુરમાંહી** = ચારમાં **આપ** = પોતાને **વિસારી** = ભૂલી જઈને.

## અનુવાદ

**આ પ્રમાણે સ્થાવર અને જંગમ સર્વ ઘાટોમાં નિજ ચૈતન (અંશ) સર્વત્ર રમણ કરે છે. પોતાના સ્વરૂપને ભૂલી જગતમાં ખેલ ખેલી રહેલો ખેલાડી (અંશ) ચાર પ્રકારની ખાણોમાં વિચરણ કરે છે.**

## ભાવાર્થ

આ પ્રમાણે સ્થિર સ્થાવર વનસ્પતિ અને હાલતી ચાલતી જંગમજાતિ મળી કુલ ચોરાસી લાખ પ્રકારના પ્રત્યેક ઘાટમાં કૈવલ કર્તાનો સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશ ખેલી રહ્યો છે (રમણ

કરી રહ્યો છે). ખેલનો ખેલાડી થઈને તે ચૈતન અંશ વિશ્વમાં ચાર પ્રકારની ખાણોના વિવિધ પ્રકારના ઘાટોમાં ખેલતાં ખેલતાં ઘાટોને જ વશ થઈ ગયો. પરિણામે પોતાના (ચૈતન) નિજ સ્વરૂપને ભૂલી જઈ પ્રકૃતિના પાસમાં બંધાઈને જડતત્ત્વોના પ્રભાવમાં આવી પોતે વિચરણ કરી રહ્યો છે.

**શરીર સબંધી ઈન્દ્રિ રસ ભોગા, પાંચ પચીસ સંજુકત સંજોગા;**
**યાહીકે સંગ મીલી ભયે યાહી રુપા, વિસર ગયે નિજ સરુપ અનુપા. ૩૧**

### શબ્દાર્થ

**શરીર સબંધી** = શરીર સંબંધી **ઈન્દ્રિ** = ઈન્દ્રિયોના **રસ** = રસ **ભોગા** = ભોગવવામાં **પાંચ** = પાંચ ભૂત (તત્ત્વો) **પચીસ** = પચ્ચીસ **સંજુકત** = મળીને **સંજોગા** = પરિસ્થિતિમાં **યાહીકે** = તેના **સંગ** = સંગથી **મીલી** = ભળીને **ભયે** = થયો **યાહી** = તેના જેવો જ **રુપા** = રૂપવાળો **વિસર ગયે** = ભૂલી ગયો **નિજ** = પોતાનું **સરુપ અનુપા** = અનુપમ સ્વરૂપને.

### અનુવાદ

**તે અંશને શરીર સાથે સબંધ થતાં પાંચ તત્ત્વો અને પચ્ચીસ પ્રકૃતિમાં ભળી જઈ તત્ત્વોને આધીન થવાથી શરીર સંબંધી ઈન્દ્રિયોના રસ ભોગવવા લાગ્યો. આથી શરીરનાં સંગમાં ભળી જઈને તેના સ્વરૂપ જેવો બની ગયો. પરિણામે અનુપમ એવા નિજ સ્વરૂપને ભૂલી ગયો.**

### ભાવાર્થ

ચોરાસી લાખ પ્રકારના ઘાટોમાં ભ્રમણ કરતાં કરતાં અંશ પોતાને દેહરૂપ માનવા લાગ્યો. ચૈતન અંશ પાંચ તત્ત્વો અને પચ્ચીસ પ્રકૃતિમાં મોહવશ થઈને તત્ત્વોના પ્રકૃતિમય ગુણોને આધીન થયો. શરીર સંબંધી દસ ઈન્દ્રિયોના રસાસ્વાદ માણવામાં જ મશગૂલ બન્યો. તેમજ ઈન્દ્રિયોના સંગમાં ભોગ - વિલાસયુકત બનીને તેમાં તદ્‌રૂપ થઈ મહાલવા લાગ્યો, જેથી પોતે પોતાના અનુપમ એવા નિજ ચૈતન સ્વરૂપની જાણ વીસરી જતાં પોતાને જડ શરીરવત્ માનવા લાગ્યો.

**ભૂલેહુ આપ અહંગ નિજ અંશા, પદ કૈવલસે આયેહુ જેહી હંસા;**
**પંચ શરીર કીર વશ ભયેઉ, નિજ ગતિ ગવન પ્રોક્ષ પર રહેઉ. ૩૨**

### શબ્દાર્થ

**ભૂલેહુ** = ભૂલી જઈને **આપ** = પોતાનું **અહંગ** = હંગ રૂપી જાણ - સ્વરૂપ **નિજ અંશા** = અંશ પોતે **પદ કૈવલસે** = કૈવલપદ માંથી **આયેહુ** = આવ્યો છે **જેહી** = જે **હંસા** = હંસ સ્વરૂપે **પંચ શરીર** = પાંચ પ્રકારના દેહમાં **કીર** = પોપટની જેમ **વશ** = આધીન **ભયેઉ** = થયો **પ્રોક્ષ** = પરોક્ષ રીતે થઈને **પર** = અજાણ્યો, અલગ **રહેઉ** = રહ્યો.

## અનુવાદ

**અંશ કૈવલધામમાંથી હંસ સ્વરૂપે આવ્યો છે. પોતે નિજ કર્તાનો અંશ છે તે જાણને ભૂલી જવાથી પોપટની જેમ પાંચ દેહોના પિંજરામાં પરવશ થયો. પરિણામે પોતાના માર્ગે, ગમન કરવાની પ્રોક્ષ ગતિથી પર રહ્યો.**

## ભાવાર્થ

કૈવલધામમાંથી અંશ શુદ્ધ હંસ સ્વરૂપે અણિઅગ્ર અંકુરિત થઈને આ વિશ્વમાં આવ્યો છે, તે અંગેની નિજજાણ ભૂલી ગયો અને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ એમ પાંચ પ્રકારનાં દેહોમાં રહેલા તત્ત્વોના પ્રભાવમાં આવી તત્ત્વોમય બની ગયો. પોપટ ખેચર પક્ષી છે તે સ્વેચ્છાનુસાર આકાશમાં વિચરણ કરી શકે છે, પરંતુ તેને લાંબા સમય સુધી પાંજરામાં પૂરી રાખવામાં આવે તો તેની ઊડવાની ક્ષમતા ઘટી જાય છે અને પરવશ થઈ જાય છે. તેમ નિજ ચૈતન અંશ પાંચ દેહ રૂપી પિંજરામાં આવતાં પોપટની જેમ કરોડો યુગો સુધી દેહરૂપી પિંજરામાં પૂરાઈને જે તે ઘાટોને આધીન થવાથી પરોક્ષ રીતે પરવશ થઈ ગયો. પરિણામે નિર્માલ્ય બનેલા અંશની પરમપદમાં ગમન કરવાની જે સજાણજાણ રૂપી ગમ-ગતિ હતી તે ભૂલાઈ ગઈ.

**સહેજ અચેત સાક્ષીવત્ સબકે, જયૌ લિલ પિત કાચમાંહી ભાસ રબકે;**
**નિજ અજમાલ હાલ મતિ ચલહી, પ્રકૃતિ પ્રભાવ ચાહાવ હલમલહી. ૩૩**

## શબ્દાર્થ

**સહેજ** = સહજ રીતે **અચેત** = ચેતન વિનાનું, જડરૂપ **સાક્ષીવત્** = સાક્ષી સ્વરૂપે **સબકે** = બધાના **જયૌ** = જેમ **લિલ** = લીલા **પિત** = પીળા **કાચમાંહી** = કાચમાંથી, જુદા જુદા રંગના કાચમાંથી **ભાસ** = કિરણ **રબકે** = સૂર્યના **નિજ** = પોતે **અજમાલ** = અજન્મા **હાલ** = પ્રત્યક્ષ જે ઘાટમાં છે તે મુજબ **મતિ** = બુદ્ધિથી **ચલહી** = ચાલે છે **પ્રકૃતિ પ્રભાવ** = પ્રકૃતિના પ્રભાવથી **ચાહાવ** = ચાહના રાખીને **હલમલહી** = હળીમળીને.

## અનુવાદ

**જેમ લીલા-પીળા કાચમાં જોવાથી સૂર્યના કિરણો જે તે કાચના કલર જેવા દેખાય છે, તેમ ચૈતન અંશ પોતે અજન્મા છે, પરંતુ જડ ઘાટોના સાક્ષી બનીને સહજ રીતે વર્તે છે. તેમજ જે ઘાટમાં છે તે મુજબ પ્રકૃતિના પ્રભાવ મુજબ ચાહના રાખીને ઘાટની બુદ્ધિ અનુસાર હળીમળીને વર્તમાન કરે છે.**

## ભાવાર્થ

જેમ લીલા-પીળા કાચમાંથી પસાર થતાં સૂર્યનાં કિરણો પોતાના શુદ્ધ સ્વરૂપે ન જણાતાં જે તે કાચના રંગ જેવાં દૃશ્યમાન થાય છે. તેવી જ રીતે સૂર્યરૂપી ચૈતન અંશ પોતે અજન્મા અને તત્ત્વાતિત હોવા છતાં ચેતના વિનાના જડ રંગીન કાચ રૂપી ઘાટોના સાક્ષી બનીને સહજ રીતે વર્તે છે, ત્યારે

જે ઘાટમાં છે તે ઘાટના પ્રકૃતિના પ્રભાવની ચાહના રાખીને તે ઘાટની મતિ અનુસાર ભળી જઈને (હળીમળીને) વર્તમાન કરે છે. એટલે કે પોતાની કિરણ રૂપ શુદ્ધ વૃત્તિ હતી તે ઘાટના પ્રભાવમાં ભળી ઘાટમય બની દૃષ્ટા મટીને સાક્ષી બની ગયો.

**પરવશ પ્રોક્ષ પરેહુ પરમાતા, અહંગ મમ કહત બરન યાતયાતા;**
**વિષયાનંદન ભયેહુ ભવ ભાવી, નિજ લક્ષ તજી ભજી હુએ જડદાવી. ૩૪**

### શબ્દાર્થ

**પરવશ** = પરાધીન **પ્રોક્ષ** = દૃષ્ટિમાં આવે તેવી **પરેહુ** = પડ્યો, થયો **પરમાતા** = પારકી માતા, અપરમાતા **અહંગ મમ** = પોતાની નિજજાણને **કહત** = કહે છે **બરન** = વર્ણ, જાતિ **યાતયાતા** = જન્મ-મરણનું દુઃખ, જવું આવવું તે, સામાજિક સંબંધીની ઓળખાણમાં **વિષયાનંદન** = વિષયોના આનંદ ભોગવવામાં **ભયેહુ** = થયું **ભવ** = જગતમાં, ભવમાં **ભાવી** = નસીબ, ભવિષ્ય **નિજ લક્ષ** = પોતાનો લક્ષ **તજી** = ત્યજીને **ભજી** = ભજીને, ભક્તિ કરીને **હુએ**= હવે, થયા **જડદાવી** = જડમાં દાવો કરવાવાળો, જડ પક્ષે માનવાવાળો, જડ મૂર્તિમાં શ્રદ્ધા રાખવાવાળો.

### અનુવાદ

**પારકી માતા રૂપ જડ શરીર ને આધીન થઈને પોતે જડવત્ જ છે તેમ માની પ્રત્યક્ષ દૃષ્ટિમાં આવે તેવા વર્ણ જાતિ અને સાંસારિક સંબંધથી પોતાને ઓળખાવવા લાગ્યો અને ભવ ભાવ ધારણ કરી વિશ્વમાં વિષયાનંદી બન્યો, જેથી નિજલક્ષને ત્યજી પોતે જડ છે તેવું રટણ કરવા લાગ્યો.**

### ભાવાર્થ

તે અંશ પારકી માતા રૂપ જડ શરીરને પરવશ થઈને પોતે જડવત્ શરીર જેવો જ છે તેમ માની પ્રત્યક્ષ દેખાય તેવી દૈહિક ઓળખાણ આપી પોતે અમુક જ્ઞાતિનો છે તથા પોતે સાંસારિક સંબંધી - પુત્ર-પુત્રી, મા-બાપ વિગેરે છે તેવું જન્મના પારિવારિકતાથી પોતાની જાતને ઓળખાવવા લાગ્યો. અને વિશ્વમાં દેહ, કુળ, સત્તા, સૌંદર્ય વિગેરેની નાશવંત અસ્મિતામાં રાચવા લાગ્યો. જગતના મન ગમતા ભોગ, વૈભવો અને વિષયોના આનંદને વિશેષ માત્રામાં ભોગવવા લાગ્યો. તેમજ પોતાના નિજ લક્ષને ત્યજીને જડ સાથે નાતો જોડી પોતે દેહરૂપ છે તેવું રટણ કરવા લાગ્યો.

**જડહીકે લગત જડ હીકે સભાવા, જયૌ અજા સંગ ગતિ સિંહ દુરાવા;**
**આપ અવ્યકત વ્યક્ત વશ બંધુ, તજે નિજ ગતિ વૃત્તિ શરીર સબંધુ. ૩૫**

### શબ્દાર્થ

**જડહીકે** = જડની સાથે **લગત** = સંગ દોષ લાગતાં **જડહીકે** = જડ જેવો **સભાવા** = સ્વભાવ થયો **જયૌ** = જેમ કે **અજા સંગ** = બકરીના સંગે **ગતિ** = સમજ **સિંહ** = સિંહ **દુરાવા** = દોરાયો **આપ** = પોતે **અવ્યકત** = અરૂપ **વ્યક્ત** = રૂપ

**વશ** = વશ **બંધુ** = બાંધવ, સગો, સોબતી **તજે** = ત્યજીને **નિજ ગતિ** = મૂળ ગતિ **વૃત્તિ** = સમજ મુજબ વર્તવા લાગ્યો **શરીર** = શરીરના **સબંધુ** = જોડાણથી, સંયોગ, સંપર્ક.

### અનુવાદ

**જેમ બકરી સાથે રહેવાથી સિંહ પોતાની સમજ છોડીને બકરી જેવો બને તેવી રીતે અંશ જડના સંગદોષથી જડવત્ સ્વભાવવાળો થયો. પોતે અરૂપ હોવા છતાં રૂપની સોબતને વશ થઈ પોતાની નિજ મતિને ત્યજી શરીર સંબંધી વૃત્તિવાળો બન્યો.**

### ભાવાર્થ

જેમ કોઈ સિંહનું બચ્ચું વિખૂટું પડીને બકરાના ટોળામાં જતું રહ્યું હોય અને ત્યાં ઘણા દિવસોના સહવાસથી બકરાનાં સંગે રહેવાથી સિંહ પોતાની સમજ ભૂલીને, પોતે પણ બકરાની જાતિનો જ છે એવું માનીને તેવી સમજથી રહેવા લાગે છે.

તે જ દૃષ્ટાંતના ન્યાયે સર્જનહારથી વિખૂટો પડેલો અંશ પોતે શુદ્ધ ચૈતન સ્વરૂપે અવ્યક્ત હતો, પરંતુ હજારો યુગોના જડ શરીરોના સંસર્ગથી પોતાના નિજ ચૈતન સ્વરૂપને વીસરી જઈ દેહના વ્યક્ત જડતત્ત્વોના પ્રભાવને વશ થઈને દેહોસ્મિ વૃત્તિવાળો બની ગયો છે.

**યૌ જોંહી તોંહી વરતેહુ જમતમહી, પૃથક પૃથક ભિન્ન ભિન્ન ગતિ ગમહી;**
**એહી વિધિ સર્વ નિજ આપ ભૂલાના, નિજ કૈવલ અંશ રહેહુ ન જ્ઞાના. ૩૬**

### શબ્દાર્થ

**યૌ** = એ પ્રમાણે **જોંહી તોંહી** = જ્યાં ત્યાંથી **વરતેહુ** = વર્તવાથી **જમતમહી** = જેમ તેમ **પૃથક પૃથક** = જુદા જુદા **ભિન્ન ભિન્ન** = અલગ અલગ **ગતિ** = શક્તિ, દશા, અવસ્થા, સૂઝ **ગમહી** = સમજ **એહી વિધિ** = આ પ્રમાણે (રીતે) **સર્વ** = બધા જ અંશો **નિજ** = પોતે **આપ** = પોતાનું સ્વરૂપ **ભૂલાના** = ભૂલાઈ ગયા **નિજ કૈવલ અંશ** = નિજ કૈવલ કર્તાના સજાણજાણ રૂપી અંશ **રહેહુ** = રહ્યા, રહ્યુ **ન** = નહીં **જ્ઞાન** = જ્ઞાન, જાણ.

### અનુવાદ

**એ પ્રમાણે અંશો જ્યાં ત્યાં જુદા જુદા ઘાટોને વશ થઈને ભિન્ન ભિન્ન શક્તિ અને સમજ (ગમ-ગતિ) મુજબ જેમ તેમ વર્તવાથી પોતાના સ્વરૂપને ભૂલી ગયા, જેથી કૈવલ કર્તાના અંશને પોતાની નિજજાણનું જ્ઞાન રહ્યું નહીં.**

### ભાવાર્થ

આ પ્રમાણે અંશો ઘણા કાળપર્યંત જ્યાં ને ત્યાં પોતાના કર્મોને આધીન અથવા ક્રમને આધીન થઈ અલગ અલગ ઘાટોમાં ભટકતા રહેવાથી જે તે ઘાટોની શક્તિ અને સૂઝ મુજબ વર્તન કરવા

લાગ્યા. દેહના તત્ત્વો તથા વિષયોના આનંદનો ઉપભોગ કરવાથી દેહમય બન્યા. તેથી પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપને ભૂલી ગયા. આમ, કૈવલ કર્તાની સજાણજાણ ગતિવાળા અંશો, પોતાની નિજજાણથી વિસ્મૃતિ પામ્યા, એટલે કે પોતાના અખંડ સ્વરૂપનું જ્ઞાન રહ્યું નહીં.

**વિસરેહુ જ્ઞાન અગમ જબી આપુ, ભયેહુ અલ્પ જીવ તપે ત્રીયે તાપુ;**
**તપતહી તાપ આપ વિનું ચિના, ફરત કાલવશ રહત આધીના. ૩૭**

### શબ્દાર્થ

**વિસરેહુ** = ભુલાઈ જવું **જ્ઞાન** = જ્ઞાન **અગમ** = અગમ્ય, તત્ત્વાતિત, મુશ્કેલ **જબી** = જ્યારે **આપુ** = પોતાનું, પોતાના શુદ્ધ સ્વ-સ્વરૂપનું **ભયેહુ** = થયા **અલ્પ** = સામાન્ય **જીવ** = જીવ દશાવાળા **તપે** = તપ્યા **ત્રીયે તાપુ** = ત્રણે પ્રકારના તાપથી (અધિભૂત, અધિદૈવ્ય, આધ્યાત્મ તાપ) **તપતહી તાપ** = તાપથી તપાયમાન થઈ **આપ** = પોતાનું નિજ સ્વરૂપ **વિનુ** = વિના, વગર **ચિના** = ઓળખ્યા **ફરત** = ફરતા રહ્યા **કાલવશ**= કાળને વશ થઈને **રહત** = રહ્યા **આધીના** = આધીન થઈ.

### અનુવાદ

**જ્યારે પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપનું અગમ્ય જ્ઞાન ભૂલાઈ ગયું ત્યારે સામાન્ય જીવ દશાવાળા જીવો ત્રિવિધિના તાપમાં તપવા લાગ્યાં. પરિણામે નિજ સ્વરૂપને ભૂલવાથી ત્રિવિધિ તાપમાં તપાયમાન થઈ કાળને વશ બની ગયા અને જન્મ-મરણને આધીન થઈ ફરતા રહે છે.**

### ભાવાર્થ

કૈવલ કર્તાના સજાતીય અંશો અગમ્ય પદનું અને પોતાના નિજ ચૈતન સ્વરૂપનું જ્ઞાન વીસરી જવાથી પોતે સામાન્ય જીવદશા ભોગવવા લાગ્યા તથા ત્રિવિધિ તાપમાં તપવા લાગ્યા. તેમને આધિ, વ્યાધિ અને ઉપાધિનો અનુભવ થવા માંડ્યો. આ જીવદશાવાળા જીવો પોતાના અખંડ ચૈતન સ્વરૂપને ભુલ્યા હોવાથી ત્રિવિધિ તાપમાં દુઃખી થવા લાગ્યા. તેઓ કાળને વશ થઈ જન્મ-મરણના ચક્કરમાં એટલે કે ચોરાસી લાખ પ્રકારના વિવિધ ઘાટમાં ભટકવા લાગ્યા.

**જન્મ મરણ ભયે ભવ વિકરાલા, લીયેહુ શિર હોઈ કરમી કરાલા;**
**ભ્રમી તમ ચેત વેત ગતિ ટારી, વિધિ કંકર ભયે જડ અધિકારી. ૩૮**

### શબ્દાર્થ

**જન્મ મરણ** = જન્મ અને મરણ **ભયે** = થયું છે **ભવ** = ભવમાં **વિકરાલા** = ભયાનક **લીયેહુ** = લઈ લીધું છે **શિર** = મસ્તક **હોઈ** = થઈને, હોવાથી **કરમી** = કર્મો **કરાલા** = ભયંકર **ભ્રમી** = મોટી ભૂલ **તમ** = અજ્ઞાનવત્ **ચેત** = ચૈતન **વેત** = વિત્ત રૂપ **ગતિ** = સમજ **ટારી** = ટાળી **વિધિ** = પ્રણાલિગત **કંકર** = કાંકરાની જેમ કંકર **ભયે** = થઈ ગયેલા **જડ** = નાશવંતને **અધિકારી** = માલિક, સ્વામી.

## અનુવાદ

**જગતમાં જન્મમરણનું વિકરાળ દુઃખ કર્મો દ્વારા પોતાના માથે લીધું અને અજ્ઞાનતાને લીધે (ભ્રમણામાં ભટકવાથી) ચૈતનતાની જાણ્ય રૂપ ગતિ ટાળી દીધી (વિસરાઈ ગઈ). તેથી વિશ્વમાં પ્રણાલિગત રીતે કંકર સમાન થઈ ગયેલા નાશવંત (દેહધારી)ને માલિક માની બેઠા.**

## ભાવાર્થ

વિશ્વમાં વર્ષોથી પરંપરાગત ચાલી આવેલી માન્યતાઓને આધીન બની ભૂતકાળમાં થઈ ગયેલા નાના-મોટા નાશવંત વિશેષ અવતારાદિક દેવ-દેવીઓને માલિક માનીને અજ્ઞાનતાવસાત્ જીવો મોટી ભૂલ કરી બેઠા છે. વળી અંશ પોતાની સજાણજાણ રૂપ ચૈતન ગતિવાળો હોવા છતાં અજ્ઞાનતાવસાત્ પોતાની સ્વ-ચૈતન ગતિથી દૂર રહીને સંસારના ભોગ-વિલાસ માણવામાં નિજ સ્વરૂપને ભૂલી ગયો. જેને કારણે કર્મોનો બોજ પોતાના માથા પર સહીને અંશોએ જન્મ-મરણ રૂપ મહા-ભયંકર દુઃખ વહોરી લીધું છે.

**થયે અતિ સકલ વિકલ એહી ભાવા, અંધ પરંપરા વહે પરભાવા;**
**એહુ અજ્ઞાન ઘોર ગત પેખી, નિજ કર્તાપદ દીયે ઉવેખી. ૩૯**

## શબ્દાર્થ

**થયે** = થયા **અતિ** = વિશેષ રૂપે **સકલ** = સર્વે **વિકલ** = વ્યાકુળ, વ્યસ્ત **એહી** = તેવી **ભાવા** = ભાવનામાં **અંધ** = આંધળી **પરંપરા** = ચાલી આવતી (પરંપરા) પ્રણાલિકા **વહે** = વહેવા માંડ્યા **પરભાવા** = પ્રભાવમાં **એહુ** = તેવું **અજ્ઞાન** = અજ્ઞાન **ઘોર** = અતિ, વધુ **ગત પેખી** = ગતિવાળા જોઈને **નિજ કર્તાપદ** = નિજ કર્તાનું પદ **દીયે** = દીધું **ઉવેખી** = ઉપેક્ષા, ઉથાપન, અનાદર, તિરસ્કાર.

## અનુવાદ

**વિશ્વમાં વહેતી અનેક અંધ પરંપરાના પ્રભાવમાં આવી વિશેષ પ્રમાણમાં સર્વ વ્યાકુળ ભાવનાવાળા બન્યા. આવી ઘોર અજ્ઞાનમય ગતિને કારણે આદિ નિજ કર્તાપદને ઉવેખી નાખ્યું.**

## ભાવાર્થ

વિશ્વમાં અગાઉથી ચાલી આવતી અંધ પરંપરાના પ્રભાવમાં આવવાથી બધા જ સામાન્ય અંશો નાશવંતની ઉપાસનામાં વ્યાકુળ બનીને ભાવનાયુક્ત જીવન જીવવા માંડ્યાં. આવા ઘોર અજ્ઞાનને કારણે સગુણ-નિર્ગુણ ઉપાસનાઓમાં પોતાનું ચિત્ત જોડીને એવા તો ગુલતાન બની ગયા કે સાચા સર્જનહારના નિજ કૈવલપદનો ઉચ્છેદ કરીને તે પદ તરફ ઉપેક્ષા કરી સૌ બેદરકાર રહ્યા છે.

**જદીપ જીવ મતિ કરત વિલાપા, તન કરતા કરતા કરી થાપા;**
**ત્રિગુણ શકિત ઓરુ જયોત સ્વરૂપા, તાહીકે પરહી બ્રહ્મ અકલ અરુપા. ૪૦**

### શબ્દાર્થ

**જદીપ** = જ્યારે, જેથી **જીવ મતિ** = જીવ દશાવાળા થઈને **કરત** = કરે છે **વિલાપા** = વિલાપ, આક્રંદ, મોટેથી રડવું **તન કરતા** = શરીરધારી કર્તાને **કરતા કરી થાપા** = કર્તા કરીને (માનીને) સ્થાપ્યા **ત્રિગુણ** = ત્રણ ગુણ **શકિત** = આદ્યશક્તિ **ઓરુ** = અને **જયોત સ્વરુપા** = જ્યોતિ નિરંજનના સ્વરૂપને **તાહીકે** = તેમનાથી **પરહી** = ઉપર **બ્રહ્મ** = બ્રહ્મ **અકલ** = કળ્યામાં ન આવે તેવું **અરુપા** = અરૂપી, રૂપ સિવાયનું.

### અનુવાદ

**જેથી જીવદશાવાળા થઈને શરીરધારી કર્તા તરીકે ત્રણ ગુણ, શક્તિ અને જ્યોતિ સ્વરૂપ નિરંજન તેમજ તેની ઉપર અકળિત, અરૂપી બ્રહ્મનું સ્થાપન કરીને (તેની સામે) વિલાપ કરે છે.**

### ભાવાર્થ

જન્મમરણના દુઃખમાંથી મુક્તિની પ્રાપ્તિ અર્થે મિથ્યા કર્મકાંડ કરવું તેને જીવદશા કહેવાય છે. વિશ્વમાં આવી જીવદશા ભોગવતા બધા જ સામાન્ય અંશો, નાશવંત તત્ત્વોનો દેહ ધારણ કરીને આવતા અવતારી પુરુષોને જ કર્તા તરીકે માની દુન્યવી દુઃખોમાંથી મુક્તિ મેળવવા કરગરે છે. ત્રણ ગુણો, આદ્યશક્તિ અને જ્યોતિ સ્વરૂપ નિરંજનની ઉપાસના કરે છે, તે પૈકી જેઓ એ અધિક ગતિ (સમજ) પ્રાપ્ત કરી છે તેવા જ્ઞાનીજનો સદ્ -ચિત્ત-આનંદરૂપ બ્રહ્મમાં વૃત્તિને વિરામ પમાડીને બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મવેત્તા બની, બ્રહ્મને જ સર્વોપરી તરીકે સ્થાપન કરીને વિશ્વના કર્તા તરીકે માન્યા છે.

**એહી કરતા તનકે પંચ ગાવા, સકલ શાસ્ત્ર મત એહી ફુરમાવા;**
**નિજ કરતા ગત કાહુ નહીં પાઈ, સર્વ ઓરલ્યે પદ રહેહુ ડહેકાઈ. ૪૧**

### શબ્દાર્થ

**એહી** = એ પ્રમાણે **કરતા** = કર્તા તરીકે **તનકે** = નાશવંત શરીરધારી **પંચ** = પાંચેયના (ત્રણ ગુણ શક્તિ અને નિરંજન) **ગાવા** = ગુનગાન ગાયા **સકલ** = બધા **શાસ્ત્ર** = શાસ્ત્ર (છ **શાસ્ત્ર** = સાંખ્ય, મિમાંસા ,પાતાંજલિ, ન્યાય, વૈશેષીક, વેદાંત) **મત** = મત મુજબ **એહી** = આ પ્રમાણે જ **ફુરમાવા** = દર્શાવ્યું, આજ્ઞા આપી, આદેશ આપ્યો **નિજ કરતા** = પોતાના સજાતીય સર્જનહારની **ગત** = સમજ **કાહુ નહીં** = કોઈ એ પણ નહીં **પાઈ** = પ્રાપ્ત કરી **સર્વ** = બધાયે **ઓરલ્યે** = ઓરલ્યા (આ બાજુના) **પદ** = મૃત્યુલોકના પદ, અહીંના પદોમાં **રહેહુ ડહેકાઈ** = ખૂંપી રહ્યા, છેતરાયા, ઠગાયા.

### અનુવાદ

**આ પ્રમાણે કર્તા તરીકે નાશવંત શરીરધારી એવાં આ પાંચેયના ગુણગાન ગાય છે. સર્વ શાસ્ત્રો**

**પણ એ જ મતનો આદેશ આપે છે. તેથી નિજ કર્તાનો લક્ષ કોઈ પ્રાપ્ત કરી શક્યા નથી. પરિણામે આ બાજુના પદોમાં બધાં ખૂંપી ગયા છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ કર્તા તરીકે સ્થાપેલ નાશવંત શરીરધારી બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, આદ્યશક્તિ અને નિરંજન મળી કુલ પાંચેયના ગુણ તમામ જીવો ગાઈ રહ્યા છે. તો કોઈ અરૂપી અને અકર્તા બ્રહ્મપદને સર્વોપરી માને છે. છ શાસ્ત્રો પણ એ જ મતનું સમર્થન કરીને દર્શાવે છે, જેથી તત્ત્વાતિત એવા અંશના સજાતીય સાચા સર્જનહારનો લક્ષ કોઈ પ્રાપ્ત કરી શક્યું નથી. પરિણામે બધા જ જીવો આ બાજુના સગુણ અને નિર્ગુણ પદોમાં અજ્ઞાનતા વશ છેતરાઈને ફસાઈ ગયા છે.

**પંચ શરીર આપ હોઈ બેઠા, લહેહુ ન મર્મ આપ અંશ ઠેઠા;**
**બિનુ નિજ મર્મ આપ રહે અજહી, તન કરતા તીનકુ તન ભજહી. ૪૨**

### શબ્દાર્થ

**પંચ શરીર** = પાંચ દેહ (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહ) **આપ** = પોતાનો **હોઈ** = કરીને, બનીને **બેઠા** = બિરાજ્યા, બેઠા **લહેહુ** = જાણ્યો **ન** = નહીં **મર્મ** = મર્મ (રહસ્ય)ને **આપ** = પોતે **અંશ** = અંશ **ઠેઠા** = ઠેઠનો, જ્યાંથી આવ્યા છે ત્યાંનો, મૂળ ઘરનો **બિનુ** = વગર **નિજ મર્મ** = નિજનો મર્મ, મતલબ **આપ** = પોતે **રહે** = રહે છે **અજહી** = અજાણ્યા **તન કરતા** = શરીરધારી કર્તાને **તીનકુ** = તેમને **તન** = શરીરથી **ભજહી** = ભજે છે.

### અનુવાદ

**અંશો પાંચ પ્રકારના દેહને પોતાનું સ્વરૂપ માની બેઠા, તેથી પોતાના મૂળ ઘરની જાણથી અજાણ રહ્યા હોવાથી શરીરધારીઓને કર્તા માની (પોતે) શરીરથી ભજે છે.**

### ભાવાર્થ

કેવલ કર્તાના સજાણજાણ રૂપ અંશો જ્યારે સર્જનહારના મૂળ કેવલધામથી વિખૂટા પડ્યા ત્યારે અણિઅગ્ર સ્વરૂપે અંકુરિત થઈને પાંચ પ્રકારના દેહમાં ક્રમશઃ વસવાટ કર્યો અને કર્મોને આધીન જન્મ-મરણની ઘટમાળમાં ભટકવા લાગ્યા. તેથી જે તે દેહની વિભૂતિવાળા તત્ત્વોના ગુણને ગ્રહણ કરીને તત્ત્વોનો વેશ ધારણ કર્યો હોવાથી પોતાનું શુદ્ધ ચૈતન સ્વરૂપને વીસરી જઈને દેહમય બન્યા. એટલે પોતાના મૂળ સ્વરૂપના મતલબથી અજાણ રહ્યા. પરિણામે નિજ ચૈતન સ્વરૂપ ભૂલી ગયા અને પોતાને તત્ત્વવાળા દેહ સ્વરૂપે માનવા લાગ્યા. એટલે તેઓ પોતે દેહમય બનીને જગતમાં વિશેષ ઐશ્વર્યવાન દેહધારી (અવતારી) પુરુષોનું જ યજન-ભજન કરવા લાગ્યા. આમ, સ્થૂળ દેહને જ પોતાનું સ્વરૂપ માની બેઠેલા જીવો, પોતાના જેવા સ્થૂળ દેહધારી ભગવાનો હશે તેમ નક્કી કરી તેમનું જ ભજન કરવા લાગ્યા.

**રહેહુ આપ નિજ અંશ અયાના, નિજકર્તા કયૌ જાયહી પહેચાના;**
**નિજ કર્તા કૈવલપદ સોઇ, જાહીકે અંશ આપના આપ ઓઇ. ૪૩**

### શબ્દાર્થ

**રહેહુ** = રહ્યા **આપ** = પોતે **નિજ અંશ** = મૂળ અંશ, કૈવલ કર્તાના સજાણજાણ રૂપી અંશ **અયાના** = અજાણ્યા **નિજકર્તા** = મૂળ સર્જનહાર, કૈવલપદ **કયૌ** = કેવી રીતે **જાયહી પહેચાના** = પહેચાણી શકાય, ઓળખી શકાય **નિજ કર્તા**= નિજ કૈવલ કર્તા જ **કૈવલપદ** = કૈવલપદ **સોઇ** = છે, તે **જાહીકે**= તેમના જ **અંશ** = અંશ **આપના આપ** = તેમના જ જેવા **ઓઇ** = છીએ છે.

### અનુવાદ

**અંશો પોતે પોતાના સ્વરૂપથી અજાણ્યા રહેવાથી નિજ કર્તાને કેવી રીતે ઓળખી શકે ? નિજ કર્તા કૈવલપદ રૂપ છે તેમના જ અંશો આપનપુ સ્વરૂપે છે.**

### ભાવાર્થ

કૈવલ કર્તાની સજાણજાણ રૂપ અંશ કૈવલધામમાંથી નીકળ્યા પછી કરોડો કલ્પો પર્યંત પાંચ પ્રકારના દેહમાં ભ્રમણ કરતાં કરતાં દેહમય બનવાથી પોતાના સ્વરૂપથી અજાણ બન્યો. હવે નિજકર્તા - સર્જનહારને કેવી રીતે ઓળખી શકે ? તે નિજ કૈવલ કર્તા જ પોતે કૈવલપદ સ્વરૂપ છે. આપણે તેમના જ સજાતિના અંશ હોઈ આપનપુ (તેમના જેવા અલ્પ હંગ) સ્વરૂપે છીએ.

સામાન્ય રીતે એમ કહેવાય છે કે સજાતિ સજાતિને જ ઓળખી શકે કે ગ્રહણ કરી શકે. જેમ સૂર્ય અને ચંદ્રની સજાતીય તત્ત્વવાળા નેત્રોથી જ જોઈ શકાય, તેમ શુદ્ધ ચૈતન અંશથી જ મહદ ચૈતન સ્વરૂપે રહેલા નિજ કૈવલકર્તાને ઓળખી શકાય, પરંતુ અંશ તો પોતે દેહમય બનીને દેહોસ્મિ ધારણ કરી રહેલો છે, જેથી તે માત્ર જડ-તત્ત્વોવાળાને જ જાણી સંતોષ માને છે. મતલબ કે અંશે પોતાની ઓળખાણ 'હું ચૈતન છું' તેમ નહીં, પરંતુ નાશવંત્ત તત્ત્વોવાળા ઘાટથી પોતાને ઓળખવા લાગ્યો. તેથી તે વિશેષ ચૈતન એવા નિજકર્તાને ઓળખી શક્યો નથી.

**તેહી કર્તા જીનું અંશ આપ નિજુ, પંચભોમ પરસેહી જેહી બીજુ;**
**પરસત ભોમ પાયેહુ તન એહી, જાહીકે સંગત અંશ ભૂલેહુ સદેહી. ૪૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **કર્તા** = કૈવલ કર્તા **જીનું**= જેમના **અંશ**= અંશ **આપ નિજુ** = પોતાના નિજ સ્વરૂપે **પંચભોમ** = પાંચ ભૂમિકાને **પરસેહી** = સ્પર્શ થયો છે **જેહી** = જે **બીજુ** = બીજક રૂપે **પરસત ભોમ** = તે ભૂમિકાને સ્પર્શતા જ **પાયેહુ** = પ્રાપ્ત કર્યા **તન** = શરીર **એહી** = એવું, એ, આ **જાહીકે** = જેમના **સંગત** = સંસર્ગ, સંગથી **અંશ** = અંશ **ભૂલેહુ**= ભૂલી ગયો **સદેહી** = પોતાનું સ્વ-સ્વરૂપ.

### અનુવાદ

**તે નિજ કૈવલકર્તાનો અંશ પોતે બીજક રૂપ છે. તેણે પાંચ ભૂમિકાનો સ્પર્શ કર્યો છે. આ પાંચ ભૂમિકાનો સ્પર્શ થતાં આ તન પ્રાપ્ત થયું. દેહનો સંગ થવાથી તે પોતાના અખંડ ચૈતન સ્વરૂપને ભૂલી ગયો.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહાર કૈવલ કર્તા છે. તે જ સર્જનહારના સજાતિના આપણે નિજજાણ સ્વરૂપે તેમના અંશ છીએ. કૈવલધામમાંથી (કૈવલકર્તાથી) છૂટા પડ્યા પછી અલગ અલગ પાંચ ભૂમિકામાં થઈને પસાર થયા. જે જે ભૂમિકામાં ગયા તે તે ભૂમિકાનો દેહ ધારણ કર્યો. અર્થાત્ ક્રમશઃ પરમકારણ, મહાકારણ, કારણ, સૂક્ષ્મ અને છેલ્લે સ્થૂળ દેહ ધારણ કર્યો. આ દેહના સંગથી અંશ જે તે દેહના તત્ત્વોની વિભૂતિનો વેશ ધારણ કરતો ગયો તેમ તેમ તે તે તત્ત્વોના આકર્ષણોથી વિલાસયુક્ત જિંદગી જીવવા માંડ્યો, જેથી પોતાની ઐશ્વર્યતા ગુમાવી દેતાં તે અંશ નિર્માલ્ય બની ગયો. વળી, દેહના પટ (આવરણ) ચઢવાથી અંશ પોતાના શુદ્ધ, અખંડ અને નિજ ચૈતન સ્વરૂપને ભૂલી ગયો.

**ભૂલત સદેહ ગેહ નહીં પાવા, જાહી ઘરસે પ્રથમહી અંશ આવા;**
**સોહી ઘર પાવન ચહીયે કોહુ આપુ, નિજ સતગુરુ સંગે કરહો મેલાપુ. ૪૫**

### શબ્દાર્થ

**ભૂલત** = ભૂલી ગયા **સદેહ** = પોતાના સ્વ-ચૈતન સ્વરૂપનું **ગેહ** = નિવાસસ્થાન **નહીં પાવા** = પામી શકાયા નહીં, પહોંચી શક્યો નહીં **જાહી** = જે **ઘરસે** = ઘરે થી **પ્રથમહી** = સૌ પ્રથમ **અંશ** = અંશ **આવા** = આવ્યો છે **સોહી ઘર** = તે ઘર **પાવન** = પવિત્ર, પાવનકારી **ચહીયે કોહુ** = કોઈ ઇચ્છા રાખતા હોય તો **આપુ** = પોતાનું **નિજ** = નિજના **સતગુરુ** = સદ્‌ગુરુની સાથે **સંગે** = સત્સંગ **કરહો**= કરો **મેલાપુ** = મેળાપ.

### અનુવાદ

**અંશ ચૈતન સ્વરૂપને ભૂલી જવાથી પ્રથમ જે ઘરેથી આવ્યો હતો તે ઘરે પહોંચી શકતો નથી. જો તે પવિત્ર ઘર પ્રાપ્ત કરવાની કોઈની ઇચ્છા હોય તો નિજ સદ્‌ગુરુ સાથે મેળાપ કરો.**

### ભાવાર્થ

આગળ આપણે જોઈ ગયા છીએ કે અંશે ક્રમશઃ પાંચ દેહની ભૂમિકામાંથી પસાર થવાથી અંશ પોતાના નિજ ચૈતન સ્વરૂપનું મૂળ નિવાસ સ્થાન ભૂલી ગયો, જે મૂળ (કૈવલ) ધામમાંથી સૌ પ્રથમ શુદ્ધ અણિઅગ્ર રીતે અંકુરિત થઈને અંશ બ્રહ્મભૂમિકામાં આવ્યો હતો તે ઘર પ્રાપ્ત કરી શક્યો નહીં. આમ, નિજ ઘરને ભૂલેલા અંશો પૈકી જો કોઈ અંશ પોતાના પાવનકારી ઘરે પાછા જવાની ઇચ્છા રાખતા હોય તો તે ઘરની ઓળખ કરાવે તેવા સમર્થ પરમગુરુની શોધ કરવી પડે. જો તેવા સમર્થ પરમગુરુનું શરણું

સ્વીકારી તેમની સાથે મેળાપ કરવામાં આવે તો તેમની કૃપા થકી અંશ નિજ ઘરે અવશ્ય પહોંચી શકે.

**સરલ મુમુક્ષુ હોઈ શુદ્ધ ચૈતન, કરહી અરપન ચરણે તન મન;**
**અહો કર્તા કહીએ દોહુ કર જોરી, આયેહુ શરન સ્વામી જુઓ મમ ઓરી. ૪૬**

### શબ્દાર્થ

**સરલ** = સરળ **મુમુક્ષુ** = મોક્ષની ઈચ્છા ધરાવનાર **હોઈ** = હોય તો, થઈને **શુદ્ધ** = શુદ્ધ, નિર્મળ **ચૈતન** = ચૈતન ભાવથી **કરહી** = કરો **અરપન** = અર્પણ, ધરી દો, સમર્પણ કરો **ચરણે** = ચરણોમાં **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **અહો કર્તા** = હે કર્તા ! **કહીએ** = કહેવું **દોહુ કર જોરી** = બે હાથ જોડીને **આયેહુ** = આવ્યા છીએ **શરન** = શરણમાં **સ્વામી** = હે સ્વામી ! **જુઓ** = દૃષ્ટિ કરો, અમી દૃષ્ટિથી જુઓ **મમ ઓરી** = મારી સામે, અમારા તરફ.

### અનુવાદ

**સરળ મુમુક્ષુ થઈને શુદ્ધ ચૈતન ભાવથી તેમના ચરણોમાં તન અને મન અર્પણ કરવું. પછી બે હાથ જોડીને કહેવું કે હે કર્તા ! અમે આપના શરણે આવ્યા છીએ તો હે સ્વામી ! અમી દૃષ્ટિથી અમારા તરફ કૃપા દૃષ્ટિ કરો.**

### ભાવાર્થ

જો સમર્થ પરમગુરુનો મેળાપ થઈ જાય તો તેમના પ્રત્યે સરળતાપૂર્વક મુમુક્ષુ ભાવ રાખવો. ત્યાર પછી દેહનું અહંપણું છોડીને શુદ્ધ ચૈતન ભાવ ધારણ કરવો. તેમના ચરણમાં તન અને મન અર્પણ કરી દેવું. ત્યારબાદ હાથ જોડીને ખૂબ જ વિનમ્ર ભાવથી સ્તુતિ - પ્રાર્થના કરવી જોઈએ. પરમગુરુ તો સ્વામીરૂપ છે. તેમજ પરમમોક્ષનું દાન આપવાવાળા સમર્થ કર્તા તુલ્ય છે. મોક્ષની ઈચ્છા રાખનાર દરેકે પતિવ્રતા નારીની જેમ તેમના ચરણમાં સઘળું સમર્પણ કરીને દાસ ભાવે દીન બનીને શરણમાં જવું જોઈએ, જેથી તેઓ કરૂણાદૃષ્ટિ રાખીને આપણને સર્જનહારના શરણમાં લઈ જવા માટે પરમપદનું દાન બક્ષિશ કરે.

**કોમલ વચન શીતલ શશુ દામી, પાહી પાહી ગુરુ તુમ પરણામી;**
**જયેતિ જયેતિ ગુરુ પરમ નિધાનુ, મેટો મમ ત્રાસ પાસ અજ્ઞાનુ. ૪૭**

### શબ્દાર્થ

**કોમલ** = કોમળ ભર્યા **વચન** = શબ્દો, પ્રાર્થના **શીતલ** = શાંત ચિત્ત, ઠંડે કલેજે **શશુ દામી** = બાળકની બરોબરી સમજી, બાળકની જેમ, સમોવડિયું માનીને **પાહી પાહી** = વારંવાર પગે લાગીને **ગુરુ** = હે ગુરુદેવ! **તુમ** = તમોને **પરણામી** = પ્રણામ કરું છું **જયેતિ જયેતિ** = જય હો જય હો ! **ગુરુ** = હે ગુરુદેવ ! **પરમ** = શ્રેષ્ઠ **નિધાનુ** = નિદાન રૂપે, આધાર રૂપે **મેટો**= મુક્ત કરો **મમ** = મારા **ત્રાસ** = દુઃખો **પાસ** = બંધન **અજ્ઞાનુ** = અજ્ઞાન.

### અનુવાદ

**બાળક તુલ્ય થઈને કોમળ વચનોથી પ્રેમપૂર્વક વિનંતી કરવી કે હે ગુરુદેવ ! આપને હું વારંવાર નમસ્કાર કરું છું. આપની 'જય હો ! જય હો !' આપ શ્રેષ્ઠ આધારરૂપ હોઈ અજ્ઞાનતાવશાત્ ભોગવી રહેલ મારા ત્રાસના બંધનમાંથી મુક્ત કરો.**

### ભાવાર્થ

ગુરુ પાસે જઈ અંતઃકરણર્વક પ્રાર્થના - સ્તુતિ કેવી રીતે કરવી ? તે અહીં દર્શાવવામાં આવ્યું છે. ગુરુ આપણાથી ખૂબ જ મહાન છે એટલે આપણે તેમની પાસે બાળક - શિષ્ય રૂપે જવાનું છે. બાળકની જેમ કાલીઘેલી ભાષામાં ખૂબ જ કોમળ વચનોથી પ્રેમપૂર્વક વિનંતી કરવી જોઈએ. તેમને વારંવાર પ્રણામ કરવા જોઈએ. સંસાર સાગરમાં તેઓ એકમાત્ર આધાર છે. જગતમાં જ્યાં ને ત્યાં અજ્ઞાનનો અંધકાર છવાયેલો છે. દેહના સંગથી ઊભા થયેલા વિવિધ દોષો અને કર્મોના બંધનોથી આપણે બંધનવશ થયેલા છીએ. એ તમામ બંધનોના ત્રાસમાંથી આપણે સમર્થ એવા પરમકૃપાળુ પરમગુરુ જ છોડાવી શકે તેમ હોઈ તેમને બાળકની જેમ કાલાવાલા કરવા જોઈએ. જો તેઓ તેમની કરૂણા દૃષ્ટિ પ્રસારીને અંશ ઉપર કૃપા કરે તો જ આ ભવ બંધનોમાંથી અંશ મુક્ત થઈ શકે છે. (અહીં બાળકભાવથી પ્રાર્થના કરવાની જે વાત કરી છે તેના મર્મને આપણે સમજવો જોઈએ. બાળક નિર્દોષ હોવાથી તેમ દરેક પ્રવૃત્તિ આડંબર વગરની નિર્વિકારી અને સાચા દિલની મતલબ કે બનાવટ વગરની અને સહેજા-સહેજ હોય છે. એટલે આપણે પરમગુરુ સુધી પ્રાર્થના પહોંચાડવી હોય તો આવો ભાવ હોવો જોઈએ.)

**સકલ દેવ દેવનકે હો દેવા, પરમ કૃપાલ દયાલ સભેવા;**<br>
**તુમ બિન સહાય કરન કોહુ નાંહી, લોક ચર્તુદશ ઉતઈત માંહી. ૪૮**

### શબ્દાર્થ

**સકલ** = સર્વે **દેવ** = દેવતા ગણ છે **દેવનકે**= તે દેવોના **હો** = છો **દેવા** = દેવ **પરમ** = શ્રેષ્ઠ **કૃપાલ** = કૃપા કરનાર, કૃપાવંત **દયાલ** = દયાળુ **સભેવા** = સ્વભાવવાળા, સાગર સમાન **તુમ બિન** = તમારા વગર **સહાય** = સહાયતા **કરન** = કરવાવાળું **કોહુ** = કોઈ જ **નાંહી** = નથી **લોક ચર્તુદશ** = ચૌદ લોકમાં **ઉતઈત** = દેવલોક કે મૃત્યુલોક **માંહી** = માં.

### અનુવાદ

**હે પરમકૃપાળુ ! હે દયાળુ સ્વભાવવાળા ! આપ સર્વ દેવી-દેવતાઓના પણ દેવ છો. તમારા વગર ચૌદ લોકમાં આ બાજુ કે તે બાજુ સહાય કરનાર અન્ય કોઈ નથી.**

### ભાવાર્થ

પરમગુરુ દયાળુ સ્વભાવવાળા અને પરમકૃપાળુ છે, વળી તેઓ ચૌદ લોકમાં વસતા તમામ દેવી-દેવતાઓના પણ આધાર અર્થાત્ દેવાધિદેવ છે. વિશ્વના દેવ કે દેવીઓ ચૌદ લોકના ભૌતિક

સુખ-દુ:ખમાં સહાયરૂપ થઈ શકે છે, પરંતુ અંશને જન્મ-મરણનું જે મોટામાં મોટું દુ:ખ છે તે દૂર કરી શકતા નથી. વળી તેઓ નિજ ઘરનું અખંડ સુખ આપવા માટે પણ અસમર્થ છે. નિજ ઘરનું સુખ અને જન્મ-મરણનું બંધન ઐશ્વર્યવાન મહાન-દેવો પૈકી કોઈપણ દૂર કરી શકે તેમ નથી. માત્રને માત્ર પરમકૃપાળુ અને પરમદયાળુ એવા પરમગુરુ સિવાય અંતરિક્ષના ચૌદ લોકમાં કે પૃથ્વી પરના સપ્તદ્વીપમાં આપણને પરમપદ પ્રાપ્ત કરવા માટેની સહાયતા કરનાર અન્ય કોઈ જ સમર્થ નથી.

**નિજ મમ સ્વરૂપ પંચતનુ પારી, સોહી દરશાવો ગુરુ કરુણા પસારી;**
**ઓરુ નિજ ઘર કર્તા તુમ ગાવા, તાહી લખવાવો જાહીસે હમ આવા. ૪૯**

### શબ્દાર્થ

**નિજ મમ સ્વરૂપ** = મારું પોતાનું ચૈતન સ્વરૂપ **પંચતનુ** = પાંચ દેહથી **પારી** = પર છે **સોહી** = તે **દરશાવો** = દેખાડો, દર્શાવો, બતાવો **ગુરુ** = હે ગુરુદેવ **કરુણા પસારી** = કરુણા કરીને **ઓરુ** = અને વળી **નિજ ઘર** = મૂળવતન **કર્તા** = સર્જનહાર **તુમ** = તમોએ **ગાવા** = ગાયા છે **તાહી** = તે **લખવાવો** = જણાવો **જાહીસે** = જ્યાંથી **હમ** = અમો - આપણે **આવા** = આવ્યા છીએ.

### અનુવાદ

**મારું નિજ સ્વરૂપ પાંચ દેહથી પર આવેલું છે તેથી હે ગુરુદેવ ! કરુણા કરીને તે દર્શાવો. વળી તમે જે નિજ કર્તાના ઘર (ધામ) ના ગુણ ગાયા છે અને જ્યાંથી અમે આવ્યા છીએ તે પણ જણાવો.**

### ભાવાર્થ

આપણું નિજ ચૈતન સ્વરૂપ પાંચ દેહ – સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહના આવરણથી પર (ભિન્ન) રહેલું છે. તે સ્વરૂપ શુદ્ધ ચૈતન તેમજ અણિઅગ્ર અંકુરિત અને તત્ત્વાતિત છે. વળી, ગુરુદેવે શ્વસંવેદમાં સૃષ્ટિના સર્જનહાર ખુદ કૈવલ કર્તાના ઘર (કૈવલધામ)ના ગુણગાન ગાયા છે તેવા તત્ત્વાતિત ધામમાંથી આપણે આ નાશવંત સૃષ્ટિમાં આવ્યા છીએ. તે મૂળવતન અંગેની સમજ પાડે તે માટે વિનંતી કરવી અને તે જ્ઞાન સમજીને અનુભવ કરી શકીયે તે માટેની કૃપા કરવા પરમગુરુને હંમેશાં પ્રાર્થના કરવી જોઈએ.

**એહી પરકાર કરહી અસ્તૂતિ, ગુરુપદ પ્રેમ ધરહી મજબૂતી;**
**રીઝે ગુરુ જબહી અગમ ગત્ય દાતા, દેઈ સર્વ લક્ષ કરહી સુખ સાતા. ૫૦**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે **કરહી** = કરવી **અસ્તૂતિ** = સ્તુતિ **ગુરુપદ** = ગુરુદેવ પ્રત્યે **પ્રેમ** = પ્રેમ **ધરહી** = ધારણ

કરીને (કરવો) **મજબૂતી** = અડગ, મક્કમ, નિર્ધાર **રીઝે** = કૃપા કરે **ગુરુ** = ગુરુદેવ ! **જબહી** = જ્યારે **અગમ** = અગમ **ગત્ય** = ગતિ, સમજ **દાતા** = દેનારા **દેઈ** = આપીને **સર્વ** = પરિપૂર્ણ **લક્ષ** = લક્ષ, જ્ઞાનબોધ **કરહી** = કરે **સુખ સાતા** = સુખ, સમૃદ્ધિ અને શાંતિ.

## અનુવાદ

**ગુરુપદમાં અડગ પ્રેમ ધારણ કરીને આ પ્રમાણે સ્તુતિ કરવાથી પરમગુરુ પ્રસન્ન થાય તો અગમ ગતિનો લક્ષ આપીને તેઓ સર્વ પ્રકારની સુખ-શાંતિ પ્રદાન કરે છે.**

## ભાવાર્થ

એ પ્રમાણે સમર્થ પરમગુરુ પ્રત્યે અડગ વિશ્વાસ રાખી તેમજ પ્રેમ સહિત નિષ્ઠાવાન બની તેમના ચરણોમાં તન, મન અને ધન સમર્પણ કરીને સ્તુતિ કરવામાં આવે તો પરમગુરુ અવશ્ય પ્રસન્ન થાય. તેઓશ્રી આપણા પર કૃપા કરીને સગુણ-નિર્ગુણથી પર એવા સકર્તા સિદ્ધાંતનો પરિપૂર્ણ (લક્ષ) જ્ઞાનબોધ આપે. ગુરુદેવની રીઝ પ્રાપ્ત થતાં જ અંશ નિષ્કર્મી બને, જેથી તેના ભવસાગરનું સંકટ ટળી જાય. અર્થાત્ દેહને અંતે અંશને પરમમોક્ષની પ્રાપ્તિ થતાં અખંડ આનંદ પ્રાપ્ત કરી શકે. આ જન્મે જ જગતની ભવસંકટરૂપ આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળી જતાં અંશને અખંડ સુખ, સમૃધ્ધિ અને શાંતિનો અનુભવ પ્રાપ્ત થાય છે.

**અબ તેહી વચન સૂનહો સતગુરુકા, સકલ સિદ્ધાંત સાર નિજ ઘરકા;**
**નિજ ઘર લક્ષ પક્ષ જેહી જેતુ, સહિત ઉપાસ કહત ગુરુ તેતુ. ૫૧**

## શબ્દાર્થ

**અબ** = હવે **તેહી** = તે **વચન** = વચનો, જ્ઞાનોપદેશ **સૂનહો** = સાંભળો **સતગુરુકા** = સદ્‌ગુરુદેવના **સકલ સિદ્ધાંત** = સર્વ સિદ્ધાંતોનો **સાર** = સારાંશ, દોહન, રહસ્ય **નિજ ઘરકા** = મૂળવતનનો, પોતાના કૈવલધામનો, પદનો **નિજ ઘર** = પોતાના ઘરનો **લક્ષ** = લક્ષ **પક્ષ** = પક્ષ **જેહી જેતુ** = જેવો છે તેવો જ, જેમ છે તેમ **સહિત** = સાથે મળીને **ઉપાસ** = ઉપાસના **કહત** = કહે છે **ગુરુ** = ગુરુદેવ **તેતુ** = તેઓ, તે પોતે.

## અનુવાદ

**હવે સર્વ સિદ્ધાંતોના સાર રૂપ નિજ ઘર અંગે ગુરુદેવ જે વચનો કહે છે તે સાંભળો. નિજ ઘર (કૈવલધામ) નો જેવો છે તેવો જ લક્ષ અને પક્ષ તથા તેની ઉપાસના સહિત ગુરુદેવ કહે છે.**

## ભાવાર્થ

જગતમાં પ્રવર્તમાન જેટલા પણ મતપંથો છે તેમના જુદા જુદા હદવાળા સિદ્ધાંતોને જે તે ધર્મના સ્થાપકોએ સ્થાપિત કરેલા છે, પરંતુ તે બધા જ સિદ્ધાંતો આખરે તો સગુણ દેવ-દેવીઓના પક્ષે

અટકેલા હોય છે, અથવા તો નિર્ગુણ બ્રહ્મના પક્ષે સ્થિર થયેલા હોય છે. પરમગુરુ દ્વારા સગુણ અને નિર્ગુણથી પરે સકર્તા સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવેલું છે. સકર્તા સિદ્ધાંતનો સાર જોતાં વિશ્વના એક જ સર્જનહાર છે અને દરેક અંશો તેમની જ સજાતિના છે. એવા સકર્તાપતિ કૈવલકર્તાનો નિજ લક્ષ પક્ષાપક્ષથી રહિત છે. તે લક્ષને પ્રાપ્ત કરવા માટેની ઉપાસના સહિત ભજનવિધિ સંબંધી સમજ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા દર્શાવવામાં આવી છે.

**કૈવલપદ નિજ ઘરકે ઉપાસી, ચીહીન ચલન તીનુ કહુ પરકાસી;**
**અતિ ગતિ અગમ સુગમ નહીં ગાઈ, ત્રિગુણ શક્ત નહીં જયોત અટકાઈ. ૫૨**

### શબ્દાર્થ

**કૈવલપદ** = કૈવલપદ **નિજ ઘરકે** = નિજ ઘરના **ઉપાસી** = ઉપાસકો, ઉપાસના કરનાર, મુમુક્ષો **ચીહીન** = ચિહ્નો **ચલન** = રહેણી-કરણી, ચાલચલગત **તીનુ**= તેમનું **કહુ** = કહુ છું **પરકાસી** = પ્રકાશ કરીને, સમજ પડે તે રીતે **અતિ ગતિ** = મહાન ગતિ **અગમ** = તરત સમજણમાં ન આવે તેવું, અગમ્ય **સુગમ** = તરત સમજમાં આવે તેવું **નહીં** = નથી **ગાઈ** = ગાઈ શક્યા, દર્શાવી શક્યા **ત્રિગુણ** = ત્રણ ગુણો **શક્ત** = આદ્યશક્તિ **નહીં** = નહીં **જયોત** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **અટકાઈ**= અટકાશો નહીં, અટકી ન રહેવું.

### અનુવાદ

**નિજ ઘર રૂપ કૈવલપદના ઉપાસકોએ ધારણ કરવા યોગ્ય ચિહ્ન અને રહેણી-કરણી જાહેર કરીને કહું છું. ત્રણ ગુણ, શક્તિ અને જ્યોતિ સ્વરૂપમાં પણ અટકો નહીં તે માટે મેં સુગમ નહીં તેવી પણ અત્યંત અગમ ગતિ બતાવી છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ સ્કંધમાં નિજ ઘર રૂપ કૈવલપદના ઉપાસકો માટેનાં લક્ષણ (ચિહ્નો) અને આચરણ કરવા યુક્ત રહેણી-કરણી વિશે સમજણ આપે છે. તથા વિશ્વના સર્જનહારનું અદ્ભુત જ્ઞાન તેમજ પરમમોક્ષ અંગેની સુગમ નહીં તેવી અગમ સમજ આપે છે, જેથી મુમુક્ષુ માનવો અવતારાદિક પુરુષોની લીલાઓની રોચક વાતોમાં તેમજ ત્રણ ગુણ અને શક્તિ તથા નિરંજનના પદોમાં અટકી ન રહે.

**ક્ષુદ્ર દેવહી ઉપાસના જેતી, અલ્પ જ્ઞાન જાનત સબ તેતી;**
**ઓરુ પ્રપંચ પંચ તનુ દેહા, જાહીતે અંશ સંગી આપ અહંમેવા. ૫૩**

### શબ્દાર્થ

**ક્ષુદ્ર** = મલિન, અસ્વચ્છ, પામર **દેવહી** = દેવતાઓની **ઉપાસના** = ઉપાસના **જેતી** = જેવી છે તે, જેટલી છે **અલ્પ જ્ઞાન** = સામાન્ય જ્ઞાન **જાનત** = જાણવાવાળા **સબ** = બધા જ, સર્વ **તેતી** = તેટલી, તે તે **ઓરુ** = અને

**પ્રપંચ** = કાવાદાવા, સાંસારિક માયા, દુનિયાની જંજાળ, ભ્રમણ યુકત **પંચ** = પાંચ **તનુ દેહા** = દેહ ધરાવતા, શરીરો **જાહીતે** = જેમનો **અંશ** = અંશ, કૈવલ કર્તાના સજાણજાણ રૂપી અંશ **સંગી** = જોડાણ, સંગ **આપ** = પોતે **અહંમેવા** = અહંમેવ, હું પદ, અભિમાન.

## અનુવાદ

**જેટલા અલ્પ જ્ઞાનને જ જાણે છે તેટલા પામર દેવોની ઉપાસના કરે છે તેમજ પાંચ દેહ પૈકી પ્રપંચી દેહના સંગથી અંશ પોતે શરીરનો અહંભાવ ધારણ કરે છે.**

## ભાવાર્થ

જે જે માનવો ભૌતિક સુખ માટે પામર દેવોની અર્થાત્ ભૂત, પ્રેત, ગ્રહો, કુળદેવી, સિકોતર આદિ સૂક્ષ્મ દેહધારી ક્ષુદ્ર દેવોની ઉપાસના કરે છે, તે સર્વે સર્જનહારના સત્ય જ્ઞાનથી અજાણ હોવાથી અલ્પ જ્ઞાનને જાણનારા છે. વળી, અંશ પાંચ દેહના પ્રપંચથી લપટાયેલો છે, જેથી જે તે તત્ત્વોના સંગને કારણે જે તે દેહની વિભૂતિનું અભિમાન ધારણ કરી પોતાનાથી વિશેષ ઐશ્વર્યતાવાનને શરણે જાય છે.

જ્યાં સુધી આપનપુ ચૈતન સ્વરૂપ ઓળખાય નહીં ત્યાં સુધી દૈવી ઐશ્વર્ય ધારણ કરનાર દેવતાઓની નાશવંત ઉપાસના છૂટતી નથી. દેવોમાં દૃશ્યમાન થતું વિભિન્ન ઐશ્વર્ય સર્જનહારે પોખેલી વિભૂતિ પૈકીનું છે, પરંતુ દરેકમાં રહેલા અંશોના માલિક (અંશી કૈવલ કર્તા) એક જ છે. આ સમજ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના શરણમાં આવવાથી જ પ્રાપ્ત થાય છે. પરમગુરુની કૃપાથી પ્રાપ્ત થયેલા આ અલૌકિક કૈવલજ્ઞાનને જે આરતવંત અંશ પોતાના હૃદયમાં ધારણ કરી તેનો અહોનિશ અભ્યાસ (ચિંતન) કરે છે તે જ કૈવલપદનો અધિકારી બને છે.

**નિજ કૈવલ કરતા અંશ આપુ, તાહીકુ સમજ ઉર કરહી સમાપુ;**
**તેહી લક્ષ જેહી સતગુરુ લખવાવે, જો ગુરુ ચરન કમલ જેહી આવે. ૫૪**

## શબ્દાર્થ

**નિજ કૈવલ કરતા** = કૈવલ કર્તાના પોતાના જ **અંશ** = અંશ **આપુ** = આપણે છીએ **તાહીકુ** = તે અંગેની **સમજ** = સમજ **ઉર** = હૃદયમાં **કરહી** = કરીને **સમાપુ** = સમાવેશ, તપાસી જુઓ, માપી જુઓ **તેહી લક્ષ** = તે લક્ષને **જેહી** = તે **સતગુરુ** = સદ્‌ગુરુ, સતગુરુ દેવ **લખવાવે** = કહી સમજાવે, દર્શાવે **જો** = જો **ગુરુ** = ગુરુદેવના **ચરન કમલ** = ચરણકમળમાં **જેહી આવે** = જે કોઈ આવે.

## અનુવાદ

**આપણે કૈવલ કર્તાના અંશો છીએ, તેવી સમજ હૃદયમાં ધારણ કરો. સદ્‌ગુરુના ચરણકમળમાં જે કોઈ આવે તેને જ સદ્‌ગુરુ તે લક્ષ આપે છે.**

### ભાવાર્થ

આપણે સૌ કેવલ કર્તાના સજાતીય શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અંશો છીએ. આ સાચી સમજ પરમગુરુના શરણમાં જઈ તેમના લક્ષ બોધ થકી મળે છે. એ સમજ દર્શાવતો લક્ષ વિશ્વમાં માત્ર પરમગુરુ આપે છે. જે મુમુક્ષુજન પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના ચરણકમળમાં સમર્પણ ભાવથી અહર્નિશ નિવાસ કરીને પાત્રતા મેળવે તો તેવા કૃપાવંત અધિકારી અંશને જ પરમગુરુ આ લક્ષ બક્ષિશ કરે છે.

**તેહી લક્ષ જપત જપત જન જેહી, પાવહી કેવલપદ નહીં સંદેહી;**
**છાપ તિલક તિનુ કહુ સમજાઇ, જેહી કેવલપદ લક્ષ અનુરાઇ. ૫૫**

### શબ્દાર્થ

**તેહી** = તે **લક્ષ** = લક્ષની **જપત** = જાપ **જપત જન જેહી** = જે માનવ જપશે **પાવહી** = પ્રાપ્ત કરશે **કેવલપદ** = કેવલધામ **નહીં સંદેહી** = તેમાં કોઈ શંકા નથી. **છાપ** = પ્રતીક, નિશાન **તિલક** = ભાલતિલક **તિનુ કહુ સમજાઇ** = તે સમજાવી છે, કહી સમજાવી **જેહી** = તે **કેવલપદ** = કેવલપદના **લક્ષ** = લક્ષને **અનુરાઇ** = અનુરાગયુક્ત, સંબંધિત.

### અનુવાદ

**જે માનવો આ લક્ષનો જાપ જપતા રહેશે તેઓ કેવલપદ પ્રાપ્ત કરી શકશે તેમાં કોઈ શંકા નથી. (હવે) તિલકના પ્રતીક વિશે કહી સમજાવું છું કે જેનો કેવલપદના લક્ષ સાથે સંબંધ છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે દર્શાવ્યા મુજબ પરમપદ પામવા માટે જે માનવો (અગાધ બોધ ગ્રંથ, અંગ ૮૨માં દર્શાવ્યા મુજબ) 'કૈવલ' પ્રગટ મંત્રનું અહર્નિશ રટણ કરશે અને નક્કી કરેલ ગણતરી મુજબના ગુપ્ત અમરમંત્રના જાપ જપશે, તો તેવા ભાગ્યવંત મુમુક્ષુ કેવલપદ અવશ્ય પ્રાપ્ત કરી શકશે તેમાં સહેજ પણ શંકા નથી. તે કેવલપદના લક્ષ પ્રત્યે જેને પ્રીતિ (અનુરાગ) હોય તેવા મુમુક્ષુજનો માટે ભાલતિલકની નિશાની અંગે અહીં જણાવવામાં આવ્યું છે. જેનો (ભાલતિલકનો) સીધો સંબંધ સર્જનહારના કેવલપદના લક્ષ સાથે જોડાયેલો છે.

**તિલક ભાલ તનુ અકલ અનુપા, સોહી હમ અગમ કહેઉ જે નિરુપા;**
**નિજ અંકુર અણિ રુપ ગતિ આવા, તાહીતે તિલક અણી અગ્ર બનાવા. ૫૬**

### શબ્દાર્થ

**તિલક ભાલ** = ભાલતિલકનું **તનુ** = સ્વરૂપ **અકલ** = અકળ **અનુપા** = અનુપમ છે **સોહી** = તે **હમ** = મેં **અગમ** = આગળ **કહેઉ** = કહ્યું છે **જે** = જે **નિરુપા** = નિરુપણ કરીને **નિજ અંકુર** = અંકુર રૂપ પોતે **અણિ** = અણી

અગ્ર **રુપ** = સ્વરુપે **ગતિ** = ચાલથી, સમજથી **આવા** = આવ્યા છીએ **તાહીતે** = તેટલા માટે **તિલક** = ભાલતિલકને **અણી અગ્ર** = આગળથી અણિવાળું **બનાવા** = બનાવ્યું છે.

## અનુવાદ

**ભાલતિલકનું સ્વરૂપ અકળ અને અનુપમ છે. તે વિશે મેં અગાઉ નિરૂપણ કરેલું છે. (અંશ) પોતે અણિયાળી ગતિથી અંકુરિત થઈને આવ્યો છે, તેટલા માટે જ તિલક અણિઅગ્ર બનાવ્યું છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચવામાં આવેલા ભાલતિલકનું પ્રતીક અકળ અને અનુપમ છે. અગાઉ ભાલતિલક વિશે ખૂબ જ વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી છે. જ્યારે ચૈતન અંશ કૈવલધામમાંથી સર્જનહાર(કૈવલ કર્તા)થી વિખૂટો પડીને વિદેશ રૂપ બ્રહ્માંડમાં આવ્યો ત્યારે અણિઅગ્ર રૂપે અંકુરિત સ્વરૂપે પ્રવેશ્યો હતો. તે લક્ષનું પ્રતિપાદન કરવા માટે જ આ ભાલતિલકની રચના અણિઅગ્ર આકારે કરવામાં આવી છે.

**કૈવલપદ ભક્તિજીનુ જાની, તિલક ભાલ તનુ અંક નિશાની;**
**દ્રઢ એહી તિલક સલખ કહુ ભેદા, રહે જેહી લક્ષ પક્ષ વિનુ વેદા. ૫૭**

## શબ્દાર્થ

**કૈવલપદ** = કૈવલ કર્તાના પદની **ભક્તિ**= ભક્તિ **જીનુ** = જેમણે **જાની** = જાણી છે **તિલક ભાલ** = ભાલતિલકની **તનુ**= શરીર ઉપર **અંક** = ચિહ્ન રૂપે **નિશાની** = પ્રતીક હોવું જ જોઈએ **દ્રઢ** = દ્રઢતાપૂર્વક **એહી** = તે **તિલક** = ભાલતિલક અંગે **સલખ** = સરળતાપૂર્વક, વર્ણન કરીને **કહુ** = કહું છું **ભેદા** = ભેદ, રહસ્ય **રહે** = રહેવો **જેહી** = જેને **લક્ષ** = લક્ષને **પક્ષ વિનુ** = પક્ષ વિના (વગર) **વેદા** = વેદોમાં.

## અનુવાદ

**કૈવલપદની ભક્તિ જેમણે જાણી છે તેમના મસ્તક પર ભાલતિલકનું નિશાન હોવું જ જોઈએ. જે લક્ષનો પક્ષ વેદોમાં પણ નથી તેવા તિલકના રહસ્યનું હું દ્રઢતાપૂર્વક વર્ણન કરું છું.**

## ભાવાર્થ

જે મુમુક્ષુ માનવે પરમગુરુના શરણમાં સમર્પિત થઈને કૈવલકર્તાની ભક્તિ સ્વીકારી છે તેવા પ્રત્યેક કાયમપંથીએ પોતાના મસ્તક ઉપર ભાલતિલકનું નિશાન અવશ્ય ધારણ કરવું જોઈએ. આ મહાન ભાલતિલકના રહસ્યમય ભેદ સમજાવતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તેનો મહિમા ચાર વેદ પણ દર્શાવી શક્યા નથી. કારણ કે બ્રહ્મથી આગળ વધીને તેમની દ્દષ્ટિ પહોંચી નથી. પરમગુરુએ જ તે ભાલતિલકના ગુપ્ત રહસ્ય અને મહિમાને દ્રઢતાપૂર્વક દર્શાવ્યો છે એ ભાલતિલકનો

લક્ષ કેવલપદ સાથે સીધી રીતે સંબંધ ધરાવે છે. વળી, તે સર્જનહારના પક્ષના પ્રતીક સ્વરૂપે છે.

**અલગ ઉદાર રહત જગ સેતી, હદયે ધ્યાન નિજપદ પરમેતિ;**
**ધરત ધ્યાન અલમસ્ત ભવિતુ, રહત સકલ મહી તજ્ઞ અતિતુ. ૫૮**

### શબ્દાર્થ

**અલગ** = જુદો **ઉદાર** = ઉદાર, નિખાલસ **રહત** = રહે છે **જગ**= જગત **સેતી** = સાથે **હદયે** = હૃદયમાં **ધ્યાન** = ચિંતન, ચિત્તને એકાગ્ર કરવું, સ્મરણ **નિજપદ** = પરમપદ **પરમેતિ** = પરમવિશેષ, ઘણું કરીને **ધરત ધ્યાન** = ધ્યાન ધરવાથી **અલમસ્ત** = અલખની મસ્તીવાળો મસ્તાના, બેફિકર, રાગ દ્વેષ વગરનો **ભવિતુ** = બને છે, થાય છે **રહત** = રહે છે **સકલ મહી** = બધાની વચ્ચે **તજ્ઞ** = તત્ત્વજ્ઞ શોધક, વિદ્વાન **અતિતુ** = વૈરાગી, અભ્યાગત, સંસાર ઉપરથી અહં જતો રહ્યો હોય તેવી સ્થિતિમાં.

### અનુવાદ

**જેના હૃદયમાં પરમપદનું વિશેષ ચિંતન છે તે સંસારમાં ઉદાર ભાવથી બધાથી અલગ રહે છે. ધ્યાન ધરવાથી તે અલખની મસ્તીમાં મગ્ન હોય છે અને સંસારમાં બધાની સાથે રહેવા છતાં વૈરાગી વૃત્તિથી તત્ત્વજ્ઞ દશા ભોગવે છે.**

### ભાવાર્થ

જેમને પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપની ચિંતા છે અને પરમપદની પ્રાપ્તિ માટે હૃદયમાં હંમેશા ઉત્કંઠા જાગેલી હોય છે, તેવા સંતપુરુષ સંસારમાં અન્ય પ્રત્યે ઉદારતા ભર્યા વર્તનથી નિષ્કપટ પણે વ્યવહાર રાખીને રહે છે.તેમની ચિત્તવૃત્તિ ફક્ત સર્જનહારના લક્ષનું ધ્યાન ધરવામાં જ મગ્ન રહેતી હોવાથી પોતે અલખના પદમાં મસ્ત બનીને રહેતા હોઈ રાગ-દ્વેષ વગરના હોય છે. તે સંસારમાં બધાની સાથે હળીમળીને રહેવા છતાં અંતઃવૃત્તિથી વૈરાગી બનીને તત્ત્વજ્ઞ દશા ભોગવે છે. અર્થાત્ તે સંસારમાં જળકમળવત્ જિંદગી જીવે છે.

**નિજ કેવલ જન લક્ષ એહી ગાઈ, ચીન સકલ ઉપલેહુ લખાઈ;**
**ગતિ અંતર ઓરુ પરમ અગાદુ, નિજ કેવલ જપ સરલ આરાધુ. ૫૯**

### શબ્દાર્થ

**નિજ કેવલ** = નિજ કેવલ કર્તાનો **જન** = સંત અને ભક્ત, મુમુક્ષુ **લક્ષ** = લક્ષ, નામ જાપ **એહી** = તે **ગાઈ** = ગાય છે, રટણ કરે છે **ચીન** = ચિહ્નો **સકલ** = બધા **ઉપલેહુ** = ઉપરથી, ઉપલક **લખાઈ** = દર્શાવું છું **ગતિ અંતર** = અંતરવૃત્તિથી **ઓરુ** = વળી, જોતાં **પરમ** = શ્રેષ્ઠ **અગાદુ** = અગાધ એવા **નિજ કેવલ** = કેવલ કર્તાના **જપ** =જાપ **સરલ** = સરળ રીતે, સહેજ **આરાધુ** = આરાધના, રટણ.

### અનુવાદ

**તેવા સંત અને ભક્તજનોએ દર્શાવ્યા મુજબના ઉપલક ચિહ્ન ધારણ કરીને નિજ કૈવલ લક્ષના જ ગુણ ગાવાના છે અને અંતર ગતિથી પરમ અગાધ એવા નિજ કૈવલ કર્તાના જાપનું સહજ રીતે આરાધન કરવાનું છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે સંત અને ભક્તજનો માટે દર્શાવ્યા મુજબની રહેશવિધિ અને ભાલતિલક સહિતના બધા જ ઉપલક ચિહ્ન ધારણ કરીને નિજ કૈવલ કર્તાનું જ અહોનિશ રટણ કરવાનું છે; વળી, પોતાની અંતરવૃત્તિથી હૃદયમાં નિજકર્તાનો જે અગાધ અને શ્રેષ્ઠ લક્ષ (જાપ) છે તેનું સહજ રીતે અહર્નિશ આરાધન (ચિંતવન) કરવાનું છે.

**લક્ષ પક્ષ બિનુ રહિત સમારા, આપ નિજ અંશ કૈવલ એક તારા;**
**જગત જુગત તેહી લહત ન મર્મા, નિજપદ ધ્યાન ધરન જે ન્હેંઃકર્મા. ૬૦**

### શબ્દાર્થ

**લક્ષ** =લક્ષ **પક્ષ** = પક્ષ **બિનુ** = વગર **રહિત** = રહીને **સમારા** = પૂર્ણ શ્રદ્ધાથી ક્રિયા કરવી, પરિચર્યા, શુશ્રૂષા, સેવા કરવાની ઈચ્છા, પ્રસન્ન કરવું **આપ** = પોતે **નિજ અંશ** = નિજ કર્તાનો સજાતીય અંશ **કૈવલ** =કૈવલ કર્તા સાથે **એક તારા** = એકતાર થઈને **જગત** = જગત **જુગત** = જુગતિ, યુક્તિ **તેહી** = તે બાબતે **લહત** = જાણે **ન** = નહીં **મર્મા** = મર્મને, રહસ્યને, ભેદને **નિજપદ** = નિજ પરમપદ **ધ્યાન** = ધ્યાન **ધરન** = ધરીને **જે** = જે **ન્હેંઃકર્મા** = ન્હેંઃકર્મી.

### અનુવાદ

**પક્ષપાત વગર લક્ષને જ પૂર્ણ શ્રદ્ધાથી વળગી રહીને નિજ અંશભાવે કૈવલ કર્તા સાથે એકતાર કરવો. નિજ પદનું ધ્યાન ધરવા માટેના નિઃષ્કામ માર્ગનાં યુક્તિભર્યા મુદ્દાના રહસ્યને જગત જાણતું નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં નિજપદનું ધ્યાન કેવી રીતે ધરવું ? અને એવો નિષ્કામ માર્ગે અંશ પોતે નેઃકર્મી થઈને તે કાર્ય કેવી રીતે કરી શકે ? તેવા યુક્તિભર્યા મુદ્દાને જગતના જીવો જાણતા નથી. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અહીં દર્શાવે છે કે આ માર્ગ પક્ષાપક્ષથી રહિત છે. એવા નિજપદના લક્ષમાં પૂર્ણ શ્રદ્ધાથી વળગી રહેવું જોઈએ. દેહભાવ ત્યજી પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે થઈને (અંશભાવે) ધ્યાન ધરવામાં આવે તો સૃષ્ટિના સર્જનહાર કૈવલ કર્તાના મહદ હંગની સાથે આપણા અલ્પ હંગની એકતા અવશ્ય સાધી શકાય છે. આવી હંગની એકતા સાધીને કરવામાં આવતી ભક્તિ જ કર્તાને સમર્પિત થાય છે.

**અતિ ગતિ ગુપન જપન તેહી જાપુ, એક રસ સલંગ મલંગ નહીં માપુ;**
**એહી લક્ષ અલખ ખલક નહીં પાઇ, જાને સતગુરુ જીને દીયા હે બતાઇ. ૬૧**

### શબ્દાર્થ

**અતિ** = અતિશય **ગતિ** = સમજ **ગુપન** = ગુપ્ત છે **જપન** = જપવું **તેહી** = તે **જાપુ** = જાપને **એક રસ** = એકરસ, એક સૂત્રવત્ **સલંગ** = સળંગ **મલંગ** = મળેલો **નહીં** = નહીં **માપુ** = માપ **એહી** = તે **લક્ષ** = લક્ષ **અલખ** = અવર્ણનીય છે **ખલક** = વિશ્વમાં **નહીં** = નહીં, નથી **પાઇ** = પ્રાપ્ત કર્યા **જાને**= જાણે **સતગુરુ** = સદ્‌ગુરુ દ્વારા **જીને** = જેણે **દીયા હે** = આપ્યો છે **બતાઇ** = બતાવીને, દર્શાવીને.

### અનુવાદ

**તે જાપ જપવાની ગતિ અત્યંત ગુપ્ત અને અમાપ છે અને (કર્તા સાથે) એકમેક સળંગ એકતા કરાવે તેવી છે. તે નિર્વાણ (કૈવલપદના) લક્ષને જગત પામી શક્યું નથી, પરંતુ માત્ર સદ્‌ગુરુ જેને બતાવે છે તે જ જાણી શકે.**

### ભાવાર્થ

પરમપદને પ્રાપ્ત કરવાની સાધના કરવા માટેના જાપની ગતિ અત્યંત ગુપ્ત અને અમાપ છે. તે પ્રગટ અને ગુપ્ત એમ બંને જાપ પરમપદ સાથે સળંગ સૂત્રવત્ એકતા સાધવા સક્ષમ છે, પરંતુ એવા જાપના લક્ષથી જગત અજાણ રહ્યું છે. અર્થાત્ તે લક્ષને જગતના જીવો પ્રાપ્ત કરી શક્યા નથી. વિશ્વમાં માત્ર પરમવિશેષ પાટવી અંશ એવા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જ તે લક્ષને બક્ષવા સમર્થ છે. તે અમોઘ લક્ષ પરમગુરુ કૃપા કરી જે ભાગ્યવંત અધિકારી જનને બક્ષે, તેઓ જ જાણી શકે છે.

**ગુપ્ત પ્રગટ ગતિ ગમ કહી જેહી, નિજ કૈવલપદ જનકી સબેહી;**
**એહી ગતિ રહેશ સંતોકી સદ કહેઉ, નિજ કૈવલ કે ઉપાસી જેહી ભયેઉ. ૬૨**

### શબ્દાર્થ

**ગુપ્ત** =ગુપ્ત હતી તે **પ્રગટ** = પ્રગટ કરીને **ગતિ** = સમજ **ગમ** = જ્ઞાન **કહી** = કહ્યું **જેહી** = જે-તે **નિજ કૈવલ પદ** = નિજ કૈવલપદ **જનકી** = સંત અને ભક્તજનો **સબેહી** = બધાની **એહી ગતિ** = તે ગતિ, સમજ **રહેશ** = રહેણી-કરણી **સંતોકી** = સંતોની **સદ** = સત્ય **કહેઉ** = કહી બતાવી **નિજ કૈવલ કે** = નિજ કૈવલ કર્તાના **ઉપાસી** = ઉપાસી **જેહી** = જે **ભયેઉ** = થયા છે.

### અનુવાદ

**નિજ કૈવલપદના જ્ઞાન અંગેની સમજ જે ગુપ્ત હતી તે સંત અને ભક્ત બધા માટે પ્રગટ કરીને**

**કહી. વળી, નિજ કૈવલના જેઓ ઉપાસક થયા છે, એવા સંતોની રહેશ (રહેણી-કરણી) વિશે સત્ય સમજ પણ આપી છે.**

### ભાવાર્થ

પરમગુરુએ સંતજનો અને ભક્તજનોને અનુસરવા માટેની રહેશ વિધિ અને નિજ કૈવલપદ માટેની શ્રેષ્ઠ જે જ્ઞાનગતિ વિશ્વમાં અત્યાર સુધી ગુપ્ત હતી. તે પ્રગટ કરીને સમજાવી છે. સાથે સાથે જેઓ સંસારના ભોગ વૈભવને ત્યાગ કરીને નિજ કૈવલ કર્તાના ઉપાસક બન્યા છે તેવા સંત પુરુષોની રહેણી-કરણીની સત્ય સમજ પણ દર્શાવી છે.

**અરુઢ મતિ ગત કહી હમ જીનકી, તજી એહી ખલક અલગ રહે તીનકી;**
**મલિત રહત જગમાંહી જન જેહી, પ્રભુપદ પ્રેમ નેમ કહુ તેહી. ૬૩**

### શબ્દાર્થ

**અરુઢ** = અપ્રસિદ્ધ, છાનું **મતિ** = સમજ **ગત** = ગતિ **કહી** = કહી છે **હમ** = મેં **જીનકી** = તેમની, જેઓની કે જે **તજી** = ત્યજીને **એહી** = આ **ખલક** = જગતને **અલગ** = અલગ, ન્યારા **રહે** = રહે છે **તીનકી** = તેમનાથી **મલિત** = મળીને **રહત** = રહે છે **જગમાંહી** = જગતમાં **જન** = માણસ **જેહી** = જેમ **પ્રભુપદ** = પ્રભુના પરમપદ સાથે **પ્રેમ** = પ્રેમ **નેમ** = નિયમ **કહુ** = કહું છું **તેહી** = તેમને.

### અનુવાદ

**આ સંસારને છોડીને જેઓ અલગ રહે છે તેમની ગુપ્ત સમજ મેં જણાવી. તેમજ જગતમાં જે માનવ હળીમળીને રહે છે, તેમને પરમપદ પ્રત્યે કેવો પ્રેમ અને નેમ રાખવો જોઈએ તે વિશે કહું છું.**

### ભાવાર્થ

જે માનવો સંસારને છોડીને તેના બંધનથી અલિપ્ત રહે છે. અર્થાત્ ત્યાગી સાધુજનો છે તેમના માટેની કેટલીક ગુપ્ત સમજ હતી તે પરમગુરુએ અહીં જણાવી. હવે પરમકૃપાળુ કહે છે કે ગૃહસ્થ સજ્જનો એ જગતના અન્ય માનવો સાથે હળીમળીને રહેવું જોઈએ. સત્સંગ-ભજન-ઉપાસનામાં તલ્લીન રહેવું જોઈએ. એટલું જ નહીં, પરંતુ ભોગ-વિલાસ (વિષયવાસના) ને ત્યજી પૂર્ણ વૈરાગી જીવન જીવવું જોઈએ. તેવા ગૃહસ્થ ભક્તજનો એ પરમપદ માટે કેવા પ્રકારનો સારધાર પ્રેમ અને નિયમપાલન કરીને ગુરુ ચરણમાં ન્યોછાવર થઈ જવું જોઈએ તે હવે પછી દર્શાવવામાં આવ્યું છે.

**કામ ક્રોધ મન વ્રોધ ન ધરના, સહેજ સ્વભાવ સાવ નીસતરના;**
**રહત સદા સંગ જગત સમીપા, જયૌ કમલા જલમાંહી ઓરુ છીપા. ૬૪**

### શબ્દાર્થ

**કામ** = વાસના, કામના **ક્રોધ** = ગુસ્સો **મન** = મન અંતઃકરણ **વ્રોધ** = વિરોધ **ન ધરના** = ધારણ કરવો નહીં **સહેજ** = સહેજ રીતે **સ્વભાવ** = મનનું વલણ (લક્ષણ ગુણ) **સાવ** = તદ્દન, સંપૂર્ણપણે, બિલકુલ **નીસતરના** = સદા વર્તવું, વિચરણ કરવું **રહત** = રહેવું **સદા** = સદાને માટે - હંમેશા **સંગ** = સંગાથે - સાથે **જગત** = જગતથી **સમીપા** = સમીપ, પાસે, નિકટ **જયૌ** = જેમ **કમલા** = કમળ **જલમાંહી** = જળમાં **ઓરુ** = અને **છીપા** = છીપલાં.

### અનુવાદ

**મનમાં કામ, ક્રોધ તથા વ્રોધ (જેવા દુર્ગુણો) ધારણ કરવા નહીં, પરંતુ સહજ સ્વાભાવિક રીતે સદા વર્તવું જોઈએ. જેમ જળમાં કમળ અને સમુદ્રમાં છીપ રહે છે તેમ હંમેશાં જગતમાં રહેવું.**

### ભાવાર્થ

ગૃહસ્થ ભક્તજનોએ પોતાના મનમાં કામ, ક્રોધ કે વિરોધ અર્થાત્ નકારાત્મક ભાવ જેવા અનિષ્ટો ઉત્પન્ન કરનાર દૂષણોને પેસવા દેવાં ન જોઈએ. જગતમાં જ્યાં જ્યાં વિચરણ કરો ત્યાં સહજ સ્વભાવે હળીમળીને રહેવું. જળમાં રહેવાં છતાં કમળને તેનો સ્પર્શ થતો નથી તથા સમુદ્રમાં રહેવા છતાં છીપલાંને ખારા પાણીનો પટ લાગતો નથી. તેવી જ રીતે દરેક ભક્તોએ સંસારમાં રહેવા છતાં પણ સાંસારિક મોહ-માયા જેવાં બંધનોથી અલિપ્ત રહેવું જોઈએ. તેમજ અંતરવૃત્તિથી વૈરાગી બનીને જીવન વ્યતીત કરવું જોઈએ.

**સકલ વહેવાર વર્તતહી જગતકા, ઉર અંતર દૃઢ કૈવલ મતકા;**
**સ્વપ્ન સમાન જાની જગ હેતા, રહત ઉદાસ તાસહી હમેતા. ૬૫**

### શબ્દાર્થ

**સકલ** = બધો જ **વહેવાર** = વ્યવહાર, નિત્યકર્મ **વર્તતહી** = વર્તન કરવું **જગતકા** = જગતની જવાબદારી મુજબ, પોતાની સામાજિક ફરજો મુજબ **ઉર અંતર** = હૃદય અને અંતઃકરણમાં **દૃઢ** = દૃઢતાથી **કૈવલ** = કૈવલ કર્તાના **મતકા** = મતનો **સ્વપ્ન** = સ્વપ્નની **સમાન** = જેમ, સરખું **જાની** = જાણીને **જગ હેતા** = જગત પ્રત્યેનો પ્રેમ **રહત** = રહેવું **ઉદાસ** = ઉદાસીન, નાખુશ, ઉમંગ વગર **તાસહી** = તેના ચળકાટથી, ભભકાથી **હમેતા** = હંમેશાં.

### અનુવાદ

**જગતમાં બધો જ વ્યવહાર સહજ રીતે નિભાવવો, પરંતુ હૃદયકમળમાં કૈવલ કર્તાનો મત(લક્ષ) દૃઢ કરી રાખવો. જગતને સ્વપ્ન સમાન જાણીને (ઉપલક) હેત રાખવું પણ તેના ચળકાટથી હંમેશાં ઉદાસીન રહેવું.**

### ભાવાર્થ

તમામ ભક્તજનોએ સંસારમાં રહીને પોતાની સાંસારિક ફરજો અને જવાબદારીનું વ્યવહારિક

રીતે સહજતાથી પાલન કરવું. સંસાર પ્રત્યેની તમામ પ્રવૃત્તિઓ પ્રમાણિકપણે અને સત્યનિષ્ઠાથી કરવી. જગતનો સઘળો વ્યવહાર સાચવવા છતાં પરમપદ પામવા માટે સૃષ્ટિના સર્જનહાર સકર્તા સત્ કૈવલનો લક્ષ હૃદયમાં દઢતાપૂર્વક ધારણ કરી રાખવો. જેવી રીતે સ્વપ્નના સુખ-દુઃખ માત્ર ક્ષણ પૂરતા હોય છે અને જાગૃતના સુખ-દુઃખ જ દીર્ઘકાલીન રહે છે, તેવી જ રીતે આ જગતનો વ્યવહાર પણ ટૂંક સમય પૂરતો સ્વપ્નવત્ સમજીને તેવા માયાના ચળકાટથી અંજાઈ ન જતાં તેનાથી હંમેશાં નિર્લેપ રહીને ઉપલક વ્યવહાર જ કરવો. અર્થાત્ નિજ સ્વરૂપનો ખ્યાલ રાખીને અખંડ સુખ માટે ઉર્ધ્વગમન કરવાનો જ પ્રયત્ન કરવાનો છે. જેમ કે......

**જયૌ કોહુ પુરુષ પકરેહુ બેગારી, વહે તીનુ બોજ અંતર નહીં યારી;**
**ત્યૌ નિજ જન ભુગતહી ભવ ભારા, ઉપલેહી મન નહીં અંતર વિકારા. ૬૬**

### શબ્દાર્થ

**જયૌ** = જેવી રીતે **કોહુ** = કોઈ **પુરુષ** = પુરુષ **પકરેહુ** = પકડે, નોકરીએ રાખે, મજૂરી કરવા રાખે **બેગારી** = વેઠિયો, મજૂર, વૈતરુ કરનાર **વહે** = સહન કરે, ઉપાડે **તીનુ** = તેના **બોજ** = ભાર **અંતર** = હૃદયમાં **નહીં** = નથી **યારી** = પ્રેમ **ત્યૌ** = તેવી રીતે **નિજ જન** = ભક્તજન, મુમુક્ષુજન **ભુગતહી** = ભોગવે છે, વેઠે છે **ભવ** = સંસારનો **ભારા** = ભાર, વજન જવાબદારી **ઉપલેહી** = ઉપલક, દેખાડવા પૂર્તિ **મન** = મનથી **નહીં** = નથી **અંતર** = હૃદયમાં **વિકારા** = આવેશ, લાગણી, ભાવ.

### અનુવાદ

**જેમ કોઈ પુરુષ વેઠિયાને રાખે તો તે વેઠિયો તેનો બોજ (વજન) વહન કરે છે, પરંતુ તે બોજ પ્રત્યે તેને પ્રીતિ હોતી નથી. તેમ ભક્તજનોએ સંસારનો બોજ (પ્રવૃત્તિ) ઉપલક રીતે વહન કરવો, પરંતુ તે પ્રવૃત્તિ પ્રત્યે મનમાં કે હૃદયમાં ભાવ પેદા થવા દેવો નહીં.**

### ભાવાર્થ

....કોઈ શેઠ વેઠિયો રાખે છે તે વેઠિયો પોતાના માથા પર શેઠના સામાનનો ભારે બોજ લઈ જાય છે. પોતાના માથા પર મુકેલ વજન (વસ્તુ) ગમે તેટલી કિંમતવાળી હોય છતાં તે વેઠિયો પોતાની જવાબદારી નિભાવે છે, પરંતુ તેને પદાર્થ પ્રત્યે હૃદયમાં ચિંતા કે પ્રીતિ જેવું કાંઈ જ હોતું નથી. તેને તો પોતાને મળતી મજૂરીમાં જ રસ હોય છે. તેવી જ રીતે જેને પરમપદ પામવાની લગની છે તેવા ગૃહસ્થ ભક્તજનોએ પણ સાંસારિક પ્રવૃત્તિઓને અને જવાબદારીઓને ઉપલક રીતે નિભાવીને આંતરવૃત્તિથી તો પરમપદ પામવા માટેના લક્ષ પ્રત્યે જ લગાવ રાખવો જોઈએ. માયિક ભોગ-વૈભવ પ્રત્યે પોતાના મનમાં કે હૃદયમાં લાગણી કે ભાવ પેદા ન થાય તેનું અવશ્ય ધ્યાન રાખવું જોઈએ.

**રેણ દિવસ રસબસ ભરપુરા, પ્રેમ અનંગ અંગ ચક ચુરા;**
**હર્ષ શોક નહીં કરત મેલાપુ, ત્રિવિધ તાપ નહીં તપતત તાપુ. ૬૭**

### શબ્દાર્થ

**રેણ** = રાત **દિવસ** = દિન, દિવસ **રસબસ** = રસમાં તરબોળ બની, મગ્ન બની **ભરપુરા** = છલોછલ, પરિપૂર્ણ **પ્રેમ** = પ્રેમ **અનંગ** = કામના, કામવૃત્તિ, કામદેવ **અંગ** = શરીરથી **ચક ચુરા** = ચકચૂર રહેવું **હર્ષ** = હર્ષ, આનંદ **શોક** = દુઃખ, સંતાપ **નહીં** = નથી **કરત** = કરતાં **મેલાપુ** = હળીમળીને, મેળાપથી **ત્રિવિધ** = ત્રણ પ્રકારના **તાપ** = સંતાપ, દુઃખ **નહીં** = નહીં **તપતત** = તપાયમાન **તાપુ** = તાપ.

### અનુવાદ

**આ ભક્તજનો રાત અને દિવસ સંપૂર્ણ રીતે (પતિપદ સાથે) અનંગરૂપે પ્રેમપૂર્વક એકમેક થઈને ચકચૂરપણે રહે તો (તેમને) હરખ કે શોક કદિ પણ નડતા નથી. તેમજ ત્રિવિધનાં તાપો બાળી (દઝાડી) શકતા નથી.**

### ભાવાર્થ

જેમ સંસારમાં શારીરિક કામવાસનામાં ચકચૂર બનેલા રતિના પતિની જેમ મુમુક્ષુ જનોએ રાત-દિવસ પતિપદના પ્રેમમાં જ રસબસ થઈને તેમાં જ સંપૂર્ણ રીતે ચકચૂર રહેવું જોઈએ. સંસારિક સંબંધીઓ(મેળાપી) સાથેના વ્યવહારમાં મનથી જરાપણ હરખ તેમજ શોકનો અહેસાસ કરવો ન જોઈએ. તેમજ આનંદ પ્રાપ્ત થાય તેવા કર્મો સાથે પ્રીતિ અને દુઃખ પેદા કરતા કર્મો સાથે અરૂચિ-તિરસ્કાર કરવો નહીં. આ રીતની ભક્તિમય વૈરાગપૂર્ણ રહેણી-કરણીયુક્ત જિંદગી જીવીને સર્જનહારની સાથે પ્રીતિ ધરાવનાર આરતવંત મુમુક્ષુઓને ત્રણ પ્રકારના ત્રિવિધિના તાપો(આધ્યામિક, અધિભૌતિક કે અધિદૈવિક) બાળી કે દઝાડી શકતા નથી.

**સુચિત કરમ અતિ પરમ પવિતુ, વરતે એહી જુગતમેં વગત સહિતુ;**
**અંતર જતમતકી રતીહી ભિન્ના, જાને કોહુ સજજન જન એહુ ઝીના. ૬૮**

### શબ્દાર્થ

**સુચિત** = સુચવેલું, બતાવેલુ, નિર્દેસેલ **કરમ** = ક્રિયા **અતિ** = ઘણું **પરમ** = શ્રેષ્ઠ, ઉત્તમ **પવિતુ** = પવિત્ર **વરતે** = વર્તન કરે, વર્તે **એહી** = એ રીતે **જુગતમેં** = જગતમાં **વગત** = વિગત કરીને, સમજીને **સહિતુ** = સહિત **અંતર** = અંતરમાં, હૃદયમાં **જતમતકી** = જતમતની રીતે **રતીહી** = કામદેવની પત્ની રતિની માફક પ્રેમમાં પાગલ બનેલ **ભિન્ના** = ભીંજાયેલ, પલડેલાં **જાને** = જાણે **કોહુ** = કઈ રીતે **સજજન** = સજ્જન **જન** = માણસ **એહુ** = એવા **ઝીના** = સૂક્ષ્મ, ઝીણી.

### અનુવાદ

**નક્કી કરેલા (ફરજમાં દર્શાવેલા) કર્મ અત્યંત પરમ અને પવિત્ર ભાવથી નિભાવી આ જગતમાં સમજપૂર્વક વર્તવું. અંતરમાં કર્તા પ્રત્યે આરત રાખીને જતમતપણે રતિની માફક પ્રેમમાં ભિંજાયેલા રહેવું, આવી સૂક્ષ્મ સમજ કોઈ સજ્જન જ મેળવી શકે છે.**

## ભાવાર્થ

જગતમાં એવા મુમુક્ષુજનોએ સંસારમાં સંસારિક જવાબદારી નિભાવવા માટે પરમપવિત્ર ભાવ ધારણ કરી સમજપૂર્વકનો ઉપલક વ્યવહાર કરવો જોઈએ. તેમ છતાં અંતરમાં સર્જનહાર પ્રત્યે આરત રાખીને જેમ રતિ કામદેવ સાથે રંગાયેલી રહે છે, તેમ દૃઢ નિયમ અનુસાર રહેણી-કરણી પાળીને સર્જનહાર સાથે એકતા જોડીને સંસારમાં રહેવું જોઈએ. આવી સૂક્ષ્મ સમજને વિશ્વમાં આધ્યાત્મિક મનોવૃત્તિવાળા સજ્જન પુરુષો સમજી શકે છે અને તે પ્રમાણે વર્તન કરે છે.

**પ્રગટ જાપ કૈવલ મુખ જપહી, ગુપ્ત મંત્ર ગુરુ ધ્યાન ધરપહી;**
**વરણી એહી વિગત જગતમે જે જનકી, એહી વિધિ રહત રહેશ તનમનકી. ૬૯**

## શબ્દાર્થ

**પ્રગટ જાપ** = પ્રગટ જપી શકાય તેવા જાપ **કૈવલ** = કૈવલ જાપ **મુખ** = મોઢેથી **જપહી** = જપવો **ગુપ્ત મંત્ર** = ગુપ્ત અમરમંત્ર **ગુરુ** = ગુરુ દ્વારા આપેલ **ધ્યાન** = ધ્યાન **ધરપહી** = ધરવું **વરણી** = વર્ણી, વર્ણન કરી બતાવી **એહી** = તે મુજબ **વિગત** = વિગતે **જગતમે** = જગતમાં **જે** = જે **જનકી** = ભક્તજનોની **એહી વિધિ** = તે પ્રમાણે **રહત** = રહીને **રહેશ** = દિનચર્યા, રહેણી-કરણી **તનમનકી** = શરીર અને મનથી.

## અનુવાદ

**મુખથી પ્રગટ 'કૈવલ' જાપ જપવો અને ગુરુ દ્વારા મળેલા ગુપ્ત મંત્રનું ધ્યાન ધરવું. આ પ્રમાણે જે મુમુક્ષુ માટે જે જે રીતે વિગત વર્ણવી છે તે રીત પ્રમાણે તેમણે જગતમાં શરીર અને મનથી રહેણી-કરણી પાળવી.**

## ભાવાર્થ

દરેક મુમુક્ષુ જનોએ મુખથી પ્રગટ 'કૈવલ' મંત્રનું નિત્ય પ્રતિ (આઠેય પહોર) રટણ કરવું અને ગુરુ દ્વારા કંઠી ઉપદેશ વખતે આપવામાં આવતાં ગુપ્ત મંત્ર (અમર મંત્ર)નું (ધ્યાન ધરવાની રીત દર્શાવ્યા મુજબ) ધ્યાન ધરવું. પરમગુરુએ અગાઉ બતાવ્યા મુજબ લક્ષ-ભજન વિધિના સમય અને જાપની સંખ્યા પ્રમાણે ભક્તજનોએ તેમજ સંતજનોએ પોતાના મનની શુદ્ધતા અને શરીરની પવિત્રતા રાખીને રહેણી-કરણી અચૂક પાળવી.

**સોહી નિજ જન કૈવલપદ પાવહી, રહે જાંહી અચલ બોહોરુ નહીં આવહી;**
**ધરમ અનેક જગતમહી જેતા, આપ આપનેહી દેવનકે જુ હેતા. ૭૦**

## શબ્દાર્થ

**સોહી** = તેવા **નિજ જન** = મારા ભક્તો **કૈવલપદ** = કૈવલકર્તાના પદને **પાવહી** = પ્રાપ્ત કરશે **રહે** = રહેશે **જાંહી** = ત્યાં **અચલ** = અચળ, સ્થિર, સદાને માટે **બોહોરુ** = ત્યાંથી પાછા, ફરીથી **નહીં** = નહીં **આવહી** = આવે **ધરમ** = ધર્મ, પંથ

**અનેક** = અનેક, વિવિધ **જગતમહી** = જગતમાં **જેતા** = જેટલા **આપ આપનેહી** = પોતપોતાની રીતે **દેવનકે** = દેવતાઓમાં **જુ** = જજવું, ભજવું **હેતા** = હેત રાખે છે.

### અનુવાદ

**આ મુજબ મારા ભક્તો જ કૈવલપદને પ્રાપ્ત કરશે અને ત્યાં અવિચલ પદમાં રહેશે, પરંતુ ફરી પાછા આવશે નહીં. બાકી વિશ્વમાં અનેક ધર્મપંથ છે, જેઓ પોતપોતાના દેવો પ્રત્યે હેત રાખી તેમને ભજે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં સગુણ-નિર્ગુણની આદ્ય લઈ અનેક ધર્મપંથો ફુલ્યા ફાલ્યા છે. જેમાં દરેક અનુયાયી પોતપોતાના ઈષ્ટદેવોને સમર્પિત થઈને ભૌતિક સુખ કે મુક્તિ માટે ભક્તિ કરે છે, પરંતુ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના આદેશ મુજબની રહેણી-કરણી પાળીને રહેતા ભક્તો જ આ જન્મે અવિચળ એવું પરમ કૈવલપદ અવશ્ય પ્રાપ્ત કરી શકશે. આ નિજધામ અચળ - અવિનાશી અને અખંડ છે, તેમજ તત્ત્વાતિત છે અને મહાશૂન્યમાં સ્થિર રહેલું છે. સર્જનહાર કૈવલ કર્તા જ્યાં સદાને માટે બિરાજમાન રહે છે. તેવા કૈવલધામમાં ગયેલા અંશો હંસ સ્વરૂપે દેહાતિત થઈને સદાને માટે નિવાસ કરે છે જેથી ત્યાં ગયા બાદ કદી પણ ભવસાગરમાં પાછું આવાગમન કરવું નહીં પડે.

**જેહી જાકુ જજત ભજત તાંહી જાવે, કૈવલપદ ગત કોહી નહીં પાવે;**
**જેહી પદ શ્રેષ્ઠ સકલમે આન્યથી, લહે કોહુ સંત કૈવલ નિજ પંથી. ૭૧**

### શબ્દાર્થ

**જેહી** = જે **જાકુ** = જેમને **જજત** = ભક્તિપૂર્વક **ભજત** = ભજન કરે **તાંહી** = ત્યાં **જાવે** = જાય **કૈવલપદ** = કૈવલપદની **ગત** = સમજ **કોહી** = કોઈપણ **નહીં** = નહીં **પાવે** = પ્રાપ્ત કરે **જેહી** = જે **પદ** = પદ **શ્રેષ્ઠ** = શ્રેષ્ઠ **સકલમે** = બધામાં **આન્યથી** = અન્યથી **લહે** = જાણે, મેળવી શકે **કોહુ** = કોઈ **સંત** = સંતજન **કૈવલ** = કૈવલ **નિજ** = પોતાના **પંથી** = પંથી, માર્ગી.

### અનુવાદ

**જે જેનું ભક્તિપૂર્વક યજન-ભજન કરે ત્યાં તે જાય છે, પરંતુ કૈવલપદની ગતિ કોઈ પ્રાપ્ત કરી શકતું નથી. જે પદ અન્ય સર્વ પદોથી શ્રેષ્ઠ છે. તેને કોઈ નિજ કૈવલપંથી સંત જ જાણી શકે છે.**

### ભાવાર્થ

જગતમાં કોઈપણ ધર્મ કે ઉપાસના ખોટી નથી. જે ધર્મમાં કે સંપ્રદાયમાં જેનું ઈષ્ટદેવ તરીકે સ્થાપન કરેલું છે તેને ભજનારા અનુયાયીઓ પૂર્ણ શ્રધ્ધાથી સમર્પિત થઈને ભક્તિ કરે, તો તેઓ જરૂર તે ઈષ્ટદેવોના ધામમાં જઈ શકે છે અને શાસ્ત્રોમાં દર્શાવ્યા મુજબની ભક્તની

ભક્તિ અનુસાર ભૌતિક પદાર્થ પ્રાપ્તિની આદ્ય લઈ ચાર પ્રકારની મુક્તિ પૈકીની કોઈને કોઈ મુક્તિનું સુખ પ્રાપ્ત પણ કરે છે, પરંતુ સંચિત પુણ્ય ભોગવ્યા બાદ પાછા મૃત્યુલોકમાં આવી જન્મ-મરણની ઘટમાળમાં ફરવું જ પડે છે. કલ્પ પર્યંત જે તે દેવ-ધામનો પણ નાશ થાય છે, જેથી ધામી સહિતના સર્વે પુણ્યાત્માઓને પાછું જન્મ-મરણ અવશ્ય ભોગવવું પડે છે. આ પ્રમાણે જોતા નાશવંત દેવ-દેવીઓના યજન-ભજનથી શાશ્વત કૈવલપદની ગતિ પામી શકાતી નથી. જગતના અન્ય પદોથી કૈવલપદ પરમશ્રેષ્ઠ છે. એવા પરમશ્રેષ્ઠ પદને પામવા માટે તો પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનું શરણું સ્વીકારવું પડે. કાયમપંથનો મહિમા સમજેલા કૈવલપંથી જ્ઞાની સંત-મહાપુરુષોના સત્સંગથી તે પદને જરૂર જાણી શકાય, પરંતુ માત્ર પરમગુરુની કૃપા થકી જ તે પરમપદ પ્રાપ્ત કરી શકાય છે.

**કૈવલ પંથ કાયમ નિજ આદુ, કીયેહુ પ્રગટ હમ હુતા જે અનાદુ;**
**સોહી કૈવલપદ ઈચ્છતહી કોઈ, લેહો સત નેમ લખાવુ જબી મોઈ. ૭૨**

### શબ્દાર્થ

**કૈવલ પંથ** = કૈવલપંથ **કાયમ** = અખંડ **નિજ** = પોતે **આદુ** = અનાદિ **કીયેહુ** = કર્યા છે **પ્રગટ** = પ્રસિદ્ધ **હમ** = મેં **હુતા** = હતાં **જે** = જે **અનાદુ** = પુરાણા, આદિ **સોહી** = તે **કૈવલપદ** = કૈવલપદની **ઈચ્છતહી** = ઈચ્છા રાખતા હોઈ, અભિલાષા હોય **કોઈ** = કોઈ **લેહો** = સમજો, લઈલો **સત** = સત્ય **નેમ** = નિયમ **લખાવુ** = દર્શાવ્યા **જબી** = તે માટે, તેથી જ **મોઈ** = મેં.

### અનુવાદ

**કૈવલ પંથ આદિ અનાદિથી જ કાયમ (અખંડ) છે. તે અનાદિ પંથને જ મેં પ્રસિદ્ધ કર્યો છે. તે કૈવલપદની કોઈને ઈચ્છા હોય તો તે માટે મેં સત્ય નિયમો જણાવ્યા છે તે જાણો (સમજો).**

### ભાવાર્થ

કૈવલ પંથ આદિ અનાદિથી અખંડ છે. વિશ્વના પ્રારંભ પહેલાં પણ હતું, વિશ્વની રચના દરમ્યાન પણ રહે છે અને વિશ્વ પ્રલય થયા પછી પણ જેની હયાતિ કાયમ છે. એવા અખંડ આદિ પદને પરમગુરુએ આ વિશ્વમાં સર્વ-અંશોના કલ્યાણ અર્થે પ્રસિદ્ધ કરીને બતાવ્યું છે. તે અવિનાશી એવા કૈવલધામમાં વસનાર સકર્તા સર્જનહાર (કૈવલ કર્તા) ને પ્રાપ્ત કરવાની જેમને અભિલાષા હોય, તેવા આરતવંત મુમુક્ષુ માનવો માટે પ્રમાણિત કરેલ સત્ય નિયમો પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આપણને જણાવ્યા છે તે જાણી લેવા જોઈએ.

**સકલ જીવનકી કૈવલપદ આશી, ગુપ્ત ઉપાસ પ્રગટ નહીં પ્રકાશી;**
**કહુ જેહી ગુપ્ત ઉપાસના સબકી, અણી અગ્રેવ તનુ ભયે જીવ જબકી. ૭૩**

### શબ્દાર્થ

**સકલ** = સર્વે **જીવનકી** = જીવોની **કૈવલપદ** = કૈવલપદ માટેની **આશી** = આશા હોય છે **ગુપ્ત** = ગુપ્ત **ઉપાસ** = ઉપાસના **પ્રગટ** = પ્રસિદ્ધ **નહીં** = નથી **પ્રકાશી** = જાહેરમાં **કહુ** = કહુ છું **જેહી** = તે **ગુપ્ત** = ગુપ્ત **ઉપાસના** = ઉપાસના **સબકી** = દરેકની **અણી અગ્રેવ** = અણિ અગ્રવાળા **તનુ** = શરીર, ઘાટ સ્વરૂપ **ભયે** = થયા **જીવ** = જીવ **જબકી** = જ્યારથી.

### અનુવાદ

**પ્રત્યેક જીવોને કૈવલપદની આશા હોય છે, પરંતુ તે ગુપ્ત ઉપાસના કોઈએ પ્રગટ (જાહેર) કરી નથી. દરેક જીવો માટેની આ ઉપાસના જ્યારથી અંશો અણિઅગ્ર સ્વરૂપે થયાં ત્યારથી ગુપ્ત હતી જે હું જણાવું છું.**

### ભાવાર્થ

વિશ્વમાં મુખ્યત્વે જીવને માનવદેહ પ્રાપ્ત થયા પછી પરમમોક્ષની અભિલાષા સહજ હોય છે. તો, કેટલાકને ભૌતિક સુખની પ્રાપ્તિની પણ આશા હોય છે. પોતાની ઈચ્છાઓને પરિપૂર્ણ કરવાના હેતુથી તેઓ ધર્મનું આચરણ કરીને ભક્તિમય જીવન જીવે છે પણ ખરા, પરંતુ પરમમોક્ષ માટે સર્જનહાર પ્રત્યેનો સાચો લક્ષ પ્રાપ્ત ન થવાથી અન્ય બાદલી ઉપાસનાઓમાં અટકી પડ્યાં છે. એટલે તેઓ સાયુજ, સાલોક, સામીપ્ય અને સાંનિધ્ય એમ ચાર પ્રકારની મુક્તિ પાછળ ઘેલા બન્યા છે.

કૈવલ કર્તાનો લક્ષ તો સૃષ્ટિનો વિકાસ કરવાના આશયથી ઈશ્વરો દ્વારા આદિથી જ ગુપ્ત રાખવામાં આવ્યો હતો. તેથી શંકર દ્વારા બ્રહ્માજીના પાંચમા મુખનું છેદન કરાવવામાં આવ્યું હતું, જેથી સર્જનહારના પદ માટેની ઉપાસના જાહેરમાં પ્રસિદ્ધ થાય નહીં.

જ્યારે સર્જનહારના કૈવલધામમાંથી (અંશોના નિજ ઘેરથી) અંશો છૂટા પડ્યા ત્યારે અણિઅગ્ર અંકુરિત થઈને આ બાજુ આવ્યા હતા. તે સમયથી જે હકીકત (સમજ) ગુપ્ત રહી ગઈ હતી તે જ્ઞાન (ગતિ) હવે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને આપે છે.

**ગુપ્ત ભાવ સર્વ કહી ઉર આસે, નિજ ઘરસે દ્વૈત ભયે જબી જાસે;**
**યાહીસે સકલ તનુ અગ્રઅણિકા, જેહી નમુના ઘર ઠેઠ ધણીકા. ૭૪**

### શબ્દાર્થ

**ગુપ્ત** = ગુપ્ત **ભાવ** = મર્મ, રહસ્ય, તાત્પર્ય **સર્વ** = સર્વ **કહી** = કહ્યો **ઉર** = હૃદયમાં **આસે** = આશ, આશય **નિજ ઘરસે** = નિજ ઘરથી **દ્વૈત** = છૂટા **ભયે** = પડ્યા **જબી** = જ્યારથી **જાસે** = જે રીતે **યાહીસે** = ત્યારથી **સકલ** = સર્વ **તનુ** = ઘાટ, સ્વરૂપ **અગ્રઅણિકા** = આગળથી અણિ આકારે **જેહી** = જે **નમુના** = નમૂનો, ફરમો, અસલ પ્રત **ઘર** = ઘર **ઠેઠ** = અંતિમ લક્ષ, છેવટની પરિસીમા, આરંભ **ધણીકા** = નિજકર્તાનું.

## અનુવાદ

**(અંશો) નિજ ઘરથી છૂટા પડ્યા ત્યારે ત્યાંથી સૌ અણિઅગ્ર સ્વરૂપે આવ્યા હતા અને તે જ (અણિઅગ્ર) નમૂનો ઠેઠ નિજ પતિના ઘરનો (નમૂનો) છે. તે અંગેનો ગુપ્ત ભાવ જે મારા હૃદયમાં હતો તે આશય સર્વેને જણાવ્યો છે.**

## ભાવાર્થ

નિજધામને પ્રાપ્ત કરવા માટેનો ગુપ્ત ભાવ તથા તેનો આશય (હેતુ), આપણને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પ્રેમપૂર્વક બતાવે છે. જ્યારે સર્જનહારે વૈરાટ સૃષ્ટિની રચના કરીને તેમાં ચોરાસી લાખ પ્રકારના સ્થાવર - જંગમ ઘાટ, છ મહદ દેવો અને તેત્રીસ કરોડ સામાન્ય દેવોના ઘાટની ઉત્પત્તિ કરી. અંતે પોતાના સજાતિના સજાણજાણ રૂપ ચૈતન અંશ તેમાં પ્રેરક કર્યા. જ્યારથી આ અંશો સર્જનહારથી વિખૂટાં પડ્યા ત્યારે પ્રથમ બ્રહ્મભૂમિમાં પ્રવેશ્યા હતા. તે વખતે તેઓ અણિઅગ્ર રૂપે અંકુરિત થયેલા હતા એટલે આ અણિઅગ્રની નિશાની (નમુનો) તો સર્જનહારના ધામમાંથી અંશોએ પ્રારંભથી જ પ્રાપ્ત કરેલ છે. તેવા સર્જનહારની ઉપાસનાનો મર્મ જે ગુપ્ત હતો. તેને પ્રગટ કરીને અહીં પરમગુરુએ દર્શાવ્યો છે.

**તેહી નમુને હમ તિલક બનાયે, હુતી ગતી અગમ સો સુગમ જનાયે;**
**ઓરુ સર્વ તિલક જગતમાંહી જેતા, મન મુખીયે ગત કીયેહુ સબ તેતા. ૭૫**

## શબ્દાર્થ

**તેહી** = તે **નમુને** = નમૂના મુજબ **હમ** = મેં **તિલક** = ભાલતિલકની **બનાયે** = રચના કરી **હુતી** = હતી **ગતી** = સમજ **અગમ** = અગમ્ય **સો**= તે **સુગમ** = સરળ કરીને **જનાયે** = બતાવી છે **ઓરુ** = બીજા **સર્વ** = બધા **તિલક** = તિલક **જગતમાંહી** = જગતમાં **જેતા** = જેટલા **મન મુખીયે** = મનથી માનેલું, મનની ઈચ્છા અનુસાર, સ્વેચ્છાચારી, પોતાની મરજી પ્રમાણે **ગત** = થઈ ગયેલા **કીયેહુ** = બનાવેલા **સબ** = સર્વે **તેતા** = તેટલા.

## અનુવાદ

**તે જ નમૂના પ્રમાણેનું તિલક મેં બનાવ્યું છે જે સમજ ગૂઢ હતી તેને સરળ કરીને સમજાવી છે. જગતમાં અન્ય જેટલાં તિલકો છે તેટલા થઈ ગયેલા મુખિયાઓએ મનની માન્યતા પ્રમાણેના બનાવેલાં છે.**

## ભાવાર્થ

અંશને અણિઅગ્ર અંકુરિત સ્વરૂપની પ્રતીતિ હંમેશાં રહે તે આશયથી અણિઅગ્રવત્ નમૂના પ્રમાણે બાહ્ય ભાલતિલકની રચના કરી છે. આ અણિઅગ્રવાળા તત્ત્વાતીત સ્વરૂપનો જે મુદ્દો અગમ્ય અને ગુપ્ત હતો તેને સરળ બનાવીને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

વિશ્વમાં બીજા અનેક તિલકોની રચના પણ થયેલી છે, તે પણ જે તે ધર્મના થઈ ગયેલા આદ્યસ્થાપકોએ જ બનાવેલાં તિલકો છે. તે તિલકોના આશય અને અર્થ પોતપોતાના મનની માન્યતા અનુસાર છે. આ બધાં તિલકો રચનાના(કૃતના) સંદર્ભે કૃતવી હોઈ નિજ કર્તાપદ સાથે તેને કોઈ સબંધ નથી.

**આદ્ય અંત કોહુ નાહીનાં વિચારી, આપ મતકી ગતિ લીયેહુ સમારી;**
**જયૌ કોઇ પુરુષ જંખની જપે જાઇ, હોઇ ગઇ સોઇ બાત કહત સુનાઇ. ૭૬**

### શબ્દાર્થ

**આદ્ય** = શરૂઆત, આરંભ **અંત** = છેવટનું **કોહુ** = કોઈએ પણ **નાહીનાં** = નથી **વિચારી** = વિચાર્યું **આપ** = પોતાની **મતકી** = મતની **ગતિ** = સમજ, જ્ઞાન **લીયેહુ** = લીધી **સમારી** = પૂર્ણ શ્રદ્ધાથી **જયૌ** = જેમ **કોઇ** = કોઈ **પુરુષ** = પુરુષ **જંખની** = ઝંખણી સ્ત્રી પ્રેતાત્માના જાપ **જપે** = જપે **જાઇ** = જાય **હોઇ ગઇ** = થઈ ગયેલી **સોઇ બાત** = તે વાતો **કહત** = કહી **સુનાઇ** = સંભળાવે.

### અનુવાદ

**જેમ કોઈ પુરુષ ઝંખણીના જાપ જપતો જાય અને ભૂતકાળની વાતો કહી સંભળાવે, પરંતુ આદ્ય અંતનો કોઈ વિચાર કર્યા વિના પોતાના મતની ગતિને પૂર્ણ શ્રદ્ધાથી સમજાવે છે.**

### ભાવાર્થ

ઝંખણીના જાપ સાધતાં સંસારમાં કોઈ પુરુષને એવી અદ્‌ભુત સિદ્ધિ પ્રાપ્ત થાય છે કે તે માત્ર ભૂતકાળમાં થઈ ગયેલી બધી જ વાતો બતાવી શકે છે, પરંતુ ભવિષ્યમાં શું થવાનું છે તે અંગે માત્ર અનુમાન કરીને જ કહેતા હોય છે, પરંતુ ભૂતકાળની વાતો સાચી પડવાને લીધે ભવિષ્ય પણ સાચું પડશે તેમ માની ભોળા જીવો છેતરાય છે.

ધર્માચાર્યોએ પોતાના ભોળા અનુયાયીને ભૂતકાળની વાતો વેદો, શાસ્ત્ર અને પુરાણની આદ્ય લઈ ધર્મ પુસ્તકોમાં દર્શાવેલા ઈતિહાસને આધારે જણાવીને ભવિષ્યમાં મોક્ષ મળશે તેમ મનમાં ઠસાવે છે, પરંતુ તાત્ત્વિક રીતે તેઓએ સૃષ્ટિના આદ્ય અને અંતનો વિચાર કર્યો નથી. વળી પોતે ક્યાંથી આવ્યા ? અને ક્યા સ્વરૂપે આવ્યા ? તથા અંતે ક્યાં જવાના ? તેનો પણ વિચાર કર્યો નથી. માત્ર અવતારાદિક પુરુષોની લીલાઓ દર્શાવી રોચક વાણી દ્વારા અનુયાયીને પ્રભાવિત કરી અનુમાનપૂર્વક મોક્ષની વાતો સમજાવે છે.

**હોનેકી અગમ અબ સોહી નહીં જાને, જદપી કહત તેહી જગ સત માને;**
**યૌ સિધ્ધિ બલ જને જગત જ ગાવે, દેખાઇ સામ્રથ પીછુ કૃતવ દઢાયે. ૭૭**

### શબ્દાર્થ

**હોનેકી** = થવાની **અગમ** = આગળ, ભવિષ્યમાં **અબ** = હવે **સોહી** = તે **નહીં જાને** = જાણતો નથી **જદપી** = છતાં પણ **કહત** = કહે છે **તેહી** = તેને **જગ** = જગત **સત** = સાચી **માને** = માને છે **યૌ** = તે રીતે **સિધ્ધિ બલ** = પોતાની સિદ્ધિનું બળ **જને** = જણાવવાથી, જોઈને **જગત** = જગત **જ** = જ **ગાવે** = ગાય છે, વખાણે છે **દેખાઇ** = દેખાડીને **સામ્રથ** = સમર્થતા, સામર્થ્ય **પીછુ** = પાછળથી **કતવ** = કર્મકાંડ **દ્રઢાયે** = દ્રઢ કરાવે.

### અનુવાદ

**ભવિષ્યમાં થવાની વાતને તે જાણતો નથી. છતાં પણ તે કહે છે તે જગત સાચુ માની લે છે. આ રીતે સિદ્ધિની તાકાત જોઈને જગત વખાણ કરે છે. સામર્થ્ય દેખાડીને પાછળથી નાશવંત મતને દ્રઢાવે છે.**

### ભાવાર્થ

ઝંખણી વિદ્યાના સાધક પુરુષ ભૂતકાળને જાણી શકે છે, પરંતુ ભવિષ્યમાં જે થવાનું છે તે અંગેની બાબત જાણતો નથી. છતાં પણ તે પોતાના અનુમાનથી કહે છે. ભૂતકાળની વાતો સાચી પડી હોવાથી જગતના ભોળા અજ્ઞાની જીવો ભવિષ્ય અંગે કરેલી આગાહીઓને પણ સત્ય માને છે. આવા પુરુષો પોતાની નજીવી સિદ્ધિની તાકાત બતાવીને જગતને એવા ભરમાવે છે કે જગતના જીવો તેમના વખાણ કરતાં થાકતા નથી. આથી તેઓ પોતાની માયાવી જાળને વધુને વધુ ફેલાવી જીવોને પોતાના સામર્થ્યથી આંજી દે છે. તેમજ કતવી કર્મકાંડ અને નાશવંત મતને દ્રઢ કરાવે છે.

**કતવ પંથ ગુન ભજન જનનકે, પ્રકૃતિ પુરુષ બ્રહ્મ અધિક તીનનકે;**
**એહી મત સકલ વિકલ કીયે જગકુ, ફંદે સર્વ જીવહી રોકેહી નિજ મગકુ. ૭૮**

### શબ્દાર્થ

**કતવ પંથ** = કતવી પંથો **ગુન** = ત્રણ ગુણો (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) **ભજન** = ભજન **જનનકે** = જનોના, પુરુષોના **પ્રકૃતિ** = પ્રકૃતિ - મહંમાયા **પુરુષ** = નિરંજન પુરુષ **બ્રહ્મ** = બ્રહ્મ **અધિક** = વિશેષ **તીનનકે** = ત્રણેયથી **એહી** = તે મુજબ **મત** = મત - સિદ્ધાંત **સકલ** = સર્વે **વિકલ** = દુઃખી વ્યાકુળ, નાશવંત **કિયે** = કર્યો **જગકુ** = જગતને **ફંદે** = ફંદમાં **સર્વ** = બધા **જીવહી** = જીવોને **રોકેહી** = રોકી રાખ્યા **નિજ** = પોતાના **મગકુ** = માર્ગમાં.

### અનુવાદ

**ત્રણ ગુણો, પ્રકૃતિ અને પુરુષનું તેમજ ત્રણેયથી વિશેષ રહેલા બ્રહ્મ સહિતના કતવી પંથોનું ભજન કરાવે છે. આ સિદ્ધાંતને આધારે જગતના જીવોને પોતાના માર્ગ રૂપી ફંદમાં રોકી રાખી સૌને દુઃખી રાખ્યાં છે.**

### ભાવાર્થ

સર્જનહારે (કૈવલકર્તાએ) પોતાની સંકલ્પ શક્તિથી સચરાચર બ્રહ્મમાં ફેલાવો કરી તેમાં બ્રહ્માંડની રચના કરી છે. તે રચના પૈકીના ત્રણ (ગુણ) મહાદેવો - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેમજ સૃષ્ટિની ઉત્પત્તિના મૂળ તત્ત્વો રૂપી પ્રકૃતિ અને નિરંજન પુરુષનું સ્થાપન કરી અનેક મતપંથો સ્થાપીને ધર્માચાર્યો વિશ્વના જીવોને ભજન કરાવે છે. સગુણ સિદ્ધાંતથી પર જેને સમજ પડી તેવા જ્ઞાનીજનો બ્રહ્મપદનું ભજન કરાવે છે. આ રીતે ધર્મના આગેવાનોએ પોતપોતાના વિવિધ મત ઊભા કરીને જગતના ભોળા તથા અજ્ઞાની જીવોને માયાના ફંદમાં ફસાવી દીધા, આને કારણે અંશો જન્મ-મરણનું મહાન દુઃખ સહન કરતાં ત્રિવિધના તાપમાં તપી રહ્યા છે.

**તાહીતે ખલક ઘર અલખ ન પેખુ, રહેહુ ઠગહી વટપડ ધરી ભેખુ;**
**જેહી ઘર અલખ ખલક કુલ કંથુ, આયેહુ વાંહીસે સર્વ ભૂલે ઈત પંથુ. ૭૯**

### શબ્દાર્થ

**તાહીતે** = તેટલા માટે **ખલક** = જગતમાં, ખલકમાં **ઘર** = મૂળવતન, ધામ **અલખ** = અલખ, અવર્ણનીય **ન** = નહીં **પેખુ** = જાણ્યું **રહેહુ** = રહ્યા **ઠગહી** = ઠગાયેલા **વટપડ** = વાટ પાડુ **ધરી** = ધરીને **ભેખુ** = ભેખ **જેહી** = જે **ઘર** = ધામ **અલખ** = અલેખ, અવર્ણનીય **ખલક** = વિશ્વના **કુલ** = સર્વે **કંથુ** = માલિક, પતિ **આયેહુ** = આવ્યા છીએ **વાહીસે** = ત્યાંથી **સર્વ** = બધા **ભૂલે** = ભૂલા પડ્યાં **ઈત** = અહીંના **પંથુ** = માર્ગ, પંથ.

### અનુવાદ

**તેથી જગતે અલખ ઘરને જાણ્યું નથી. પરિણામે ભેખધારી રૂપ વટેપાડુઓથી ઠગાતા રહ્યા છે. જે અલખ ઘર છે તે સમસ્ત વિશ્વના માલિકનું છે કે જ્યાંથી (તે ઘરથી) સર્વ (અંશો) આ લોકમાં આવીને અહીંના પંથોમાં ભુલા પડ્યા.**

### ભાવાર્થ

ધર્માચાર્યોએ જગતના જીવોને ક્રતવી ઉપાસનામાં જ ફસાવી રાખવાથી જગતના જીવો અલખ કર્તાના ધામને જાણી શક્યા નથી. જેમ ચોર, લૂટારુઓ પોતાની આગવી સૂઝથી રસ્તામાં આવતા-જતા વટેમાર્ગુને ઠગે છે તેમ ધર્મમાર્ગમાં આવા બનાવટી ભેખધારી ઠગ પુરુષો જગતના ભોળા- અજ્ઞાની જીવોને મન માન્યા ક્રતવી માર્ગ દૃઢ કરાવીને ઠગતા રહ્યા છે. જે કૈવલધામમાંથી સર્વ અંશો આવ્યા છે તે ધામ (નિજ ઘર) અવર્ણનીય તથા જગતના સર્જનહાર કૈવલ કર્તાનું જ તે ધામ છે. તેમ છતાં, આ લોકમાં આવીને આવા ઠગ ભેખધારીઓના મતપંથોમાં ફસાઈ જવાથી બધા જ જીવો ભૂલાં પડ્યા છે.

**આયે હુ જેહુ નાં ગતિ રહેહુ ના કોઇ, વિવિધી ભાત વર્તત કહુ સોઇ;**
**જીવ સકલ અંશ એકહી સરીનુ, અધિક ન્યુન તત્ત્વ નિસે ભયે ભીનુ. ૮૦**

## શબ્દાર્થ

**આયેહુ** = જે રીતે આવ્યા હતા **જેહુ** = તે **નાં** = નહીં **ગતિ** = સમજ **રહેહુ** = રહેવા પામી **ના** = નહીં **કોઇ** = કોઈ **વિવિધી** = વિધવિધ **ભાત** = પ્રકાર **વર્તત** = વર્તન કરે છે **કહુ** = કહુ છું **સોઇ** = તે **જીવ** = જીવ, ઘાટોમાં **સકલ** = સર્વે, બધા **અંશ** = અંશ **એકહી** = એક જ **સરીનુ** = સરખા **અધિક** = વિશેષ **ન્યુન** = ઓછું **તત્ત્વ** = તત્ત્વ **નિસે** = ને લીધે, તેથી **ભયે** = થયા **ભીનુ** = ભિન્ન.

## અનુવાદ

**(નિજ ઘરથી) આવ્યા હતા તેવી ગતિ કોઈની રહી નથી, જેથી તેઓ જુદી જુદી રીતે વર્તન કરવા લાગ્યા. સર્વ ઘાટો (જીવો) માં એક જ સરખા અંશો છે, પરંતુ અધિક ન્યૂન (વધતાં-ઓછાં) તત્ત્વોને લીધે ભિન્ન ભિન્ન દેખાય છે.**

## ભાવાર્થ

નિજ કૈવલધામમાંથી જે ગતિ દ્વારા અંશો આવ્યા હતા તે મુજબની ગતિ કોઈની રહી નથી. જ્યારે અંશો કૈવલધામમાંથી નીકળ્યા હતા ત્યારે તે શુદ્ધ ચૈતન સ્વરૂપે અણિઅગ્ર અંકુરિત થઈને આવ્યા હતા. ત્યારબાદ તેના પર પ્રણવ સહિત અન્ય પાંચ દેહોનો પટ લાગ્યો. એટલે કે જે દેહમાં ગયા તે દેહ મુજબ દેહમય બનીને વર્તન કરવા લાગ્યા. જ્યારે સામાન્ય અંશો છેલ્લે સ્થૂળ દેહમાં આવ્યા પછી સ્થાવર-જંગમના વિધવિધ ઘાટમાં ભટકવા લાગ્યા. ઘાટોમાં રહેલી તત્ત્વોની વત્તા-ઓછી (અધિક-ન્યૂન) મેળવણીને લીધે દરેકનાં વર્તનમાં ભિન્નતા દેખાય છે, પરંતુ ખરેખર આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો દરેક સ્થૂળ દેહમાં રહેલા તમામ સામાન્ય અંશો એક સરખા જ છે.

**તેહી ગતિ અકલ સકલ મહીં રહેવુ, સુનો તાહી મર્મ અબહી મમ કહેવુ;**
**અવની તોય તપ ગગન સમીરા, રહેહી જીવ તામે તેહુસે શરીરા. ૮૧**

## શબ્દાર્થ

**તેહી** = તે **ગતિ** = ગતિ **અકલ** = અકળ **સકલ મહીં** = સર્વેમાં **રહેવુ** = રહેલી છે **સુનો** = સાંભળો **તાહી** = તેનો **મર્મ** = રહસ્ય-ભેદ **અબહી** = હવે પછી, હમણાં જ **મમ** = હું **કહેવુ** = કહું છું **અવની** = પૃથ્વી **તોય** = પાણી **તપ** = અગ્નિ **ગગન** = આકાશ **સમીરા** = પવન **રહેહી** = રહેલો છે **જીવ** = અંશ **તામે** = તેમાં **તેહુસે** = તેનાથી બનેલા **શરીરા** = ઘાટ.

## અનુવાદ

**તે અકળ ગતિ સર્વમાં રહેલી છે, તેનો મર્મ હવે હું કહું છું તે સાંભળો – પૃથ્વી, જળ, અગ્નિ,**

**વાયુ અને આકાશના બનેલા શરીરમાં અંશ રહે છે.**

### ભાવાર્થ

તે તત્ત્વોની ગતિ અકળ છે. જે પ્રત્યક્ષ રીતે કળ્યામાં (સમજમાં) આવી શકે તેમ નથી. છતાં તત્ત્વો દરેક ઘાટમાં ઓછા-વત્તા પ્રમાણમાં છે. તેનો મર્મ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે.

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાતત્ત્વોથી બનેલા વિધવિધ ઘાટોમાં નિજ ચૈતન અંશ રહેલો છે અને તેમાં અંશ જ્યાં જેવો ઘાટ ત્યાં તેને અનુકૂળ થઈને રહે છે.

**સોહી વિધિ વિગત જુગત તત્ત્વનનકી, વિભૂતિ વિભાગ ભિન્ન કહુ તિનકી;**
**ભાગ જુગલ ખટ અવનિ સમેહુ, તત્ત્વની ચતુરકે જુગલહી મીલેહુ. ૮૨**

### શબ્દાર્થ

**સોહી** = તે **વિધિ** = પ્રમાણેની **વિગત** = વિગત **જુગત** = યુક્તિ **તત્ત્વનનકી** = તત્ત્વોની **વિભૂતિ** = વિભૂતિ, ઐશ્વર્ય, શક્તિ **વિભાગ** = વિભાગ **ભિન્ન** = જુદા જુદા **કહુ** = કહુ છું **તિનકી** = તેમના **ભાગ** = ભાગ **જુગલ ખટ** = (૨ + ૬ = ૮) આઠ **અવનિ** = પૃથ્વી **સમેહુ** = સમાયેલા, સહિત **તત્ત્વની** = તત્ત્વોની **ચતુરકે** = ચારેયમાં **જુગલહી** = બે **મીલેહુ** = મળેલાં છે.

### અનુવાદ

**તે જ પ્રમાણે તત્ત્વોની વિભૂતિ અનુસાર તેના જુદા જુદા વિભાગોની યુક્તિપૂર્વક (મેળવણી અંગેની) વિગત કહુ છું. પૃથ્વીના આઠ ભાગમાં અન્ય ચાર તત્ત્વોના ૨ ભાગ મેળવીને કુલ ૮ + ૨ =૧૦ ભાગ થયા છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે તત્ત્વોની વિભૂતિ અનુસાર તેના જુદા જુદા વિભાગોની યુક્તિપૂર્વકની કર્તાએ જે રીતે મેળવણી કરી છે તે અને સર્જનહાર દ્વારા રચેલી રચનાનું સવિસ્તાર વર્ણન દર્શાવે છે. પૃથ્વીતત્ત્વના આઠ ભાગમાં જળ, અગ્નિ, વાયુ અને આકાશના અર્ધો અર્ધો ભાગ મળીને બે ભાગ મેળવતા કુલ દસ ભાગનાં કેટલાક સ્થૂળ શરીરો બનાવેલાં છે.

**ભયેઉ શરીર ભાગ મીલી તન એતે, રહેહુ સ્થાવર તરુવર ભાર જેતે;**
**ભાગ ચતુર દ્વૈહી અવનિ વિભાગા, ચતુર તત્ત્વકે ચતુર મહી પાગા. ૮૩**

### શબ્દાર્થ

**ભયેઉ** = તૈયાર થયા **શરીર** = શરીર, ઘાટ **ભાગ મીલી** = ભાગ મળીને **તન** = શરીર **એતે** = એટલા **રહેહુ** = રહેલા છે **સ્થાવર** = સ્થિર **તરુવર** = વનસ્પતિ, વૃક્ષ, તરુ **ભાર** = ભાર, ઘન પદાર્થ માટે પાંચ મણ કપાસ માટે ૨૪ મણનો ભાર

**જે તે** = જેટલા **ભાગ ચતુર દ્વેહી** = (૪ +૨ = ૬) છ ભાગ **અવનિ** = પૃથ્વી **વિભાગા** = વિભાગ **ચતુર તત્ત્વકે** = ચાર તત્ત્વના **ચતુર** = ચાર **મહી** = માં **પાગા** = મેળવ્યાં.

### અનુવાદ

**આ પ્રમાણેના ભાગ મળીને જે ઘાટ (શરીર) થયા તે (અઢાર) ભાર જે સ્થાવર વનસ્પતિના રહ્યા છે. હવે પૃથ્વીતત્ત્વના છ ભાગ લઈને તેમાં બીજા ચાર તત્ત્વોના ચાર ભાગ તેમાં મેળવ્યા.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે દસ ભાગ મળીને તે તત્ત્વોમાંથી જે ઘાટ તૈયાર થયા છે તે સ્થાવર જાતિની વનસ્પતિના ઘાટો છે, બધાં જ બીજકોને ભેગા કરતાં (વજન પ્રમાણે) અઢાર ભાર વનસ્પતિ છે.

હવે પૃથ્વીતત્ત્વના છ ભાગમાં જળ, અગ્નિ, વાયુ અને આકાશતત્ત્વોનો એક એક ભાગ લઈને ચાર ભાગ ઉમેરતાં બધા મળીને દસ ભાગ મેળવ્યા (૬+૪=૧૦).

**એહી દશ તત્ત્વ ભયે જીનુ તન સારા, હોહી થલ ચર રહે અવન્ય આધારા;**
**વિભાગ ચતુર દ્વેહી અપકે અમીતા, ઓરુ ચતુરકે ચહુ મીલેહુ સમીતા. ૮૪**

### શબ્દાર્થ

**એહી** = તે **દશ** = દસ **તત્ત્વ** = તત્ત્વ(ભાગ) **ભયે** = બન્યો **જીનુ તન સારા** = બધા જ ઘાટ **હોહી** = તે **થલ ચર** = સ્થળચર, પૃથ્વી પર રહેનાર **રહે** = રહે છે **અવન્ય** = પૃથ્વીના **આધારા** = આધારે **વિભાગ ચતુર દ્વેહી** = (૪ + ૨ = ૬) છ ભાગ **અપકે** = પાણી (જળ)ના **અમીતા** = અમીમય **ઓરુ** = બીજા **ચતુરકે** = ચારેયના **ચહુ** = ચાર ભાગ **મીલેહુ** = મેળવ્યા **સમીતા** = સરખા ભાગ, સમાયા.

### અનુવાદ

**એ દસ તત્ત્વ મળીને જે ઘાટ રચાયા તે બધા પૃથ્વીના આધારે રહેનાર ભૂચર ઘાટ છે. (ચાર તથા બે) છ ભાગ અમીમય પાણીના (જળતત્ત્વના) લઈ બાકીના ચાર (તત્ત્વોના) ચાર સરખા ભાગ મેળવ્યા.**

### ભાવાર્થ

એ દસ ભાગ (પૃથ્વીના છ અને અન્ય તત્ત્વોના ચાર) મળીને જે ઘાટો બન્યા તે પૃથ્વી ઉપર વિચરણ કરવાવાળા ભૂચર ઘાટ થયા. જેને પૃથ્વીનો આધાર લઈને જ જીવન જીવવું પડે છે.

હવે જળમાં વાસ કરનાર ઘાટોનું વર્ણન કરવામાં આવે છે. જેમાં જળતત્ત્વના છ ભાગમાં બાકીના પૃથ્વી, તેજ(અગ્નિ), પવન અને આકાશનો એક-એક એમ ચાર ભેળવીને કુલ દસ ભાગના ઘાટ બનાવ્યા.

**એહી દશ ભાગ મીલેહુ તન જીનકા, સદાહી વિલાસ તોય મહી તીનકા;**
**તેજ તત્ત્વકે લિયેહુ ખટ ભાગા, ચતુરકે ચતુર મેલાયે અનુરાગા. ૮૫**

### શબ્દાર્થ

**એહી દશ ભાગ** = તે દસ ભાગ **મીલેહુ** = મળીને **તન જીનકા** = ઘાટ બનાવ્યા જે **સદાહી** = સદાને માટે **વિલાસ** = જીવે છે, રહે છે, આનંદ કરે છે **તોય** = પાણી **મહી તીનકા** = અંદર રહે છે તેના **તેજ** = અગ્નિ **તત્ત્વકે** = તત્ત્વના **લિયેહુ ખટ ભાગા** = છ ભાગ લઈને **ચતુરકે ચતુર મેલાયે** = ચાર તત્ત્વના ચાર ભાગ મેળવીને **અનુરાગા** = અનુરાગ કરીને, લગનીપૂર્વક.

### અનુવાદ

**એ દસ ભાગ મળીને જેમના ઘાટો બન્યા તેઓ હંમેશાં પાણીમાં જ આનંદ કરે છે. અગ્નિતત્ત્વના છ ભાગ લઈને ચાર તત્ત્વોના ચાર ભાગ અનુરાગપૂર્વક ભેળવ્યા.**

### ભાવાર્થ

એ દસ ભાગ (જળતત્ત્વના છ અને બાકીના ચાર તત્ત્વોના ચાર ભાગ) મળીને જેમના ઘાટો રચવામાં આવ્યા, તેવા જળચર ઘાટો સદાને માટે પાણીમાં જ આનંદ માણે છે.

અગ્નિતત્ત્વના છ ભાગ લઈને તેમાં પૃથ્વી, જળ, વાયુ અને આકાશતત્ત્વના એક એક ભાગ લઈ ચાર ભાગ મેળવીને કુલ દસ ભાગના કેટલાક ઘાટો બનાવવામાં આવ્યા. હવે અગ્નિતત્ત્વમાં વાસ કરતા ઘાટોની રચના વિશે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર માહિતી આપે છે.

**એહી ખટ ચતુર ભયેહુ તન ભેસા, કરત જીવ તેહી અગન્ય પ્રવેશા;**
**કહહુ જીવ તાહી પ્રગટ નિહોરા, ભખત અગન હોઈ મગન ચકોરા. ૮૬**

### શબ્દાર્થ

**એહી** = તે **ખટ ચતુર** = (૬ + ૪ = ૧૦) દસ ભાગ **ભયેહુ** = થયા **તન ભેસા** = ઘાટોનું શરીર **કરત** = કરે છે **જીવ** = જીવો **તેહી** = તે **અગન્ય** = અગ્નિમાં **પ્રવેશા** = પ્રવેશ કરે છે **કહહુ** = કહું છું **જીવ** = જીવ **તાહી** = તે **પ્રગટ** = પ્રત્યક્ષ **નિહોરા** = નિહાળો **ભખત અગન** = અંગારા ખાય **હોઈ** = છે **મગન** = મગ્ન, આનંદપૂર્વક **ચકોરા** = ચકોર નામનું પક્ષી.

### અનુવાદ

**એ છ અને ચાર ભાગ મેળવીને જે ઘાટો બન્યા તે (ઘાટના) જીવો અગ્નિમાં પ્રવેશ કરે છે. તે જીવનું પ્રત્યક્ષ (દ્દષ્ટાંત) નિહાળવા કહું છું કે ચકોર પક્ષી અંગારા (અગ્નિ)નું ભક્ષણ કરીને આનંદ માણે છે.**

### ભાવાર્થ

એ દસ (અગ્નિતત્ત્વના છ તથા પૃથ્વી, જળ, વાયુ અને આકાશતત્ત્વના એક-એક એમ

ચાર) ભાગ મેળવીને જે ઘાટનું નિર્માણ થયું તે ઘાટ અગ્નિમાં પણ પ્રવેશ કરી શકે છે. અગ્નિચર ઘાટનું દૃષ્ટાંત આપતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે કે ચકોર પક્ષી અગ્નિ(અંગારા)નું ભક્ષણ કરીને તેમાં આનંદ માણે છે જે અંગે પૌરાણિક વાતો પરથી પ્રત્યક્ષ રીતે તારણ કાઢી શકાય છે.

**ભાગ ખટ પુનિ પવન પરમેતિ, ચતુર ચતુર વિભાગ સમેતી;**
**ભયે તન તાહી ખગ ગગન પસારા, ઉડહી ઉડહી ફેરી અવન આધાર. ૮૭**

### શબ્દાર્થ

**ભાગ ખટ પુનિ** = ત્યાર પછી છ ભાગ **પવન** = પવન **પરમેતિ** = શ્રેષ્ઠ રીતે (પ્રમાણે) **ચતુર ચતુર** = ચારેયના ચાર **વિભાગ** = ભાગ **સમેતી** = સહિત **ભયે તન** = શરીર (ઘાટ) બનાવ્યા **તાહી** = તે **ખગ** = આકાશમાં ઊડતા પક્ષી **ગગન** = આકાશમાં **પસારા** = પ્રસાર, વૃદ્ધિ **ઉડહી ઉડહી** = ઊડી ઊડીને **ફેરી** = પાછા **અવન** = પૃથ્વી પર **આધાર** = આધાર રાખે (રહે).

### અનુવાદ

**વળી, પવનના છ અને ચારના (તત્ત્વોના) ચાર ભાગ સાથે ઉત્તમ રીતે મેળવ્યા. તે મુજબ પક્ષીના ઘાટ બન્યા. તેઓ આકાશમાં ઊડતાં ઊડતાં ફરીને પાછા પૃથ્વીનો આધાર લે છે.**

### ભાવાર્થ

ત્યારબાદ પવનતત્ત્વના છ ભાગ અને પૃથ્વી, જળ, અગ્નિ અને આકાશતત્ત્વના એક એક એમ ચાર ભાગ ભેળવીને દસ ભાગના તત્ત્વોની મેળવણીથી જે ઘાટ બન્યા તે આકાશમાં ઊડનારાં પક્ષીનાં ખેચર ઘાટો થયાં. આ પક્ષીઓ આકાશમાં ઊડતાં ઊડતાં ફરીને પાછા પૃથ્વી પર જ આવીને રહે છે. અર્થાત્ આ પક્ષીઓ આકાશમાં ઊડીને દૂર દૂર ફરતાં હોવાં છતાં ફરીથી પૃથ્વીનો આધાર લેવો પડે છે.

**વ્યોમ વિભાગ અમલ ખટ હોઈ, ચતુરકે ચતુર લીયેહુ માંહે સોઈ;**
**મીલીત ભાગ એહી ભયે તનુ જેહા, રહત વાસ કરી શૂન્ય સનેહા. ૮૮**

### શબ્દાર્થ

**વ્યોમ** = આકાશ **વિભાગ** = ભાગ **અમલ** = નિર્મળ, મળ-વિકાર રહીત **ખટ** = છ **હોઈ** = લઈને **ચતુરકે ચતુર** = ચાર (તત્ત્વો)ના ચાર **લીયેહુ** = લીધા **માંહે સોઈ** = તેમાં તે (ભેળવ્યા) **મીલીત** = મળીને **ભાગ** = ભાગ **એહી** = તે **ભયે** = થયા **તનુ જેહા** = જે શરીર **રહત** = રહે છે **વાસ કરી** = ઘર કરીને, વસવાટ કરીને **શૂન્ય સનેહા** = પોલાણ (આકાશ) સાથે સ્નેહ કરીને, આકાશમાં જ.

### અનુવાદ

**નિર્મળ આકાશ (તત્ત્વ)ના છ ભાગમાં ચાર તત્ત્વોના ચાર ભાગ લઈને તેમાં મેળવ્યા બાદ એનાથી જે (પક્ષીના) ઘાટ બન્યા તેઓ (આકાશ) શૂન્ય સાથે સ્નેહ રાખીને આકાશમાં વાસ કરીને રહે છે.**

### ભાવાર્થ

આકાશતત્ત્વના છ ભાગમાં પૃથ્વી, જળ, અગ્નિ અને પવનતત્ત્વના એક એક એમ ચાર ભાગ લઈને કુલ દસ ભાગના તત્ત્વોથી જે જે ઘાટો (શરીરો)ની રચના કરવામાં આવી તેનાથી આકાશમાં રહેનાર પક્ષીઓના ઘાટ બન્યા. તેઓ જીવન પર્યંત આકાશના પોલાણ સાથે સ્નેહ રાખીને આકાશમાં જ વસવાટ કરે છે. અર્થાત્ આવા પ્રકારના ઘાટો આકાશમાં જ ઉત્પન્ન થાય છે, આકાશમાં જ રહે છે અને અંતે આકાશમાં જ નાશ પામે છે. તેઓ કદી પણ પૃથ્વીનો આધાર લેતા નથી.

**પ્રસત ન પોમ વ્યોમ રહે જેહી, અનલ હમાહુ આદ્ય ખગ તેહી;**
**કારણતત્ત્વ ચૌ ગુણ ઘણ ભાગા, લીયેહુ સકલ સમ કરી અનુરાગા. ૮૯**

### શબ્દાર્થ

**પ્રસત ન પોમ** = પૃથ્વીને સ્પર્શ ન કરતાં **વ્યોમ રહે જેહી** = આકાશમાં જ રહે છે **અનલ** = અનલ પક્ષી **હમાહુ** = હુમાહુ પક્ષી **આદ્ય** = સહિત **ખગ** = આકાશના પક્ષી **તેહી** = તે **કારણતત્ત્વ** = કારણ તત્ત્વ **ચૌ** = ચાર **ગુણ** = ગુણ **ઘણ** = ઘણ **ભાગા** = ભાગ **લીયેહુ** = લીધા છે **સકલ** = દરેક, બધા (તત્ત્વ ભાગ) **સમ કરી** = એકસરખા કરી **અનુરાગા** = લગનીપૂર્વક, અનુરાગ કરીને, સ્નેહપૂર્વક, ગાઢ સ્નેહ રાખીને.

### અનુવાદ

**તે અનલ અને હુમાહુ વગેરે આકાશના પક્ષીઓ આકાશમાં જ રહેતાં હોઈ ભૂમિનો સ્પર્શ પણ કરતાં નથી. ચાર કારણ તત્ત્વ, ગુણ અને ઘણ એ બધાના એકસરખા ભાગ લઈને તેની મેળવણી કરી.**

### ભાવાર્થ

આકાશમાં જ રહેતા આ પક્ષીઓ પૃથ્વીનો સ્પર્શ કરતાં જ નથી. તેઓ આકાશમાં જ ઊડતાં રહે છે. વસવાટ પણ આકાશમાં કરે છે. આવા પક્ષીઓમાં આકાશતત્ત્વ વધારે પ્રમાણમાં હોય છે. તેવા અનલ અને હુમાહુની આદ્ય લઈને જે જે આકાશના પક્ષીઓ છે તે બધાનો આ પ્રકારના ઘાટોમાં સમાવેશ થાય છે.

હવે દેવોના દેહ કઈ રીતે બન્યા છે તેનું પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર વર્ણન કરે છે, જેમાં ચાર કારણતત્ત્વ (આનંદતત્ત્વ, મહાતત્ત્વ, પ્રકૃત્તિતત્ત્વ અને ધનંજયતત્ત્વ) અને ત્રણ ગુણ તથા ત્રણ ઘણના સરખા ભાગ લઈ સકર્તા પતિએ અનુરાગપૂર્વક મેળવણી કરી.

**તેહી તત્ત્વ મીલીત તન દેવા, તેત્રીસ કરોડ આદ્ય અહંમેવા;**
**પંચતત્ત્વ મહાભૂત વિભાગા, અબ તેહી કહુ સુનો ધરી અનુરાગા. ૯૦**

### શબ્દાર્થ

**તેહી** = એ પ્રમાણેના **તત્ત્વ** = તત્ત્વો **મીલીત** = મેળવીને **તન દેવા** = દેવોના શરીર બનાવ્યા **તેત્રીસ કરોડ** = ૩૩ કરોડ **આદ્ય** = આદ્ય લઈને **અહંમેવા** = અહંમેવ, પોતાનું હું પદ **પંચતત્ત્વ** = પાંચ તત્ત્વો **મહાભૂત** = મહાભૂત (તત્ત્વો) **વિભાગા** = વિભાગ **અબ તેહી** = હવે તે અંગે **કહુ** = કહુ છું **સુનો** = સાંભળો **ધરી અનુરાગા** = લગનીપૂર્વક, અનુરાગ ધરીને, સ્નેહપૂર્વક, ગાઢ સ્નેહ રાખીને.

### અનુવાદ

**(એ પ્રમાણે) એટલા તત્ત્વોની મેળવણીથી અહંમેવવાળા તેત્રીસ કરોડ દેવોની આદ્ય લઈને દેવ તનુ બનાવ્યા. હવે પાંચ મહાભૂતના તત્ત્વ વિભાગો કહું છું તે પ્રેમપૂર્વક સાંભળો.**

### ભાવાર્થ

ચાર કારણતત્ત્વો, ત્રણ ગુણ અને ત્રણ ઘણ એમ દરેકનો એક એક ભાગ મળીને કુલ દસ ભાગ મેળવીને અહંમેવ (હું પદ) ધારણ કરનાર દેવોના શરીરની રચના કરવામાં આવી.

હવે આદિ પાંચ મહાભૂત - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ તત્ત્વોના વિભાગોની મેળવણી વિશે જે માહિતી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દર્શાવે છે, તેને અત્યંત સ્નેહપૂર્વક સાંભળવા માટે કહેવામાં આવ્યું છે.

**વિભાગ ચતુર પંચ અવન્યહી આપુ, ઓરુ ચતુરકે મીલી એક સમાપુ;**
**મીલી એ તે ભાગ અવન્ય નિજ આદુ, ત્રિગુણ સ્વાદ્ય જેહી ભયે હે અનાદુ. ૯૧**

### શબ્દાર્થ

**વિભાગ ચતુર પંચ** = (૪ + ૫ = ૯) નવ ભાગ **અવન્યહી** = પૃથ્વીના **આપુ** = પોતાના **ઓરુ** = અને **ચતુરકે મીલી** = ચારના મળીને **એક** = એક **સમાપુ** = સમાયેલાં છે **મીલી એ તે ભાગ** = એટલા ભાગ મળીને **અવન્ય નિજ આદુ** = આદિ પૃથ્વીતત્ત્વના **ત્રિગુણ** = ત્રણ ગુણ **સ્વાદ્ય** = પોતાને હસ્તે **જેહી** = જે **ભયે હે** = થયા છે **અનાદુ** = અનાદિના.

### અનુવાદ

**મૂળ પૃથ્વીના (૪+૫=૯) નવ ભાગમાં અન્ય ચાર તત્ત્વોના પા પા ભાગ મેળવીને એક ભાગ મેળવ્યો. એટલા ભાગ મળીને મૂળ પૃથ્વીતત્ત્વ બન્યું જે અનાદિથી ત્રણ ગુણને સ્વાધીન થયેલ છે.**

### ભાવાર્થ

આદિ પૃથ્વીતત્ત્વના પોતાના નવ ભાગમાં બીજા ચાર મહાભૂત - જળ, અગ્નિ, વાયુ અને આકાશના પા પા (દરેક તત્ત્વનો ચોથો ભાગ)ભાગ મેળવીને એક ભાગ ભેળવીને કુલ દસ (૯+૧=૧૦) ભાગ થયા. તેનાથી વ્યક્ત પૃથ્વીતત્ત્વ બન્યું જે આદિ અનાદિ ત્રણ ગુણને આધીન થઈને રહેલું છે.

**પુનિ અપકે ખટ ત્રી ભાગ મેલંતુ, ઓરુ ચતુરકે મીલી એકહી તંતુ;**
**એ તેહી વિભાગ મિલત તન તોઈ, રહત અમીત સદા શીતલ સમોઈ. ૯૨**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **અપકે** = પાણીના **ખટ ત્રી** = (૬ + ૩ = ૯) નવ **ભાગ** = ભાગ **મેલંતુ** = મેળવીને **ઓરુ** = અને **ચતુરકે** = ચારના **મીલી** = મળીને **એકહી** = એક જ **તંતુ** = ભાગ **એ તેહી** = એટલા **વિભાગ** = ભાગ **મિલત** = મળીને **તન તોઈ** = પાણીનું સ્વરૂપ **રહત** = રહે છે **અમીત** = અમીમેય, તૃષા છુપાવનાર **સદા** = સદાને માટે **શીતલ સમોઈ** = ઠંડક સમાવીને.

### અનુવાદ

**વળી, જળના છ વત્તા ત્રણ મળી કુલ નવ ભાગમાં બાકીના ચાર (તત્ત્વોનો)નો એક એક ભાગ મેળવીને જે જળતત્ત્વ બન્યું તે સદાને માટે અમીમય હોઈ શીતળતા સમાવીને રહેલું છે.**

### ભાવાર્થ

મૂળ જળતત્ત્વના નવ ભાગમાં બીજા ચાર તત્ત્વો(પૃથ્વી, અગ્નિ, વાયુ અને આકાશ) ના પા પા ભાગ (એક ચતુર્થાંશ) ભેગા કરીને એક ભાગ મેળવવામાં આવ્યો. આ દસ ભાગથી પાણીનું બંધાયેલું વ્યક્ત રૂપ સદાને માટે અમીમય હોઈ શીતળ છે.

**ભાગ ચતુર પંચ અગની વિશેષુ, ચતુરકે મીલી એક તાહીમે મીલેષુ;**
**એહી દશુ ભાગ મીલીત તન તેજુ, રહત પ્રકાશ સદા તપત હમેજુ. ૯૩**

### શબ્દાર્થ

**ભાગ ચતુર પંચ** = (૪+૫ = ૯) નવ ભાગ **અગની** = અગ્નિ **વિશેષુ** = વિશેષ પ્રમાણમાં **ચતુરકે મીલી** = ચારના મળીને **એક** = એક ભાગ **તાહીમે** = તેમાં **મીલેષુ** = મળેલા છે **એહી દશુ ભાગ** = આ દસ ભાગ **મીલીત** = મળીને **તન તેજુ** = તેજનું સ્વરૂપ **રહત** = રહે છે **પ્રકાશ** = પ્રકાશમય સદા, સદાને માટે **તપતહમેજુ** = હંમેશાં તપાયમાન રહે છે.

### અનુવાદ

**મૂળ અગ્નિતત્ત્વના નવ ભાગમાં અન્ય ચાર તત્ત્વોનો એક ભાગ મેળવ્યો. એમ દસ ભાગ**

**મળતાં તેજ (અગ્નિ) સ્વરૂપ બન્યું છે. તે હંમેશા પ્રકાશિત અને ઉષ્ણતાવાળું રહે છે.**

### ભાવાર્થ

આદિ અગ્નિતત્ત્વના નવ ભાગ લઈને તેમાં અન્ય તત્ત્વો - પૃથ્વી, જળ, વાયુ અને આકાશ - ના પા પા ભાગ મળી એક ભાગ મેળવ્યો. આ પ્રમાણે કુલ (૯+૧=૧૦) દસ ભાગ મળીને અગ્નિતત્ત્વનું બંધારણ થયું. આ પ્રમાણેના બંધારણવાળું વ્યક્ત અગ્નિતત્ત્વ ઉષ્ણતા અને પ્રકાશને ગ્રહણ કરીને રહેલું છે.

**વિભાગ મારુત નિજ નવ પરમાના, ઓરુ ચતુરકે મીલી એક મેલાના;**
**ભયેહુ પવન એતે તત્ત્વહીસે તાઈ, રહત સચર સર્વ ગગન પસાઈ. ૯૪**

### શબ્દાર્થ

**વિભાગ** = ભાગ **મારુત નિજ** = પવનના પોતાના **નવ** = નવ **પરમાના** = પ્રમાણ યુક્ત **ઓરુ** = અને **ચતુરકે** = ચારેયના **મીલી** = મળીને **એક** = એકભાગ **મેલાના** = મેળવ્યો **ભયેહુ** = થયો **પવન** = પવન **એતે** = તે તે **તત્ત્વહીસે** = તત્ત્વોથી **તાઈ** = તેમાં - સમાઈને **રહત** = રહે છે **સચર સર્વ** = સચરાચર **ગગન** = ગગન (આકાશ)માં **પસાઈ** = પ્રસરીને, ફેલાઈને.

### અનુવાદ

**મૂળ પવનના નવ ભાગના પ્રમાણે બાકીના ચાર તત્ત્વોનો એક ભાગની મેળવણી કરી. આ પ્રમાણેના (૯+૧=૧૦) તત્ત્વોથી બનેલ પવન સમસ્ત ગગનમાં સઘળે પ્રસરીને રહેલો છે.**

### ભાવાર્થ

આદિ પવનતત્ત્વના મૂળ નવ ભાગમાં અન્ય તત્ત્વો (પૃથ્વી, જળ, તેજ અને આકાશ) ના પા પા ભાગ પ્રમાણે એક ભાગ લઈને કુલ દસ ભાગ મળતાં પવનતત્ત્વ બન્યું. જે વ્યક્ત પવનતત્ત્વ સમગ્ર ગગનમંડળમાં (નભોમંડળમાં) સચરાચર પ્રસરીને રહેલું છે.

**વ્યોમ ખટ પુનિ ત્રીયેહુ વિભાગા, ઓરુ ચતુરકે એક મીલે અનુરાગા;**
**ભયે તાહી શૂન્ય તત્ત્વ મીલી એતે, અધર અવ્યક્ત વ્યક્ત કહુ કેતે. ૯૫**

### શબ્દાર્થ

**વ્યોમ** = આકાશ **ખટ** = છ **પુનિ** = વળી **ત્રીયેહુ** = ત્રણ (૬ + ૩ = ૯ ભાગ) **વિભાગા** = ભાગ **ઓરુ** = અને **ચતુરકે** = ચારેયના **એક** = એક ભાગ **મીલે** = મળીને **અનુરાગા** = અનુરાગ રૂપે **ભયે** = બન્યું **તાહી** = તે **શૂન્ય** = પોલાણ **તત્ત્વ** = તત્ત્વો **મીલી** = મળીને **એતે** = એટલા **અધર** = ઊંચે, અંતરિક્ષમાં **અવ્યક્ત** = અરૂપ **વ્યક્ત** = રૂપ **કહુ** = કહું છું **કેતે** = કેવી રીતે.

### અનુવાદ

**આકાશના નવ ભાગમાં બીજા ચાર તત્ત્વોનો એક ભાગ અનુરાગપૂર્વક મેળવ્યા. આ પ્રમાણે દસ તત્ત્વો મળી વ્યક્ત આકાશતત્ત્વ બન્યું. આ પ્રમાણે અંતરિક્ષના અવ્યક્ત તત્ત્વો વ્યક્ત કેવી રીતે થયા તે કહ્યું.**

### ભાવાર્થ

આદિ આકાશતત્ત્વના નવ ભાગમાં અન્ય તત્ત્વો (પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ) ના પા પા ભાગ લઈને તેના એક ભાગ સાથે મેળવણી કરી તેથી મહદ પોલાણ (અંતરિક્ષ)માં આ દસ ભાગ ભળીને (અવ્યકત આકાશ) વ્યક્ત આકાશતત્ત્વ બન્યું. પાંચેય આદિ અવ્યક્ત તત્ત્વોમાંથી વ્યક્ત તત્ત્વો કેવી રીતે બન્યા તે આ પ્રકરણમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે વિગતવાર દર્શાવ્યું છે.

**વારપાર વિનુ અમર સનાદિ, ચતુર તત્ત્વનકી જે આદે અનાદિ;**
**એહી પરકાર વિભાગ પંચભૂતા, ભયેહુ વૈરાટ તાઈ અતિ અદભૂતા. ૯૬**

### શબ્દાર્થ

**વારપાર** = વારપાર **વિનુ** = વગરનું **અમર** = જેનું મૃત્યુ ન થાય તેવું, અવિનાશી **સનાદિ** = આદિ સનાતન **ચતુર** = ચારે **તત્ત્વનકી** = તત્ત્વોથી **જે** = જે **આદે** = પહેલાનું (આદ્ય) **અનાદિ** = પુરાણું **એહી પરકાર** = આ પ્રકારે **વિભાગ** = ભાગ **પંચભૂતા** = પાંચેય ભૂત (તત્ત્વો)ના **ભયેહુ** = થયું **વૈરાટ** = વૈરાટ **તાઈ** = તેથી **અતિ** = વિશેષ, મહાન **અદભૂતા** = અદ્ભુત, અલૌકિક, આશ્ચર્યજનક, અચરજ પમાડે તેવું.

### અનુવાદ

**આકાશતત્ત્વ અમર અને સનાદિ (સનાતન) હોઈ વારપાર વગરનું છે. તેમજ અન્ય ચારેય તત્ત્વોથી પણ આદિ અનાદિનું છે. એ પ્રકારે પાંચ ભૂતોથી તે અતિ અદ્ભુત વૈરાટ થયેલું છે.**

### ભાવાર્થ

શૂન્ય પોતે વારપાર સિવાયનું અજર-અમર અને સનાતન છે. જે આ ચારેય તત્ત્વો- પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુતત્ત્વથી પણ પુરાણું (આદિ-અનાદિનું) છે.

આ પ્રમાણે પરમગુરુએ અગાઉ દર્શાવ્યા તે મુજબ મેળવણી દ્વારા પાંચ મહાભૂત - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશની ઉત્પત્તિ કરીને સર્જનહારે મહાન અદ્ભુત વૈરાટની રચના કરી છે.

**બોહોરુ તિનકી અવસ્થા પુનિ સોઇ, અંતસકરણ સહિત કહુ જોઈ;**
**જાગ્રત અવન સુપન અપ સેતી, સષોપતિ અગન્ય પવન તુરીયેતી. ૯૭**

### શબ્દાર્થ

**બોહોરુ** = વધુમાં, આગળ હવે **તિનકી** = તેમની **અવસ્થા** = અવસ્થાઓ **પુનિ** = વળી **સોઇ** = તેના **અંતસકરણ** = અંતઃકરણ **સહિત** = સહિત, સાથે **કહુ જોઇ** = કહી બતાવું છું **જાગ્રત** = જાગ્રત અવસ્થા **અવન** = પૃથ્વીતત્ત્વના **સુપન** = સ્વપ્ન અવસ્થા **અપ** = જળતત્ત્વની **સેતી** = સાથે **સષોપતિ** = સષોપતિ અવસ્થા **અગન્ય** = અગ્નિતત્ત્વની **પવન** = પવન (વાયુ)તત્ત્વની **તુરીયેતી** = તુરિયા અવસ્થા.

### અનુવાદ

**હવે તેની અવસ્થા સહિત અંતઃકરણ વિશે કહું છું, તે સાંભળો. પૃથ્વીની જાગ્રત, જળની સ્વપ્ન, અગ્નિની સુષુપ્તિ અને પવનની તુરિયા અવસ્થા છે.**

### ભાવાર્થ

હવે પાંચ મહાભૂતો કઈ અવસ્થાઓ તેમજ કયા અંતઃકરણો ભોગવે છે તે વિશે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે.

પાંચ મહાભૂતના તત્ત્વો પૈકી પૃથ્વીતત્ત્વ જાગૃત અવસ્થા, જળતત્ત્વ સ્વપ્ન અવસ્થા, અગ્નિતત્ત્વ સુષુપ્તિ અવસ્થા અને પવનતત્ત્વ તુરિયા અવસ્થા ભોગવે છે.

**ઉનમૂનિ શૂન્ય સદાઇ સમદમહી, કહેહુ અવસ્થા પંચતત્ત્વનકી ગમહી;**
**અંતસકરણ રહેઉ તેહી તિનમે, સૂનહો મરમ અબ કહુ જેહી જીનમે. ૯૮**

### શબ્દાર્થ

**ઉનમૂનિ** = ઉન્મૂની અવસ્થા **શૂન્ય** = શૂન્યમાં **સદાઇ** = સદાને માટે **સમદમહી** = સમદમ પણે **કહેહુ** = કહી છે **અવસ્થા** = અવસ્થાઓ **પંચતત્ત્વનકી** = પાંચ તત્ત્વોની **ગમહી** = સૂઝ (સમજ) પડે તે રીતે **અંતસકરણ** = અંતઃકરણો **રહેઉ** = રહેલા છે **તેહી તિનમે** = તે તેમાં **સૂનહો** = સાંભળો **મરમ** = મર્મ, રહસ્ય **અબ કહુ** = હવે કહું છું **જેહી જીનમે** = જે જેનામાં.

### અનુવાદ

**શૂન્યમાં ઉન્મૂની અવસ્થા સદાને માટે સમદમ રહેલી છે, એ પ્રમાણે પાંચ તત્ત્વોની અવસ્થાઓ કહી સમજાવી. હવે તેમાં અંતઃકરણો પણ રહેલાં છે. તે જેમાં સમાયેલાં છે તેનો મર્મ કહું છું.**

### ભાવાર્થ

શૂન્યમાં ઉન્મૂની અવસ્થા સદાને માટે સમદમપણે રહેલી છે. આ પ્રમાણે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે પાંચ મહાભૂતોમાં જે અવસ્થાઓ રહેલી છે તે સમજાવી. હવે તેમાં અંતઃકરણો પણ રહેલાં છે. તે દરેક મહાભૂતોમાં કયા તત્ત્વમાં કયા અંતઃકરણો સમાયેલાં છે તેનો મર્મ હવે પછી દર્શાવવામાં આવશે.

**મનોમયે અવન્ય બુદ્ધિ અપ હીરા, અગન્ય અહંકાર ચિત્ત રહત સમીરા;**
**વ્યોમતત્ત્વ પંચમો સર્વ શેષા, અંતઃકરણ તાઈમે ચિદ્ તેસા. ૯૯**

### શબ્દાર્થ

**મનોમયે** = મન અંતઃકરણ **અવન્ય** = પૃથ્વીતત્ત્વનું **બુદ્ધિ** = બુદ્ધિ અંતઃકરણ **અપ હીરા** = હિર રૂપ જળતત્ત્વનું **અગન્ય** = અગ્નિતત્ત્વનું **અહંકાર** = અહંકાર અંતઃકરણ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **રહત** = રહેલા છે **સમીરા** = પવનતત્ત્વનું **વ્યોમતત્ત્વ** = આકાશતત્ત્વનું **પંચમો** = પાંચમું **સર્વ શેષા** = સર્વથી અંતિમ છેવટનું છે **અંતઃકરણ** = અંતઃકરણ **તાઈમે** = તેમાં **ચિદ્** = (ન ચિંત) અંતઃકરણ **તેસા** = તેના જેવું જ, તેવું જ.

### અનુવાદ

**પૃથ્વીમાં મન, જળમાં બુદ્ધિ, અગ્નિમાં અહંકાર, પવનમાં ચિત્ત અંતઃકરણ રહેલું છે અને સર્વથી શ્રેષ્ઠ છેવટનું આકાશમાં તેના જેવું જ ચિદ્ (નચિત) અંતઃકરણ રહેલું છે.**

### ભાવાર્થ

પૃથ્વીતત્ત્વમાં મન અંતઃકરણ, જળતત્ત્વમાં બુદ્ધિ અંતઃકરણ અગ્નિતત્ત્વમાં અહંકાર અંતઃકરણ, પવનતત્ત્વમાં ચિત્ત અંતઃકરણ સમાયેલાં છે અને પાંચમાં બાકી રહેલા આકાશતત્ત્વમાં જે સચરાચર વ્યાપેલું છે તેમાં પાંચે તત્ત્વોમાં શ્રેષ્ઠ એવું ચિદ્ અંતઃકરણ રહેલું છે.

**જાહી તુમ કહત સકલ ચિદ્ બ્રહ્મ, તાહી હમ લહત અંતઃકરણ પરમ;**
**અંતઃકરણ અવસ્થા કહી જેહી, મોક્ષ મોક્ષ પંચતત્ત્વનકી તેહી. ૧૦૦**

### શબ્દાર્થ

**જાહી** = જેને **તુમ** = તમો **કહત** = કહો છો **સકલ** = સર્વ વ્યાપક, બધા **ચિદ્ બ્રહ્મ** = ચિદ્ બ્રહ્મ **તાહી** = તેને **હમ** = હું **લહત** = જાણું છું **અંતઃકરણ** = અંતઃકરણ **પરમ** = શ્રેષ્ઠ **અંતઃકરણ** = અંતઃકરણ **અવસ્થા** = અવસ્થા **કહી** = કહી **જેહી** = જે **મોક્ષ મોક્ષ** = મુખ્ય મુખ્ય **પંચતત્ત્વનકી** = પાંચ તત્ત્વોની **તેહી** = તે.

### અનુવાદ

**જેને તમે બધા ચિદ્ બ્રહ્મ કહો છો તેને હું શ્રેષ્ઠ અંતઃકરણ માનું છું. આમ મુખ્ય પાંચ તત્ત્વોના અંતઃકરણ અને અવસ્થાઓ જે હતી તે કહી.**

### ભાવાર્થ

ચિદ્ અંતઃકરણને વિશ્વના લોકો ચિદ્ બ્રહ્મ તરીકે ઓળખે છે, પરંતુ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર તેને મહાન ચિદ્ અંતઃકરણ માને છે. આ રીતે પાંચ અવસ્થા અને પાંચ અંતઃકરણો

પાંચ મહાભૂતો સાથે રહેલાં છે તે કહી સમજાવ્યા છે.

**આન્ય અવસ્થા અંતસકરણ ઓરુ, રહેહુ સુક્ષ્મ અંતર સર્વ ઠોરુ;**
**પંચ અવસ્થા પંચ તત્ત્વનકી માંહી, જેહી વિધિ વ્રતતત કહહુ બતાહી. ૧૦૧**

### શબ્દાર્થ

**આન્ય** = બીજી **અવસ્થા** = અવસ્થા **અંતસકરણ** = અંતઃકરણ **ઓરુ** = અને **રહેહુ** = રહે છે **સૂક્ષ્મ** = સૂક્ષ્મ **અંતર** = અંતરે, રીતે **સર્વ** = સર્વ, બધા **ઠોરુ** = ઠેકાણું, ઠામ **પંચ અવસ્થા** = પાંચ અવસ્થા **પંચતત્ત્વનકી** = પાંચ તત્ત્વોની **માંહી** = માં **જેહી** = જે **વિધિ** = રીતે, પ્રમાણે **વ્રત તત** = વર્તે છે **કહહુ** = કહું છું **બતાહી**= બતાવીને.

### અનુવાદ

**અવસ્થા અને અંતઃકરણ બીજી બધી જગ્યાએ સૂક્ષ્મ રીતે રહેલા છે. તે પાંચ અવસ્થા પાંચ તત્ત્વોમાં જે પ્રમાણે વર્તે છે તે કહી બતાવું છું.**

### ભાવાર્થ

અગાઉ પંચ મહાભૂતમાં મુખ્ય અવસ્થાઓ અને અંતઃકરણો વિશે સમજાવ્યું છે. હવે તે મુખ્ય અવસ્થા અને અંતઃકરણ સિવાય પણ બીજા સૂક્ષ્મ રીતે પાંચે તત્ત્વોમાં પાંચ અવસ્થા અને અંતઃકરણો રહેલાં છે. તે પૈકી પંચ તત્ત્વોમાં પાંચ અવસ્થાઓ સૂક્ષ્મ રીતે જે પ્રમાણે વર્તમાન કરે છે. તેની સમજ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછી દર્શાવી રહ્યા છે.

**જાગ્રત અવન્ય બીજગ અંકુરા, કરત સકલ તીનુ ઉદિત સફુરા;**
**જાગ્રત અવસ્થા અવન્ય કહી જબહી, હિરણ્ય અંકુર બીજ જગવત તબહી. ૧૦૨**

### શબ્દાર્થ

**જાગ્રત** = જાગ્રત અવસ્થા **અવન્ય** = પૃથ્વીમાં રહેલ **બીજગ** = બીજકોના **અંકુરા** = અંકુરોને **કરત** = કરે છે **સકલ** = બધા, સર્વે **તીનુ** = તેને **ઉદિત** = ઉગવા માટે **સફુરા** = સ્ફુરાયમાન કરે છે **જાગ્રત અવસ્થા** = જાગ્રત અવસ્થા **અવન્ય** = પૃથ્વી **કહી** = કહી હતી **જબહી** = જ્યારે, તેથી **હિરણ્ય** = હિરણ્યગર્ભિત રીતે **અંકુર** = અંકુરિત થાય **બીજ** = બીજકો **જગવત** = જાગૃત કરે છે **તબહી** = ત્યારે.

### અનુવાદ

**પૃથ્વીમાં રહેલી જાગ્રત અવસ્થાને લીધે બધાજ બીજકોના અંકુરો ઊગીને સ્ફુરાયમાન થાય છે. તે જાગ્રત અવસ્થા બીજગમાં રહેલા હિરણ્યગર્ભિત અંકુરને જાગ્રત કરે છે, તેથી પૃથ્વી તત્ત્વની જાગ્રત અવસ્થા કહી છે.**

### ભાવાર્થ

પૃથ્વીતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે જાગ્રત અવસ્થા સ્ફુરાયમાન થાય છે.

અગાઉ પૃથ્વીતત્ત્વની જાગ્રત અવસ્થા કહી હતી તે જાગ્રત અવસ્થાને લીધે જ પૃથ્વીમાં રહેલા બીજકોના અંકુરો સ્ફુરાયમાન થઈને ઊગે છે. કારણ કે બીજકોના અંકુરમાં પણ હિરણ્યગર્ભિત અલ્પ જાગ્રત અવસ્થા રહેલી છે. પૃથ્વીતત્ત્વની મહદ જાગ્રત અવસ્થાને લીધે બીજકની સૂક્ષ્મ જાગ્રત અવસ્થા જાગ્રત થાય ત્યારે જ બીજકના અંકુરો સ્ફુરાયમાન થઈને ઊગે છે.

**સ્વપ્ન અવસ્થા નીરહી નિરમયેઉ, પ્રસવ બીજગ ઉદવીત ગતિ ભયેઉ;**
**સષોપતિ અગન્ય રહેહુ કહી જેહી, કરહી પરલે પદ દ્રષ્ટે સબેહી. ૧૦૩**

### શબ્દાર્થ

**સ્વપ્ન અવસ્થા** = સ્વપ્ન અવસ્થા **નીરહી** = પાણીમાં **નિરમયેઉ** = નિર્માણ પામી છે, રહેલી છે **પ્રસવ** = પ્રસવ પામે **બીજગ** = બીજક **ઉદવીત** = ઊગવાની **ગતિ** = ગતિ **ભયેઉ** = ઉત્પન્ન થાય છે **સષોપતિ** = સષોપતિ અવસ્થા **અગન્ય** = અગ્નિમાં **રહેહુ** = રહેલી **કહી** = કહી છે **જેહી** = જે **કરહી** = કરે **પરલે** = અંત, નાશ **પદ** = ધામ, લોક, પદાર્થ **દ્રષ્ટે** = દૃષ્ટિમાં આવે, દૃશ્યમાન થયેલા **સબેહી** = દરેકમાં.

### અનુવાદ

**જળમાં જે સ્વપ્ન અવસ્થા રહેલી છે તેનો સ્પર્શ થતાં બીજકમાં ઊગવાની ગતિ આવે છે, અગ્નિમાં સષોપતિ રહેલી કહી છે જેનાથી દૃષ્ટિ ગોચર થતા સર્વ પદાર્થો નાશ થતા દેખાય છે.**

### ભાવાર્થ

જળતત્ત્વોનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે સ્વપ્ન અવસ્થા સ્ફુરાયમાન થાય છે.

જળતત્ત્વની મહદ સ્વપ્ન અવસ્થા બીજકની સૂક્ષ્મ સ્વપ્ન અવસ્થાને જાગ્રત કરે છે. બીજકો જ્યારે જળનો સ્પર્શ કરે છે ત્યારે બીજકની સ્વપ્ન અવસ્થાને લીધે અંકુરમાં ઉગવાની ગતિ આવે છે.

જ્યારે અગ્નિતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે સષોપતિ અવસ્થા સ્ફુરાયમાન થાય છે.

જ્યારે અગ્નિમાં રહેલી મહદ સષોપતિ અવસ્થા બીજકમાં રહેલી સૂક્ષ્મ સષોપતિ અવસ્થાને જાગ્રત કરે ત્યારે દૃષ્ટિગોચર થતા બીજક નાશ પામે છે. જે ક્રિયા આપણે દૃષ્ટિ દ્વારા જોઈ શકીએ છીએ. એટલે કે લીલુંછમ્મ થયેલું ઘાસ-વનસ્પતિ સુકાઈને નાશ પામે તે અગ્નિતત્ત્વની સષોપતિ

અવસ્થાને લીધે છે.

**તુરી પદ પવન રહન નિજ ભેદા, સાક્ષી સકલનો વિમલ અકલેદા;**
**ઉનમૂનિ શૂન્ય સદોદિત ઉદારી, બ્રહ્મ વિદભાવ સાવ અવિકારી. ૧૦૪**

### શબ્દાર્થ

**તુરી** = તુરિયા અવસ્થા **પદ** = નું સ્થાન **પવન** = પવનતત્ત્વ **રહન** = રહે છે **નિજ** = પોતે **ભેદા** = ભેદ, રહસ્યમય **સાક્ષી** = સાક્ષી તરીકે **સકલનો** = દરેકનો, સર્વેનો **વિમલ** = વિમલ **અકલેદા** = અરૂપ, દેહ વગરનો **ઉનમૂનિ** = ઉન્મુનિ અવસ્થા **શૂન્ય** = શૂન્યમય **સદોદિત** = સદાને માટે **ઉદારી** = ઉદાર સ્વભાવની **બ્રહ્મ વિદભાવ** = બ્રહ્મના પ્રભાવવાળી **સાવ** = તદ્દન **અવિકારી** = અવિકારી, વિકાર રહિત છે.

### અનુવાદ

**પવનમાં તુરિયા અવસ્થા છે. સર્વનો સાક્ષી નિર્મળ અને અરૂપી જે છે તે આ ભેદને જાણે છે. સર્વદા ઉદાર ભાવ રાખવાવાળી ઉન્મુની અવસ્થા આકાશતત્ત્વની છે. તે તદ્દન અવિકારી બ્રહ્મવિદ્ ભાવવાળી છે.**

### ભાવાર્થ

પવનતત્ત્વમાં તુરિયા અવસ્થા રહેલી છે. એટલે કે જ્યારે વાયુતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રણવને વિશે વર્તે, ત્યારે તુરિયા અવસ્થા સ્ફુરાયમાન થાય છે. આ સ્થિતિ વખતે સર્વ પદાર્થના સંકલ્પ લીન પામીને શાંત થઈ જાય છે. તે વખતે સર્વનો જે સાક્ષી રૂપ અંશ, જેનું નિર્મળ સ્વરૂપ અકળ છે, તે તુરિયાના ભેદને જાણે છે.

જ્યારે આકાશતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે ઉન્મુની અવસ્થા સ્ફુરણ થાય છે. આ અવસ્થા સદાને માટે ઉદાર ભાવવાળી છે જે ચિદાકાર બ્રહ્મવત્ અર્થાત્ ભાવાભાવ રહિત અને તદ્દન વિકાર રહિત છે, જેથી તે સમયે પ્રણવ પણ સમદમ વહે છે.

**તત્ત્વની અવસ્થા કીયેહુ સર્વ સેતી, વિભૂતિ વિભાવ ફાવ ચાહાવ જીનુ જેતી;**
**એહી અનુકરમ કહેહુ દ્વૈતનકે, તત્ત્વપંચ સપ્ત જીવ વિધિ તનકે. ૧૦૫**

### શબ્દાર્થ

**તત્ત્વની** = તત્ત્વોની **અવસ્થા** = અવસ્થા **કીયેહુ** = કરેલ છે, બનાવેલ છે **સર્વ સેતી** = તે સર્વની **વિભૂતિ** = વિભૂતિ, ઐશ્વર્ય **વિભાવ** = ભાવને ઉત્પન્ન કરનાર ક્રિયા **ફાવ** = આવડત, કુશળતા, ફાવવું, ગોઠવવું **ચાહાવ** = ઈચ્છવું **જીનુ** = જેનું **જેતી** = જે તે, પ્રમાણે **એહી** = તે **અનુકરમ** = અનુક્રમ **કહેહુ** = કહ્યુ છે, કહ્યો છે **દ્વૈતનકે** = બંનેના **તત્ત્વપંચ** = પાંચ તત્ત્વ **સપ્ત** = સાત **જીવ** = જીવ, અંશ **વિધિ** = રીત, હકીકત **તનકે** = શરીરમાં.

### અનુવાદ

**તત્ત્વો અને અવસ્થાની વિભૂતિ, વિભાવ, ફાવટ(આવડત) અને લગાવ અંગે જેનું જે પ્રમાણે હતું તે પ્રમાણે બધું કહ્યું છે. હવે એ બંનેના અનુક્રમે પાંચ તત્ત્વો અને સાત ચક્રોવાળા શરીરોમાં જીવ જે પ્રમાણે રહે છે તે (બંનેનો અનુક્રમ) કહું છું.**

### ભાવાર્થ

પાંચ તત્ત્વો – પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તથા પાંચ અવસ્થા - જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુરિયા અને ઉન્મુનિ એ બંનેના અનુક્રમે વિભૂતિ, ભાગ, ગોઠવણ અને બંને પ્રત્યેનો લગાવ - વગેરે જેનું જે પ્રમાણે હતું તેનું તે પ્રમાણે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે વર્ણન કરીને દર્શાવ્યું છે. આવી અવસ્થાઓથી મળેલા તત્ત્વોવાળા તેમજ સાત ચક્રોથી બંધાયેલા પ્રાણાયામવાળા શરીરમાં અંશ બિરાજમાન થયેલો છે. (મુલાધારચક્ર, સ્વાધિષ્ઠાનચક્ર, મણિપુરચક્ર, અનાહતચક્ર, વિશુદ્ધચક્ર, આજ્ઞાચક્ર અને સહસ્ત્ર કમળ બ્રહ્મરંદ્રચક્ર).

અન્ય રીતે સમજીએ તો સાત ધાતુ (રોમ, ત્વચા, માંસ, નાડી, રુધીર, અસ્થિ અને વીર્ય) અને પંચભૂતથી જે શરીર રચાયેલાં છે તેમાં અંશ નિવાસ કરે છે.

**ભયેહુ ઉપાધ વિભ્રાંતિ ભાતિ એહુ, યાહી વિચરણે અંશ આપ ભૂલેહુ;**
**સજાતિ વિજાતિ ભયે ભર્મ અનેકા, રહેહુ ના લક્ષ નિજ આદ્ય ઘર છેહેકા. ૧૦૯**

### શબ્દાર્થ

**ભયેહુ** = થયો, ભળ્યો **ઉપાધ** = ઉપાધિ, જંજાળ **વિભ્રાંતિ** = વિશેષ રૂપે, વિષયની ભ્રમણાઓમાં **ભાતિ** = અલગ-અલગ, વિધવિધ પ્રકારની **એહુ** = તે **યાહી** = એ રીતે, અહીં **વિચરણે** = વિચરણ કરવાથી **અંશ** = અંશ **આપ** = પોતાનું સ્વ-સ્વરૂપ **ભૂલેહુ** = ભૂલી ગયો **સજાતિ** = પોતાની જાતિ **વિજાતિ** = પોતાનાથી વિરુદ્ધ (અલગ)જાતિ **ભયે** = થયો **ભર્મ** = ભ્રમણાયુક્ત **અનેકા** = અનેક પ્રકારની **રહેહુ ના** = રહ્યો નહીં **લક્ષ** = લક્ષ **નિજ** = પોતાના **આદ્ય ઘર** = મૂળવતન, કૈવલધામ **છેહેકા** = છેવટનું.

### અનુવાદ

**અંશ વિધવિધ પ્રકારની વિષયયુક્ત તત્ત્વોની ભ્રમણાઓવાળી ઉપાધિ લઈને અહીં ભટકવા લાગ્યો, તેથી પોતાનું સ્વરૂપ ભૂલી ગયો. સજાતિ અંશ વિજાતિ ઘાટની અનેક ભ્રમણાઓ ઊભી થતાં છેવટના નિજ આદ્ય ઘરના લક્ષની સ્મૃતિ રહી નહીં.**

### ભાવાર્થ

શરીરમાં આવ્યા પછી સર્જનહારનો સજાતિ શાશ્વત અંશ વિવિધ પ્રકારના વિજાતી નાશવંત ઘાટની વિષયોવાળી ભ્રમણાઓની જાળમાં લપટાતો જ રહ્યો એટલે એક પછી એક એમ અનેક ઘાટોમાં વિચરણ કરવા લાગ્યો. આમ, પોતે શુદ્ધ ચૈતન સ્વરૂપે કૈવલ કર્તાની સજાતિનો તત્ત્વાતીત

હતો, પરંતુ તત્ત્વોવાળા જડ ઘાટમાં ભટકવાથી સ્વયં ભ્રમણાયુક્ત વિજાતિ ઘાટવાળો થઈ ગયો. એટલે પોતાના ચૈતન અંશ સ્વરૂપને ભૂલી ગયો. પરિણામે કૈવલધામમાંથી અણિઅગ્ર અંકુરિત થઈને નિજ ચૈતન સ્વરૂપે આવ્યો હતો તે લક્ષની સ્મૃતિ રહી નહીં.

**વિનાહુ લક્ષ નિજ પક્ષ ન પાગા, જાંહી તાંહી ઉતઈત જીતતીત લાગા;**
**અંધાધુંધ યુ સકલ વિહાયે, રહી ના સમર્ધી જેહી ઘરસેજુ આયે. ૧૦૭**

### શબ્દાર્થ

**વિનાહુ** = વગર, વિના **લક્ષ** = લક્ષ **નિજ**= પોતાનો **પક્ષ ન પાગા** = પક્ષને પામી ન શક્યો **જાંહી તાંહી** = અહીં અને ત્યાં, જયાં-ત્યાં **ઉતઈત**- મૃત્યુલોક અને દેવલોક **જીતતીત** = જેમ તેમ રીતે **લાગા** = લાગી ગયો, વળગી પડ્યો, ચોંટી ગયો **અંધાધુંધ** = અંધાધૂંધ, અંધશ્રદ્ધા ભર્યુ, ઢંગધડા વગરનું, નિરંકુશ, વગર વિચારે **યુ** = જેમ, આ રીતે **સકલ** = બધા જ **વિહાયે** = (પ્રવાહમાં) વહેવા મંડ્યા **રહી ના** = ના રહી **સમર્ધી** = (સમ્રધી) સ્મૃતિ, યાદ **જેહી** = જે, તે **ઘર સેજુ** = જે ઘરેથી **આયે** = આવ્યો.

### અનુવાદ

**લક્ષ વગર (સાચા) નિજપક્ષને પામી ન શક્યો. તેથી આ બાજુ ને તે બાજુ જ્યાં ને ત્યાં જેને તેને વળગી પડ્યો. તે જે ઘરથી આવ્યો હતો તેની સ્મૃતિ ન રહેવાને કારણે અજ્ઞાન રૂપ અંધકારના પ્રવાહમાં બધા વહે જાય છે.**

### ભાવાર્થ

અંશોને પોતાના ચૈતન્ય સ્વરૂપના લક્ષની જાણ્ય વિસરાઈ ગઈ. તેથી પરમપદના લક્ષને પ્રાપ્ત કરી શક્યા નહીં. વળી નિજ કૈવલ લક્ષને જાણ્યા વગર પરમપદનો સાચો માર્ગ પ્રાપ્ત કરી શકાય નહીં, જેથી અંશો મૃત્યુલોક અને દેવલોકમાં ભટકતો રહીને જ્યાં મેળ પડ્યો ત્યાં જેને-તેને સમર્પિત થઈને નાશવંત પદોની આરાધના કરવા લાગ્યા.આ પ્રમાણે પોતે જે અખંડ કૈવલધામમાંથી (નિજઘરથી) આ બાજુ આવ્યા હતા તે ઘરનો લક્ષ પામી શક્યા નહીં. પરિણામે બધા જ અંશો જડ અને નાશવંત તત્ત્વોના પ્રભાવમાં આવી અજ્ઞાનરૂપી ગાઢ અંધકારના તથા અંધશ્રદ્ધાના અત્યંત વેગવંતા પ્રવાહમાં તણાવા લાગ્યા.

**એતેહી ભરમ પરેહુ જીવ ઘોરા, છૂટત ન પાવહી આપ મતિ જોરા;**
**તાહીતે કહત હમ વારંવારુ, ગ્રહો સતગુરુ સંઘ કરે ભવપારુ. ૧૦૮**

### શબ્દાર્થ

**એતેહી** = આ રીતે **ભરમ** = ભ્રમણાઓમાં **પરેહુ** = પડ્યા **જીવ** = જીવો **ઘોરા** = મહાન, વિશેષ, ગાઢ **છૂટત ન** = છૂટી ન શકવાથી **પાવહી** = મેળવી **આપ** = પોતાની **મતિ** = બુદ્ધિના, જ્ઞાનના **જોરા** = બળથી **તાહીતે** = તેટલા માટે જ **કહત** = કહુ છું **હમ** = હું

**વારંવારુ** = વારંવાર **ગ્રહો** = ગ્રહણ કરો **સતગુરુ** = સાચા ગુરુના, સત્‌ગુરુ **સંઘ** = સંગ, સત્સંગ, સાથ **કરે** = કરે **ભવપારુ** = ભવપાર.

## અનુવાદ

**એ રીતે જીવો ગાઢ ભ્રમણાઓમાં પડ્યા હોવાથી પોતે મેળવેલી બુદ્ધિના (જ્ઞાનના) બળે છૂટી શકે તેમ નથી. તેટલા માટે જ હું વારંવાર કહું છું કે સત્‌ગુરુનો સંગ ગ્રહણ કરો જે ભવપાર ઉતારશે.**

## ભાવાર્થ

જગતના જીવો નિજ કર્તાના ધામથી છૂટા પડ્યા પછી કરોડો યુગથી જડ ઘાટોનાં સંગે રહ્યા. એટલે તેમનામાં અનેક ભ્રમણાઓથી અજ્ઞાન રૂપી ગાઢ અંધારું છવાઈ ગયું. આ અંધકારથી સ્વયં પોતાની બુદ્ધિ બળ દ્વારા બહાર નીકળી શક્યા નહીં. અર્થાત્ આ બંધનથી છૂટવા માગતા હોવા છતાં પોતે મેળવેલ જ્ઞાનના બળે જાતે છૂટવું શક્ય બન્યું નહીં.

આપણને વારંવાર કહેવામાં આવ્યું છે કે જો ભવના જન્મ-મરણ રૂપી બંધનમાંથી મુક્ત થવું હોય તો સમર્થ પરમગુરુના શરણમાં જઈને તેમને રચેલા ધર્મગ્રંથોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી તેમાં દર્શાવેલી આજ્ઞા મુજબ જીવન જીવવું. તેમ કરવાથી અજ્ઞાનરૂપી અંધકાર તો દૂર થશે જ સાથે સાથે જન્મ અને મરણના ફેરામાંથી પણ છુટકારો (મુક્તિ) મળી જશે. સમર્થ પરમગુરુની રીઝ વગર વિશ્વનો કોઈપણ અંશ ભવપાર થઈ શકે તેમ નથી.

**અગમ બોધ અનુભવ ગતિ આપી, દરશાવહી નિજ આપ અદ્યાપી;**
**સોહી આપા અવિગત નિજ હંસા, જેહી કૈવલસે આયેહુ બીજ અંશા. ૧૦૯**

## શબ્દાર્થ

**અગમ બોધ** = અગમ ઉપદેશ **અનુભવ ગતિ** = સ્વ અનુભવ જન્ય ગતિ (સમજ) **આપી** = આપી, આપશે **દરશાવહી** = દર્શાવશે, ઓળખાણ કરાવશે **નિજ આપ** = ખુદ પોતાનું, પોતાનું નિજ અંશ સ્વરૂપ **અદ્યાપી** = આદિ, અનાદિ **સોહી** = તે **આપા** = આપનપુ **અવિગત** = વિગતમાં ન આવે તેવું **નિજ હંસા** = પોતાનું હંસ સ્વરૂપ **જેહી** = જે **કૈવલસે** = કૈવલ કર્તાથી **આયેહુ** = આવ્યા છે **બીજ** = બીજરૂપ **અંશા** = અંશા.

## અનુવાદ

**(તેઓ) અગમબોધ દ્વારા અનુભવ ગતિ આપીને પોતાના અનાદિ નિજ સ્વરૂપને દર્શાવે છે. તે જ આપનપુ અવિગત અંશ પોતે હંસ રૂપ છે. આ અંશ કૈવલ કર્તામાંથી બીજક રૂપે આવ્યો છે.**

## ભાવાર્થ

પરમગુરુ આપણને અગમબોધ (કૈવલજ્ઞાનનો ઉપદેશ) આપીને પોતાના સ્વ-ચૈતન સ્વરૂપને સમજવાની ગતિ બક્ષિશ કરે છે, જેથી દરેક અંશ પોતે પોતાના આદિ-અનાદિના મૂળ શુદ્ધ ચૈતન

સ્વરૂપને ઓળખી શકે. આપણું નિજ સ્વરૂપ વિગતમાં આવી શકે તેમ નથી. નિજ કૈવલધામમાંથી (સર્જનહાર કૈવલ કર્તામાંથી) જ્યારે આપણે દ્વૈત (અલગ) થયા ત્યારે અણિઅગ્ર અંકુરિત થઈને બીજક સ્વરૂપે બ્રહ્માંડમાં પ્રવેશ પામ્યા હતા. આપણે શુદ્ધ ચૈતન સ્વરૂપે સર્જનહાર કૈવલ કર્તાના જ અંશો છીએ. તેવી શુદ્ધ સ્વરૂપની ગતિ માત્ર પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જ બક્ષિશ કરે છે.

**તેહી બીજગ નિજ સ્વરૂપ સબનકા, ચઢેહુ પડલ ઈત પંચ તત્ત્વનકા;**
**સોહી પડલનકે વૈદક ગુરુ દેવા, કાઢે ત્રતકાલ સુઝહી સર્વ ભેવા. ૧૧૦**

### શબ્દાર્થ

**તેહી** = તે **બીજગ** = બીજક **નિજ સ્વરૂપ** = નિજ, પોતાનું સ્વ-સ્વરૂપ, ચૈતન સ્વરૂપ **સબનકા** = સર્વનું **ચઢેહુ** = ચઢેલું છે **પડલ** = પડ, આવરણ, થર **ઈત** = આ, તે **પંચ તત્ત્વનકા** = પાંચ તત્ત્વોના **સોહી** = તે **પડલનકે** = આવરણના **વૈદક** = વૈદ્યરાજ **ગુરુ દેવા** = ગુરુ દેવ છે **કાઢે** = દૂર કરે **ત્રતકાલ** = તુરત જ, સહેજમાં, તાત્કાલિક **સુઝહી** = સૂઝવા લાગે, દૃશ્યમાન થાય, વિચાર ઉદ્ભવવા લાગે **સર્વ** = સર્વે **ભેવા** = સ્વરૂપ, ભેદ, મર્મ.

### અનુવાદ

**તે બીજક જ સૌનું નિજ સ્વરૂપ છે, પરંતુ તેને પાંચ તત્ત્વોનું આવરણ લાગેલું છે. તે આવરણને સદ્ગુરુ રૂપી વૈદ્ય દૂર કરતાં તરત જ સ્વ-સ્વરૂપનો ભેદ માલુમ પડે છે.**

### ભાવાર્થ

કૈવલધામમાંથી જે અણિઅગ્ર અંકુરિત થઈને જે સ્વરૂપે અંશ અહીં આવ્યો હતો તે જ તેનું સાચુ સ્વરૂપ છે. અહીં આવતાં તે બ્રહ્મભૂમિકા તેમજ ચાર પ્રકારના દેહમાંથી પસાર થઈને સ્થૂળ દેહમાં આવ્યો, ત્યારે પાંચ તત્ત્વોનું પણ આવરણ લાગ્યું. પરિણામે પોતાનું મૂળ ચૈતન્ય સ્વરૂપ ઢંકાઈ ગયું. હવે પોતાના નિજ સ્વરૂપે થવું હોય તો તેના ઉપર ચઢેલા તમામ આવરણોને દૂર કરવા પડશે. આ આવરણોને સમર્થ પરમગુરુ રૂપી વૈદ્યરાજ દૂર કરી શકે છે. પરમગુરુ જ એક એવા સમર્થ ગુરુદેવ છે કે જેમના શરણે જવાથી ચૈતન સ્વરૂપનો ભેદ પ્રાપ્ત થતાં વાર લાગશે નહીં.

**અગમ નિગમ ઓરુ આદ્ય અંતનકી, નિજ કૈવલપદ અંશ આપ તનકી;**
**પરહી સુઝ એહી વિધિ જબી આદુ, કરહી બોધ ગુરુ કરુણા સનાદુ. ૧૧૧**

### શબ્દાર્થ

**અગમ નિગમ** = વેદોથી પરનો ભેદ, ભૂત અને ભવિષ્ય **ઓરુ** = અને **આદ્ય** = શરૂઆત, પ્રારંભ **અંતનકી** = અંત, છેવટની **નિજ** = પોતે, ખુદ **કૈવલપદ** = કર્તા (સર્જનહાર)નું પદ **અંશ** = અંશ **આપ** = પોતાના **તનકી** = સ્વરૂપની **પરહી** = પડશે **સુઝ** = સમજ **એહી વિધિ** = આ પ્રમાણેની **જબી** = જ્યારે **આદુ** = આદિની **કરહી** = કરશે

**બોધ** = બોધ, ઉપદેશ **ગુરુ** = ગુરુદેવ **કરુણા** = કરુણા કરીને **સનાદુ** = સ્વમુખે ઉચ્ચારેલ.

### અનુવાદ

**સ્વમુખે ઉચ્ચારેલા ગુરુદેવના કરૂણામય ઉપદેશથી અંશને પોતાના મૂળ (ચૈતન) સ્વરૂપની અને નિજ કૈવલપદની જ્યારે સમજ પડશે, ત્યારે અગમ-નિગમ અને આદ્ય તથા અંતની પણ સૂઝ પડશે.**

### ભાવાર્થ

મુમુક્ષુ જનો મહાન સમર્થ ગુરુદેવના શરણે જઈ ગુરુદેવના સ્વમુખે ઉચ્ચારેલા ધર્મગ્રંથોના કરુણામય ઉપદેશને સમજશો તો નિજ ચૈતન અંશ સ્વરૂપની સાચી ઓળખાણ થશે. જ્યારે પોતાનું નિજ સ્વરૂપ ઓળખાઈ જાય ત્યારબાદ કૈવલ કર્તાને ઓળખતાં વાર લાગશે નહીં. વળી, પરમગુરુ તો કરુણાના સાગર છે એટલે શરણે આવનારને અંશ સ્વરૂપ ઓળખાવશે એટલું જ નહીં, પરંતુ તેઓ અંશને એવી ગતિ આપશે કે જેથી પરમપદ પ્રાપ્ત કરવાનું ખૂબ જ સરળ થઈ જાય. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરની કૃપાથી જ્ઞાન ચક્ષુ દ્વારા આપણને અગમ-નિગમની ગતિ અને આદ્ય અંતની સૂઝ પ્રાપ્ત થાય છે.

**સુનત બોધ સતગુરુ મુખ બાની, જેહી આપ અકલ સો કલહી નિદાની;**
**કલેહુ આપ અવિગત નિજ સોઈ, સ્વયંગ સ્વરૂપ કૈવલ અંશ મોઈ. ૧૧૨**

### શબ્દાર્થ

**સુનત** = સાંભળતાની સાથે જ **બોધ** = બોધ, ઉપદેશ, જ્ઞાનનો ઉપદેશ **સતગુરુ** = સતગુરુ દેવની **મુખ** = મુખની **બાની** = વાણી **જેહી** = જેથી **આપ** = આપનપુ સ્વરૂપ **અકલ** = અકળિત છે, સરળતાથી સમજમાં ન આવી શકે તેવું, ગહન, ગૂઢ ઇન્દ્રિયાતિત **સો** = તેને **કલહી** = દર્શાવીને, સમજમાં આવી શકે તેવી **નિદાની** = નક્કી કરીને દર્શાવશે, ન્યાયપૂર્ણ રીતે, ચિકિત્સા કરીને જણાવવું **કલેહુ** = સમજી શકાય **આપ** = આપનપુ ચૈતન સ્વરૂપ **અવિગત** = વિગતમાં ન આવે તેવું **નિજ સોઈ** = પોતે પોતાનું **સ્વયંગ** = પોતાનું **સ્વરૂપ** = ચૈતન સ્વરૂપ **કૈવલ અંશ** = કૈવલ કર્તાનો અંશ **મોઈ** = હું છું (મારુ).

### અનુવાદ

**સત્ગુરુના મુખની વાણી શ્રવણ કરવાથી પોતાના અકળ સ્વરૂપને કળી શકાશે. પોતાના અવિગત સ્વરૂપને જાણવાથી કૈવલનો જ ચૈતન સ્વરૂપે હું અંશ છું એમ સમજાશે.**

### ભાવાર્થ

વિશ્વમાં ચાર વેદ દ્વારા બ્રહ્માજીએ પણ બ્રહ્મ માટે નેતિ (ન ઇતિ) અર્થાત્ જેનો કોઈ છેડો જ નથી એવું ઉચ્ચાર્યું છે. વળી તે આપોઆપ ઉત્પન્ન થયેલ છે. જેનો કોઈ કર્તા નથી એમ પણ જણાવ્યું છે, પરંતુ બ્રહ્મથી પણ પર રહેલા પરમપદની ઓળખાણ કરાવનાર સમર્થ પરમગુરુના મુખની વાણી

રૂપ ધર્મગ્રંથોનું જ્ઞાન સાંભળવાથી અંશોને પોતાનું અકળ સ્વરૂપ છે એવું ન્યાયપૂર્ણ નિદાન થશે અને સરળ રીતે સમજાશે. આમ પોતાના અવિગત સ્વરૂપની જાણ થતાં એ પણ સમજાશે કે તત્ત્વાતિત અને અજર-અમર, અચ્યુત, અખંડ એવા વિશ્વના સર્જનહાર કૈવલ કર્તાનો પોતે સજાતિ અંશ છે. એટલે કે 'હું પોતે પણ ચૈતન સ્વરૂપે છું' એવો નિશ્ચિતપણે અનુભવ થશે.

**ભયેઉ મોય સોહી અનુભવ જાગે, નિજ કૈવલપદ જબી લક્ષ લાગે;**
**લાગત લક્ષ ચક્ષ દ્વિ પાઈ, કૈવલપદ આપ અંશ એકતાઈ. ૧૧૩**

### શબ્દાર્થ

**ભયેઉ મોય** = હું પણ થયો **સોહી** = તે પ્રમાણેનો **અનુભવ** = અનુભવ થી **જાગે** = જાગૃત **નિજ કૈવલપદ** = નિજ કૈવલકર્તાના પદનો **જબી** = જ્યારે **લક્ષ** = લગન, લક્ષ **લાગે** = લાગે, જાગે **લાગત લક્ષ** = લગની લાગી જતા **ચક્ષ દ્વિ** = દિવ્યચક્ષુ, બંને ચક્ષુ, દિવ્યદૃષ્ટિ **પાઈ** = પ્રાપ્ત કરે **કૈવલપદ** = કૈવલ કર્તાના પદમાં **આપ** = પોતે **અંશ** = અંશ સ્વરૂપ **એકતાઈ** = એકતા સાધી શકે.

### અનુવાદ

**જ્યારે (પરમગુરુના ઉપદેશ થકી) હું પોતે શુદ્ધ ચૈતન સ્વરૂપે થયો છું એવો સ્વાનુભવ જાગે ત્યારે નિજ કૈવલપદની લગની લાગે. આ લગની લાગતાં જ દિવ્યચક્ષુ પ્રાપ્ત થતાં અંશ કૈવલ કર્તા સાથે એકતા સાધી શકે છે.**

### ભાવાર્થ

સમર્થ પરમગુરુની કૃપા થતાં અંશને પોતાના ચૈતન સ્વરૂપની અનુભૂતિ થાય છે. શુદ્ધ સ્વરૂપની જાણ થતાં જ સર્જનહારના પરમ શ્રેષ્ઠ કૈવલપદને પ્રાપ્ત કરવાની લગની લાગે છે. આ પ્રમાણેની લગની લાગતાં તે પોતે પરમપદની પ્રાપ્તિના કાર્યમાં મગ્ન બની જાય છે. તેને સમગ્ર વિશ્વ સ્વપ્નવત્ અને નાશવંત લાગે છે તથા જેટલા ઘાટ છે તેમાં એક જ સકર્તા કૈવલ કર્તાનો જ ચૈતન અંશ છે તેવી આત્મબંધુત્વની દિવ્યજ્ઞાન દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. ઈન્દ્રિયોનો નિગ્રહ કરી પોતાની વૃત્તિ (સુરતા અને નુરતા)નો એકતાર કરીને પોતાના ચૈતન અંશ સ્વરૂપે અલ્પ હંગને પરમપિતાના મહદ હંગ સાથે સદાને માટે એકતા સાધીને રહે છે.

**સકલ સજાત ભાત મમ ભેસા, દરસ પરહી ધર મર્મ સદેસા;**
**એક અનેક અનંત અપારા, મમ સફુરનસે ભયેહુ વિસતારા.. ૧૧૪**

### શબ્દાર્થ

**સકલ** = સર્વે **સજાત** = સજાતિ **ભાત** = આકાર, સ્વરૂપ **મમ** = મારું **ભેસા** = વેશ, પોશાક, રૂપ **દરસ** = સમજ

**પરહી** = પડે છે **ધર** = આરંભથી, શરૂઆતથી, ઘરમૂળથી, પહેલેથી **મર્મ** = મર્મ, રહસ્ય **સદેસા** = એક જ દેશના **એક** = એક **અનેક** = અસંખ્ય **અનંત** = અનંત **અપારા** = અપાર **મમ** = મારા, અમારો **સફુરનસે** = સ્ફુરણાથી **ભયેહુ** = થયુ છે **વિસતારા** = વિસ્તરવું, વિસ્તરણ થવું, વૃદ્ધિ પામવું.

## અનુવાદ

**જુદા જુદા વેશવાળા ઘાટોમાં પ્રથમથી એક સજાતીય મારા જેવા જ સ્વરૂપવાળા સજાતિ (અંશો) છે તેમજ અનંત અને અપાર બ્રહ્મમાં એક જ અંશીના અસંખ્ય અંશો છે અને આ વિસ્તાર અમારાથી (અંશથી) સ્ફુરણા પામીને થયેલો છે.**

## ભાવાર્થ

ત્યારે અંશને એવું રહસ્ય સમજાશે કે સૃષ્ટિની શરૂઆત થઈ ત્યારથી અલગ-અલગ વિભૂતિવાળા ચૈતન અંશો - પછી તે સામાન્ય, વિશેષ કે પરમવિશેષ હોય - એકસરખા સ્વરૂપવાળા કર્તાની સજાતિના જ છે. ભલે પછી તે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ કે પરમકારણ દેહમાં હોય, પરંતુ તેને ઉત્પન્ન કરનાર એક જ અંશી (કર્તા) છે. સર્જનહારની બાહ્યવૃત્તિના પ્રસારા રૂપે પથરાયેલું ચિદાકાર, અનંત અને અપાર એવું નિર્ગુણ બ્રહ્મ છે. તે વિરાટ બ્રહ્મમાં અસંખ્ય ચૈતન અંશો આવેલા છે. તે સર્વ અંશોની ચેતનતાથી જ બ્રહ્માંડમાં સ્ફુરણા પામીને સઘળી રચનાનો વિસ્તાર થયો છે.

**સકલ સાયાજ સંજ્ઞુકત હી સમેવા, સોહી સમજન હંગ આપ મમેવા;**
**તેહી હંગ આપ વ્યાપ જેહી વસ્તુ, સમજ સરુપ કૈવલ અંશ મસ્તુ.. ૧૧૫**

## શબ્દાર્થ

**સકલ** = બધા, સર્વે **સાયાજ** = સાયુજ, સમાયેલો **સંજ્ઞુકત હી** = સળંગ, અભિન્ન, જોડાયેલું **સમેવા** = સમાવેશ થયેલું **સોહી** = તે **સમજન** = સમજણ **હંગ** = જાણ **આપ** = પોતાની **મમેવા** = મેળવીશ, પ્રાપ્ત કરીશ **તેહી** = તે **હંગ** = જાણ, સ્વરૂપ **આપ** = પોતે **વ્યાપ** = વ્યાપક રીતે **જેહી** = જે **વસ્તુ** = વસ્તુ **સમજ** = સમજ, જ્ઞાન **સરુપ** = સ્વરૂપ, આકૃતિ **કૈવલ અંશ** = કૈવલ કર્તાનો અંશ, સજાણજાણ સ્વરૂપ અંશ **મસ્તુ** = મસ્તાના બનીને, ચકચૂર આનંદિત રહે.

## અનુવાદ

**બધા જ ઘાટોમાં અંશ અભિન્ન સમાયેલો છે, એવી સમજથી પોતાના હંગને જાણી શકાય. તે સ્વહંગની સમજ પડતાં વસ્તુ રૂપે વ્યાપક કૈવલકર્તાના સ્વરૂપની સમજ પડે ત્યારે જ અંશ તેમાં મસ્ત રહે છે.**

## ભાવાર્થ

ચૈતન અંશ પ્રણવરૂપી દોરીથી તમામ જડ તત્ત્વોના સમૂહથી બનેલા ઘાટ સાથે સળંગ સૂત્રવત્ જોડાયેલ છે. અંશની પોતાની ચૈતન હંગ રૂપી જાણ દરેક ઘાટમાં છે. એટલે કે જડ ઘાટને ચેતનવંત

રાખવામાં સાર રૂપ ચૈતન અંશની ચેતનતા જ પ્રણવના માધ્યમ થકી આધાર રૂપ બનેલી છે. તે પ્રમાણે હંગની સમજ પ્રાપ્ત થતાં જ અંશ પોતે પોતાને દેહના ગુણોથી ઓળખતો હતો તે ત્યજી પોતે ચૈતન સ્વરૂપ છે તેમ સમજશે. પછી જડ ઘાટના તત્ત્વોના મોહ વાળી વૃત્તિઓને ઊલટ પંચીકરણ દ્વારા ઉલટાવે છે. અંશ પોતાના અલ્પ હંગને કૈવલ કર્તાના મહદ હંગ સાથે એકતા સાધીને રહે છે. આ શરીર સાથે માત્ર સંચિત કર્મ ભોગવવા સિવાય અન્ય વિશેષ કોઈ જ સંબંધ નથી તેવું સમજાતાં, જડ અને નાશવંત ભોગ - વૈભવનો ત્યાગ કરીને સર્વે ઘાટોમાં માત્ર કૈવલ કર્તાના જ અંશો છે તેવા ચૈતન ભાવે બધું જુવે છે, જેથી તે અજ્ઞાનતાવસાત દુઃખની અનુભૂતિ કરતો હતો જે દૂર થતાં અંશ કર્તાના સ્વરૂપમાં જ મસ્ત બનીને આનંદિત રહે છે.

**મસ્તુ મમેતિ જાણ તન નિજુ, જેહી કૈવલસે ઉદિત વ્રજ બીજુ;**
**સોહી વ્રજ બીજુકે જાણ જીનુ અંગા, તાહી જાનનકે તનહી અસી હંગા. ૧૧૬**

### શબ્દાર્થ

**મસ્તુ** = મસ્ત, ચકચૂર બનેલો **મમેતિ** = મેળવીને **જાણ** = જાણ **તન** = સ્વરૂપ **નિજુ** = પોતાનું **જેહી** = તે **કૈવલસે** = કૈવલ કર્તાથી **ઉદિત** = ઉદ્‌ભવ, ઉત્પન્ન થઈને **વ્રજ** = કઠણ, અભંગ, અટૂટ **બીજુ** = બીજક **સોહી** = તે **વ્રજ બીજુકે** = અખંડ બીજકની (રેત) **જાણ** = જાણ **જીનુ** = જેના **અંગા** = સ્વરૂપ **તાહી** = તે **જાનનકે** = જાણનાર **તનહી** = સ્વરૂપ **અસી** = અંશનુ - પોતાનું **હંગા** = હંગ (મહદ જાણ સ્વરૂપ)

### અનુવાદ

**નિજ અંશ કૈવલ કર્તામાંથી ઉત્પન્ન થયેલ અખંડ બીજક છે. તે અખંડ બીજકનું જાણ સ્વરૂપ તે જ અંશનું પોતાનું જાણ્ય રૂપી હંગ સ્વરૂપ છે, આ નિજજાણથી અંશ મસ્તપણે વર્તે છે.**

### ભાવાર્થ

નિજ કૈવલ કર્તા મહદ સજાણજાણ સ્વરૂપે છે. તે જ મહદ જાણ રૂપ સ્વરૂપ તે તેમનું મહદ હંગ છે. તે જ ન્યાયે સર્જનહારથી છૂટો પડેલ અખંડ બીજક રૂપી અંશનું સ્વરૂપ નિજજાણ રૂપે છે. તે અખંડ બીજ રૂપી જાણ એ અંશનું અલ્પ હંગ છે. આવી નિજજાણથી મસ્ત બનેલું સ્વરૂપ એ અંશનું પોતાનું શુદ્ધ ચૈતન સ્વરૂપ છે, જ્યારે અંશને પોતાના શુદ્ધ ચૈતન હંગનું જ્ઞાન થાય ત્યારે તે કૈવલ કર્તાના મહદ હંગ સાથે એકતા સાધી શકે. આવી સ્થિતિ થતાં જ અંશ મસ્તાનો બનીને મહાલે છે, કારણ કે તેને કાળ-માયા કે અન્ય કોઈનો પણ ડર લાગતો નથી.

**સ્વજાણ સ્વરૂપ કરતાહી સો અઘાપા, જાહી અંશ જાણ ઈત સર્વનકા આપા;**
**સોહી તનુ જાણ આપનપુ જેહી બુજે, કતવ સકલહી કર્તાહીકા સુજે. ૧૧૭**

### શબ્દાર્થ

**સ્વજાણ** = પોતાની જાણ **સ્વરૂપ** = સ્વરૂપ **કરતાહી** = કર્તા (સર્જનહાર)પાસેથી **સો** = તેમના જેવું **અદ્યાપા** = પ્રથમથી જ, આદી અનાદીથી **જાહી** = તે **અંશ જાણ** = અંશની જાણ **ઈત** = અહીં આવેલા **સર્વનકા** = દરેકના **આપા** = પોતાનું, આપનપું છે **સોહી** = તે, એવાં **તનુ** = સ્વરૂપનું **જાણ** = જાણ **આપનપુ** = પોતાને, પોતાનું **જેહી** = જે, તે **બુજે** = ખબર પડે, અનુભવે **કતવહી** = કર્તાની રચના, ક્રત **સકલહી** = સર્વેની **કર્તાહીકા** = નિજકર્તાનું **સુજે** = સમજે, જાણે.

### અનુવાદ

**પ્રથમથી જ નિજ કર્તા મહદ સજાણ સ્વરૂપ છે. તે જ સર્વ અંશોએ તેમના જેવું જાણ સ્વરૂપ પ્રાપ્ત કરેલું છે. તે આપનપુ જાણ સ્વરૂપને જે જાણે તે નિજકર્તાના સઘળા ક્રતને સમજે છે.**

### ભાવાર્થ

આદિ અનાદિથી નિજપતિ મહદ સજાણ-જાણ સ્વરૂપે રહેલા છે. તે સકર્તાપતિએ ઉત્પન્ન કરેલા અંશો આ બાજુ સર્વે દેહમાં આપનપુ સ્વરૂપે વસેલા છે. જ્યારે અંશને પોતાના સજાણજાણ સ્વરૂપની સાચી સમજ પડે ત્યારે તે કર્તાની મહદ જાણને પણ ઓળખી શકે. કૈવલકર્તાથી છૂટા પડેલા અંશોનું સાચુ સ્વરૂપ તે જ આપનપુ નિજજાણ સ્વરૂપ છે. કર્તાને ઓળખવા માટે બ્રહ્માંડમાં અંશ સ્વરૂપ સિવાય કોઈનું પણ ઉદાહરણ આપી ન શકાય. એવી શ્રેષ્ઠ સમજ પ્રાપ્ત થાય ત્યારે જ સર્જનહારના સમગ્ર ક્રતની (રચના) તથા નિજકર્તાની સાચી ઓળખ થાય છે અને જડ અને ચૈતન સહિત સઘળી રચના એકમાત્ર કૈવલ કર્તા દ્વારા જ ઉત્પન્ન થયેલી છે તેવી સમજ પડે છે. આવી સમજ પ્રાપ્ત થયા પછી અંશની વૃત્તિ પણ સર્જનહારે રચેલી રચનાની ઐશ્વર્યતામાં કે વિભૂતિમાં અટકાતી (ફસાતી) નથી, પરંતુ સદાને માટે સર્જનહારના સ્વરૂપમાં જ ચૈતનભાવે જોડાયેલી રહે છે.

**તેહી આપ અકલ સકલમે સમયેવુ, બિનુ સતગુરુ પખ પ્રસવ ન પયેવુ;**
**તાહીતે કહત સતગુરુ કિરતારા, આદ્ય અંત મધ્ય સર્જનહારા. ૧૧૮**

### શબ્દાર્થ

**તેહી** = તેવા **આપ** = આપણે **અકલ** = અકળિત હોવા છતાં **સકલમે** = તત્ત્વોવાળા સર્વ ઘાટોમાં **સમયેવુ** = સમાઈ ગયા છીએ **બિનુ** = વગર **સતગુરુ** = સતગુરુ **પખ** = પક્ષ **પ્રસવ** = ઉત્પત્તિ, જન્મ **ન** = ના **પયેવુ** = પ્રાપ્ત થાય **તાહીતે** = તેથી, તેના કારણે **કહત** = કહે છે **સતગુરુ** = સતગુરુ **કિરતારા** = કર્તા **આદ્ય** = આદ્ય **અંત** = અંત **મધ્ય** = મધ્યના **સર્જનહારા** = સર્જનહાર.

### અનુવાદ

**આપણે તેવા અકળ હોવા છતાં સર્વ ઘાટોમાં સમાઈ (ફસાઈ) ગયા છીએ. આપણને**

**સતગુરુના પક્ષ(શરણ) સિવાય જ્યાંથી ઉત્પન્ન થયા છીએ તેવા મૂળ ઘરની પ્રાપ્તિ ન થાય. તેથી સત્ગુરુ કહે છે કે કર્તા જ આદ્ય, મધ્ય અને અંતના સર્જનહાર છે.**

### ભાવાર્થ

આપણે સૌ સર્જનહારના અંશ હોઈ સજાણજાણ સ્વરૂપે છીએ. આપણું ચૈતન સ્વરૂપ કળ્યામાં ન આવે તેવું હોવા છતાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહના તત્ત્વોવાળા ઘાટોમાં સમાઈને ઘાટને વશ થઈ ગયા છીએ. એને જન્મ-મરણનું દુ:ખ ભોગવી રહ્યા છીએ.

સમર્થ પરમગુરુનું શરણ ગ્રહણ કર્યા સિવાય અંશને પોતાનું આપનપુ સ્વરૂપ પ્રાપ્ત થતું નથી અને ઘાટના જન્મ-મરણ રૂપી બંધનમાંથી મુક્તિ મેળવીને મૂળ ઘરની પ્રાપ્તિ થતી નથી. કારણ કે વિશ્વમાં એક માત્ર સમર્થ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જ છે, જે આપણને આદ્ય, મધ્ય અને અંતના સર્જનહાર કૈવલકર્તા છે. પરમગુરુ કર્તાની ઓળખાણ કરાવે છે અને તેમની સાથે મેળાપ કરાવે છે.

**ચૌદેય લોક બ્રહ્માંડ અનંતા, કુલ ચકવ પત સતગુરુ મહંતા;**
**સજાણ સ્વરૂપ કર્તાહી જેહી ગાયે, સોહી સતગુરુ તનુ જુગ દરશાયે. ૧૧૯**

### શબ્દાર્થ

**ચૌદેય** = ચૌદ **લોક** = લોક **બ્રહ્માંડ** = બ્રહ્માંડ **અનંતા** = અનંત, છેડા વગરનું **કુલ** = સર્વેમાં **ચકવે** = ચક્રવર્તી **પત** = પદ **સતગુરુ** = સતગુરુ **મહંતા** = મહંત, મુખિયા, સરદાર છે **સજાણ** = જાણ સહિતનું **સ્વરૂપ** = સ્વરૂપ **કર્તાહી** = કર્તાનું **જેહી** = જે **ગાયે** = ગાય છે, દર્શાવે છે, વર્ણન કરે છે **સોહી** = તેવું જ **સતગુરુ** = સતગુરુ **તનુ** = શરીર, રૂપ **જુગ** = જગતમાં **દરશાયે** = દેખાય છે.

### અનુવાદ

**ચૌદ લોક અને અનંત બ્રહ્માંડમાં સતગુરુનું પદ (સ્થાન) સર્વથી શ્રેષ્ઠ તથા ચક્રવર્તી છે. તેઓ સજાણ સ્વરૂપે રહેલ કર્તાના ગુન ગાય છે. એવા સદ્ગુરુ, દિવ્ય દેહ ધારણ કરીને જગતમાં દશ્યમાન થયા છે.**

### ભાવાર્થ

ચૌદ લોકમાં અને જેનો અંત નથી તેવા અનંત બ્રહ્માંડમાં સઘળે પરમગુરુનું સ્થાન જ્ઞાનપક્ષે જોતાં સર્વથી શ્રેષ્ઠ અને ચક્રવર્તી છે. એટલે જ તેઓ સર્વે સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોમાં સર્વથી મુખિયા-મહાન છે. તેઓ સકર્તા સર્જનહારના મહદ સજાણજાણ સ્વરૂપ ને ઓળખાવીને તેમના જ ગુનગાન ગાય છે. તેવા પરમગુરુને દિવ્ય દેહ ધારણ કરાવીને કર્તાએ જ આ વિશ્વમાં પાઠવ્યા(મોકલ્યા)છે, જેથી ભવમાં ભૂલા પડેલા જીવો પોતાનું નિજ ચૈતન (અંશ) સ્વરૂપ અને સકર્તા સર્જનહારની ઓળખ મેળવી શકે. સર્જનહારે આ શરીરમાં તેમની સજાતિના અંશને પ્રેરક

કરી પોતાની નિશાની જગતને આ ઘાટમાં જ દર્શાવી છે. તેવા અંશ-અંશીની સમજ પક્ષાપક્ષ રહિત અને ન્યાયપૂર્ણ રીતે કેવલજ્ઞાન દ્વારા દર્શાવે છે. માત્ર અંશ અંશીના લક્ષને ઉદ્દેશમાં રાખીને પોતાની ફરજ નિભાવવા માટે, દિવ્યદેહ ધારણ કરીને જગતમાં દશ્યમાન થયા છે.

**રચેહુ સૃષ્ટ જીને વિવિધી વિભાવા, સોહી ખુદ ખાવન દેખન બોહોરુ આવા;**
**વીછરેહુ અંશ જબી શેષ બીજ જગતા, ભયેહુ વિસર્જન આપ બીજ વગતા. ૧૨૦**

### શબ્દાર્થ

**રચેહુ** = રચી છે. **સૃષ્ટ** = સૃષ્ટિને **જીને** = જેની સમક્ષ **વિવિધી** = વિધવિધ, વિવિધ **વિભાવા** = ભાવના યુક્ત **સોહી** = તે **ખુદ** = પોતે **ખાવન** = ધણી, સરદાર, મુખિયા **દેખન** = જોવા **બોહોરુ** = માટે **આવા** = આવ્યા છે, પધાર્યા છે **વીછરેહુ** = છૂટા પડ્યા **અંશ** = અંશ, સજાણજાણ સ્વરૂપ **જબી** = જ્યારે **શેષ** = સૂક્ષ્મ **બીજ** = બીજક **જગતા** = જગતમાં **ભયેહુ** = થયા **વિસર્જન** = વિસરાઈ ગયા, વિસ્મૃતિ થઈ **આપ** = પોતે **બીજ** = બીજક **વગતા** = કર્તાની સાથેના સંબંધને.

### અનુવાદ

**જેમણે વિવિધ(તત્ત્વોના) વિભાગો દ્વારા સૃષ્ટિની રચના કરી છે તેના સાક્ષી અને મુખિયા સ્વયં વિશ્વને નિહાળવા માટે પધાર્યા છે. કારણ કે સૂક્ષ્મ બીજકો જ્યારે અંશ સ્વરૂપે છૂટા પડી વિશ્વમાં આવ્યા ત્યાર પછી પોતે જેના બીજક છે તે કર્તાના સંબંધને ભૂલી ગયા છે.**

### ભાવાર્થ

સર્જનહારે ઉત્તમ આશયથી આ સૃષ્ટિની રચના કરી છે તેના સાક્ષી અને મુખિયા (સરદાર) એવા પરમ વિશેષ પાટવી અંશ છે. તે પરમવિશેષ અંશ પોતે જ કુવેરસ્વામીના સ્વરૂપે પોતાની સમક્ષ રચના પામેલ સૃષ્ટિને જોવા માટે પધાર્યા છે. કારણ કે સર્જનહારથી વિખૂટા પડેલા સૂક્ષ્મ બીજકરૂપી અંશો વિશ્વમાં આવ્યા પછી પોતાને અને પોતે જેના શુદ્ધ બીજક છે તેવા સર્જનહાર સાથેના સંબંધને ભૂલી ગયા (વિસ્મૃતિ પામ્યા) છે.

**તાહીતે સકલ સર્વ ફરત બેહાલા, આપની યુ ગત વિધિ નખેદ નિકાલા;**
**ખટ નવ ચતુર કથેહુ જે અઢારી, બકે બુજ બીનુ સર્વ આપન વિસારી. ૧૨૧**

### શબ્દાર્થ

**તાહીતે** = તેથી **સકલ** = બધા **સર્વે** = સારાયે બ્રહ્માંડમાં **ફરત** = ફરે છે **બેહાલા** = બેહાલ થઈને **આપની** = પોતાની **યુ** = આ પ્રમાણેની, હતી તે **ગત** = ગતિ **વિધિ** = અનુસરવું **નિખેદ** = નિષેધ **નિકાલા** = વાપરી કાઢી **ખટ** = છ શાસ્ત્ર **નવ** = નવ વ્યાકરણ **ચતુર** = ચાર વેદ **કથેહુ** = વર્ણન કરેલા છે **જે** = જે **અઢારી** = અઢાર પુરાણ **બકે** = વ્યર્થ ભાષણ **બુજ બીનુ** = બુદ્ધિ (અક્કલ)વગરનું, સમજ વગરનું **સર્વ** = બધા જ **આપન** = પોતાના સ્વરૂપને **વિસારી** = ભૂલીને.

## અનુવાદ

**પોતાના સ્વરૂપને વિસારીને ચાર વેદ, છ શાસ્ત્ર, નવ વ્યાકરણ અને અઢાર પુરાણમાં સમજ વિનાની વ્યર્થ વાણીનો વિસ્તાર કર્યો છે. જેથી બધાએ પોતાની ગતિને વિધિ-નિષેધમાં વાપરી કાઢી અને નિજસ્વરુપની જાણ ભૂલવાથી બેહાલ થઈને ફરવા લાગ્યા છે.**

## ભાવાર્થ

ચાર વેદ, છ શાસ્ત્ર અને નવ વ્યાકરણ તથા અઢાર પુરાણની રચના કરીને વાણીનું જે ઉચ્ચારણ થયું છે, તે સર્વ વાણી પોતાના નિજ ચૈતન અંશ સ્વરૂપની સમજ વગર પોતાના સ્વ-સ્વરૂપને ભૂલીને જ બોલાયેલી છે, જેથી સર્જનહારને પ્રાપ્ત કરવા અંગેની ન હોવાથી માત્ર જગત પક્ષની છે. આવા ફોગટ વાણી ઉપર જગતના જીવોએ વિશ્વાસ રાખી તેમના દ્વારા બનાવેલા વિધિ અને નિષેધનું જ આચરણ કરવા માત્રથી જ કલ્યાણ થશે તેવો વ્યર્થ વિશ્વાસ ધારણ કર્યો છે.

તેટલા માટે બધા અંશો સચરાચર વ્યાપક બ્રહ્મમાં આવેલ દેવલોક અને મૃત્યુલોક સહિત બધે જ બેહાલ થઈને ભટક્યા કરે છે. કારણ કે તેઓ કર્તાની સાચી સમજથી અને પોતાના ચૈતન સ્વરૂપના જ્ઞાનથી અજાણ રહ્યા છે અને કાળને વશ થઈ જન્મ-મરણના ચક્કરમાં અશાંતિ ભોગવ્યા કરે છે.

**કોહુ નિરાકાર શૂન્ય નિર્ગુણહી ઠાના, કોહુ પંચતત્ત્વ ગુણ સગુન બખાના;**
**યાહી વિધિ સકલ નકલ કત ઠાવા, કુલ કર્તા કાહુ સમજ ન આવા. ૧૨૨**

## શબ્દાર્થ

**કોહુ** = કોઈ **નિરાકાર** = આકાર રહિત **શૂન્ય** = શૂન્યમાં રહેલ **નિર્ગુણહી**=નિર્ગુણ બ્રહ્મમાં **ઠાના** = સ્થિર થયા, સ્થાપ્યા **કોહુ** = કોઈ **પંચતત્ત્વ** = પંચ તત્ત્વોવાળા **ગુણ** = ગુણો **સગુણ** = ગુણયુક્ત **બખાના** = વખાણ કર્યા **યાહી વિધિ** = આ રીતે **સકલ** = બધા જ **નકલ** = નકલી **કત** = રચનામાં **ઠાવા** = સ્થિર થયા, સ્થાપ્યા **કુલ** = સર્વેના **કર્તા** = સર્જનહાર **કાહુ** = કોઈને **સમજ** = સમજમાં **ન આવા** = આવ્યા નહીં.

## અનુવાદ

**કોઈ નિરાકાર શૂન્યમાં રહેલ નિર્ગુણ બ્રહ્મમાં સ્થિર થયા તો કોઈ કે પંચ તત્ત્વો અને સગુણના ગુણ ગાયા. આવી રીતે નિજ સકર્તાની સઘળી રચના પૈકી નકલી કર્તા સ્થાપ્યા, પરંતુ સર્વના સાચા સર્જનહાર કોઈની સમજમાં આવ્યા નહીં.**

## ભાવાર્થ

વિશ્વમાં અંશો પોતાના ચૈતન સ્વરૂપને ભૂલ્યા જેથી પોતે જેની સજાતિનો છે એવા સર્જનહારને પણ ઓળખી શક્યા નહીં. પરિણામે યોગીજનો શૂન્યમાં રહેલ નિરાકાર બ્રહ્મભૂમિકામાં વૃત્તિને સ્થિર કરીને સમાધિમાં રહ્યા, તો કેટલાક પાંચ તત્ત્વો અને ગુણવાળા દેહધારી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેમજ વિષ્ણુના અવતારોના ઐશ્વર્યથી અંજાઈને તેમના વખાણ કરવા લાગ્યા. આ રીતે સર્વ મુમુક્ષુઓએ બ્રહ્મ, અવરાતાદિક

પુરુષો કે મહાદેવતાઓને જ કર્તા માનીને વ્યવહાર ચલાવ્યો, પરંતુ અજ્ઞાનના આવરણને લીધે કોઈએ ન્યાયપૂર્વક સાચા સર્જનહારની પરખ કરી નહીં, જેથી વિશ્વમાં તે કર્તાપદ અજ્ઞાત અજાણ રહી ગયું છે.

**સગુન નિગુનકે જાનન જાણ્ય પદહી, રહયુ સર્વ મધ્ય ચીને બિનુ અદબદહી;**
**દેખીત સકલ જુગ ફરત અચેતા, જબી કરતાર સદ્‌ગુરુ તન લેતા. ૧૨૩**

### શબ્દાર્થ

**સગુણ** = ત્રણ ગુણો, રૂપસભર દેવ-દેવીઓ **નિગુનકે** = નિર્ગુણ બ્રહ્મ **જાનન** = જાણવા થકી **જાણ્ય** = સજાણ સ્વરૂપી જાણ **પદહી** = પદ **રહયુ** = રહી ગયું **સર્વ** = તમામ, બધું જ **મધ્ય** = મધ્યેમાં, વિશ્વમાં, ની અંદર **ચીને બિનુ** = જાણ્યા સિવાયનું **અદબદહી** = ઓળખાયા વિનાનું જ, મોઘમ, અનર્ણિત, અસ્પષ્ટ **દેખીત** = જોઈ, દેખી **સકલ** = સર્વે **જુગ** = જગતમાં **ફરત** = ફરતાં **અચેતા** = અચેત થઈને **જબી** = ત્યારે **કરતાર** = કર્તા રૂપી **સદ્‌ગુરુ** = સદ્‌ગુરુ **તન લેતા**= શરીરધારણ કરીને આવ્યા, ધારણ કર્યું.

### અનુવાદ

**સગુણ અને નિર્ગુણને જાણવાથી સર્વની મધ્યે (સમસ્ત બ્રહ્માંડમાં) પરમપદ ઓળખાયા વગર અદબદ જ રહી ગયું છે. જ્યારે જગતમાં સૌને અચેતપણે ફરતા જોયા ત્યારે સર્જનહારે જ સદ્‌ગુરુને દેહ ધારણ કરાવ્યો છે.**

### ભાવાર્થ

મહદ સજાણજાણ રૂપ સર્જનહારે જ નિર્ગુણ બ્રહ્મપ્રકાશમાં નિરંજન, શક્તિ અને ત્રણ સગુણ દેવતાઓ સહિત સઘળી રચના રચેલી છે. અત્યાર સુધી જે કોઈ પદ પ્રસિદ્ધ થયાં તે બધા જ સર્જનહારની રચના પૈકીનાં જ છે. જ્યારે સર્જનહારનું પરમપદ જાણ્યા સિવાય અદબદ જ રહી ગયેલું છે. સમસ્ત જગતના જીવો સર્જનહારની રચનાનાં જ ગુણગાન ગાવામાં વળગી પડ્યા. આમ અચેત થઈ જન્મ-મરણની ઘટમાળમાં ફરતા થઈ ગયા, પરંતુ પોતાના નિજધામમાં કોઈ પાછું આવ્યું નહીં ત્યારે સર્જનહારે દૃષ્ટિ પ્રસારીને જોયું તો સર્વે અંશો બેહાલ અને અચેત થઈને ઘાટોની ઘટમાળમાં ભમતા જોયા. ત્યારે કરુણાનિધિએ પોતાના સાંનિધ્યમાં રહેતા પરમવિશેષ પાટવી અંશ પરમગુરુને દિવ્ય દેહ ધારણ કરાવીને (વિશ્વમાં સર્જનહારનો સંદેશો પાઠવવા) મોકલ્યા છે.

**ધરી તન સુગમ જુગમેં જશવંતુ, દર્શાવહી નિજ આપ રહે જે સચંતુ;**
**સચેત સ્વરૂપ આપ દર્શ કરહી, બોહોરુ નિજ ઘરહી પ્રસાવે જેહી ધરહી. ૧૨૪**

### શબ્દાર્થ

**ધરી** = ધારણ કરી **તન** = શરીર, દિવ્ય દેહ **સુગમ** = શ્રેષ્ઠ જ્ઞાન **જુગમેં** = વિશ્વમાં **જશવંતુ** = સર્જનહારના યશગાન ગાવા માટે **દર્શાવહી** = દેખાડવા **નિજ** = પોતાના **આપ** = સ્વ-સ્વરૂપ **રહે જે** = રહેલું છે જે **સચંતુ** = દેહને સચેતન કરવાવાળું **સચેત** = તે ચેતન કરવાવાળું **સ્વરૂપ** = સ્વરૂપ **આપ** = પોતાનું, આપનપુ **દર્શ** = અનુભવે, ઓળખે **કરહી** = કરશે

**બોહોરુ** = વળી, તેથી, જેના થકી **નિજ** = પોતાના **ઘરહી** = કેવલધામમાં **પ્રસાવે** = મોકલે, સ્પર્શ કરાવે, **જેહી** = જે **ધરહી** = ધારણ કરેલ, મૂળ, અસલી.

## અનુવાદ

**આવો જ્ઞાનવાન દેહ ધારણ કરીને આવેલ સદ્ગુરુ, ચેતનતાના કારણ રૂપે રહેલા અંશના સ્વરૂપને દર્શાવી સર્જનહારના યશગાન ગાય છે. વળી, ચેતન કરવાવાળા આપનપુ ચૈતન સ્વરૂપને જે ઓળખે તેને (અંશને) પોતાના મૂળ ઘરે પહોંચાડે છે.**

## ભાવાર્થ

વિશ્વમાં લુપ્ત થયેલા સર્જનહારના જ્ઞાનને જાહેર કરવાના આશયથી તથા જડ ઘાટોને ચૈતન કરનાર અંશ સ્વરૂપને ઓળખાવવા માટે પરમગુરુ આ વિશ્વમાં સર્જનહારની આજ્ઞાથી પધાર્યા છે. જગતમાં દિવ્ય દેહ ધારણ કરીને કેવલ કર્તા (સર્જનહાર)ના ગુણગાણ ગાય છે. કેવલજ્ઞાન થકી સાચી સમજ પ્રાપ્ત થતાં જ મુમુક્ષુને પોતાનાં ચૈતન સ્વરૂપની ઓળખાણ થશે. આમ, સમર્થ પરમગુરુ અંશને પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપની ઓળખ કરાવીને હંસ સ્વરૂપે કરી સકર્તા સર્જનહાર સદાને માટે જ્યાં બિરાજમાન છે તેવા અટલ અને અવિનાશી કેવલધામમાં પહોંચાડે છે અને સર્જનહાર સાથે મેળાપ કરાવે છે.

**ધર ઘર સધર અધરહી અનુપા, સ્વમેવ સનાત જેહી સજાણ સ્વરૂપા;**
**સોહી કેવલપતિ પુરુષ પુરંજના, સ્વજન સકલકે અકલ કર કંજના. ૧૨૫**

## શબ્દાર્થ

**ધર** = ધારણ કરનાર **ઘર** = ઘર, કેવલધામ **સધર** = સદ્ધર, શક્તિમાન **અધરહી** = આધાર રહિત, અદ્ધર, ટેકા વગર **અનુપા** = અનુપમ, અજોડ, શ્રેષ્ઠ **સ્વમેવ** = સ્વયં, આપ, પોતે **સનાત** = શાશ્વત, નિત્ય, અચળ, અવિનાશી **જેહી** = જે **સજાણ** = સજાણ **સ્વરૂપા** = સ્વરૂપવાળા, સ્વરૂપે **સોહી** = તે **કેવલપતિ** = કેવલ કર્તા **પુરુષ** = પુરુષ **પુરંજના** = પરિપૂર્ણ, પુરંજન, પુરાણા **સ્વજન** = પોતાના જ નિકટના સજાતીય સબંધ(અંશ) **સકલકે** = સર્વેના **અકલ** = અકળ **કર** = કળવાળું **કંજના** = પાંજરું, ઘાટ.

## અનુવાદ

**જેઓ સ્વયં, સનાતન, સજાણ સ્વરુપ છે. એવા પુરાણા પુરુષ કેવલ કર્તા અંતરીક્ષમાં અદ્ધર, અનુપમ અને સદ્ધર કેવલધામને ધારણ કરવાવાળા છે. તેઓએ જ પોતાના સજાતીય સંબંધી રૂપ અંશોને વસવાટ કરવા માટે કળી ન શકાય તેવા ઘાટોની રચના કરી છે.**

## ભાવાર્થ

જે પોતે સ્વયં કહેતાં કોઈના દ્વારા ઉત્પન્ન થયેલ નથી તેવા અવિનાશી કર્તા મહદ સજાણજાણ સ્વરૂપે

છે. વિશ્વના સર્જનહાર કેવલ કર્તા પ્રૌઢ પુરાણા છે. જેમણે બ્રહ્માંડની મધ્યે આવેલું અદ્ધર, અનુપમ અને શ્રેષ્ઠ શક્તિમાન કેવલધામને ધારણ કરેલું છે. એટલે કે તેઓ સ્વયં કેવલધામના માલિક છે. સર્જનહારે પોતાના સજાણજાણ સ્વરૂપ સજાતીય સંબંધી રૂપે ચૈતન અંશોને ઉત્પન્ન કર્યા છે અને ચૈતન અંશોને રમણ કરવા માટે, વિવિધ પ્રકારના કળી ન શકાય તેવા જડ ઘાટોની રચના કરેલી છે.

**અજર અરસ પર તખત વિજ્ઞાના, નિરસત્વ ખગ મધ્ય અટલ અસ્થાના;**
**થકિત લખત ગીરા તખત સમાજહી, નિજપતિ પરમ કેવલ તહાં બિરાજહી. ૧૨૬**

### શબ્દાર્થ

**અજર** = ક્ષિણ ન પામે તેવું, અવિનાશી **અરસ** = અંતરિક્ષમાં **પર** = પરે **તખત** = બેઠક, આસન, રાજગાદી **વિજ્ઞાના** = દષ્ટ જ્ઞાન, વિશેષ જ્ઞાન રૂપ **નિરસત્વ** = નિઃસત્ત્વ, સત્ત્વ વિનાનું **ખગ** = શૂન્ય, આકાશ **મધ્ય** = માં **અટલ** = અડોલ **અસ્થાના** = સ્થાન, ધામ, ઠેકાણું, જગ્યા **થકિત** = થાકી જાય **લખત** = લખતાં, વર્ણન કરતાં **ગીરા**= વાણી **તખત** = સ્થાન, બેઠક, ધામ **સમાજહી** = સમજાવતાં **નિજપતિ** = નિજકર્તા **પરમ** = શ્રેષ્ઠ, મહાન **કેવલ** = કેવલ કર્તા **તહાં** = ત્યાં **બિરાજહી** = બિરાજેલા છે, બેઠેલા છે.

### અનુવાદ

**નિઃસત્ત્વ શૂન્યની મધ્યે અડોલ કેવલધામ આવેલું છે. જ્યાં અંતરિક્ષમાં અજર અને શ્રેષ્ઠ જ્ઞાનના આસન પર નિજ પરમપતિ બિરાજમાન છે. તે (સ્થાન) પદનું વર્ણન સમજાવતાં દુન્યવી વાણી પણ થાકી જાય છે.**

### ભાવાર્થ

અંતરિક્ષમાં નિઃસત્ત્વ મહદ શૂન્યની મધ્યે જેનો કદાપિ નાશ થતો નથી એવું અમર કેવલધામ આવેલું છે. ત્યાં શ્રેષ્ઠ જ્ઞાનના અડોલ આસન ઉપર વિશ્વના સર્જનહાર નિજ પરમપતિ કેવલ કર્તા પોતે બિરાજમાન છે. એવા પરમપદ રૂપ કેવલધામનું વર્ણન સમજાવતાં બાવન અક્ષરો ધરાવતી દુન્યવી વાણી પણ થાકી જાય છે.

**કેવલ નામ તાહી કાહી હુસે ભયેઉ, સુનહો મરમ જીન ભરમ ઉપયેઉ;**
**વિનુ વલ વટ પટ પ્રસિદ્ધ પ્રમોધા, ન વલ જાહાં કવલ સો કેવલ અમોધા. ૧૨૭**

### શબ્દાર્થ

**કેવલ** = કેવલ **નામ** = નામ **તાહી** = તેઓનું **કાહી હુસે** = કેવી રીતે **ભયેઉ** = થયું, પાડ્યું, આરોપણ કરવામાં આવ્યું **સુનહો** = સાંભળો **મરમ** = મર્મ, રહસ્ય **જીન** = જેને **ભરમ** = ભ્રમણા **ઉપયેઉ** = ઉત્પન્ન થઈ હોય **વિનુ** = વગર **વલ** = વળ, આમળો **વટ** = દિવેટ, આભા, પ્રભા **પટ** = પાસ, અસર, આવરણ **પ્રસિદ્ધ** = જાહેર **પ્રમોધા** = પ્રસન્ન, પ્રમોદિત

**ન વલ** = વળ નથી **જાહાં** = જ્યાં **કવલ** = વળ રહિત **સો** = તે **કેવલ** = કેવલ કર્તા **અમોઘા** = અમોઘ, નિષ્ફળ ન જાય તેવું, ફળદાયી.

## અનુવાદ

**તેમનું નામ 'કેવલ' કેવી રીતે પડ્યું ? જેને એવી ભ્રમણા પેદા થઈ હોય તો આ રહસ્ય સાંભળો. જે પદ વળ(આમળો) અને આવરણ લાગ્યા વગરનું પ્રસિદ્ધ અને પ્રમોધ છે. જ્યાં વળ નથી તેવા જે વળ રહિત છે તે જ અમોધ 'કૈવલ' છે.**

## ભાવાર્થ

વળ એટલે આંટો(આમળો), જેમ રૂને આમળો (વળ) ભરવામાં આવે તો દોરો બને છે. ભમરડાને વળ ભરીને ફેરવવામાં આવે છે અને કુંભાર ચાકડાને વળ ભરીને માટીમાંથી વાસણ બનાવે છે. જગતમાં વળ ભરીને વસ્તુનું નિર્માણ કરનાર વ્યક્તિ વસ્તુ(રચના)થી ન્યારા હોય છે.

જેમ વળ ભરેલા સૂતરમાં કે માટીના વાસણમાં તેનો બનાવનાર વણકર કે કુંભાર હોતો નથી પણ તે તેનાથી અલગ હોય છે. તે કદી વસ્તુમાં સમાયેલો નથી.

તેજ પ્રમાણે 'કૈવલ' નામ સર્જનહારનું કેવી રીતે સંબોધવામાં આવ્યું તેની સ્પષ્ટતા પરમગુરુ કરે છે જેથી જો કોઈના મનમાં ભ્રમણા થઈ હોય તો તેનો ખુલાસો થાય. આ દૃષ્ટાંતના ન્યાયે સર્જનહારે સમગ્ર સૃષ્ટિ વળ ભરીને બનાવી છે, પરંતુ તેનો બનાવનાર (કર્તા) સૃષ્ટિમાં જણાતો નથી, પણ તેથી ભિન્ન રહેલો છે. તેથી વળ ભરેલી દુનિયાના રચનાર અને તેમનું પદ વળ અને આવરણ વગરનું કવલ (વળ રહિત) છે. આ કૈવલપદ અચળ પ્રસિદ્ધ અને પ્રસન્નતા ઉપજાવે તેવું અડોલ છે. તેથી જ તેના વળ વગરના કર્તા (રચયિતા)ને 'કૈવલ' શબ્દ-વિશેષણથી સંબોધેલા છે.

**એહી નિજપતિ ગત વિગત વિશાલુ, કીયેહુ આરોપન નામ કૈવલ વરમાલુ;**
**કુનહીકે દુલ્હા વા કુન દુલ્હાની, જાહીકી કૈવલ નામ માલ પહેલવાની. ૧૨૮**

## શબ્દાર્થ

**એહી** = તેવા **નિજપતિ** = સર્જનહાર, કૈવલ કર્તા **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **વિગત** = બાબત, માહિતી, મુદ્દો **વિશાલુ** = મોટું, વિશાળ **કીયેહુ** = કર્યું છે, કરવામાં આવેલ છે **આરોપન** = આરોપણ, સ્થાપિત કર્યું, આપવામાં આવેલ છે **નામ** = નામ **કેવલ** = કૈવલ **વરમાલુ** = વરમાળાના સ્વરૂપે **કુનહીકે** = કોણ છે **દુલ્હા** = વરરાજા **વા** = અને **કુન** = કોણ છે **દુલ્હાની** = વરવધુ, વરની પત્ની, નવોઢા **જાહીકી** = જેમણે **કૈવલ નામ** = કૈવલના નામની **માલ** = માળા, વરમાળા **પહેલવાની** = પહેરાવી.

## અનુવાદ

**નિજપતિની ગતિનો મુદ્દો ખૂબ જ વિશાળ (અનંત) છે. એવાને કૈવલ નામની વરમાળા**

**આરોપણ કરેલી છે. હવે કોણ દુલ્હા(વર) અને કોણ દુલ્હન(પત્ની) છે કે જેણે કેવલના નામની માળા પહેરાવી છે?**

## ભાવાર્થ

નિજ પતિ કેવલ કર્તાને સમજવાનું જ્ઞાન અતિ ગૂઢ છે. સઘળી રચનાના કારણ રૂપ રહેલા સર્જનહારને 'કેવલ' નામની વરમાળા આરોપણ કરેલી છે. તેઓ કોના દુલ્હા છે? અથવા તેની દુલ્હન કોણ છે? કોણે 'કેવલ' નામની વરમાળા નિજપતિને આરોપણ કરી છે? એ પ્રકારની સમજ મેળવવી અતિ જરૂરી છે. સંસારમાં જેને વરમાળા પહેરાવવામાં આવે છે તે પતિ તરીકે ગણાય છે અને જે પહેરાવે તે પત્ની બનીને સમર્પિત થાય છે. આ પ્રમાણે બંનેનો જીવન પર્યંત પતિ-પત્નીનો સંબંધ હોય છે. માટે યોગ્ય પાત્ર ધરાવતાને જ વરમાળા પહેરાવવામાં આવે છે. વરમાળા પહેરાવ્યા પછી બંને પાત્રો એક થઈ ગયા કહેવાય છે. ત્યારે જ તેનો સંબંધ અખંડ અને એક સૂત્રવત્ થયો કહેવાય. અહીં 'કૈવલ' ની વરમાળા વળવાળાને આરોપણ ન થઈ શકે, પરંતુ તે માળા વળથી રહિત એવા સકર્તા સર્જનહાર જ યોગ્ય ધણી હોઈ તેમને જ આરોપણ કરવામાં આવી છે.

**યાહીકી જાણ અંશ ઉલટ સુલીટા, ફાની નામ માલ ભઈ ગરક સમીટા;**
**જબી દુલ્હા દુલ્હી સબીજ કરે જોગા, તાહીન પરત કછુ વરમાલ પરોગા. ૧૨૯**

## શબ્દાર્થ

**યાહીકી** = તેની-પોતાની **જાણ** = જાણ **અંશ** = અંશ **ઉલટ** = ઊલટીને, ઊલટી થઈને **સુલીટા** = સુલટાવી દે છે **ફાની** = નાશવંત **નામ** = નામ **માલ** = માળા **ભઈ** = થઈ **ગરક** = ગરકાવ **સમીટા** = સમેટી લેવું, આટોપી લેવું **જબી** = જ્યારે **દુલ્હા** = દુલ્હા(વર)રૂપી કૈવલ કર્તામાં **દુલ્હી**= દુલ્હન રૂપ અંશ **સબીજ** = પોતાના બીજક રૂપ, શુદ્ધ સ્વરૂપ **કરે** = કરે છે **જોગા** = મેલાન, મેળાપ **તાહી** = તેના પછી **ન**= નહીં **પરત** = પાછા પડે **કછુ** = કાંઈ **વરમાલ** = વરમાળાની **પરોગા** = પ્રયોજન, પહેરવાની, નામ સ્મરણ કરવાની.

## અનુવાદ

**અંશ જ્યારે નાશવંત (અનિત્ય) નામની માળામાં મગ્ન હતો તે આટોપી લઈને જે જાણ ઊલટી હતી તે સૂલટી કરે ત્યારે સબીજ સ્વરૂપે થતાં દુલ્હારૂપ નિજપતિ સાથે યોગ થાય છે. ત્યાર પછી તે 'કૈવલ' નામની વરમાળાનું કંઈ જ પ્રયોજન રહેતું નથી.**

## ભાવાર્થ

સંસારમાં છોકરો કે છોકરી પુખ્તવયે મિત્રતાના અલ્પ સંબંધો બાંધીને ચિત્તને ગમે તેમ ભટકવા દે છે, પરંતુ એક કોઈ નિશ્ચિત પાત્ર સાથે વરમાળાના બંધન પછી પતિ-પત્ની તરીકે એકબીજા સાથે એકમેકતાનો સંબંધ બાંધે છે. પછી તેમને જીવન પર્યંત સ્થૂળ વરમાળાને સાચવી રાખવાની જરૂર

પડતી નથી. તેઓ વરમાળાથી બંધાયેલા સાચા સંબંધને કારણે એકસૂત્રવત્ રહે છે.

તે જ રીતે અંશ નાશવંત તત્ત્વોવાળા દેવ-દેવીઓની સાથે સબંધો બાંધી તેમના નામની માળામાં મગ્ન હોવાથી તેનું ચિત્ત ભટકતું હતું, પરંતુ જ્યારે પરમગુરુની કૃપાથી 'કૈવલ'ની વરમાળા અંશ જ્યારે નિજ પતિને પહેરાવે છે ત્યારે અંશ પોતાની અલ્પ જાણવૃત્તિને સાંસારિક નાશવંત પદાર્થો તથા પોતાને લાગેલા પ્રણવ અને પાંચ દેહોના આવરણોથી નિર્લેપ અને નિષ્કર્મી થઈ જાય છે. પછી જ અંશનો સર્જનહારની મહદ જાણ સાથે સંબંધ જોડાય છે. જેમ સંસારમાં લગ્નગ્રંથી જોડાયા પછી પતિ-પત્નીની એકતા થયા પછી સ્થૂળ વરમાળાની જરૂર ઊભી થતી નથી. એ જ રીતે જ્યારે અંશ સ્વયં સર્જનહારના ધામમાં 'હંસ' સ્વરૂપે એકતા સાધીને રહે છે. ત્યારે 'કૈવલ' ની વરમાળાની કંઈ જ આવશ્યકતા રહેતી નથી, કારણ કે પતિનો સંયોગ 'મિલન' એ જ વરમાળાનું પ્રયોજન હોવાથી તે પૂર્ણ થતાં અંશને નિજકર્તાના ધામમાં ગયા બાદ 'કૈવલ,કૈવલ' નું રટણ કરવાનું રહેતું નથી.

**તેહુ દુલ્હાની જાણ સ્વજાણ સમાની, રહે ઈત નામ તીત રવી નિરબાની;**
**નિરબાની નિરાલ નેતિ પર પરનેતી, પાવહી સો પદ સદ્ સત્ગુરુ સેતી. ૧૩૦**

### શબ્દાર્થ

**તેહુ** = તે રીતે **દુલ્હાની** = દુલ્હા રૂપી, નિજપતિની **જાણ** = સજાણ જાણ રૂપી અંશ **સ્વજાણ** = મહદ સજાણજાણ **સમાની** = સમાઈ જાય છે, રહે છે, એક રૂપ થઈ જાય છે **રહે** = રહે છે **ઈત** = સૃષ્ટિમાં, વિશ્વમાં **નામ** = નામ **તીત** = ત્યાં કૈવલધામમાં **રવી** = પ્રકાશમય **નિરબાની** = નિર્વાણપદ છે **નિરાલ** = નિરાળું, આલંબનથી રહિત, નિરાલંબ **નેતિ પર પરનેતી** = બ્રહ્મથી પણ પરે **પાવહી** = પામી શકે **સો** = તે **પદ** = પદ **સદ્** = સાચા **સત્ગુરુ** = સદ ગુરુ **સેતી** = થકી, સેવનથી, સેવા થકી.

### અનુવાદ

**તે દુલ્હા રૂપ નિજપતિની મહદ સજાણજાણમાં અંશ જ્યારે સમાઈ જાય છે ત્યારે નામ અહિં રહી જાય છે. કારણ કે તિત પદ (કૈવલધામ) તો પ્રકાશમય અને નિર્વાણ છે. તે નિરાલા નિર્વાણ (પદ) બ્રહ્મથી પરે આવેલું છે. તે પદ સદ્ગુરુ થકી પ્રાપ્ત થઈ શકે છે.**

### ભાવાર્થ

આ રીતે જ્યારે અંશ પોતાની શુદ્ધ સ્વરૂપે થાય ત્યારે અંશની પોતાની જાણ નિજપતિ કૈવલ કર્તાની મહદ સજાણજાણ સાથે જોડાય છે. અંતે બ્રહ્માંડમાં જે નાશવંત શરીર (ઘાટ) હતુ તે વિશ્વમાં છોડીને જાય છે અને અંશ સ્વયં પ્રકાશમય નિર્વાણપદમાં પોતાના શુદ્ધ સ્વરૂપે જઈને રહે છે. પછી તે હંસ સ્વરૂપને કદી પણ વિશ્વમાં પાછું આવવું પડતું નથી. વિશ્વમાં છે ત્યાં સુધી નામ-જાપ જપવાની જરૂર છે, પરંતુ કૈવલપદ નિર્વાણ છે. જ્યાં વાણી જ નથી ત્યાં નામ-જપ કઈ રીતે થાય ? આ નિર્વાણપદ કે જેને માટે વેદે(બ્રહ્માજીએ) નેતિ પોકારી છે, તેવા બ્રહ્મપદથી

પર (નિરાળુ)આવેલું છે. તેને પ્રાપ્ત કરવું હોય તો સમર્થ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરની કૃપા થકી જ શક્ય બને છે.

**જબી સતગુરુ કીયે સરજનહારા, સરજેહુ જાહીસે જાંહી સમાવનહારા;**
**અહો કહાકહુ સતગુરુ ઉપમાઇ, નહીં સરભર કોમે મુજકી દુહાઇ. ૧૩૧**

### શબ્દાર્થ

**જબી** = એટલા માટે જ **સતગુરુ** = સદ્‌ગુરુદેવ **કીયે** = કર્યા છે, ઉત્પન્ન કર્યા છે **સરજનહારા** = સર્જનહારે **સરજેહુ** = ઉત્પન્ન કર્યા છે **જાહીસે** = જ્યાંથી, જે પદમાં **જાંહી** = ત્યાં, તે પદમાં **સમાવનહારા** = સમાવવાવાળા છે **અહો** = અરે! **કહા કહુ** = શું કહુ? **સતગુરુ ઉપમાઇ** = સદ્‌ગુરુની ઉપમા, વિશેષતા વિશે **નહીં સરભર** = તેમના સમાન કોઈ નથી **કોમે** = ક્યાંય પણ **મુજકી** = મારી, પોતાની **દુહાઇ** = ઘોષણા, જાહેરનામુ, આણ.

### અનુવાદ

**એટલા માટે જ સર્જનહારે સદ્‌ગુરુને બનાવ્યાં છે કે અંશો જે પદમાંથી ઉત્પન્ન થયા છે તેવા પદમાં પાછા સમાવી શકે છે, અહો! સદ્‌ગુરુની ઉપમા માટે શું કહી શકું ? હું ઘોષણા કરું છું કે આપની તુલ્ય કોઈ જ નથી.**

### ભાવાર્થ

એટલા માટે જ સર્જનહારે વિશ્વની ઉત્પત્તિ વખતે પ્રથમ પરમવિશેષ પાટવી અંશને ઉત્પન્ન કરીને પોતાની સમીપ રાખ્યાં હતાં. જ્યારે અંશો દેહમય બનીને વિશ્વમાં ભટકીને પાછા નિજ ઘેર આવતા નથી ત્યારે કલ્પમાં એક વખત પરમવિશેષ અંશને દિવ્ય દેહ ધારણ કરાવીને મોકલે છે. તેઓ અંશને પોતાનું ચૈતન સ્વરૂપ ઓળખાવી જે સ્વરૂપે આવ્યો હતો તેવા સ્વરૂપે કરીને કૈવલધામમાં મોકલવાનું કામ કરે છે. આમ, અંશને સર્જનહાર(અંશી) સાથે મેળાપ કરાવી આપનાર સમર્થ પરમગુરુ આ વિશ્વમાં પધાર્યા છે; તેમની તુલના કરી શકાય તેવું આ સમસ્ત બ્રહ્માંડમાં કોઈ જ નથી. જે વાતની પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પોતે જાહેરમાં ઘોષણા કરીને ખાતરી કરાવે છે.

**અબ સતગુરુ કર્તારનકી બાની, સુનહો કહત વિધિ જુગ ઉતપાની;**
**રચેહુ સકલ જેહી વિધિ કરતારા, અનંત ભાત ગત મતિ વિસ્તારા. ૧૩૨**

### શબ્દાર્થ

**અબ** = હવે **સતગુરુ** = સદ્‌ગુરુ દ્વારા **કર્તારનકી** = કેવલ કર્તા અંગેની **બાની** = વાણી **સુનહો**= સાંભળો **કહત** = કહું છું **વિધિ** = જે પ્રમાણે **જુગ** = જગતને **ઉતપાની** = ઉત્પન્ન કર્યું છે **રચેહુ** = રચ્યુ છે **સકલ** = સર્વે **જેહી વિધિ** = જે રીતે **કરતારા** = સર્જનહારે **અનંત** = જેનો કોઈ અંત(છેડા)નથી તેવું **ભાત** = ભાત ભાતના ઘાટો **ગત** = ગતિ **મતિ** = સમજ **વિસ્તારા** = વિસ્તારપૂર્વક.

## અનુવાદ

**હવે કેવલ કર્તાએ અનંત ભાતની ગતિ, મતિ અને વિસ્તારવાળી અખિલ સૃષ્ટિની જે પ્રમાણે રચના કરી છે, તે પ્રમાણે સર્વ રચનાની વિગત હવે સદ્‌ગુરુની વાણીમાં તમે શ્રવણ કરો.**

## ભાવાર્થ

વિશ્વના સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા છ વૃત્તિઓનો વિસ્તાર કરીને સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશ સહિત બ્રહ્મભૂમિકામાં વિવિધ પ્રકારે જગતની રચના કરી છે. તેમાં છ વૃત્તિઓની આદ્ય લઈ ઈઠ્ઠોતેર તત્ત્વો મળી કુલ ચોરાસી તત્ત્વોનો વિસ્તાર કર્યો છે. પોતાની ઈચ્છા મુજબ તત્ત્વોને ભિન્ન ભિન્ન પ્રકારે મેળવણી કરીને ચોરાસી લાખ પ્રકારના વિવિધ ગતિ અને મતિવાળા ઘાટોની રચના કરી છે. વળી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ એમ પાંચ પ્રકારના દેહ તેમજ સામાન્ય,વિશેષ અને પરમવિશેષ એવા ત્રણ પ્રકારના અંશો પણ ઉત્પન્ન કરીને યથાયોગ્ય ઘાટોમાં રમણ કરવા વસાવ્યા છે. આમ તત્ત્વોની ઊલટ-સૂલટ મેળવણી દ્વારા સમગ્ર રચના મહાપ્રલય કાળ સુધી ચાલે તેવા સંચ ભરીને કરી છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પોતાની ઉત્કૃષ્ટ વાણી દ્વારા સર્જનહારની રચનાને વિસ્તારપૂર્વક અગાઉના સ્કંધોમાં દર્શાવે છે.

**તાહી વિધિ વિગત જુગત જેહી જીનકી, લહે સતગુરુ નામ રુપ ગુન તીનકી;**
**શ્રોતા સનમુખ ચિત્ત રખો મમ વચનાં, કહત કુવેર અવિગત પતિ રચનાં. ૧૩૩**

## શબ્દાર્થ

**તાહી વિધિ** = તેવી રીતે **વિગત** = વિગત, હકીકત, બાબત **જુગત** = જગત, સૃષ્ટિ **જેહી જીનકી** = જેની જેવી હતી તે મુજબ **લહે** = જાણે **સતગુરુ** = સદ્‌ગુરુ **નામ** = નામથી **રુપ** = રુપથી **ગુન** = ગુણ **તીનકી** = તેમની **શ્રોતા** = સાંભળનાર વર્ગ **સનમુખ** = મુખની સામે **ચિત્ત રખો** = ચિત્ત રાખીને **મમ વચનાં** = મારાં વચનોમાં **કહત કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અવિગત** = અવિગત, સમજમાં ન આવે તેવા, અવર્ણનીય **પતિ** = સર્જનહારની **રચનાં** = રચના.

## અનુવાદ

**તે પ્રમાણે રચાયેલ જગતનાં નામ, રૂપ અને ગુણની જેની જેવી છે તેવી હકીકત સદ્‌ગુરુ જણાવે છે. આ વિગત કુવેરસ્વામી કહે છે હે શ્રોતાજનો ! પતિની રચના વિશેના મારાં વચનોની આ વિગતને ચિત્ત સન્મુખ રાખીને સાંભળો.**

## ભાવાર્થ

સમસ્ત બ્રહ્માંડના અવિગત પતિ કેવલ કર્તા દ્વારા રચાયેલા સમગ્ર બ્રહ્માંડમાં અને મહિમંડ ઇંડમાં રચના પામેલા તત્ત્વોના નામ, રૂપ અને ગુણો તથા જેવી રીતે તત્ત્વોની મેળવણી કરી હતી તે મુજબની સર્વ બાબતોની વિગત પરમગુરુ જાણે છે. આ પ્રમાણે અવિગત પતિ દ્વારા રચવામાં આવેલ રચનાના તેઓ સાક્ષી હોઈ તમામ વિગતોની જાણકારી તેમને છે. તેથી જ તેમના દ્વારા

આ પંચમ શ્વસંવેદમાં તે બધી જ વિગતો વિસ્તૃત રીતે જણાવવામાં આવી છે, તો હવે તેમનાં વચનોને શુદ્ધ ચિત્તે ગુરુદેવના મુખાર્વિંદ સન્મુખ દૃષ્ટિ રાખીને શ્રવણ અને સમજવા માટે એકદમ તત્પર થઈ જઈએ.

### દોહા

**નિજ કૈવલ સદોદિત સદ, અખિલ એક અનુક્રમ;**
**ઉપજેહુ મોજ મોદિત તીનુ, દ્વૈત રમણ જીનુ મ્રમ. ૧૩૪**

### શબ્દાર્થ

**નિજ** = પોતે **કૈવલ** = કૈવલ કર્તા **સદોદિત** = સદાને માટે **સદ** = શાશ્વત **અખિલ** = સમસ્ત **એક** = એક **અનુક્રમ** = ક્રમબદ્ધ **ઉપજેહુ** = ઉત્પન્ન કરી **મોજ** = ઉમંગથી **મોદિત** = આનંદ મેળવવા **તીનુ** = તેમના (અંશોને) **દ્વૈત** = જુદા, ભિન્ન(અંશો) **રમણ** = ફરવા, વિલાસ કરવા **જીનુ** = જેઓનો **મ્રમ** = મર્મ, રહસ્ય, આશય.

### અનુવાદ

**સદાને માટે શાશ્વત રહેલા નિજ કૈવલે(કર્તાએ) તેમના અંશોને દ્વૈત રમણ કરવાના આશય(હેતુ)થી ઉમંગ લાવીને ક્રમબદ્ધ રીતે અખિલ સૃષ્ટિ ઉપજાવેલ(ગોઠવેલ)છે.**

### ભાવાર્થ

સર્જનહાર શૂન્યમાં સદાને માટે શાશ્વત રહેલા છે. જ્યારે તેમને પોતાનામાં અહંપણાનો ઉમંગ પ્રગટ્યો ત્યારે શુદ્ધ સંકલ્પ દ્વારા આનંદ મેળવવાના હેતુથી પોતાનો જ સચરાસર બ્રહ્મપ્રકાશ ફેલાવી તેમાં સૃષ્ટિની ક્રમબદ્ધ રચના કરી પોતાની સજાતિના પરમવિશેષ, વિશેષ અને સામાન્ય એમ ત્રણ પ્રકારના અંશોને ઉત્પન્ન કરીને દ્વૈત રૂપે વિશ્વમાં રમણ કરવા મોકલ્યા છે.

**પ્રથમ કીનેહુ નિજ વૃત્તિ ખટ, રચેહુ વિશ્વ જીનુ આદ્ય;**
**આપ અલગ ગતિ સલંગહી, કહે કુવેર રહી સ્વાદ્ય. ૧૩૫**

### શબ્દાર્થ

**પ્રથમ** = સૌ પ્રથમ **કીનેહુ** = કરીને **નિજ** = પોતાની **વૃત્તિ** = વૃત્તિઓ **ખટ** = છ **રચેહુ** = રચી **વિશ્વ** = વિશ્વ **જીનુ આદ્ય** = જેની શરૂઆત **આપ** = પોતે **અલગ** = અલગ રહીને **ગતિ** = ગતિ, જાણ **સલંગહી** = સળંગ રાખી **કહે કુવેર** = કુવેર સ્વામી કહે છે **રહી** = રહીને **સ્વાદ્ય** = સ્વાધીન, કોઈનો પણ સાથ લીધા સિવાય, પોતાની ઈચ્છા અનુસાર.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે સર્જનહારે સૌ પ્રથમ પોતાની છ વૃત્તિઓ દ્વારા વિશ્વની રચના કરીને, પોતે અલગ અને ગતિથી સલંગ રહી દરેકને સ્વાધીન રાખ્યા છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે વિશ્વની રચના પહેલાં મહદ શૂન્યમાં એક માત્ર કૈવલ કર્તા પૂર્ણ ચૈતન સ્વરૂપે કૈવલધામમાં બિરાજમાન હતા. જ્યારે સર્જનહારને અહંભાવ થયો અને સૃષ્ટિનો ખેલ ખીલવવાનો ઉમંગ જાગ્યો ત્યારે મહદ ચૈતન એવા સર્જનહાર પોતાની રચનાથી અલગ રહ્યા અને વળવાળી સૃષ્ટિનું પોતાની ઈચ્છા અનુસાર તબક્કાવાર સર્જન શરૂ કર્યુંઃ જેમાં પાંચ વૃત્તિઓ - પ્રકાશબ્રહ્મવૃત્તિ, સંજમભોગવૃત્તિ, ઈચ્છાવૃત્તિ, ક્રિયાવૃત્તિ અને સજીવનવૃત્તિથી સમગ્ર રંગબેરંગી સૃષ્ટિ અને પાંચ પ્રકારના દેહોના બીજક બનાવ્યાં. તે બીજ પોતપોતાના માપ મુજબ વૃદ્ધિ પામીને પરિપક્વ થયા પણ જડ જ રહ્યાં. તેમાં ચેતનતા ન આવતાં હલનચલન વગરનાં જડવત્ રહ્યાં જેથી છેલ્લે પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી ત્રણ પ્રકારના (સામાન્ય વિશેષ અને પરમવિશેષ)અંશોને ઉત્પન્ન કરી ઘાટોમાં રમણ કરવા પ્રેરક કર્યા. ત્યારબાદ અંશની જાણ દ્વારા પોતાની મહદ નિજજાણની સળંગ સૂત્રતાથી સર્વને આધીન રાખ્યા.

# કર્તા ખટવૃત્તિ
# સ્કંધ ૫




આદ્ય સક્ત સ્વરાજ કરુણેશ કૈવલ

મહદ સજાણજાણ સ્વરૂપ સકર્તા સર્જનહાર

**જેહી અવિગત પતિ અગમ અપારા, સજાણ સરુપ સો કૈવલ કિરતારા;**
**સોહી કરતારહુ કરન જુગ ઠાની, વૃત્તિ ખટ પ્રસિદ્ધ પ્રથમ ઉત્પાની. ૧**

### શબ્દાર્થ

**જેહી** = જે **અવિગત** = વિગતમાં(વર્ણનમાં)ન આવે તેવું, નિત્ય, અવ્યક્ત, અવિનાશી,નિરાકાર **પતિ** = પતિ, સ્વામી, કર્તા **અગમ** = અગમ્ય, ઈન્દ્રિયાતિત, જાણવામાં ન આવે તેવું **અપારા** = અપાર, અખંડ, પાર વિનાનું, અખૂટ **સજાણ** = સજાણ, પોતે, સ્વયં જાણ રૂપ **સરુપ** = સ્વરૂપ, આકાર, દેખાય તેવું **સો** = તે **કૈવલ** = કૈવલ **કિરતારા** = કરતાર, સર્જનહાર **સોહી** = તે **કરતારહુ** = કર્તાને **કરન** = કરવા, બનાવવા, ઉત્પન્ન કરવા **જુગ** = જગત **ઠાની** = નક્કી કરવું, ઈચ્છા થવી, સ્ફુરણા થવી **વૃત્તિ** = વૃત્તિ **ખટ** = છ **પ્રસિદ્ધ** = પ્રત્યક્ષ, વ્યક્ત **પ્રથમ** = સૌ પ્રથમ **ઉત્પાની** = ઉત્પન્ન કરી.

### અનુવાદ

**જે અવિગત પતિની ગતિ અગમ અને અપાર છે, તે કૈવલ કર્તા સજાણ સ્વરૂપ છે, તે જ સકર્તાને જ્યારે જગત રચવાની સ્ફુરણા થઈ ત્યારે સૌ પ્રથમ છ વૃત્તિઓને વ્યક્ત રૂપે ઉત્પન્ન કરી.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહાર અવિગત, અગમ અને અપાર હોઈ સૌના સ્વામી છે. પોતે સજાણજાણ સ્વરૂપે છે. તેઓ મહદ શૂન્યમાં સદાને માટે પોતાના અખંડ કૈવલધામમાં અદ્વૈત રૂપે બિરાજમાન રહે છે. જ્યારે તેમને સૃષ્ટિની રચના કરવાનો ઉમંગ(અહંભાવ) ઉત્પન્ન થયો ત્યારે પોતાની બાહ્યવૃત્તિના શુદ્ધ સંકલ્પ શક્તિથી સૌ પ્રથમ વ્યક્ત રૂપે પાંચ વૃત્તિઓ અને આંતરવૃત્તિની છઠ્ઠી કર્તા અંશવૃત્તિ ઉત્પન્ન કરી.

**અગમ પ્રકાશ બ્રહ્મ પુનિત ઈછાઈ, વૃત્તિએ સંજમ ભોગવૃત્તિ ઉપજાઈ;**
**ક્રિયા ચતુર વૃત્તિ ગતિ કરન વિભાગા, કીયે સર્વ વિશ્વ ઘટ બીજ અનુરાગા. ૨**

### શબ્દાર્થ

**અગમ** = આરંભમાં **પ્રકાશ બ્રહ્મ** = પ્રકાશબ્રહ્મવૃત્તિ **પુનિત** = ત્યારપછી, પવિત્ર, નિર્મળ, શુદ્ધ **ઈછાઈ વૃત્તિએ** = ઈચ્છાવૃત્તિથી **સંજમ ભોગવૃત્તિ** = સંજમભોગવૃત્તિ **ઉપજાઈ** = ઉત્પન્ન કરી **ક્રિયા ચતુર વૃત્તિ** = ચોથી ક્રિયાવૃત્તિ **ગતિ** = ગતિ થકી **કરન વિભાગા** = વિભાગો પાડીને **કીયે** = કર્યા **સર્વ** = સર્વે **વિશ્વ** = વિશ્વ, જગત **ઘટ** = ઘાટો **બીજ** = બીજક **અનુરાગા** = અનકૂળ, પોતાની ઈચ્છા મુજબના, આશક્તિ.

### અનુવાદ

**પ્રારંભમાં પ્રકાશબ્રહ્મવૃત્તિ પછી સજંમભોગવૃત્તિ ત્યારબાદ ઈચ્છાવૃત્તિ અને ચોથી ક્રિયાવૃત્તિ ઉત્પન્ન કરી. તેના થકી વિભાગો પાડીને વિશ્વમાં અનુરાગપૂર્વક સર્વ ઘાટોના બીજક કર્યા.**

### ભાવાર્થ

સર્જનહારે પ્રારંભમાં પહેલી પ્રકાશબ્રહ્મવૃત્તિ દ્વારા સમ ચૈતન હીરરૂપ અવિકાસ, વિકાસ અને કુંભસ્થ મહાતત્ત્વો બનાવ્યા. બીજી સજંમભોગવૃત્તિથી ત્રણ ચક્ષસત્ત્વ - અનંગ, વગ્રજ્ઞાન અને કાળ ઉત્પન્ન કર્યાં. ત્રીજી ઈચ્છાવૃત્તિ દ્વારા બોત્તેર તત્ત્વોનું નિર્માણ કર્યું. ચોથી ક્રિયાવૃત્તિથી ઈક્કોતેર તત્ત્વો ઉત્પન્ન કર્યાં હતાં તેની ઊલટ-સૂલટ મેળવણી કરી અલગ-અલગ આયુષ્યની મર્યાદાવાળા વિશ્વના સર્વ શરીરોના બીજકની પોતાની ઈચ્છા મુજબ રચના કરી.

**પંચમી ચૈતનવૃત્તિ ઉપજી ઉમેદા, રચી રોઉ રોઉ વૃદ્ધિ કરન કલેદા;**
**એહી વૃત્તિ પંચ સજેહુ સર્વ સાજા, રહે જયૌ અચેત વેત વિનુ બાજા. ૩**

### શબ્દાર્થ

**પંચમી** = પાંચમી **ચૈતનવૃત્તિ** = ચૈતનવૃત્તિ **ઉપજી** = ઉત્પન્ન કરી **ઉમેદા** = ઉમંગ **રચી** = રચના કરી **રોઉ રોઉ** = રોમ રોમ **વૃદ્ધિ** = વૃદ્ધિ, વિકાસ **કરન** = કરવા માટે **કલેદા** = ઘાટ, શરીર **એહી** = એ **વૃત્તિ** = વૃત્તિઓથી **પંચ** = પાંચ **સજેહુ** = તૈયાર કર્યા **સર્વ** = બધા જ **સાજા** = સામગ્રી, જરૂરી તત્ત્વોનો મસાલા, બીજકવાળો, બીજક **રહે જયૌ** = જયાંના ત્યાં જ રહ્યા **અચેત** = અચેત દશામાં **વેત** = વિત્ત, વસ્તુ **વિનુ** = વગર **બાજા** = વાજિંત્ર વાજુ.

### અનુવાદ

**ઉમંગથી પાંચમી ચૈતનવૃત્તિ ઉત્પન્ન કરીને રચેલા ઘાટોની રોમેરોમ વૃદ્ધિ કરવામાં આવી. આ પાંચ વૃત્તિઓથી સઘળા તત્ત્વોના સર્વ સાજ (બિજગ) તૈયાર કર્યા, પરંતુ તે વિત્ત (ચૈતન) વગર વાજિંત્રની જેમ જડ-અચેત રહ્યાં.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની પાંચમી ચૈતનવૃત્તિના ઉમંગથી નખશિખ પર્યંત રોમેરોમ સુધી વિકાસ પામે તેવા ઘાટો બનાવ્યા. આ રીતે પાંચ વૃત્તિઓથી બધા જ તત્ત્વોના સુમેળભર્યા મિશ્રણવાળા મસાલાથી સાજ(બુંદ અને બીજક) તૈયાર કર્યા. આ સર્વ સાજ બ્રહ્મભૂમિકામાં વૃદ્ધિ પામીને પરિપક્વ તો થયા, પરંતુ વાદક સિવાયના વાજિંત્રની જેમ અચેત દશામાં જયાં ને ત્યાં તેની તે જ દશામાં (સ્થિતિમાં) જડવત્ પડી રહ્યા. તેમાં ચેતનતા આવી નહીં.

**વૃત્તિ ષષ્ટમી કર્તા અંશ ઉપાસે, આપ અંશ હોઈ સબ ઘટ વાસે;**
**એહી ખટવૃત્તિ કૃત કીયેહુ અપારા, અનંત ભાત વિધિ તત્ત્વ વિસ્તારા. ૪**

### શબ્દાર્થ

**વૃત્તિ ષષ્ટમી** = છઠ્ઠી વૃત્તિ **કર્તા અંશ ઉપાસે** = કર્તા અંશવૃત્તિના અંશો ઉત્પન્ન કરી **આપ** = પોતાના **અંશ** = અંશો

**હોઈ** = હોવાથી **સબ ઘટ** = દરેક ઘાટમાં **વાસે** = વસાવ્યા **એહી** = આ પ્રમાણે **ખટવૃત્તિ** = છ વૃત્તિથી **કત** = રચના **કીયેહુ** = કરી **અપારા** = પાર વગરની, અપાર **અનંત** = અંત વગરની **ભાત** = ભાત ભાતની, વિવિધ **વિધિ** = પ્રમાણે **તત્ત્વ** = તત્ત્વોનો **વિસ્તારા** = વિસ્તાર, પસારો કર્યો.

## અનુવાદ

**છઠ્ઠી અંશવૃત્તિથી અંશો ઉત્પન્ન કરીને દરેક ઘાટમાં પોતાના અંશોને વસાવ્યા. આ પ્રમાણે છ વૃત્તિઓ દ્વારા અપાર રચના કરીને અનંત ભાતના તત્ત્વોનો વિસ્તાર કર્યો.**

## ભાવાર્થ

વિવિધ ઘાટો બ્રહ્મભૂમિકામાં વૃદ્ધિ પામીને વાજિંત્રની જેમ જડવત્ રહ્યા હતાં. ત્યારે પૂર્ણ ચૈતન સર્જનહારે પોતાની છઠ્ઠી કર્તા અંશવૃત્તિ દ્વારા પોતાની સજાતિના અંશો (સામાન્ય, વિશેષ અને પરમવિશેષ) ઉત્પન્ન કરીને સર્વ જડ ઘાટોને સચેતન કર્યા. આ રીતે સર્જનહારે છ વૃત્તિઓથી સમગ્ર સૃષ્ટિનો અપાર પ્રસારો એક મહાકલ્પ સુધી ચાલે તેટલો સંચ ભરીને કર્યો છે, જેમાં રચનાનું ઉત્કૃષ્ટ આયોજન કરી વિવિધ અવધિવાળા અનંત પ્રકારના ઘાટોવાળી અદ્ભુત સૃષ્ટિનું સર્જન કર્યું છે.

**સોહી તત્ત્વ તનકુ વિગતે સુત સાધી, સરજી ક્રિયાવૃત્તિ ઘટ ભિન્ન ઉપાધી;**
**જેહી તત્ત્વ જુગતે કીયેહુ ચરાચરહી, સુનહો સકલ વિધિ સોહી વિસ્તરહી. ૫**

## શબ્દાર્થ

**સોહી** = તે **તત્ત્વ** = તત્ત્વો **તનકુ** = સ્વરૂપને **વિગતે** = વિગતવાર **સુત** = સુત્રતા, મેલાન, સંબંધ **સાધી** = સાધીને, પરોવવું **સરજી** = બનાવી, રચના કરી **ક્રિયાવૃત્તિ** = ક્રિયાવૃત્તિ **ઘટ** = શરીર, ઘાટ **ભિન્ન** = જુદા જુદા **ઉપાધી** = ઉપાધિવાળા, વિભૂતિવાળા, શરીરની રચનાવાળા **જેહી** = જે **તત્ત્વ** = તત્ત્વો **જુગતે** = જગતમાં **કીયેહુ** = કર્યા છે **ચરાચરહી** = સર્વવ્યાપક **સુનહો** = સાંભળો **સકલ** = દરેકની **વિધિ** = રીત, પ્રમાણે **સોહી** = જે રીતે **વિસ્તરહી** = વિસ્તાર કર્યા.

## અનુવાદ

**તત્ત્વોના સ્વરૂપને વિગતવાર મેળવણી કરીને ક્રિયાવૃત્તિ દ્વારા ભિન્ન ભિન્ન વિભૂતિ (ઉપાધિ) વાળા ઘાટો સર્જેલા છે. તેવી જ રીતે જે તત્ત્વોથી યુક્તિપૂર્વક સચરાચર રચના જે વિધિએ કરી તે સર્વે વિસ્તારપૂર્વક કહું છું તે હવે સાંભળો !**

## ભાવાર્થ

સર્જનહારે તત્ત્વોના મૂળ સ્વરૂપોને જરૂરિયાત મુજબ અલગ અલગ પ્રમાણમાં મેળવણી દ્વારા એકસૂત્રતાથી પરોવીને ક્રિયાવૃત્તિ દ્વારા ભિન્ન ભિન્ન પ્રકારના સ્થાવર અને જંગમ ઘાટોની રચના કરી. તે જ મહાતત્ત્વોથી સચરાચર વ્યાપક મહાવૈરાટની પણ રચના કરી. આ સઘળી રચનાની

ક્રમબદ્ધ સમજુતિ અને તેનો ફેલાવો વગેરેની રજૂઆત પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછીના સ્કંધોમાં આપણને કહી સંભળાવે છે.

**નિજપતિ પરમ પુરુષ સો સુજાના, કુલકર્તા સૌ કૈવલ જે નિદાના;**
**તેહી નિજપતિકુ ભયેહુ જો હુલાસા, ઉપજી મોજ જબી કરન વિલાસા. ૬**

### શબ્દાર્થ

**નિજપતિ** = સર્જનહાર, નિજકર્તા **પરમ પુરુષ** = શ્રેષ્ઠ પુરુષ **સો** = તે **સુજાના** = સજાણજાણ સ્વરૂપ **કુલકર્તા** = સર્વના રચનાર **સૌ** = દરેકના **કૈવલ** = કૈવલ કર્તા **નિદાના** = ચોક્કસાઈથી નક્કી કરી, દર્શાવેલ છે **તેહી** = તે **નિજપતિકુ** = નિજ સર્જનહારને **ભયેહુ** = થયો, ઊપજી **જો** = જે **હુલાસા** = ઉપજણ **ઉપજી** = ઉત્પન્ન થઈ **મોજ** = મોજ, ભાવ **જબી** = ત્યારે **કરન** = કરવા **વિલાસા** = રચના રચવા, અંગેનો ભાવ.

### અનુવાદ

**પરમ પુરુષ નિજ કૈવલ પતિ સજાણજાણ સ્વરૂપ હોઈ તેઓ જ સૌના સર્જનહાર છે તે નક્કી છે. તે જ પતિને સ્વયં ઉલ્લાસપૂર્વક ઉપજણ ઊપજી ત્યારે આનંદ કરવા (સૃષ્ટિની) રચના કરી.**

### ભાવાર્થ

આદિ અનાદિથી અખંડ અમર અને અચૂત કૈવલપુરુષ અપરંપાર શૂન્યમાં અદ્વૈત સ્વરૂપે કૈવલધામમાં અભીરામ કરતા હતા. તેમને પ્રથમ ઉપજણ ઉપજી એટલે કે પોતાના સ્વ-સ્વરૂપની જાણ સ્ફુરાયમાન થઈ. ત્યાર પછી સજાણપણે કંઈક રચના રચવાનો ભાવ ઉપજ્યો જેને કૈવલપુરુષનો શુદ્ધ સંકલ્પ કહેવામાં આવે છે. એવા પરમપુરુષ પોતે નિજ મહદ સજાણજાણ સ્વરૂપે છે. તે કૈવલપુરુષ જ નક્કી (ચોક્કસ) સર્વના સર્જનહાર છે.

**વૃત્તિ ખટ તુરત પ્રેરક કરી જહાંના, શુદ્ધ સંકલ્પ નિધ કરુણા નિધાના;**
**જેહી વૃત્તિસેહી સફુરેહુ તત્ત્વ જેતા, પૃથક પૃથક ભિન્ન ભિન્ન કહું તેતા. ૭**

### શબ્દાર્થ

**વૃત્તિ ખટ** = છ વૃત્તિ **તુરત** = તરત જ, પ્રથમ **પ્રેરક** = પ્રેરણા **કરી** = કરી **જહાંના** = વિશ્વની **શુદ્ધ સંકલ્પ** = શુદ્ધ સંકલ્પ, કર્તાનો સૃષ્ટિ રચવાનો શુદ્ધ ભાવ **નિધ કરુણા** = કરુણા કરી **નિધાના** = ભંડાર (કરુણાના ભંડાર) **જેહી** = તે **વૃત્તિસેહી** = વૃત્તિઓ થકી જ **સફુરેહુ** = સ્ફુરણા પામ્યા **તત્ત્વ જેતા** = જેટલ તત્ત્વો છે **પૃથક પૃથક** = તબક્કાવાર, એક પછી એક **ભિન્ન ભિન્ન** = અલગ અલગ **કહું** = કહું છું **તેતા** = તેટલા.

### અનુવાદ

**કરુણાના ભંડારરૂપ માલિકે કરુણા કરીને શુદ્ધ સંકલ્પથી પ્રથમ છ વૃત્તિઓ પ્રેરક કરી વિશ્વની**

**રચના કરી છે. આ વૃત્તિઓથી જુદાં જુદાં જેટલાં તત્ત્વો તબક્કાવાર સ્ફુરાયમાન પામ્યાં, તે અલગ અલગ રીતે કહું છું.**

### ભાવાર્થ

જ્યારે કરૂણાના ભંડાર એવા કરૂણાનિધિ માલિકે કરુણા ધારણ કરીને પોતાના શુદ્ધ સંકલ્પથી ક્રમશઃ છ વૃત્તિઓને પ્રથમ પ્રેરક કરી. હવે જે જે વૃત્તિઓથી જુદા જુદા જેટલા તત્ત્વો તબક્કાવાર સ્ફુરાયમાન પામ્યાં તે તમામ તત્ત્વો અલગ અલગ રીતે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને કહી સમજાવે છે.

**પ્રથમ પ્રકાશ બ્રહ્મવૃત્તિકે વિભાગા, ઉપજે મહાતત્ત્વ તીન તત્ત્વ અનુરાગા;**
**કહહુ નામ તીનકેહુ પુનિ જેહી, વિકાસ કુંભસ્થ અવિકાસ તીનુ તેહી. ૮**

### શબ્દાર્થ

**પ્રથમ** = પ્રારંભમાં **પ્રકાશ બ્રહ્મવૃત્તિકે** = પ્રકાશબ્રહ્મવૃત્તિનો **વિભાગા** = વિભાગ **ઉપજે** = ઉપજાવ્યા **મહાતત્ત્વ** = મહાતત્ત્વો **તીન** = ત્રણ **તત્ત્વ** = તત્ત્વો **અનુરાગા** = અનુક્રમે, એકબીજાને, સંલગ્ન પ્રીતિવાળા **કહહુ** = કહુ છુ **નામ** = નામ **તીનકેહુ** = તેમના **પુનિ જેહી** = જે છે તે **વિકાસ** = વિકાસ મહાતત્ત્વ **કુંભસ્થ**= કુંભસ્થ મહાતત્ત્વ **અવિકાસ** = અવિકાસ મહાતત્ત્વ **તીનુ તેહી** = તે ત્રણેય.

### અનુવાદ

**પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિના વિભાગના પ્રીતિવાળા ત્રણ મહાતત્ત્વો ઉપજાવ્યા છે. તેનાં નામ હું કહું છું, તે ત્રણ વિકાસ, કુંભસ્થ અને અવિકાસ(મહાતત્ત્વો) છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર છ વૃત્તિઓ પૈકી પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિના વિભાગ જણાવે છે. કર્તાની સજાણ દૃષ્ટિરૂપી ભાવના પ્રકાશબ્રહ્મને વિશે સમશક્તિ રૂપે વ્યાપક રહેલી છે. તેને પ્રકાશબ્રહ્મવૃત્તિ જાણવી.

તે પ્રકાશબ્રહ્મવૃત્તિ થકી ત્રણ મહાતત્ત્વો ઉત્પન્ન થયાં. પરમગુરુએ તે મહાતત્ત્વોને અવિકાસ, વિકાસ અને કુંભસ્થ નામે ઓળખાવ્યાં છે. જેને આપણે દેહમાં રહેલા પ્રણવના સ્વરૂપો તરીકે ઓળખીયે છીએ. જેના ત્રણ રૂપ કહેવાય - ઓહંગ, સોહંગ અને કુંભસ્થ. જે પૂર્ણ પ્રાણાયામને સંલગ્ન રાખીને ક્રિયા કરે છે.

**દ્વિતીયે સંજમ ભોગવૃત્તિ વિસ્તરયેઉ, ચક્ષ સત્વ તીન તાહીહુસે ભયેઉ;**
**અનંગ ચક્ષસત્વ ચક્ષ વ્રગ જ્ઞાનું, ત્રીતીયુ કાલ ચક્ષસત્વ અભીરાનુ. ૯**

### શબ્દાર્થ

**દ્વિતીયે** = બીજી **સંજમ ભોગવૃત્તિ** = સંજમભોગવૃત્તિ **વિસ્તરયેઉ** = વિસ્તાર પામી **ચક્ષ સત્વ** = ચક્ષ સત્ત્વ **તીન** = ત્રણ **તાહીહુસે** = તેનાથી **ભયેઉ** = ઉત્પન્ન થયા **અનંગ ચક્ષસત્વ** = અનંગ ચક્ષસત્ત્વ **ચક્ષ વ્રગ જ્ઞાનું** = વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ **ત્રીતીયુ** = ત્રીજું **કાલ સક્ષસત્વ** = કાળ ચક્ષસત્ત્વ **અભીરાનુ** = પોતાની ઈચ્છા મુજબના, આનંદદાયક.

### અનુવાદ

**બીજી સંજમભોગવૃત્તિનો વિસ્તાર થયો તેમાંથી અનુરાગ યુક્ત ત્રણ ચક્ષસત્ત્વ થયાં. અનંગ ચક્ષસત્ત્વ, વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ અને ત્રીજું કાળ ચક્ષસત્ત્વ.**

### ભાવાર્થ

સર્જનહારે બીજી સંજમભોગવૃત્તિનો વિસ્તાર કર્યો. જેમાં સર્વ તત્ત્વોના સાથે સબંધ (સંજમ) રાખી તેમાં ભેળવવા માટે પ્રવૃત્તિ કરવા સારુ સ્ફુરણા, પોષણ અને નાશ કરવામાં સાથ આપનારાં ત્રણ ચક્ષસત્ત્વ ઉત્પન્ન કર્યાં. અનંગ ચક્ષસત્ત્વ એ કામદેવ સમાન સ્ફુરણા કરવાનું કાર્ય કરે છે. વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ એ પોષણ અને વૃદ્ધિ કરાવવાનું કાર્ય કરે છે અને કાળ ચક્ષસત્ત્વ તે અંત લાવવાના કામમાં અન્ય તત્ત્વોને મદદરૂપ થવા માટેનું કાર્ય કરે છે.

**વૃત્તિ ત્રીતીયેહુ ઈચ્છા અસક ઉપાઈ, તત્ત્વ સફૂરણ બોત્તેર ભયે તાઈ;**
**વૃત્તિ ક્રિયા ચતુરથી વિભાગ બીચૌની, ઉલટ સુલટ ભઈ કર્તા તનુ ભવની. ૧૦**

### શબ્દાર્થ

**વૃત્તિ ત્રીતીયેહુ** = ત્રીજી વૃત્તિ **ઈચ્છા** = ઈચ્છાવૃત્તિ **અસક** = આશક્તિ, અનુરાગ **ઉપાઈ** = ઉત્પન્ન કરી **તત્ત્વ સફૂરણ** = તત્ત્વોની સ્ફુરણા કરી **બોત્તેર** = બોત્તેર(૭૨) **ભયે** = થયા **તાઈ** = તેનાથી **વૃત્તિ ક્રિયા** = ક્રિયાવૃત્તિ **ચતુરથી** = ચોથી **વિભાગ** = વિભાગ **બીચૌની** = વચ્ચે રહેનાર માધ્યમથી **ઉલટ સુલટ** = ઊલટા-સૂલટી **ભઈ** = કરીને **કર્તા** = સર્જનહાર **તનુ** = શરીર રચ્યા **ભવની** = જગતના જીવોના.

### અનુવાદ

**ત્રીજી ઈચ્છાવૃત્તિને અનુરાગપૂર્વક ઉપજાવી તેમાંથી બોત્તેર તત્ત્વો સ્ફુરાયમાન કર્યાં. ચોથા વિભાગરૂપે ક્રિયાવૃત્તિના માધ્યમથી (તત્ત્વોને)ઊલટા-સૂલટી કરીને કર્તાએ જગતનાં શરીરો રચ્યાં છે.**

### ભાવાર્થ

પહેલાં બે વૃત્તિથી પ્રસારો કરેલ તત્ત્વોની સ્ફુરણા પછી ત્રીજી ઈચ્છાવૃત્તિથી બોત્તેર તત્ત્વો ઉત્પન્ન કર્યાં. આમ તત્ત્વો ઉપજાવ્યા છતાં તેની ક્રિયા ન જણાઈ. ત્યારે કર્તાએ ચોથી ક્રિયાવૃત્તિ ઉત્પન્ન કરીને

સર્વ તત્ત્વોને ઊલટા-સૂલટી કરીને વિધ-વિધ પ્રકારના શરીરો રચ્યા. આ તત્ત્વોની મેળવણીથી પોતાની ઈચ્છા અનુસાર નિજ ગતિ વડે અનેક વિધિ કરીને પછી અલંકારના માપની દૃષ્ટિએ અને અધિક ન્યૂન આયુષ્યવાળા ઘાટ બનાવ્યા. વિધવિધ ઘાટો માટે ઈચ્છા પ્રમાણે તત્ત્વ સંભવે તેવા ભાગ લઈને ક્રિયાવૃત્તિના બળે યોગ્ય મેળવણી કરીને સ્થાવર, જંગમ, દેવ, વૈરાટ સહિત સર્વ અલંકાર બનાવ્યા.

(આ ઘાટો કેવી રીતે તૈયાર કર્યા તેની વિગત હવે આપે છે).

**ઉલટ સુલટ તંત વિભાગ મેલાઇ, અનંત કોટ તનું બીજ ઉપજાઇ;**
**વૃત્તિ પંચમી ચૈતન ચિત્ત પ્રેરી, વૃત્તિ ક્રિયા ક્રત બીજ વૃદ્ધિ કીયે ઘેરી. ૧૧**

### શબ્દાર્થ

**ઉલટ સુલટ** = ઊલટ-સૂલટ **તંત** = તત્ત્વો **વિભાગ** = વિભાગ **મેલાઇ** = મેળવીને **અનંત કોટ** = અનંત કોટી, પ્રકાર **તનું** = શરીર, ઘાટ **બીજ** = બીજક **ઉપજાઇ** = ઉત્પન્ન કર્યા **વૃત્તિ પંચમી** = પાંચમી વૃત્તિ **ચૈતન ચિત્ત** = ચૈતન ચિત્ત **પ્રેરી** = પ્રેરી ને **વૃત્તિ ક્રિયા** = ક્રિયાવૃત્તિ **ક્રત** = રચના **બીજ** = બીજક **વૃદ્ધિ** = વૃદ્ધિ **કીયે** = કર્યા **ઘેરી** = બહુ પ્રમાણમાં ઘેરાઈને રહેલાં.

### અનુવાદ

**તત્ત્વોના ઊલટ-સૂલટ વિભાગોની મેળવણીથી અસંખ્ય પ્રકારે ઘાટોના બીજકો ઉત્પન્ન કર્યા. તેમાં પાંચમી ચેતનવૃત્તિરૂપ ચિત્ત પ્રેરક કર્યું ત્યારે ક્રિયાવૃત્તિ દ્વારા તૈયાર થયેલા ક્રત રૂપ બીજક જે ઘેરાઈને રહ્યાં હતાં તે વૃદ્ધિ પામ્યા.**

### ભાવાર્થ

ક્રિયાવૃત્તિ દ્વારા તત્ત્વોના વિભાગ ઊલટ-સૂલટ મેળવણી કરીને અસંખ્ય પ્રકારના ઘાટોનાં બુંદ-બીજકના બીબાં તૈયાર કર્યાં. પછી પાંચમી સજીવનવૃત્તિ રૂપ ચિત્ત પ્રેરક કર્યુ ત્યારે ક્રિયાવૃત્તિથી તૈયાર થયેલ જેનો જેવો ઘાટ તે માપ મુજબ વૃદ્ધિ પમાડીને નાનાં-મોટાં કીડીથી કુંજર સુધીનાં ઘાટો તૈયાર થયાં. છતાં પણ તત્ત્વો પોખ્યાં પ્રમાણે ભિન્ન ભિન્ન ઘાટના અલંકાર મુજબ વર્તમાન-ક્રિયા ન થવા લાગી તેમજ ચરાચર વૈરાટ દેવને વિશે પણ નર્યા તત્ત્વો વડે ક્રિયા ન થઈ. માત્ર વૃદ્ધિ પામીને જડવત્ જ રહ્યાં.

**એહી વૃત્તિ પંચ સંચ જુગ સારા, અકેકી વિભાગ જે તે ભઇ કહી સારા;**
**વૃત્તિ ષષ્ટમી કર્તા અંશ સફુરા, બ્રાજે સર્વ ઘટ ત્રત હાલ હજુરા. ૧૨**

### શબ્દાર્થ

**એહી** = આ **વૃત્તિ પંચ** = પાંચ વૃત્તિઓ **સંચ** = સંચ **જુગ** = જગત **સારા** = આખુ, સમસ્ત **અકેકી** = એક એક કરીને **વિભાગ** = વિભાગ **જે તે ભઇ** = જે પ્રમાણ થયા તે પ્રમાણે **કહી** = કહ્યા **સારા** = સર્વ, બધા જ **વૃત્તિ ષષ્ટમી** = છઠ્ઠી વૃત્તિથી

**કર્તા અંશ** = કર્તાના અંશો **સફુરા** = સ્ફુરણ કરીને **બ્રાજે** = બિરાજ્યા **સર્વ ઘટ** = દરેક ઘાટ(શરીર)માં **ત્રત** = તુરંત જ **હાલ હજુરા** = હાલ હજૂર, પ્રત્યક્ષ રીતે.

## અનુવાદ

**આ પ્રમાણે પાંચ વૃત્તિઓ દ્વારા સમસ્ત વિશ્વના ઘાટો રચાયા. તે દરેક વૃત્તિથી જે વિભાગોને એક એક કરીને જે પ્રમાણે ઉત્પન્ન થયા હતા તે સઘળું કહ્યું. (ત્યારબાદ) છઠ્ઠી કર્તા અંશવૃત્તિથી અંશોની સ્ફુરણા કરીને તરત જ સર્વ ઘાટોમાં પ્રત્યક્ષ રીતે બિરાજમાન કર્યા.**

## ભાવાર્થ

આ પ્રમાણે સર્જનહારે અલગ અલગ પાંચ વૃત્તિઓથી જે પ્રમાણે રચના કરી તે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આપણને કહી સંભળાવી.

ઉપર મુજબ જોતાં તમામ રચના ક્રિયાવંત બની નહીં ત્યારે નિજકર્તાએ સર્વજ્ઞ સજાણપણે જોયું અને વિચાર કર્યો કે આપણા સજાતિ અંશ ઉત્પન્ન કરીને દેહને વિશે પ્રેરક કર્યા વિના આ સઘળો ખેલ ચૈતન થઈને પરંપરા મુજબ પોતાના સંકલ્પ પર્યંત ચાલે તેમ લાગતો નથી. તેથી અંતરવૃત્તિમાં સજાણ સ્વરૂપ અંશ ઉત્પન્ન કરવાની જે ભાવના કરી તેને કર્તાઅંશવૃત્તિ જાણવી. આ છઠ્ઠી કર્તાઅંશવૃત્તિ દ્વારા સર્જનહારે પોતાની સજાતિના (ત્રણ પ્રકારની ગતિવાળા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ) અંશો ઉપજાવીને ચરાચર વૈરાટ દેવ સહિતના ઘાટો વૃદ્ધિ પામીને જડવત્ રહ્યાં હતાં, તેમાં ચૈતન અંશને તરત જ પ્રેરક કર્યા.

જ્યારે ઘાટમાં અંશો બિરાજમાન થયા ત્યારે જે ઘાટોમાં જે પ્રમાણે અધિક ન્યૂન તત્ત્વો પોખ્યાં હતા. તે અંશની આભાસ ભાવનાથી ચૈતન થઈને પોતપોતાના તત્ત્વો અને ગુણ મુજબ વર્તમાન કરવા લાગ્યા.

**ભયેહુ અંશ કર્તા એહી વિધિ પોતે, કરન રમણ પણ ગણીત ન જોતે;**
**અરબ અનેક ખરબહી અનંતા, અગણિત પદ્મ શંખ નહીં અંતા. ૧૩**

## શબ્દાર્થ

**ભયેહુ** = ઉત્પન્ન થયેલા **અંશ** = અંશો **કર્તા** = કર્તા, સર્જનહાર **એહી વિધિ** = એ પ્રમાણેના **પોતે** = પોતે-પોતાની રીતે, સ્વયં **કરન** = કરવા લાગ્યા **રમણ** = વિલાસ, ક્રિડા **પણ** = વળી **ગણીત** = ગણતરી **ન જોતે** = ન થઈ શકે તેટલી **અરબ** = અરબો, અસંખ્ય **અનેક ખરબહી** = અનેક ખર્વો **અનંતા** = અનંત **અગણિત પદ્મ** = ગણતરી ન થઈ શકે તેટલા પદ્મ **શંખ** = શંખ **નહીં અંતા** = અંત વગરના, અસંખ્ય.

## અનુવાદ

**આ રીતે ઉત્પન્ન થયેલા કર્તાના અંશો પોતે રમણ કરવા લાગ્યા, પરંતુ તેની ગણતરી થઈ શકે તેમ નથી. કારણ કે તે અનેક અરબ, અનંત ખરબ, અગણિત પદ્મ અને શંખ છે કે જેનો અંત જ નથી.**

## ભાવાર્થ

સર્જનહારે પોતાની સજાતિના જે અંશોને ઉત્પન્ન કર્યા, તે વિશ્વમાં આવીને વિવિધ ઘાટોમાં રમણ કરવા લાગ્યા. જેમાં પરમવિશેષ પુરુષોમાં પરમવિશેષ અંશ, સચરાચર દેવોમાં વિશેષ અંશો તેમજ સર્વ સ્થાવર જંગમ ઘાટોમાં સામાન્ય અંશો રમણ કરવા લાગ્યા, બહ્માંડમાં કેટલા અંશો રમણ કરે છે તેની ગણતરી થઈ શકે તેમ નથી. કારણ કે તે અંશો સંખ્યાની દૃષ્ટિએ અનેક અરબ, અનંત ખર્વ, અગણિત પદ્મ, શંખ કે જેનો અંત ન આવી શકે તેટલા છે.

**યેસેહી અંશ હુયેહુ અનુસારા, ખુદ ખાવન કૈવલ કિરતારા;**
**જેહી કૈવલ બિનુ વૃત્તિ કૃત કંદના, સોહી સફુરેહુ હોય વિશ્વ વૃત્તિ વૃંદના. ૧૪**

## શબ્દાર્થ

**યેસેહી** = એ પ્રમાણે, એ રીતે **અંશ** = અંશ **હુયેહુ** = થયા **અનુસારા** = અનુસાર, તે મુજબ **ખુદ ખાવન** = મૂળ પોતે, પતિ, ધણી, સ્વામી **કૈવલ** = કૈવલ કર્તા **કિરતારા** = સર્જનહાર **જેહી** = જે **કૈવલ બિનુ** = કૈવલ કર્તા સિવાય **વૃત્તિ** = ઇચ્છા **કૃત** = રચના અંગે **કંદના** = કારણ રૂપે **સોહી** = તે પોતે જ **સફુરેહુ હોય** = સ્ફુરણા કરી છે **વિશ્વ વૃત્તિ** = વિશ્વની વૃત્તિ **વૃંદના** = સમૂહ.

## અનુવાદ

**આ પ્રમાણે અંશો ઉત્પન્ન થયા છે, જેના સર્જનહાર ખુદ કૈવલ ધણી છે. કૈવલકર્તા વગર અન્ય કોઈ આ રચનાની વૃત્તિના કારણરૂપે નથી. તેમના થકી જ વૃત્તિઓના સમૂહથી આ વિશ્વની રચના સ્ફુરણા પામી છે.**

## ભાવાર્થ

આ રીતે ત્રણે પ્રકારના મળી અગણિત અંશો કે જેનો આ વિશ્વમાં ફેલાવો થયો છે, તેનું સર્જન માત્રને માત્ર ખુદ કૈવલ ધણીએ કર્યું છે. કારણ કે સર્જનહાર મહદ સજાણજાણ સ્વરૂપે પૂર્ણ ચૈતન છે. તેમણે જ પોતાની સજાતિના અલ્પ જાણવાળા પોતાના સાક્ષી સ્વરૂપે ચૈતન અંશો ઉત્પન્ન કર્યાં છે. કૈવલ કર્તા વિના અન્ય કોઈ આ સમગ્ર રચનાના કારણરૂપે નથી. સચરાચર બ્રહ્મમાં ચોરાસી તત્ત્વોને ઉત્પન્ન કરી અલગ અલગ ઈંડો અને તેમાં પણ અલગ અલગ ધામો રચીને ત્રણ પ્રકારના અંશો મળી અસંખ્ય ઘાટોની રચના કરી છે. તેમની જ છ વૃત્તિઓના સમૂહથી આ સઘળી રચના સાકાર સ્વરૂપે તેમના સંકલ્પ(મહાકલ્પ) પર્યંત સતત ચાલ્યા જ કરવાની છે. એટલે કે સર્જનહાર કૈવલ કર્તાએ પોતાના સંકલ્પનો વેગ પહોંચે ત્યાં સુધી ચાલે તેવી રચના કરી છે.

## દોહા

**વૃત્તિ પંચ પસરન કરી, કીનેહુ સકલ જાહાંન;**
**છઠ્ઠી કર્તાવૃત્તિ અંશ હોઈ, આપ નિવાસેહુ આંન. ૧૫**

### શબ્દાર્થ

**વૃત્તિ** = વૃત્તિ **પંચ** = પાંચ **પસરન કરી** = પ્રસારીને **કીનેહુ** = કર્યો, બનાવ્યા **સકલ** = સર્વ **જાહાંન** = વિશ્વ, જગત **છઠ્ઠી** = છઠ્ઠી **કર્તાવૃત્તિ અંશ** = કર્તા અંશવૃત્તિ **હોઈ** = થી **આપ** = આપ, પોતે **નિવાસેહુ** = નિવાસ કરેલ છે **આંન** = અલગ, મર્યાદામાં, અન્ય, ભિન્ન.

### અનુવાદ

**પાંચ વૃત્તિઓનો પ્રસારો કરીને સમગ્ર વિશ્વ રચાયું છે. છઠ્ઠી કર્તાઅંશવૃત્તિથી અંશોને વસાવીને કર્તા સ્વયં ભિન્ન રહ્યા.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની પાંચ વૃત્તિઓનો ફેલાવો કરીને આ સમગ્ર બ્રહ્માંડની રચના કરી. ત્યારબાદ કર્તાએ છઠ્ઠી કર્તાઅંશવૃત્તિથી અંશો ઉત્પન્ન કર્યા. તે અંશોને વિવિધ ઘાટોમાં વસાવીને તેઓ તો વિશ્વ-રચનાથી ભિન્ન કૈવલધામમાં જ બિરાજમાન રહ્યા છે. તેઓ સદાને માટે બ્રહ્મની મધ્યમાં રહીને પરમવિશેષ અને વિશેષ અંશરૂપી અમલદારો દ્વારા વહીવટ કરાવે છે, પરંતુ પોતે કદી પણ પોતાની બનાવેલી રચનામાં આવતા જ નથી.

**એહી ખટવૃત્તિ પ્રથુ મુલસે, ભયેહુ સકલ વિસ્તાર;**
**વિવિધ ભાત ભિન્ન ભિન્ન ભવ, કહુ મમ ક્રત અનુધાર. ૧૬**

### શબ્દાર્થ

**એહી** = એ **ખટવૃત્તિ** = છ વૃત્તિઓ **પ્રથુ** = પૃથુ, ભવ, વિસ્તારવાળી **મુલસે** = પ્રથમથી જ **ભયેહુ** = થયો, ઉત્પન્ન કર્યો **સકલ** = સર્વ **વિસ્તાર** = વિસ્તાર **વિવિધ ભાત** = વિધવિધ ભાતના, જાત જાતના **ભિન્ન ભિન્ન** = અલગ અલગ **ભવ** = જગતમાં **કહુ** = કહું છું **મમ** = હું **ક્રત** = રચના **અનુધાર** = તે પ્રમાણે, ક્રમાનુસાર.

### અનુવાદ

**પ્રથમ છ વૃત્તિઓથી વિધવિધ પ્રકારે જુદી જુદી ભાતવાળો સમસ્ત ભવનો વિસ્તાર કર્યો છે. તેની રચના પ્રમાણે ક્રમાનુસાર હું કહું છું.**

### ભાવાર્થ

સર્જનહારે સૃષ્ટિની શરૂઆતમાં છ વૃત્તિઓથી ક્રમાનુસાર તત્ત્વો રચ્યાં અને પછી ઘાટોની રચના કરી. ત્યારપછી પોતાની સજાતિના અંશને પ્રેરક કર્યા અને વિવિધ પ્રકારે જુદી જુદી ભાતવાળી સૃષ્ટિનો વિસ્તાર કર્યો છે. આ વૈરાટની રચના કેવી રીતે આકાર પામી તેની ક્રમબદ્ધ માહિતી પરમગુરુ આપણને સમજાવે છે.

**શ્રોતા સકલ સૂનહો મમ, ભવ ઉતપન ભલ ભેદ;**
**જેહી કર્તા ગતે કુલ રચ્યા, સોહી ગતિ લહત ન વેદ. ૧૭**

### શબ્દાર્થ

**શ્રોતા** = સાંભળનાર વર્ગ **સકલ** = સર્વે, સઘળો **સૂનહો મમ** = મને સાંભળો **ભવ** = વિશ્વની **ઉતપન** = ઉત્પત્તિનો **ભલ** = ખુબ જ ભલો, ઘણું ગૂંઢ **ભેદ** = રહસ્ય **જેહી** = જે **કર્તા** = સર્જનહાર **ગતે** = ગતિ દ્વારા **કુલ રચ્યા** = સર્વ રચના કરી **સોહી** = તે **ગતિ** = ગતિ, સમજ **લહત ન વેદ** = વેદો પણ જાણતા નથી.

### અનુવાદ

**હે શ્રોતાજનો! જગતની ઉત્પત્તિ વિશેના ગૂઢ રહસ્યને(હું કહું છું તે)સાંભળો. જે ગતિ દ્વારા કર્તાએ સઘળી રચના કરી તે ગતિ ચાર વેદ પણ જાણતા નથી.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર શ્રોતાજનોને જણાવે છે કે જગતની ઉત્પત્તિ વિશે જે ગૂઢ રહસ્ય છુપાયેલું છે, તેની માહિતી બ્રહ્મા રચિત ચાર વેદમાં પણ નથી. તે જ રહસ્યને આ 'પંચમ શ્વસંવેદ'માં સચોટ અને ન્યાયપૂર્ણ રીતે જાહેર કરવામાં આવ્યું છે. વળી સર્જનહારે પોતાની સજાણજાણ ગતિ દ્વારા સઘળી રચના રચી છે. તેની સમજ પણ ચાર વેદમાં નથી જે પાંચમા વેદની રચના કરીને પરમગુરુએ આપણને વિસ્તારપૂર્વક દર્શાવી દીધી છે.

**તેહી ગતિ સબલ સુનાવહુ, લોક ચર્તુદશ સાજ;**
**થાવર જંગમ જલ થલ, સુર તનુ સહિત સમાજ. ૧૮**

### શબ્દાર્થ

**તેહી** = તે **ગતિ** = સમજ **સબલ** = બળવાન, બળપૂર્વક, સામર્થ્યપૂર્વક **સુનાવહુ** = સંભળાવું છું **લોક ચર્તુદશ** = ચૌદ લોકનો **સાજ** = સાજ, સર્વ રચના **થાવર** = સ્થિર જાતિ **જંગમ** = જંગમજાતિ **જલ** = જળ જાતિ **થલ** = સ્થળચર **સુર તનુ** = દેવોના શરીર, દેહ **સહિત** = સહિત **સમાજ** = સમાજ, સંસાર સર્વે.

## અનુવાદ

**ચૌદ લોકનીસર્વ રચનાની આદ્ય લઈને સ્થાવર, જંગમ, જળચર, સ્થળચર તથા દેવોના શરીર સહિત(તમામ) સંસારના સર્વેની ગતીનું વર્ણન મારી સામર્થતાથી કહી સંભળાવું છું.**

## ભાવાર્થ

જેને ચાર વેદ પણ જાણી શક્યા નથી તેવી જે રચનાની સમજમાં ચૌદ લોકના વૈરાટ સહિત સર્વ રચનાનો સમાવેશ થયેલો છે. તેમજ સ્થાવર, જંગમ, જળચર, સ્થળચર અને અંતરિક્ષમાં બિરાજમાન ૩૩ કોટિ દેવોના શરીર અને સંસારના વિવિધ ઘાટોના તત્ત્વોનું બંધારણ તેમજ તેની કાર્યશક્તિ સહિતનું વર્ણન પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પરમવિશેષ પાટવી અંશના નાતે કર્તા દ્વારા મળેલ સામર્થતાના બળે સર્વને કહી સંભળાવે છે.



# તત્ત્વોની ઉત્પત્તિ દર્શાવનકો

## સ્કંધ ૬



પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જ્યારે નિજ મહદ સજાણજાણ સ્વરૂપ કૈવલકર્તાને દ્વૈત રમણ કરવાનો ઉમંગ થયો ત્યારે છ વૃત્તિઓ દ્વારા વિશ્વ ઉત્પન્ન કર્યું.

**૧. પ્રકાશબ્રહ્મવૃત્તિ**

સૌ પ્રથમ કર્તાએ પ્રકાશબ્રહ્મવૃત્તિ ઉત્પન્ન કરી, તે બ્રહ્મવૃત્તિથી ત્રણ મહાતત્ત્વો ઉત્પન્ન થયાં.

૧. અવિકાસ મહાતત્ત્વ  ૨. વિકાસ મહાતત્ત્વ  ૩. કુંભસ્થ મહાતત્ત્વ

આ પ્રમાણે પ્રકાશબ્રહ્મવૃત્તિથી આ ત્રણ મહાતત્ત્વો થયાં.

**૨. સંજમભોગવૃત્તિ**

ત્યાર પછી કર્તાએ બીજી સંજમભોગવૃત્તિ ઉત્પન્ન કરી. તે સંજમભોગવૃત્તિથી ત્રણ ચક્ષસત્ત્વ ઉત્પન્ન થયા.

૧. વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ  ૨. અનંગ ચક્ષસત્ત્વ  ૩. કાલ ચક્ષસત્ત્વ – આ ત્રણ ચક્ષસત્ત્વ કર્તાની સંજમભોગવૃત્તિનાં થયાં.

**૩. ઈચ્છાવૃત્તિ**

ત્યાર પછી કર્તાએ ત્રીજી ઇચ્છાવૃત્તિ ઉત્પન્ન કરી. તે ઈચ્છાવૃત્તિથી (બોત્તેર) ૭૨ તત્ત્વો વિસ્તાર પામ્યાં છે (૭૨ તત્ત્વોની ગણતરીમાં સરળતા રહે તે માટે ૧ થી ૭૨ નંબર કૌંસમાં દર્શાવવામાં આવ્યા છે).

પ્રથમ નિરંજનતત્ત્વ(૧) ઉત્પન્ન થયું. નિરંજનતત્ત્વથી અવ્યાકૃતતત્ત્વ(૨) ઉત્પન્ન થયું. અવ્યાકૃતતત્ત્વથી બે કારણ તત્ત્વો થયાં. એક મહા તત્ત્વકારણ(૩) અને બીજું આનંદ તત્ત્વકારણ(૪).

**આ બંને કારણતત્ત્વમાંથી ચોત્રીસ-ચોત્રીસ તત્ત્વો ઉત્પન્ન થયાં તે આ પ્રમાણે છે**

પ્રથમ આનંદ તત્ત્વકારણથી પ્રકૃતિ તત્ત્વકારણ(૫) ઉત્પન્ન થયું. તે પ્રકૃતિ તત્ત્વકારણથી ત્રણ ગુણ ઉત્પન્ન થયા. ૧. તમોગુણ(૬) ૨. રજોગુણ(૭) ૩. સતોગુણ(૮). આ ત્રણ ગુણો પ્રકૃતિ તત્ત્વકારણથી ઉત્પન્ન થયાં.

**પ્રથમ તમોગુણથી દસ કાળના તત્ત્વો ઉત્પન્ન થયાં**

**કાળ :** ૧. સ્વભાવકાળ(૯), ૨. કામનાકાળ(૧૦), ૩. આક્રંતકાળ(૧૧), ૪. આશ્ચર્યકાળ(૧૨), ૫. પૃથકકાળ(૧૩), ૬. વિપરીતકાળ(૧૪), ૭. અજ્ઞાનકાળ(૧૫), ૮. રાગસકાળ(૧૬), ૯. દ્વેષકાળ(૧૭) અને ૧૦. વૃદ્ધિઅંતકાળ(૧૮). આ દસ કાળ તમોગુણથી ઉત્પન્ન થયાં.

**બીજા રજોગુણથી દસ આકાંક્ષાઓ ઉત્પન્ન થયાં**

**આકાંક્ષા :** ૧. શ્રવણ આકાંક્ષા(૧૯), ૨. સુગંધ આકાંક્ષા(૨૦), ૩. નિરીક્ષણ આકાંક્ષા(૨૧),

૪. ક્ષુધા-પિપાસા આકાંક્ષા(૨૨), ૫. ઉચ્ચાર આકાંક્ષા(૨૩), ૬. શીત-ઉષ્ણ આકાંક્ષા(૨૪), ૭. ગ્રાહાજ આકાંક્ષા(૨૫), ૮. વિષય આકાંક્ષા(૨૬), મળવિસર્જન આકાંક્ષા(૨૭) અને ૧૦. ગવન આકાંક્ષા(૨૮) આ દસ આકાંક્ષા રજોગુણથી ઉત્પન્ન થઈ.

### ત્રીજા સતોગુણથી પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થા ઉત્પન્ન થયાં

**અંતઃકરણ**

૧. મન અંતઃકરણ(૨૯), ૨. બુદ્ધિ અંતઃકરણ(૩૦), ૩. અહંકાર અંતઃકરણ(૩૧), ૪. ચિત્ત અંતઃકરણ(૩૨) અને ૫. ચિદ્ અંતઃકરણ(૩૩).

**અવસ્થા**

૧. જાગ્રત અવસ્થા(૩૪), ૨. સ્વપ્ન અવસ્થા(૩૫), ૩. સુષુપ્તિ અવસ્થા(૩૬), ૪. તુરિયા અવસ્થા(૩૭) અને ૫. ઉન્મૂનિ અવસ્થા(૩૮).

આ પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થા એમ, દસ તત્ત્વો સતોગુણથી ઉત્પન્ન થયાં.

એ પ્રકારે ચોત્રીસ તત્ત્વો આનંદ તત્ત્વકારણથી ઉત્પન્ન થયાં.

બીજા મહા તત્ત્વકારણથી ધનંજે તત્ત્વકારણ(૩૯) ઉત્પન્ન થયું. તે ધનંજે તત્ત્વકારણથી ત્રણ ઘણ ઉત્પન્ન થયા.

### ધનંજે તત્ત્વકારણ

૧. અહંકારઘણ(૪૦), ૨. અચંતઘણ(૪૧) અને ૩. સ્વકાશઘણ(૪૨).

### અહંકારઘણ

એ ત્રણે ઘણનો વિસ્તાર પૈકી પહેલા અહંકારઘણથી પાંચ ભૂત અને પાંચ માત્રા મળી કુલ ૧૦ તત્ત્વો થયા.

**પંચભૂત**

૧. પૃથ્વી(૪૩), ૨. જળ(૪૪), ૩. અગ્નિ(૪૫), ૪. વાયુ(૪૬) અને ૫. આકાશ (૪૭).

**પંચમાત્રા**

૧. શબ્દમાત્રા(૪૮), ૨. સ્પર્શમાત્રા(૪૯), ૩. રૂપમાત્રા(૫૦), ૪. રસમાત્રા(૫૧) અને ૫. ગંધમાત્રા(૫૨).

આ પાંચભૂત અને પાંચમાત્રા એમ, દસ તત્ત્વ અહંકારઘણથી ઉત્પન્ન થયા.

**અચંતઘણ**

એ ત્રણ ઘણના વિસ્તાર પૈકી બીજા અચંતઘણથી દસ ભાવના ઉત્પન્ન થઈ.

**દસ ભાવના**

૧. અહમ્ ભાવના(૫૩), ૨. સંભ ભાવના(૫૪), ૩. વિસર્જન ભાવના(૫૫), ૪. નિંદ્રા ભાવના(૫૬), ૫. અંધતમ ભાવના(૫૭), ૬. અચેત ભાવના(૫૮), ૭. ઉચ્ચાટ ભાવના(૫૯), ૮. અભાવ ભાવના (૬૦), ૯. મૂન્ય ભાવના(૬૧) અને ૧૦. અસામર્થ ભાવના (૬૨).

આ દસ ભાવના અચંતઘણથી ઉત્પન્ન થઈ. સમભાવના

**સ્વકાશઘણ**

એ ત્રણ ઘણના વિસ્તાર પૈકી ત્રીજા સ્વકાશઘણથી પાંચ વિવસ્તા અને પાંચ સંભસક્રણ ઉત્પન્ન થયાં.

**પાંચ વિવસ્તા**

૧. સ્થિતિ વિવસ્તા(૬૩), ૨. ઉદાર વિવસ્તા(૬૪), ૩. ગલિત વિવસ્તા(૬૫), ૪. કુંભસ્થ વિવસ્તા(૬૬) અને ૫. સામાન્ય વિવસ્તા(૬૭)

**પાંચ સંભસક્રણ**

૧. સ્વાંત્ય સંભસક્રણ(૬૮), ૨. શીલ સંભસક્રણ(૬૯), ૩. સહેજ સંભસક્રણ(૭૦), ૪. સંતોષ સંભસક્રણ(૭૧) અને ૫. સમતા સંભસક્રણ(૭૨).

આવાં ચોત્રીસ તત્ત્વો મહા તત્ત્વકારણથી ઉત્પન્ન થયાં. એ પ્રમાણે કુલ ૭૨ તત્ત્વો ઇચ્છાવૃત્તિથી થયાં.

**૪. ક્રિયાવૃત્તિ**

ક્રિયાવૃત્તિ દ્વારા સર્વ તત્ત્વોના વિભાગની વહેંચણી કરીને પિંડ બ્રહ્માંડની આદ્ય લઈ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર તથા કોરમ, મિંડક અને શેષ પર્યંત સ્થાવર, જંગમ, કીટ, પતંગ તેમજ દેવતનું સહિત ચોર્યાસી લક્ષ પ્રકારના તનુ ઉત્પન્ન કર્યા, પરંતુ તે ઘાટ જડવત્ રહ્યાં અને વૃદ્ધિ પામ્યા નહીં. ત્યારે કર્તાએ પાંચમી સજીવનવૃત્તિ પ્રેરક કરી.

**૫. સજીવનવૃત્તિ**

કર્તાએ પાંચમી સજીવનવૃત્તિથી સર્વ તંતુ પોતપોતાના માપ પ્રમાણે વૃદ્ધિ પામી રહ્યાં, પણ હલનચલન વિના જડવત્ રહ્યા ત્યારે કર્તાએ છઠ્ઠી કર્તાઅંશવૃત્તિ ઉત્પન્ન કરી.

**૬. કર્તાઅંશવૃત્તિ**

જ્યારે તંતુ જડવત્ રહ્યા ત્યારે કર્તાએ છઠ્ઠી કર્તાઅંશવૃત્તિથી પોતાના અંશ પ્રેરક કર્યા. તે કર્તાના અંશ સર્વ તનુમાં પ્રેરક થવાથી જેમાં જેટલા વિભાગ પોખ્યાં હતા, તે પ્રમાણે હલનચલન કરવા લાગ્યા.

**કર્તાની છ વૃત્તિ સહિત કુલ ૮૪ તત્ત્વોના વિસ્તારની સમજ**

૧ પ્રકાશબ્રહ્મવૃત્તિ
૧ સંજમભોગવૃત્તિ
૧ ઈચ્છાવૃત્તિ
૧ ક્રિયાવૃત્તિ
૧ સજીવનવૃત્તિ
૧ કર્તાઅંશવૃત્તિ
૩ પ્રકાશબ્રહ્મવૃત્તિના મહાતત્ત્વો
૩ સંજમભોગવૃત્તિના ચક્ષસત્ત્વો
૭૨ ઈચ્છાવૃત્તિના અલગ-અલગ તત્ત્વો
**૮૪ કુલ તત્ત્વો**

(દોહા)

**કર્તા ઉમંગ ખટવૃત્તિ કત, કીયેહુ સકલ વિસ્તાર;**
**બોહોરુ વિવિધ ભિન્ન ભિન્ન તનુ, કીયે જીનું કહું અનુસાર. ૧**

**શબ્દાર્થ**

**કર્તા** = સર્જનહાર **ઉમંગ** = ઉમંગ, ભાવ **ખટવૃત્તિ** = છ વૃત્તિઓ **કત** = સર્જનહારની સમગ્ર રચના **કીયેહુ** = કરી **સકલ** = સમગ્ર **વિસ્તાર** = પ્રસારો, ક્ષેત્રફળ, ફેલાવો, પથરાટ **બોહોરુ** = વળી, અને **વિવિધ** = વિધવિધ પ્રકારના **ભિન્ન ભિન્ન** = અલગ-અલગ **તનુ** = શરીર, ઘાટ, **કીયે** = કર્યા **જીનું** = જે અંગે, જેના માટે, જેણો **કહું** = કહું **અનુસાર** = તે મુજબ, તદ્ અનુસાર.

**અનુવાદ-ભાવાર્થ**

અનંત બ્રહ્માંડના અધિપતિ સકર્તા સર્જનહાર કૈવલ કર્તાએ પોતાના ઉમંગથી જે પ્રમાણે છ વૃત્તિઓ સહિત કુલ ૮૪ તત્ત્વોનો વિસ્તાર કર્યો છે, તે પ્રમાણે ક્રમાનુસાર ઉત્પત્તિની હકીકત સ્કંધ ૬ માં દર્શાવી છે. તેમજ પાર ન પામી શકાય તેવી સમગ્ર સૃષ્ટિનો ફેલાવો કરી તેમાં વિધવિધ પ્રકારનાં ભિન્ન ભિન્ન શરીરો (ઘાટો) અલગ-અલગ તત્ત્વોની મેળવણી કરીને, જે પ્રમાણે બનાવ્યા છે તે મુજબની સમજ પરમગુરુ હવે દર્શાવે છે.

**ઉલટ સુલટ તત્ત્વ ઉતઈત, કીયે ક્રિયાવૃત્તિ મેલાય;**
**નારણદાસ સૂણ ભવગતિ, દેતહી કુવેર લખાય. ૨**

### શબ્દાર્થ

**ઉલટ-સુલટ** = ઊલટા-સૂલટી કરીને **તત્ત્વ** = તત્ત્વો **ઉત-ઈત** = મૃત્યુલોક અને દેવલોક **કીયે** = કર્યો, બનાવ્યો **ક્રિયાવત્તિ** = ક્રિયાવૃત્તિથી **મેલાય** = મેળાપ, મેળવીને, ભેગા કરીને **નારણદાસ** = પૂજ્ય નારણદાસજી મહારાજ **સુણ** = સાંભળ **ભવગતિ** = સૃષ્ટિની રચનાની વિગત, **દેતહી** = બતાવે છે **કુવેર** = કુવેરસ્વામી **લખાય** = દર્શાવીને, લખીને દર્શાવવું.

### અનુવાદ-ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર તેમના પટ્ટ શિષ્ય શ્રી નારણદાસ મહારાજને જણાવે છે કે મૃત્યુલોક અને દેવલોક સહિતના સમગ્ર બ્રહ્માંડમાં વસતા દરેક તનુ (ઘાટ) નિર્માણમાં કર્તાએ પોતાની ચોથી ક્રિયાવૃત્તિ દ્વારા તત્ત્વોની ઊલટા-સૂલટી કરીને તેમની ઇચ્છા મુજબના મિશ્રણો દ્વારા જે પ્રમાણે સુમેળ કર્યો છે તે તેમજ સમગ્ર સૃષ્ટિની રચનાની મહાન ગતિ વિશેનો વિગતવાર માહિતી હવે પછીના સ્કંધમાં આપશે.

**જેહી તનુ તત્ત્વ વૈરાટ કે, પોખેહુ વૃત્તિ પરાય;**
**કહે કુવેર વિચરણ તીનું, નારણદાસ સુણ તાય. ૩**

### શબ્દાર્થ

**જેહી** = જે રીતે **તનુ** = ઘાટ **તત્ત્વ** = તત્ત્વોના વિભાગની મેળવણીથી **વૈરાટ કે** = વૈરાટનું **પોખેહુ** = ભરવામાં આવેલ છે **વૃત્તિ** = સમજ, ચિત્ત, એકાગ્રતા **પરાય** = પરોવીને જુઓ **કહેકુવેર** = કુવેરસ્વામી કહે છે કે **વિચરણ** = કાર્યબળ **તીનું** = તેનું, વૈરાટનું **નારણદાસ** = પરમ પૂજ્ય નારણદાસ મહારાજ **સુણતાય** = તે તમે સાંભળો.

### ભાવાર્થ-અનુવાદ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જે રીતે સમગ્ર વિશાળ વૈરાટ તનુની રચનામાં તત્ત્વોના વિભાગને જે રીતે મિશ્રણ કરીને ભરવામાં આવ્યા છે, તેના આધારે તેના કાર્યો થયા કરે છે. તે અંગેની ઊંડી સમજ હવે પછીના સ્કંધ ૭માં દર્શાવવામાં આવી છે. માટે હે નારણદાસ ! ‘તમો ચિત્ પરોવીને તે બાબતને સાંભળો’.

# ૮૪ તત્વોનો અને પંચદેહના તત્વોનો વિસ્તાર





# વૈરાટ તનુ-સૃષ્ટિના તત્ત્વોના મિશ્રણ દર્શાવનકો

## સ્કંધ ૭



કર્તાએ ચોથી ક્રિયાવૃત્તિ દ્વારા તત્ત્વોની વહેંચણી કરીને બ્રહ્માંડની આદ્ય લઈ સર્વ સ્થાવર, જંગમ, કીટ-પતંગ તથા દેવતનું સહિત ઉત્પન્ન કર્યા છે, તે પ્રમાણે કર્તાની ક્રિયાવૃત્તિથી પ્રથમ બ્રહ્માંડની આદ્ય લઈને બ્રહ્માંડ અને ખટ દેવતનું રચ્યાં છે. તેમાં પ્રથમ કર્તાની ક્રિયાવૃત્તિ દ્વારા રચાયેલા વૈરાટ તનુના વિભાગ કહીએ છીએ (મૂળ સ્કંધ-૬) તેમજ આ વૈરાટ તનુને જેટલા વિભાગ પોખ્યાં હતા તે સર્વનાં વૈરાટને વિશે તનુ બંધાઈને એક વૈરાટ થયું છે. તે વૈરાટને વિશે, જે જેના વિભાગ પ્રમાણે તનુની ક્રિયા ન્યારી-ન્યારી થાય છે. તેમજ કયા કયા તત્ત્વોના વિભાગથી કઈ કઈ ચેષ્ટા થાય છે, તેના તત્ત્વોની સમજ આ પ્રમાણે છે. (મૂળ સ્કંધ-૭)

★

## મહદ અહંકારઘણથી જે પંચભૂતોની ઉત્પત્તિ થઈ છે તે પૈકી પૃથ્વી (વૈરાટ તનુ) તત્ત્વની સમજ




વૈરાટ તનુમાં રહેલ પૃથ્વીતત્ત્વની અંદર બીજા ચાર તત્ત્વો ભળેલા છે, તેનું પ્રમાણ જોઈએ તો પૃથ્વીતત્ત્વના નવ ભાગ લઈને તેમાં બીજા ચાર તત્ત્વોના એક ભાગ એટલે કે ચારેના પા-પા (એક ચર્તુથાંશ) ભાગ મળી એમ કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- વૈરાટને વિશે પૃથ્વીતત્ત્વના નવ ભાગ પોખ્યાં હતા તેને લીધે મેરુ પર્વતની આદ્ય લઈ સર્વે પર્વતો રચાયા છે. એ ન્યાયે પૃથ્વીતત્ત્વના નવ ભાગ જાણવા.
- પૃથ્વીતત્ત્વને વિશે જળતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો. તેને લીધે પર્વતો જડાકાર જતમત બંધાઈને રહ્યા છે. જેમકે કોઈ પાષાણને અગ્નિની ભઠ્ઠીમાં નાખી બાળવામાં આવે ત્યારે તેનો ચૂનો થાય છે. તેથી પાષાણનું જતમતપણું વિખૂટું પડી વિખરાઈ જાય છે. તેનું કારણ જળનો પા ભાગ હતો તે બળી જવાને લીધે છે. આ ન્યાયે પૃથ્વીતત્ત્વને વિશે જળતત્ત્વનો પા વિભાગ રહેલો છે.
- પૃથ્વીતત્ત્વને વિશે અગ્નિતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને લીધે પર્વત સૂકાઈ જાય છે. એ પૃથ્વીતત્ત્વને વિશે પા ભાગ અગ્નિતત્ત્વનો વિભાગ જાણવો.
- પૃથ્વીતત્ત્વને વિશે વાયુતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને લીધે પર્વત પાણીનું શોષણ કરી લે છે. એ પૃથ્વીતત્ત્વ વિશે વાયુતત્ત્વનો પા વિભાગ જાણવો.
- પૃથ્વીતત્ત્વને વિશે આકાશતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને લીધે પર્વતનાં છિદ્રોમાં જળ પ્રવેશ કરે છે. એ પૃથ્વીતત્ત્વને વિશે પા ભાગ આકાશતત્ત્વનો વિભાગ જાણવો.



પૃથ્વીતત્ત્વના ૯ ભાગ



જળતત્ત્વનો પા ભાગ



અગ્નિતત્ત્વનો પા ભાગ



આકાશતત્ત્વનો પા ભાગ



વાયુતત્ત્વનો પા ભાગ

★

## મહદ અહંકારઘણથી જે પંચભૂતની ઉત્પત્તિ થઈ છે તે પૈકી જળ (વૈરાટ તનુ) તત્ત્વની સમજ

વૈરાટ તનુમાં રહેલ જળતત્ત્વની અંદર બીજા ચાર તત્ત્વો ભળેલા છે. તેનું પ્રમાણ જોઈએ તો જળતત્ત્વના નવ ભાગ લઈને તેમાં બીજા ચાર તત્ત્વોના એક ભાગ એટલે કે ચારેના પા-પા (એક ચર્તુથાંશ) ભાગ મળી એમ કુલ દસ વૈરાટ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).




## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- વૈરાટને વિશે જળતત્ત્વના જે ૯ ભાગ પોખ્યાં હતા તેને લીધે વૈરાટમાં પૃથ્વી નીચે મહદ જળ થયું છે. આ મહદ જળને લીધે પ્રિયવત રાજાના રથનાં પૈડાંથી પૃથ્વીનું આવરણ છેદાઈ જતાં સાત સમુદ્ર ઊમટી આવ્યા છે. આ સાત સમુદ્ર મહદ જળના તસિયા (તરડની ફાટે થતું ઝરણ) ઝરીને ભરાઈ રહેલા છે. તે મહદ જળના નવ



જળતત્ત્વના ૯ ભાગ



પૃથ્વીતત્ત્વનો પા ભાગ



અગ્નિતત્ત્વનો પા ભાગ



આકાશતત્ત્વનો પા ભાગ



પવનતત્ત્વનો પા ભાગ

વિભાગ પોખેલા જાણવા.

- જળતત્ત્વને વિશે પૃથ્વીતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને લીધે જળ ઉપર કાષ્ટ તથા મનુષ્યની આદ્ય લઈ ને નાવ અને જહાજો હજારો મણનો બોજો લઈને તરે છે પરંતુ ડૂબતાં નથી. તે જળતત્ત્વમાં પૃથ્વીતત્ત્વની કઠણતાને લીધે ડૂબતાં નથી. એ પ્રકારે મહદ જળને વિશે પૃથ્વીતત્ત્વ પા ભાગે જાણવું.
- જળતત્ત્વને વિશે અગ્નિ તત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને લીધે અગ્નિ વડવાનળ નામથી ઓળખાતો હોઈ જળતત્ત્વમાં વ્યાપક રહ્યો છે. આ અગ્નિ નિશદિન ચોસઠ (૬૪) યોજન પાણીનો પ્રલય કરે છે. પ્રભાત કાળે પાણી ઉપર ધુમ્મસ (વરાળ) નીકળતું દેખાય છે તે વડવાનળ અગ્નિ જળને બાળે છે, તેને લીધે ધુમ્મસ નીકળે છે. એ પ્રકારે મહદ જળતત્ત્વને વિશે અગ્નિતત્ત્વનો પા વિભાગ રહેલો જાણવો.
- જળતત્ત્વને વિશે વાયુતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને લીધે જળને વિશે ચાલવાપણું (વહેવાપણું) રહેલું છે. એ પ્રકારે જળતત્ત્વમાં વાયુનો પા વિભાગ રહેલો જાણવો.
- જળતત્ત્વને વિશે આકાશતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો તેને લીધે ઘેરા જળમાં નાવ ચાલે છે ત્યારે દૂરબીન વડે મચ્છ મગરાદિકની આદ્ય લઈ પર્વત વિગેરે ઊંડા પાણીમાં દેખાય છે. તે આકાશના વિભાગને લીધે ઊંડા પાણીમાં અવિકાસે દેખાય છે. જ્યારે પાણી નિર્મળ હોય છે ત્યારે નીચેની પૃથ્વી દેખાય છે. તેમાં દૃષ્ટિ રૂંધન(અવરોધ) પામતી નથી. એ રીતે જળતત્ત્વમાં આકાશતત્ત્વનો પા વિભાગ જાણવો.



અગ્નિતત્ત્વના ૯ ભાગ



પૃથ્વીતત્ત્વનો પા ભાગ



જળતત્ત્વનો પા ભાગ



આકાશતત્ત્વનો પા ભાગ



વાયુતત્ત્વનો પા ભાગ

★

## મહદ અહંકારઘણથી જે પંચભૂતની ઉત્પત્તિ થઈ છે તે પૈકી અગ્નિ (વૈરાટ તનુ) તત્ત્વની સમજ

વૈરાટ તનુમાં રહેલ અગ્નિતત્ત્વની અંદર બીજા ચાર તત્ત્વ ભળેલા છે. તેનું પ્રમાણ જોઈએ તો અગ્નિતત્ત્વના નવ ભાગ લઈને તેમાં બીજા ચાર તત્ત્વોના એક ભાગ એટલે કે ચારેના પા-પા (એક ચતુર્થાંશ) ભાગ મળી એમ કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).




## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- વૈરાટને વિશે અગ્નિતત્ત્વના જે નવ ભાગ પોખ્યાં હતા તેને લીધે વૈરાટના મહાશૂન્ય ઉદરમાં મહદ અગ્નિ થઈને રહ્યો છે. બ્રહ્માના નિત્ય પ્રલયને વિશે સૂર્યની એક કળા છે, પરંતુ જ્યારે મહદ અગ્નિની બીજી પંદર કળાનો પ્રવેશ થાય ત્યારે તાંબા રંગની પૃથ્વી તપે છે. તે મહદ અગ્નિને વિષેની કળા આવીને તપે છે.

- અગ્નિતત્ત્વને વિશે પૃથ્વીતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો તેથી અગ્નિની જ્વાળાનું રૂપ બંધાય છે. તે રૂપને વિશે પીળો રંગ દેખાય છે. તે પૃથ્વીતત્ત્વનો વિભાગ જાણવો. જો કે અગ્નિનો રંગ લાલ છે અને અગ્નિને વિશે જ્વાળાનું રૂપ બંધાય છે તે રૂપ પૃથ્વીતત્ત્વના પા ભાગના કારણે છે.
- અગ્નિતત્ત્વને વિશે જળતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને જે લીધે પૃથ્વી સૂર્યના તાપથી તપી હતી. તેની ઉપર મહાજળની વૃષ્ટિ થઈને સર્વ પૃથ્વીને જળમય કરે છે. આ રીતે મહદ અગ્નિને વિશે પા ભાગ જળતત્ત્વનો જાણવો.
- અગ્નિતત્ત્વને વિશે વાયુતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને લીધે વૃષ્ટિના મહા વર્ષાના જળને પાછો મહાઅગ્નિ શોષણ કરી લે છે. શોષણશક્તિ તે મહાઅગ્નિમાં પા ભાગ વાયુતત્ત્વનો જાણવો.
- અગ્નિતત્ત્વને વિશે આકાશતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, એથી જ અગ્નિના પ્રકાશમાં અવિકાસપણું રહ્યું છે તે પ્રમાણે મહદ અગ્નિને વિશે આકાશતત્ત્વનો પા વિભાગ જાણવો.

## મહદ અહંકારઘણથી જે પંચભૂતની ઉત્પત્તિ થઈ છે તે પૈકી વાયુ (વૈરાટ તનુ) તત્ત્વની સમજ




વૈરાટ તનુમાં રહેલ વાયુતત્ત્વની અંદર બીજા ચાર તત્ત્વ ભળેલા છે. તેનું પ્રમાણ જોઈએ તો વાયુતત્ત્વના નવ ભાગ લઈને તેમાં બીજા ચાર તત્ત્વના એક ભાગ એટલે કે ચારેના પા-પા (એક ચર્તુથાંશ) ભાગ મળી એમ કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં છે (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- વૈરાટને વિશે વાયુતત્ત્વના નવ ભાગ છે. તેને લીધે વૈરાટને વિશે મહાદ વાયુ થયો છે. આ મહદ વાયુના અંશનું શિશુમારચક્ર થયું છે, જેને આધારે સર્વે દેવ રહ્યા છે.
- વાયુતત્ત્વને વિશે પૃથ્વીતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો તેને લીધે શિશુમારચક્રના પૃથક-પૃથક માળમાં જે સર્વ દેવ રહેલા છે તેને ધારણ કરી રહે છે. આ ધારણ શક્તિ તે વાયુતત્ત્વને વિશે રહેલા પૃથ્વીતત્ત્વના પા ભાગને લીધે છે.
- વાયુતત્ત્વને વિશે જળતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો તેને લીધે ઉનાળામાં તેમજ શિયાળામાં ઘૂમર, મેઘરવો અને વરસાદ વરસે છે. તેથી વાયુતત્ત્વને વિશે પા ભાગ જળતત્ત્વનો જાણવો.
- વાયુતત્ત્વને વિશે અગ્નિતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો તેને લીધે શિશુમારચક્રમાં પ્રબળ






પૃથ્વીતત્ત્વનો પા ભાગ



જળતત્ત્વનો પા ભાગ

વાયુતત્ત્વના ૯ ભાગ



આકાશતત્ત્વનો પા ભાગ



અગ્નિતત્ત્વનો પા ભાગ

ગવન કરવાના વેગની આકૃતિ રહેલી છે તે વાયુતત્ત્વ વિશે અગ્નિતત્ત્વનો પા ભાગ જાણવો.

- વાયુતત્ત્વને વિશે આકાશતત્ત્વનો પા ભાગ પોખ્યો હતો, તેને લીધે શિશુમારચક્રના સર્વ માળમાં અપાર તારામંડળ દૃષ્ટિગોચર થાય છે અને દૃષ્ટિ રૂંધન પામ્યા સિવાય લંબાણ પ્રદેશ સુધી ચાલી જાય છે. તે વાયુતત્ત્વને વિશે આકાશતત્ત્વનો પા વિભાગ જાણવો.

## મહદ અહંકારઘણથી જે પંચભૂતની ઉત્પત્તિ થઈ છે તે પૈકી આકાશ (વૈરાટ તનુ) તત્ત્વની સમજ

વૈરાટ તનુમાં રહેલ આકાશતત્ત્વની અંદર બીજા ચાર તત્ત્વ ભળેલા છે, તેનું પ્રમાણ જોઈએ તો આકાશતત્ત્વના નવ ભાગ લઈને તેમાં બીજા ચાર તત્ત્વોના એક ભાગ એટલે કે ચારેના પા-પા (એક ચર્તુથાંશ) ભાગ મળી એમ કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).





આકાશતત્ત્વના ૯ ભાગ



પૃથ્વીતત્ત્વનો પા ભાગ



જળતત્ત્વનો પા ભાગ



વાયુતત્ત્વનો પા ભાગ



અગ્નિતત્ત્વનો પા ભાગ

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- વૈરાટને વિશે આકાશતત્ત્વના ૯ ભાગ પોખેલા છે. તેનાથી વૈરાટને વિશે મહદ આકાશ થયું છે. આ મહદ આકાશ એટલે ૪૯ વાયુની આદ્ય લઈ દ્વાદશ મેઘનાં મંડાણ ઉપરાંત શૂન્ય રહ્યું છે. તેને મહદ આકાશ કહેવામાં આવે છે.
- આકાશતત્ત્વને વિશે પૃથ્વીતત્ત્વના પા ભાગ પોખ્યાં હતા, તેને લીધે ગરૂડ, હંસની આદ્ય લઈ દેવ અને વિમાન વગેરે અંતરિક્ષમાં ગવન કરી શકે છે. એ રીતે મહદ આકાશના વિશે પૃથ્વીતત્ત્વના પા ભાગ જાણવો.
- આકાશતત્ત્વને વિશે જળતત્ત્વના પા ભાગ પોખ્યાં હતા, તેને લીધે મહદ આકાશ વાદળની આદ્ય લઈ કોઈ પણ પ્રકારના આવરણ સિવાયનું અતિ નિર્મળ હોય છે ત્યારે પૃથ્વી ઉપર ઓસ જામે છે, એટલે કે ઝાકળ પડે છે. એ રીતે મહદ આકાશને વિશે પા ભાગ જળતત્ત્વનો જાણવો.
- આકાશતત્ત્વને વિશે અગ્નિતત્ત્વના પા ભાગ પોખ્યાં હતા, તેને લીધે મહદ શૂન્યને વિશે કોઈ સમયે આકાશવાણી થાય છે. આ આકાશવાણીમાં ભયંકરપણું રહ્યું છે. આ ભયંકરતારૂપી તગાદો (પ્રેરણા) જે હોય છે તે મહાશૂન્યમાં અગ્નિતત્ત્વના પા વિભાગને લીધે છે.
- આકાશતત્ત્વને વિશે વાયુતત્ત્વના પા ભાગ પોખ્યાં હતા, તેને લીધે મહદ આકાશમાં જે ભયંકર શબ્દનો ધ્વનિ ઊઠે છે તે આકાશવાણીને આકાશમાં પોખાયેલા વાયુના પા ભાગ નીચે ઉતારી સાત દ્વિપના લોકોને શ્રવણ કરાવે છે. આ ધ્વનિને નીચે ખેંચી લાવવાની



સુગંધ આકાંક્ષાના ૫ ભાગ



ગંધ માત્રાના ૪ ભાગ



મળ વિસર્જન આકાંક્ષાનો એક ભાગ

શક્તિ વાયુના વિભાગને લીધે છે. એ અનુભવે કરીને મહાશૂન્યને વિશે પા ભાગ વાયુતત્ત્વનો જાણવો.

★

**રજોગુણની જે દસ આકાંક્ષાઓ ઉત્પન્ન થઈ તે પૈકી પાંચ આકાંક્ષાઓમાં બીજી આકાંક્ષાઓનો એક એક ભાગ કેવી રીતે મેળવ્યો તે તેમજ અહંકારઘણની પાંચ માત્રાઓની વહેંચણીનો સંબંધ આકાંક્ષાઓ સાથે મળી કુલ ૫૦ ભાગ થયા તે વૈરાટ તનુને કેવી રીતે પોખ્યાં તેની સમજ.**

રજોગુણની દસ આકાંક્ષાઓમાંથી સુગંધ આકાંક્ષાના પાંચ ભાગમાં મળ વિસર્જન આકાંક્ષાનો એક ભાગ મૂકીને જે છ ભાગ થયા તે લઈને તેમાં અહંકારઘણની ગંધ માત્રાના ચાર ભાગ મેળવીને દસ ભાગ વૈરાટને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).



**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- વૈરાટને વિશે સુગંધ આકાંક્ષાના ૫ ભાગ પોખ્યાં હતા. તેનાથી અઢાર ભાર વનસ્પતિની સુગંધની આદ્ય લઈને પશુ, પક્ષી અને મનુષ્યના દેહપાત થાય છે તેથી થતી દુર્ગંધ તથા શૌચ-આદિથી થતી દુર્ગંધ આ બધી દુર્ગંધને વૈરાટ ગ્રહણ કરી લઈને પોતાના સ્વરૂપમાં લીન કરી સમાવી લે છે. ત્યાર પછી દુર્ગંધ-સુગંધની વાસ એવી તો લીન પામી જાય છે કે શોધી જડતી નથી. કારણ કે ગંધ આકાંક્ષાના પાંચ ભાગ વૈરાટને વિષે રહ્યા છે તે ગંધ માત્રને સમાવી લે છે. એ પ્રકારે વૈરાટને વિષે સુગંધ આકાંક્ષાની નાશિકા જાણવી.
- વૈરાટને વિશે રજોગુણની સુગંધ આકાંક્ષાના પાંચ ભાગમાં અહંકારઘણની ગંધ માત્રાના ૪ ભાગ પોખ્યાં હતા. તેનાથી વૈરાટતનુને વિશે મૃતિકારૂપી પૃથ્વી થઈ છે.
- વૈરાટને વિશે રજોગુણની મળ વિસર્જન આકાંક્ષાનો એક ભાગ પોખેલો છે. તેનાથી અઢાર ભાર વનસ્પતિના બીજગ આ પૃથ્વીમાંથી ઊગી નીકળે છે. આ બીજ જે વખતે ઊગી નીકળે છે તે વખતે તે અંકુરનો રંગ પીળો હોય છે. તે પૃથ્વીને વિશે એક ભાગ રજોગુણની મળ વિસર્જન આકાંક્ષાનો જાણવો. જેવી રીતે બાળક જ્યાં સુધી માતાનું પયપાન કરીને રહે છે ત્યાં સુધી બાળકનો મળ પીળા રંગનો થાય છે. તેવી જ રીતે પૃથ્વીતત્ત્વ જળનું જ પયપાન કરીને રહે છે. તેથી પૃથ્વીને પ્રથમ મળ વિસર્જન થાય છે તે પીળા રંગનું હોય છે.

★




રજોગુણની દસ આકાંક્ષાઓમાંથી ક્ષુધા-પિપાસા આકાંક્ષાનાં પાંચ ભાગમાં વિષય આકાંક્ષાનો એક ભાગ મૂકીને જે છ ભાગ થયા તે લઈને તેમાં અહંકારઘણની રસમાત્રાના ચાર ભાગ મેળવીને દસ ભાગ વૈરાટને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- વૈરાટને વિશે રજોગુણની ક્ષુધા-પિપાસા આકાંક્ષાના ૫ ભાગ પોખ્યાં હતા, તેને લીધે વૈરાટને વિશે આભ્રરૂપ વાદળ થયું છે.
- વૈરાટને વિશે અહંકારઘણની રસમાત્રાના ૪ ભાગ પોખ્યાં હતા, તેને લીધે આકાશને વિશે વૃષ્ટિ રૂપી જળ થયું છે.


ક્ષુધા-પિપાસા આકાંક્ષાના ૫ ભાગ


રસમાત્રાના ૪ ભાગ


વિષય આકાંક્ષાનો ૧ ભાગ

- વૈરાટને વિશે રજોગુણની વિષય આકાંક્ષાનો ૧ ભાગ પોખ્યો હતો, તેને લીધે કામરૂપ વિદ્યુત અગ્નિ થયો છે, તે કેવી રીતે જણાય તેની સ્પષ્ટતા માટે અહીં એક દૃષ્ટાંત આપુ છું.

## ૧. મનુષ્ય ઘાટ માટે

કોઈ સ્ત્રી પુરુષના સંયમની આદ્યે પ્રથમ દેખતાં પુરુષને વિશે પહેલો કામ ચળકિત થયો હોય તો તે પુરુષ સ્ત્રીને પૂર્ણ ઋતુદાન આપી શકે. અને ગર્ભ રહે તેમજ શાંતિ પામે. જ્યારે પુરુષની નાભિના નીચેના ભાગની ડાબી બાજુએ કામ ચળકિત થયો હોય તો આ પુરુષ સ્ત્રીને પરિપૂર્ણ ઋતુદાન આપી શકે. તે બિંદુનો ગર્ભ રહે તે પરિપૂર્ણ આયુષ્ય ભોગવે. જો કદાચ પુરુષને અન્ય અંગે કામ ચળકિત થાય અને પુરુષ સ્ત્રીનો સંયમ કરે તો પરિપૂર્ણ ઋતુદાન આપી શકે નહીં. છતાં બિંદુ સ્ખલિત થાય તો તેનો ગર્ભ રહે નહીં. અને કદાચ ગર્ભ રહે તો બાળક અલ્પ આયુષ્ય ભોગવે.

## ૨. વૈરાટને વિશે

વિષય આકાંક્ષાના એક ભાગનો વિદ્યુત અગ્નિ થાયો છે તેની ક્રિયા હું કહું છું. જ્યારે પૃથ્વીની આતુરતાએ અને વર્ષાઋતુની આદ્યે પ્રથમ અષાઢી પંચમીને દિવસે વૈરાટને વિશે કામ રૂપી વિદ્યુત અગ્નિ ચળકતો હોય તો પૃથ્વીને સંપૂર્ણ વર્ષા ઋતુદાન આપી શકે. તેમજ વૈરાટ તનુની ઉતરાણ દિશાએ ઈશાન ખૂણામાં નીચેના મૂળમાં વિદ્યુત અગ્નિ ચળકતો થયો હોય તો પૃથ્વીને પરિપૂર્ણ વર્ષાઋતુ દાન આપી શકે. કદાચ આ સિવાય વૈરાટમાં બીજા કોઈ ખૂણે વિદ્યુત ચળકે તો પૃથ્વીને



નિરીક્ષણ આકાંક્ષાના ૫ ભાગ



ગવન આકાંક્ષાનો ૧ ભાગ



રૂપમાત્રાના ૪ ભાગ

**રજોગુણની નિરીક્ષણ અને ગવન આકાંક્ષા, અહંકારઘણની રૂપ માત્રા**

પરિપૂર્ણ વર્ષારૂપ ઋતુદાન આપી શકે નહીં.

એ પ્રકારે વૈરાટને વિશે વિષય આકાંક્ષાનો એકભાગ તે વિદ્યુત અગ્નિ જાણવો.

★




રજોગુણની દસ આકાંક્ષાઓમાંથી નિરીક્ષણ આકાંક્ષાનાં પાંચ ભાગમાં ગવન આકાંક્ષાનો એક ભાગ મૂકીને જે છ ભાગ થયા તે લઈને તેમાં અહંકારઘણની રૂપ માત્રાના ચાર ભાગ મેળવીને દસ ભાગ વૈરાટને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- રજોગુણની નિરીક્ષણ આકાંક્ષાના ૫ ભાગ વૈરાટને વિશે સમદૃશ્ય રૂપે વ્યાપક રહ્યા છે, ત્યારે જેના કિંચિત્ અંશનો ચંદ્રમા થઈને આકાશમાં રહે છે.
- વૈરાટને વિશે રજોગુણની ગવન આકાંક્ષાનો ૧ ભાગ પોખેલો છે, આથી કરીને ચંદ્ર તથા સૂર્યમાં ગવન કરવાપણું રહેલું છે.
- અહંકારઘણની રૂપમાત્રાના ૪ ભાગ જે પોખેલા હતા તે વૈરાટને વિશે કાષ્ટ-પાષાણમાં રહેલા અગ્નિની માફક અવ્યક્ત હોઈ વ્યાપક રહ્યા છે. તેનો કિંચિત્ અંશ રજનો સૂર્યરૂપે થઈને આકાશમાં રહેલો છે.

★



શીત-ઉષ્ણ આકાંક્ષાના ૫ ભાગ



ગ્રાહાજ આકાંક્ષાનો ૧ ભાગ



સ્પર્શમાત્રાના ૪ ભાગ




રજોગુણની દસ આકાંક્ષાઓમાંથી શીત-ઉષ્ણ આકાંક્ષાનાં પાંચ ભાગમાં ગ્રાહાજ આકાંક્ષાનો એક ભાગ મૂકીને જે છ ભાગ થયા તે લઈને તેમાં અહંકારઘણની સ્પર્શ માત્રાના ચાર ભાગ મેળવીને દસ ભાગ વૈરાટને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- રજોગુણની શીત-ઉષ્ણ આકાંક્ષાના ૫ ભાગ વૈરાટ દેહની ત્વચા થઈને રહ્યા છે. તેથી વૈરાટ ઈંડ કટાક્ષ રૂપે હોઈ તેને પડદા સ્વરૂપે આ ત્વચા વીંટળાઈને તે ગોળાકાર જતમત રહ્યું છે.
- રજોગુણની ગ્રાહાજ આકાંક્ષાનો ૧ ભાગ પોખેલો હોવાથી શેષ, કૂર્મ અને મિંડકની પીઠને ગ્રહણ કરીને આ વૈરાટ અસંખ્ય કાળનું અડગ એક મકાન પર (મક્કમ રૂપે) સ્થિર રહ્યું છે.
- અહંકારઘણની સ્પર્શમાત્રાના ૪ ભાગ વૈરાટમાં વ્યાપક રહેલા હોવાથી તેના અંશો તરીકે ૪૯ શાખા સંયુક્ત મારુત રૂપ પવન થઈને રહેલા છે.

★




રજોગુણની શ્રવણ અને ઉચ્ચાર આકાંક્ષા, અહંકારઘણની શબ્દ માત્રા

રજોગુણની દસ આકાંક્ષાઓમાંથી શ્રવણ આકાંક્ષાનાં પાંચ ભાગમાં ઉચ્ચાર આકાંક્ષાનો એક ભાગ મૂકીને જે છ ભાગ થયા તે લઈને તેમાં અહંકારઘણની શબ્દ માત્રાના ચાર ભાગ મેળવીને દસ ભાગ વૈરાટને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- રજોગુણની શ્રવણ આકાંક્ષાના ૫ ભાગ તે વૈરાટની દસ દિશા થઈને રહ્યા છે. તેના અંશના આ વૈરાટને વિશે દસ દિક્પાલ થયા છે.
- આ દશે દિક્પાલમાં અહંકારઘણની શબ્દમાત્રાના ૪ ભાગ ભેગા પોખ્યાં હતા તેનાથી વૈરાટમાં સત્ત્વ શૂન્ય થઈને રહ્યા છે. આ સત્ત્વ શૂન્ય એટલે જ્યાં સુધી દ્વાદશ મેઘનાં મંડાણની આદ્ય લઈને ૪૯ વાયુનું આવરણ રહ્યું છે ત્યાં સુધી સત્ત્વ શૂન્ય જાણવું.
- જ્યારે વૃષ્ટિકાળે વિદ્યુતનો સંયમ થાય છે ત્યારે રજોગુણની ઉચ્ચાર આકાંક્ષાનો એક ભાગ પોખેલો છે. તે તો સત્ત્વ શૂન્યને વિશે વ્યાપક રહ્યો છે. જે વર્ષાઋતુને વિદ્યુતના સંજમને વિશે ગર્જના કરી ઊઠે છે. તે ઉચ્ચાર આકાંક્ષાના એક ભાગનો અંશ જાણવો.

★

**હવે સ્વકાશઘણનાં પંચ સંભસક્ણ અને પંચ વિવસ્તા આ દસ થયાં. તે દરેકમાંથી નવ નવ ભાગ લીધા અને સતોગુણનાં પંચ અંતઃકરણ તથા પાંચ અવસ્થા આ દસ થયાં. તે દરેકમાંથી એક એક ભાગ લઈને સંભસક્ણ તથા વિવસ્તાના કુલ ૧૦૦ ભાગ થયા તે વૈરાટ તનુને કેવી રીતે પોખ્યાં (મેળવ્યા) તેની સમજઃ (મૂળ સ્કંધ ૬ અને ૭)**




સ્વકાશઘણનાં શાંત સંભસક્ણના નવ ભાગ લઈ તેમાં સતોગુણના મન અંતઃકરણનો એકભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬)

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- શાંત સંભસક્ણના ૯ ભાગ અને વૈરાટતનુના પૃથ્વીતત્ત્વના સ્થૂળ શરીરને વિશે રહ્યા છે. તેથી પૃથ્વીતત્ત્વ પણ સદાય શાંતવત્ રહે છે. જે વૈરાટ સ્વરૂપ સદાય શાંતિવત્ સરખું જ રહે છે.
- મન અંતઃકરણના ૧ ભાગને લીધે પૃથ્વીતત્ત્વને વિશે સર્વની ઉપજાણ રહી છે તેથી વૈરાટમાં સદાય સૂક્ષ્મ સંકલ્પ-વિકલ્પ થયા જ જાય છે. આ સંકલ્પ-વિકલ્પ થવાનું કારણ વૈરાટનો પ્રણવ છે. આ વૈરાટમાં ઊલટા-સૂલટી પવન પલટાય છે. આમ, પવનનું ઊલટ-સૂલટ થવું એ જ સંકલ્પ – વિકલ્પ જાણવા. જેમ આ પણ મનુષ્ય જંગમ જાતિને વિશે પાંચ પ્રકારના પ્રાણાયામ વાયુ ઊલટા-સૂલટી પલટવાથી સંકલ્પ-વિકલ્પ ઊઠે છે.

## મનુષ્યઘાટમાં ચાલતા સંકલ્પ વિકલ્પની સમજ

૧. **પૃથ્વીતત્ત્વ**નો પ્રાણાયામ વાયુ આપણા શરીરમાં ચાલતો હોય તો જેટલા વિભાગ પદાર્થના હોય તે પદાર્થ પ્રાપ્તિના સંકલ્પ ઊઠે. કદાચ આ સિવાય અન્ય સંકલ્પ ઊઠતા હોય તો પણ મુખ્ય પદાર્થ સંકલ્પને આગળ રાખી તેના પેટા અંતરમાં અન્ય સંકલ્પ સૂક્ષ્મ રૂપે ઊઠે છે.

૨. **જળતત્ત્વ**નો પ્રાણાયામ વાયુ ચાલતો હોય તો ખટરસની આદ્ય લઈ જેટલા રસની જાતિ હોય તેટલા રસસ્વાદના સંકલ્પ ઊઠે. જો કદાચ અન્ય સંકલ્પ ઊઠતો હોય તો તે રસાસ્વાદના સંકલ્પને મુખ્ય રાખીને જ બીજા સંકલ્પ ઊઠે.

૩. **અગ્નિતત્ત્વ**નો પ્રાણાયામ વાયુ ચાલતો હોય તો કોઈની સાથે લડાઈ, વેરવર્ગ કે યુદ્ધ કરવાની

આદ્ય લઈને જેટલા પ્રકારના આચરણમાં વિરોધ અને પરિતાપ ઊપજે તેટલા પ્રકારના સંકલ્પ ઊઠે. જો કદાચ અન્ય સંકલ્પ ઊઠતા હોય તો પણ વિરોધના સંકલ્પને મુખ્ય રાખીને જ ઊઠે છે.

૪. **વાયુતત્ત્વ**નો પ્રાણાયામ વાયુ ચાલતો હોય તો દેશ-પરદેશ કે ગામ પરગામની આદ્ય લઈને ઘરથી બહાર કે બહારથી ઘરે ગવન કરવાના સર્વ સંકલ્પ ઊઠે. જો કદાચ અન્ય સંકલ્પ તે સમયે ઊઠતા હોય તો પણ ગવન કરવાના સંકલ્પને મુખ્ય રાખીને જ બીજા સંકલ્પ ઊઠે છે.

૫. **આકાશતત્ત્વ**નો પ્રાણાયામ વાયુ ચાલતો હોય તો સર્વ સંકલ્પ લીન પામીને શૂન્યવત્ થઈ જવાય. જો કદાચ તે સમયે શૂન્યવત્ સૂક્ષ્મ સંકલ્પ ઊઠે તો આળસ, નિદ્રા કે શયન કરવાની આદ્ય લઈને શત્રુ, મિત્રે કે સગાંસંબંધીથી હાર પામ્યાના સંકલ્પ ઊઠતા હોય છે.

આ પ્રકારે શરીરને વિશે પ્રાણવાયુ પલટાવાથી સંકલ્પ ઊઠે છે.

## વૈરાટને વિશે ચાલતા સંકલ્પ-વિકલ્પની સમજ

હવે વૈરાટને વિશે કયા કયા તત્ત્વના પ્રાણાયામની ચાલે કરીને કઈ કઈ દિશાનો પવન પલટાય અને કયા કયા તત્ત્વને વિશે કયા કયા પ્રકારના સંકલ્પ ઊઠતા હોય છે તેની સમજ.

### ૧. પૃથ્વીતત્ત્વનો પ્રાણાયામ (મૂળ સ્કંધ ૭)




દક્ષિણ અને પશ્ચિમની સંધિને વિશેથી વાયુ આવતો હોય તો તે વૈરાટના પૃથ્વીતત્ત્વનો પ્રાણાયામ ચાલતો જાણવો. જ્યારે નૈઋત્ય કોણનો વાયુ વહે છે ત્યારે ખેતરમાં કરસણ અને ઘાસની આદ્ય લઈને જેટલી વનસ્પતિ જાતિ હોય એટલાનાં પત્ર તથા બીજગને વર્ષા થોડી હોય તો પણ એ વાયુથી પૃથ્વીના વિભાગ રસને પોષીને પકવી દે છે. માટે તે સમયે વૈરાટને વિશે પણ અલ્પ સંકલ્પ પદાર્થ ભાવનાના ઊઠતા જાણવા. આ સમયે સતોગુણના મન અંતઃકરણનો એકભાગ તેને વિશે પોખ્યો છે તેટલા માટે અલ્પ સંકલ્પ ઊઠતા વૈરાટને વિશે જાણવા.

### પૃથ્વીતત્ત્વ (મૂળ સ્કંધ ૭)

વૈરાટને વિશે પૃથ્વીત્વનો પ્રાણાયામ નૈઋત્યકોણનો ચાલે છે. ત્યારે સર્વ વનસ્પતિનાં પાન, ફૂલ અને ફળની આદ્ય લઈ જેટલી તૃણ જાતિ હોય તેને ધીરે ધીરે પૃથ્વીના રસનું પોષણ કરીને ઘાટ કરી દે છે. ત્યારે સર્વ અનાજના કણ અને ઘાસ પાકીને પદાર્થ થઈ જાય છે. કારણ કે પૃથ્વીના પ્રાણાયામને વિશે પદાર્થ ભાવના રહી છે, તેને લીધે સર્વને પકવીને કઠણ કરે છે. તે કઠણતા એ જ પદાર્થ ભાગ જાણવો. એ પ્રકારે પૃથ્વીતત્ત્વના પ્રાણાયામના સંકલ્પની ક્રિયા જાણવી.

## ૨. જળતત્ત્વનો પ્રાણાયામ




હવે ઉત્તર અને પૂર્વની સંધિને વિશેથી વાયુ વહે તો વૈરાટ તનુના જળતત્ત્વનો પ્રાણાયામ ચાલતો જાણવો. તે સમયે પણ વૈરાટને વિશે રસભાગના સંકલ્પ ઊઠતા જાણવા.

### જળતત્ત્વ (મૂળ સ્કંધ ૭)

વૈરાટને વિશે ઈશાનકોણનો જળતત્ત્વનો પ્રાણાયામ વાયુને વિશે રસભાગના સંકલ્પ રહ્યા છે, તે રસની વૃદ્ધિ કરે છે. જ્યારે અખાત્રીજને દિવસે કોઈ વાયુ વર્તનારા વાયુ જુએ છે ત્યારે જો જળતત્ત્વના પ્રાણાયામનો વાયુ ઈશાનકોણનો વાય તો તે રસ રૂપ જળની વૃદ્ધિ થાય. તેની સમજ.

૧. બીજ ઊતરી રહ્યા પછી અને અખાત્રીજનો અમલ બેસતાં વળી ફાગણ માસની ચૌદશ ઉતરતાં અને હોળીની પૂનમ બેસતાં તેમજ અષાઢ માસની ચોથ ઉતરતાં અને પાંચમ બેસતાં જો એક મુહૂર્ત (બે ઘડી) (૪૮ મિનિટ) ઈશાનકોણનો વાયુ વાય તો એક માસ જેટલી વૃષ્ટિ થાય અને તેનાથી જો ઓછો વાયુ વહે તો તે પ્રમાણે વર્ષા પણ ઓછી થાય.

૨. જો બે મુહૂર્ત (૪ ઘડી) (૯૬ મિનિટ) એ જ વાયુ વહે તો બે માસની વૃષ્ટિ થાય.

૩. જો ત્રણ મુહૂર્ત (૬ ઘડી) (૧૪૪ મિનિટ) એ જ વાયુ વહે તો ત્રણ માસની વૃષ્ટિ થાય.

૪. જો ચાર મુહૂર્ત (૮ ઘડી) (૧૯૨ મિનિટ) એ જ વાયુ વહે તો ચારે માસની વૃષ્ટિ થાય.

**નોંધ :** પાંચમને દિવસે કામદેવ રૂપ વિદ્યુત અગ્નિ ચલકિત થાય છે. તે પણ વૈરાટના રસભાગના સંકલ્પની ક્રિયા જાણવી. આ પ્રકારે જળ તત્ત્વના પ્રાણાયામ વાયુની સંકલ્પની ક્રિયા જાણવી.

## ૩. અગ્નિતત્ત્વનો પ્રાણાયામ




હવે પૂર્વ અને દક્ષિણની સંધિનો વાયુ વહેવા માંડે તો વૈરાટને વિશે અગ્નિતત્ત્વનો પ્રાણાયામ ચાલતો જાણવો. તે સમયે વૈરાટને વિશે પણ તામસ વિભાગના સંકલ્પ ઊઠતા જાણવા.

### અગ્નિતત્ત્વ (મૂળ સ્કંધ ૭)

હવે વૈરાટને વિશે અગ્નિતત્ત્વનો પ્રાણાયામ અગ્નિકોણનો વહે તો તેને વિશે તામસ ભાગના સંકલ્પ રહ્યા છે. તે વૈરાટને વિશે તામસની વૃદ્ધિ કરે છે. જ્યારે કોઈ વાયુ વર્તનાર અખાત્રીજ, હોળી કે અષાઢી પાંચમને દિવસે વાયુ જુએ છે, ત્યારે એ ત્રણ દિવસમાં જો

કદાચીકને વૈરાટમાં અગ્નિતત્ત્વનો પ્રાણાયામ અગ્નિકોણનો વાયુ વાય તો દુષ્કાળ પડે કે અલ્પ વૃષ્ટિ વરસે. તેની સમજ

૧. બીજ ઊતરી રહ્યા પછી અને અખાત્રીજનો અમલ બેસતાં વળી ફાગણ માસની ચૌદશ ઉતરતાં અને હોળીની પૂનમ બેસતાં તેમજ અષાઢ માસની ચોથ ઉતરતાં અને પાંચમ બેસતાં જો એક મુહૂર્ત (બે ઘડી) (૪૮ મિનિટ) ઈશાનકોણનો વાયુ વાય તો એક માસ અનાવૃષ્ટિ થાય અને તેનાથી જો ઓછો વાયુ વહે તો તે પ્રમાણે વર્ષા ઓછી થાય.
૨. જો બે મુહૂર્ત (૪ ઘડી) (૯૬ મિનિટ) એ જ વાયુ વાય તો બે માસની અનાવૃષ્ટિ થાય.
૩. જો ત્રણ મુહૂર્ત (૬ ઘડી) (૧૪૪ મિનિટ) એ જ વાયુ વાય તો ત્રણ માસની અનાવૃષ્ટિ થાય.
૪. જો ચાર મુહૂર્ત (૮ ઘડી) (૧૯૨ મિનિટ) એ જ વાયુ વાય તો ચારે માસની અનાવૃષ્ટિ થાય.

અગ્નિકોણનો એ વાયુ જેટલા મુહૂર્ત વાય તેટલા મહિના અનાવૃષ્ટિ થાય. કારણ કે અગ્નિતત્ત્વના પ્રાણાયામને વિશે તામસના સંકલ્પ રહ્યા છે તે માટે તે તામસને કરીને રસના મૂળરૂપ વર્ષાનો નાશ કરે છે. તે પ્રકારે વૈરાટના અગ્નિતત્ત્વના પ્રાણાયામના સંકલ્પની ક્રિયા જાણવી.

### ૪. વાયુતત્ત્વનો પ્રાણાયામ




હવે ઉત્તર અને પશ્ચિમની સંધિનો વાયુ વાય તો વૈરાટ તનુના વાયુતત્ત્વનો પ્રાણાયામ જાણવો. તે સમયે વૈરાટને વિશે પણ ગવન આકાંક્ષાના વિભાગના સંકલ્પ ઊભા થાય છે તેમ જાણવા.

### વાયુતત્ત્વ (મૂળ સ્કંધ ૭)

હવે વૈરાટને વિશે વાયવ્યકોણનો વાયુતત્ત્વનો પ્રણાયામ વાયુ વહે તો તેને વિશે ગવન કરવાના સંકલ્પ રહ્યા છે. તે વૈરાટને વિશે ગવન કરવાનું ઉપજાવે છે. કોઈ વાયુ વર્તનાર અખાત્રીજ, હોળી કે અષાઢી પાંચમને દિવસે વાયુ નિહાળે છે તે ત્રણ દિવસોમાં જો વાયવ્યકોણનો પવન વહે તો વર્ષા થોડી થાય.

૧. બીજ ઊતરી રહ્યા પછી અને અખાત્રીજનો અમલ બેસતાં વળી ફાગણ માસની ચૌદશ ઉતરતાં અને હોળીની પૂનમ બેસતાં તેમજ અષાઢ માસની ચોથ ઉતરતાં અને પાંચમ બેસતાં જો એક મુહૂર્ત (બે ઘડી) (૪૮ મિનિટ) વાયવ્યકોણનો વાયુ વહે તો એક માસ જેટલી અલ્પવૃષ્ટિ થાય અને તેનાથી જો ઓછો વાયુ વાય તો તે પ્રમાણે વર્ષા ઓછી થાય.
૨. જો બે મુહૂર્ત (૪ ઘડી) (૯૬ મિનિટ) એ જ વાયુ વાય તો બે માસની અલ્પવૃષ્ટિ થાય.
૩. જો ત્રણ મુહૂર્ત (૬ ઘડી) (૧૪૪ મિનિટ) એ જ વાયુ વાય તો ત્રણ માસની અલ્પવૃષ્ટિ થાય.

૪. જો ચાર મુહૂર્ત (૮ ઘડી) (૧૯૨ મિનિટ) એ જ વાયુ વાય તો ચારે માસની અલ્પવૃષ્ટિ થાય.

અને પાછો એ જ વાયુ વાય તો સર્વ ઘાસ તેમજ અનાજનો નાશ કરી નાંખે છે. તેથી અનાજની આદ્ય લઈને સર્વ વસ્તુ મોંઘી વેચાય છે. તે માટે સર્વે પદાર્થોના વિભાગને એક દેશથી બીજે દેશ અને બીજા દેશથી આ દેશ એમ અવારનવાર લાવવા લઈ જવા સંબંધી ગવન કરાવે છે. કારણ કે વાયુતત્ત્વના પ્રાણાયામને વિશે ગવન કરવાના સંકલ્પ રહ્યા છે, તેને લીધે ગવન કરવાની વૃદ્ધિ થાય છે. એ પ્રકારે વૈરાટના વાયુતત્ત્વના વૈરાટના સંકલ્પની ક્રિયા જાણવી.

**૫. આકાશતત્ત્વનો પ્રાણાયામ**




હવે ઉત્તર-દક્ષિણ વગેરે ચારે ખૂણાનો વાયુ સમ-દમ થઈને શૂન્ય પડી જાય અને મહાસૂક્ષ્મ ભાગે તૃણ પણ હાલે નહીં એવાં વાયુ વૈરાટના મધ્ય ભાગ વિશે ધીમે ધીમે વહે તો તે વાયુ વૈરાટ તનુના આકાશતત્ત્વનો પ્રાણાયામ જાણવો. તે સમયે વૈરાટને વિશે પણ સર્વ સંકલ્પ સમદમ થઈ ગયા જાણવા. જો કદાચ સૂક્ષ્મ સંકલ્પ ઊઠતા હોય તો ઉદાસીના કે શૂન્યવત્ ઊઠતા જાણવા.

**આકાશતત્ત્વ (મૂળ સ્કંધ ૭)**

હવે વૈરાટને વિશે આકાશતત્ત્વનો પ્રાણાયામ ચાલતો હોય તો તેને વિશે સંકલ્પનો નાશ થવાની ક્રિયા રહે છે.

૧. ચારે કોણનો વાયુ સમદમ થઈ જાય અને એકલો મધ્ય વાયુ વૈરાટને ઉર્ધ્વ ભાગે મહાસૂક્ષ્મ ચાલે જેનાથી તૃણ પણ હાલે નહીં એવો વાયુ વાય તે સમયે વૈરાટને વિશે આકાશતત્ત્વનો પ્રાણાયામ જાણવો.

૨. જ્યારે દક્ષિણાયનનો સૂર્ય ઉત્તરાયણ થાય અને ઉત્તરાયણનો સૂર્ય દક્ષિણાયન થાય તેના મધ્ય સમયે વૈરાટને વિશે આકાશતત્ત્વ ચાલતું જાણવું.

૩. જ્યારે ચૈત્ર મહિને વર્ષ બદલાય છે, તેની સક્રાંતિ મેષ જે કાળે બેસે છે તે દિવસે વૈરાટને વિશે લેતા શ્વાસનું જ્યારે પવન પશ્ચિમ દિશા તરફ જતો હોય અને પૂર્વ દિશાએ પલટાય ત્યારે આકાશતત્ત્વ હોય તો પ્રાણાયામ લેતા શ્વાસનો વૈરાટના ઉદરને વિશે જેટલા દેશમાં પ્રવેશ કરે તેટલા દેશમાં સઘળે વૃષ્ટિ થાય અને જેટલા દેશમાં વૈરાટના શ્વાસ લેતા શ્વાસનો પ્રાણાયામ પ્રવેશ કરી ન શકે તેટલા દેશમાં અનાવૃષ્ટિ થાય.

૪. જો કદાચ તે સમયે વૈરાટ તનુના મૂક્તા જ્યારે પવન પૂર્વ દિશા તરફ જતો હોય તેને ઊલટાવીને પશ્ચિમ દિશાએ પલટાય ત્યારે પ્રાણાયામનો વાયુ વાય તો જે સ્થાનથી ઉઠ્યો હોય તે સ્થાનથી જેટલા સ્થાન જે પ્રદેશને વેધી શકે તેટલા દેશને વિશે અનાવૃષ્ટિ થાય અને જેટલા દેશને વિશે પ્રવેશ ન કરી શકે તેટલા દેશને વિશે વૃષ્ટિ થાય.

આ પ્રકાર વૈરાટ તનુના આકાશતત્ત્વના પ્રાણાયામના સંકલ્પની ક્રિયા જાણવી.

★

**દસ ભાગ – વૈરાટના પૃથ્વીતત્ત્વના સ્થૂળ દેહને વિશે રહ્યા છે.**




વૈરાટને વિશે સ્વકાશઘણનાં શાંત (સ્વાંત) સંભસક્રણના નવ ભાગ લઈ તેમાં સતોગુણના મન અંતઃકરણનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬)

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- શાંત સંભસક્રણના ૯ ભાગ પૃથ્વીતત્ત્વને વિશે રહ્યા છે, તેને લીધે પૃથ્વી શાંતિવત્ જ રહી છે.
- મન અંતઃકરણનો એક ભાગ પોખેલો હોવાથી પૃથ્વીને વિશે સર્વની ઉપજણ રહી છે.
- એ પ્રકારે સ્વાંત સંભસક્રણના નવ ભાગમાં એક ભાગ મન અંતઃકરણનો રહ્યો છે તેમ સમજવું.

★

**દસ ભાગ – વૈરાટના જળતત્ત્વના સૂક્ષ્મ દેહને વિશે રહ્યા છે.**

વૈરાટને વિશે સ્વકાશઘણનાં શીલ સંભસક્રણના નવ ભાગ લઈ તેમાં સતોગુણના બુદ્ધિ અંતઃકરણનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬)



## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- શીલ સંભસક્રણના નવ ભાગ વૈરાટને વિશે જળતત્ત્વના સૂક્ષ્મ દેહને વિશે પોખેલા હોવાથી વૈરાટ સર્વદા શીલવંત જ રહે છે. તેમજ જળ પણ શીલવંત રહે છે.
- બુદ્ધિ અંતઃકરણનો એક ભાગ પોખેલો હોવાથી વૈરાટને વિશે વૈરાટના વહેવાર પ્રમાણે ઘાટ ઘડાય છે – એટલે કે વૈરાટને વિશે સાઠ સંવત્સર અને ખટ ઋતુની આદ્ય લઈને (૧૨) દ્વાદશ માસ ને અસંખ્ય યુગ વીતી જાય છે. તે સર્વના ઘાટ ઘડાય છે. તેના નામ, રૂપ અને ગુણ નિશ્ચય થયે જાય છે. તે બુદ્ધિ અંતઃકરણના એક ભાગની ક્રિયા જાણવી. તેમજ જળને વિશે મધુરતા રહેલી છે.

★

## દસ ભાગ વૈરાટના અગ્નિતત્ત્વના કારણદેહને વિશે રહ્યા છે.

વૈરાટને વિશે સ્વકાશઘણનાં સહેજ સંભસક્રણના નવ ભાગ લઈ તેમાં સતોગુણના અહંકાર અંતઃકરણનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- સહેજ સંભસક્રણના નવ ભાગ ને લીધે વૈરાટના અગ્નિતત્ત્વના કારણદેહને વિશે રહ્યા છે, જેથી સદાયકાળ સહેજ દશાવંત સરખું જ જણાય છે.
- વૈરાટ તેમજ મહાશૂન્યને વિશે મહાઅગ્નિ સહેજ સ્વભાવે જ રહે છે. કોઈક સમયે પ્રલયકાળે જ દશ્યમાન થાય છે. બાકી સદાયકાળ સહેજ સ્વભાવે રહે છે.
- અહંકાર અંતઃકરણ એક ભાગ પોખેલો હોવાથી અસંખ્ય યુગોથી વૈરાટ તોળાઈ રહ્યું છે. આ રીતે વૈરાટને વિશે અહંકાર અંતઃકરણનો એક ભાગ જાણવો તેમજ સદાય મહાઅગ્નિને તોળી રહ્યા છે તેથી સઘળે ફેલાવા દેતો નથી.

★

**દસ ભાગ વૈરાટના વાયુતત્ત્વના મહાકારણ દેહને વિશે રહ્યા છે.**




વૈરાટને વિશે સ્વકાશઘણનાં સંતોષ સંભસક્રણના નવ ભાગ લઈ તેમાં સતોગુણના ચિત્ત અંતઃકરણનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- સંતોષ સંભસક્રણના નવ ભાગને લીધે વૈરાટના વાયુતત્ત્વના મહાકારણ દેહને વિશે રહ્યા છે, જેથી વૈરાટમાં શિશુમારચક્ર સદાયકાળ કોઈ પણ ભક્ષણ વિના સંતોષ સરખું જ રહે છે. કારણ કે વૈરાટને વિશે કોઈ સમયે વર્ષા વધુ પડતી હોય યા ઓછી હોય તો તે પ્રમાણે વૈરાટને વિશે ઉપજણ ઓછી-વત્તી થાય છે. પણ વૈરાટ પોકાર કરતું નથી કે હું અસંતોષી છું. એ પ્રકારે વૈરાટને વિશે નવ ભાગ સંતોષ સંભસક્રણના જાણવા.
- પ્રથમ મન વડે સંકલ્પ થાય છે, એવું આગળ દર્શાવ્યું છે. તે સંકલ્પનો નિશ્ચય બુદ્ધિ કરે છે. તે બુદ્ધિના નિશ્ચય કરેલા ઘાટને અહંકાર તોળી રહ્યો છે. તે અહંકારના તોળેલા પદાર્થોને ચિત્ત ચિંતવન કરીને સાક્ષાત્કાર પણું ધરાવે છે. સત્ત્વગુણના અંતઃકરણ પૈકી ચિત્ત અંતઃકરણનો એક ભાગ ધરાવે છે, તે સાક્ષાત્કાર કહેતાં ઋતુ, સંવત્સર અને યુગની આદ્ય લઈને તેનું તાદર્શપણું દૃઢ દર્શાવે છે. તે સાક્ષાત્કારપણું જાણવું. તેમજ શિશુમારચક્ર વિશે વિશેષ ચલકીતપણું રહ્યું છે. એ પ્રકારે વૈરાટને વિશે ચિત્ત અંતઃકરણનો એક ભાગ જાણવો.

★

## દસ ભાગ વૈરાટના આકાશતત્ત્વના પરમકારણ દેહને વિશે રહ્યા છે.

વૈરાટને વિશે સ્વકાશઘણનાં સમતા સંભસક્રણના નવ ભાગ લઈ તેમાં સતોગુણના ચિદ્ (નચિદ્) અંતઃકરણનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- સમતા સંભસક્રણના ૯ ભાગને વૈરાટના આકાશતત્ત્વના પરમકારણ દેહને વિશે રહ્યા છે જેને લીધે આકાશ અતિશય સમદમ સમતાવત્ જ રહે છે. કારણ કે વૈરાટના ઉદરને વિશે ચૌદ લોક રમણ કરે છે, ખોદે છે, ખણે છે, પણ વૈરાટ કોઈની ઉપર દ્વેષ કે હેત રાખતું નથી.
- સતોગુણના નચિદ્ અંતઃકરણનો ૧ ભાગ પોખેલો હોવાથી વૈરાટ સદાયકાળ નચિંત સરખું જ રહે છે. તેમાં જાણે કોઈ પ્રકારની પ્રવૃત્તિ જ ન હોય એવું ધ્યાનાકાર સરખું દેખાય છે. તેમજ આકાશ સદાયકાળ નચિંત જ રહ્યું છે. આ પ્રકારે વૈરાટ અને વૈરાટના પંચતત્ત્વના પંચદેવને વિશે પંચ સંભસકરણ અને પંચ અંતઃકરણ રહ્યા છે.

★

## દશભાગ વૈરાટના પૃથ્વીતત્ત્વના સ્થૂળ દેહને વિશે રહ્યા છે.




વૈરાટને વિશે સ્વકાશઘણનાં સ્થિતિ વિવસ્તાના નવ ભાગ લઈ તેમાં સતોગુણની જાગૃત અવસ્થાનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- સ્વકાશઘણની સ્થિતિ વિવસ્તાના નવ ભાગોને લીધે પૃથ્વી સદાયકાળ સ્થિતિવત્ જ રહી છે.
- જાગૃત અવસ્થાના એક ભાગને લીધે વૈરાટને વિશે જાગૃત અવસ્થા રહી છે. જેમાં નાગલોક, દેવ અને મનુષ્યોની આદ્ય લઈને સર્વ લોકો જાગૃત અવસ્થા શ્રેષ્ઠ ભોગવે છે. જ્યારે બીજી ચાર અવસ્થા ઉદરને વિશે વર્તમાન કરે છે.

★

## દસ ભાગ વૈરાટના જળતત્ત્વના સૂક્ષ્મદેહને વિશે રહ્યાં છે.




વૈરાટને વિશે સ્વકાશઘણનાં ઉદાર વિવસ્તાના નવ ભાગ લઈ તેમાં સતોગુણની સ્વપ્ન અવસ્થાનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬)

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- સ્વકાશઘણની ઉદાર વિવસ્તાના નવ ભાગોને લીધે મહાજળ સદાયકાળ અથાહ, ઉદાર અને ગંભીરવત્ જ રહે છે.
- સતોગુણની સ્વપ્ન અવસ્થાના એક ભાગને લીધે વૈરાટને વિશે સ્વપ્ન અવસ્થા થઈ છે. જેથી પશુ, પતંગ અને કીટની આદ્ય લઈને આ જાતિને વિશે સ્વપ્ન અવસ્થા શ્રેષ્ઠ રહી છે. બીજી ચાર અવસ્થા ઉદરને વિશે વર્તમાન કરે છે.

★

## દસ ભાગ વૈરાટના કારણદેહના અગ્નિતત્ત્વને વિશે રહ્યાં છે.

વૈરાટને વિશે સ્વકાશઘણનાં ગલિત વિવસ્તાના નવ ભાગ લઈ તેમાં સતોગુણના સુષુપ્તિ અવસ્થાનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬)



**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- સ્વકાશઘણની ગલિત અવસ્થા નવ ભાગે કરીને મહાઅગ્નિ કાષ્ટ, પાષાણની આદ્ય લઈને સર્વે વૈરાટને વિશે ગલિતવાન જ રહ્યો છે. તે માટે તેમાંથી અગ્નિ આપોઆપ પ્રગટ થઈ શકતો નથી.
- સતોગુણની સુષુપ્તિ અવસ્થાના એક ભાગને લીધે વૈરાટને વિશે સુષુપ્તિ અવસ્થા થઈ છે, જેથી તૃણજાતિ, વેલીજાતિ અને વૃક્ષજાતિને વિશે સુષુપ્તિ અવસ્થા શ્રેષ્ઠ ભોગવે છે. બીજી ચાર અવસ્થા તેના ઉદર વિશે વર્તમાન કરે છે.

★

**દસ ભાગ વૈરાટ તનુના વાયુતત્ત્વના મહાકારણ દેહને વિશે રહ્યાં છે.**

વૈરાટને વિશે સ્વકાશઘણનાં કુંભ વિવસ્તાના નવ ભાગ લઈ તેમાં સતોગુણની તુરિયા અવસ્થાનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- સ્વકાશઘણની કુંભ વિવસ્તાના નવ ભાગે કરીને વાયુતત્ત્વરૂપ શિશુમારચક્ર ફરે છે ખરું પણ કુંભવત્ સરખું જ દેખાય છે. જેમ કે ચંદ્ર-સૂર્યની આદ્ય લઈને સર્વ તારામંડળ તેને આધારે રહ્યા છે પણ તારા મંડળને ચંદ્ર-સૂર્ય ફરતાં દેખાતા નથી.
- સતોગુણની તુરિયા અવસ્થાનો એક ભાગને લીધે વૈરાટને વિશે તુરિયા અવસ્થા થઈ છે. જેમાં ત્રણ ગુણ અને ત્રણ ઘણની આદ્ય લઈને વૈરાટ સમેતને વિશે તુરિયા અવસ્થા શ્રેષ્ઠ રહે છે અને બીજી ચાર અવસ્થા ઉદરને વિશે ભોગવે છે તેનાથી વૈરાટ સદાયકાળ સહેજ સ્વભાવ તુરિયાવત્ સરખું જ રહે છે.

એ પ્રકારે ચાર અવસ્થાની ક્રિયાઓ વર્તે છે. તેની વચ્ચે વચ્ચે અંતરને વિશે વૈરાટ સદા નિર્મળ રહે છે ત્યારે તુરિયા અવસ્થા સદાય વર્તે છે તેમ જાણવી.

**બીજી ચાર અવસ્થા તેના ઉદરને વિશે (પેટા ભાગમાં) વર્તમાન કરે છે તેની સમજ**

૧. **તુરિયાનાં વિશે ઉન્મુની અવસ્થા વર્તે છે.** તેથી એક માસ વસંતઋતુનો અને બે માસ ગ્રીષ્મ

ઋતુના મળી નેવું દિવસો સુધી તુરિયાની ઉદરમાં ઉન્મુની અવસ્થા જાણવી – તે દરમિયાન વિદ્યુત, વાદળ, ધુમ્મર કે ગર્જનાની આદ્ય લઈને કોઈ પણ ઉપાધિ વિશેષ થતી નથી. જો કદાચ તે સમયે માવઠું કે મેઘરવાની ઉપાધિ થાય તો તે ઉન્મુની વિશે ફરીથી જાગૃત વર્તતી જાણવી.

૨. **તુરિયાને વિશે જાગૃત અવસ્થા વર્તે છે.** તેથી અષાઢ, શ્રાવણ અને ભાદરવો આ ત્રણ માસના નેવું દિવસ સુધી તુરિયાના ઉદરની જાગૃત અવસ્થા જાણવી – આ જાગૃત અવસ્થાની ક્રિયા તે ચોમાસાના નેવું દિવસ સુધી વિદ્યુત, વાદળ, વર્ષા અને ગર્જનાની આદ્ય લઈને અતિશય ઉપાધિ સ્ફુરણ થાય છે.

૩. **તુરિયાને વિશે સ્વપ્ન અવસ્થા વર્તે છે**. તેથી શરદઋતુ નો એક આસો માસ અને શિશિર ઋતુના બે માસ મળી નેવું દિવસો સુધી વૈરાટને વિશે તુરિયાના ઉદરની સ્વપ્ન અવસ્થા જાણવી – તે દરમિયાન અલ્પ, વર્ષા, ધુમ્મર અને ઓસની આદ્ય લઈને સૂક્ષ્મ ઉપાધિ ઊઠે છે. જેમ આપણા વિશે જાગ્રત અવસ્થાના અકુંરો સ્વપ્ર અવસ્થાએ વિશેષ સ્ફુરે છે, ત્યારે સ્વપ્ર અવસ્થા જણાય છે. એ પ્રકારે વિરાટને વિશે જાગ્રત અવસ્થા એટલે વૃષ્ટિકાળ આ વૃષ્ટિકાળના અકુંરો જે અલ્પવૃષ્ટિ ધુમ્મસ અને ઓસ (જાકળ) આદિ તે સ્વપ્ર અવસ્થાના ૯૦ દિવસ સુધી સ્ફુરે છે.

૪. **તુરિયાને વિશે સુષુપ્તિ અવસ્થા વર્તે છે**. જેમ આપણા વિશે સુશુપ્તિ અવસ્થાના અકુંરો ઊઠે છે, જે સંકલ્પના રૂપ બંધાય છે. અને સુષુપ્તિ અવસ્થાને વિશે તો સ્વપ્રના સંકલ્પ કરતાંય પણ ઘણાક સૂક્ષ્મ સંકલ્પ ઊઠે છે. જે આળપંપાળ દશ્યમાન થાય છે અને તે સંકલ્પ જાગ્રતને વિશે કહી શકતા નથી. તેથી બે માસ હીમ વર્ષાઋતુના અને એક માસ વસંતઋતુનો મળી નેવું દિવસો સુધી વૈરાટને વિશે તુરિયાના ઉદરની સુષુપ્તિ અવસ્થા જાણવી. તે દરમિયાન મેઘરવો ઓસની આદ્ય લઈને અલ્પ સૂક્ષ્મ વિકાર ઊઠે છે.

**નોંધ :** જ્યારે આ ચાર પેટા ઉદરની અવસ્થાની ક્રિયા થઈ થઈને રહી જાય ત્યારે વૈરાટ વચ્ચે વચ્ચે પાછું નિર્મળ થઈ જાય છે તેને તુરિયા અવસ્થા સદા વર્તતી જાણવી.

★

**દસ ભાગ વૈરાટ તનુના પરમ કારણ દેહના આકાશતત્ત્વને વિશે રહ્યાં છે.**




વૈરાટને વિશે સ્વકાશઘણનાં સામાન્ય વિવસ્તાના નવ ભાગ લઈ તેમાં સતોગુણની ઉન્મુની અવસ્થાનો એક ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- સ્વકાશઘણની સામાન્ય વિવસ્તાના નવ ભાગને લીધે આકાશતત્ત્વ સામાન્યવત્ જ રહે છે.
- સતોગુણની ઉન્મુની અવસ્થાના એક ભાગને લીધે વૈરાટને વિશે ઉન્મુની અવસ્થા થઈ છે, જેમાં આનંદ તત્ત્વકારણ, મહા તત્ત્વકારણ, પ્રકૃતિ તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણ એમ ચારેય તત્ત્વ કારણની આદ્ય લઈને અવ્યાક્રત તેમજ નિરંજન સમેતને વિશે ઉન્મુની અવસ્થા શ્રેષ્ઠ રહે છે. બીજી ચાર અવસ્થા તેના ઉદરને વિશે વર્તમાન કરે છે.

★

**હવે અચંતઘણની દસ ભાવનામાંથી નવ નવ ભાગ લઈને તેમાં તમોગુણના દસ કાળના એક એક ભાગ મળી કુલ ૧૦૦ ભાગ થયા તે વૈરાટ તનુને કેવી રીતે પોખ્યાં તેની સમજ:**




વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી અહમ્ ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી કામનાકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની અહમ્ ભાવનાના નવ ભાગોને લીધે વૈરાટ સદાકાળ અહમ્ સરખું જ રહે છે. અસંખ્ય કાળ જેને વીતી જાય છે છતાં વૃદ્ધપણાની અસર અધિક ન્યૂન જણાતી નથી.
- વૈરાટને વિશે એક ભાગ કામનાકાળનો હોવાથી માતા-પિતા વિના, જળ અને પૃથ્વીના યોગે અનેક પ્રકારના કીટ જીવ વર્ષાઋતુમાં ઉત્પન્ન થાય છે તે વૈરાટના કામનાકાળે કરીને ઉત્પન્ન થાય છે. એ પ્રકારે વૈરાટને વિશે અહમ્ ભાવનાના અને કામનાકાળના વિભાગ રહ્યા છે.

★




વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી સંભ ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી પૃથકકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની સંભ ભાવનાના ૯ ભાગ પોખેલા હોવાથી વૈરાટ સદાકાળ સ્તંભાકાર સરખું જ રહે છે.
- તમોગુણના પૃથકકાળનો ૧ ભાગ હોવાથી વૈરાટને વિશે કંઈક સુવર્ણની ભૂમિકા, કંઈક ચાંદીની ભૂમિકા અને કંઈક ત્રાંબા લોહની આદ્ય લઈને હીરા, રત્ન, પારસ, મૃતિકા તથા ખારા મીઠા જળ સમેત સર્વ ભેદાભેદ વૈરાટને વિશે પૃથક-પૃથક જણાય છે.

એ પ્રકારે વૈરાટને વિશે સંભ ભાવના અને પૃથકકાળના વિભાગ રહ્યા છે.

★

વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી વિસર્જન ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી અજ્ઞાનકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની વિસર્જન ભાવનાના ૯ ભાગને લીધે વૈરાટને વિશે ગયા વરસની ક્રિયા આ વર્ષે નહીં અને આ વર્ષની ક્રિયા આવતે વર્ષે થાય નહીં તે વિસર્જન ભાવનાથી પાછલી ક્રિયા વીસરી જાય છે.
- તમોગુણના અજ્ઞાનકાળનો ૧ ભાગ જે પાછળનું વિસરેલું ફરીથી સ્મૃતિમાં આવવા દેતું નથી.

★




વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી નિદ્રા ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી સ્વભાવકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની નિદ્રા ભાવનાના ૯ ભાગ પોખેલા હોવાથી વૈરાટ સદાકાળ નિદ્રાવત્ સરખું જ રહે છે, પરંતુ અન્ય અવસ્થાઓ તેના ઉદરને વિશે વર્તમાન કરે છે. જેમ આપણને નિંદ્રા આવે છે, ત્યારે સ્વપ્ન, સુષુપ્તિની આદ્ય લઈ ફરીથી તેને વિશે પણ વર્તમાન કરે છે. તે પ્રકારે વૈરાટને વિશે પણ ઉદરને વિશે બધી જ અવસ્થાઓ વર્તમાન કરે છે.
- તમોગુણના સ્વભાવકાળનો ૧ ભાગ પોખેલો હોવાથી ખટ ઋતુની આદ્ય લઈ વૈરાટને વિશે જે સ્વભાવ પડ્યો છે તે સદાયકાળ રહે છે.

એ પ્રકારે વૈરાટને વિશે નિંદ્રા ભાવનાના અને સ્વભાવ કાળના વિભાગ રહ્યા છે.

★

વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી અંધતમ ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી દ્વેષકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની અંધતમ ભાવનાના ૯ ભાગ વૈરાટના ઉદરના મહાશૂન્યને વિશે રહેલા મહદ અગ્નિતત્ત્વને વિશે રહ્યા છે, તેને લીધે મહાઅગ્નિ મહાશૂન્યને વિશે અંધનો અંધ સરખો જ રહે છે. જે મહાશૂન્યની આદ્ય છોડીને સર્વ વૈરાટને વિશે પ્રકાશતો નથી.

- તમોગુણના દ્વેષકાળનો ૧ ભાગ પોખેલો હોવાથી કોઈ સમયે બ્રહ્માના નિત્ય પરલા(પ્રલય)ને વિશે મહાઅગ્નિની સોળકળા-સૂર્યને વિશે પોખાઈ વૈરાટને રહેવા દઈ વૈરાટના ઉદરના લોક જે સ્થાવર જંગમ વિગેરેનો પ્રલય કરી નાંખે છે.

એ પ્રકારે વૈરાટને વિશે અંધતમ ભાવનાના અને દ્વેષકાળના વિભાગ રહ્યા છે.

★




વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી અચેત ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી આક્રાંતકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- અચંતઘણની અચેત ભાવનાના ૯ ભાગને લીધે વૈરાટ સદાકાળ અચેત સરખું જ રહે છે. કારણ કે ચૌદ લોક જેના વિશે ખોદે છે, ખણે છે ને ખૂંદે છે પણ બોલતું-ચાલતું નથી, પરંતુ અચેતને અચેત સરખું જ રહે છે.
- તમોગુણના આક્રંતકાળનો ૧ ભાગને લીધે વૈરાટને ખોદતાં, ખણતાં ને ખૂંદતાં સદાકાળ આક્રંતિને આક્રંતિવાન જ રહે છે. તે આક્રંતિકાળના વિભાગને કરીને રહે છે.

એ પ્રકારે વૈરાટને વિશે અચેત ભાવના અને આક્રંતકાળના વિભાગ રહ્યા છે.

★

વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી ઉચાટ ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી આશ્ચર્યકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).



**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની ઉચાટ ભાવનાના ૯ ભાગને લીધે વૈરાટ ગ્રીષ્મકાળે ઉન્મુની અવસ્થાને વિશે ઉચાટ સરખું જ રહે છે.
- તમોગુણના આશ્ચર્યકાળનો ૧ ભાગ પોખેલો હોવાથી વૈરાટને વિશે ચાર અવસ્થાની ઉપાધિ રૂપ આભ્ર, વિદ્યુત, ગર્જના, વરસાદ અને ઘુમ્મરની આદ્ય લઈને એ સર્વે ક્રિયા તે સમયે શૂન્યને વિશે લીન પામી જાય છે. પણ તેટલા પૈકીનું પાછું કંઈ પણ દષ્ટિમાં આવતું નથી. તે આશ્ચર્યકાળના વિભાગે કરીને આશ્ચર્ય થઈ જાય છે.

એ પ્રકારે વૈરાટને વિશે ઉચાટ ભાવના અને આશ્ચર્યકાળના વિભાગ રહ્યા છે.

★




વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી અભાવ ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી રાગસકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની અભાવ ભાવનાના ૯ ભાગ તે વૈરાટની સ્પર્શ માત્રાને વિશે રહ્યા છે તે સ્પર્શમાત્રા કહેતાં ૪૯ વાયુ જે છે તે વાયુ અનંત પદાર્થોને વિશે વૈરાટમાં વાય છે પણ કોઈ પદાર્થને વિશે વળગતો નથી. તે અભાવ ભાવનાએ કરીને નથી વળગતો.
- તમોગુણના રાગસકાળનો ૧ ભાગ છે તેથી પવન, પુષ્પાદિક, ધૂપ-દીપની વાસનાની આદ્ય લઈને સર્વની ઉપર વહે છે, ત્યારે એક અથવા બે ખેતરવા તે વાસનાને ગ્રહણ કરીને લેતો જાય છે (માપ ૧૫૦ ફૂટ આશરે) અને દૂર જતાં પાછો નિર્મળ થઈ જાય છે. તે અભાવ ભાવનાથી નિર્મળ થઈ જાય છે.

એ પ્રકારે વૈરાટને વિશે અભાવ ભાવના અને રાગસકાળના વિભાગ રહ્યા છે.

★




વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી મૌન (મૂન્ય) ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી વિપરીતકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં. (મૂળ સ્કંધ-૬).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની મૂન્ય ભાવનાના ૯ ભાગને લીધે વૈરાટ સદાકાળ મૂન્ય સરખું જ રહે છે. જેના ઉદરને વિશે દેવ મનુષ્યને ખટ ગુણ ઘણની આદ્ય લઈને અસંખ્ય લોક રહ્યા થકી વર્તે છે. તેમાં કેટલાક લોક મહા રૂડાં (સારાં) કામ આચરે છે. અને કેટલાક લોક અતિશય અધર્મે ચાલે છે, પરંતુ વૈરાટ અધર્મીની સાથે બોલીને વારી રાખતું નથી. તેમજ સુધર્મીની સાથે બોલીને ઉપમા દેતું નથી. આમ વૈરાટ કોઈની સામે બોલતું નથી.
- તમોગુણની વિપરીતકાળના ૧ ભાગને લીધે હીમ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, મરકી (મહામારી), લૂ અને અગ્નિની આદ્ય લઈને વૈરાટને વિશે વ્યાધિ ઉત્પન્ન થાય છે. તે વિપરીત કાળનો વિભાગ જાણવો.

એ પ્રકારે વૈરાટને વિશે મૌન ભાવના અને વિપરીતકાળના વિભાગ રહ્યા છે.

★

વૈરાટને વિશે અચંતઘણની દસ ભાવનામાંથી અસામર્થ ભાવનાના નવ ભાગ લઈ તેમાં તમોગુણના દસ કાળ પૈકી વૃદ્ધિ-અંતકાળનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને વિશે પોખ્યાં હતાં. (મૂળ સ્કંધ-૬)



**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- અચંતઘણની અસામર્થ ભાવનાના ૯ ભાગને લીધે વૈરાટમાં વૈરાટના મહદ શરીર પ્રમાણે મહદ શક્તિ રહી છે. છતાં તે મહદ શક્તિ પ્રમાણે વૈરાટ હલન-ચલન કરી શકતું નથી.
- તમોગુણના વૃદ્ધિ-અંત કાળનો ૧ ભાગ વૈરાટના ઈંડ કટાક્ષની ત્વચા ભાગને વિશે રહ્યો છે. તેથી વૈરાટ તેના દેહ પ્રમાણે વૃદ્ધિ પામી રહ્યું છે. ત્યાર પછી હવે ફરીથી નવીન વૃદ્ધિ પામતું નથી. કારણ કે વૈરાટના ત્વચા ભાગને વિશે એકભાગ વૃદ્ધિ અંતકાળનો રહ્યો છે, તેને લીધે વૈરાટની ત્વચાને વૃદ્ધિ પામવા દેતો નથી. ત્યારે વૈરાટનું અંતર કાઠ પણ વૃદ્ધિ પામતું નથી.

એ પ્રકારે વૈરાટને વિશે અસામર્થ ભાવના અને વૃદ્ધિ-અંતકાળના વિભાગ રહ્યા છે.

★

**હવે ધનંજે તત્ત્વ કારણથી મૂળ ત્રણ ઘણ થયા – અહંકારઘણ, સ્વકાશઘણ અને અચંતઘણ. આ ત્રણ ઘણમાંથી નવ-નવ ભાગ લઈને તેમાં પ્રકૃતિ તત્ત્વકારણના ત્રણ ગુણ-રજોગુણ, તમોગુણ અને સતોગુણ તે દરેકમાંથી એક એક ભાગ લઈને કુલ ૩૦ ભાગ કેવી રીતે મેળવ્યા તેની સમજ (સ્કંધ ૬).**




વૈરાટને વિશે ધનંજેતત્ત્વ કારણના મૂળ ત્રણ ઘણ પૈકી અહંકારઘણના નવ ભાગ લઈ તેમાં પ્રકૃતિતત્ત્વ કારણના ત્રણ ગુણ પૈકી રજોગુણનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં. (મૂળ સ્કંધ-૬)

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- ધનંજે તત્ત્વકારણના અહંકારઘણના ૯ ભાગ પોખેલા હોવાથી અહંકારઘણની દૃષ્ટિ ઉર્ધ્વગતિની છે – તેને લીધે તેના વિભાગ જેને વિશે રહ્યા છે તેને ઉર્ધ્વમુખે ગવન કરાવે છે. જે ચાર માસ ચોમાસાના ભોગવે છે.

૧. અહંકારના ૨ ભાગ પૃથ્વીતત્ત્વ અને ગંધમાત્રાને વિશે રહ્યા – તે સર્વ પર્વતાકારની આદ્ય લઈને ઉર્ધ્વમુખ વૃદ્ધિ પામ્યા રૂપી ગવન કરે છે.

૨. અહંકારના ૨ ભાગ અગ્નિતત્ત્વ અને રૂપમાત્રને વિશે રહ્યા – તે માટે અગ્નિતત્ત્વની

રૂપમાત્રાને પણ ઉર્ધ્વમુખે ગવન કરાવે છે.

૩. અહંકારના ૨ ભાગ પવનતત્ત્વ અને સ્પર્શમાત્રને વિશે રહ્યા – તે માટે મહદ વાયુને અને સ્પર્શવાયુને ઉર્ધ્વમુખે ગવન કરાવે છે – જો વાયુને કોઈ રોકાણ કરે તો ઉર્ધ્વમુખે ચાલે પણ અધોમુખે પૃથ્વીમાં પ્રવેશ કરે નહીં.

૪. અહંકારના ૨ ભાગ આકાશતત્ત્વ અને શબ્દમાત્રા વિશે રહ્યા – તે માટે મહદ આકાશ અને આવરણને ઉર્ધ્વમુખે ગવન કરાવે છે. તે કેમ જણાય, આકાશનો ભાગ તે શબ્દ કહેવાય છે તે શબ્દની પણ ઉર્ધ્વમુખે અવિકાસમાં દૃષ્ટિ છે. તેથી અધોમુખે અવનિમાં શબ્દ પ્રવેશતો નથી.

૫. અહંકારનો ૧ ભાગ મહદ જળતત્ત્વને વિશે રહ્યો – તેને કરીને મહદ જળ પૃથ્વીની તળે સમદમ સઢાકાર અડોલવત્ રહ્યું છે, તેને વિશે અહંકારગણનો એક ભાગ ઉર્ધ્વમુખ ગવન દૃષ્ટિથી અવનીને તોળી રહ્યો છે. અહંકારગણની ઉધ્વમુખ દૃષ્ટી છે. તેના વિભાગ જેનામાં રહ્યા છે, તેને પણ ઉદ્વમુખે ગવન કરાવે છે.

- પ્રકૃતિ તત્ત્વકારણના રજોગુણનો ૧ ભાગ પોખેલો હોવાથી રજોગુણની દૃષ્ટિ અધોમુખની ગવનવાળી છે તે માટે રજોગુણનો વિભાગ જે રસમાત્રા તે વર્ષાઋતુના જળને વિશે રહ્યો છે, તેને લીધે વર્ષાઋતુના જળને અધોમુખ ગવન કરાવે છે તેમજ રજોગુણનો એક ભાગ વર્ષાનો ઉદય કરે છે.

એ પ્રકારે વૈરાટને વિશે અહંકારઘણના અને રજોગુણના વિભાગ રહ્યા છે.

★




વૈરાટને વિશે ધનંજેતત્ત્વ કારણના ત્રણ ઘણ પૈકી સ્વકાશઘણના નવ ભાગ લઈ તેમાં પ્રકૃતિતત્ત્વ કારણના ત્રણ ગુણ પૈકી સતોગુણનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- આ ૧૦ ભાગ તો પંચ સંભષકરણ અને પંચવિવસ્તાના વિભાગને વિશે રહ્યા છે. જેમાં સત્તોગુણનો એક ભાગ તો ઉદારવિવસ્તાના સ્વપ્નઅવસ્થાને વિશે રહ્યો છે.
- ધનંજે તત્ત્વકારણના સ્વકાશઘણના ૯ ભાગ પોખેલા હોવાથી ચાર માસ શિયાળાના વિશે વર્તમાન કરે છે. વૈરાટને વિશે પંચ સંભસક્રણ અને ચાર વિવસ્તાની અંદર જેટલું સ્વકાશપણું જણાય છે તે

તથા વૈરાટને વિશે જે સ્વકાશરૂપી નિર્મળપણું છે તે સ્વકાશઘણના નવ ભાગે કરીને જણાય છે.

- પ્રકૃતિ તત્ત્વકારણના સતોગુણનો ૧ ભાગ પોખેલો હોવાથી સતોગુણનો સ્વભાવ પણ આરધ-ઊરધની મધ્યે સમદમ ઉદારવત્ જ છે, તેને લીધે ઉદાર વિવસ્તાને અને સ્વપ્ન અવસ્થાને પણ જાગૃત અવસ્થા કરતાં ઉદારવત્ જ રાખે છે. તેમજ સતોગુણનો ૧ ભાગ અતિશય શીતળતા ઉપજાવે છે.

એ પ્રકારે વૈરાટને વિશે સ્વકાશઘણના નવ ભાગ અને સતોગુણનો એક ભાગ રહ્યા છે.

★

વૈરાટને વિશે ધનંજેતત્ત્વ કારણના ત્રણ ઘણ પૈકી અચંતઘણના નવ ભાગ લઈ તેમાં પ્રકૃતિતત્ત્વ કારણના ત્રણ ગુણ પૈકી તમોગુણનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં. (મૂળ સ્કંધ-૬).




**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- ધનંજે તત્ત્વકારણના અચંતઘણના ૯ ભાગ અચંતઘણની ૯ ભાવનાને વિશે રહ્યા છે તેથી નવ ભાવનાને વિશે અચંત પણું ઊપજે છે. ઉનાળાના ચાર માસ વિશે વર્તમાન કરે છે.
- પ્રકૃતિ તત્ત્વકારણના તમોગુણનો ૧ ભાગ પોખેલો હોવાથી અચંતઘણની અસામર્થ ભાવનાને વૃદ્ધિ-અંતકાળના વિભાગને વિશે રહ્યા છે, તેને લીધે વૈરાટના વૃદ્ધિપણાને તમોગુણનો વિભાગ ભક્ષણ કરતો રહે છે. તેથી વૈરાટ તેની હદ મૂકીને વૃદ્ધિ પામી શકતું નથી. ૪ તમોગુણનો ૧ ભાગ તેમજ ગ્રીષ્મકાળને વિશે અતિશય તામસ અગ્નિ ઉત્પન્ન કરે છે.

એ પ્રકારે વૈરાટને વિશે અચંતઘણના નવ ભાગ અને તમોગુણનો એક વિભાગ રહ્યા છે.

★

**હવે અવ્યાક્તથી ચતુર તત્ત્વકારણ ઉત્પન્ન થયાં. તેમાં પ્રથમ આનંદ તત્ત્વકારણ અને મહા તત્ત્વકારણ થયાં. ત્યારબાદ તે આનંદ તત્ત્વકારણથી પ્રકૃતિ તત્ત્વકારણ અને મહા તત્ત્વકારણથી ધનંજે તત્ત્વકારણ થયાં. આ ચારે તત્ત્વો અવ્યાક્તથી ઉત્પન્ન થયાં. ધનંજે તત્ત્વકારણના નવ ભાગ લઈને તેમાં પ્રકૃતિ તત્ત્વકારણનો એક ભાગ મૂકીને અને મહા તત્ત્વકારણના નવ ભાગમાં એક ભાગ આનંદ તત્ત્વકારણનો મૂકીને આ દસ ભાગ મળી કુલ ૨૦ ભાગ વૈરાટ તનુને પોખ્યાં તેની સમજ (સ્કંધ ૬).**




વૈરાટને વિશે ધનંજે તત્ત્વકારણના નવ ભાગ લઈ તેમાં પ્રકૃતિ તત્ત્વકારણનો એક ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- આ દસ ભાગ વૈરાટની શબ્દ માત્રા જે સત્ત્વ શૂન્ય તેને વિશે રહ્યા છે.
- ધનંજે તત્ત્વકારણના ૯ ભાગને લીધે વૈરાટની શબ્દ માત્રાને વિશે ૐકારની આદ્ય લઈને ૫૨ (બાવન) અક્ષર બંધાય છે, તે ધનંજે તત્ત્વકારણની શક્તિથી અક્ષરનાં રૂપ બંધાય છે. જેમ કે કોઈ નદીની વેળુ (રેતી)નો ગોળો બાંધવો હોય તો તેમાં થોડી ચીકણી માટી ભેળવીને બાંધો તો જ બંધાય, નહીંતર વેળુ વિખરાઈ જાય. એ પ્રકારે આકાશ પણ વેળુ વત જાણવું તે માટે તેને વિશે ધનંજે તત્ત્વકારણ રૂપી મૃતિકાયે કરીને અક્ષરનું રૂપ બંધાય છે અને ચિકાશ વિના વેળુ વિખરાઈ જાય તેવી રીતે શબ્દ માત્રા વિખરાઈ જાય.
- પ્રકૃતિ તત્ત્વકારણનો ૧ ભાગ તેમાં પોખેલો હોવાથી અક્ષરને વિશે સ્વર રહ્યા છે. નહીંતર તો નર્યો બોડા રોડા અક્ષર જ બોલીને રહી જવાય. પણ અક્ષરમાંથી સ્વર નીકળે છે તે પ્રકૃતિ તત્ત્વકારણના વેગથી નીકળે છે.

એ પ્રકારે વૈરાટને વિશે ધનંજે તત્ત્વકારણના નવ ભાગ અને પ્રકૃતિતત્ત્વનો એક ભાગ રહ્યા છે.

★

વૈરાટને વિશે મહાતત્ત્વ કારણ નવ ભાગ લઈ તેમાં (તેમાં એક ભાગ આશ્ચર્યકાળનો સમાયેલો છે) તેને વિશે એક ભાગ આનંદ તત્ત્વકારણનો મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- ૯ ભાગનું તો વૈરાટ પ્રમાણે વૈરાટને વિશે મહા તત્ત્વકારણ થયું તેથી વૈરાટને પંચમું આકાશતત્ત્વ

જે શબ્દ આકૃતિ સંજુક્ત શૂન્ય હતું તેના વિભાગને છોડીને જે અનાદિ ખગાકાર રહ્યું છે. તે સદાકાળ છે છે ને છે જ. તે અનાદિ ખગાકાર શૂન્યને વિશે મહા તત્ત્વકારણના ૯ ભાગ રહ્યા છે જેથી તે જે વૈરાટનું આકાશતત્ત્વ અને અનાદિ ખગાકાર એ બેઉની વચ્ચે રહીને આભ્ર, વિદ્યુત, ગર્જના ને પવનની આદ્ય લઈને સર્વેને પોતાના સ્વરૂપને વિશે મેળવીને અરૂપ કરી નાંખે છે.

- આ નવ ભાગ પેટે એક ભાગ આશ્ચર્યકાળનો રહ્યો છે. તે જેટલી છે તે સર્વે ઉપાધિના અરૂપ અંકુરને ગ્રહી રાખે છે, ત્યારે વૈરાટને વિશે આશ્ચર્ય જણાય છે. જો એ પ્રમાણે આશ્ચર્યકાળ ગ્રહી ન રાખે તો મહાતત્ત્વને વિશે લીન પામે ખરાં, પણ તુરંત ને તુરંત પાછાં પાંસરું (સીધે સીધાં) બહાર નીકળી આવે માટે આશ્ચર્યકાળ ગ્રહી રાખતું હોવાથી મહાતત્ત્વની માંહીના માંહી (અંદર) જ રહે છે. જેમ કે કોઈ હલકી જણસને હાથમાં પકડી જળમાં ડુબાડીએ તો ડૂબે ખરી પણ હાથમાંથી છોડી દઈએ તો પાછી તે જણસ ઉપર તરી આવે છે. તે પ્રકારે આશ્ચર્યકાળનો વિભાગ મહાતત્ત્વને વિશે રહેલો હોવાથી સર્વ ઉપાધિને ગ્રહી રાખે છે, ત્યારે રહે છે.
- આનંદ તત્ત્વકારણનો ૧ ભાગને પોખ્યો હતો, તેને લીધે આભ્ર, વિદ્યુત અને ગર્જના વિગેરેને મહાતત્ત્વને વિશે લીન પમાડીને પાછાં સમયે સમયે અરૂપ હોવા છતાં રૂપ ધરાવીને ઉદય પમાડે છે. તે આનંદ તત્ત્વકારણનો વિભાગ ઉદય પમાડે છે.

એ પ્રકારે વૈરાટને વિશે મહા તત્ત્વકારણના, આશ્ચર્યકાળના અને આનંદ તત્ત્વકારણના વિભાગ રહ્યા છે.

★

**હવે નિરંજનના પાંચ ભાગમાં અવ્યાક્તના પાંચ ભાગ મળીને એ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં જેથી વૈરાટ નપુંસક થયું છે. એ કારણે વૈરાટ ન તો પુરુષ કહેવાય અને ન તો સ્ત્રી કહેવાય. કારણ કે અવ્યાક્ત અને નિરંજનના બરાબર વિભાગ છે, તેને લીધે નરી સ્ત્રી કે નર્યા પુરુષ કહેવાય નહીં.**

વૈરાટને વિશે પાંચ ભાગ નિરંજનના લઈને તેને વિશે અવ્યાક્તના પાંચ ભાગ મૂકીને એ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

વૈરાટને વિશે જળ, પૃથ્વી, તેજ, વાયુ અને આકાશની આદ્ય લઈને પોતાનાં જ તત્ત્વ સંયમ થવાથી અનેક જીવ ઉત્પન્ન થાય છે. તે નિરંજન અને અવ્યાક્તના સરખા વિભાગે કરીને થાય છે.

એ પ્રકારે વૈરાટને વિશે નિરંજનના અને અવ્યાક્તના વિભાગ રહ્યા છે.

★

**હવે કર્તાની સંજમભોગવૃત્તિથી જે ત્રણ ચક્ષસત્ત્વ થયાં છે તે પૈકી અનંગ ચક્ષસત્ત્વના ત્રણ ભાગ અને વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના ત્રણ ભાગ મળી છ ભાગ થયાં. તેમાં કાળ ચક્ષસત્ત્વના ચાર ભાગ મેળવીને આ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં તેની તેમજ તે ત્રણ ચક્ષસત્ત્વના મૂળ મકાન-સ્થાન તથા કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિમાં ત્રણ મહાતત્ત્વની ક્રિયાની સમજ**

વૈરાટને વિશે સંજમભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્ત્વો પૈકી વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના ત્રણ ભાગ લઈ અનંગ ચક્ષસત્ત્વના ત્રણ ભાગ મેળવી તેમાં કાળ ચક્ષસત્ત્વના ચાર ભાગ ભેળવીને કુલ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)**

- વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના ૩ ભાગ, વૈરાટનાં સર્વ તત્ત્વ અને ઈન્દ્રિયોની વિભક્તિ ન્યારી ન્યારી રાખે છે. આ તત્ત્વો તથા ઈન્દ્રિયોની ક્રિયા પેલા તત્ત્વ તથા ઈન્દ્રિયોને વિશે મળે નહીં. અને પેલા તત્ત્વ ઈન્દ્રિયોની ક્રિયા આ તત્ત્વ ઈન્દ્રિયોને મળે નહીં. વળી, જે તત્ત્વ ઈન્દ્રિયોની ક્રિયા જે સમયે જોઈએ તે સમયે તે તત્ત્વ ઈન્દ્રિયોની ક્રિયા જણાવે છે. તે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ જણાવે છે.
- અનંગ ચક્ષસત્ત્વના ૩ ભાગ તે વૈરાટના સર્વ તત્ત્વ ઈન્દ્રિયોને વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના જણાવ્યા બાદ ઉમંગમાં લાવી જેવું તત્ત્વ તેવી ક્રિયા કરાવે છે. તે અનંગ ચક્ષસત્ત્વ કરાવે છે. તે અનંગ ચક્ષસત્ત્વ કહેતાં કામદેવ જાણવો. તે કામદેવ વડે કરીને સર્વ તત્ત્વની ક્રિયા થાય છે.
- કાળ ચક્ષસત્ત્વના ૪ ભાગ, તે પેલા તત્ત્વ ઈન્દ્રિયોની ક્રિયાઓને પાછળથી નાશ પમાડતું જાય છે. તે નાશ કહેતાં પહેલી ૠતુનો નાશ થાય છે ત્યારે બીજી ૠતુ બદલાય છે. તે કાળ ચક્ષસત્ત્વ પહેલી ૠતુની ક્રિયાઓને નાશ કરે છે ત્યારે બીજી ૠતુ બદલાય છે.

૧. **વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ / અવિકાસ મહાતત્ત્વઃ** અવિકાસ મહાતત્ત્વ વિશે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ રહ્યું છે. જે લેતા પ્રાણાયામ શ્વાસને અંદર પૂરી પૃષ્ટિ કરે છે, તેને લીધે પ્રાણાયામ અતિશય બહાર વહી જતો નથી.

૨. **અનંગ ચક્ષસત્ત્વ / કુંભસ્થ મહાતત્ત્વઃ** કુંભસ્થ મહાતત્ત્વ વિશે અનંગ ચક્ષસત્ત્વ રહેલું છે. જે લેતાં શ્વાસ (પોરક)ને અંદર ખેંચી રાખે છે, તેને લીધે વૈરાટને વિશે પ્રાણાયામ થોડોક ભરાઈ રહે છે. ત્યારે સર્વે વૈરાટને વિશે સમતા રહે છે.

૩. **કાળ ચક્ષસત્ત્વ / વિકાસ મહાતત્ત્વઃ** વિકાસ મહાતત્ત્વને વિશે કાળ ચક્ષસત્ત્વ રહ્યું છે. તે મૂકતા પ્રાણાયામ શ્વાસને બહાર રેચક કરી નાંખે છે. કારણ કે કાળ ચક્ષસત્ત્વનો એક ભાગ વધારે છે તે પ્રાણાયામને કાળ કરવા સારું પ્રાણાયામને બહાર કાઢી નાંખે છે. જ્યારે અનંગ ચક્ષસત્ત્વ જેટલું નિર્મળતા પામતું જાય છે, ત્યારે તેટલા પ્રાણાયામને કાળ ચક્ષસત્ત્વ વિશેષ બહાર રેચક કરી નાંખે છે, તેને લીધે વૈરાટ કોઈ કાળે નાશ પામે છે. કારણ કે બે ચક્ષસત્ત્વના તો ત્રણ ત્રણ ભાગ હતા અને કાળ ચક્ષસત્ત્વ તો ચાર ભાગ હતા તે કાળ ચક્ષસત્ત્વનો એક ભાગ વધારે હોવાથી કોઈ કાળે વૈરાટ નાશ થાય છે.

એ પ્રકારે વૈરાટને વિશે ચક્ષસત્ત્વના વિભાગ રહ્યા છે.

★

**હવે કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિનાં જે ત્રણ મહાતત્ત્વો છે તે પૈકી**

**૧. અવિકાસ મહાતત્ત્વના આઠ ભાગ લઈને તેમાં એક ભાગ વિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો મેળવીને આ દસ ભાગ મહદ ભાગ વૈરાટ પ્રમાણે લઈને વૈરાટ તનુને પોખ્યાં.**

**૨. વળી, વિકાસ મહાતત્ત્વના આઠ ભાગ લઈ તેમાં એક ભાગ અવિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો મેળવીને આ દસ મહદ ભાગ વૈરાટ પ્રમાણે લઈને વૈરાટ તનુને પોખ્યાં.**

**૩. વળી, કુંભસ્થ મહાતત્ત્વના આઠ ભાગમાં એક ભાગ અવિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ વિકાસ મહાતત્ત્વનો મેળવીને આ દસ મહદભાગ વૈરાટ પ્રમાણે લઈને વૈરાટ તનુને પોખ્યાં.**

**આ ત્રણે કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિના ભાગને મેળવીને કુલ ૩૦ મહદ ભાગ વૈરાટ પ્રમાણે લઈને વૈરાટ તનુને પોખ્યાં તેની સમજ.**




વૈરાટને વિશે પ્રકાશબ્રહ્મવૃત્તિના અવિકાસ મહાતત્ત્વના ૮ ભાગ લઈને તેમાં ૧ ભાગ વિકાસ મહાતત્ત્વ અને ૧ ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો એમ કુલ દસ ભાગ વૈરાટતનુને પોખ્યાં હતા (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

- આ દસ ભાગ વૈરાટ તનુને પોખ્યાં – તેનો તો વૈરાટને વિશે ૐકાર પ્રાણાયામ થયો છે. તે ૐકાર પ્રાણાયામ વૈરાટને વિશે લેતો શ્વાસ જાણવો. આ અવિકાસ તત્ત્વ વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વનું મૂળ મકાન સ્થાન છે.
- વિકાસ મહાતત્ત્વનો ૧ ભાગ તે ૐકાર પ્રાણાયામના મુખ્ય અગ્રભાગે રહ્યો છે. તે આગળ-આગળ વૈરાટના ઉદર વિશે વિકાસ કરતો જાય છે ત્યારે પાછળ પાછળ ૐકાર પ્રાણાયામ પ્રવેશ કરે છે.

◆ કુંભસ્થ મહાતત્ત્વનો ૧ ભાગ તે ૐકાર પ્રાણાયામને ધીરે ધીરે ચાલવા દે છે, કારણ કે કુંભસ્થ મહાતત્ત્વને વિશે તો સ્થંભન શક્તિ રહી છે એટલા માટે તેનો વિભાગ પણ પ્રણવને સ્થંભનવત્ કરતો રહે છે.

★




વૈરાટને વિશે પ્રકાશબ્રહ્મવૃત્તિના અવિકાસ મહાતત્ત્વના ૮ ભાગ લઈને તેમાં ૧ ભાગ વિકાસ મહાતત્ત્વ અને ૧ ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો એમ કુલ દસ ભાગ વૈરાટતનુને પોખ્યાં હતા (મૂળ સ્કંધ-૬).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટાઓ થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૭)

◆ એ દસ ભાગનો તો વૈરાટને વિશે સોહંગ પ્રાણાયામ થયો. તે સોહંગ પ્રાણાયામ તે મૂકતો શ્વાસ જાણવો — આ વિકાસ મહાતત્ત્વ એ કાળ ચક્ષસત્ત્વનું મૂળ મકાન સ્થાન છે.

◆ અવિકાસ મહાતત્ત્વનો ૧ ભાગ સોહંગ પ્રાણાયામના મુખ્ય અગ્રભાગ રહ્યો છે, તેને લીધે સોહંગ પ્રાણાયામના વેગ પ્રમાણે થોડોક ચાલવા દઈને પાછો ઉલટાવે છે. કારણ કે, અવિકાસ મહાતત્ત્વની તો સંપટશક્તિ છે. તે માટે તેનો વિભાગ પણ સોહંગ પ્રાણાયામને સંપટવત્ પાછો ઉલટાવે છે.

◆ કુંભસ્થ મહાતત્ત્વનો ૧ ભાગ સોહંગ પ્રાણાયામને વિશે વ્યાપક રહ્યો છે, તેને લીધે પ્રાણાયામને ધીરે-ધીરે રેચક થવા દે છે. તે માટે વૈરાટનો આરબલ ઘણોક પહોંચે છે.

★

વૈરાટને વિશે પ્રકાશબ્રહ્મવૃત્તિના કુંભસ્થ મહાતત્ત્વના ૮ ભાગ લઈને તેમાં ૧ ભાગ અવિકાસ મહાતત્ત્વ અને ૧ ભાગ વિકાસ મહાતત્ત્વનો એમ કુલ દસ ભાગ વૈરાટતનુને પોખ્યાં હતાં (મૂળ સ્કંધ-૬).




◆ એ દસ ભાગનો વૈરાટના બંને પ્રાણાયામને વિશે કુંભક થઈ રહ્યો છે. તે કુંભક કહેતાં જ

બંને શ્વાસની વચ્ચે શ્વાસ સ્તંભન પામે છે તે કુંભસ્થ મહાતત્ત્વ જાણવું. આ કુંભસ્થ મહાતત્ત્વ એ અનંગ ચક્ષસત્ત્વનું મૂળ મકાન સ્થાન છે.

- અવિકાસ મહાતત્ત્વનો ૧ ભાગ તે કુંભકના અધોમુખને અગ્રભાગે રહ્યો છે. તે કુંભકને વૈરાટને વિશે પકડી રાખે છે.
- વિકાસ મહાતત્ત્વનો ૧ ભાગ તે કુંભસ્થ મહાતત્ત્વના ઊર્ધ્વમુખને વિશે અગ્રભાગે રહ્યો છે.તે કુંભકને થોડીવાર રાખીને બહાર છોડી દે છે.

આ પ્રકારે વૈરાટને વિશે અવિકાસ મહાતત્ત્વ, વિકાસ મહાતત્ત્વ અને કુંભસ્થ મહાતત્ત્વના વિભાગ રહ્યા છે.

★

## દોહા

**અતિ સ્થિર ઈંડ વૈરાટ કે, કીયેહુ સકલ અનુક્રમ;**
**સચિત સબુધ અધિકારીકુ, દર્શાવન નિજ મર્મ. ૧**

### શબ્દાર્થ

**અતિસ્થિર** = અત્યંત સ્થિર **ઈંડ** = રચના, ઘાટ **વૈરાટ કે** = વિરાટનું **કીયેહુ** = કરીને **સકલ** = વિગતવાર, બધું જ **અનુક્રમ** = ક્રમાનુસાર **સચિત** = શુદ્ધ ચિત્તવાળા **સબુધ** = શુદ્ધ, પવિત્ર બુદ્ધિવાળા **અધિકારીકુ** = અધિકારી જનને **દર્શાવન** = દેખાડું છું **નિજમર્મ** = મૂળ હેતુ, સમજ, આદિ રહસ્ય.

### ભાવાર્થ-અનુવાદ

મહદ વૈરાટ અસંખ્ય યુગોથી એકસરખા પ્રમાણમાં અત્યંત સ્થિર રહેલું છે. તેમજ તેની ઉદરમાં (અંદર) રહેલા તત્ત્વોની ક્રમાનુસાર જે રચના રચાઈ છે તેની વિગતનું સંપૂર્ણ વર્ણન સ્કંધ-૭માં દર્શાવ્યું છે, જે શુદ્ધ ચિત્તવાળા અને પવિત્ર બુદ્ધિવાળા એટલે કે કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ કે તર્ક વિતર્કથી રહિત કોઈ અધિકારી હશે, તેને જ આ સર્જનના મૂળ મર્મ રૂપ મુદ્દો દશ્યમાન થશે. અને તેઓના માટે જ મેં આ સઘળી હકીકત કહી છે.

**અબ ખટ ગુણ ઘણ મહાદ કે, નારણદાસ સુણ તંત;**
**પોખેહુ વૃત્તિ ક્રિયા જેહી વિધિ, કુવેર સો ક્રત વિસ્તરંત. ૨**

### શબ્દાર્થ

**અબ** = હવે પછી **ખટ** = છ **ગુણ ઘણ** = ત્રણ ગુણ અને ત્રણ ઘણ **મહાદકે** = મોટા, મહાન દેવોના વિશે **નારણદાસ** = પૂજ્ય નારણદાસ મહારાજ **સુણ** = શ્રવણ કરો, સાંભળો **તંત** = શરીર **પોખેહુ** = પોખવામાં આવેલ **વૃત્તિ ક્રિયા** = ક્રિયાવૃત્તિ **જેહી વિધિ** = જે રીતે, જે પ્રમાણે **કુવેર** = કુવેરસ્વામી **સો ક્રત વિસ્તરંત** = તે રચના વિસ્તારપૂર્વક દર્શાવું છું.

### ભાવાર્થ-અનુવાદ

હવે પછી સર્જનહારે પોતાની ક્રિયાવૃત્તિ દ્વારા ત્રણ ગુણ અને ત્રણ ઘણ આદિ મહદ દેવતનુમાં તત્ત્વોની પોખણ કરીને તેમનાં શરીરની રચના અને કાર્યબળ અંગેની સમજ વિસ્તારપૂર્વક સ્કંધ ૮માં રજૂ કરેલ છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે હે નારણદાસ ! ‘આ સઘળી રચનાની હકીકત તમે શ્રવણ કરો’.

# બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, મિંડક, કોરમ અને શેષજી



# છ મહદ્ દેવતનુંના વિભાગ દર્શાવનકો

## સ્કંધ ૮



# વૈરાટ તનુની રચના




**ખટ મહદ દેવતનું કયા કયા સ્થાને રહ્યા તેની સમજ**

આ ખટ મહદ દેવ તો વૈરાટના છ શિખર રૂપ અંગ વિશે રહ્યા છે. આ વૈરાટ અધોમુખે રહ્યું છે એટલે ઊર્ધ્વમુખે વૈરાટના બે ચરણાર્વિંદ અને લિંગરૂપ ત્રણ શિખર રહ્યાં છે અને અધોમુખે તો વૈરાટનું મસ્તક તથા બે હાથ રૂપ ત્રણ શિખર રહ્યાં છે. વળી, પૂર્વ દિશાએ વૈરાટની પૂંઠ રહી છે. (આ વિષયમાં જીવો પશ્ચિમ દિશાએ કહે છે) અને પશ્ચિમ દિશાએ વૈરાટનું મુખ આવેલું છે.

**ક્રિયાવૃત્તિ – કર્તાએ પોતાની ક્રિયાવૃત્તિથી તત્ત્વોની ઊલટી-સૂલટી વહેંચણી કરીને વૈરાટની આદ્ય લઈને છ મહદ દેવતનું રચ્યા છે.**

## મહદ દેવતનુને આ ૧૦૦ તત્ત્વોના ભાગ પોખ્યાં તેની સમજ:



રજોગુણના પાંચ ભાગ લઈને બાકીના જે પાંચ ગુણ ઘણ રહ્યા તે દરેકમાંથી એક એક ભાગ લઈને એ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં. તમોગુણના પાંચ ભાગ લઈને તેમાં બાકીના પાંચ ગુણ ઘણના પાંચ ભાગ તેમાં મેળવીને એ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં. સતોગુણના પાંચ ભાગ લઈ બાકીના પાંચ ગુણ ઘણના પાંચ ભાગ તેમાં મેળવીને એ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં. વળી, સ્વકાશઘણના પાંચ ભાગ લઈ બાકીના પાંચ ગુણ ઘણના પાંચ ભાગ તેમાં મેળવીને એ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં. અચંતઘણના પાંચ ભાગ લઈ બાકીના પાંચ ગુણ ઘણના પાંચ ભાગ મેળવીને એ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં અને અહંકારઘણના પાંચ ભાગ લઈ બાકીના પાંચ ગુણ ઘણના પાંચ ભાગ તેમાં મિશ્રણ કરીને એ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં. હવે પ્રકૃતિ તત્ત્વકારણના પાંચ ભાગ લઈ તેમાં ધનંજે તત્ત્વકારણના પાંચ ભાગ મૂકીને એ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં. તેવી રીતે આનંદ તત્ત્વકારણના પાંચ ભાગ લઈ તેમાં મહા તત્ત્વકારણના પાંચ ભાગ મેળવીને આ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં. નિરંજનના આઠ ભાગ લઈ તેમાં બે ભાગ અવ્યાક્તના મૂકીને એ દસ ભાગ મહદ દેવતનુંને પોખ્યાં. અને અવ્યાક્તના આઠ ભાગ લઈ તેમાં બે ભાગ નિરંજનના મૂકીને એ દસ ભાગ છ મહદ દેવતનુંને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

**બ્રહ્મા**

રજોગુણના પાંચ ભાગ લઈને તેમાં એક ભાગ તમોગુણનો બીજો સતોગુણનો એક ભાગ, ત્રીજો સ્વકાશઘણનો એક ભાગ, ચોથો અહંકારઘણનો એક ભાગ અને પાંચમા અચંતઘણનો એક ભાગ એ પાંચ ભાગ પેલા રજોગુણના પાંચ ભાગને વિશે મૂકીને એ દસ ભાગ ખટ મહદ દેવતનુંને પોખ્યાં હતાં. તેના તો ખટ મહદ દેવને વિશે બ્રહ્મા થયા છે (મૂળ સ્કંધ-૮).






**રજોગુણ**ના પાંચ ભાગ હોવાથી બ્રહ્મામાં રજોગુણ અખંડ રહે છે – પાંચ ભાગ હોવાથી રજોગુણ શાંત પામતો જ નથી.

**અચંતઘણ**નો એક ભાગ હોવાથી બ્રહ્મા કોઈ સમયે અચેતવત્ ધ્યાનાકાર થઈ જાય છે.

**અહંકારઘણ**નો એક ભાગ હોવાથી બ્રહ્માને કોઈ સમયે અહંકાર ઊપજી આવે છે.

**સ્વકાશઘણ**નો એક ભાગ હોવાથી બ્રહ્માને કોઈ સમયે સ્વકાશપણું આવે છે જે સર્વે વિષયોથી તૃપ્ત થઈને પ્રફુલ્લિત થાય છે.

**સતોગુણ**નો એક ભાગ હોવાથી બ્રહ્માને કોઈ સમયે શાંતિ ઊપજે છે.

**તમોગુણ**નો એક ભાગ હોવાથી બ્રહ્માને કોઈ સમયે તામસપણું ઊપજી જાય છે.

## વિષ્ણુ

સતોગુણના પાંચ ભાગ લઈને તેમાં બાકીના પાંચ ગુણ-ઘણના પાંચ ભાગ મૂકીને એ દસ ભાગ પોખ્યાં હતાં, તેના તો ખટ મહદ દેવતનુને વિશે વિષ્ણુદેવ થયા છે (મૂળ સ્કંધ-૮).






**સતોગુણ**ના પાંચ ભાગ હોવાથી વિષ્ણુ અતિશય શાંત રહે છે. વિષ્ણુ અનેક પ્રકારના વૈભવ કરે છે પણ શાંત જણાય છે.
**અચંતઘણ**નો એક ભાગ હોવાથી કોઈ સમયે વિષ્ણુ ધ્યાનાકાર અચંતવત્ સરખા જ રહે છે.
**અહંકારઘણ**નો એક ભાગ હોવાથી વિષ્ણુ સૃષ્ટિનું પાલન કરવાનો અહંકાર ધારણ કરે છે.
**સ્વકાશઘણ**નો એક ભાગ હોવાથી વિષ્ણુ કોઈ સમયે સ્વકાશ પદે જ રહે છે.
**તમોગુણ**નો એક ભાગ હોવાથી વિષ્ણુને કોઈ સમયે તમોગુણ ઊપજે છે ત્યારે અવતાર ધારણ કરીને ઘણા દૈત્યોનાં છેદન કરે છે.
**રજોગુણ**નો એક ભાગ હોવાથી વિષ્ણુને કોઈ સમયે લક્ષ્મીની ઉપર મોહ ઊપજે છે.

## શંકર (શિવ)

પાંચ ભાગ તમોગુણના લઈ તેમાં પાંચ ભાગ બાકીના પાંચ ગુણ ઘણના મૂકીને એ દસ ભાગ ખટ મહદ દેવતનુને પોખ્યાં હતા તેના શિવજી થયા છે (મૂળ સ્કંધ-૮).





**તમોગુણ**ના પાંચ ભાગ હોવાથી શિવજીને સદા માટે તમોગુણ ઊપજે છે. તમોગુણ અંતરમાં અખંડ રહેલો હોવાથી કોઈ સમયે પ્રગટ દેખાય છે બાકી ગુપ્ત રહે છે. છતાં તામસપણું વધારે હોવાથી દેવ અન્યને તરત જ શ્રાપ દે છે.

**અચંતઘણ**નો એક ભાગ હોવાથી શિવજી કોઈ સમયે અચંત ભાવે રહે છે.

**અહંકારઘણ**નો એક ભાગ હોવાથી શિવજી કોઈ સમયે અહંકારમય રહે છે.

**સ્વકાશઘણ**નો એક ભાગ હોવાથી શિવજીને કોઈ સમયે સ્વકાશ પણું આવે છે જે સર્વ વિષયોથી તૃપ્ત થઈને પ્રફુલ્લિત રહે છે.

**સતોગુણ**નો એક ભાગ હોવાથી શિવજીને કોઈ સમયે શાંતિ ઊપજે છે.

**રજોગુણ**નો એક ભાગ હોવાથી શિવજીને કોઈ સમયે પાર્વતીજી ઉપર મોહ ઊપજે છે.

## મીંડકદેવ

પાંચ ભાગ સ્વકાશઘણના લઈ તેમાં બાકીના પાંચ ગુણ-ઘણના પાંચ ભાગ મૂકીને એ દસ ભાગ ખટ મહદ દેવતનુને પોખ્યાં હતા તેનાથી ખટ મહદ દેવને વિશે મહદ મિંડકદેવ થયા છે. (મૂળ સ્કંધ-૮).






**સ્વકાશઘણ**ના પાંચ ભાગ હોવાથી મીંડકદેવ સદાને માટે સ્વ પ્રકાશિત રહે છે અને સ્વકાશપણું વિશેષ રહેલું છે.

**અચંતઘણ**નો એક ભાગ હોવાથી મીંડકદેવ કોઈ સમયે અચંત ભાવે રહે છે.

**અહંકારઘણ**નો એક ભાગ હોવાથી મીંડકદેવને કોઈ સમયે અહંકાર ઊપજે છે.

**સતોગુણ**નો એક ભાગ હોવાથી મીંડકદેવને કોઈ સમયે શાંતિ ઊપજે છે.

**તમોગુણ**નો એક ભાગ હોવાથી મીંડકદેવને તમોગુણ ઊપજે છે.

**રજોગુણ**નો એક ભાગ હોવાથી મીંડકદેવ કોઈ સમયે મોહ ઊપજે છે.

### કોરમદેવ

પાંચ ભાગ અચંતઘણના લઈ તેમાં બાકીના પાંચ ગુણઘણના પાંચ ભાગ મૂકીને એ દસ ભાગ મહદ દેવતનુંને પોખ્યાં હતાં તેના ખટ મહદ દેવને વિશે મહદ કોરમદેવ થયા છે (મૂળ સ્કંધ-૮).






**અચંતઘણ**ના પાંચ ભાગ રહ્યા હોવાથી કોરમદેવ વધુ પ્રમાણમાં અચંતમય રહે છે – ભલે સારું થાય કે ખરાબ થાય પણ દેવ વિચાર કરીને કરે નહીં.

**અહંકારઘણ**નો એક ભાગ હોવાથી કોરમદેવને કોઈ સમયે અહંકાર ઊપજે છે.

**સ્વકાશઘણ**નો એક ભાગ હોવાથી કોરમદેવને કોઈ સમયે સ્વકાશપણું રહે છે.

**સતોગુણ**નો એક ભાગ હોવાથી કોરમદેવને કોઈ સમયે શાંતિ ઊપજે છે.

**તમોગુણ**નો એક ભાગ હોવાથી કોરમદેવને કોઈ સમયે તમોગુણ ઊપજે છે.

**રજોગુણ**નો એક ભાગ હોવાથી કોરમદેવને કોઈ સમયે મોહ ઊપજે છે.

### શેષજી

પાંચ ભાગ અહંકારઘણના લઈ તેમાં બાકીના પાંચ ગુણ-ઘણના પાંચ ભાગ મૂકીને એ દસ ભાગ મહદ દેવતનુંને પોખ્યાં હતાં તેના ખટ મહદ દેવને વિશે મહદ શેષજી થયા છે. (મૂળ સ્કંધ-૮).





**અહંકારઘણ**ના પાંચ ભાગ હોવાથી શેષજી દેવ સદાને માટે અહંકાર ભર્યા અને અભિમાની રહે છે.

**અચંતઘણ**નો એક ભાગ હોવાથી શેષજીને કોઈ સમયે અચંતપણું ઊપજે છે.

**સ્વકાશઘણ**નો એક ભાગ હોવાથી શેષજીને કોઈ સમયે સ્વકાશપણું ઊપજે છે.

**સતોગુણ**નો એક ભાગ હોવાથી શેષજીને કોઈ સમયે શાંતિ ઊપજે છે.

**તમોગુણ**નો એક ભાગ હોવાથી શેષજીને કોઈ સમયે તામસપણું ઊપજે છે.

**રજોગુણ**નો એક ભાગ હોવાથી શેષજીને કોઈ સમયે મોહ ઊપજે છે.

બીજા તત્ત્વ ઈન્દ્રીયોના વિભાગ પોખ્યા છે. તેની ક્રિયા તો આગળ બીજા દેવને વિષે કહીશું તેના તે જ પ્રમાણે છ મહાદેવને વિષે પણ જાણજો.

## સંજમભોગવૃત્તિ

કર્તાની સંજમભોગવૃત્તિના દસ ભાગ મહદ દેવતનુને વિશે પોખ્યાં છે.




સંજમભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્ત્વ થયા. તે પૈકી અનંગ ચક્ષસત્ત્વના ત્રણ ભાગ અને વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના ત્રણ ભાગ મળી છ ભાગમાં ચાર ભાગ કાળ ચક્ષસત્ત્વના મૂકીને દસ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## પ્રકાશબ્રહ્મવૃત્તિ

કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિથી જે જે તત્ત્વો પોખ્યાં, તે પૈકી કુલ ૩૦ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં છે.



પ્રકાશબ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વો પૈકી અવિકાસ મહાતત્ત્વના આઠ ભાગમાં એક ભાગ વિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો મેળવી એ દસ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં. તથા આઠ ભાગ વિકાસ મહાતત્ત્વના લઈ તેમાં એક ભાગ અવિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો મેળવી એ દસ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં અને કુંભસ્થ મહાતત્ત્વના આઠ ભાગ લઈ તેમાં એક ભાગ અવિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ વિકાસ મહાતત્ત્વનો મેળવી એ દસ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## તમોગુણ

હવે તમોગુણના જે જે તત્ત્વો પોખ્યાં, તેમાં કુલ ૧૦૦ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં છે.




તમોગુણના દસ કાળમાંથી પાંચ પાંચ ભાગ લેતાં પચાસ ભાગ થયા તે લઈને તથા અચંતઘણની દસ ભાવનામાંથી એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે, તથા સતોગુણ પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા હોઈ આ દરેકમાંથી એક એક ભાગ લઈ દસ ભાગ થયા તે, તથા સ્વકાશઘણથી પંચ સંભસકણ અને પંચ વિવસ્તા એ દરેકમાંથી એક એક ભાગ લેતાં જે દસ ભાગ તે, તથા રજોગુણની દસ આકાંક્ષાઓમાંથી એક એક ભાગ લેતાં દસ ભાગ થયા તે, તથા અહંકારઘણના પંચભૂત અને પંચમાત્રા પૈકી દરેકમાંથી એક એક ભાગ લેતાં દસ ભાગ થયા તે

આ સર્વ મળીને પચાસ ભાગ, તમોગુણના દસ કાળના પચાસ ભાગમાં મેળવી આ સો ભાગ છ મહત્ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## રજોગુણ

હવે રજોગુણના જે જે તત્ત્વો પોખ્યાં, તેમાં કુલ ૧૦૦ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં છે.




રજોગુણની દસ આકાંક્ષાઓમાંથી દરેકના પાંચ પાંચ ભાગ લેતાં જે પચાસ ભાગ થયા તે લઈને, અહંકારઘણના પંચભૂત તથા પંચમાત્રા પૈકી દરેકમાંથી એક એક ભાગ લેતા જે દસ ભાગ થયા તે, તથા સતોગુણના પંચ અંતઃકરણ અને પંચ અવસ્થામાંથી એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે, તથા સ્વકાશઘણના પંચ સંભસક્ણ અને પંચ વિવસ્તામાંથી દરેકનો એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે, તથા તમોગુણના દસ કાળમાંથી દરેકનો એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે અને પાંચમાં અચંતઘણની દસ ભાવનાઓમાં થઈ દરેકનો એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે આ સર્વે મળી જે પચાસ ભાગ થયા તે લઈને રજોગુણની દસ આકાંક્ષાઓના પાંચ પાંચ ભાગ લેતાં જે પચાસ ભાગ થયા તેમાં મેળવીને આ સો ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## સતોગુણ

હવે સતોગુણના જે જે તત્ત્વો પોખ્યાં, તેમાં કુલ ૧૦૦ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં છે.




સતોગુણનાં પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા એ દસમાંથી પાંચ પાંચ ભાગ લેતાં પચાસ ભાગ થયા. તે લઈને તેમાં સ્વકાશઘણનાં પાંચ સંભસક્ણ અને પાંચ વિવસ્તા આ દસમાંથી એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે, તથા રજોગુણની દસ આકાંક્ષાઓમાંથી એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે, તથા તમોગુણના દસ કાળમાંથી દરેકનો એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે, તથા અહંકારઘણનાં પંચભૂત અને પંચમાત્રા એ દસમાંથી દરેકનો એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે, અને પાંચમો અચંતઘણની દસ ભાવનાઓમાંથી એક એક ભાગ લેતાં જે દસ ભાગ થયા તે, આ સર્વે મળી પચાસ ભાગ થયા તે લઈને સતોગુણના પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થાના પચાસ ભાગમાં મેળવીને આ સો ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## અચંતઘણ

હવે અચંતઘણના જે જે તત્ત્વો પોખ્યાં, તેમાં કુલ ૧૦૦ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં છે.




અચંતઘણની દસ ભાવના પૈકી દરેકમાંથી પાંચ પાંચ ભાગ લેતાં જે પચાસ ભાગ થયા તે લઈને તેમાં તમોગુણના દસ કાળમાંથી દસ ભાગ લઈને, તથા સ્વકાશઘણનાં પંચ સંભસક્રણ અને પંચ વિવસ્તા એ દસમાંથી દસ ભાગ લઈને તથા ત્રીજો સતોગુણના પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા એ દશના દસ ભાગ લઈને તથા ચોથો અહંકારઘણનાં પંચભૂત અને પંચમાત્રા એ દશના દસ ભાગ લઈને તથા પાંચમોં રજોગુણની દસ આકાંક્ષામાંથી દસ ભાગ લેતાં આ બધા મળી પચાસ ભાગ થયા તેમાં અચંતઘણની દસ ભાવનાના પચાસ ભાગ લીધા હતા તે મેળવીને એ સો ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## સ્વકાશઘણ

હવે સ્વકાશઘણના જે જે તત્ત્વો પોખ્યાં, તેમાં કુલ ૧૦૦ ભાગ છ મહદ દેવતનુને પોંખ્યાં છે.






સ્વકાશઘણનાં પંચ સંભસક્રણ અને પંચ વિવસ્તા એ દસમાંથી પાંચ પાંચ ભાગ લેતાં પચાસ ભાગ થયા, તે લઈને તેમાં સતોગુણનાં પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા એ દસમાંથી દસ ભાગ લઈને, તથા અચંતઘણની દસ ભાવનામાંથી દસ ભાગ લઈને, તથા ત્રીજો તમોગુણના દસ કાળમાંથી દસ ભાગ લઈને, તથા ચોથો રજોગુણની દસ આકાંક્ષામાંથી દસ ભાગ લઈને તથા પાંચમો અહંકારઘણનાં પંચભૂત અને પંચમાત્રા એ દશભાગમાંથી દસ ભાગ લેતાં આ બધા મળી પચાસ ભાગ થયા તેમાં સ્વકાશઘણનાં પંચ સંભસક્રણ અને પંચ વિવસ્તા એ દશના પચાસ ભાગ લીધા હતા તે મેળવીને આ સો ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં(મૂળ સ્કંધ-૬).

## અહંકારઘણ

હવે અહંકારઘણના તત્ત્વો જે પોખ્યાં છે. તેમાં કુલ ૧૦૦ ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં તેની સમજ.




અહંકારઘણનાં પંચભૂત અને પંચમાત્રા એ દસમાંથી પાંચ પાંચ ભાગ લેતાં પચાસ ભાગ થયા તે

લઈને તેમાં રજોગુણની દસ આકાંક્ષાના દસ ભાગ લઈને, તથા સ્વકાશઘણનાં પંચ સંભસક્રણ અને પંચ વિવસ્તા એ દશના દસ ભાગ લઈને, તથા ત્રીજો સતોગુણનાં પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા એ દશના દસ ભાગ લઈને તથા ચોથો અચંતઘણની દસ ભાવનાના દસ ભાગ લઈને તથા પાંચમો તમોગુણના દસ કાળના દસ ભાગ લેતાં આ બધા મળી પચાસ ભાગ થયા. તેમાં અહંકારઘણનાં પંચભૂત અને પંચમાત્રા એ દશના પચાસ ભાગ લીધા હતા તે મેળવીને સો ભાગ છ મહદ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## દોહા

**દેવત તત્ત્વ તનું પોષક, અદ્‌ભૂત કંદ કરાલ;**
**ખટ ગુણ ઘણ સહિતહી જેહી, ઓરુ કહ્યો ઈંડ વિશાલ. ૧**

### શબ્દાર્થ

**દેવત** = દેવતાઓના **તત્ત્વ** = તત્ત્વો **તનું** = ઘાટ **પોષક** = પોષણ પામે છે **અદ્‌ભૂત** = આશ્ચર્ય પમાડે તેવા **કંદ** = સ્કંધ (વિભાગ) **કરાલ** = રચનાને દર્શાવી છે **ખટ** = છ **ગુણ ઘણ** = ત્રણ ગુણ અને ત્રણ ઘણ **સહિતહી** = મળીને **જેહી** = જે રીતે (જેમાં) **ઓરુ કહ્યો** = બીજું પણ દર્શાવ્યું છે **ઈંડ** = બ્રહ્માંડનું પણ **વિશાલ** = વિસ્તૃત રીતે વર્ણન.

### ભાવાર્થ-અનુવાદ

આ સ્કંધમાં આશ્ચર્યચકિત કરે તેવી એક હકીકત એ છે કે સર્જનહારે દેવોના શરીરો વિશેષ દૈવી તત્ત્વોથી રચેલા છે. અર્થાત્ કર્તાની ક્રિયાવૃત્તિ દ્વારા જે રીતના તત્ત્વોના વિભાગની મેળવણી કરવામાં આવી છે, તે તત્ત્વોના પોષણ વડે જ શરીરો જે તે તત્ત્વોની કાર્યદક્ષતા મુજબ કાર્યશીલ રહે છે. આ ન્યાયે જોતાં દૈવી ઘાટો-(દેવતાઓના શરીરો) પણ તેમનામાં પોખાયેલ તત્ત્વોને આધીન છે. તેમની અગાઉ દર્શાવેલ કાર્યશક્તિની સમજ જે તે તત્ત્વોને વશ હોઈ સર્જનહારે પોખેલ શક્તિ મુજબ કાર્ય કર્યા કરે છે.

અગાઉના સ્કંધમાં ત્રણ ગુણ અને ત્રણ ઘણ સહિત સર્વે તત્ત્વોના વિભાગને દર્શાવી વિશાળ બ્રહ્માંડ અને વૈરાટના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

**ખટ ગુણ ઘણ તનું તત્ત્વકે, પંચીકરણ પ્રભાવ;**
**કહેહુ રચના રચી જેહી વિધિ, નિજ કર્તા ક્રત ભાવ. ૨**

### શબ્દાર્થ

**ખટ** = છ **ગુણ ઘણ** = ત્રણ ગુણ અને ત્રણ ઘણ **તનું** = શરીર **તત્ત્વ કે** = તત્ત્વોના વિભાગ **પંચીકરણ** = ગણિતિક રીતે તત્ત્વોની મેળવણીની સમજ **પ્રભાવ** = અસર, કાર્યદક્ષતા **કહેહુ** = કહી, દર્શાવી **રચના** = રચના **રચી** = બનાવી **જેહી વિધિ** = જે પ્રમાણે, રીતે **નિજ કર્તા** = સર્જનહાર **ક્રત** = રચનાનો ફેલાવો **ભાવ** = ઈચ્છા, મર્મ.

### ભાવાર્થ-અનુવાદ

આ સ્કંધમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે નિજકર્તા (સર્જનહારે) એ પોતાની સંકલ્પશક્તિથી છ વૃત્તિ દ્વારા વિશ્વની રચના રચી છે. જે પૈકીના મહદ દેવ-તનુમાં વિશેષ ત્રણ ગુણ અને ત્રણ ઘણના તત્ત્વો પોખીને બનાવેલા છે. તેમના શરીરમાં અન્ય તત્ત્વોના મિશ્રણ અંગેની ગણિતની રીતે તત્ત્વોની મેળવણીની તેમજ જે તે તત્ત્વોની કાર્યદક્ષતા મુજબ કેવાં કેવાં કાર્ય પ્રભાવ છે તેની સઘળી વિગતો આ સ્કંધમાં દર્શાવી છે.

**ઓરુ ઈદ્રાદિક સુરનકે, વિપુ વિલાસ ઈતિહાસ;**
**નારણદાસ તેહી તત્ત્વનકી કહે કુવેર પરકાશ. ૩**

### શબ્દાર્થ

**ઓરુ** = બીજા **ઈન્દ્રાદિક** = ઈન્દ્ર આદિ **સુરનકે** = દેવોના **વિપુ** = શરીર **વિલાસ** = ફેલાવો, સામ્રાજ્ય **ઈતિહાસ** = રચના અંગેની જૂની હકીકતો **નારણદાસ** = પૂજ્ય નારણદાસજી મહારાજ **તેહી** = તે, **તત્ત્વનકી** = તત્ત્વોના મેલાન અંગેની સમજ, **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **પરકાશ** = પ્રકાશમાં લાવું છું, સાચી હકીકત કહું છું.

### ભાવાર્થ-અનુવાદ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પૂજ્ય નારણદાસ મહારાજને જણાવે છે કે તેઓ હવે પછીના સ્કંધ ૯માં અન્ય ઈન્દ્ર સહિતના બધા સામાન્ય દેવોના શરીરોમાં કયા કયા તત્ત્વોની મેળવણી અને તે તે તત્ત્વોની કાર્યદક્ષતાનો પ્રભાવ તેમજ તેમના સામ્રાજ્યનો ઈતિહાસ દર્શાવે છે.

# 33 કરોડ દેવ



# સામાન્ય દેવતનુંના વિભાગ તેમજ વિચરણ પંચીકરણ દેખાવનકો

## સ્કંધ ૯



**હવે કર્તાની ક્રિયાવૃત્તિ એ છ મહદદેવ તનુની આધ લઈ સામાન્ય દેવતનુંના વિભાગોની વહેંચણી કરીને તત્ત્વોને જે પ્રમાણે પોખ્યાં છે તેની ક્રિયાની સમજ**

પ્રકૃતિના ત્રણ ગુણ અને ધનંજેના ત્રણ ઘણની સમજ




રજોગુણના પાંચ ભાગ લઈ તેમાં અહંકારઘણના પાંચ ભાગ મૂકીને આ દસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

- રજોગુણના પાંચ ભાગ હોવાથી દેવમાં રજોગુણ અખંડ રહે છે. અહંકારઘણના પાંચ ભાગ મળીને રહેલા છે તેને લીધે અહંકારભર્યો રજોગુણ દેવમાં સદાય રહે છે. તે માટે દેવનો રજોગુણ વિરામ પામતો નથી. એ પ્રકારે દેવને વિષે રજોગુણ રહ્યો છે.
- અહંકારઘણના પાંચ ભાગ હોવાથી દેવને ઘણું અભિમાન રહે છે. તે અભિમાન રજોગુણના પાંચ ભાગ મળીને રહેલું છે માટે દેવને અભિમાન અખંડ રહે છે.

★




સતોગુણના પાંચ ભાગ લઈ તેમાં સ્વકાશઘણના પાંચ ભાગ મૂકીને આ દસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

- સતોગુણના પાંચ ભાગ હોવાથી દેવ અનેક પ્રકારના વૈભવ કરે છે પણ શાંતિવત્ દેખાય છે. કારણ કે સ્વકાશઘણના પાંચ ભાગ મળીને રહેલા હોવાથી દેવ સદા શાંતિવત્ જણાય છે.
- સ્વકાશઘણના પાંચ ભાગ હોવાથી દેવ સદાયકાળ સ્વ-પ્રકાશિત રહે છે, તે શા માટે સતોગુણના

પાંચ ભાગ મળીને રહેલા હોવાથી દેવમાં સ્વકાશપણું અખંડ રહે છે.

★




તમોગુણના પાંચ ભાગ લઈ તેમાં અચંતઘણના પાંચ ભાગ મૂકીને આ દસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

- તમોગુણના પાંચ ભાગ હોવાથી દેવમાં તામસપણું રહ્યું છે, તેને લીધે દેવ કોઈને શ્રાપ દે છે. તે તમોગુણ સદાકાળ દેવને વિશે અંતરમાં અખંડ રહે છે, પણ કોઈ સમયે પ્રગટ દેખાય છે. બાકી ગુપ્ત રહે છે. તમોગુણમાં અચંતઘણના પાંચ ભાગ ભળીને રહેલા હોવાથી અચેતપણાને પમાડે છે. તે અચેતપણું અસામર્થ્યને પ્રાપ્ત કરે છે. તે અસામર્થ્ય ભાવ અઘોરપણું ઉપજાવે છે. તે અઘોરપણું તે અજ્ઞાન જાણવું. તે અજ્ઞાને કરી તામસ ઊપજે છે.
- અચંતઘણના પાંચ ભાગ હોવાથી દેવ કોઈ કાર્ય કરે છે ત્યારે અકસ્માત કરી બેસે છે. ભલે સારું થાય કે ખરાબ થાય પણ દેવ વિચાર કરીને કરે નહીં. તેમજ તમોગુણના પાંચ ભાગ મળીને રહેલા હોવાથી દેવને વિશે સદાય અચંતપણું વર્તે છે.
- એ પ્રકારે દેવને વિષે ત્રણ ગુણ ત્રણ ઘણ રહ્યાં છે.

★

## ચાર તત્ત્વ કારણની સમજ

પ્રકૃતિ તત્ત્વકારણના પાંચ ભાગ લઈ તેમાં ધનંજે તત્ત્વકારણના પાંચ ભાગ મૂકીને આ દસ ભાગ દેવતનુને પોખ્યાં અને આનંદ તત્ત્વકારણના પાંચ ભાગ લઈ તેમાં મહા તત્ત્વકારણના પાંચ ભાગ મેળવીને એ વીસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).



- પ્રકૃતિ તત્ત્વકારણના પાંચ ભાગ હોવાથી દેવને વિશે ચંચળપણું રહ્યું છે, તેને લીધે દેવ કોઈ સમયે ગવન કરે છે. તે પ્રકૃતિ તત્ત્વકારણવાળો વિભાગ જાણવો.
- ધનંજે તત્ત્વકારણના પાંચ ભાગ હોવાથી દેવને વિશે ચંદ્ર, સૂર્ય અને તારામંડળ વિગેરે હલન-ચલન અને ગવન કરે છે પણ સ્થિરના સ્થિર જણાય છે જાણે કે ચાલતા જ નથી. તે ધનંજે તત્ત્વકારણને લીધે અચળ જણાય છે.
- આનંદ તત્ત્વકારણના પાંચ ભાગ હોવાથી દેવ પોતપોતાના વિષયને વિશે આનંદથી વર્તે છે. તે આનંદ તત્ત્વકારણનો વિભાગ જાણવો.
- મહા તત્ત્વકારણના પાંચ ભાગનું દેવને વિશે વિશેષ મહાનુભાવપણું રહ્યું છે. તે મહાતત્ત્વકારણનો વિભાગ જાણવો. એ પ્રકારે દેવને વિષે ચાર તત્ત્વકારણ રહ્યાં છે.

## નિરંજન

**નિરંજનના ૮ ભાગ અને અવ્યાક્તના બે ભાગ મળીને દેવપુરુષ થયા છે.**




નિરંજનના આઠ ભાગ લઈ તેમાં અવ્યાક્તના બે ભાગ મેળવીને આ દસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

- નિરંજનના ૮ ભાગમાંથી ૭ ભાગ દેવપુરુષના દેહની ધાતુને વિશે મળીને પગના નખથી તે શીખા પર્યંત પુરુષ લિંગ દેહ કર્યો. એક ભાગ પુરુષને દાહિને (જમણે) અંગે પિંગલા નાડીને વિશે રહ્યો છે તેને કારણે પિંગલા નાડી પુલિંગ થઈ.
- અવ્યાક્તના બે ભાગમાંથી એક ભાગ દેવ પુરૂષની ઈંગલા નાડીને વિશે વાવે (ડાબે) અંગે રહ્યો છે તેને કરીને ઈંગલા નાડી સ્ત્રીલિંગ થઈ.
- અવ્યાક્તનો એક ભાગ બાકી રહ્યો તેમાંથી -અડધો ભાગ પુરુષની લિંગસ્થાન ઈંદ્રિયને વિશે રહ્યો છે તેને કરીને પુરુષ સ્ત્રીનો ભોગ કરે છે.
- અડધો ભાગ પુરુષના નેત્ર સ્થાને રહ્યો છે તેથી પુરુષને નેત્રે કરીને સ્ત્રી ઉપર મોહ થાય છે. સ્ત્રીના વિભાગ બંને જગ્યાએ રહ્યા છે. માટે સ્ત્રીના વિભાગ છે, તે સ્ત્રીની ચાહના કરે

છે. એ પ્રકારે નીરંજનને અવ્યાક્તના વિભાગ દેવતનુને વિષે રહ્યા છે, તેણે કરીને જે જેના વિભાગ છે તેહની ચાહના કરે છે.

**નોંધ :** પુરુષને વિશે સ્ત્રીના વિભાગ હતા તે પુરુષ પોતે પુરુષના વિભાગમાં મેળવી દઈને ત્યાગી થાય છે. તે અંગે વધુ ખુલાસો સ્ત્રીના (દેવાંગનાના) મેળવણીમાં દર્શાવેલ છે.

### અવ્યાક્ત (દેવાંગનામાં)

**અવ્યાક્તના ૮ ભાગ અને નિરંજનના ૨ ભાગ મળીને દેવાંગના સ્ત્રી થયાં છે.**




અવ્યાક્તના આઠ ભાગ લઈ તેમાં નિરંજનના બે ભાગ મેળવીને આ દસ ભાગ દેવતનુને (દેવાંગનાને) પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

- અવ્યાક્તના કુલ આઠ ભાગ પૈકી સાત ભાગ દેવાંગના સ્ત્રીના દેહની સાત ધાતુને વિશે મળી જઈને પગના નખથી શિખા પર્યંત સ્ત્રીલિંગ દેહ કર્યા છે.
- એક ભાગ સ્ત્રીનાં વાવે (ડાબા) અંગે ઈંગલા નાડીમાં રહ્યો છે. તેને કરીને ઈંગલા નાડી સ્ત્રીલિંગ થઈ.
- **નિરંજન :** નિરંજનના બે ભાગ પૈકી – એક ભાગ સ્ત્રીના દાહિને (જમણે) અંગે પિંગલા નાડી વિશે રહ્યો છે. તેને કરીને જમણી નાડી પુલિંગ થઈ.
- નિરંજનનો એક ભાગ બાકી રહ્યો તેમાંથી અડધો ભાગ સ્ત્રીની ભગસ્થાન ઈંદ્રિને વિશે રહ્યો છે તેને કરીને પુરુષનો ભોગ કરે છે.
  - અડધો ભાગ સ્ત્રીના નેત્ર દ્વારને વિશે રહ્યો છે. તેને કરીને પુરુષ ઉપર મોહ થાય છે. કારણ કે જે જેનો વિભાગ હોય તે તેને ગ્રહણ કરી શકે. જેમ કે આકાશનો ભાગ કર્ણને વિશે રહ્યો છે તે શબ્દ આકાશના ભાગને ગ્રહણ કરે છે. વળી, ત્વચાને વિશે વાયુનો વિભાગ રહ્યો છે, તેને લીધે ત્વચા વાયુનો સ્પર્શ ગ્રહે છે. નાસિકાએ પૃથ્વીનો વિભાગ રહ્યો છે, તેને લીધે નાસિકા પૃથ્વીની ગંધને ગ્રહણ કરે. જળનો વિભાગ રસના (જીહ્વા) એ રહ્યો છે, તેને લીધે રસના જળના વિભાગરૂપે રહેલા રસને ગ્રહણ કરે અને તેજનો વિભાગ નેત્રે રહ્યો છે, તેને લીધે નેત્ર તેજનું આકર્ષણ કરે છે. જેમ કે નેત્ર બંધ કરવા

છતાં સ્પર્શથી વાયુ જણાય, જળ સ્પર્શથી જણાય, ગ્રહણ કરવાથી પૃથ્વી જણાય અને આકાશ શબ્દે કરીને જણાય છે, પરંતુ નેત્ર સિવાય તેજનો પ્રકાશ જણાય નહીં. તેવી જ રીતે સ્ત્રીનાં નેત્ર વિશે અને ભગ ને વિશે પુરુષનો વિભાગ રહ્યો છે તેને કરીને સ્ત્રી બંને જગ્યાએ પુરુષની ચાહના કરે છે.

આ પ્રકારે નિરંજન અને અવ્યાક્તના વિભાગ દેવતનુના વિશે રહ્યા છે તેને કરીને જે જેના વિભાગ છે તે તેની ચાહના કરે છે.

**ખુલાસો**

**હવે દેવને વિશે નિરંજન અને અવ્યાક્તના વિભાગ અંગે વિશેષ ખુલાસો**

**પ્રશ્નઃ૧** સનકાદિક, શુકદેવ, દત્તાત્રેય અને નવ યોગી વિગેરે સ્ત્રીઓનો ત્યાગ કરીને મહાયોગીરાજ તદ્‌વત તદાકાર થઈ ગયા તે કઈ ક્રિયા કરીને થયા હશે ?

વળી, સ્ત્રીઓમાં કર્મીતી, કરમાં, મીરાંબાઈ અને ગાર્ગી વિગેરે પુરુષનો ત્યાગ કરીને અતિ વૈરાગ્યવાન યોગીરાજ તદ્‌વત તદાકાર થઈ ગયાં તે કેવી રીતે થયાં હશે?

અને તમે આગળ કહ્યું હતું કે જે જેના વિભાગ હોય તે તેને ગ્રહણ કર્યા જાય પણ તે સર્વે ત્યાગી કેવી રીતે થયા ?

**જવાબઃ૧** જેમ આગળ કહ્યું હતું કે જેના વિભાગ હોય તે તે વિભાગને ગ્રહણ કરે તે તો સાધારણ પક્ષે સર્વ જીવો જોજનને વિશે સહેજભાવે કોઈ પણ સાધનરૂપી આકર્ષણ કર્યા વિના થયાં જાય છે. તે સમજવા

**દૃષ્ટાંત-૧** જેમ કે, પોપટ-મેનાની આદ્ય લઈને સર્વે પક્ષી પોતાની સજાતિ બોલી આગળ બોલતાં હતાં પણ તેને કોઈ મનુષ્ય ભણાવે છે ત્યારે તે મનુષ્યની બોલી બોલે છે.

**દૃષ્ટાંત-૨** જેમ પાંચ-પચ્ચીસ રૂપા મહોરમાં એક ત્રાંબા મહોર મેળવીને અને તેમાં સોહાગાખાર નાખ્યા બાદ અગ્નિમાં તપાવીને એકરસ કરે છે. ત્યારે પેલા ત્રાંબા મહોરની જાતિને પલટાવી રૂપામહોરના સ્વરૂપમાં એકરસ કરીને પોતાના સમાન કરી લે છે. પછી તે ત્રાંબા મહોર ત્રાંબાની જાતિને વિશે મળે નહીં અને ત્રાંબાની કિંમતે વેચાય પણ નહીં.

તે દૃષ્ટાંતના ન્યાયે અહિંયા પુરુષના આઠ ભાગમાં બે ભાગ સ્ત્રીના મળીને રહ્યા છે, તેમાં સત્સંગરૂપી ખાર નાખીને પછી વૈરાગરૂપી અગ્નિને વિશે તપાવે તો પુરુષના આઠ ભાગને વિશે સ્ત્રીના બે ભાગ મળી જઈને એકરસ થાય છે. ત્યારે તે સ્ત્રીના બે ભાગને પુરુષના આઠ ભાગ પોતાના સમાન પુરુષરૂપ કરી લે છે. ત્યારે તેને મહાન વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તેથી તેમને સ્ત્રીની ચાહના પણ થતી નથી. કારણ કે સ્ત્રીના વિભાગ હતા તે પુરુષરૂપ થઈ ગયા. તો પછી સ્ત્રીની ચાહના કોણ કરે ?

એ પ્રમાણે શુકદેવ, સનકાદિકી, દત્તાત્રેયની આદ્ય લઈ રંકા, વંકા અને ગાર્ગી વિગેરે આદિથી તે અત્યાર સુધી મહાન ત્યાગી પુરુષો થયા છે.

**પ્રશ્ન : ૨** જીવનો ઈશ્વર કરવા લાયક તો સત્સંગ, વૈરાગ્ય અને જ્ઞાન એ ત્રણ મળીને છે તો એકલા જ્ઞાનથી જીવ ઈશ્વરપણું માનીને 'અહં બ્રહ્માસ્મિ' કહે છે તે કેવા સમજવા ?

**જવાબઃ ૨** જેમ તાંબા મહોરને ચાંદીનું રસાયણ ચઢે (ઢોળ ચઢાવવામાં આવે) તો તે ચાંદીને ઠેકાણે કામ આવે નહીં. તેમ એકલા જ્ઞાનથી અહં બ્રહ્માસ્મિ કહે છે તે ત્રાંબા ઉપર ચાંદીના રસાયણની માફક કોઈ મહાન પુરુષનું જ્ઞાન લઈને વાચાર્થ બોલીને વિશે ઈશ્વરપણું જણાવે પણ પોતાના નિજ અનુભવને વિશે તો જીવદશાએ જ વર્તે છે. જ્યારે કોઈ સમયે પોતાના નિજ અનુભવે કરીને બોલે તો જીવદશાએ જ બોલાય. તે માટે નર્યા એકલા વાચાર્થ જ્ઞાનથી જીવનો ઈશ્વર થાય નહીં. તેટલા માટે જો જીવને ઈશ્વર થવું હોય તો સત્સંગ, વૈરાગ્ય અને જ્ઞાનને ધારણ કરવું.

જો કે સત્સંગ, વૈરાગ્ય અને જ્ઞાન દેવલોકને પણ દુર્લભ છે. પણ આ ભૂતળમાં મનુષ્યદેહને વિશે કરી શકે તો સુર્લભ છે છતાં ના કરી શકે તો તેને પણ દુર્લભ છે.

**પ્રશ્ન : ૩** હવે રામ, કૃષ્ણ અને જનક વિદેહીની આદ્ય લઈને સર્વ પુરુષ તથા અહલ્યા, તારા, દ્રૌપદી, સીતા, મનોહરી અને ઉમિયાની આદ્ય લઈને સર્વ સ્ત્રી જાતિને વિના ત્યાગે કરીને એ સર્વ સ્ત્રી-પુરુષો ઈશ્વરરૂપ કહેવાયા છે તે કઈ સ્મૃતિ વડે કરીને કહેવાયા હશે ?

**જવાબ :૩** એ તો સર્વ કર્તાના વિશેષ અંશો છે. તે વિશેષ અંશની વિશેષતાથી તેઓના અખંડ જ્ઞાનની સ્મૃતિ પોતાના વિભાગની ક્રિયા કરવા છતાં જતી નથી. અને સામાન્ય અંશને તો શુભક્રિયા વિના સ્મૃતિ જતી રહે છે.

## સંજમભોગવૃત્તિનાં ત્રણ ચક્ષસત્ત્વ

કૈવલ કર્તાની સંજમભોગવૃત્તિના જે ત્રણ ચક્ષસત્ત્વ છે તેમાંથી અનંગ ચક્ષસત્ત્વના ત્રણ ભાગ અને વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના ત્રણ ભાગ લઈને આ છ ભાગમાં કાળ ચક્ષસત્ત્વના ચાર ભાગ મેળવીને આ દસ ભાગ દેવતનુંને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).




## દેવ પુરુષો માટે

### વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ

**મૂળક્રિયા :** દેવ પુરુષ દેવાંગના સ્ત્રીનું દૃષ્ટિથી યા ધ્યાને કરીને આલોચન કરે છે.

**પ્રગટ ક્રિયા :** પ્રથમ સ્ત્રી-પુરુષનાં લિંગનો સંયમ કરી આપે છે.

**અનંગ ચક્ષસત્ત્વ**

**મૂળક્રિયા :** દેવાંગના સ્ત્રીને આલોચન કર્યાથી દેવ કામાતુર થાય છે.

**પ્રગટ ક્રિયાઃ** સંયમ કર્યા પછી મૈથુન ક્રિયા કરે છે. પુરુષને વિશે અધોમુખે અનંગ ચક્ષસત્ત્વ રહ્યું છે. તેથી પુરુષ થોડીવારમાં શાંત પામે છે, જ્યારે સ્ત્રી વહેલી શાંત પામતી નથી.

**કાળચક્ષસતત્ત્વ**

**મૂળક્રિયા :** દેવ કામાતુર થયા પછી પંચભૂતની આદ્ય લઈ સર્વ અંગનો અર્ક કાઢીને બિંદુ સ્વરૂપે એકઠું કરી વંકનાળમાં લાવે છે.

**પ્રગટ ક્રિયા :** મૈથુન કર્યા પછી બિંદુપાત થાય છે વંકનાળમાં લાવે છે અને પુરુષના બિંદુને નીચે ઉતારે છે.

પ્રથમ પંચભૂતના અર્કનો વિભાગ બિંદુમાં દેખાડીએ છીએ. પંચભૂતને વિષે સર્વ ઇંદ્રિતત્ત્વના વિભાગ રહ્યા છે. જેમ બીજને વિષે વૃક્ષ રહ્યું તે ઉદય થાય, સર્વ દેખાય છે. એ પ્રકારે સર્વતત્ત્વના વિભાગ બિંદુને વિષે રહ્યા છે, પણ મુખ્ય પંચભૂતના વિભાગ બિંદુને વિષે દેખાડીએ છીએ.

**પંચભૂતના વિશે સર્વ ઈન્દ્રિય તત્ત્વના અર્કનો વિભાગ બિંદુમાં છે તેની સમજ**

| | |
|---|---|
| પૃથ્વીતત્ત્વનો વિભાગ | પુરુષ બિંદુને વિશે ગાઢપણું રહ્યું છે. |
| અગ્નિતત્ત્વો વિભાગ | પુરુષ બિંદુને વિશે ઉષ્ણપણું રહ્યું છે. |
| જળતત્ત્વનો વિભાગ | પુરુષ બિંદુને વિશે રસપણું રહ્યું છે. |
| આકાશતત્ત્વનો વિભાગ | પુરુષ બિંદુને વિશે વિકાસપણું રહ્યું છે. |
| વાયુતત્ત્વનો વિભાગ | પુરુષ બિંદુને વિશે વેગપણું રહ્યું છે. |

**દેવાંગના (સ્ત્રીઓ) માટે**




કૈવલ કર્તાની સંજમભોગવૃત્તિના જે ત્રણ ચક્ષસત્ત્વ છે તેમાંથી અનંગ ચક્ષસત્ત્વના ત્રણ ભાગ અને વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના ત્રણ ભાગ લઈને આ છ ભાગમાં કાળ ચક્ષસત્ત્વના ચાર ભાગ મેળવીને આ દસ ભાગ દેવતનુને (દેવાંગનાને) પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

**વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ**

**મૂળક્રિયા :** દેવાંગના સ્ત્રી પ્રથમ દેવ પુરુષનું આલોચન કરે છે.

**પ્રગટ ક્રિયા :** સ્ત્રીના કમળને વિશે બિંદુની વહેંચણી કરીને જે જેનાં તત્ત્વ ઈન્દ્રિયોનો અર્ક તે તેનાં તત્ત્વ ઈન્દ્રિયોની જગ્યાએ પોખીને બિંદુનો ઘાટ ઘડે છે.

**અનંગ ચક્ષસત્ત્વ**

**મૂળક્રિયા :** દેવપુરુષને આલોચન કર્યા પછી દેવાંગના કામાતુર થાય છે.

**પ્રગટક્રિયા :** જ્યારે પુરુષ સ્ત્રી સાથે મૈથુન કરે છે ત્યારે સ્ત્રીના લિંગને વિશે વિશેષ આનંદ ઉપજાવે છે અને પુરુષના બિંદુને ખેંચીને સ્ત્રીના કમળમાં પહોંચાડે છે. સ્ત્રીનું અનંગચક્ષતત્ત્વ ઊર્ધ્વમુખે રહેલું છે તેથી બિંદુને ઊર્ધ્વમુખે ખેંચે છે તેથી મૈથુન કરતાં સ્ત્રી પહેલી શાંતિ પામતી નથી. જ્યારે પુરુષ થોડીવારમાં શાંત પામે છે.

**કાળ ચક્ષસત્ત્વ**

**મૂળક્રિયા :** દેવાંગના કામાતુર થયા પછી સ્ત્રીનાં કમળને વિશે રસબિંદુ ઉત્પન્ન થાય છે તે બિંદુને સ્ત્રીનાં શરીરમાંથી ખેંચી લાવે છે અને સ્ત્રીનાં બિંદુને ઊંચે ચઢાવે છે.

**પ્રગટક્રિયા :** તે ઘાટને પરિપક્વ કરીને કમળથી વિખૂટો પાડીને ભિન્ન કરી નાંખે છે ત્યારે બાળકનો પ્રસવ થાય છે.

**પંચભૂતની આધ લઈ સર્વ તત્ત્વોનો સ્ત્રીના રસબિંદુને વિશે અરક (અર્ક)નો વિભાગ બિંદુમાં ભેગો રહ્યો છે તેની સમજ**

| | |
|---|---|
| પૃથ્વીતત્ત્વનો વિભાગ | સ્ત્રીનાં બિંદુને વિશે ચીકાશપણું ને દુર્ગંધપણું છે. |
| જળતત્ત્વનો વિભાગ | સ્ત્રીનાં બિંદુને વિશે અતિશય રસ પણું રહ્યું છે. |
| અગ્નિતત્ત્વનો વિભાગ | સ્ત્રીનાં બિંદુને વિશે ઉષ્ણતાપણું રહ્યું છે. |
| આકાશતત્ત્વનો વિભાગ | પુરુષનાં બિંદુનો અને સ્ત્રીનાં બિંદુનો સંયમ થાય છે ત્યારે પુરુષના બિંદુને વચ્ચે ઘાલીને સ્ત્રીનું બિંદુ ઉપર રહે છે અને મધ્યે પુરુષનું બિંદુ રાખે છે. |
| વાયુતત્ત્વનો વિભાગ | પુરુષના બિંદુનું આકર્ષણ કરીને સ્ત્રીનું બિંદુ પોતાના બિંદુમાં મેળવી દે છે. |

એ પ્રકારે તેત્રીસ કરોડ પ્રકારના દેવ લોક કર્તાની સંજમભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્ત્વ દેવ પુરુષને વિશે અને દેવાંગના સ્ત્રીનાં વિશે સ્ફુરણ થઈને વર્તે છે, તે કહ્યાં.

### પ્રકાશબ્રહ્મવૃત્તિનાં ત્રણ મહાતત્ત્વ

### અવિકાસ મહાતત્ત્વ

પ્રથમ અવિકાસ મહાતત્ત્વ દસ ભાગે દેવતનુને પોખ્યું હતું તેનો દેવને વિશે ઓહંગ પ્રણવ થયો. અવિકાસ મહાતત્ત્વ ને સંપટવત્ જાણવું, તેને લીધે ઓહંગ પ્રાણાયામ પિંડમાં ખેંચાય છે કારણ કે પિંડ સંપટવત્ છે.

કેવલકર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિનાં જે ત્રણ મહાતત્ત્વ છે તે પૈકી અવિકાસ મહાતત્ત્વના આઠ ભાગ લઈને તેમાં વિકાસ મહાતત્ત્વ અને કુંભસ્થ મહાતત્ત્વનો એક એક ભાગ મૂકીને આ દસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).




### વિકાસ મહાતત્ત્વ

વિકાસ મહાતત્ત્વનો એક ભાગ અવિકાસ મહાતત્ત્વના ઓહંકાર પ્રાણાયામને અગ્રભાગે રહ્યો છે. જ્યારે ૐકાર પ્રાણાયામ શરીરમાં પ્રવેશે છે ત્યારે સર્વ નાડીઓનો આગળ આગળ વિકાસ કરતો જાય છે, તે વિકાસ મહાતત્ત્વનો વિભાગ વિકાસે છે અને તેની પાછળ પાછળ ૐકાર પ્રાણાયામ સંચરે છે.

એ પ્રકારે વિકાસ મહાતત્ત્વનો વિભાગ અવિકાસ મહાતત્ત્વને વિશે રહ્યો છે.

### કુંભસ્થ મહાતત્ત્વ

કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ ૐકાર પ્રાણાયામને વિશે વ્યાપક રહ્યો છે. જ્યારે કોઈ યોગી સાધના કરે છે ત્યારે સાધના કરતાં કરતાં પ્રાણાયામ ઘણીવાર સ્થંભન પામે છે. તે કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ પ્રાણાયામમાં વ્યાપક રહ્યો છે. તે માટે સાધન કરે પ્રાણાયામ સ્થંભન પામે છે.

એ પ્રકારે કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ અવિકાસ મહાતત્ત્વને વિશે રહ્યો છે.

### વિકાસ મહાતત્ત્વ (આઠ ભાગ)

વિકાસ મહાતત્ત્વ દસ ભાગે દેવતનુને પોંખ્યું તેનો દેવને વિશે સોહંગ પ્રાણાયામ થયો.

વિકાસ મહાતત્ત્વ તે પ્રકાશિત જાણવું, તેને લીધે સોહંગ પ્રાણાયામ બહાર શૂન્યમાં પ્રવેશ કરે છે, કારણ કે શૂન્યમાં વિકાસપણું રહ્યું છે.




કેવલકર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિનાં ત્રણ મહાતત્ત્વ પૈકી વિકાસ મહાતત્ત્વના આઠ ભાગ લઈને તેમાં અવિકાસ મહાતત્ત્વ અને કુંભસ્થ મહાતત્ત્વનો એક એક ભાગ મૂકીને આ દસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

**અવિકાસ મહાતત્ત્વ (એક ભાગ)**

અવિકાસ મહાતત્ત્વનો એક ભાગ વિકાસ મહાતત્ત્વના સોહંગ પ્રાણાયામને મોખરે રહ્યો છે, જેથી બાર આંગળ શ્વાસ ચાલીને થંભી જાય છે. તે અવિકાસ મહાતત્ત્વનો ભાગ મોખરે રહેવાથી થંભે છે ત્યારે સર્વ શ્વાસ થંભીને પાછો ઊલટે છે.

એ પ્રકારે અવિકાસ મહાતત્ત્વનો એક ભાગ વિકાસ મહાતત્ત્વના સોહંગ પ્રાણાયામના વિશે રહ્યો છે.

**કુંભસ્થ મહાતત્ત્વ (એક ભાગ)**

કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ વિકાસ મહાતત્ત્વના સોહંગ પ્રાણાયામને વિશે વ્યાપક રહ્યો છે, તેને લીધે પ્રાણાયામને વિશે ઘાઢપણું રહ્યું છે. તે ઘાઢપણે હોઈ પ્રાણાયામ ઉતાવળો વહી જતો નથી.

એ પ્રકારે કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ વિકાસ મહાતત્ત્વના સોહંગ પ્રાણાયામના વિશે રહ્યો છે.

**કુંભસ્થ મહાતત્ત્વ (આઠ ભાગ)**

કુંભસ્થ મહાતત્ત્વ દસ ભાગે દેવતનુને પોખ્યું હતું તેનો દેવને વિશે કુંભક પ્રાણાયામ થયો.

કુંભસ્થ મહાતત્ત્વ તે સમદમ જાણવું, તેને લીધે કુંભક સમદમ થાય છે. ૐકાર પ્રાણાયામને પિંડમાં ખેંચતાં અને સોહંગ પ્રાણાયામને બહાર મૂકતા તેની મધ્યે શ્વાસ સ્થંભન પામે છે, તે કુંભસ્થ મહાતત્ત્વ જાણવું, તેને લીધે દેવતનુને વિશે સામર્થ્યપણું રહ્યું છે.

કેવલકર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિનાં જે ત્રણ મહાતત્ત્વ છે તે પૈકી કુંભસ્થ મહાતત્ત્વના આઠ ભાગ લઈને તેમાં અવિકાસ મહાતત્ત્વ અને વિકાસ મહાતત્ત્વનો એક એક ભાગ મૂકીને આ દસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).




## અવિકાસ મહાતત્ત્વ (એક ભાગ)

થતે કુંભસ્થ મહાતત્ત્વે તો પ્રથમ અવિકાસ મહાતત્ત્વનો એક ભાગ રહ્યો છે, જેથી કુંભસ્થ મહાતત્ત્વને ખેંચી રાખે છે.

## વિકાસ મહાતત્ત્વ (એક ભાગ)

વિખરાતે કુંભસ્થ મહાતત્ત્વે તો વિકાસ મહાતત્ત્વનો એક ભાગ રહ્યો છે. તેને કરીને તે કુંભસ્થ મહાતત્ત્વને વિખેરી નાંખે છે.

આ પ્રકારે દેવતનુના વિશે કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વ રહ્યા છે.

## તમોગુણના દશ કાળ

તમોગુણના દશકાળ પૈકી સ્વભાવકાળ, કામનાકાળ, આક્રંતકાળ, આશ્ચર્યકાળ અને દ્વેષકાળ આ પાંચમાંથી દરેકના નવ નવ ભાગ લઈને તેમાં એક પૃથ્થકકાળ, બીજો વિપરીતકાળ, ત્રીજો અજ્ઞાનકાળ, ચોથો રાગસકાળ અને પાંચમો વૃદ્ધિ-અંતકાળ આ પંચ કાળમાંથી દરેકનો એક એક ભાગ મૂકીને આ પચાસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).




## પંચકાળના (નવ નવ ભાગ)

◆ સ્વભાવકાળના નવ ભાગને લીધે દેવનો જે સ્વભાવ હોય તે પલટાય નહીં. દેવ કામી હોય તો કામી જ રહે, ક્રોધી હોય તો ક્રોધી જ રહે અને શીલવંત હોય તો સદાયકાળ શીલવંત રહે

પણ કોઈનો બોધ લાગીને સ્વભાવ પલટાય નહીં.

- કામનાકાળના નવ ભાગને લીધે દેવને વૈભવને વિશે લોલુપતા બહુ રહે છે.
- આક્રંતિકાળના નવ ભાગને લીધે દેવને આક્રંતિ બહુ રહી છે. તેથી સર્વલોક દેવથી ત્રાસ પામે છે.
- આશ્ચર્યકાળના નવ ભાગને લીધે દેવમાં અંતરધ્યાન કે અદશ્યપણું રહ્યું છે.
- દ્વેષકાળના નવ ભાગને લીધે દેવ કોઈનું સારું ઈચ્છે નહીં. કારણ કે કોઈ જપ તપ કરતું હોય તો તે દેવ ત્યાં જઈને તેમાં ભંગ પડાવે છે.

## પંચકાળના (એક એક ભાગ)

- પૃથક્કકાળનો એક ભાગ હોવાથી દેવ પ્રથક-પ્રથક દેખાય છે. પોતાના ધામમાં રહ્યા છતાં બીજી જગ્યાએ દેખાય છે.
- વિપરીતકાળનો એક ભાગ હોવાથી દેવ કોઈ સમયે અનહુત કામ કરે છે ત્યારે તેનું વિપરીત થાય છે. દા.ત. જ્યારે ઇંદ્ર દેવતાએ ચંદ્રમા સહવર્તમાન ગૌતમની સ્ત્રીનું હેરુ (વ્યભિચાર) કર્યું ત્યારે તેનું વિપરીત પરિણામ આવ્યું અને ગૌતમના શ્રાપથી ઈન્દ્રને સહસ્ત્ર ભગ થયાં. વળી, શિવજીએ બ્રહ્માનું મસ્તક છેદયું તેનું બ્રહ્મકપાળ થઈને વળગ્યું તે પણ વિપરીત થયું.
- અજ્ઞાનકાળનો એક ભાગ હોવાથી દેવ ત્રિકાળદર્શી છે પણ કોઈ સમયે ચૂકી જાય છે. દા.ત. જ્યારે બલીરાજાને ઘરે વામન યાચવા ગયા ત્યારે શુક્રાચાર્ય ઝારીમાં પેઠા પણ તેમણે જાણ્યું નહીં કે મારું નેત્ર ખંડિત થશે અને પ્રભુના ચોર થવાશે. આમ, ત્રિકાલદર્શી હતા, પણ જ્ઞાન કોઈ સમયે ચૂકી જવાય.
- રાગસકાળનો એક ભાગ હોવાથી દેવની સેવા કરતાં દેવ કોઈ કોઈની સાથે પ્રીતિ રાખે છે.
- વૃદ્ધિ અંતકાળનો એક ભાગ હોવાથી દેવતનુ ઘણે કાળે વૃદ્ધિ પામીને રહે છે. ત્યાર પછી વધે નહીં. એ પ્રકારે દેવતનુના વિશે તમોગુણના દસ કાળ રહ્યા છે.

## અચંતઘણની દશ ભાવના




અચંતઘણની દસ ભાવનાઓ પૈકી અહમ્ ભાવના, સ્તંભ ભાવના, અચેત ભાવના, ઉચ્ચાટ ભાવના અને મૂન્ય ભાવના આ પાંચ ભાવનાઓમાંથી નવ નવ ભાગ લઈને તેમાં એક વિસર્જન ભાવના બીજી નિદ્રા ભાવના, ત્રીજી અંધતમ ભાવના, ચોથી અભાવ ભાવના અને પાંચમી અસામર્થ ભાવના. આ પાંચમાંથી એક એક ભાગ મેળવીને પચાસ ભાગ થયા તે દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

### પંચ ભાવના (નવ નવ ભાગ)

- અહમ્ ભાવનાના નવ ભાગ હોવાથી દેવ ઘણાકાળ આયુષ્ય ભોગવે છે પણ ગતિ પલટાતી નથી. માટે દેવને વિશે સદાકાળ અહમપણું રહ્યું છે.
- સંભ ભાવનાના નવ ભાગ હોવાથી દેવ સદાકાળ સ્તંભાકાર જણાય છે. દેવ હાલેચાલે પણ સર્વ અંગ સ્તંભાકારવત્ દેખાય છે.
- અચેત ભાવનાના નવ ભાગ હોવાથી દેવ પોતાની હદ છોડીને ઊંચી ગતિ પામે નહીં.
- ઉચ્ચાર ભાવનાના નવ ભાગ હોવાથી દેવને વિશે ખેચરી મુદ્રા રહી છે. તે ખેચરી મુદ્રાનો શૂન્ય સ્વભાવ છે, તે શૂન્ય ઉચ્ચારવત્ છે.
- મૂન્ય ભાવનાના નવ ભાગ હોવાથી દેવ સદાકાળ મુનિવ્રત સરખા દેખાય છે અને અતિશય વાણી ઉચ્ચારતા નથી.

### પંચ ભાવના (એક એક ભાગ)

- વિસર્જન ભાવનાનો એક ભાગ હોવાથી દેવને અગમ-નિગમની સૂઝ હોય છે છતાં દેવ કોઈ સમયે અસૂઝતું કામ કરે છે.
- નિદ્રા ભાવનાનો એક ભાગ હોવાથી દેવ મંત્ર આહ્વાને કરીને પ્રગટ થાય છે પણ કોઈ સમયે મંત્ર આહ્વાન સાંભળતા નથી ત્યારે પ્રગટ થતા નથી.
- અંધતમ ભાવનાનો એક ભાગ હોવાથી દેવને કોઈ સમયે કંઈક કામના ઊઠે છે ત્યારે પોતાના સ્વાર્થને માટે અનેક જીવનું કાર્ય બગાડે છે.
- અભાવ ભાવનાનો એક ભાગ હોવાથી દેવની સેવા કરતાં કોઈને ચૂક પડે ત્યારે દેવને અભાવ ઉત્પન્ન થાય છે, તેને લીધે દેવ ફળીભૂત થતા નથી.
- અસામર્થ ભાવનાનો એક ભાગ હોવાથી દેવને ચાહે તે કરી શકે તેટલું તેમનામાં સામર્થ્ય છે, પરંતુ કશું પણ કરતા નથી. તે અસામર્થ ભાવનાથી દેવની ગતિ પહોંચતી નથી.

એ પ્રકારે દેવતનુના વિશે અચંતઘણની દસ ભાવના રહી છે.

### સત્તોગુણના પંચઅવસ્થા – પંચ અંતઃકરણ

સતોગુણના પાંચ અંતઃકરણમાંથી દરેકના નવ નવ ભાગ લઈને તેમાં પાંચ અવસ્થાના એક એક ભાગ મેળવીને આ પચાસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).



**પંચઅવસ્થા (એક એક ભાગ)**

- પંચ અવસ્થાના પાંચ ભાગ દેવને વિશે સામાન્ય સંયુક્ત સમદમ રહ્યા છે તે સદાકાળ પાંચે અવસ્થા અહર્નિશ વર્તતી જણાય છે અને અવસ્થા પલટાતી દેખાતી નથી.
- જાગ્રત અવસ્થાનો એક ભાગ હોવાથી તે સદાકાળ નેત્રો દ્વારા ટગર-ટગર જોઈ રહે છે.
- સ્વપ્ન અવસ્થાનો એક ભાગ હોવાથી તે કંઠને વિશે દેવ અપ્રાપ્તિ ભોગની વાસનાએ કરીને ઘાટ ઘડ્યા કરે છે.
- સુષુપ્તિ અવસ્થાનો એક ભાગ હોવાથી દેવ સમદમ ભાસે છે.
- તુરિયા અવસ્થાનો એક ભાગ હોવાથી દેવ સદાયકાળ ધ્યાનાકાર જણાય છે.
- ઉન્મુની અવસ્થાનો એક ભાગ હોવાથી ચારેય અવસ્થાની જાણની ચાસમી લઈ આનંદ પામીને દેવને વિશે સદાય ઉદારપણું દર્શાય છે.

  એ પ્રકારે દેવતનુના વિશે પાંચેય અવસ્થા સંયુક્ત વર્તે છે તેથી દેવ ગણા કાળે કોઈ સમયે નિદ્રાવશ થાય છે.

**પંચ અંતઃકરણ (નવ નવ ભાગ)**

- મન અંતઃકરણના નવ ભાગ ને લીધે દેવને વિશે સંકલ્પ-વિકલ્પ રહ્યા છે. જેમ કે દેવ કોઈને પ્રસન્ન થઈને ફળીભૂત થાય છે અને કોઈને શ્રાપ આપીને પ્રલય કરે છે.
- બુદ્ધિ અંતઃકરણના નવ ભાગને લીધે દેવ પોતપોતાના લોકવ્યવહાર વિચારના ઘાટ ઘડતા જ રહે છે.
- અહંકાર અંતઃકરણના નવ ભાગ ને લીધે દેવ લોકોના વ્યવહારિક કાર્યોનો તોલ કરે છે. તેમજ કોઈ દેવની સેવા કરે છે ત્યારે વરદાન આપે છે. તે અહંકાર અંતઃકરણ કરીને પોતાની સામર્થ્યની માનીનતા રહે છે.
- ચિત્ત અંતઃકરણના નવ ભાગ ને લીધે દેવ વિવિધ પ્રકારના વૈભવનું ચિંતવન કર્યા જાય છે.
- નચિંત અંતઃકરણના નવ ભાગ ને લીધે તે ચાર અંતઃકરણના વિશેની ચાસમી લઈને મોદિત(આનંદિત)પણું વર્તે છે.

  એ પ્રકારે દેવતનુંના વિશે પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા રહી છે.

**સ્વકાશઘણના સંભસક્રણ - વિવસ્તા**




સ્વકાસઘણના પાંચ સંભસક્રણમાંથી દરેકના નવ નવ ભાગ લઈને તેમાં પાંચ વિવસ્થાના એક એક ભાગ મેળવીને આ પચાસ ભાગ દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

## પંચ સંભસકરણ (નવ નવ ભાગ)

- સ્વાંત સંભસક્રણના નવ ભાગ હોવાથી દેવને વિશે શાંતિપણું રહ્યું છે. તે કેમ જાણીએ, તો દેવ પોતાનું ધામ છોડીને બહુ ફરતા નથી.
- સહેજ સંભસક્રણના નવ ભાગ હોવાથી દેવ વિચરણ કરતા હોવા છતાં સહેજ સ્વભાવે જણાય છે.
- શીલ સંભક્રણના નવ ભાગ હોવાથી દેવ સદા શીલવંત જણાય છે.
- સંતોષ સંભસક્રણના નવ ભાગ હોવાથી દેવ વાસનાથી સંતોષ પામે છે.
- સમતા સંભસક્રણના નવ ભાગ હોવાથી દેવની નિંદા યા સ્તુતિ કરે ત્યારે એકદમ કોપાયમાન પણ ન થાય અને જલદી ફળીભૂત પણ ન થાય.

## પંચ વિવસ્તા (એક એક ભાગ)

- સ્થિતિ વિવસ્તાનો એક ભાગ હોવાથી દેવ હાલે ચાલે પણ સ્થિતિપણું જણાય છે.
- ઉદાર વિવસ્તાનો એક ભાગ હોવાથી દેવને વિશે અંતર ચાહના હોવા છતાં પણ પર ઉદારપણું જણાય છે.
- ગલીત વિવસ્તાનો એક ભાગ હોવાથી દેવ કોઈને શ્રાપ આપે છે ત્યારે પાછો શ્રાપને ખાનારો સ્તુતિ કરે તો દેવ ગલીત થઈને થોડોક શ્રાપ વાળી પણ લે છે.
- કુંભ વિવસ્તાનો એક ભાગ હોવાથી દેવ આસન ઉપર બિરાજમાન હોય ત્યાં સુધી ચલાયમાન જણાય નહીં.
- સામાન્ય વિવસ્તાનો એક ભાગ હોવાથી કોઈ મનુષ્ય દેવની ઘણા કાળ સેવા કરે છે અને કોઈ થોડા દિવસ સેવા કરે છે તો પણ ફળીભૂત થઈને બંનેને બરાબર ફળ આપી દે છે. તે સામાન્ય વિવસ્તાના અમલમાં એવું થઈ જાય છે.

## રજોગુણની દશ આકાંક્ષા

રજોગુણની દસ આકાંક્ષા પૈકી સુગંધ આકાંક્ષા, નિરીક્ષણ આકાંક્ષા, શ્રવણ આકાંક્ષા, વિષય આકાંક્ષા અને ગવન આકાંક્ષા આ પાંચ આકાંક્ષાઓમાંથી દરેકના નવ નવ ભાગ લઈને તેમાં ઉચ્ચાર આકાંક્ષા, શીત-ઉષ્ણ આકાંક્ષા, ગ્રાહાજ આકાંક્ષા, મળ વિસર્જન આકાંક્ષા અને ક્ષુધાપિપાસા આકાંક્ષા આ પાંચ આકાંક્ષામાંથી એક એક ભાગ મૂકીને આ પચાસ ભાગ થયા તે દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).




### પાંચ આકાંક્ષા (નવ નવ ભાગ)

**શ્રવણ આકાંક્ષા** દેવને વિશે કાન થયા છે – તેથી જ શ્રવણ આકાંક્ષાના ૯ ભાગમાં શબ્દ માત્રાના ૯ ભાગ સમાયા છે.

**સુગંધ આકાંક્ષા** દેવને વિશે નાશિકા ઇંદ્રિય થઈ છે. તેમાં ગંધમાત્રાના ૯ ભાગ સમાયા છે.

**નિરીક્ષણ આકાંક્ષા** દેવને વિશે નેત્રો થયાં છે. જેમાં રૂપમાત્રાના ૯ ભાગ સમાયેલા છે.

**વિષય આકાંક્ષા** દેવને વિશે લિંગ ઇંદ્રિય થઈ છે. તે દેવની ઇંદ્રિય મુરઝાય નહીં. સદાયકાળ ખડી રહે છે.

**ગવન આકાંક્ષા** દેવના ચરણાર્વિંદને વિશે રહી છે. તેથી એક ઘડીમાં લક્ષકોસ (એક કોસ એટલે ૩.૨ કિલોમિટર / ૨ માઈલ ) ગવન કરે તો પણ દેવને શ્રમ પહોંચે નહીં.

### પાંચ આકાંક્ષા (એક એક ભાગ)

**ઉચ્ચાર આકાંક્ષા** દેવ પોતાના સેવકને વરદાન આપવા માટે કોઈ સમયે ઉચ્ચાર કરે છે.

**શીત-ઉષ્ણ આકાંક્ષા** સૂર્યની આદ્ય લઈને જે તેજવંત દેવથી બીજાનાં તેજ મુંઝાઈ જાય છે અને રાત્રે શીતળતા પામીને ચંદ્ર , તારાની આદ્ય લઈને પ્રફુલ્લિત થાય છે.

**ગ્રાહાજ આકાંક્ષા** દેવ વિશે હસ્ત થયા છે તે હાથે કરીને પુષ્પાદિક વસ્તુની આદ્ય લઈને પોતપોતાનાં સહસ્ત્ર આભૂષણ ગ્રહી રહે છે.

**મળ વિસર્જન આકાંક્ષા** દેવ વૈભવ કરીને તૃપ્તિ પામે છે અને પાછા અતૃપ્ત થઈ જાય છે.

**ક્ષુધા-પિપાસા આકાંક્ષા** દેવ વૈભવ કરીને તૃપ્તિ પામે છે અને પાછા અતૃપ્ત થઈ જાય છે. તેથી કરીને વાસનાના ભૂખ્યા રહે છે.

## અહંકારઘણના પંચભૂત અને પંચ માત્રા




અહંકારઘણના પંચભૂત અને પંચમાત્રા જે ઉત્પન્ન થયા છે તે પૈકી પંચમાત્રાના દરેકના નવ નવ ભાગ લઈને તેમાં પંચભૂતનો દરેકનો એક એક ભાગ મૂકીને જે પચાસ ભાગ થયા તે દેવતનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૬).

### પંચભૂતનો પ્રભાવ (એક ભાગે)

**પૃથ્વી** દેવ મૂર્તિમાન દેખાય છે. રવિ, ચંદ્ર અને તારામંડળની આદ્ય લઈને જે દશ્યમાન થયેલા તે પૃથ્વીતત્ત્વના વિભાગે કરીને દેખાય છે. એ પ્રકારે દેવને વિશે સૂક્ષ્મ અવનિ રહી છે.

**જળ** દેવમાં અમી રહી છે. અમી દષ્ટિથી દેવ કોઈની સામે જૂએ તો તેને લીલાલહેર થાય છે.

**અગ્નિ** દેવને વિશે પ્રકાશ રહ્યો છે.

**પવન** દેવ ને વિશે હલનચલનપણું રહ્યું છે.

**આકાશ** દેવ ગ્રહાય (પકડાય) નહીં અને અદષ્ટપણું રહ્યું છે.

### પંચમાત્રાનો પ્રભાવ: (નવ નવ ભાગ)

**ગંધમાત્રા** દેવને નાકને વિશે રહ્યો છે. દેવ વાસના વડે તૃપ્તિ પામે છે. તે માટે સુગંધી લીધા પણું ઘણુંક રહ્યું છે.

**રસમાત્રા** દેવને જીભને વિશે રહી છે. દેવ રસનાએ કરીને વચન કહે છે તે ફળ પ્રાપ્તિ થાય છે. તે માટે વચનમાં રસ ફળ જામે છે.

**રૂપમાત્રા** દેવને ચક્ષુ વિશે રહી છે. દેવનાં ચક્ષુની પલક પડતી નથી. અને દેવની દષ્ટિ ઘણી પહોંચે છે.

**સ્પર્શમાત્રા** દેવની ત્વચાને વિશે રહી છે તેથી દેવ સ્પર્શે કરીને આનંદ પામે છે. તે સ્પર્શરૂપ ચંદન લેપ, જળસ્નાન અને લેપનની આદ્ય લઈને દેવ તૃપ્તિ પામે છે.

**શબ્દમાત્રા** દેવની શ્રવણને વિશે રહી છે, તેને લીધે ઘંટનાદ, શંખનાદની આદ્ય લઈને દરેક વાજિંત્રો દેવને પ્રિય લાગે છે.

અગાઉ દર્શાવેલ તત્ત્વોના મિશ્રણની સમજ આપી, તે મુજબ કેવલકર્તાની ક્રિયાવૃત્તિ દ્વારા તત્ત્વ સંયુક્ત તેત્રીસ કરોડ પ્રકારનાં દેવતનુ રચાયા પણ દેવતનુના સર્વ ઘાટો જડવત્ જ રહ્યા ત્યારે કર્તાએ પાંચમી સજીવનવૃત્તિ પ્રેરક કરી. તેનાથી સર્વ ઘાટો વૃદ્ધિ પામ્યા. જેટલા તત્ત્વ વિભાગ પોખ્યાં

હતા તે સર્વ દેહને વિશે સ્ફૂરી રહ્યા પણ કોઈ હલન-ચલન કે ચેષ્ટા કરવા લાગ્યા નહીં. ત્યારે નિજ સજાણસ્વરૂપ કૈવલ કર્તાએ અંશવૃત્તિથી ઘાટોમાં પોતાના અંશો પ્રેરક કર્યા. તે કર્તાના અંશને નિજજાણ સ્વરૂપે જાણવા. તે નિજજાણ સ્વરૂપ અંશ પ્રેરક થયે કરીને તત્ત્વો કેવી રીતે ચેતન થયા તેની સમજ.

નિજજાણસ્વરૂપ અંશ પ્રેરક થયે કરીને

↓

કર્તાની **પ્રકાશ બ્રહ્મવૃત્તિનાં** ૩ મહાતત્ત્વ ચેતન કર્યા

↓

કર્તાની **સંજમભોગવૃત્તિ**નાં ૩ **ચક્ષસત્ત્વ** ચેતન કર્યા

↓

કર્તાની **ઈચ્છાવૃત્તિ** ના વિભાગ પૈકી **નિરંજનતત્ત્વ** અને **અવ્યાકતતત્ત્વ** ચેતન કર્યા.

↓

આ બંને તત્ત્વોથી **મહા તત્ત્વકારણ, આનંદ તત્ત્વકારણ,**
**ધનંજે તત્ત્વકારણ** અને **પ્રકૃતિ તત્ત્વકારણ** ચેતન થયાં.

↓

આ ચેતન થયેલ ચાર મહાતત્ત્વોના વિભાગે ચેતન કર્યા

| ૩ ઘણ | | | ૩ ગુણ | | |
|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| અચંત | સ્વકાશ | અહંકાર | રજો | તમો | સતો |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| દસ ભાવના | પાંચ સંભસક્રણ અને પાંચ વિવસ્તા | પંચભૂત અને પંચમાત્રા | દસ આકાંક્ષા | દસ કાળ | પંચ અવસ્થા અને પંચ અંતઃકરણ |



આ પ્રમાણે ઘાટોમાં જેટલાં તત્ત્વો પોખ્યાં હતાં તેટલા સર્વ તત્ત્વો અન્યો અન્ય ચેતન થઈને પોતપોતાના તત્ત્વ અનુસાર હલન-ચલન યા ચેષ્ટા કરવા લાગ્યા.

## દોહા

**દેવતનું નરનારીકે, કીયે વિચરણ વિવિધાય;**
**ભૂત ભવિષ્ય વર્તમાનકે, સૂણતાં જ્ઞાન સમાય. ૧**

### શબ્દાર્થ

**દેવતનું** = દેવોના શરીરોનું **નરનારી કે** = દેવપુરુષ અને દેવનારી અંગેનું **કીયે** = કર્યું **વિચરણ** = વિચરણ, વિસ્તૃત વર્ણન **વિવિધાય** = જુદી જુદી રીતે **ભૂત** = ભૂતકાળ **ભવિષ્ય** = ભવિષ્યકાળ **વર્તમાન કે** = વર્તમાનકાળનું **સૂણતાં** = સાંભળતાં **જ્ઞાન** = સમજ **સમાય** = સમજાય, સમજમાં આવે.

### ભાવાર્થ-અનુવાદ

દૈવી શરીરોવાળા દેવતાઓ અને દેવાંગનાઓના શરીરમાં પોંખાયેલા તત્ત્વોના વિભાગની મેળવણી બતાવી. જે તે તત્ત્વોની જુદી જુદી રીતે તેના કાર્ય ફળ અંગે વિસ્તૃત વર્ણન બતાવવામાં આવેલ છે. જેને સાંભળતાં ભૂતકાળમાં તત્ત્વોનું પ્રગટ કાર્ય કેવું થયું હતું અને ભવિષ્યમાં પણ તેમ જ થશે તેમજ વર્તમાનમાં તે મુજબ પ્રગટ કાર્ય ફળ થઈ રહ્યું છે તેની સમજ પ્રાપ્ત થાય છે.

**અબ સ્થાવર જંગમ જીનું, તીનું તન તત્ત્વ અનુસાર;**
**નારણદાસ તેહી સૂણ વિધિ, કહે કુવેર સુવિચાર. ૨**

### શબ્દાર્થ

**અબ** = હવે **સ્થાવર** = સ્થાવર જાતિ **જંગમ** = જંગમજાતિ **જીનું** = નું **તીનું** = તેમનું **તન** = શરીર **તત્ત્વ** = તત્ત્વોના વિભાગ **અનુસાર** = જે પ્રમાણે છે તે મુજબ **નારણદાસ** = પૂજ્ય નારાયણ મહારાજ **તેહી** = તે બાબત **સૂણ** = સાંભળો **વિધિ** = ક્રિયા **કહે કુવેર** = કુબેર સ્વામી કહે છે કે **સુવિચાર** = તેને સારી રીતે વિચાર કરો.

### ભાવાર્થ-અનુવાદ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે હે નારણદાસ! હવે પછીના સ્કંધમાં સ્થાવર જાતિ અને જંગમ જાતિના શરીરોમાં જે જે રીતે તત્ત્વોના વિભાગોની મેળવણી કેવી રીતે કરવામાં આવી છે તે અને તે તે તત્ત્વોના પ્રભાવથી મૂળ (કાર્યો) ક્રિયા થાય છે, તે અંગે વિસ્તૃત વર્ણન કરવામાં આવનાર છે. જે બાબત ખૂબ જ ધ્યાનથી એક ચિત્ત રાખીને વિચાર કરવા યોગ્ય છે તો તેને શ્રવણ કરો.

**તામહી પ્રથમ પ્રકાશકુ, સ્થિર સ્થાવર તનું ચિન;**
**નારણદાસ રજ તજ કરી, કહે કુવેર ભિન્ન ભિન્ન. ૩**

### શબ્દાર્થ

**તામહી** = તેમાં **પ્રથમ** = સૌપ્રથમ **પ્રકાશકુ** = દર્શાવું છું **સ્થિર સ્થાવર** = હલન-ચલન વગરના સ્થાવર જાતિ

**તનું** = ઘાટ **ચિન** = ચિહ્ન **નારણદાસ** = પૂજ્ય નારણદાસ મહારાજ **રજ તજ** = રજે રજ **કરી** = કરીને **કહે કુવેર** = કુવેર સ્વામી કહે છે કે **ભિન્ન ભિન્ન** = જુદી, જુદી રીતે.

## અનુવાદ-ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે, હે નારણદાસ ! ‘‘સૌ પ્રથમ વિવિધ ઘાટો પૈકી સ્થાવર જાતિ અંગેના તત્ત્વ ભાગ પંચીકરણ ક્રિયાની રજેરજનો ખ્યાલ અને તેની સમજ હવે પછીના સ્કંધ ૧૦માં વિભાગે કરીને ભિન્ન-ભિન્ન રીતે હું દર્શાવું છું.’’

# તૃણ, પનડી, વેલ, જળ અને વૃક્ષ જાતિ



# સ્થાવર તનું તત્ત્વ પોક્ષણ દર્શાવનકો

## સ્કંધ ૧૦



### અઢાર લાખ પ્રકારની સ્થાવર જાતિ

પૃથ્વીતત્ત્વના આઠ ભાગ અને અડધો ભાગ જળતત્ત્વ, અડધો ભાગ આકાશતત્ત્વ, અડધો ભાગ અગ્નિતત્ત્વ અને અડધો ભાગ વાયુતત્ત્વનો રહેલો છે.




અહંકારઘણના પંચભૂત પૈકી પૃથ્વીતત્ત્વના આઠ ભાગ અને બાકીના ચાર તત્ત્વોના અડધા-અડધા ભાગ મળી એ દસ ભાગે સ્થાવર જાતિ થઈ છે. તે સ્થાવર જાતિ અઢાર લાખ પ્રકારની છે (મૂળ સ્કંધ-૬).

આ દસ ભાગ મળી સ્થાવરજાતિ થઈ છે. તે સ્થાવરજાતિ અઢાર લાખ પ્રકારની છે. જે પાંચ પ્રકારે વહેંચાયેલી છે.

| | |
|---|---|
| ૧. તૃણજાતિ | બીજનાં અંકુરમાં વાયુતત્ત્વ રહેલું છે. |
| ૨. પનડીજાતિ | બીજનાં અંકુરમાં આકાશતત્ત્વ રહેલું છે. |
| ૩. વેલજાતિ | બીજનાં અંકુરમાં જળતત્ત્વ રહેલું છે. |
| ૪. જળજાતિ | બીજનાં અંકુરમાં ઊર્ધ્વ ભાગે જળ રહ્યું છે તેણે કરીને તો જળને વિષે રહે છે. અને મૂળને અધોભાગે અગ્નિતત્ત્વ રહેલું છે. તેણે કરીને જળ જતું રહે છે, તો સુકાઈ જાય છે. |
| ૫. વૃક્ષજાતિ | બીજકનાં અંકુરમાં પૃથ્વીતત્ત્વ વ્યાપક રહ્યું છે કે તેને કરીને વૃક્ષ અળસે પુષ્ટી પામે છે, તે પૃથ્વી તત્ત્વે કરીને પૃથ્વી અધિક જામે છે. |

### કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૧૧)

- પૃથ્વીતત્ત્વના ૮ ભાગ સ્થાવરમાં રહ્યા છે, તેને લીધે સ્થાવરજાતિ પૃથ્વીથી અલગ થઈને હલન-ચલન કરી શકતી નથી અને અતિશય જડવત્ તન તે પૃથ્વીના વિશેષ ભાગેને લીધે થયાં છે.
- જળતત્ત્વના અડધા ભાગને લીધે સ્થાવરના કાષ્ટભાગને વિશે અરઘ (રસભાગ) રહ્યો છે જે ચંદનની આદ્ય લઈને અત્તર ઊતરે છે.
- અગ્નિતત્ત્વના અડધા ભાગને લીધે સ્થાવરના કાષ્ટ ભાગને વિશે અગ્નિ રહ્યો છે.તે કાષ્ટને મંથન કરવામાં આવે ત્યારે પ્રગટ થાય છે.



પૃથ્વીતત્ત્વના ૮ ભાગ



જળતત્ત્વનો અડધા ભાગ



અગ્નિતત્ત્વનો અડધા ભાગ



આકાશતત્ત્વનો અડધા ભાગ



પવનતત્ત્વનો અડધા ભાગ

- પવનતત્ત્વના અડધા ભાગને લીધે સ્થાવરને વિશે જે નાડીઓએ જળ સંચરે છે, તે નાડીઓ પવનના અડધા ભાગની થઈને રહી છે.
- આકાશતત્ત્વના અડધા ભાગને લીધે સ્થાવરના કાષ્ટને વિશે વિકાશપણું રહ્યું છે. તેને કરીને કાષ્ટ જળમાં ડૂબતું નથી અને કોઈ લાકડામાં કાષ્ટને વિશે લોખંડનો ખીલો મારવામાં આવે તો તે અંદર પ્રવેશે છે. તે સ્થાવરને વિષે આકાશનો ભાગ જાણવો.

**સ્થાવરના ઋતુ ભાગના સ્વાદ**

**પૃથ્વીતત્ત્વ** જે સ્થાવરમાં ઋતુ ભાગને વિશે પૃથ્વીતત્ત્વ અધિક રહ્યો છે તેથી સ્થાવરમાં ફળ મિષ્ઠ સ્વાદનાં હોય છે.

**જળતત્ત્વ** જે સ્થાવરના ઋતુ ભાગને વિશે જળતત્ત્વ વિશેષ રહ્યું છે તેનાં ફળ મધુર સ્વાદનાં હોય છે.

**અગ્નિતત્ત્વ** જે સ્થાવરના ઋતુ ભાગને વિશે અગ્નિતત્ત્વ વિશેષ રહ્યું છે તેનાં ફળનો સ્વાદ તીક્ષ્ણ(તીખો) હોય છે.

**વાયુતત્ત્વ** જે સ્થાવરના ઋતુ ભાગને વિશે વાયુતત્ત્વ વિશેષ રહ્યું છે તેનાં ફળનો સ્વાદ ચરપરો હોય છે.

**આકાશતત્ત્વ** જે સ્થાવરના ઋતુ ભાગને વિશે આકાશતત્ત્વ વિશેષ રહ્યું છે તેનાં ફળનો સ્વાદ ફીક્કો હોય છે.

## સ્થાવરના સ્ત્રી અને પુરુષ વિભાગના બિંદુના અરકમાં પંચતત્ત્વ આવ્યાં છે તેની સમજ

| તત્ત્વ | પુરુષના બિંદુના અર્ક | સ્ત્રીના બિંદુના અર્ક |
|---|---|---|
| પૃથ્વી | ફળને વિશે બીજગ થાય છે. | ફળને વિશે ગર્ભ ભાગ રહ્યો છે. |
| જળ | ફળનાં બિજગને વિશે અંકુરમાં ચિકાશ ભાગ રહ્યો છે. | ગર્ભને વિશે રસ રહ્યો છે. |
| વાયુ | બીજગને વિશે શોષણશક્તિ રહી છે તે જ્યારે બીજગ વર્ષાઋતુ કાળે ઉદય પામે છે ત્યારે પૃથ્વીના જળનું શોષણ કરીને ઉદય પામે છે. | ફળની ઉપર છાલનો ત્વચા ભાગ રહ્યો છે. |
| અગ્નિ | વાયુતત્ત્વે કરીને જળ ખેંચી બીજગને વિશે પચાવીને ગાઢું કઠણપણું કરે છે. | ફળનાં ગર્ભને વિશે કઠણપણું હોય છે તેને પકવીને નરમપણું કરે છે. |
| આકાશ | બીજગને વિશે વિકાસ રહ્યો છે. | ગર્ભભાગને છાલના ભાગની વચ્ચે સંધિને વિશે વિકાસ રહ્યો છે. |

### રજોગુણ - અહંકારઘણ - કુલ ૫૦ ભાગ

સ્થાવરના ઋતુભાગને વિશે રજોગુણની દસ આકાંક્ષાઓનો વિભાગ વિશેષ રહ્યો છે તેનાં ફળ મનુષ્યજાતિની આદ્ય લઈને સર્વ જીવ ભક્ષણ કરે છે.

### આકાંક્ષા




એક સુગંધ આકાંક્ષા, બીજી ગ્રાહજ આકાંક્ષા, ત્રીજી શીત-ઉષ્ણ આકાંક્ષા, ચોથી ક્ષુધા-પિપાસા આકાંક્ષા અને પાંચમી મળવિસર્જન આકાંક્ષા એ પંચ આકાંક્ષામાંથી પાંચ પાંચ ભાગ લઈને તેમાં એક શ્રવણ આકાંક્ષા, બીજી નિરીક્ષણ આકાંક્ષા, ત્રીજી ઉચ્ચાર આકાંક્ષા, ચોથી વિષય આકાંક્ષા અને પાંચમી ગવન આકાંક્ષા એ પંચ આકાંક્ષામાંથી એક એક ભાગ મૂકીને વળી એક શબ્દમાત્રા, બીજી સ્પર્શમાત્રા, ત્રીજી રૂપમાત્રા, ચોથી રસમાત્રા અને પાંચમી ગંધમાત્રા એ પાંચમાત્રામાંથી ચાર ચાર ભાગ મૂકીને એ દસ દસ ભાગ (કુલ ૫૦ ભાગ) પાંચ પ્રકારે સ્થાવર જાતિના બીજગને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

## કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૧૧)

## રજોગુણની દશ આકાંક્ષા

**શ્રવણ આકાંક્ષા (એક ભાગ)**

જ્યારે ગગનમાં મેઘગર્જના થાય છે ત્યારે સર્વ વનસ્પતિ ખડી થઈને મીટ (નજર) માંડે છે.

**સુગંધ આકાંક્ષા (પાંચ ભાગ)**

તેનાથી સારી અથવા પાતળી ભૂમિકાની પરીક્ષા કરીને સ્થાવર તે પ્રમાણે તેમાં જામે છે. સારી ભૂમિકામાં તરુવર અતિશય પુષ્ટિ પામે છે અને નિર્બળ ભૂમિમાં તરુવર નિર્બળ રહે છે. સુગંધ આકાંક્ષાથી સ્થાવરજાતિ ભૂમિકાની પરીક્ષા કરી શકે છે.

**નિરીક્ષણ આકાંક્ષા (એક ભાગ)**

સર્વ વનસ્પતિનાં બીજક ભૂમિના ઉદરમાં રહે છે તે કોઈ બે આંગળ, ચાર આંગળ, વેંતભર કે હાથભર ઊંડા અને ગુપ્ત હોય તો પણ જ્યારે ઘનવૃષ્ટિથી અવનિ ભિંજાય છે, ત્યારે સર્વ બીજકના અંકુરને વિશે નિરીક્ષણ આકાંક્ષા રહેલી હોવાથી સર્વ બીજગ ઊર્ધ્વ ભાગે ઊગીને ઉપર આવે છે. અને તેનાં મૂળ પાતાળમાં જાય છે. વળી, સ્થાવરને વિશે નિરીક્ષણ આકાંક્ષા ન હોય તો અંકુર અવળા-સવળા થઈ જાય છે.

**ક્ષુધા-પિપાસા આકાંક્ષા (પાંચ ભાગ)**

તેનાથી સ્થાવર જાતિ જળ તેમજ પૃથ્વીનું શોષણ કરે છે ત્યારે વૃક્ષ વૃદ્ધિ પામે છે.

**ઉચ્ચાર આકાંક્ષા (એક ભાગ)**

તેનાથી સ્થાવરને વિશે મુખ-રસના વિના ઉચ્ચાર આકાંક્ષા રુંધન પામી ત્યારે તેનાં અનેક મૂળ પ્રગટ થાય છે તે ઉચ્ચાર આકાંક્ષાના પ્રતાપે થાય છે. સૂક્ષ્મ ભાગે ઉચ્ચાર આકાંક્ષા રહી છે, તેથી સ્થાવરને રસના અને મુખ નથી.

**શીત-ઉષ્ણ આકાંક્ષા (પાંચ ભાગ)**

જ્યારે હીમ પડે છે ત્યારે કોઈ વખત વૃક્ષ બળી જાય છે. તે સમયે સ્થાવરને વિશે ઉષ્ણપણાની આકાંક્ષા ઊપજે છે પણ જ્યારે ઉષ્ણપણું મળતું નથી ત્યારે વૃક્ષ બળી જાય છે. જ્યારે સૂર્ય અતિશય તપે છે ત્યારે વૃક્ષનાં પાંદડા કરમાઈ જાય છે. તે સમયે સ્થાવરને શીતની આકાંક્ષા થાય છે.

**ગ્રાહાજ આકાંક્ષા (પાંચ ભાગ)**

તેનાથી સ્થાવરજાતિ પોતાના મૂળ વડે પૃથ્વીને પકડીને રહે છે.

**વિષય આકાંક્ષા (એક ભાગ)**

તેણે કરીને સ્થાવરને બાર માસમાં ફળ-ફૂલ આવે છે.

**મળવિસર્જન આકાંક્ષા (પાંચ ભાગ)**

તેનાથી સ્થાવરને વર્ષે-દિવસે પાંદડા ખરી પડે છે.

**ગવન આકાંક્ષા (એક ભાગ)**

તે સ્થાવર જાતિ ચરણ (પગ) વિના રુંધન પામી ત્યારે વૃક્ષને અનેક શાખાઓ થઈ તે ગવન આકાંક્ષાના પ્રતાપે તે શાખાઓ સ્ફુરણ પામી છે.

**અહંકારગણની પંચમાત્રા (ચાર ચાર ભાગ)**

**શબ્દમાત્રા (ચાર ભાગ)**

સ્થાવરના કાષ્ટને વિશે શબ્દ રહ્યો છે. કારણ કે ઢોલ, મૃદંગ, ડફ અને ખંજરીની આદ્ય લઈને કાષ્ટનાં વાજિંત્રો વાગે છે તે શબ્દમાત્રાથી નાદ થાય છે.

**સ્પર્શમાત્રા (ચાર ભાગ)**

તેનાથી સ્થાવરને વિશે ત્વચા ભાગ સર્વ શરીરને વિશે રહ્યો છે.

**રૂપમાત્રા (ચાર ભાગ)**

તેનાથી સ્થાવર જાતિનાં મૂળ પૃથ્વીને વિશે પૃથ્વીના વિકાસને જોઈ જોઈને પ્રવેશ કરે છે. નહિંતર તો મૂળને વિશે કોમળતા ઘણી છે. તે મૂળ દેખ્યા વિના જયાં ત્યાં ચાલે અને કંઈક કઠણતામાં લાગી જાય તો મૂળ છૂંદાઈને મરી જાય, પરંતુ રૂપમાત્રાથી પૃથ્વીના વિકાસને શોધીને મૂળ પ્રવેશ કરે છે.

**રસમાત્રા (ચાર ભાગ)**

તેનાથી સ્થાવરને વિશે દરેક કૂંપળને વિશે અમી રહે છે અને સ્થાવરના મૂળના અગ્રભાગે કોમળપણું રહ્યું છે, તે રસ માત્રાની અમીએ કરીને કુમલતાપણું રહ્યું છે. જેથી પૃથ્વીના રસનો સ્વાદ લઈ જાણે છે.

**ગંધમાત્રા (ચાર ભાગ)**

તેનાથી સ્થાવરને વિશે જયાં રજોગુણની સુગંધ આકાંક્ષા રહી છે. જે સારી પાતળી ભૂમિકાની પરીક્ષા કરે છે, તે રજોગુણની સુગંધ આકાંક્ષામાં ગંધમાત્રા રહી છે, તે ગંધમાત્રાથી સુગંધ આકાંક્ષા થાય છે.

**સ્થાવરના રસને વિશે વિશેષ માત્રા રહી તેની સમજ**

| | |
|---|---|
| રૂપમાત્રા | સ્થાવરને લાલ રંગનું ફૂલ આવે છે. |
| રસમાત્રા | તેને સફેદ રંગનું ફૂલ આવે છે. |
| ગંધમાત્રા | પીળા રંગનું ફૂલ આવે છે. |
| સ્પર્શમાત્રા | તેને હરિયા (લીલા) રંગનું ફૂલ આવે છે. |
| શબ્દમાત્રા | તેને શ્યામ રંગનું ફૂલ આવે છે. |
| રૂપ+રસમાત્રા | તેને પંચરંગી ફૂલ આવે છે. |
| ગંધ+રૂપમાત્રા | તેને કણેરા રંગનું ફૂલ આવે છે. |
| સ્પર્શ+શબ્દ | તેને ધુંધળા રંગનું ફૂલ આવે છે. |

પાંચેય માત્રા વ્યાપક તેને તે સ્થાવરના પત્રનાં રંગ જેવાં ફૂલ આવે છે.

| | |
|---|---|
| શબ્દ + રસ | તેને ભોમલાં રંગનું ફૂલ આવે છે. |

એ પ્રકારે માત્રાના સંજોગે ઉલટસુલટ બહુ પ્રકારના પુષ્પ થાય છે.

**સ્થાવરની ત્વચાને વિશે વિશેષ માત્રા રહી તેની સમજ**

| | |
|---|---|
| ગંધમાત્રા | તેનાં ફળ પીળા રંગનાં થાય. |
| રસમાત્રા | તેનાં ફળ શ્વેત રંગનાં થાય. |
| રૂપમાત્રા | તેનાં ફળ લાલ રંગનાં થાય. |
| સ્પર્શમાત્રા | તેનાં ફળ લીલા રંગનાં થાય. |
| શબ્દમાત્રા | તેનાં ફળ શ્યામ રંગનાં થાય. |
| ગંધમાત્રા + પૃથ્વીતત્ત્વ | તેનાં ફળ ઉપરથી અને અંદરથી ગ્રભરસ સહિત પીળા રંગનાં થાય. |
| રસમાત્રા + જળતત્ત્વ | તેનાં ફળ ઉપરથી અને અંદરથી ગ્રભરસ સહિત શ્વેત રંગનાં થાય. |
| રૂપમાત્રા + અગ્નિતત્ત્વ | તેનાં ફળ ઉપરથી અને અંદરથી ગ્રભરસ સહિત લાલ રંગનાં થાય. |
| સ્પર્શમાત્રા + વાયુતત્ત્વ | તેનાં ફળ ઉપરથી અને અંદરથી લીલા રંગનાં થાય. |
| શબ્દમાત્રા+ આકાશતત્ત્વ | તેનાં ફળ ઉપરથી અને અંદરથી ગ્રભરસ સહિત શ્યામ રંગનાં થાય. |

## સતોગુણ અને સ્વકાશગણના - ૧૦૦ ભાગ




સ્વકાશઘણનાં પંચ સંભસક્ણ અને પંચ વિવસ્તા એ દસમાંથી નવ નવ ભાગ લઈને તેમાં સતોગુણનાં પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા એ દસમાંથી એક એક ભાગ મૂકીને એ દસ દસ મળી કુલ ૧૦૦ ભાગ સ્થાવરજાતિના બીજગને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

### કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૧૧)

જે સ્થાવરના ઋતુભાગને વિશે સ્વકાશઘણનાં પંચ સભસક્ણ અને પંચ વિવસ્તાના વિભાગ વિશેષ રહ્યા છે તે સ્થાવરનાં ફળ શ્રીફળની આદ્ય લઈને સંપટવત્ પડદા સહિત આવે છે અને જે સ્થાવરના જે ઋતુભાગને વિશે સતોગુણની પંચ અવસ્થા અને પંચ અંતઃકરણના વિભાગ વિશેષ રહ્યા છે તેનાં ફળ પ્રગટ નિરાળાં પડદા રહિત આવે છે.

### સતોગુણના પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થા સ્થાવરને વિષે (એક-એક ભાગ)

#### ૧. જાગ્રત અવસ્થા અને મન અંતઃકરણ (એક ભાગ)

સ્થાવરને વિશે જાગ્રત અવસ્થાને લીધે વૃક્ષ પ્રફુલ્લિત રહે છે. તેને વિશે મન અંતઃકરણનો અંશ રહ્યો છે. તેથી જ્યારે રાત્રિ પડે છે ત્યારે વૃક્ષ નિદ્રાવશ થાય છે. આગળ જાગ્રત અવસ્થા હતી ત્યારે નિદ્રા અવસ્થા થાય. કારણ કે કોઈ કોઈ વૃક્ષનાં પત્ર રાત્રિને વિશે મળી જાય છે તેની આદ્ય લઈને સર્વ સ્થાવર નિંદ્રાવશ જાણવાં.

#### ૨. સ્વપ્ન અવસ્થા અને બુદ્ધિ અંતઃકરણ (એક ભાગ)

જ્યારે મન અંતઃકરણનો અંશ લીન પામી જાય ત્યારે સ્થાવરને વિશે સ્વપ્ન અવસ્થા થાય ત્યારે રાત્રિને વિશે સર્વ વૃક્ષ જાતિ પૃથ્વીમાંથી જળનું શોષણ કરે છે. તે સ્વપ્ન અવસ્થાને વિશે બુદ્ધિ અંતઃકરણનો વિભાગ રહ્યો છે.

### ૩. સુષુપ્તિ અવસ્થા અને અહંકાર અંતઃકરણ (એક ભાગ)

જ્યારે પૃથ્વીમાંથી જળ શોષતું વૃક્ષ રહી જાય છે ત્યારે વૃક્ષની સુષુપ્તિ અવસ્થા જાણવી – વૃક્ષને અવનિ (પૃથ્વી)નું જળ શોષવાની ક્રિયા હતી તે અહંકાર – અંતઃકરણનો વિભાગ સમદમ કરી નાંખે છે. તે વૃક્ષ સમદમ થયું, તે કેમ જાણી શકાય ? જેમ કે વૃક્ષને સુષુપ્તિ અવસ્થા થાય ત્યારે વૃક્ષ તેટલો વખત વૃદ્ધિ પામતું રહી જાય છે. એટલે કે તેટલો સમય વૃક્ષ વધે નહીં. આ બાબત વૃક્ષની કૂંપળોએ એંધાણી રાખીને ઘડી માપીને જોવાથી જણાય છે કે વૃક્ષ એક તલભાર પણ વૃદ્ધિ પામતું નથી. અને વૃદ્ધિ પામે તો બીજી અવસ્થા જાણવી.

### ૪. તુરિયા અવસ્થા અને ચિત્ત અંતઃકરણ (એક ભાગ)

જ્યારે સુષુપ્તિ અને અહંકાર અંતઃકરણ લીન પામે છે ત્યારે સ્થાવરને વિશે તુરિયા અવસ્થા થાય છે. જ્યારે વૃક્ષને શરીરનું ભાન વિસર્જન થઈ જાય ત્યારે કોઈ વૃક્ષ નિદ્રાને વિશે તૂટીને ખરી પડે છે તે તુરિયા અવસ્થાથી વૃક્ષના શરીરને ભાન રહેતું નથી. ત્યારે વૃક્ષ ખરી પડે છે. ચિત્ત અંતઃકરણનો વિભાગ તેને વિશે રહ્યો છે તે ચિત્તનું શરીર અતિશય સૂક્ષ્મ અને નિર્મળ છે, તેને લીધે વૃક્ષને પકડી રાખતું નથી.

### ૫. ઉન્મુની અવસ્થા અને નચિંત અંતઃકરણ (એક ભાગ)

જ્યારે વૃક્ષની તુરિયા અવસ્થા અસ્ત પામતાં અને જાગ્રત અવસ્થાનો ઉદય થતાં એ બંને અવસ્થાની સંધિમાં ઉન્મુની અવસ્થાને નચિંત અંતઃકરણ જાણવું. તુરિયા અવસ્થાનું વિસર્જનપણું ગયું છે. અને સમગ્ર વૃક્ષ પ્રકાશવાન થયું છે પણ તે વખતે જાગ્રતપણાની ઉપાધિ નથી તે માટે ઉન્મુની અવસ્થા અને નચિંત અંતઃકરણ જાણવું.

આ પ્રકારે સ્થાવરને વિશે પંચ અવસ્થાનો અને પંચ અંતઃકરણનો એક એક ભાગ રહ્યો છે. મનુષ્યને વિશે નવ-નવ ભાગ રહ્યા છે તો પણ ત્રણ અવસ્થાની ગતિ મનુષ્ય જાણી શકતો નથી. તો સ્થાવરને વિશે એક-એક ભાગ રહ્યા હોવાથી સ્થાવરને વિશે ઘણી સૂક્ષ્મતાએ અવસ્થા અને અંતઃકરણ વર્તે છે. તે કહ્યાં !

એ પ્રકારે સ્થાવરને વિષે સત્તોગુણના પંચ અંતઃકરણ ને પંચ અવસ્થા રહી છે.

### સ્વકાશઘણના પંચ સંભસક્રણ અને પાંચ વિવસ્તા સ્થાવરને વિષે (નવ-નવ ભાગ)

### ૧. શાંત સંભસક્રણ અને સ્થિતિ વિવસ્તા (નવ નવ ભાગ)

શાંત સંભસકરણથી વૃક્ષ સદાકાળ શાંતિવત્ રહે છે. સ્થિતિ વિવસ્તાએ કરીને વૃક્ષ સ્થિતિવાન રહે છે.

### ૨. સહેજ સંભસક્રણ અને ઉદાર વિવસ્તા (નવ નવ ભાગ)

સહેજ સંભસક્રણથી વૃક્ષ સહેજે ઉપજે અને સહેજ સ્વભાવે સદાકાળ રહે છે. ઉદાર વિવસ્તાને લીધે એકાએકી વૃક્ષ સદાકાળ ઉદારવત્ રહે છે, પરંતુ કોઈ કોઈનો સંગ કરતું નથી.

### ૩. શીલ સંભસક્રણ અને ગલિત વિવસ્તા (નવ નવ ભાગ)

શીલ સંભસક્રણને લીધે વૃક્ષ સદાકાળ શીલવંત સરખું જ રહે છે. અને કોઈ કાપે, કૂટે તો પણ શીલનું શીલ જણાય છે. વળી, ગલિત વિવસ્તા તેને વિશે રહી છે તેથી વૃક્ષ સદાકાળ ગલિતપણે જ રહે છે. જો કે વૃક્ષ પોતે દુઃખ સહન કરે પણ વૃક્ષ કોઈને દુઃખ આપતું નથી.

### ૪. સંતોષ સંભસક્રણ અને કુંભ વિવસ્તા (નવ નવ ભાગ)

સંતોષ સંભસક્રણના લીધે વૃક્ષ એક જ સ્થળે સદાકાળ સંતોષવત્ જ રહે છે અને કુંભ વિવસ્તાને લઈને સ્થળ છોડીને વૃક્ષ કોઈ જગ્યાએ ડોલાયમાન થતું નથી.

### ૫. સમતા સંભસક્રણ અને સામાન્ય વિવસ્તા (નવ નવ ભાગ)

સમતા સંભસક્રણને લીધે સ્થાવર સદાકાળ સમદમ સરખું જ રહે છે અને સામાન્ય વિવસ્તાને લીધે વૃક્ષ સદાકાળ સામાન્ય જ રહે છે. વૃક્ષને કોઈની સાથે રાગ-દ્વેષ હોતો નથી.

એ પ્રકારે સ્થાવરને વિષે સ્વકાશગણની સંભસકરણને વિવસ્તા સ્થાવરને વિષે રહી છે.

### તમોગુણના દસ કાળ અને અચંતઘણની દસ ભાવનાના - ૧૦૦ ભાગ (સ્થાવરને વિશે)




અચંતઘણની દસ ભાવનામાંથી નવ નવ ભાગ લઈને તેમાં તમોગુણના દશકાળમાંથી એક એક ભાગ મૂકીને એ દસ દસ ભાગ મળી કુલ ૧૦૦ ભાગ સ્થાવરજાતિ બીજગને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

### કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૧૧)

જે ઋતુભાગને વિશે તમોગુણના દશકાળના વિભાગ વિશેષ રહ્યા છે તેનાં ફળ પશુ-પક્ષી

ભક્ષણ કરી શકે, પરંતુ મનુષ્યો ભક્ષણ કરી શકે નહીં અને જે ઋતુભાગને વિશે અચંતઘણની દસ ભાવનાના વિભાગ વિશેષ રહ્યા છે તેનાં ફળ મનુષ્યની આદ્ય લઈને પશુ-પક્ષી કોઈ ભક્ષણ કરે નહીં.

**તમોગુણના દશકાળનો સ્થાવરને વિષે (એક-એક ભાગ)**

**૧. સ્વભાવકાળ (એક ભાગ)**

તેથી વૃક્ષ પોતાની મેળે ઉદય અસ્ત પામે અને કોઈ કોઈની સાથે એકતા રાખતું નથી. વળી કોઈ પણ વૃક્ષની આકૃતિ-છબી એક સરખી નથી, પરંતુ ન્યારી-ન્યારી દરેકની છબી હોય છે.

**૨. કામનાકાળ (એક ભાગ)**

જ્યારે સ્થાવરને ફૂલ લાગે છે ત્યારે તેને વિશે કામનાકાળનો વિભાગ વર્તે છે.

**૩. આક્રંતકાળ (એક ભાગ)**

સ્થાવર સદાકાળ અક્કડ રહે છે. કોઈ કાપે કૂટે તો પણ અક્કડનું અક્કડ જ રહે છે.

**૪. આશ્ચર્યકાળ (એક ભાગ)**

તેથી સ્થાવરને નિદ્રા અને જાગ્રત અવસ્થા થાય છે. તે નેત્ર સિવાય રાત્રિ- દિન જાણે છે. વળી દિવસ હતો અને રાત્રિ ક્યાંથી ! એ પ્રમાણે આશ્ચર્ય પામીને નિદ્રાવશ થાય છે અને રાત્રિ હતીને સૂર્યનો ઉદય થયો ત્યારે કહે કે આ પ્રકાશ કેવો ! એમ આશ્ચર્ય પામીને જાગ્રતપણું થાય છે. એ બે અવસ્થાને વિષે સ્થાવરમાં આશ્ચર્યકાળનો અંશ રહ્યો છે.

**૫. પૃથકકાળ (એક ભાગ)**

સ્થાવરજાતિને પત્ર, ફૂલ, ફળ અને શાખા ન્યારા-ન્યારા અલંકાર છે. તેમાં પૃથકકાળનો અંશ વર્તે છે. કોઈ શાખા કે પત્ર, ફળ, ફૂલ આગળથી પાકીને ખરી પડે છે તે સ્થાવરને વિશે પૃથકકાળ જાણવો.

**૬. વિપરીતકાળ (એક ભાગ)**

તેનાથી સ્થાવરને કોઈ રોગ લાગુ પડે છે કે ગણ ખાય છે. ત્યારે વૃક્ષ સુકાઈ જાય છે.

**૭. અજ્ઞાનકાળ (એક ભાગ)**

સ્થાવર પોતાની આદ્ય લઈને અન્ય કોઈને જાણતું નથી.

**૮. રાગસકાળ (એક ભાગ)**

સ્થાવરને વિશે રાગસકાળ અને ક્ષુધા-પિપાસા આકાંક્ષા રહી છે. તેને વિશે રાગસકાળનો

અંશ વર્તે છે. કારણ કે વૃક્ષને પૃથ્વીનો રસ શોષવાની પ્રીતિ રહી છે તેને વિશે રાગસકાળ રહ્યો છે.

### ૯. દ્વેષકાળ (એક ભાગ)

તેથી સ્થાવરને શીત-ઉષ્ણ લાગે છે. જ્યારે અતિશય શીત વ્યાપે છે ત્યારે તેને વિશે શીત ઉપર દ્વેષ થાય છે અને જ્યારે અતિશય ઉષ્ણતાપણું થાય ત્યારે તેને ઉષ્ણતાપણા ઉપર દ્વેષ થાય છે.

તે કેવી રીતે જણાય ? જ્યારે સ્થાવરને ઉષ્ણતા સ્પર્શે છે ત્યારે દ્વેષકાળે કરીને ચીમળાઈ જાય છે અને જ્યારે સ્થાવરને શીત સ્પર્શે છે ત્યારે દ્વેષકાળે કરીને દગ્ધ થાય છે.

### ૧૦. વૃદ્ધિ અંતકાળ (એક ભાગ)

તેથી સ્થાવર જાતિ પોતાની હદ પ્રમાણે વૃદ્ધિ પામીને પછીથી વધતું નથી. અને ઘણા દિવસ ફલી-ફૂલીને નાશ પામે છે. પણ પોતાના માપથી અતિશય વૃદ્ધિ પામીને આકાશે જતું રહેતું નથી. એ પ્રકારે સ્થાવરને વિષે તમોગુણના દશ કાળ સ્થાવરને વિષે રહ્યા છે.

**અચંતઘણની દસ ભાવનાના (નવ-નવ ભાગ) સ્થાવરને વિષે**

### ૧. અહમ્ ભાવના (નવ ભાગ)

તેથી વૃક્ષ અતિશય અહંપણે જ રહે છે. કારણ કે, સતોગુણના પંચ અંતઃકરણનો એક એક ભાગ રહ્યો છે અને સ્વકાશઘણના પંચ સંભસક્રણના નવ-નવ ભાગ રહેલા છે તે માટે સ્થાવરને વિશે અતિશય અહમ્ ભાવના એ પ્રકારે રહી છે.

### ૨. સંભ ભાવના (નવ ભાગ)

તેથી સ્થાવર સદાકાળ સ્તંભાકાર જ રહે છે. અને હાલતું ચાલતું નથી.

### ૩. વિસર્જન ભાવના (નવ ભાગ)

તેથી સ્થાવરને ફૂલ, ફળ, પ્રસવ થઈને ખરી પડે છે. તેની પોતાને જંગમ જાતિના જેવી સ્મૃતિ રહેતી નથી. કારણ કે જંગમ જાતિને તો ફરજંદ (સંતતિ) પ્રસવ થાય છે. તેની સર્વેને સ્મૃતિ રહે છે. તે સ્મૃતિને લીધે જંગમજાતિ પોતાના ફરજંદ ઉપર હેત રાખે છે. તેવી રીતે વૃક્ષનું ફરજંદ બીજગ જાણવું. તે બીજગ ખરી પડ્યા પછી વૃક્ષને સ્મૃતિ રહેતી નથી. આ રીતે અતિશય વિસર્જન પણું રહેલું છે.

### ૪. નિદ્રા ભાવના (નવ ભાગ)

તેથી સ્થાવરને આઠેય પહોર અચેત સરખું જ રહે છે.

### ૫. અંધતમ ભાવના (નવ ભાગ)

સ્થાવર સદાકાળ અંધાધૂંધ સરખું જ રહે છે. કારણ કે નેત્ર સિવાય તે શાના વડે જોઈ શકે ? તેથી તે અંધાધૂંધ સરખું જ રહે છે.

### ૬. અચેત ભાવના (નવ ભાગ)

તેથી સ્થાવર ફળો અને ફૂલને પલ્લવે છે ત્યારે ચેતન દેખાય છે.નહીંતર સદાકાળ અચેત સરખું જ રહે છે.

### ૭. ઉચ્ચાટ ભાવના (નવ ભાગ)

તેનાથી સ્થાવર સદાકાળ ઉચ્ચાટ સરખું જ રહે છે. ઉચ્ચાટ ભાવનાથી સમદમ શૂન્યવત્ રહે છે.

### ૮. અભાવ ભાવના (નવ ભાગ)

તેથી સ્થાવર પોતાની મેળે એકાંકી ઉદારવત્ રહે છે. અને કોઈ જાતિ સાથે ભાવ પ્રીતિ રાખતું નથી.

### ૯. મૂન્ય ભાવના (નવ ભાગ)

તેથી સ્થાવર સદાકાળ મૂન્ય જ રહે છે અને કોઈની સાથે બોલતું નથી.

### ૧૦. અસામર્થ ભાવના (નવ ભાગ)

તેથી સ્થાવરને કોઈ કાપે, કૂટે ને પત્ર, ફળ, ફૂલ તોડી લે તો પણ પોતે કોઈને બોલી શકે નહીં. અને નાસી પણ જવાય નહીં. એ પ્રકારે અચંતઘણની દશ ભાવના સ્થાવરને વિષે રહી છે.

**ધનંજે તત્ત્વકારણના 3 ઘણ અને પ્રકૃતિ તત્ત્વકારણના 3 ગુણ - 30 ભાગ**




ધનંજે તત્ત્વકારણના ત્રણ ઘણમાંથી નવ નવ ભાગ લઈને તેમાં પ્રકૃતિ તત્ત્વકારણના ત્રણ ગુણમાંથી એક એક ભાગ મૂકીને એ દસ દસ ભાગ મળી કુલ ૩૦ ભાગ સ્થાવરજાતિના બીજગને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૧૧)**

અચંતઘણ, સ્વકાશઘણ, અહંકારઘણના નવ-નવ ભાગ અને રજોગુણ, તમોગુણ, સતોગુણના એક-એક ભાગ મળી કુલ ૩૦ ભાગ પોખ્યાં છે.

**ફળ, ફૂલ, કંદમૂળ અને કાંટા અને પત્ર-શાખા-પેઢ-સ્વાદ વિગેરે**

**સ્વકાશઘણ + રજોગુણ ત્વચાએ રહ્યો તે :** સ્થાવરને ફળ, ફૂલ બંને આવે પણ તે ત્વચાને વિશે લાગે.

**સ્વકાશઘણ + રજોગુણ અંકુરને વિશે રહ્યો તે :** સ્થાવરના મસ્તક ઉપર ડીંટના અગ્રભાગે ફૂલ-ફળ લાગે છે.

**રજોગુણ ત્વચા યા અંકુરને વિશે રહ્યો :** તે સ્થાવરને ફૂલ વિના ફળ એકલું જ લાગે છે.

**સ્વકાશઘણ ત્વચા યા અંકુરને વિશે :** તેને એકલું જ ફૂલ લાગે પણ ફળ આવે નહીં.

**રજોગુણ + સ્વકાશઘણ મૂળને વિશે :** તે સ્થાવરને ફૂલ અને ફળ બંને લાગે નહીં, પરંતુ તેના મૂળને વિશે કંદમૂળ થાય. તે ફળ, ફૂલ ને કંદમૂળ વિનાનું સ્થાવર રહે.

**રજોગુણ+સ્વકાશઘણ કાષ્ટભાગને વિશે રહ્યો :** તે સ્થાવરને ફળ, ફૂલ અને કંદમૂળ ત્રણેય થાય નહીં.

**તમોગુણ ત્વચાને વિશે રહ્યો :** તે સ્થાવરનાં પત્ર પત્રને સ્થાને કાંટા ઉત્પન્ન થાય.

**અહંકારઘણ** (**અંકુરને વિશે**) **અને તમોગુણ ત્વચાને વિશે રહ્યો** તે સ્થાવરનાં થડની આદ્ય લઈને પત્ર, ફૂલ, ફળ સર્વેને વિશે રોમેરોમ કાંટા ઉત્પન્ન થાય છે.

**અહંકારઘણ અને અહંકાર અંતઃકરણ** (**અંકુરને વિશે**) **:** તે સ્થાવરને શાખા પલ્લવિત થાય નહીં. એક દંડાકાર તે સ્થાવર રહે છે તેને નર્યા પત્ર, ફળ, ફૂલ થાય પણ શાખા નીકળે નહીં.

**રજોગુણ-ગંધ માત્રા અને પૃથ્વીતત્ત્વ વ્યાપક હોય :** તે સ્થાવરનાં સર્વે ફૂલ, ફળ, શાખા પેઢ વગેરે મિષ્ટ હોય છે.

**અચંતઘણ + શબ્દમાત્રા અને આકાશતત્ત્વ વ્યાપક રહ્યાં છે :** તે સ્થાવરનાં સ્વાદ નખશિખ સુધી પત્ર,ફળ, શાખા અને પેઢ વિગેરે ફિક્કાં હોય.

**તમોગુણ + રૂપમાત્રા અને અગ્નિતત્ત્વ વ્યાપક રહ્યો છે :** તે સ્થાવર નખશિખ સુધી ફળ, ફૂલ સહિત તિક્ષ્ણ હોય.

**સતોગુણ + રસમાત્રા અને જળતત્ત્વ વ્યાપક રહ્યા છે :** તે સ્થાવર નખશિખ સુધી ફૂલ, ફળ સહિત મધુર સ્વાદનાં હોય છે.

**સ્વકાશઘણ + સ્પર્શ માત્રા અને વાયુતત્ત્વ વ્યાપક રહ્યાં છે :** તે સ્થાવર નખશિખ સુધી ફૂલ, ફળ સમેત ચરપરા સ્વાદનાં હોય છે.

**તમોગુણ એકલો વ્યાપક રહ્યો છે :** તે સ્થાવર નખશિખ સુધી ખટરસ સ્વાદનાં હોય.

**અહંકારઘણ એકલો વ્યાપક રહ્યો છે :** તે સ્થાવર નખશિખ સુધી ફૂલ, ફળ સમેત કડવા સ્વાદનાં હોય છે.

**રજોગુણની મળ વિસર્જન આકાંક્ષા, તમોગુણનો દ્વેષકાળ, વૃદ્ધિઅંતકાળ, અચંતઘણની નિદ્રા ભાવના અને વિસર્જન ભાવના એ પાંચ વિભાગ**

**આ પાંચે રસભાગ અને ઋતુભાગ ની વચ્ચે રહ્યો છે :** તેનાં ફળ પાકીને આપોઆપ આપમેળે ખરી પડે છે.

**આ પાંચેય એકલા રસ ભાગે રહ્યો છે :** તે સ્થાવરનાં પત્ર પાકીને ખરી પડે પણ તેઓના ફળ પાકે તો પણ ખરી પડે નહીં.

**આ પાંચેય વ્યાપક રહ્યાં છે :** તે સ્થાવરનાં પત્ર અને ફળ બંને પાકે તો પણ ખરી પડે નહીં. કોઈ કાપી લે કે તોડી લે તો જ લઈ શકાય.

સ્થાવરના અંકુર ભાગને વિશે અહંકાર અંતઃકરણ અને અહંકારઘણ ભાગ વિશેષ રહ્યા હોય તે સ્થાવરને સાખા પત્ર-ફૂલ-ફળ થતા નથી. એક દંડાકાર થઈને રહે છે. એ પ્રકારે અવ્યક્તથી ઉત્પન્ન થયેલાં તત્ત્વનો સ્થાવરતનુમાં ઉલટાસુલટી રહ્યા છે - તેને કારણે સ્થાવરને વિષે અનંત પ્રકારની વિભક્તિ ન્યારી ન્યારી જણાય છે.

જે સ્થાવરના ઋતુભાગને વિશે તમોગુણ વિશેષ રહ્યો છે તેના ફળનો સ્વાદ ખાટો હોય છે.

જે સ્થાવરના ઋતુભાગને વિશે રજોગુણ વિશેષ રહ્યો છે તેના ફળનો સ્વાદ અતિશય મિષ્ટ હોય છે.

જે સ્થાવરના ઋતુભાગને વિશે સતોગુણ વિશેષ રહ્યો છે તેના ફળનો સ્વાદ કહી શકાય નહીં. જે ખાય તે જાણી શકે.

જે સ્થાવરનો ઋતુભાગને વિશે અહંકારઘણ વિશેષ રહ્યો છે તેના ફળનો સ્વાદ કડવો હોય.

જે સ્થાવરનો ઋતુભાગને વિશે સ્વકાશઘણ વિશેષ રહ્યો છે તેના ફળનો સ્વાદ મિશ્ર શીતળતાસભર હોય.

જે સ્થાવરના ઋતુભાગને વિશે અચંતઘણ વિશેષ રહ્યો છે તેના ફળનો સ્વાદ ડાંસો ચરપરો હોય.

**ત્રણ ગુણ અને ત્રણ ઘણ - તત્ત્વોનું મહત્તાપણું (૩૦ ભાગ)**

**તમોગુણની મહત્તા** સ્થાવરને વિશે શાખા, પેઢ અને પત્રમાં ટેઢાપણું (વાંકાપણુ) છે.

**રજોગુણની મહત્તા** સ્થાવરનાં પત્ર, ફૂલ, ફળને વિશે ચલકીતપણું રહ્યું છે, તેને લીધે સ્થાવર દિવ્ય શોભાયમાન દેખાય છે.

**સતોગુણની મહત્તા** સ્થાવરનાં વૃદ્ધિ અંકુરભાગને વિશે કોમળપણું રહ્યું છે.

**અહંકારઘણની મહત્તા** સ્થાવર અક્કડપણે નિરાધાર રહે છે.

**સ્વકાશઘણની મહત્તા** સ્થાવરમાં વિકાસપણું ઘણું જ છે, જેથી શાખા ન્યારી-ન્યારી વિખરાય છે

**અચંતઘણની મહત્તા** સ્થાવર સદાકાળ ચિંતવન સિવાય અચંત રહે છે.

## મહા તત્ત્વકારણ, ધનંજે તત્ત્વકારણ, આનંદ તત્ત્વકારણ અને પ્રકૃતિ તત્ત્વકારણ - ૨૦ ભાગ




મહા તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણના નવ નવ ભાગ લઈને તેમાં આનંદ તત્ત્વકારણ અને પ્રકૃતિ તત્ત્વકારણનો એક એક ભાગ મૂકીને એ દસ ભાગ મળીને કુલ ૨૦ ભાગ સ્થાવરજાતિના બીજગને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૧૧)**

પ્રકૃતિ તત્ત્વકારણ (એક એક ભાગ) પ્રકૃતિ તત્ત્વકારણ તે સ્થાવરને વિશે રજોગુણની વિષય આકાંક્ષા રહી છે. તેની આદ્ય લઈને તે સર્વવ્યાપક રહ્યું છે, તેને લીધે સર્વ આકાંક્ષાઓ આકૃતિ પામે છે.

આનંદ તત્ત્વકારણ (એક એક ભાગ) તેને લીધે સ્થાવર સદાકાળ પ્રફુલ્લિત એકાકી આનંદમાં જ રહે છે. અને શોકાતુર પામીને સૂકાઈ જતું નથી.

ધનંજે તત્ત્વકારણ (નવ નવ ભાગ) સ્થાવરનાં બીજ અંકુર નાનાં છે, પણ સ્ફુરણા પામીને અતિશય પુષ્ટિ પમાડે છે.

મહા તત્ત્વકારણ (નવ નવ ભાગ) સ્થાવરમાં મહાનુભાવપણું વિશેષ રહ્યું છે. જેથી સ્થાવર અધોમુખે ઘણાંક કાળ રહે છે. છતાં વૃક્ષને શ્રમ પડતો નથી. વળી, સ્થાવરને વર્ષે દહાડે ઋતુ જાગે છે. તેથી અનંત બીજગની વૃદ્ધિ થાય છે. (ઉત્પત્તિ ઘણી થાય છે.) અને કર્તાની ઈચ્છાવૃત્તિની ત્રીજી પૈકીનું મહા તત્ત્વકારણ થયું છે તે માટે ઈચ્છાપણાનો ભાવ અંદર વિશેષ રહ્યો છે. તેથી બીજગની ઉત્પત્તિ ઘણી થાય છે એ પ્રકારે સ્થાવરને વિશે મહા તત્ત્વકારણ રહ્યું છે.

**ફૂલ ફળના સ્વાદને વિશે તરસૈ સુગંધ કયા સંજોગે તે કહીયે**

પ્રકૃતિ તત્ત્વકારણ (એક એક ભાગ) જે સ્થાવરના ઋતુ ભાગને વિશે પ્રકૃતિ તત્ત્વકારણ વિશેષ રહ્યું છે તે સ્થાવરના ફળને વિશે રસિક તરસૈ રહી છે.

આનંદ તત્ત્વકારણ (એક એક ભાગ) જે સ્થાવરના ઋતુ ભાગને વિશે આનંદ તત્ત્વકારણ વિશેષ રહ્યું છે તે સ્થાવરના ફળમાં સુગંધ તરસૈ રહી છે.

ધનંજે તત્ત્વકારણ (નવ નવ ભાગ) જે સ્થાવરના ઋતુ ભાગને વિશે ધનંજે તત્ત્વકારણ વિશેષ રહ્યું છે તે સ્થાવરના ફળને વિશે અભાવ તરસૈ રહી છે.

મહા તત્ત્વકારણ (નવ નવ ભાગ) જે સ્થાવરના ઋતુ ભાગને વિશે મહા તત્ત્વકારણનો વિભાગ વિશેષ રહ્યો છે તે સ્થાવરના ફળમાં વિભ્રાંત તરસૈ રહી છે.

આ ચાર તત્ત્વકારણની ફળને વિશે ચાર પ્રકારે તરસૈ રહી છે પણ જ્યાં જેવું ફળ ત્યાં તરસૈ પણ અનંત પ્રકારે થઈને રહી છે, પરંતુ મૂળ તરસૈ તે ચાર પ્રકારની રહી છે.

### **૧. નિરંજન - અવ્યાક્તના - ૧૦ ભાગ**




પંચભાગ નિરંજન અને પંચભાગ અવ્યાક્તના લઈને એ દસ ભાગ સ્થાવર જાતિ બીજગને ત્રણ પ્રકારે પોખ્યાં(મૂળ સ્કંધ-૧૦).

### **કયા કયા તત્ત્વોના વિભાગની કઈ કઈ ચેષ્ટા થાય છે તેની સમજ (મૂળ સ્કંધ-૧૧)**

જે સ્થાવરને વિશે અવ્યાક્ત અને નિરંજનના એકસરખા ભાગ રહ્યા છે, તેને લીધે સ્થાવરને નર-માદાના સંયમ વિના એકાએક ઋતુ જાગે છે અને ફૂલ ફળ ઉત્પન્ન થાય છે. જ્યારે વૃક્ષને વિશે નિરંજન તથા અવ્યાક્તના અંશનો સંયમ થાય છે ત્યારે વૃક્ષને ઋતુ જાગે છે અને ફૂલ-ફળ આવે છે.

જે સ્થાવરને વિશે નિરંજનના પાંચ ભાગ પોખ્યાં હતા તેમાંથી ચાર ભાગ નિરંજનના તો સ્થાવરમાં મળી જઈને સ્થાવરને વિશે કઠણપણું કાષ્ટ ભાગ કરી નાખ્યું અને એક ભાગ સ્થાવરને વિશે પિંગલા નાડી થઈને પિંગલા નાડીમાં રહ્યો છે, જેથી વનસ્પતિનાં બીજગ વર્ષાઋતુ કાળે પૃથ્વીમાંથી ઉદય પામીને ઊગી નીકળે છે ત્યારે સર્વને બબ્બે પત્ર હોય છે. કારણ કે, વૃક્ષનું મૂળ અધોમુખે છે. તે અધોમુખે પિંગલા નાડીથી પૃથ્વીનો રસ શોષે છે. તેનું તો સ્થાવરને બહાર દાહીને (જમણી) અંગે પત્ર ઉત્પન્ન થયું. આમ, નિરંજનના પાંચ ભાગ તો સ્થાવરના પેઢને વિશે

અધોમુખે રહ્યા છે. તેનો તો સ્થાવરને વિશે પુરુષાતન ભાગ થઈ રહ્યો છે, તેને લીધે સ્થાવરનું પેઢ (થડ) ભાગ દંડાકાર રહે છે.

જે સ્થાવરને વિશે અવ્યાક્તના પાંચ ભાગ પોખ્યાં હતા તેમાંથી ચાર ભાગ સ્થાવરને વિશે મળી જઈને પત્ર, ફૂલ, ગર્ભ અને ત્વચા ભાગ સ્થાવરને વિશે કરી નાખ્યો. અને એક ભાગ તેની તો સ્થાવરને વિશે ઈંગલા નાડી થઈને ઈંગલા નાડીમાં રહ્યો છે. તેનું તો સ્થાવરને બહાર વાવે (ડાબા) અંગે પત્ર ઉત્પન્ન થયું છે. તે ઈંગલાનાડીથી પૃથ્વીનો રસ શોષે છે. આમ, અવ્યાક્ત તો સ્થાવરના ઊર્ધ્વભાગને વિશે રહ્યા છે. તેનું તો સ્થાવરને વિશે ઊર્ધ્વભાગે સ્ત્રીલિંગ થઈ રહ્યું છે, તેને લીધે વૃક્ષને ઊર્ધ્વભાગે શાખા ઉત્પન્ન થાય છે. કારણ કે સ્ત્રી દ્વૈત વિલાસણી છે તેથી અનંત શાખાને વૃક્ષને ઉત્પન્ન કરે છે.

સ્થાવરમાં ઈંગલા નાડી અને પિંગલા નાડીઓના સંયોગ થયે કરીને સ્થાવરને વિશે સુષમણા નાડી થઈને સુષમણાને વિશે રહી છે, તે પૃથ્વીના રસને સોસે છે.

એ પ્રકારે સ્થાવરને વિશે નિરંજન અને અવ્યાક્તના ભાગ રહ્યા છે.

જેથી સ્થાવરને બહાર બંને પત્રની વચ્ચે વૃદ્ધિ અંકુરના ડીટ ભાગે કુંપળ ઉત્પન્ન થઈ. આ બંને નાડીના સંયોગથી સુષમણા નાડીથી સ્થાવર પૃથ્વીનો રસ શોષે છે.

## ૨. નિરંજન - અવ્યાક્ત - ૫ ભાગ




સ્થાવરને વિશે પાંચ અર્ધા ભાગ નિરંજનના અને પાંચ અર્ધા ભાગ અવ્યાક્તના પોખ્યાં હતા (મૂળ સ્કંધ-૧૧).

જે સ્થાવરને વિશે અવ્યાક્ત અને નિરંજનના મળી કુલ દસ અડધા ભાગ રહ્યા છે તેની તો સ્થાવરને વિશે વેલીજાતિ થઈ છે, તેને લીધે વેલી જાતિમાં વૃક્ષના જેટલી સ્ફુરણા થતી નથી અને આધાર વિના નિરાધાર ચાલતું નથી (મૂળ સ્કંધ-૧૧). (આધારની જરૂર પડે છે)

એ પ્રકારે નિરંજન અને અવ્યાક્તનાં દશ અડધા અડધા ભાગ સ્થાવરને વિશે રહ્યા છે.

## ૩. નિરંજન - અવ્યાક્ત - ૨½ ભાગ




નિરંજનના પાંચ પા પા (સવા) ભાગ અને અવ્યાક્તના પાંચ પા પા (સવા) ભાગ પોખ્યાં હતા (મૂળ સ્કંધ-૧૧).

જે સ્થાવરને વિશે અવ્યાક્ત અને નિરંજનના મળી કુલ દસ પા (અઢી) ભાગ રહ્યા છે તેની તો સ્થાવરને વિશે તૃણજાતિ, પનડી જાતી અને અલ્પ આયુષ્યવંતી વેલીજાતિ થઈ છે. અલ્પભાગને લિધે અલ્પ આયુષ્યમાં ફાલી ફૂલીને વિલસાઈ જાય છે (મૂળ સ્કંધ-૧૧).

એ પ્રકારે નિરંજન અને અવ્યાક્તના દશ પા પા ભાગ સ્થાવરને વિષે રહ્યાં છે.

## અવિકાસ, વિકાસ અને કુંભસ્થ મહાતત્ત્વ




આઠ ભાગ અવિકાસ મહાતત્ત્વના લઈને તેમાં એક ભાગ વિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો એ બે ભાગ પેલા આઠ ભાગમાં મૂકીને એ દસ ભાગ સ્થાવરમાં વૃક્ષજાતિને વિશે પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

વિકાસ-સ્થાવરને વિશે મૂકતો પ્રાણાયાય – તેને વિશે કાળ ચક્ષસત્ત્વ રહ્યું છે.

અવિકાસ-સ્થાવરને વિશે લેતો પ્રાણાયામ – તેને વિશે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ રહ્યું છે.

કુંભસ્થ-બંને શ્વાસની સંધિ મધ્યે પ્રાણાયામ સ્થંભન પામે – તેને વિશે અનંગ ચક્ષસત્ત્વ રહ્યું છે.

આ દસ ભાગ સ્થાવરમાં વૃક્ષજાતિને વિશે પોખ્યાં અને જે વેલી ઘણા વર્ષ સુધી રહે છે તે વેલીને વિશે પોખ્યાં (મૂળ સ્કંધ-૧૧).

## અવિકાસ (આઠ ભાગ)

અવિકાસ મહાતત્ત્વના આઠ ભાગનો તો સ્થાવરમાં અધોમુખે મૂળને વિશે ૐકાર પ્રાણાયામ થઈ રહ્યો છે. સ્થાવરના મૂળમાં ૐકાર પ્રાણાયામ ખેંચાય છે તેને સંગે કરીને પૃથ્વીમાંથી જળ ખેંચાઈને વૃક્ષને સિંચાય છે. ૐકાર પ્રાણાયામની પ્રગટકીયા જ્યારે સ્થાવરને વિશે ૐકાર પ્રાણાયામ ખેંચાય છે તેટલા દિવસ સુધી વૃક્ષ રસપલ્લવ થઈ કુંપળ કાઢીને વૃદ્ધિ પામતું જાય છે. એ પ્રકારે અવિકાશ મહાતત્ત્વનો ૐકાર પ્રાણાયામ થઈને રહ્યો છે.

## વિકાસ (એક ભાગ)

વિકાસ મહાતત્ત્વોનો એક ભાગ તે ૐકાર પ્રાણાયામને મુખ્ય અગ્રભાગે રહ્યો છે. જ્યારે ૐકાર પ્રાણાયામ વૃક્ષને વિશે ખેંચાય છે ત્યારે વિકાસ મહાતત્ત્વનો ભાગ તે વૃક્ષનો આગળ આગળ વિકાસ કરે છે ત્યારે તેની પાછળ વૃક્ષને ૐકાર પ્રાણાયામ પ્રવેશ કરે છે, તેને લીધે વૃક્ષ પોષાય છે.

## કુંભસ્થ (એક ભાગ)

કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ તેનો ૐકાર પ્રાણાયામને વિશે વ્યાપક થઈને રહ્યો છે, તેને લીધે ૐકાર પ્રાણાયામને વિશે શાંતિ તથા ઘાઢપણું રહ્યું છે. તે માટે ૐકાર પ્રાણાયામ વૃક્ષને ધીમે ધીમે ખેંચાય છે. તેને લીધે વૃક્ષનું આરબલ ઘણું જ પહોંચે છે.




આઠ ભાગ વિકાસ મહાતત્ત્વના લઈને તેમાં એક ભાગ અવિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો એ બે ભાગ પેલા આઠ ભાગમાં મૂકીને એ દસ ભાગ સ્થાવરમાં વૃક્ષજાતિને ફરીથી પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

આ દસ ભાગ સ્થાવર તનુમાં વૃક્ષ જાતિને ફરીથી પોખ્યાં અને વળી, જે વેલી ઘણા વર્ષો રહે છે તેને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૧).

## વિકાસ (આઠ ભાગ)

વિકાસ મહાતત્ત્વના આઠ ભાગનો તો સ્થાવરને વિશે અધોભાગે મૂળને વિશે સોહંગ પ્રાણાયામ થઈ રહ્યો છે. તે સોહંગ પ્રાણાયામ પૃથ્વીને વિકાસ કરાવીને સ્થાવરના મૂળને પ્રવેશ કરાવે છે.

સોહંગ પ્રાણાયામની પ્રગટ ક્રિયા જ્યારે સ્થાવરને વિશે થાય ત્યારે સોહંગ પ્રાણાયામ

ચાલે છે. તેટલા દિવસ સુધી વૃક્ષને કુંપળ ફૂટી નીકળે નહીં અને વૃદ્ધિ પામતું પણ રહી જાય. વળી ત્યાં સુધી વૃક્ષ બાખડ-કરડું થઈને રહે છે.

### અવિકાસ (એક ભાગ)

અવિકાસ મહાતત્ત્વનો એક ભાગ સોહંગ પ્રાણાયામને અગ્રભાગે રહ્યો છે. જ્યારે સોહંગ પ્રાણાયામ વૃક્ષનાં મૂળ પૃથ્વીમાં પ્રવેશ કરે છે ત્યારે અવિકાસ મહાતત્ત્વનો ભાગ સોહંગ પ્રાણાયામના વૃક્ષના મૂળને અગ્રભાગે રહ્યો છે. તે આગળ-આગળ પૃથ્વીના રસને શોષતો જાય છે. તેમ તેમ સોહંગ પ્રાણાયામ મૂળને પ્રેરક કરે છે. એ પ્રકારે પ્રેરક કરી રહ્યા પછી મૂળને થોભાવી માપમાં રાખે છે. તેને કરીને મૂળ સ્થંભન પામે છે.

### કુંભસ્થ (એક ભાગ)

કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ તો સોહંગ પ્રાણાયામને વિશે વ્યાપક રહ્યો છે, તેને લીધે સોહંગ પ્રાણાયામ ગાઢપણું પામીને શાંતિથી વહે છે. તે માટે વૃક્ષનું આયુષ્ય ઘણું લાંબુ હોય છે. એ પ્રકારે વિકાસ મહાતત્ત્વનો સ્થાવરને વિષે સોહંગ પ્રાણાયામ થઈને રહ્યો છે.




આઠ ભાગ કુંભસ્થ મહાતત્ત્વના લઈને તેમાં એક ભાગ અવિકાસ મહાતત્ત્વનો અને એક ભાગ વિકાસ મહાતત્ત્વનો એ બે ભાગ પેલા આઠ ભાગમાં મૂકીને એ દસ ભાગ સ્થાવરમાં વૃક્ષજાતિને ફરીથી પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

આ દસ ભાગ સ્થાવર તનુમાં વૃક્ષજાતિને ફરીથી પોખ્યાં અને જે વેલી ઘણાં વર્ષ રહે છે. તેને વિશે પોખ્યાં (મૂળ સ્કંધ-૧૧).

### કુંભસ્થ

કુંભસ્થ મહાતત્ત્વના આઠ ભાગનો સ્થાવરને વિશે કુંભક પ્રાણાયામ થઈ રહ્યો છે. તે કુંભક પ્રાણાયામ ૐકાર પ્રાણાયામને પ્રેરક કરી રહેતાં અને સોહંગ પ્રાણાયામને બહાર મૂકી રહેતાં તેની વચમાં (પ્રેરક અને રેચકની વચ્ચે) થોડીકવાર પ્રાણાયામ સ્થંભન પામે છે તે કુંભક પ્રાણાયામ જાણવો. કુંભક પ્રાણાયામની પ્રગટ ક્રિયા જ્યારે સ્થાવરને વિશે કુંભક પ્રાણાયામ થાય ત્યારે તેટલા દિવસ સુધી વૃક્ષનાં પાંદડા પાકીને ખરી પડે છે.

વળી, સ્થાવરને વિશે જે જાતિમાં જેટલા દિવસે કુંભક પ્રાણાયામ થાય, તે જાતિમાં તેટલા દિવસે ફળ ઉત્પન્ન થાય. જે સ્થાવરને ઘણા દિવસે કુંભક પ્રાણાયામ થાય તે સ્થાવરને ઘણા દિવસે ફળ-ફૂલ ઉત્પન્ન થાય. અને જે સ્થાવર થોડાક દિવસે કુંભક પ્રાણાયામ થાય તે સ્થાવરને થોડાક દિવસે ફળ-ફૂલ ઉત્પન્ન થાય.

**અવિકાસ**

અવિકાસ મહાતત્ત્વનો એક ભાગ લેતા, કુંભકને અગ્ર ભાગે રહ્યો છે, તેને લીધે કુંભકને ખેંચી રાખે છે.

**વિકાસ**

વિકાસ મહાતત્ત્વનો એક ભાગ છૂટતા કુંભકને અગ્ર ભાગે રહ્યો છે. તે કુંભકના ઘાટને વિકાસી નાંખે છે, તેને લીધે કુંભક પ્રણવ થોડીવારમાં છૂટી જાય છે.

હવે જે સ્થાવરને વિશે ત્રણ મહાતત્ત્વના અલ્પ અન્ય ભાગો નીચે દર્શાવ્યા મુજબ પોખ્યાં છે તેમાં અગાઉ પ્રમાણે તે એ પ્રકારે સૂક્ષ્મ ભાગે ત્રણ પ્રાણાયામ થઈ રહ્યા છે તેમ સમજવું.

૧. કુલ ૫ ભાગ - (૪ અવિકાસ + ૧/૨ કુંભસ્થ + ૧/૨ વિકાસ) દશ અડધા ભાગ

૨. કુલ ૫ ભાગ - (૪ વિકાસ + ૧/૨ અવિકાસ + ૧/૨ કુંભસ્થ) દશ અડધા ભાગ

૩. કુલ ૫ ભાગ - (૪ કુંભસ્થ + ૧/૨ વિકાસ + ૧/૨ અવિકાસ) દશ અડધા ભાગ

આ પાંચ-પાંચ ભાગ મળી કુલ પંદર ભાગ સ્થાવરમાં જે તૃણ જાતિ લાંબા કાળ સુધી પહોંચે છે તેને પોખ્યાં અને જળજાતિ વેલીમાં જે વેલી દીર્ઘ કાળ સુધી પહોંચે છે તેને વિશે પોખ્યાં.

કુલ ૨ ૧/૨ ભાગ (૨ અવિકાસ + ૧/૪ વિકાસ + ૧/૪ કુંભસ્થ) દશ પા ભાગ

કુલ ૨ ૧/૨ ભાગ (૨ વિકાસ + ૧/૪ અવિકાસ + ૧/૪ કુંભસ્થ) દશ પા ભાગ

કુલ ૨ ૧/૨ (૨ કુંભસ્થ + ૧/૪ અવિકાસ + ૧/૪ વિકાસ) દશ પા ભાગ

આ ૨ ૧/૨, ૨ ૧/૨ અને ૨ ૧/૨ ભાગ મળીને કુલ ૭ ૧/૨ ભાગ સ્થાવરમાં જે તૃણજાતિ અલ્પ આયુષ્ય ભોગવે છે તે તૃણજાતિને પોખ્યાં અને વળી, વેલીજાતિમાં જે વેલી અલ્પ આયુષ્ય ભોગવે છે તેને પોખ્યાં.

સ્થાવરને વિષે તીન મહાતત્ત્વના દશ અડધા ભાગ પોખ્યા અને જે સ્થાવરને વિશે પા ભાગ ત્રણ મહાતત્ત્વના પોખ્યા હતા. તેમાં તે પ્રમાણે એ પ્રકારે સૂક્ષ્મ ભાગે તે પ્રાણાયામ થઈને રહ્યા છે. એ પ્રકારે કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિનાં ત્રણ મહાતત્ત્વ સ્થાવરને વિષે રહ્યા છે.

**ત્રણ ચક્ષસત્ત્વના ભાગ**

૫ ભાગ ( ૧ ૧/૨ અનંગ+ ૧ ૧/૨ વગ્રજ્ઞાન + ૨ કાળ) મૂકીને સ્થાવરમાં વૃક્ષજાતિ અને વેલીજાતિને પોખ્યાં છે.

૨ ૧/૨ ભાગ (૩/૪ અનંગ + ૩/૪ વગ્રજ્ઞાન + ૧ કાળ) મૂકીને સ્થાવરમાં પનડીજાતિ, તૃણજાતિ અને જળજાતિને પોખ્યાં.

ત્રણ ચક્ષસત્ત્વના ૫ ભાગમાંથી દસ પા (અઢી) ભાગ સ્થાવરના ઊર્ધ્વ ભાગમાં સ્ત્રીલિંગને વિશે રહ્યા છે. અને બીજા દસ પા (અઢી) ભાગ સ્થાવર અધો ભાગમાં પુરુષ લિંગને વિશે રહ્યા છે. પણ સ્થાવરને વિશે સ્ત્રી-પુરુષ ભાગ ઊલટા-સૂલટી રહ્યા છે એક ઊર્ધ્વ ભાગે અને એક અધો ભાગે. તેણે કરીને સ્થાવરને વિશે સ્ત્રી-પુરુષના વિભાગોનો સંજમ કોઈ કોઈને થતો નથી.

પણ કુંભક મહાતત્ત્વનો કુંભક પ્રાણાયામ થાય ત્યારે સ્થાવરને વિશે સ્ત્રી-પુરુષના વિભાગનો સંજમ થાય છે.

| **વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ ૧ ½** | **અનંગ ચક્ષસત્ત્વ ૧ ½** | **કાળ ચક્ષસત્ત્વ ૨ ભાગ** |
|---|---|---|
| (સ્ત્રી ¾ ભાગ)<br>સ્ત્રીના વિભાગને વિશે રહ્યો છે. જ્યારે સ્થાવરને કુંભક થાય છે. ત્યારે સ્ત્રીના ઊર્ધ્વમુખ વિભાગને અધોમુખે કરે છે. | (સ્ત્રી ¾ ભાગ)<br>સ્ત્રીના વિભાગને વ્રેહ ઉત્પન્ન કરે છે. | (સ્ત્રી ૧ ભાગ )<br>સ્ત્રીના વિભાગનાં પંચભૂત રસ બિંદુ ઉત્પન્ન કરે છે. |
| સ્ત્રીનાં વિભાગનું વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ સ્ત્રીના પંચભૂતના રસબિંદુને લઈને સ્ત્રીના સાખા કમળને વિશે પહોંચાડે છે. | પુરુષ વિભાગનું બિંદુ અને સ્ત્રી વિભાગનું બિંદુ સ્ત્રીની શાખા કમળમાં એકઠી સંજમ થયા પછી સ્ત્રી વિભાગને અનંગ ચક્ષસત્ત્વ તે સ્થાવરની શાખાને વિશે પુષ્પ ઉત્પન્ન કરે છે. | ફળની વૃદ્ધિ થઈ રહ્યાં પછી સ્ત્રીના વિભાગનું કાળ ચક્ષસત્ત્વ ફળને પકવીને વૃક્ષથી વિખૂટું પાડે છે. |
| (પુરુષ ¾ ભાગ)<br>પુરુષના વિભાગને વિશે રહ્યો છે. જ્યારે સ્થાવરને કુંભક થાય છે. ત્યારે તે પુરુષના અધોમુખ વિભાગને ઊર્ધ્વમુખે કરે છે. ત્યારે સ્ત્રી પુરુષના વિભાગ સામસામી સન્મુખ થાય છે. | (પુરુષ ¾ ભાગ)<br>પુરુષના વિભાગને વ્રેહ ઉત્પન્ન કરે છે.<br>ત્યારે તે બંને વિભાગને વ્રેહ થવાથી સ્થાવરને વિશે સ્ત્રી પુરુષના વિભાગનો સંજમ થાય છે. | (પુરુષ ૧ ભાગ)<br>તે પુરુષના વિભાગનાં પંચભૂતના બિંદુ ઉત્પન્ન કરે છે. |
| પુરુષના બિંદુને લઈને સ્થાવરના સ્ત્રીના વિભાગને વિશે સ્ત્રીના કમળ ( શાખા પલ્લવ)ને વિશે પુરુષનું વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ. પુરુષના બિંદુને પહોંચાડે છે. | પુરુષના વિભાગનું અનંગ ચક્ષસત્ત્વને તે પુષ્પને વિશે ફળના અંકુરને ઉદય કરે છે. | પુરુષના વિભાગને કાળ ચક્ષસત્ત્વ તે ફળને વૃદ્ધિ પમાડે છે. |

એ પ્રકારે સ્થાવરને વિષે ત્રણ ચક્ષસત્ત્વ રહ્યાં છે.

અગાઉ દર્શાવ્યા મુજબ તત્ત્વ સંયુક્ત કર્તાની ક્રિયાવૃત્તિ દ્વારા સ્થાવર, જંગમ, કીટ, પતંગ,

મનુષ્ય, પશુનાં તનુ ઉત્પન કર્યાં પણ સર્વ જડવત્ તનુ રહ્યા. ત્યારે કર્તાએ કર્તાની સજીવનવૃત્તિ સર્વ તત્ત્વોને વિશે પ્રેરક કરી. તે કર્તાની સજીવનવૃત્તિથી સર્વ ઘાટો વૃદ્ધિ પામીને જેટલા તત્ત્વ વિભાગ પોખ્યાં હતાં તેટલા સર્વ તનુને વિશે સ્ફુરીને પરિપક્વ થઈ રહ્યા. જેમ વૃક્ષને વિશે બીજગ પરિપક્વ થાય છે ને જળ (પાણી) પૃથ્વીના યોગ વિના જડનાં જડ રહે છે. એ પ્રકારે સર્વ તનુ રહ્યાં ખરાં પણ જડનાં જડ રહ્યાં અને હલન-ચલન કે ચેષ્ટા કરવા લાગ્યાં નહીં. ત્યારે નિજ સજાણ સ્વરૂપ કૈવલ કર્તાએ પોતાની કર્તાઅંશવૃત્તિથી પોતાનાં અંશ પ્રેરક કર્યા. તે કર્તાના અંશ તે નિજસજાણ સ્વરૂપ જાણવા. તે નિજજાણ સ્વરૂપ અંશ પ્રેરક થયે કરીને કર્તાની ખટવૃત્તિ ચેતન થઈ તેની સમજ.

નિજજાણસ્વરૂપ અંશ પ્રેરક થવાથી

↓

કર્તાની **પ્રકાશ બ્રહ્મવૃત્તિનાં** ૩ **મહાતત્ત્વ** ચેતન થયાં

↓

કર્તાની **સંજમભોગવૃત્તિ**નાં ૩ **ચક્ષસત્ત્વ** ચેતન થયાં

↓

કર્તાની **ઈચ્છાવૃત્તિ** ના વિભાગ પૈકી **નિરંજનતત્ત્વ** અને **અવ્યાક્તતત્ત્વ** ચેતન થયાં

↓

આ બંને તત્ત્વોથી **મહા તત્ત્વકારણ, આનંદ તત્ત્વકારણ,**
**ધનંજે તત્ત્વકારણ** અને **પ્રકૃતિ તત્ત્વકારણ** ચેતન થયાં

↓

આ ચેતન થયેલ ચાર મહાતત્ત્વોના વિભાગે ચેતન થયાં

| ૩ ઘણ | | | ૩ ગુણ | | |
|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| અચંત | સ્વકાશ | અહંકાર | રજો | તમો | સતો |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| દસ ભાવના | પાંચ સંભસક્રણ અને પાંચ વિવસ્તા | પંચભૂત અને પંચમાત્રા | દસ આકાંક્ષા | દસ કાળ | પંચ અવસ્થા અને પંચ અંતઃકરણ |

આ પ્રમાણે ઘાટોમાં જેટલાં તત્ત્વો પોખ્યાં હતાં તેટલા સર્વ તત્ત્વો અન્યો અન્ય ચેતન થઈને પોતપોતાના તત્ત્વ અનુસાર હલન-ચલન યા ચેષ્ટા કરવા લાગ્યા.

**દોહા**

**એહી વિધિ સ્થાવર જંગમ, કીનેહુ તત્ત્વ જમાવ;**
**અધિક નૂન્ય વિભૂતિ વગ, સમરેહુ વિપુ વિભાવ. ૧**

### શબ્દાર્થ

**એહી વિધિ** = એ રીતે **સ્થાવર** = સ્થાવર(સ્થિર)જાતિ **જંગમ** = જંગમ (ચાલતી)જાતિ **કિનેહુ** = કર્યા **તત્ત્વ જમાવ** = તત્ત્વોની મેળવણી **અધિક નૂન્ય** = વધારે-ઓછી **વિભૂતિ** = તત્ત્વભાગ **વગ** = ને કારણે **સમરેહુ** = પોખીને, **વિપુ** = શરીર, ઘાટ **વિભાવ** = અંગો.

### અનુવાદ-ભાવાર્થ

આ પ્રમાણે સકર્તા સર્જનહારે સ્થાવર એટલે કે સ્થિર રહેનાર અને જંગમ એટલે કે હલન-ચલન કરી શકે તેવા ઘાટોમાં તત્ત્વોની મેળવણી કરીને તત્ત્વોનો જમાવ (મિશ્રણ) કર્યો. જેમાં તત્ત્વ વિભાગનો ભાગ અધિક-ન્યૂન (ઓછા-વત્તા) પ્રમાણને લીધે જેવા જે તત્ત્વ વિભાગ તેવા તેવા પ્રમાણેની વિભૂતિરૂપે વિચરણ કરે છે. એટલે કે દરેક દેહની વૃદ્ધિનું માપ, અંત, રૂપ, રંગ અને કાર્યશક્તિ વિગેરેમાં ભિન્નતા દશ્યમાન થાય છે. તેનું કારણ જે તે ઘાટમાં પોખાયેલા તત્ત્વ વિભાગને આધારે છે.

**સ્થિર સ્થાવર ગતિ બરનેહુ, પાત ફૂલ ફલ કંદ;**
**જેહી જેતને તનું તત્ત્વકે, તેહુ કરી કીયે નીકંદ. ૨**

### શબ્દાર્થ

**સ્થિર** = હલન ચલન ન કરનાર **સ્થાવર** = સ્થાવર જાતિ **ગતિ** = કાર્ય **બરનેહુ** = વર્ણન કર્યું છે **પાત** = પાંદડું, પત્ર **ફૂલ** = ફૂલ **ફલ** = ફળ **કંદ** = કંદમૂળ **જેહી** = જેમનું **જેતને** = જેટલા **તનું** = શરીરના **તત્ત્વકે** = તત્ત્વો અંગેની **તેહુ** = તેમનું **કરી** = દર્શાવીને **કીયે** = કરીને **નીકંદ** = વિસ્તાર.

### અનુવાદ-ભાવાર્થ

સ્થિર રહેતી એટલે કે જે હલનચલન કરી શકતી નથી, તેવી સ્થાવર જાતિ (વૃક્ષ, તૃણ, પનડી, વેલ અને જળ જાતિ)નાં પત્ર(પાન) ફૂલ, ફળ અને કંદમૂળમાં કયા કયા તત્ત્વો રહે છે કે જેનાથી કઈ પ્રક્રિયા થાય છે તેમજ તેમના કદ (વિસ્તાર) વધવાની રીત અને માપ તેમજ તેના અંત અંગેની સઘળી હકીકત અને વર્ણન વિગતવાર આ સ્કંધમાં જણાવેલ છે.

**અબ જંગમ ગતિ ગાવહુ, પાવહુ પરમ હુલાસ;**
**કહે કુવેર કતકત્ય કરું, સૂનહું નારણ નિજદાસ. ૩**

### શબ્દાર્થ

**અબ** = હવે પછી **જંગમ** = જંગમજાતિ **ગતિ** = કાર્યની રીત **ગાવહુ** = દર્શાવું છું **પાવહુ** = મેળવી શકાય **પરમ** = શ્રેષ્ઠ **હુલાસ** = આનંદ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કતકત્ય** = કૃતાર્થ **કરું** = કરી દઉં **સુનહું** = સાંભળતાંની સાથે જ **નારણ** = પૂજ્ય નારણદાસ મહારાજ **નિજદાસ** = આજ્ઞાંકિત અને અતિ પ્રિય દાસ.

### અનુવાદ-ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પોતાના અતિ પ્રિય પૂજ્ય નારાણદાસ મહારાજને ઉદ્દેશીને કહે છે કે હવે પછીના સ્કંધ ૧૧માં સ્થાવર જંગમના ૮૪ લાખ પ્રકારના ઘાટોને વિશે તેમજ સ્કંધ ૧૨માં જગંમ જાતિના પશુ, કિટ, પતંગ અને જળચર ઘાટમાં પોખેલા તત્ત્વોનું વર્ણન કરવામાં આવશે. જેની ગતિની સમજ મેળવતાં જ અતિ પરમ આનંદ તો થશે જ, પરંતુ સાથે સાથે તે કૃતાર્થ (કૃત એટલે કે ક્રિયા અને અર્થ એટલે કે સમજ) એટલે કે કાર્યની પૂરી સમજ પ્રાપ્ત કરી શકાશે.

# સ્થાવર-જંગમ

જરાયુ



ઉદ્ભીજ



# ૮૪ લક્ષ પ્રકારના ઘાટોની રચના દર્શાવનકો

## સ્કંધ ૧૧






પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે કૈવલ કર્તાએ સ્થાવર જંગમ કીટ પતંગ રચ્યાં છે. નિજ સજાણસ્વરૂપ કૈવલકર્તાની ક્રિયાવૃત્તિથી પાંચ વૃત્તિઓના તત્ત્વના વિભાગને ઊલટા-સૂલટી સંયમથી મેળવીને ચોરાસી લક્ષ પ્રકારનાં તનુ રચ્યાં છે. તે કર્તાની ક્રિયાવૃત્તિએ તેની વિધિ વિગત તે નિજ અધિકારી શ્રોતાને શ્રવણ કરવા સારું કહીયે છીએ (મૂળ સ્કંધ-૧૦).

**આ ૧૦ ભાગ મૂકીને ત્રણ પ્રકારના સ્થળચર જીવના પિંડને પોખ્યાં તેમાં**




છ ભાગ પૃથ્વીતત્ત્વના લઈને તેમાં ચાર ભાગ ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ ત્રણ પ્રકારના સ્થળચરના પિંડને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૧૩ લાખ મનુષ્યજાતિ, ૭ લાખ પશુજાતિ અને ૧૦ લાખ કીટજાતિ મળી કુલ ૩૦ લાખ ઘાટો થયાં.

**આ ૧૦ ભાગ મૂકીને જળચર જીવના પિંડને પોખ્યાં તેમાં**

છ ભાગ જળતત્ત્વના લઈને તેમાં ચાર ભાગ ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ જળચરના પિંડને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦). જેમા ૨૨ લાખ પ્રકારની જળચરજાતિ બે પ્રકારે વિચરણ કરે છે.




૧૯ લાખ પ્રકારના ઘાટ જળમાં જ વિચરણ કરે છે. તે જળ છોડીને બહાર જાય નહીં. છતાં જળમાં રુંધન પામતાં નથી.

૩ લાખ પ્રકારના ઘાટ જળથી બહાર નીકળીને ચારો ચરીને (ખોરાક ખાઈને) પાછા જળમાં આવી જાય છે એમ કુલ ૨૨ લાખ ઘાટ થયા.

**આ ૧૦ ભાગ પતંગજાતિના જીવ-જંતુને પોખ્યાં તેમાં**




છ ભાગ પવનતત્ત્વના (વાયુતત્ત્વના) લઈને તેમાં ચાર ભાગ ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ પતંગના જીવ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૯ લાખ પ્રકારના પતંગ તનુ આકાશમાં અલ્પ વર્તે (ફરે) છે અને પાછા પૃથ્વી ઉપર આવી જાય છે.

**આ ૧૦ ભાગ પતંગજાતિના જીવ-જંતુને પોખ્યાં તેમાં**

છ ભાગ અગ્નિતત્ત્વના લઈને તેમાં ચાર ભાગ ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ પતંગજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).




૩ લાખ પ્રકારનાં પતંગ તે પૃથ્વી ઉપર અલ્પ સમય માટે આવે અને પાછાં આકાશમાં રહે છે. તેમજ આ પતંગજાતિ માત્ર અગ્નિમાં પ્રવેશ કરે છે. ચકોરની આદ્ય લઈને અગ્નિમાં પ્રવેશ કરે તો પણ તેનું શરીર દગ્ધ પામે નહીં. તે વિહંગજાતિ પણ આકાશમાં અલ્પ વર્તીને પાછા ધરતી ઉપર આવી રહે છે.

**આ ૧૦ ભાગ પતંગજાતિના જીવ-જંતુને પોખ્યાં તેમાં**




છ ભાગ આકાશતત્ત્વના લઈને તેમાં ચાર ભાગ ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ પતંગજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૨ લાખ પતંગ જાતિ સદાકાળ આકાશમાં જ રહે છે, પરંતુ પૃથ્વી ઉપર આવતાં જ નથી.

**આ ૧૦ ભાગ સ્થાવરજાતિને પોખ્યાં તેમાં**

આઠ ભાગ પૃથ્વીતત્ત્વના લઈને તેમાં ચાર તત્ત્વનો અર્ધા અર્ધા ભાગ મળી એ દસ ભાગ સ્થાવર જાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).




આ ૧૦ ભાગ સ્થાવરજાતિને પોખ્યાં તેમાં કુલ ૧૮ લાખ પ્રકારની છે, જે પાંચ પ્રકારે રહેલી છે.

૧. તૃણજાતિ — જેનાં બીજનાં અંકુરમાં વાયુતત્ત્વ રહેલું છે.
૨. પનડીજાતિ — જેનાં બીજનાં અંકુરમાં આકાશતત્ત્વ રહેલું છે.
૩. વેલીજાતિ — જેનાં બીજનાં અંકુરમાં જળતત્ત્વ રહેલું છે.
૪. જળજાતિ — જેનાં બીજનાં અંકુરમાં ઊર્ધ્વ ભાગે જળતત્ત્વ રહેલ છે એને અધો ભાગે મૂળ અંકુરને વિશે અગ્નિતત્ત્વ રહ્યું છે. ઊર્ધ્વભાગે અંકુરને વિશે જળતત્ત્વ રહ્યું છે, તેને લીધે જળને વિશે રહે છે અને મૂળના અધોમુખે અંકુરમાં અગ્નિતત્ત્વ રહે છે તેને કરીને જળ જતુ રહે તો સુકાઈ જાય છે.

| | | |
|---|---|---|
| ૫. વૃક્ષજાતિ | જેના બીજના અંકુરમાં પૃથ્વીતત્ત્વ વ્યાપક રહેલું છે, તેને લીધે વૃક્ષ અતિશય પૃષ્ટિ પામે છે. પૃથ્વીતત્ત્વને લીધે વૃક્ષ પૃથ્વીમાં અધિક જામે છે. |

**ઘાટોની ગણતરી**

| | | |
|---|---|---|
| ૧૩ | લાખ મનુષ્યજાતિ | પૃથ્વી પર રહે છે. |
| ૦૭ | લાખ પશુજાતિ | પૃથ્વી પર રહે છે. |
| ૧૦ | લાખ કીટજાતિ | પૃથ્વી પર રહે છે. |
| ૦૯ | લાખ પતંગજાતિ | આકાશમાં ઊડે અને પૃથ્વી પર પાછા રહે છે. |
| ૦૩ | લાખ પતંગજાતિ | પૃથ્વી પર અલ્પ રહે ને આકાશમાં રહે છે. |
| ૦૨ | લાખ પતંગજાતિ | આકાશમાં જ રહે પૃથ્વી પર આવતા જ નથી. |
| ૧૮ | લાખ વનસ્પતિ વૃક્ષ વગેરે. | |
| ૧૯ | લાખ જળચરજાતિ જળમાં જ રહે છે. | |
| ૦૩ | લાખ જળચરજાતિ પૃથ્વી પર ચારો ચરી જળમાં રહે છે. | |
| ૮૪ | લાખ કુલ ઘાટના પ્રકાર | |

★

**જંગમ તનુ તત્ત્વ પોક્ષણ (મનુષ્ય જંગમજાતિ) અને જંગમ વિપુ વિલાસ ક્રિયા (માનવ, પશુ, કીટ વગેરે સહીત)**

કુલ ૧૦ ભાગ – અહંકારઘણના પંચભૂતના પોખ્યાં તેમાં

૧૩ લાખ મનુષ્યજાતિ
૦૭ લાખ પશુજાતિ
૧૦ લાખ કીટજાતિ
૩૦ લાખ જાતિ કુલ બનાવી છે.

છ ભાગ પૃથ્વીતત્ત્વના લઈને તેમાં ચાર ભાગ ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ ત્રણ પ્રકારના સ્થળચરના પિંડને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).



૧. પૃથ્વી ( છ ભાગ) — જંગમને વિશે પૃથ્વીતત્ત્વનાં છ વિભાગ હોવાથી કઠણતાને બોજે ભારેપણું રહ્યું છે. આ દસ-દસ ભાગ માનવી, પશુ અને કીટ એ ત્રણ જાતિને વિશે રહ્યા છે તેને કરીને પૃથ્વી છોડીને અદ્ધર ચલાય નહીં.

૨. અગ્નિ (એક ભાગ) — તેથી જંગમમાં ઉદરને વિશે જઠરાગ્નિ રહ્યો છે. તે અન્ન-ભોજનને પાચક કરી તેનો પરલે (નાશ) કરે છે.

૩. જળ (એક ભાગ) — તે શરીરને વિશે જે રુદ્ર (લોહી) રહ્યું છે.

૪. વાયુ (એક ભાગ) — તેથી શરીરની નાડીઓને ચલાયમાન કરીને ધડકાવે છે.

૫. આકાશ (એક ભાગ) — તેથી ઉદરની આદ્ય લઈને જંગમના શરીરને વિશે વિકાસ રહ્યો છે.

## રજોગુણની દસ આકાંક્ષા અહંકારઘણની પંચમાત્રા - કુલ ૫૦ વિભાગ (મૂળ સ્કંધ-૧૨)




રજોગુણની દસ આકાંક્ષાઓ પૈકી પંચ આકાંક્ષા જે એક ગવન, વિષય, શ્રવણ, નિરીક્ષણ અને ઉચ્ચાર આકાંક્ષા એ પાંચ આકાંક્ષાઓમાંથી પાંચ પાંચ ભાગ લઈને એક એક ભાગ બાકીની પાંચ આકાંક્ષા – ક્ષુધા-પિપાસા, સુગંધ, શીત-ઉષ્ણ, મળ વિસર્જન અને ગ્રાહજ એ પાંચ આકાંક્ષામાંથી એક એક ભાગ લઈને તેમાં અહંકારઘણની પંચમાત્રા – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ માત્રામાંથી ચાર ચાર ભાગ મૂકીને એ દસ દસ ભાગ મળીને કુલ ૫૦ ભાગ પાંચ પ્રકારે જંગમજાતિને વિશે પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

## રજોગુણની દશ આકાંક્ષા

૧. શ્રવણ(પાંચ ભાગ) — જેથી શ્રવણે (કાને) કરીને શબ્દ શ્રવણ કરે છે.

૨ સુગંધ (એક ભાગ) — તેના વડે જંગમજાતિ નાશિકાથી સુગંધી લે છે.

૩. નિરીક્ષણ (પાંચ ભાગ) — તેના વડે જંગમજાતિ નેત્રે કરીને નીરખે છે.

૪. ક્ષુધા-પિપાસા (એક ભાગ) — તેને લીધે જંગમજાતિ અન્ન-જળનું ભક્ષણ કરે છે.

૫. ઉચ્ચાર (પાંચ ભાગ) — તેને લીધે જંગમજાતિ રસનાથી ઉચ્ચાર કરે છે.

૬. શીત-ઉષ્ણ (એક ભાગ) — તેને લીધે જંગમજાતિને ત્વચાને વિશે શીત-ઉષ્ણ લાગે છે.

૭. ગ્રાહાજ (એક ભાગ) તેને લીધે જંગમજાતિ હાથ વડે કરીને વસ્તુને ગ્રહણ કરે છે.
૮. વિષય આકાંક્ષા (પાંચ ભાગ) તેથી જંગમજાતિ ભોગ ઈન્દ્રિયને વિશે વિષય ઉત્પન્ન થાય છે.
૯. મળ વિસર્જન (એક ભાગ) તેથી જંગમજાતિ મળ દ્વારે કરીને મળનો ત્યાગ કરે છે.
૧૦. ગવન (પાંચ ભાગ) તેથી જંગમજાતિ ચરણે કરીને હલન-ચલન કરે છે.

**અહંકારઘણની પંચ માત્રા (ચાર ચાર ભાગ)**

જંગમજાતિમાં જળજાતિ અને પતંગજાતિને વિશે પંચ માત્રા તો મનુષ, પશુ, કીટના જેવી સરખી જ રહી છે.

૧. શબ્દમાત્રા તેથી શ્રવણે (કાને) કરીને શબ્દનું શ્રવણ કરે છે.
૨. રૂપમાત્રા તેથી નેત્રને વિશે નિરીક્ષણ પણું રહ્યું છે.
૩. ગંધમાત્રા તેથી નાસિકાને વિશે સુગંધ લેવાપણું રહ્યું છે.
૪. રસમાત્રા તેથી રસના (જીહ્‌વા)ને વિશે અમી રહી છે.
૫. સ્પર્શમાત્રા જેથી ત્વચાને વિશે સ્પર્શપણું રહ્યું છે.

એ પ્રકારે જંગમને વિષે અહંકારઘણની પંચમાત્રાને પંચભૂત રહ્યાં છે.

**૧૦૦ ભાગ સતોગુણ ને સ્વકાશઘણના (મૂળ સ્કંધ-૧૨)**




સતોગુણના પંચ અંતઃકરણ તથા પંચ અવસ્થા એ દસમાંથી નવ નવ ભાગ લઈને તેમાં સ્વકાશઘણના પંચ સંભસક્રણ તથા પંચ વિવસ્તા એ દસમાંથી એક એક ભાગ મૂકીને એ દસ દસ ભાગ મળીને કુલ ૧૦૦ ભાગ જંગમજાતિને વિશે પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**અંતઃકરણ (નવ નવ ભાગ)**

૧. મન તેથી મનમાં સંકલ્પ-વિકલ્પ થાય છે.

| | | |
|---|---|---|
| ૨. | બુદ્ધિ | તેથી જે જે વિચાર ઊઠે છે તેના ઘાટ ઘડે છે. |
| ૩. | અહંકાર | તે બુદ્ધિના ઘાટનો તોલ કરીને દઢ રાખે છે. |
| ૪. | ચિત્ત | તે અંતરને વિશે ઝીણું સૂક્ષ્મ ચિંતવન થયા કરે છે. |
| ૫. | નચિંત | તે ચારેય અંતઃકરણનો સંતોષ શાંત થાય ત્યારે નચિંત અંતઃકરણ વર્તે છે. જ્યારે કોઈ મનુષ્ય એમ કહે કે ભાઈ ! હમણાં અમારે નચિંત આવી છે. (હાસ અનુભવે) એવું કહે છે તે નચિંત અંતઃકરણનું સુખ વર્તતું જાણવું. |

એ પ્રકારે જંગમને વિષે પંચ અંતઃકરણ રહ્યાં છે.

## અવસ્થા, દેહ, અંતઃકરણ, તત્ત્વ, સંભસક્રણ અને વિવસ્તા

### ૧. સ્થૂળ દેહ

સ્થૂળ દેહને જાગ્રત અવસ્થા, પૃથ્વીતત્ત્વ, મન અંતઃકરણ રહ્યું છે. એ ચતુષ્ટની ચર્પુટીએ સ્થૂળ દેહ જાણવો.

#### જાગ્રત અવસ્થા

જાગ્રત અવસ્થા તે નેત્રે કરીને સર્વ દેખાય છે અને દષ્ટ પદાર્થ સર્વની સ્મૃતિ થાય છે – જ્યારે દેહની અવસ્થા જાગ્રત હોય ત્યારે તે દેહ ચેતન થાય છે. સ્થૂલ દેહને વિષે જાગ્રત અવસ્થા રહી છે.

#### સમતા સંભસક્રણ

સમતા સંભસક્રણને એક ભાગ જંગમની જાગ્રત અવસ્થાને વિશે રહ્યો છે, જેથી જાગ્રતને વિશે કંઈક કંઈક સમતા વર્તે છે તે સમતા સંભસક્રણનો વિભાગ જાણવો.

#### સામાન્ય વિવસ્તા

સામાન્ય વિવસ્તાનો એક ભાગ જંગમની જાગ્રત અવસ્થાને વિશે રહ્યો છે, જેથી જાગ્રતને વિશે કંઈક સામાન્ય દષ્ટિભાવ પણ થાય છે તે સામાન્ય વિવસ્તાનો વિભાગ જાણવો.

### ૨. સૂક્ષ્મ દેહ

સૂક્ષ્મ દેહ, સ્વપ્ન અવસ્થા, જળતત્ત્વ, બુદ્ધિ અંતઃકરણને વિશે રહ્યાં છે. એ ચતુષ્ટની ચર્પુટીએ સૂક્ષ્મ દેહ જાણવો.

#### સ્વપ્ન અવસ્થા

જંગમને વિશે સ્વપ્નાવસ્થા તે નિંદ્રામાં સ્વપ્ન સ્ફુરે છે અને મિથ્યા ભાષણ થાય છે. સૂક્ષ્મ દેહને વિષે સ્વપ્ન અવસ્થા રહી છે.

**સંતોષ સંભસક્રણ (એક ભાગ)**

સંતોષ સંભસક્રણનો એક ભાગ જંગમના સ્વપ્ન અવસ્થાને વિશે રહ્યો છે કારણ કે સ્વપ્નને વિશે મિથ્યા પદાર્થની પ્રાપ્તિ થઈને સંતોષ થાય છે. તે સંતોષ સંભસક્રણના વિભાગને લીધે થાય છે.

**કુંભસ્થ વિવસ્તા (એક ભાગ)**

કુંભસ્થ વિવસ્તાનો એક ભાગ જંગમના સ્વપ્ન અવસ્થાને વિશે રહ્યો છે. જેથી સ્વપ્નને વિશે સ્વપ્નની ક્રિયામાં સુરતા બંધકોશ થઈને વર્તે છે પણ જાગ્રતના સ્થાનની સ્મૃતિને વિશે સુરતાએ જવાતું નથી અને સ્વપ્નમાં જ્યાં હોય ત્યાંના ત્યાં સ્વપ્નની જ સ્મૃતિ ને વિશે કુંભક કરી રાખે છે તે કુંભસ્થ વિવસ્તાનો વિભાગ કુંભક કરી રહે છે.

## ૩. કારણ દેહ

કારણદેહ, સુષુપ્તિ અવસ્થા, અગ્નિતત્ત્વ અને અહંકાર અંતઃકરણ તેને વિશે રહ્યું છે. એ ચતુષ્ટ ચર્પુટીએ કારણદેહ જાણવો.

**સુષુપ્તિ અવસ્થા**

જંગમને વિશે સુષુપ્તિ અવસ્થા તે કિંચિત અર્ધમાત્રિકા સ્વપ્ન દરશીને વિલાઈ જાય છે અને જાગ્યા પછી સ્મૃતિ રહે નહીં. કારણ દેહને વિષે સુષુપ્તિ અવસ્થા રહી છે.

**શીલ સંભસક્રણ (એક ભાગ)**

શીલ સંભસક્રણનો એક ભાગ જંગમની સુષુપ્તિ અવસ્થાને વિશે રહ્યો છે. તેથી સુષુપ્તિ અવસ્થામાં ઉપાધિ નિવૃત્ત પામે છે તે માટે ત્યાં શીલપણું જ રહ્યું છે.

**ગલિત વિવસ્તા (એક ભાગ)**

ગલિત વિવસ્તાનો એક ભાગ જંગમને સુષુપ્તિ અવસ્થાને વિશે રહ્યો છે તે સુષુપ્તિની અર્ધમાત્રિકા સ્વપ્નના ઉઠતા સંકલ્પને ગળવી(વિખરાઈ)ને વિલય કરે છે તે ગલીત વિવસ્તાએ સંકલ્પ વિલાય છે.

મહાકારણ અને પરમ કારણ દેહ તો પ્રાણાયામ અજપાને વિષે જાણવા, જે પ્રાણાયામને વિષે ૐકાર શબ્દ રહ્યો છે, તે મહાકારણ દેહ જાણવો અને જે પ્રાણાયામને વિષે સોહંગકાર શબ્દ રહ્યો છે. તે પરમકારણ દેહ જાણવો.

## ૪. મહાકારણ દેહ

વાયુતત્ત્વનો ૐકાર પ્રાણાયામ, મહાકારણ દેહ, તુરિયા અવસ્થા અને ચિત અંતઃકરણ તેને વિશે રહ્યું છે. તે ચતુષ્ટની ચર્પુટીએ મહાકારણ દેહ જાણવો.

### તુરિયા અવસ્થા

મહાકારણ દેહ તે ૐકાર પ્રાણાયામ લેતો શ્વાસ જાણવો. તેને વિશે તુરિયા અવસ્થા તે સષોપતિનું અલ્પ સ્વપ્ન દર્શપણું વિલય પામે ત્યારે તુરિયા અવસ્થા જાણવી – લેતો શ્વાસ ૐકાર પ્રાણાયામ નાશિકાને વિશે ઘોર કરતો પ્રવેશ થાય અને મુકતો પ્રાણાયામ શ્વાસ તે ઘોર ના કરે ત્યારે તુરિયા અવસ્થા જાણવી. જ્યારે જે દેહની અવસ્થા જાગ્રત હોય, ત્યારે તે દેહ ચેતન થાય. તુરિયા અવસ્થાનો દેહ ૐકાર પ્રાણાયામ છે, તેને લીધે તુરિયા અવસ્થાએ ૐકાર પ્રાણાયામ ચેતન થઈને ઘોર કરે છે.

### સહેજ સંભસક્રણ (એક ભાગ)

સહેજ સંભસક્રણનો એક ભાગ જંગમની તુરિયા અવસ્થાને વિશે રહ્યો છે તેથી તુરિયાને વિશે સહેજપણું રહ્યું છે.

### ઉદાર વિવસ્તા (એક ભાગ)

ઉદાર વિવસ્તાનો એક ભાગ જંગમની તુરિયા અવસ્થાને વિશે રહ્યો છે તેથી તુરિયા વિશે ઉદારપણું રહ્યું છે.

## ૫. પરમકારણ દેહ

આકાશતત્ત્વનું સોહંકાર શબ્દ, પરમકારણ દેહ, ઉન્મુની અવસ્થા અને નચિત અંતઃકરણ તેને વિશે રહ્યાં છે એ ચતુષ્ટની ચર્પુટીએ પરમકારણદેહ જાણવો.

### ઉન્મુની અવસ્થા

જ્યારે લેતો પ્રાણાયામ ૐકાર ઘોર કરતો સમી જઈને સામાન્ય ચાલે અને મૂક્તો સોહંગ પ્રાણાયામ ચેતન થઈને કિંચિંત શોર કરતો નીકળે ત્યારે ઉન્મુની અવસ્થા જાણવી – તે વખતે ચાર પ્રકારના દેહની ક્રિયા સમદમ શુન્યવત્ થઈ જાય ત્યારે ઉન્મુની અવસ્થા એકલી જ જાગ્રત હોય છે.

### શાંત સંભસક્રણ (એક ભાગ)

ઉન્મુનીને વિષે સદાય શાંતિ જ રહે છે, અને બીજી અવસ્થાને વિશે તો કોઈ સમયે અલ્પ શાંતિ વર્તે છે, પરંતુ ઉન્મુની અવસ્થા તો સદાય શાંતિને રહેવાનું સદન છે. એ શાંતિ તે સ્વકાશઘણનું શાંત સંભસક્રણ જાણવું.

### સ્થિતિ વિવસ્તા (એક ભાગ)

સ્થિતિ વિવસ્તાનો એકભાગ પણ ઉન્મુની અવસ્થાને વિશે રહ્યો છે. કારણ કે ઉન્મુની અવસ્થાને વિશે સદાયકાળ સ્થિતિપણું રહ્યું છે તે સ્વકાશઘણની સ્થિતિ વિવસ્તાનો વિભાગ જાણવો.

આ પ્રકારે જે સંભસક્રણ અને વિવસ્તાના વિભાગ જંગમને પંચ અવસ્થાને વિશે રહ્યા છે. પરંતુ પાંચેય અવસ્થાને વિશે અરસપરસ ઊલટા-સૂલટી વર્તે છે અને મૂળ મકાન એ પાંચ છે, પણ સર્વમાં વર્તે છે.

**જંગમને વિશે તમોગુણના દસ કાળ (નવ ભાગ) અને અચંતઘણની દસ ભાવનાના (એક એક ભાગ) મળી કુલ ૧૦૦ ભાગ રહ્યા છે (મૂળ સ્કંધ-૧૨).**




તમોગુણના દસ કાળમાંથી નવ નવ ભાગ લઈને તેમાં અચંતઘણની દસ ભાવનામાંથી એક એક ભાગ મૂકીને એ દસ દસ ભાગ મળીને કુલ ૧૦૦ ભાગ જંગમજાતિ બીજગને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**તમોગુણના દસ કાળ (નવ નવ ભાગ)**

| | |
|---|---|
| સ્વભાવકાળ | ઈંદ્રિયો અને અંતઃકરણ પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. જેને જેવો સ્વભાવ પડ્યો હોય તેવો સ્વભાવ સદાકાળ વર્ત્યા જાય છે તે સ્વભાવ કાળ જાણવો. |
| કામનાકાળ | સર્વ ઈંદ્રિયોને વિશે સ્વાભાવિક કામના રહી છે. તે કામનાકાળ જાણવો. |
| આક્રંતકાળ | સર્વ ઈંદ્રિયો અને અંતઃકરણને વિશે આક્રંતિ રહી છે તે આક્રંતકાળ જાણવો. |
| આશ્ચર્યકાળ | પોત-પોતાના સ્વરૂપને કોઈ જાણતું નથી અને પોતાના દેહના સાજની શુદ્ધિ પોતાને નહીં હોવાથી પ્રોક્ષ વાર્તાને શ્રવણ કરીને આશ્ચર્ય માને છે પણ જે વસ્તુ પ્રત્યક્ષ છે તેને કોઈ જાણતું નથી તે આશ્ચર્યકાળ જાણવો. |
| પૃથકકાળ | તે સ્વપ્નમાં જાગ્રતની શુદ્ધિ રહેતી નથી કે મેં ક્યાં શયન કર્યું હતું અને હું ક્યાં આવ્યો છું તે લહેતો (જાણતો) નથી. સુષુપ્તિમાં સ્વપ્નની શુદ્ધિ રહે નહીં, તુરિયામાં સુષુપ્તિની શુદ્ધિ રહે નહીં અને ઉન્મુનીમાં તુરિયાની શુદ્ધિ રહેતી નથી એ પ્રકારે જંગમને વિશે પૃથકકાળ રહ્યો છે. |

વિપ્રીતકાળ — અકાળ મૃત્યુની આદ્ય લઈને દેવકોપ, નરપતિકોપ, પશુ-પિશાચ કોપ અને અધ્યાત્મ રોગ શરીરમાં ઊપજે છે. એટલા પ્રકારની ઉપાધિનો ડર દેહને વિશે રહ્યો છે તે વિપરીતકાળના વિભાગે કરીને રહ્યો છે.

અજ્ઞાનકાળ — પોત-પોતાની વર્ણાશ્રમ જાતિને વિશે મસ્ત રહે છે. તે વર્ણાશ્રમનો કસબ (વહેપાર, કામ-ધંધો) મલીન હોય તો પણ પ્રીતિ કરીને આચરે છે. પણ મનમાં ક્ષોભ પામે નહીં. વળી, ના કરવાનું કામ કરીને પાછળથી પસ્તાવો કરે છે અને કોઈ સત્ય વસ્તુની શિખામણ આપે તો પણ માન્યામાં આવે જ નહીં. વળી, દેહનાં વર્તમાન અગાઉથી કોઈને સૂઝતાં નથી એ પ્રકારે જંગમને વિશે અજ્ઞાનકાળ વર્તે છે.

રાગસકાળ — જંગમજાતિમાં એકબીજાને અન્યોન્ય પ્રીતિ થાય છે. તે જંગમને વિશે રાગસ કાળ જાણવો.

દ્વેષકાળ — એકબીજાની ઉપર દ્વેષ રહે છે. ઉપરાંત કોઈ કોઈ વસ્તુની સાથે સહેજ સ્વભાવે દ્વેષ રહ્યો છે તે જંગમને વિશે દ્વેષકાળ જાણવો.

વૃદ્ધિ અંતકાળ — તે પોતપોતાના માપ પ્રમાણે વૃદ્ધિ પામીને પછીથી વધે નહીં તે પશુ, પક્ષી, કીટ, પતંગ અને મનુષ્યની આદ્ય લઈને જેનાં દેહનું જેટલું પ્રમાણ હોય તેટલું વૃદ્ધિ પામીને પછીથી વધે નહીં એ પ્રમાણે જંગમને વિશે વૃદ્ધિ અંતકાળ રહ્યો છે.

તમોગુણના દશ કાળના નવ નવ ભાગ જંગમને વિષે આ પ્રકારે રહ્યા છે.

**અચંતઘણની દસ ભાવના (એક એક ભાગ)**

અહમ્ ભાવના — તે અનેક વાત સાંભળે પણ પાછળથી પોતાના કંઠે આવે નહીં. વળી કોઈ કોઈની કળા એકબીજાને આવડે નહીં અને કોઈ વસ્તુ દેખે યા સાંભળે પણ પોતાને તે પૈકી કેટલીક વસ્તુ આવડે નહીં તે સર્વે અહમ્ ભાવના જાણવી.

સંભ ભાવના — તે અંતઃકરણને વિશે મંદપણું વર્તે છે અને કોઈ સમયે કોઈ કાર્ય થોડુંક હોય તો પણ તે કાર્ય કરતાં ઘણી વાર થાય છે એ પ્રકારે જંગમને વિશે સંભ ભાવના રહી છે.

વિસર્જન ભાવના — જે તે વસ્તુ વીસરી જવાય છે. વળી નાના-નાના પ્રકારના ભોગ ભોગવીને અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. તે જ્યાં સુધી ભોગવે ત્યાં સુધી સ્મૃતિ રહે છે અને ભોગવી રહ્યા પછી પાછું વીસરી જવાય છે. જાણે દુઃખ ને સુખ બંને ભોગવ્યાં જ નથી. એ પ્રકારે જે વીસરી જાય છે તે વિસર્જન ભાવના જાણવી.

નિંદ્રા ભાવના — તે હલનચલન કરતાં જંગમને શ્રમ પહોંચે છે ત્યારે આળસ થાય છે તે આળસ થયા પછી કાર્ય સૂઝે નહીં તે નિદ્રા ભાવના જાણવી.

અંધતમ ભાવના — તે અણઘટતું રોષ કરીને બોલે છે વળી નિંદ્રામાં તે બરલી ઊઠે છે અને કોઈ

કહે કે કેમ, બરલે છે ત્યારે જાગીને કહે કે હું, તો બરલતો નથી. એ પ્રકારે પોતે જાણતો નથી તે અંધતમ ભાવના જાણવી.

અચેત ભાવના — તે બ્રહ્માદિક સનકાદીકની આદ્ય લઈને સર્વેને શિર મૃત્યુકાળ છે પણ તેનો કોઈને ત્રાસ કે ભય વ્યાપતો નથી. સો વર્ષ થતાં સુધી પણ તે નચિંત રહે છે. વળી હું ક્યાંથી આવ્યો, અને ક્યાં જઈશ ? તેનો નિર્ણય કે શોધ કરતો નથી. કોઈ સમયે શરીરને અચેતપણું થઈ જાય છે. એટલા પ્રકારે જંગમને વિશે અચેત ભાવના રહી છે.

ઉચ્ચાટ ભાવના — કોઈ કોઈ સમયે શરીરમાં ઉચાટપણું થઈ જાય છે અને કોઈ કાર્ય વણસી જાય છે ત્યારે ઉચાટ થાય છે. તે ઉચાટ ભાવના જાણવી.

અભાવ ભાવના — તે કોઈની સાથે પ્રીતિ બંધાઈને પાછી છૂટી જાય છે અને કોઈ કોઈ વસ્તુને વિશે અભાવ થાય છે તે અભાવ ભાવના જાણવી. વળી જે જે ઇંદ્રિય ભોગ કરીને તૃપ્ત થાય છે તે વખતે ભોગનો અભાવ થાય છે તે અભાવ ભાવના જાણવી.

મૂન્ય ભાવના — તે કોઈ કાર્ય કારણે બોલાય છે અને પાછું મૂન્ય રહી જવાય છે એ પ્રમાણે સદાયકાળ જંગમને વિશે મૂન્ય ભાવના રહી છે.

અસામર્થ ભાવના — તે કોઈ કાર્ય કરતાં પાછું હઠી જવાય છે. વળી, રણને વિશે સંગ્રામની લડાઈ કરતાં કોઈ વીર થઈને સન્મુખ લડે છે અને કોઈ કાયર થઈને ભાગી જાય છે તે અસામર્થ ભાવના જાણવી.

એ પ્રકારે જંગમને વિષે અચંતઘણની દશ ભાવનાના દશ ભાગ રહ્યા છે.

**પ્રકૃતિ તત્ત્વકારણના ત્રણ ગુણ અને ધનંજે તત્ત્વકારણના ત્રણ ઘણ મળી કુલ ૩૦ ભાગ જંગમ તનુને પોખ્યાં છે (મૂળ સ્કંધ-૧૨).**




પ્રકૃતિ તત્ત્વકારણના ત્રણ ગુણોના નવ નવ ભાગ લઈ તેમાં ધનંજે તત્ત્વકારણના અહંકાર, અચંત અને સ્વકાશઘણના એક એક ભાગ મળી કુલ ૩૦ ભાગ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**ત્રણ ગુણ (નવ નવ ભાગ)**

| | |
|---|---|
| રજોગુણ | જંગમને વિશે જે જે વસ્તુ ઉપર મોહ થાય છે તે રજોગુણના નવ ભાગ સમજવા. |
| તમોગુણ | તેનાથી તામસપણું ઊપજે છે તે તમોગુણના નવ ભાગ જાણવા. |
| સતોગુણ | કોઈ સમયે અંતરને (હૃદયમાં)વિશે દયા ઊપજે છે તે સતોગુણના નવ ભાગ વિભાગ જાણવા. |

**ત્રણ ઘણ (એક એક ભાગ)**

| | |
|---|---|
| અચંતઘણ | અચંતઘણનો એક ભાગ તે પંચ અવસ્થાની સંધિને વિશે રહ્યો છે જેથી અવસ્થા પલટાતી જણાતી નથી. કારણ કે ત્યાં અચંતઘણનો એક ભાગ રહેલો છે, તેને લીધે ત્યાં અચેતપણું થાય છે. |
| સ્વકાશઘણ | તે શરીરના અસ્ત (હાડકાં)ની સંધિને વિશે રહ્યો છે, તેને લીધે સર્વ શરીર આડું ટેડું વળે છે છતાં ઘસાતું કે ખટકતું નથી. સ્વકાશઘણ શરીરની સંધિઓને સ્વકાશ રાખે છે. |
| અહંકારઘણ | તે પંચભૂતની સંધિઓને વિશે રહ્યો છે તેને લીધે પંચભૂત ન્યારાં ન્યારાં અક્કડબાજ રહ્યાં છે. |

એ પ્રકારે જંગમને વિષે ત્રણ ગુણ ને ત્રણ ઘણના વિભાગ રહ્યા છે.

**આનંદ તત્ત્વકારણ, પ્રકૃતિ તત્ત્વકારણ, મહા તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણ મળી કુલ ૨૦ ભાગ જંગમ વિશે પોખ્યાં છે (મૂળ સ્કંધ-૧૨).**




આનંદ તત્ત્વકારણના અને પ્રકૃતિ તત્ત્વકારણના નવ નવ ભાગ લઈ તેમાં ધનંજે અને મહા તત્ત્વકારણના એક એક ભાગ મળીને કુલ ૨૦ ભાગ જંગમને વિશે પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

| | |
|---|---|
| પ્રકૃતિ તત્ત્વકારણ | નવ ભાગ રહેલ છે તે સર્વ શરીરનાં તત્ત્વને ચંચળ કરે છે. |
| આનંદ તત્ત્વકારણ | નવ ભાગ રહેલા છે જેથી વિષયનો ભોગ કરતાં આનંદ ઊપજે છે. |
| મહા તત્ત્વકારણ | એક ભાગ રહેલ છે જેથી સર્વના દેહને વિશે આપ આપનું મહત્તાપણું રહ્યું છે. |

| | |
|---|---|
| ધનંજે તત્ત્વકારણ | એક ભાગ રહ્યો છે જેથી વિષય કરતાં આનંદ ઊપજે છે તે વિષયનો અવધિ કરીને મંદ પમાડે છે. ફરીથી ઊપજે તો ફરીથી મંદ પમાડે છે. (મૂળ સ્કંધ-૧૨). |

**જંગમના અંતઃકરણને વિશે તત્ત્વોની સમજ (મૂળ સ્કંધ-૧૨)**

| | | |
|---|---|---|
| ૧ | તમોગુણનો વિભાગ વિશેષ રહ્યો છે. | તે અતિશય ક્રોધી હોય. |
| ૨ | રજોગુણનો વિભાગ વિશેષ રહ્યો છે. | તે અતિશય વિષયી હોય. |
| ૩ | સતોગુણનો વિભાગ વિશેષ રહ્યો છે. | તેનો સ્વભાવ અતિશય શાંત હોય. |
| ૪ | અહંકારઘણનો વિભાગ વિશેષ રહ્યો છે. | તે અતિશય અભિમાની હોય. |
| ૫ | સ્વકાશઘણનો વિભાગ વિશેષ રહ્યો છે. | તેનું મુખ આઠે પહોર હસતું રહે. |
| ૬ | અચંતઘણનો વિભાગ વિશેષ રહ્યો છે. | તે આઠે પહોર અચેત રહે. |
| ૭ | તમોગુણ અને રજોગુણ બંનેના વિભાગ વિશેષ રહ્યો છે. | તે વિશ્વાસઘાતી થાય. |
| ૮ | તમોગુણ અને સતોગુણ એ બંનેના વિભાગ વિશેષ રહ્યો છે. | તે મુખથી મીઠું બોલે, અંતરમાં ઈર્ષાવાન હોય. |
| ૯ | તમોગુણ અને અહંકારઘણ એ બંનેના વિભાગ રહ્યો છે | અતિશય દંભી અને કપટી હોય. |
| ૧૦ | તમોગુણ અને સ્વકાશઘણના વિભાગ સંજુક્ત રહ્યા છે. | તેને અતિશય હાસ્ય મશ્કરીપણું હોય. |
| ૧૧ | તમોગુણ અને અચંતઘણ એ બંને વિભાગ રહ્યા છે. | તે અતિશય મુર્ખ હોય. |
| ૧૨ | સતોગુણ અને રજોગુણ એ બંનેના વિભાગ રહ્યા છે. | તેને સર્વેની સાથે અતિશય હેત-પ્રીતિ હોય. |
| ૧૩ | સતોગુણ અને અહંકારઘણ એ બંનેના વિભાગ રહ્યા છે. | તે અતિશય ગંભીર હોય. |
| ૧૪ | સતોગુણ અને સ્વકાશઘણ એ બંનેના વિભાગ રહ્યા છે. | તે આઠે પહોર અતિશય ઉમંગ રહે. |
| ૧૫ | સતોગુણ અને અચંતઘણ એ બંનેના વિભાગ રહ્યા છે. | અતિશય વાચાળ ન રહેતાં મૂંગા સરખો રહે. |
| ૧૬ | રજોગુણ અને અહંકારઘણ એ બંનેના વિભાગ રહ્યા. | તે અતિશય વૈભવી અને શોખીન થાય. |

| | | |
|---|---|---|
| ૧૭ | રજોગુણ અને સ્વકાશઘણ એ બંનેના વિભાગ રહ્યા છે. | તે અતિશય બકવાદી હોય. |
| ૧૮ | રજોગુણ અને અચંતઘણ એ બંનેના વિભાગ રહ્યા છે. | તે વૈકલ અને અતિ બહાવરો હોય. |
| ૧૯ | અહંકારઘણ અને સ્વકાશઘણ એ બંનેના વિભાગ રહ્યા છે. | તેનું બોલવું અતિશય ભારેખમ હોય. |
| ૨૦ | અહંકારઘણ અને અચંતઘણ એ બંનેના વિભાગ રહ્યા છે. | તે અતિશય અસત્ય બોલવાપણું હોય. |
| ૨૧ | સ્વકાશઘણ અને અચંતઘણ એ બંનેના વિભાગ રહ્યા છે. | વિંદલ થાય. |
| ૨૨ | ૩ ગુણ અને ૩ ઘણના વિભાગ સર્વ શરીરમાં અંતઃકરણ વિશે વ્યાપક રહ્યા છે. | તે સદાય સહેજ સ્વભાવી હોય. |
| ૨૩ | ૩ ગુણ અને ૩ ઘણના વિભાગ એકઠા રહ્યા છે. | તે અતિશય પ્રપંચી હોય. |
| ૨૪ | પ્રકૃતિ તત્ત્વકારણનો વિભાગ રહ્યો છે. | તે અતિશય આશા તૃષ્ણાવંત થાય. |
| ૨૫ | આનંદ તત્ત્વકારણનો વિભાગ રહ્યો છે. | અતિશય ચતુર અને ન્યાય ચુકાવનાર ઉન્નત્તિવંત થાય. |
| ૨૬ | મહા તત્ત્વકારણનો વિભાગ રહ્યો છે. | તે પોતાની જાતિ-વર્ણ વિશે અધિપતિ-અધિકારીતા ધરાવતો હોય છે. |
| ૨૭ | ધનંજે તત્ત્વકારણનો વિભાગ રહ્યો છે. | જો ગુરુ મળે તો તે સમાધિ કરનારો યોગી થાય. |
| ૨૮ | પ્રકૃતિ તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણના એ બંનેના વિભાગ રહ્યા છે. | અતિશય શૂરવીર અને સુભટ થાય અને સ્ત્રી હોય તો સતી નીપજે. |
| ૨૯ | પ્રકૃતિ તત્ત્વકારણ અને મહા તત્ત્વકારણના એ બંનેના વિભાગ રહ્યા છે. | તે પૃથ્વીપતિ થાય. |
| ૩૦ | પ્રકૃતિ તત્ત્વકારણ અને આનંદ તત્ત્વકારણના એ બંનેના વિભાગ રહ્યા છે. | કવિ થાય. |
| ૩૧ | આનંદ તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણના એ બંનેના વિભાગ રહ્યા છે. | મોટો પ્રારબ્ધી તેમજ ધનવંત થાય. |
| ૩૨ | આનંદ તત્ત્વકારણ અને મહા તત્ત્વકારણના એ બંનેના વિભાગ રહ્યા છે. | તે સિદ્ધિવાન થાય. |

| | | |
|---|---|---|
| ૩૩ | ધનંજે તત્ત્વકારણ અને મહા તત્ત્વકારણના બંનેના વિભાગ વિશેષ રહ્યા છે. | અતિશય દરિદ્ર હોય. |
| ૩૪ | જે જંગમના અંતઃકરણને વિશે સર્વ શરીરમાં ચારેય તત્ત્વકારણ રહ્યા છે. | તે અદષ્ટ ( જે નજર નથી દેખાતું તે પણ જોઈ શકે) તેવા વિદ્યાવાન થાય. |
| ૩૫ | ચારેય તત્ત્વકારણ (પ્રકૃતિ તત્ત્વકારણ, આનંદ તત્ત્વકારણ, મહા તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણ) વિભાગ વિશેષ રહ્યો છે. | તે અતિશય જ્ઞાની થાય. |
| ૩૬ | ચાર તત્ત્વકારણ + ત્રણ ગુણ + ત્રણ ઘણ મળી કુલ ૧૦ વિભાગ વિશેષ રહ્યો છે. | બ્રહ્મવેત્તા તેમજ વિભૂતિવાન હોય તે દસ અવતારની આદ્ય લઈ સર્વે જાણવા. |
| ૩૭ | ૩ ગુણ + ૩ ઘણ + ૪ તત્ત્વકારણ + અવ્યાક્ત + નિરંજન આદ્ય લઈ એટલા વિભાગ સંયુક્ત જેના અંતઃકરણ વિભૂતિવાન હોય. | તે દેહને વિશે કૈવલવેત્તા પુરુષ પ્રવેશ કરીને બિરાજમાન થાય. |

**નોંધ :** એ પ્રકારે પશુ, કીટ, પક્ષી, પતંગને વિશે હોય પણ તેમનામાં કેટલાક વિભાગ અતિશય જડ રહ્યા છે અને મનુષ્યના વિભાગ તો તેમાં સૂક્ષ્મ રહ્યા છે, તેને લીધે તેઓને વિશે પ્રકાશ થાય નહીં. કદાચ કોઈમાં પ્રકાશ હોય તો તે તેમની જાતિમાં જાણે.

## નિરંજન અને અવ્યાક્તના કુલ ૧૦ ભાગ - તેની તો જંગમને વિશે પુરુષજાતિ થઈ (મૂળ સ્કંધ-૧૨)

નિરંજનના આઠ ભાગમાં અવ્યાક્તના બે ભાગ મૂકીને એ દસ ભાગ મનુષ્ય પુરુષ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).



**નિરંજન (આઠ ભાગ)**

નિરંજનના ૮ ભાગમાંથી ૭ ભાગ તે પુરુષના દેહની સાત ધાતુને વિશે મળી જઈને નખથી શિખા પર્યંત પુરુષ લિંગ દેહ કરી દીધો – બાકીનો ૧ ભાગ પુરુષના દાહિને (જમણો) અંગે પિંગલા નાડીને વિશે રહ્યો છે. તેને કરીને પિંગલા નાડી પુરુષ લિંગ થઈ છે.

**અવ્યાક્ત (બે ભાગ)**

બે ભાગમાંથી ૧ ભાગ જંગમ પુરુષની ઈંગલા નાડીને વિશે બાયે (ડાબે) અંગે રહ્યો છે, તેને લીધે ઈંગલા નાડી ચંદ્રની સ્ત્રીલિંગ થઈ રહે છે. અને બાકીના એક ભાગમાંથી

એકમાંથી અડધો ભાગ પુરુષની લિંગ સ્થાન ઇંદ્રિને વિશે રહ્યો છે. તેને કરીને પુરુષ સ્ત્રીનો ભોગ કરે છે.

બીજો અડધો ભાગ તે પુરુષની નેત્ર ઇંદ્રિયને વિશે રહ્યો છે તેને કરીને પુરુષને નેત્ર ઇંદ્રિથી સ્ત્રી ઉપર મોહ થાય છે.

**નોંધ :** પુરુષને વિશે જે સ્ત્રીનાં વિભાગ હતા તે પુરુષ પોતે પુરુષના વિભાગમાં મેળવી દઈને ત્યાગી થાય છે.

જેમ કે પાંચ પચીસ રૂપામહોરમાં એક તાંબામહોર મેળવીને અને તેમાં સોહાગખાર નાંખ્યા બાદ અગ્નિમાં તપાવીને એકરસ કરે છે ત્યારે પેલા તાંબામહોરની જાતિને પલટાવી રૂપામહોરમાં એકરસ કરીને પોતાના સમાન કરી લે છે. પછી તે તાંબામહોર ત્રાંબાની જાતિને વિશે મળે નહીં અને તાંબાની કિંમતે વેચાય પણ નહીં – તે દૃષ્ટાંતના ન્યાયે અહીંયાં પુરુષનાં આઠ ભાગમાં બે ભાગ સ્ત્રીના મળીને રહ્યાં છે. તેમાં સત્સંગરૂપી ખાર નાંખીને પછી વૈરાગરૂપી અગ્નિને વિશે તપાવે તો પુરુષના આઠ ભાગને વિશે સ્ત્રીના બે ભાગ મળી જઈને એકરસ થાય છે. ત્યારે તે સ્ત્રીના બે ભાગને પુરુષના આઠ ભાગ પોતાના સમાન પુરુષરૂપ કરી લે છે. ત્યારે તેને મહાવૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તેથી તેમને સ્ત્રીની ચાહના પણ થતી નથી. કારણ કે સ્ત્રીના વિભાગ હતા તે પુરુષરૂપ થઈ ગયા તો પછી સ્ત્રીની ચાહના કોણ કરે ?

**અવ્યાક્ત અને નિરંજનના કુલ ૧૦ ભાગ - જેની જંગમને વિશે સ્ત્રીજાતિ થઈ (મૂળ સ્કંધ-૧૨)**




નિરંજનના આઠ ભાગમાં અવ્યાક્તના બે ભાગ મૂકીને એ દસ ભાગ મનુષ્ય પુરુષ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

## અવ્યાક્ત (આઠ ભાગ)

કુલ ૮ ભાગમાંથી ૭ ભાગ તો સ્ત્રીનાં દેહની સપ્ત ધાતુને વિશે મળી જઈને નખથી શિખા પર્યંત સ્ત્રીલિંગ શરીર કરી દીધું અને બાકીનો ૧ ભાગ રહ્યો હતો તે તો સ્ત્રીનાં ડાબે અંગે ઈંગલા નાડીને વિશે રહ્યો છે.

## નિરંજન (બે ભાગ)

બે ભાગ પૈકી – ૧ ભાગ તો સ્ત્રીનાં જમણા અંગે પિંગલા નાડીને વિશે રહ્યો છે.

એકમાંથી અડધો ભાગ સ્ત્રીની ભગસ્થાન ઈંદ્રિને વિશે રહ્યો છે તેને કરીને તે પુરુષનો ભોગ કરે છે.

બીજો અડધો ભાગ તે સ્ત્રીનાં નેત્ર દ્વાર ઈંદ્રિને વિશે રહ્યો છે. તેનાથી સ્ત્રીને નેત્રે કરીને પુરુષ ઉપર મોહ થાય છે. કારણ કે જે જેનો વિભાગ હોય તે તેને ગ્રહણ કરે છે. જેમ કે તેજનો વિભાગ નેત્રને વિશે રહ્યો છે તેથી તેજનું આકર્ષણ નેત્ર કરે છે. કારણ કે, નેત્ર બંધ કરીને પણ સ્પર્શ વાયુને જાણી શકે છે, પૃથ્વી વિગેરે પદાર્થને ગ્રહણ કરી શકાય છે, શબ્દો દ્વારા આકાશને જાણી શકાય છે. પરંતુ નેત્ર બંધ કરીને નેત્ર વિના તેજનો પ્રકાશ જાણી શકાય નહીં. તે જ રીતે...

- આકાશનો ભાગ કર્ણ (કાન) ને વિશે રહ્યો છે તે શબ્દ આકાશના વિભાગને ગ્રહણ કરે.
- ત્વચાને વિશે વાયુનો વિભાગ રહ્યો છે, તેને લીધે ત્વચાએ વાયુનો સ્પર્શ ગ્રહણ કરે.
- નાસિકાએ પૃથ્વીનો વિભાગ છે, તેને લીધે તે પૃથ્વીની ગંધને ગ્રહણ કરે.
- ઉદક (જળ)નો વિભાગ રસનાએ રહ્યો છે, તેને લીધે રસનાના વિભાગ રસને ગ્રહણ કરે.

તેવી જ રીતે સ્ત્રીનાં નેત્રને વિશે અને ભગસ્થાનને વિશે પુરુષનો વિભાગ રહ્યો છે, તેને લીધે એ બંને જગ્યાએ પુરુષની ચાહના થાય છે.

**નોંધ :** સ્ત્રી વિશે પુરુષના વિભાગ હતા તેને સ્ત્રી પોતે સત્સંગરૂપી ખાર થકી વૈરાગરૂપી અગ્નિને વિશે તપાવીને જીવન જીવી પોતે સ્ત્રીનાં વિભાગમાં મેળવી દઈને ત્યાગી થાય છે.

## પ્રકાશબ્રહ્મવૃત્તિનાં ત્રણ મહાતત્ત્વ (મૂળ સ્કંધ-૧૨)




અવિકાસ મહાતત્ત્વના આઠ ભાગ લઈને તેમાં વિકાસ મહાતત્ત્વનો એક ભાગ અને કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ લઈને બંને ભાગ અવિકાસ મહાતત્ત્વના આઠ ભાગમાં મૂકીને એ દસ ભાગ મનુષ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

## અવિકાસ મહાતત્ત્વ (આઠ ભાગ)

પ્રથમ અવિકાસ મહાતત્ત્વના દસ ભાગ જંગમ જાતિને વિશે પોખ્યાં હતા. તેનો ૐકાર (ઓહંગ) પ્રાણાયામ થયો. અવિકાસ મહાતત્ત્વ સંપટવત્ત જાણવું, તેને લીધે ૐકાર પ્રાણાયામ પિંડમાં અંદર ખેંચાય છે. કારણ કે પિંડ સંપટવત્ છે.

## વિકાસ મહાતત્ત્વ (એક ભાગ)

વિકાસ મહાતત્ત્વનો એક ભાગ તે અવિકાસ મહાતત્ત્વના ૐકાર પ્રાણાયામને અગ્રભાગે રહ્યો છે. જ્યારે પ્રાણાયામ શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે સર્વ નાડીઓને આગળ આગળ વિકાસ કરતો જાય છે. અને તેની પાછળ પાછળ ૐકાર પ્રાણાયામ પ્રવેશ કરે છે.

## કુંભસ્થ મહાતત્ત્વ (એક ભાગ)

કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ ૐકાર પ્રાણાયામને વિશે વ્યાપક રહ્યો છે જ્યારે કોઈ યોગી સાધના કરે છે ત્યારે સાધના કરતાં કરતાં પ્રાણાયામ ઘણીવાર સ્થંભન પામે છે. તે કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ પ્રાણાયામને વિશે વ્યાપક રહ્યો છે, તે માટે સાધના કરે ત્યારે પ્રાણાયામ સ્થંભન પામે છે.

★




વિકાસ મહાતત્ત્વના આઠ ભાગ લઈને તેમાં અવિકાસ મહાતત્ત્વનો એક ભાગ અને કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ લઈને બંને ભાગ અવિકાસ મહાતત્ત્વના આઠ ભાગમાં મૂકીને એ દસ ભાગ ફરીથી મનુષ્ય જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

## વિકાસ મહાતત્ત્વ (આઠ ભાગ)

પ્રથમ વિકાસ મહાતત્ત્વના દસ ભાગ જંગમજાતિને પોખ્યાં હતાં તેનો જંગમને વિશે સોહંગ પ્રાણાયામ થયો. વિકાસ મહાતત્ત્વ તે પ્રકાશિક જાણવું, તેને લીધે સોહંગ પ્રાણાયામ બહાર શૂન્યમાં પ્રવેશ કરે છે. કારણ કે શૂન્યમાં વિકાસપણું રહ્યું છે.

## અવિકાસ મહાતત્ત્વ (એક ભાગ)

અવિકાસ મહાતત્ત્વનો એક ભાગ તે વિકાસ મહાતત્ત્વના સોહંગ પ્રાણાયામને અગ્ર ભાગે

રહ્યો છે, તેથી બાર આંગળ શ્વાસ ચાલીને થંભી જાય છે. ત્યારે સર્વ શ્વાસ થંભીને પાછા ઊલટે છે.

### કુંભસ્થ મહાતત્ત્વ (એક ભાગ)

કુંભસ્થ મહાતત્ત્વનો એક ભાગ તે વિકાસ મહાતત્ત્વના સોહંગ પ્રાણાયામને વિશે વ્યાપક રહ્યો છે, તે, તેને લીધે પ્રાણાયામને વિશે ગાઢપણું રહ્યું છે. ગાઢપણાથી પ્રાણાયામ ઉતાવળો વહી જતો નથી.

★




કુંભસ્થ મહાતત્ત્વના આઠ ભાગ લઈને તેમાં વિકાસ મહાતત્ત્વનો એક ભાગ અને અવિકાસ મહાતત્ત્વનો એક ભાગ લઈને બંને ભાગ કુંભસ્થ મહાતત્ત્વના આઠ ભાગમાં મૂકીને એ દસ ભાગ ફરીથી મનુષ્ય જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

### કુંભસ્થ મહાતત્ત્વ (આઠ ભાગ)

કુંભસ્થ મહાતત્ત્વના દસ ભાગ જંગમજાતિને વિશે પોખ્યાં હતાં તેનો જંગમને વિશે કુંભક પ્રાણાયામ થયો. કુંભસ્થ મહાતત્ત્વ તે સમદમ જાણવું, તેને લીધે કુંભક સમદમ થાય છે. ૐકાર પ્રાણાયામને પિંડમાં ખેંચતાં અને સોહંગ પ્રાણાયામને બહાર મૂકતાં તેની મધ્યે શ્વાસ સ્થંભન પામે છે, તે કુંભસ્થ મહાતત્ત્વ જાણવું. તે કુંભસ્થ મહાતત્ત્વ શ્વાસને થંભાવે છે, તેને લીધે જંગમને વિશે સામર્થ્યપણું રહ્યું છે.

### અવિકાસ મહાતત્ત્વ (એક ભાગ)

થતે કુંભસ્થ મહાતત્ત્વે પ્રથમ અવિકાસ મહાતત્ત્વનો વિભાગ રહ્યો છે, ત્યારે તે કુંભસ્થ મહાતત્ત્વને ખેંચી રાખે છે.

### વિકાસ મહાતત્ત્વ (એક ભાગ)

વિખરાતે કુંભસ્થ મહાતત્ત્વે વિકાસ મહાતત્ત્વનો વિભાગ રહ્યો છે તેથી કુંભસ્થ મહાતત્ત્વને વિખેરી નાંખે છે.

એ પ્રકારે જંગમને વિષે કાર્યની પ્રકાર બ્રહ્મવૃત્તિના ત્રણ મહાતા રહ્યા છે.

★

**સંજમભોગવૃત્તિનાં ત્રણ ચક્ષસત્ત્વ (મૂળ સ્કંધ-૧૨)**

**૧૦ ભાગ જંગમપુરુષના સ્થૂળ શરીરને વિશે પોખ્યાં**




અનંગ ચક્ષસત્ત્વના ત્રણ ભાગ તથા વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના ત્રણ ભાગ લઈને તેમાં કાળ ચક્ષસત્ત્વના ચાર ભાગ મૂકીને એ દશભાગ મનુષ્ય પુરુષ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ (ત્રણ ભાગ)**

**મૂળ ક્રિયા** પુરુષ દૃષ્ટિથી અથવા ધ્યાને કરીને સ્ત્રીનું આલોચન કરે છે.

**પ્રગટ ક્રિયા** પ્રથમ સ્ત્રી-પુરુષના લિંગનો સંયોગ કરી આપે છે.

**અનંગ ચક્ષસત્ત્વ (ત્રણ ભાગ)**

**મૂળ ક્રિયા** સ્ત્રીને આલોચન કરવાથી પુરુષ કામાતુર થાય છે. તે અનંગ ચક્ષસત્ત્વ જાણવું.

**પ્રગટ ક્રિયા** સંયમ કર્યા પછી મૈથુન ક્રિયા કરે છે—પુરુષના બિંદુને અધોમુખે નીચે ઉતારે છે. અનંગ ચક્ષસત્ત્વ અધોમુખે રહેલું હોવાથી મૈથુન કરતાં પુરુષ થોડીવારમાં શાંતિ પામે છે.

**કાળ ચક્ષસત્ત્વ (ચાર ભાગ)**

**મૂળ ક્રિયા** પંચભૂતની આદ્ય લઈને સર્વ - અંગ (ઇંદ્રિયો) શરીરનો અર્ક કાઢીને બિંદુ સ્વરૂપે ભેગો કરી વંકનાળમાં લાવે છે.

**પ્રગટ ક્રિયા** મૈથુન કર્યા પછી બિંદુપાત થાય છે અને પુરુષના બિંદુને નીચે ઉતારે છે. જેવી રીતે બીજગને વિશે વૃક્ષ રહ્યું છે તે પત્ર, ફૂલ, ફળ ઉદય પામે ત્યારે દેખાય છે. એ પ્રકારે સર્વ તત્ત્વના વિભાગ બિંદુમાં રહ્યા છે પણ તેમાં મુખ્ય પંચભૂતના વિભાગ બિંદુને વિશે રહ્યા છે તેની સમજ

| | |
|---|---|
| ૧. પૃથ્વીતત્ત્વનો ભાગ | બિંદુને વિશે ગાઢપણું રહ્યું છે. |
| ૨. અગ્નિતત્ત્વનો ભાગ | બિંદુને વિશે ઉષ્ણપણું રહ્યું છે. |
| ૩. જળતત્ત્વનો ભાગ | બિંદુને વિશે રસપણું રહ્યું છે. |
| ૪. આકાશતત્ત્વનો ભાગ | બિંદુને વિશે વિકાસપણું રહ્યું છે. |

૫. વાયુતત્ત્વનો ભાગ બિંદુને વિશે વેગપણું રહ્યું છે.

એ પ્રકારે બિંદુને વિષે પંચભૂતનો અર્ક સંજુક્ત ભેગો રહ્યો છે. આમ મૂળ ક્રિયાને પ્રગટ ક્રિયા દર્શાવી.

**૧૦ ભાગ જંગમને સ્થૂળ શરીરને વિશે (સ્ત્રીજાતિને) પોખ્યાં (મૂળ સ્કંધ-૧૨)**




અનંગ ચક્ષસત્ત્વના ત્રણ ભાગ તથા વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના ત્રણ ભાગ લઈને તેમાં કાળ ચક્ષસત્ત્વના ચાર ભાગ મૂકીને એ દશભાગ મનુષ્ય પુરુષ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ (મૂળ સ્કંધ ૧૨)**

**મૂળક્રિયા** પ્રથમ સ્ત્રી-પુરુષનું અંતરને વિશે (હૃદયથી) કે નેત્રો દ્વારા આલોચન કરે છે તે વગ્ર જ્ઞાન ચક્ષસત્ત્વ જાણવું.

**પ્રગટક્રિયા** પ્રથમ પુરુષ સ્ત્રીનાં લિંગનો સંયોગ કરી આપે છે. સ્ત્રીનાં કમળને વિશે બિંદુની વહેંચણી કરીને જે જેના તત્ત્વ તથા ઈંદ્રિઓના અર્ક વિભાગને તે તેનાં તત્ત્વ તથા ઈંદ્રિયોની જગ્યાએ પોખીને બિંદુનો ઘાટ ઘડે છે.

**અનંગ ચક્ષસત્ત્વ (મૂળ સ્કંધ ૧૨)**

**મૂળક્રિયા** આલોચન કર્યા પછી સ્ત્રી કામાતુર થાય છે. સ્ત્રીનું અનંગ ચક્ષસત્ત્વ સ્ત્રીને વિશે ઊર્ધ્વમુખે રહેવાથી બિંદુને ઊર્ધ્વમુખે ખેંચે છે અને ઊંચે ચઢાવે છે. તેથી મૈથુન કરતાં સ્ત્રી જલદી શાંત પામતી નથી.

**પ્રગટક્રિયા** જ્યારે પુરુષ સ્ત્રીને મૈથુન કરે છે ત્યારે સ્ત્રીનાં લિંગને વિશે આનંદ ઉપજાવે છે અને પુરુષના બિંદુને ખેંચીને સ્ત્રીનાં કમળમાં પહોંચાડવાનું કામ કરે છે સ્ત્રીને વિશે તો ઊર્ધ્વમુખે અનંગ ચક્ષસત્ત્વ રહ્યું છે.

**કાળ ચક્ષસત્ત્વ (મૂળ સ્કંધ ૧૨)**

**મૂળક્રિયા** કામાતુર થયા પછી સ્ત્રીનાં કમળને વિશે રસબિંદુ ઉત્પન્ન થાય છે. તે બિંદુને કાળ ચક્ષસત્ત્વ સ્ત્રીનાં શરીરમાંથી ખેંચી લાવે છે.

**પ્રગટક્રિયા** તે ઘાટને પરિપક્વ કરીને કમળથી વિખૂટો પાડીને ભિન્ન કરી નાંખે છે ત્યારે બાળકનો પ્રસવ થાય છે.

**નોંધ :** કાળ ચક્ષસત્ત્વ સ્ત્રીનાં રસ બિંદુને વિશે પંચભૂતની આદ્ય લઈને સર્વ તત્ત્વનો અર્ક ખેંચી લાવે છે તે કેવી રીતે જણાય.

૧. પૃથ્વીતત્ત્વનો ભાગ સ્ત્રીનાં બિંદુને વિશે ચિકાશ તેમજ દુર્ગંધપણું રહ્યું છે.

૨. જળતત્ત્વનો ભાગ સ્ત્રીનાં બિંદુને વિશે અતિશય રસપણું રહ્યું છે.

૩. અગ્નિતત્ત્વનો ભાગ સ્ત્રીનાં બિંદુને વિશે ઉષ્ણતાપણું રહ્યું છે.

૪. આકાશતત્ત્વનો ભાગ જ્યારે પુરુષના બિંદુ અને સ્ત્રીનાં બિંદુનો સંયમ થાય છે ત્યારે પુરુષના બિંદુને વચ્ચે ઘાલીને સ્ત્રીનું બિંદુ ઉપર રહે છે અને મધ્યે પુરુષના બિંદુને રાખે છે.

૫. વાયુતત્ત્વનો ભાગ પુરુષના બિંદુને આકર્ષણ દ્વારા સ્ત્રીનું બિંદુ પોતાના બિંદુમાં મેળવી દે છે.

**(નોંધ : અન્ય શરીરમાં ચક્ષસત્ત્વની વહેંચણી)**

| શરીર (દેહ) | અનંગ ચક્ષસત્ત્વ | વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ | કાળ ચક્ષસત્ત્વ | કુલ ભાગ |
|---|---|---|---|---|
| સૂક્ષ્મ | ૧ ½ અનંગ ચક્ષસત્ત્વ + | ૧ ½ વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ + | ૨ કાળ ચક્ષસત્ત્વ | ૫ |
| કારણ | ૩/૪ | ૩/૪ | **૧** | **૨ ½** |
| મહાકારણ | ૩/૮ | ૩/૮ | ૧/૨ | **૧ ૧/૪** |
| પરમકારણ | ૩/૧૬ | ૩/૧૬ | ૧/૪ | ૫/૮ |

**સંજમભોગવૃત્તિનાં ત્રણ ચક્ષસત્ત્વ (મૂળ સ્કંધ-૧૨)**

જંગમજાતિમાં પુરુષને વિશે તથા સ્ત્રીને સ્ફૂરણ થઈને પુત્રી-પુત્રાદિક પ્રજાની ઉત્પત્તિ કરે છે - તેની સમજ

**પુત્ર-પુત્રી કયા સંયોગે કરીને થાય છે - તેની સમજ (મૂળ સ્કંધ ૧૨)**

**પિંગલા નાડી**

પિંગલા નાડીમાંથી ૩૬ હજાર નાડીઓ નીકળીને શરીરના દક્ષિણ – જમણે અંગે રોમરોમમાં વ્યાપક પ્રસરીને રહી છે.

- ત્રણ મહાતત્ત્વે કરીને પોષાઈને શ્વાસવત્ થાય છે.
- પિંગલા નાડી પોતાની મેળે એકલી ચાલે છે.

- પુરુષની પિંગલાનાડી ચાલતાં પુરુષનું બિંદુ સ્ત્રીને વિશે પડે તો તેનો પુત્ર થાય.
- પુરુષના દેહમાં નિરંજનનો એક ભાગ પુરુષના જમણે અંગે પિંગલા નાડીને વિશે રહ્યો છે, તેને લીધે પિંગલા નાડીમાં પુરુષાતન રહ્યું છે.

## ઈંગલા નાડી

ઈંગલા નાડીમાં પણ ૩૬ હજાર નાડીઓ નીકળીને ઉત્તરાયણે – ડાબે અંગે રોમ-રોમમાં વ્યાપક પ્રસરીને રહી છે.

- ત્રણ મહાતત્ત્વે કરીને પોષાઈને શ્વાસવત્ થાય છે.
- ઈંગલા નાડી પોતાની મેળે એકલી ચાલે છે.
- પુરુષની ઈંગલા નાડી ચાલતાં પુરુષનું બિંદુ સ્ત્રીને વિશે ગળે તો તેની પુત્રી થાય.
- પુરુષને વિશે અવ્યાક્રત નો એક ભાગ પુરુષને ડાબે અંગે ઈંગલા નાડીને વિશે રહ્યો છે. તેને કરીને ઈંગલા નાડીને વિશે સ્ત્રીલિંગપણું રહ્યું છે.

## સૂક્ષમણા નાડી(સુષમણા)

સુષમણા નાડીમાંથી દસ નાડીઓ નીકળીને બ્રહ્મરંદ્ર વિશે પ્રસરેલી છે.

- ત્રણ મહાતત્ત્વે કરીને પોષાઈને બ્રહ્મરંદ્રને શ્વાસવત્ કરે છે. તેથી દસ પ્રકારના અનહદ નાદ સંભળાય છે.
- સુષમણા નાડી તે બંને (ઈંગલા અને પિંગલા)ના સંયોગે ચાલે છે.
- સુષમણા નાડી ચાલતાં પુરુષનું બિંદુ ગળે તો તે બિંદુનો પ્રલય થાય. કારણ કે સુષમણા નાડીને વિશે તો આકાશતત્ત્વનો ભાગ વિશેષ રહ્યો છે અને આકાશ તો નિરસત્વ તેમજ નપુંસક છે. માટે સુષુમ્ણા નાડીને વિશે પણ નપુંસકપણું રહ્યું છે.
- જો કદાચ સુષમણા નાડીનું બિંદુ જામે તો તેનાં બે બાળક થાય.
- પુરુષની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો, તે બિંદુ નિષ્ફળ જાય. અને જો કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો પુત્ર-પુત્રી બંને ઉત્પન્ન થાય. બંને બાળકમાં એક સ્ત્રીની જમણી કૂખનું બાળક હોય અને પહેલું આગળ પ્રસવ થાય તે સ્મૃતિવાન નીપજે. કદાચ પાછળ જન્મેલું સ્મૃતિવાન હોય તો તે સ્ત્રીની જમણી કૂખનું જાણવું અને શરીરે નાનાં-મોટાં હોય.
  પુરુષની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય અને જો કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો બે બાળક થાય અને બંને મૂર્ખ હોય.
- પુરુષની સુષુમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય.
- પુરુષની સુષુમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને

વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય.

એ પ્રકારે ઈંગલા, પિંગલા અને સુષુમણા એ ત્રણ નાડી દેહની મધ્યે રહી છે. ઈંગલા નાડી અને પિંગલા નાડી પોતપોતાની મેળે એકલી એકલી ચાલે છે અને સુષુમણા તે બંને નાડીઓના સંયોગે ચાલે છે. એ ત્રણેય નાડીઓનો પ્રસારો સર્વ શરીરને વિશે રોમ રોમમાં રહેલો છે.

**લેતો પ્રાણાયામ**

લેતો પ્રાણાયામ એ સ્ત્રી-પુરુષનું અવિકાસ મહાતત્ત્વ જાણવું.

- અવિકાસ મહાતત્ત્વ તે સ્ત્રીલિંગ જાણવું.
- અવિકાસ મહાતત્ત્વના દસ ભાગ જંગમજાતિને વિશે પોખ્યાં હતા તેનો ઓહંગ ૐકાર પ્રાણાયામ થયો.

**મૂકતો પ્રાણાયામ**

મૂકતો પ્રાણાયામ તે સ્ત્રી, પુરુષનું વિકાસ મહાતત્ત્વ જાણવું.

- વિકાસ મહાતત્ત્વ તે પુરુષલિંગ જાણવું.
- વિકાસ તત્ત્વના દસ ભાગ જંગમજાતિને પોખ્યાં હતા તેનો જંગમજાતિના વિશે સોહંગ પ્રાણાયામ થયો.

**સ્થંભન પ્રાણાયામ**

બંને પ્રાણાયામની મધ્યે સ્થંભન પ્રાણાયામ તે સ્ત્રી-પુરુષનું કુંભસ્થ મહાતત્ત્વ જાણવું.

- કુંભસ્થ મહાતત્ત્વ તે નપુંસક – નયંતા જાણવું.
- કુંભસ્થ મહાતત્ત્વના દસ ભાગ જંગમજાતિને પોખ્યાં હતા, તેના વિશે કુંભક પ્રાણાયામ થયો.
- કુંભસ્થ મહાતત્ત્વ તે પુરુષનો પ્રાણાયામ સ્થંભન પામતાં તે વખતે પુરુષનું બિંદુ સ્ત્રીને વિશે ગળે અને સ્ત્રીનો પ્રાણાયામ પણ તે વખતે સ્થંભન હોય તો બિંદુ નિષ્ફળ જાય. કદાચ તે બિંદુનો ગર્ભ રહે તેનું બાળક થાય તે મૂંગું, પાંગળું, બધીર (બહેરું), અંધ કે તણાયેલું હોય.
- પુરુષના પ્રાણાયામને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતું હોય ને કુંભકનું બિંદુ ગળે અને તે બિંદુનો ગર્ભ રહે તો તે બાળક પાંગળું જન્મે.
- પુરુષના પ્રાણાયામને વિશે જળતત્ત્વ ચાલતાં કુંભકનું બિંદુ ગળે અને તેનો ગર્ભ રહે તો મૂંગા બાળકનો પ્રસવ થાય.
- પુરુષના પ્રાણાયામને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં કુંભકનું બિંદુ ગળે અને તેનો ગર્ભ રહે તો અંધ બાળક ઉત્પન્ન થાય.
- પુરુષના પ્રાણાયામને વિશે વાયુતત્ત્વ ચાલતાં કુંભકનું બિંદુ ગળે તો તેના ગર્ભનું બાળક થાય તે તણાયેલું થાય.



◆ પુરુષના પ્રાણાયામને વિશે આકાશતત્ત્વ ચાલતાં કુંભકના બિંદુ ગળે તો તેના ગર્ભનાં બે બાળક પ્રસવે તે બંને અંગે ખંડિત નીપજે તેમાં પહેલું તે બધીર નીપજે અને બીજું જે તત્ત્વ સંગાથે હોય તે તત્ત્વની ઈંદ્રિય પણ ખંડિત થાય.

## પુત્ર કે પુત્રી? તેમજ તેના સ્વભાવ અને શરીરનો બાંધો કેવો હોય છે તેની સમજ

### પુત્ર પ્રાપ્તિ (મૂળ સ્કંધ ૧૨)

પુરુષની પિંગલા નાડી ચાલતાં પુરુષનું બિંદુ સ્ત્રીને વિશે પડે તો તેનો પુત્ર થાય કારણ કે પુરુષને વિશે આઠ ભાગ નિરંજનના અને બે ભાગ અવ્યાક્તના એમ દસ ભાગ પોખ્યાં હતા. તે પૈકી નિરંજનના આઠ ભાગમાંથી સાત ભાગ તો પુરુષની સાત ધાતુને વિશે રહ્યા છે, તેને લીધે તો પુરુષનો દેહ થયો છે. એક ભાગ નિરંજનનો રહ્યો તે પુરુષના જમણા અંગે પિંગલા નાડીને વિશે

રહ્યો છે. તેને કરીને પિગંલા નાડીમાં પુરુષાતન રહ્યું છે. તેને પુરુષાતને કરીને પિંગલા નાડી ચાલતાં બિંદુ ગળે તો પુત્ર થાય છે.

જ્યારે ઇંગલા તેમજ પિંગલા બંને નાડીનો સંયોગ થઈને સંયુક્ત ચાલે તેને સુષમણા નાડી કહેવાય છે. તે સુષમણા નાડી ચાલતાં બિંદુ ગળે તો તે બિંદુનો પ્રલય થાય. કારણ કે સુષમણા નાડીને વિશે તો આકાશતત્ત્વનો ભાગ વિશેષ રહ્યો છે. અને આકાશ તો નિરસત્વ તેમજ નપુંસક છે, તેને લીધે સુષમણા નાડીના બિંદુનો નાશ થાય છે. અને જો કદાચ સુષમણા નાડીનું બિંદુ જામે તો તેનાં બે બાળક થાય.

જ્યારે પુરુષને સુષમણા નાડી ચાલતી હોય અને સ્ત્રીને પણ સુષમણા ચાલતી હોય તે વખતે સ્ત્રી-પુરુષના સંયમના બિંદુમાં પુત્ર-પુત્રી નીપજે.

જો પુરુષને પિંગલા નાડી ચાલતી હોય અને સ્ત્રીને સુષમણા નાડી ચાલતી હોય તે વખતે સ્ત્રી-પુરુષના સંયમા બિંદુના બંને પુત્ર નીપજે.

જ્યારે સ્ત્રીની નાભિને વિશે અનંગ અધોમુખે હોય ત્યારે તે વખતના સંયોગે સુષમણાના બિંદુનો ગર્ભ રહે, નહિંતર તો બિંદુનો પ્રલય થાય.

જ્યારે પુરુષની સુષમણા નાડી ચાલતી હોય અને સ્ત્રીનું એક કમળ ખીલેલું હોય અને પિંગલા નાડી ચાલતી હોય તો તે સમયે સ્ત્રી પુરુષના સંયમના બિંદુનો પ્રલય થાય.

જો કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો તે ગર્ભનો પ્રસવ ન થાય. તે અંદરનો અંદર ઉદરને વિશે ચપટ થઈને રહે. કારણ કે પુરુષની સુષમણાનાં બંને બિંદુ એક કમળમાં પ્રવેશ થયાં છે. તે બંને બિંદુના સંયોગે કરીને અંદરના અંદર સંયોગ થઈ રહે છે. તે માટે તે ગર્ભનો પ્રસવ ન થાય. જો કદાચ તે ગર્ભનો પ્રસવ થાય તો બંને બિંદુમાંથી એક બિંદુનો વિભાગ સડી જઈને અંદરથી ખરી પડે. ત્યાર પછી એક વિભાગ રહ્યો તેનો પ્રસવ થાય તે મરેલું બાળક પ્રસવે છે. જો કદાચ તે પાછળ રહેલા બિંદુનો વિભાગ થોડા દિવસ કમળનું શોષણ કરી પુષ્ટ થઈને પ્રસવે તો તેનો સજીવન પુત્ર નીપજે.

અસ્થિ, રગ, રોમ ને પુરુષના પુરુષાતનનો રેત ભાગ એ ચાર ધાતુ પુરુષના વ્રજબિંદુની હોય છે અને રૂદ્ર, માંસને ત્વચા એ ત્રણ ધાતુ સ્ત્રીનાં વ્રજબિંદુની હોય. એ સપ્ત ધાતુનો તો પુત્ર થાય છે.

પુરુષની સુષુમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની સુષુમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય. અને કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો પુત્ર-પુત્રી બંને ઉત્પન્ન થાય. બંને બાળકોમાં એક સ્ત્રીની જમણી કૂખનું બાળક હોય અને પહેલું આગળ પ્રસવ થાય તે સ્મૃતિવાન નીપજે. કદાચ પાછળ જન્મેલું સ્મૃતિવાન હોય તો તે સ્ત્રીની જમણી કૂખનું જાણવું અને શરીરે તે નાનાં-મોટાં હોય.

હવે કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિનાં ત્રણ મહાતત્ત્વો જે એક અવિકાસ મહાતત્ત્વ, બીજું વિકાસ મહાતત્ત્વ અને ત્રીજું કુંભસ્થ મહાતત્ત્વે કરીને પ્રથમ ઈંગલા, પિંગલાને સુષુમણા નાડી પોષાઈને શ્વાસવત્ થાય છે. તે ત્રણ નાડીઓ શ્વાસવત્ થઈને તેમાં પિંગલા નાડી દ્વારા જમણા અંગની



છત્રીસ હજાર નાડીઓ પોષાઈને શ્વાસવત્ થાય છે અને ઈંગલા નાડીને તો ડાબા અંગની છત્રીસ હજાર નાડીઓ પોષાઈને શ્વાસવત્ થાય છે અને સુષુમણા નાડીએ તો બ્રહ્મરંધ્રની દસ નાડીઓ પોષાઈને બ્રહ્મરંધ્ર શ્વાસવત્ થાય છે, તેને લીધે દસ પ્રકારના અનહદ નાદ થાય છે. એ પ્રકારે ત્રણ મહાતત્ત્વની સત્તાએ નાડીઓ પોષાઈને નખથી શિખા પર્યંત રોમે રોમ સર્વ દેહમાં વ્યાપક શ્વાસવત્ થઈ રહ્યો છે. તે ત્રણ મહાતત્ત્વે કરીને અન્યો અન્ય સર્વ નાડીઓ શ્વાસવત્ થાય છે. હવે આ ત્રણ મહાતત્ત્વો તે, સ્ત્રી પુરુષને વિશે લેતો પ્રાણાયામ તે અવિકાસ મહાતત્ત્વ જાણવું. મૂકતો પ્રાણાયામ તો સ્ત્રી પુરુષને વિશે વિકાસ મહાતત્ત્વ જાણવું. બંને પ્રાણાયામની મધ્યે શ્વાસ સ્થંભન પામે છે તે સ્ત્રી પુરુષને વિશે કુંભસ્થ મહાતત્ત્વ જાણવું. હવે એ ત્રણ મહાતત્ત્વોને વિશે લેતો પ્રાણાયામ અવિકાસ મહાતત્ત્વ તે સ્ત્રીલિંગ જાણવું. મૂકતો પ્રાણાયામ વિકાસ મહાતત્ત્વ તે પુરુષલિંગ જાણવું અને પ્રાણાયામ સ્થંભન પામે તે કુંભસ્થ મહાતત્ત્વ તે નપુંસક નિયંતા જાણવું. એ ત્રણ મહાતત્ત્વો ઈંગલા, પિંગલા અને સુષુમણા નાડીઓને વિશે સદાકાળ રમણ કરે છે, તેને લીધે સર્વ જંગમના દેહ શ્વાસવત્ થઈને હલન-ચલન કરે છે. એ પ્રકારની નાડીઓ અને તત્ત્વો સંજુક્તે કરીને જંગમને વિશે પુત્ર-પુત્રી થાય છે.

- જ્યારે પુરુષની પિંગલા નાડી ચાલતી હોય અને સ્ત્રીની પણ પિંગલા નાડી ચાલતી હોય ત્યારે મુકાતે પ્રાણાયામે બિંદુ છૂટે અને સ્ત્રીની પણ પિંગલા નાડી ચાલતી હોય ત્યારે મુકાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેનો પુત્ર થાય તે મહા સુભટ તેમજ શૂરવીર થાય અને જો સત્સંગ મળે તો ઈન્દ્રિજિત યોગી થાય.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં લેવાતા પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની પણ પિંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેનો પુત્ર થાય તે વિંદલ (વ્યંઢળ) થાય.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની પણ પિંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે અતિશય કામી હોય.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ખરે અને સ્ત્રીની પિંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેનો પુત્ર થાય તે સર્વે વાતે સાધારણ નીપજે.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ઉત્પન્ન થાય (ગળે) અને સ્ત્રીની ઈંગલા નાડી ચાલતાં મુકાતે શ્વાસે બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે વાંઝિયો હોય.

- પુરુષની પિંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે બહાવરો-વાચાળ હોય.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તેનો પુત્ર નીપજે તે મૂર્ખ તેમજ પશુ સમાન હોય.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામ બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેનો પુત્ર થાય તે અતિશય કાયર તેમજ શુરાતન વિનાનો હોય.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં કુંભક પ્રાણાયામનો બિંદુનો પુત્ર થાય, પરંતુ તે પાંગળો, બધીર કે અંધ હોય.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં પુરુષ સ્ત્રી સાથે મૈથુન કરે તો પુરુષની ચાર ધાતુનું રેતબિંદુ ગળે (અસ્થિ, નાડી, રોમ અને પુરુષના પુરુષાતનનો રેત ભાગ) અને સ્ત્રીની પિંગલા નાડી ચાલતાં સ્ત્રી પુરુષનો ભોગ કરે તો સ્ત્રીની ત્રણ ધાતુનું બિંદુ ઉત્પન્ન થાય (માંસ, રૂદ્ર અને ત્વચા) એ સપ્ત ધાતુ સ્ત્રી પુરુષના ભેગા હોય તો તેનો પુત્ર થાય છે.
- પુરુષની પિંગલા નાડી ચાલતી હોય અને સ્ત્રીની ઈંગલા નાડી ચાલતી હોય તો સ્ત્રી પુરુષ બંનેની ચાર-ચાર ધાતુનું બિંદુ ઉત્પન્ન થાય (અસ્થિ, નાડી, રોમ, પુરુષના પુરુષાતનનો રેત ભાગ, માંસ, રુદ્ર ત્વચા અને સ્ત્રીના સ્ત્રીપણાનો રેત ભાગ) – એ આઠ ધાતુ સ્ત્રી પુરુષની ભેગી હોય તો તે બિંદુ નિષ્ફળ જાય. જો કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો તેનો પુત્ર થાય તે વિંદલ, પુરુષાતન સિવાયનો હોય.
- પુરુષની પિંગલા નાડી ચાલતાં તેને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પણ પિંગલા નાડી ચાલતાં તેને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર થાય તે મંદ અંતઃકરણનો નીપજે અને શરીરે પુષ્ટ હોય.
- પુરુષની પિંગલા નાડી ને વિશે જળતત્ત્વ ચાલતું હોય ત્યારે બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતું હોય ત્યારે બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે ચતુરવંત દાતાર થાય અને શરીરે દીર્ધવાન હોય.
- પુરુષની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડી વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે લબાડી, મિથ્યા ભાષણ કરનારો તથા જૂઠું વચન બોલનારો હોય અને શરીરે ગટકો-છોટો નિપજવાથી વૃદ્ધિ પામીને દીર્ધવાન થાય નહીં.
- પુરુષની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે, તે અતિશય જોરાવર અને શરીરે પાતળા બાંધાનો હોય.

- પુરુષની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે, તે સ્ત્રી વશ હોય અને પુણ્યાત્મા દાતાર નીપજે.
- પુરુષની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે અતિશય આળસું તેમજ દરિદ્ર હોય.
- પુરુષની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે અતિશય પરદેશ ભ્રમણ કરતો રહે.
- પુરુષની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતું હોય તો તે બિંદુ નિષ્ફળ જાય. કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો તે મરેલા બાળકનો પ્રસવ થાય.
- પુરુષની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે, તેને ઘણી સ્ત્રીઓ વશ થઈ રહે અને તે અતિશય લોભી હોય.
- પુરુષની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર થાય તે જીહ્વાનો કટુ વચની હોય પણ અંતરમાં દયાવંત હોય.
- પુરુષની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે નપુસંક તથા શાંત સ્વભાવનો હોય.
- પુરુષની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીને આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય અને જો કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો બે પુત્ર નીપજે અને તેઓ અતિશય શાંત હોય.
- પુરુષની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે, તે અતિશય દાવાદારી, અન્યાયી અને મૂર્ખ હોય.
- પુરુષની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે, તે મુખથી મીઠું બોલે પણ અંતરમાં કપટી હોય.
- પુરુષની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે, તેનો ગર્ભપાત થઈ જાય અને કદાચ પક્વ થઈને પ્રસવે તો થોડા દિવસ જીવે.

- પુરુષની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતું હોય તો બિંદુ નિષ્ફળ જાય.
- પુરુષની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે, તે શુદ્રના ઉદરનો હોય તે ચોર નીપજે અને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યના ઉદરનો હોય તો કોઈનો ચાકર, કાસદ કે વણોતર થઈને રહે.
- પુરુષની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેનો પુત્ર નીપજે તે શીલ સ્વભાવનો શાંતિવંત હોય પણ પરદેશની કમાઈ લાવીને દિવસો પસાર કરે.
- પુરુષની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય. કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો તે બાળકનું થોડાક વર્ષમાં મૃત્યુ થાય.
- પુરુષની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતું હોય તો તે બિંદુ નિષ્ફળ જાય અને જો કદાચ તેનો ગર્ભ રહે તો તે ગર્ભ એકવીસ દિવસની અંદર વિલસાઈ જાય.
- પુરુષની સુષુમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય અને કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો બે બાળક થાય અને તે બંને મૂર્ખ હોય.
- પુરુષની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુનો નાશ થાય. કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો બે પુત્ર થાય તે એકદમ શાંત સ્વભાવના હોય.

પુરુષની સુષુમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય. પુરુષની સુષુમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય. પુરુષની ઈંગલા નાડીને વિશે પાંચેય તત્ત્વ એને એ પ્રકારે ચાલતાં બિંદુ ગળે તો અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે પાંચેય તત્ત્વ એને એ પ્રકારે ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રીઓ નીપજે. તે જે પ્રકારે પિંગલા નાડીને વિશે પુત્ર ઉત્પન્નની ક્રિયા કહી તે જ પ્રકારે ઈંગલા નાડીને વિશે પુત્રીઓ ઉત્પન્ન થાય. તેની પણ તેવા જ પ્રકારની ક્રિયા હોય છે.

## પુત્રી પ્રાપ્તિ (મૂળ સ્કંધ-૧૨)

પુરુષની ઈંગલા નાડી ચાલતાં પુરુષનું બિંદુ સ્ત્રીને વિશે ગળે તો તેની પુત્રી થાય. કારણ કે પુરુષને વિશે નિરંજનના આઠ ભાગની સાથે બે ભાગ અવ્યાકતના પોખ્યાં હતા. જેમાંથી એક ભાગના બે

અર્ધા અર્ધા ભાગ તો પુરુષની નેત્ર ઈંદ્રિય તથા ઉપસ્થ ઈંદ્રિયને વિશે રહ્યા છે. એક ભાગ અવ્યાક્તનો રહ્યો તે પુરુષને ડાબા અંગે ઇંગલા નાડીને વિશે રહ્યો છે, તેને લીધે ઇંગલા નાડીને વિશે સ્ત્રીલિંગ પણું રહ્યું છે તે સ્ત્રીલિંગે કરીને ઇંગલા નાડી ચાલતાં પુરુષનું બિંદુ ગળે તો પુત્રી થાય છે.



પુરુષની સુષમણા નાડી ચાલતી હોય અને સ્ત્રીનું એક કમળ ખીલ્યું હોય અને ઇંગલા નાડી ચાલતી હોય તો તે સ્ત્રી-પુરુષના સંયમના બિંદુનો પ્રલય થાય. કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો તેનો પ્રસવ ન થાય. અને કદાચ પ્રસવ થાય તો બંને બિંદુમાંથી એક વિભાગ ખરી પડે. ત્યારપછી એક વિભાગ રહ્યો તેનો પ્રસવ થાય તે મરેલું બાળક જન્મે. જો કદાચ પાછળ રહેલા બિંદુનો એક વિભાગ કમળનું ધાવણ કરીને પૃષ્ટ થઈને પ્રસવે તો તેની પુત્રી નીપજે તે જીવંત હોય.

જ્યારે પુરુષને સુષમણા-નાડી ચાલતી હોય અને સ્ત્રીને પણ સુષમણા નાડી ચાલતી હોય તે વખતે સ્ત્રી-પુરુષના સંયમના બિંદુમાં પુત્ર-પુત્રી નીપજે.

જો સ્ત્રીને સુષુમણા નાડી ચાલતી હોય અને બંને કમળ ખીલેલાં હોય અને તે વખતે પુરુષની ઇંગલા નાડી ચાલતી હોય તો સ્ત્રી પુરુષના સંયમના બિંદુની બંને પુત્રી થાય.

રુદ્ર, માંસ, ત્વચાને સ્ત્રીના સ્ત્રીપણાનો રેત ભાગ એ ચાર ધાતુ સ્ત્રીનાં વ્રજબિંદુની હોય અને વળી, અસ્થિ, નાડીને રોમ એ ત્રણ ધાતુ તે પુરુષના વ્રજબિંદુની હોય. એ સાત ધાતુની તો પુત્રી થાય.

- પુરુષની ઇંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની પણ ઇંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે વિંદલ-વાંઝણી હોય.
- પુરુષની ઇંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની ઇંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે મહા સુભટ, સુજાણ અને પતિવ્રતા હોય અને તે ને કદાચ સત્સંગ મળે તો કુંવારિકા પદે સાધના કરે એવી થાય.
- પુરુષની ઇંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની ઇંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે અતિશય કામી તેમજ વ્યભિચારિણી હોય.
- પુરુષની ઇંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની ઇંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે સર્વ બાબતમાં સાધારણ હોય.

- પુરુષની ઈંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે મહાશૂરવીર પુરુષના જેવી આકૃતિવાન હોય અને તેને પુત્રી-પુત્રાદિ અતિશય નીપજે નહીં.
- પુરુષની ઈંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડી ચાલતાં લેવાતાં પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે બાવરી તેમજ વાચાળ હોય.
- પુરુષની ઈંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે મહા દૃઢ કલેજાની હોય અને તે પુરુષની સાથે સતી થાય.
- પુરુષની ઈંગલા નાડી ચાલતાં લેવાતે પ્રાણાયામે બિંદુ ગળે અને સ્ત્રીની પિંગલા નાડી ચાલતાં મુકાતે પ્રાણાયામે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નિપજે તે મહા ચારિત્રવાન ને શંખણી હોય.
- પુરુષની ઈંગલા નાડી ચાલતાં કુંભક પ્રાણાયામના બિંદુની તો પુત્રી થાય, પરંતુ તે લૂલી, બધિર કે અંધ હોય.
- પુરુષની ઈંગલા નાડી ચાલતાં પુરુષ સ્ત્રી સાથે મૈથુન કરે તો પુરુષની ત્રણ ધાતુનું રેતબિંદુ ગળે (અસ્થિ, નાડી અને રોમ) અને સ્ત્રીની ઈંગલા નાડી ચાલતાં સ્ત્રી પુરુષનો ભોગ કરે તો સ્ત્રીની ચાર ધાતુનું બિંદુ ઉત્પન્ન થાય (માંસ, રૂદ્ર અને ત્વચા અને સ્ત્રીના સ્ત્રીપણાનું રેતભાગ) આ સાત ધાતુ સ્ત્રી-પુરુષની ભેગી થાય તો તેને પુત્રી થાય છે.
- પુરુષને ઈંગલા નાડી ચાલતી હોય અને સ્ત્રીને પણ સંયોગ સમયે પિંગલા નાડી ચાલતી હોય તો સ્ત્રી પુરુષ બંનેની ત્રણ, ત્રણ ધાતુનું બિંદુ ઉત્પન્ન થાય - અસ્થિ, નાડી, રોમ, પુરુષની અને માંસ, રૂદ્ર અને ત્વચા સ્ત્રીની એ છ ધાતુ સ્ત્રી-પુરુષની ભેગી થાય તો તે બિંદુ નિષ્ફળ જાય અને જો કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો પુત્રી ઉત્પન્ન થાય તે પુત્રી-સ્ત્રી ધર્મ વિનાની વિંદલ હોય.
- પુરુષની ઈંગલા નાડી ચાલતાં તેને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની પણ ઈંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી થાય તે મંદ અંતઃકરણવાળી નીપજે અને શરીરે પૃષ્ટ હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતું હોય ત્યારે બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતું હોય ત્યારે બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે ચતુરવંત, દાતાર થાય અને શરીરે દીર્ઘવાન હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડી વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે લબાડી, મિથ્થા ભાષણ કરનારી તથા જૂઠું વચન બોલનારી હોય અને શરીરે ગટકી-છોટી નિપજવાથી વૃદ્ધિ પામીને દીર્ઘવાન થાય નહીં.
- પુરુષની ઈંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને

વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે અતિશય જોરાવર અને શરીરે પાતળી-બારિક હોય.

- પુરુષની ઈંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે પુરુષ વશ હોય અને પુણ્યાત્મા દાતાર નીપજે.
- પુરુષની ઈંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે અતિશય આળસુ તેમજ દરિદ્ર હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે અતિશય પરદેશ ભ્રમણ કરે.
- પુરુષની ઈંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતું હોય તો તે બિંદુ નિષ્ફળ જાય – જો કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો તે મરેલા બાળકનો પ્રસવ થાય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તેને ઘણા પુરુષો વશ થઈને રહે અને તે અતિશય લોભી હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી થાય તે જીહ્વાની કટુ વચની હોય પણ અંતરમાં દયાવંત હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે નપુસંક તથા શાંત સ્વભાવની હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીને આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય. જો કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો બે પુત્રી નીપજે અને તેઓ અતિશય શાંત હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે અતિશય દાવાદારી, અન્યાયી અને મૂર્ખ હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે મુખથી મીઠું બોલતી હોય પણ અંતરમાં કપટી હોય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે ગર્ભપાત થઈ જાય અને કદાચ પક્વ થઈને પ્રસવે તો થોડા દિવસ જીવે.

- પુરુષની ઈંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતું હોય તો બિંદુ નિષ્ફળ જાય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે પૃથ્વીતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે જે શુદ્રના ઉદરની હોય તો તે ચોર નીપજે અને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના ઉદરની હોય તો કોઈની ચાકર, કાસદ કે વણોતર થઈને રહે.
- પુરુષની ઈંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તેની પુત્રી નીપજે તે શીલવંત સ્વભાવની શાંતવત્ હોય પણ પરદેશની કમાઈ લાવીને દિવસ પસાર કરે.
- પુરુષની ઈંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે અગ્નિતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુ નિષ્ફળ જાય. કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો તે બાળકનું થોડાક વર્ષમાં મૃત્યુ થાય.
- પુરુષની ઈંગલા નાડીને વિશે વાયુતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતું હોય તો તે બિંદુ નિષ્ફળ જાય અને જો કદાચ તેનો ગર્ભ રહે તો તે ગર્ભ એકવીસ દિવસની અંદર વિલસાઈ જાય.
- પુરુષની સુષમણા નાડીને વિશે આકાશતત્ત્વ ચાલતાં બિંદુ ગળે અને સ્ત્રીની ઈંગલા નાડીને વિશે જળતત્ત્વ ચાલતાં બિંદુ ગ્રહે તો તે બિંદુનો નાશ થાય. કદાચ તે બિંદુનો ગર્ભ રહે તો બે પુત્રી થાય તે મહાન શાંત સ્વભાવની હોય.

**સ્થંભન પ્રાણાયામ (મૂળ સ્કંધ-૧૨)**

- બંને પ્રાણાયામની મધ્યે સ્થંભન પ્રાણાયામ તે સ્ત્રી-પુરુષનું કુંભસ્થ મહાતત્ત્વ જાણવું.

## પુત્ર - પુત્રીના શરીરના ચામડીનાં રંગ કયા તત્ત્વથી કેવો હોય તે કહીયે

| ત્વચાને વિશે | રંગ |
|---|---|
| પૃથ્વીતત્ત્વનો ભાગ વિશેષ હોય | કેસરી |
| જળતત્ત્વનો ભાગ વિશેષ હોય | શ્વેત-ભૂરિયું |
| અગ્નિતત્ત્વનો ભાગ વિશેષ હોય | રક્ત વર્ણ |
| વાયુતત્ત્વનો ભાગ વિશેષ હોય | ભીનો વાન (ઘઉં વર્ણો) – અતિશય શ્યામ નહીં કે અતિશય ગોરું નહીં |
| આકાશતત્ત્વનો ભાગ વિશેષ હોય | ઘનશ્યામ |

**પુરુષના સર્વ શરીરના ચાર અંગનો વિશેષ ન્યૂન અર્ક બિંદુને વિશે આવ્યો હોય તેની ક્રિયા પુત્ર-પુત્રીને વિશે કેવી હોય તેની સમજ.**

| અંગ | બાળકની વિશેષતા |
|---|---|
| પુરુષના ભુજા અંગનો<br>સ્ત્રીની ભુજા અંગનો | પુત્ર અતિશય બહુ બળવાળો નીપજે<br>પુત્રી અતિશય બહુ બળવાળી નીપજે |
| પુરુષના મુખારવિંદનો<br>સ્ત્રીનાં મુખારવિંદનો | પુત્ર અતિશય વાચાળ નીપજે<br>પુત્રી અતિશય વાચાળ નીપજે |
| પુરુષ હૃદય<br>સ્ત્રી હૃદય | પુત્ર અતિશય બુદ્ધિવંત<br>પુત્રી અતિશય બુદ્ધિવંત |
| પુરુષ (પગ) ચરણારવિંદ<br>સ્ત્રીના (પગ) ચરણારવિંદ | પુત્ર અતિશય મલીનતાવંત નીપજે<br>પુત્રી અતિશય મલીનતાવંત નીપજે |

**આ પ્રકારે બ્રહ્માથી ચતુર વર્ણ ઉત્પન્ન થઈ છે.**

| બ્રહ્માના વિશેષ અર્ક | જ્ઞાતિ-જાતિ |
|---|---|
| મુખારવિંદ | બ્રાહ્મણ |
| હૃદય | વૈશ્ય |
| ભુજા | ક્ષત્રિય |
| ચરણ | ક્ષુદ્ર |

**હવે પુત્ર-પુત્રીને વિશે સ્ત્રી-પુરુષનાં રસ બિંદુના વિભાગનો પંચભૂત રહ્યા છે તેની સમજ**

| તત્ત્વ | પુરુષના બિંદુનો વિભાગ | સ્ત્રીનાં બિંદુનો વિભાગ |
|---|---|---|
| પૃથ્વી | અસ્થિ ભાગ | માંસ ભાગ |
| અગ્નિ | જઠરાગ્નિ રહી છે. | માંસ વિશે ઉષ્ણતાપણું છે. |
| આકાશ | પોલાણ ભાગ | ત્વચાને વિશે દરેક રોમે રોમમાં છિદ્રો રહ્યાં છે જેને લીધે પરસેવો ઉત્પન્ન થાય છે. |
| વાયુ | નશ-નાડી ભાગ | ત્વચાને વિશે |
| જળ | નાડી-નશના વિશે રસ ભાગ | માંસને વિશે રુદ્ર ભાગ |

**માતા-પિતાના બિંદુનું (મૂળ સ્કંધ-૧૨)**

ત્રણ ચક્ષસત્ત્વ રસબિંદુની સાથે પુત્ર-પુત્રી વિશે આવ્યાં છે. તેની ક્રમાનુસાર ક્રિયા ભાગની સમજ

| | | |
|---|---|---|
| સ્ત્રી | વગ્રજ્ઞાન | બાળક સ્ત્રીનાં સ્તન ભાગને ઓળખે છે. |
| સ્ત્રી | અનંગ | સ્ત્રીનાં સ્તન ભાગને ઓળખતાં બાળકને હર્ષ થાય છે. |
| પુરુષ | અનંગ | બાળક સ્ત્રીનાં સ્તનને ગ્રહણ કરે છે. |
| પુરુષ | વગ્રજ્ઞાન | બાળક સ્તનને ગ્રહણ કરીને પયનું શોષણ કરે છે. |
| સ્ત્રી | કાળ | બાળક પયનું શોષણ કરીને તૃપ્ત થાય છે. |
| પુરુષ | કાળ | બાળક તૃપ્ત થઈ પયોધરને છોડી દે છે. |
| પુરુષ | અનંગ | બાળક આનંદ સંતોષમાં રહીને હાથ-પગ હલાવવાની ચેષ્ટા કરે છે. |
| પુરુષ | કાળ | ચેષ્ટા કરતાં શાંત થઈને જંપી જાય છે. |
| સ્ત્રી | કાળ | બાળકને ગાઢ નિંદ્રા થાય છે. |
| પુરુષ | વગ્રજ્ઞાન | ત્યાર પછી બાળક જાગ્રત થાય છે. |
| સ્ત્રી | વગ્રજ્ઞાન | જાગ્રત થયા પછી ક્ષુધાની પરખ કરે છે. |
| સ્ત્રી | અનંગ | માતાની સાથે હેત થાય છે. |
| સ્ત્રી | વગ્રજ્ઞાન | બાળક વૃદ્ધિ પામ્યા પછી માતાની ઓળખ કરે છે. |
| સ્ત્રી | કાળ | માતાની સાથે રીસ ચઢાવે છે. |
| પુરુષ | વગ્રજ્ઞાન | બાળક પિતાને ઓળખે છે. |
| પુરુષ | અનંગ | બાળક પિતાને વહાલ કરે છે. |
| પુરુષ | કાળ | કોઈ સમયે બાળક પિતાની સાથે રોષ કરે છે. |
| પુરુષ | વગ્રજ્ઞાન | પિતા સહિત સર્વ પુરુષની પહેચાન કરે છે. |
| પુરુષ | કાળ | પિતા સહિત સર્વની સાથે રોષ કરે છે. |
| પુરુષ | અનંગ | પિતા સહિત સર્વ પુરુષની સાથે હેત કરે છે. |
| સ્ત્રી | અનંગ | બાળક આનંદ સંતોષ સમેત રહે છે. |
| સ્ત્રી | વગ્રજ્ઞાન | માતા સહિત સર્વ સ્ત્રીઓને ઓળખે છે. |
| સ્ત્રી | અનંગ | માતા સહિત સર્વે સ્ત્રી સાથે હેત કરે છે. |
| સ્ત્રી | કાળ | માતા સહિત સર્વ સ્ત્રી સાથે રોષ કરે છે. |

એ પ્રકારે સર્વ જંગમ જાતિ દેવ નર નાગ મનુષ્ય મૃત્યુલોકની આધ લઈને પશુ-પંખી કીટ પરજંત જેમાં જે પ્રકારના તત્ત્વભાગ પોખ્યા છે, તેમાં તે પ્રકારેની ક્રિયાનો પુત્ર-પુત્રાદિક ફરજન ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી બાળક માતાનું પયપાન છોડીને અન્ન, પયપાન વિગેરે ભોજન કરવા લાગ્યું ત્યારે

માતા-પિતાના જે ત્રણ ત્રણ ચક્ષસત્ત્વ ન્યારાં ન્યારાં વર્તન કરતાં હતાં તે ત્રણ-ત્રણ ચક્ષસત્ત્વ એકરસ થઈને વર્તે છે. એટલે કે માતાનું અનંગ પિતાનું અનંગ સાથે મળી ગયું, માતાનું વગ્રજ્ઞાન પિતાના વગ્રજ્ઞાન સાથે મળી ગયું અને માતાનું કાળ પિતાના કાળ સાથે મળી જઈને જગતમાં મૂળ ગતિવાળાં ત્રણ ચક્ષસત્ત્વ થઈને વર્તવા લાગ્યાં.

# પશુ, કીટ, પતંગ, જળચર વિગેરે



# જંગમ તનુ તત્વ પોક્ષણ દર્શાવનકો

## સ્કંધ ૧૨



પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે કૈવલ કર્તાએ જંગમ કીટ પતંગ કેવી રીતે રચ્યાં છે તે જણાવે છે. નિજ સજાણ સ્વરૂપ કૈવલ કર્તાની ક્રિયાવૃત્તિથી પાંચવૃત્તિઓના તત્ત્વના વિભાગ ઊલટા-સૂલટી સંજમ મેળવીને તે પૈકી જંગમજાતિને વિશે જે તત્ત્વના વિભાગ પોખ્યાં છે તે તત્ત્વના વિભાગની સમજ આપી તેની ક્રિયા કહીએ છીએ.

**કુલ ૫ ભાગ - નર પક્ષી જંગમજાતિ**




અવ્યાક્રતના બે અર્ધાભાગ લઈ તેમાં નિરંજનના આઠ અર્ધા ભાગ એમ કુલ દસ અર્ધા ભાગ નર પક્ષી જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**કુલ ૫ ભાગ - માદાપક્ષી જંગમજાતિ**

નિરંજનના બે અર્ધા ભાગ લઈ તેમાં અવ્યાક્રતના આઠ અર્ધા ભાગ એમ કુલ દસ અર્ધા ભાગ માદા પક્ષી જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).




૧. ૮ લાખ જળજાતિ
૨. ૪ લાખ કીટજાતિ
૩. ૭ લાખ પશુજાતિ
૪. ૯ લાખ પતંગજાતિ

**કુલ ૨.૫ ભાગ**

નિરંજનના પાંચ પા ભાગ અને અવ્યાક્તના પાંચ પા ભાગ એ દસ પા ભાગ મળી દસ પા ભાગ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).




૨ ૧/૨ ભાગ - જંગમજાતિને અને જળજાતિ
૧. ૬ લાખ કીટજાતિ
૨. ૧૪ લાખ જળજાતિ
૩. ૫ લાખ પતંગજાતિ

**નોંધ :** નિરંજન અને અવ્યાક્ત બંનેના સરખા ભાગ હોવાથી આ જાતિનાં જીવો સ્ત્રી-પુરુષનાં સંયોગ વિના જળ-પૃથ્વીના સંયોગથી ઉત્પન્ન થાય છે.

**૫ ભાગ - જંગમ અને જળજાતિને**

ત્રણ અર્ધા ભાગ અનંગ ચક્ષસત્ત્વના તથા ત્રણ અર્ધા ભાગ વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના લઈ તેમાં કાળ ચક્ષસત્ત્વના ચાર અર્ધાભાગ મૂકીને એ દસ અર્ધા ભાગ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).




૧. ૮ લાખ જળજાતિને
૨. ૭ લાખ પશુ જંગમજાતિને

૩. ૪ લાખ કીટ જંગમજાતિને
૪. ૯ લાખ પતંગ જંગમજાતિને

**૨½ ભાગ - કીટ - પતંગ - જળજાતિને**




ત્રણ પા ભાગ અનંગ ચક્ષસત્ત્વના અને ત્રણ પા ભાગ વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વના લઈને તેમાં કાળ ચક્ષસત્ત્વના ચાર પા ભાગ મૂકીને એ દસ પા ભાગ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૧. ૬ લાખ કીટ જંગમજાતિ
૨. ૧૪ લાખ જળ જાતિ જંગમને
૩. ૫ લાખ પતંગજાતિ

**દસ અડધા (૫ ભાગ) જંગમ અને જળજાતિને**

અવિકાસ મહાતત્ત્વના આઠ અર્ધા ભાગ અને બે અર્ધા ભાગ વિકાસ મહાતત્ત્વ અને કુંભસ્થ મહાતત્ત્વના મળીએ દસ અર્ધા ભાગ લઈને જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).




૧. ૯ લાખ પ્રકારના પક્ષી જંગમજાતિને
૨. ૮ લાખ જળજાતિને
૩. ૭ લાખ પશુ જંગમજાતિને
૪. ૪ લાખ કીટ જંગમજાતિને

**નોંધ :** જંગમ જાતિને વિશે સૂક્ષ્મ ભાગે ત્રણ ચક્ષસત્ત્વ વર્તે છે તે જંગમ ને કિટ, પતંગ અને જળજાતિ જાણવી. તેમાં અણુની આદ્ય લઈને ગરૂડ, હંસ સહિત પાંખ વડે ઊડતા સર્વ પતંગજાતિ કહેવાય. વર્ષાઋતુનાં ઉદ્‌બીજ ખાણના જીવ, સહિત નવકુળનાગ, સર્વ કીટજાતિ મચ્છ, કચ્છ, મગરાદિક સર્વે જળને વિશે રહે છે તે સર્વ જળજાતિ જાણવી. (પાતાળમાં વસતા નાગલોક તે દેવલોકમાં ગણવા).

### દસ અડધા (૫ ભાગ) જંગમજાતિને

આઠ અર્ધા ભાગ વિકાસ મહાતત્ત્વના લઈને એક અર્ધો ભાગ અવિકાસ મહાતત્ત્વનો ને એક અર્ધો ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો એ બે અર્ધા ભાગ પેલા આઠ અર્ધા ભાગમાં મૂકીને એ દસ અર્ધા ભાગ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).




૧. ૯ લાખ પક્ષી જંગમને
૨. ૮ લાખ જળજાતિ જંગમને
૩. ૭ લાખ પશુજાતિ જંગમને
૪. ૪ લાખ કીટજંગમ જાતિને

### દસ અડધા (૫ ભાગ) જંગમજાતિને




આઠ અર્ધા ભાગ કુંભસ્થ મહાતત્ત્વના લઈને તેમાં એક અર્ધો ભાગ અવિકાસ મહાતત્ત્વનો અને એક અર્ધો ભાગ વિકાસ મહાતત્ત્વનો એ બે અર્ધા ભાગ પેલા આઠ અર્ધા ભાગમાં મૂકીને એ દસ અર્ધા ભાગ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૧. ૯ લાખ જંગમજાતિ પક્ષીને
૨. ૮ લાખ જળજાતિ જંગમને
૩. ૭ લાખ પશુજાતિ જંગમને
૪. ૪ લાખ કીટજાતિ જંગમને

**દસ પા ભાગ (૨½ ભાગ) - જંગમને વિશે**




આઠ પા ભાગ અવિકાસ મહાતત્ત્વના લઈ અને એક પા ભાગ વિકાસ મહાતત્ત્વનો અને એક પા ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો એ બે પા ભાગ પેલા આઠ પા ભાગમાં મૂકીને એ દસ પા ભાગ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૧. ૧૪ લાખ જળજાતિ જંગમને વિશે
૨. ૬ લાખ કીટજાતિ જંગમને વિશે
૩. ૫ લાખ પતંગજાતિ જંગમને

**દસ પા ભાગ (૨½ ભાગ) જંગમજાતિનો**

આઠ પા ભાગ અવિકાસ મહાતત્ત્વના લઈ અને એક પા ભાગ વિકાસ મહાતત્ત્વનો અને એક પા ભાગ કુંભસ્થ મહાતત્ત્વનો એ બે પા ભાગ પેલા આઠ પા ભાગમાં મૂકીને એ દસ પા ભાગ જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).



૧. ૧૪ લાખ જળજાતિને
૨. ૬ લાખ કીટજંગમને
૩. ૫ લાખ પતંગજાતિ જંગમને વિશે

### દસ પા ભાગ (૨½ ભાગ) જંગમને વિશે




આઠ પા ભાગ કુંભસ્થ મહાતત્ત્વના લઈને તેમાં એક પા ભાગ અવિકાસ મહાતત્ત્વનો અને એક પા ભાગ વિકાસ મહાતત્ત્વનો એ બે પા ભાગ પેલા આઠ પા ભાગમાં મૂકીને એ દસ પા ભાગ પૂન: જંગમજાતિને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૧. ૧૪ લાખ જળજાતિને ફરીથી
૨. ૬ લાખ કીટજાતિને જંગમ વિશે
૩. ૫ લાખ પતંગજાતિ જંગમને વિશે પોખ્યાં.

### કુલ ૧૦ ભાગ જંગમ જળચરજાતિને

જળતત્ત્વના છ ભાગ લઈને તેમાં ચાર ભાગ બીજા ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ જંગમ જળચર જીવના તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).




૧. ૧૯ લાખ જળજાતિ - જળમાં જ રહે.
૨. ૩ લાખ જળજાતિ - ચારો ચરવા બહાર નીકળ્યા પછી જળમાં જ રહે.

**જળતત્ત્વ (છ ભાગ)**

જંગમજાતિને વિશે જળતત્ત્વના છ ભાગ રહ્યા તે જળતત્ત્વ અતિશય રસરૂપ છે તે માટે રસમાં રસ ઉત્પન્ન થાય નહીં. વળી, તે જંગમજાતિના બાળક પ્રસવ થયા પછી પણ જળ રસની અંદર જ રહે છે તે માટે તે જંગમજાતિને વિશે પયપાન ઉત્પન્ન થાય નહીં.

**૧૦ ભાગ પતંગનાં જીવ-જંતુને પોખ્યાં**




પવનતત્ત્વના છ ભાગ લઈને તેમાં ચાર ભાગ બીજા ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ પતંગના જીવ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૯ લાખ પ્રકારના પતંગ આકાશમાં અલ્પ વર્તે અને પાછા પૃથ્વી પર આવી રહે.

પવનતત્ત્વ - વાયુતત્ત્વ નિરસ છે, તેને લીધે પવનતત્ત્વના ૬ ભાગ પોખ્યાં હોવાથી તે જંગમજાતિનાં બાળકની માતાને પયપાન કરાવવાનું હોય નહીં - જંગમજાતિને પય ઉત્પન્ન થાય નહીં.

**૧૦ ભાગ પતંગ જાતિનાં જીવ-જંતુને પોખ્યાં**

૩ લાખ પૃથ્વી પર આવીને આકાશમાં રહે તેમજ અગ્નિમાં પ્રવેશ કરી શકે, પણ તેના શરીરને દગ્ધ પામે નહીં.




અગ્નિતત્ત્વના છ ભાગ લઈને તેમાં ચાર ભાગ બીજા ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ પતંગજાતિના જીવ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

**અગ્નિતત્ત્વ (છ ભાગ)**

જે જંગમજાતિને વિશે છ ભાગ અગ્નિતત્ત્વના રહ્યા છે તે અગ્નિતત્ત્વ પણ નિરસ છે, તેને લીધે જંગમજાતિને વિશે પયપાન ઉત્પન્ન ન થાય - તે કારણે તે જંગમજાતિનાં બાળકની માતાને પયપાન કરાવવાનું હોય નહીં.

**૧૦ ભાગ પતંગજાતિનાં જીવ-જંતુને પોખ્યાં**




આકાશતત્ત્વના છ ભાગ લઈને તેમાં ચાર ભાગ બીજા ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ પતંગજાતિના જીવ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૨ લાખ પતંગજાતિ સદાકાળ આકાશમાં જ રહે છે, પરંતુ પૃથ્વી ઉપર આવે જ નહીં

**આકાશતત્ત્વ**

જે જંગમજાતિને વિશે છ ભાગ આકાશતત્ત્વના રહ્યા છે, તે આકાશતત્ત્વતો નિરસ (રસ સિવાયનું) છે. તેને કરીને તે જંગમજાતિને વિશે પય ઉત્પન્ન થાય નહીં. તેણે કારણે તે જંગમજાતિના બાળકની માતાને પયપાન કરાવવાનું હોય જ નહીં.

**૧૦ ભાગ મૂકીને સ્થજળચર (પૃથ્વી પર રહેતા) જીવને વિશે પોખ્યાં**




પૃથ્વીતત્ત્વના છ ભાગ લઈને તેમાં ચાર ભાગ બીજા ચાર તત્ત્વના મૂકીને એ દસ ભાગ પતંગજાતિના જીવ તનુને પોખ્યાં (મૂળ સ્કંધ-૧૦).

૧. ૧૩ લાખ મનુષ્યજાતિ

૨. ૭ લાખ પશુજાતિ

૩. ૧૦ લાખ કીટજાતિ

**પૃથ્વીતત્ત્વ અને ચક્ષસત્ત્વ**

પૃથ્વીતત્ત્વના છ ભાગ પોખ્યાં તે પૈકી જે જંગમજાતિને વિશે ત્રણ ચક્ષસત્ત્વના દસ પા પા ભાગ (૨ ½ - ૨ ½ ) પોખ્યાં છે તે જંગમ જાતિને વિશે પયપાન ઉત્પન્ન ન થાય, પરંતુ જે જંગમજાતિમાં ત્રણ ચક્ષસત્ત્વના ૧૦-૧૦ ભાગ જેમાં રહ્યા છે તથા અડધા અડધા ભાગ ચક્ષસત્ત્વના રહ્યા છે તે સર્વેને પયપાન ઉત્પન્ન થાય. તે જંગમજાતિના બાળક પયપાન કરીને વૃદ્ધિ પામે છે.

| | |
|---|---|
| ૧. અનંગ ચક્ષસત્ત્વ | અનંગ ચક્ષસત્ત્વ અલ્પ હોવાથી તે જંગમજાતિને ઉરસ્થાન ઉત્પન્ન ન થાય તે માટે તે જંગમજાતિને વિશે પયપાન ઉત્પન્ન થાય નહીં.<br>- તે જંગમજાતિને વિશે બાળક પ્રસવ થયા પછી તે બાળક થોડાક દિવસ માતાના શરીર સાથે હેત રાખે છે. તે સ્ત્રી-પુરુષના બિંદુનું ભેગું અનંગ ચક્ષસત્ત્વ જાણવું. |
| ૨. વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ | બાળક તે સમયે પોતાના ખાનપાન પરીક્ષા કરીને ચારો ચરે છે તે સ્ત્રી-પુરુષના બિંદુનું ભેગું વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ જાણવું. |
| ૩. કાળ ચક્ષસત્ત્વ | ત્યારપછી તે બાળક થોડાક દિવસમાં પોતાની માતાનો સંગ છોડી દે છે. તે સ્ત્રી-પુરુષના બિંદુનું ભેગું કાળ ચક્ષસત્ત્વ જાણવું. |

**જંગમમાં કીટ - પતંગ અને જળજાતિમાં રહેલા ગુણ ઘણની સમજ**

| તત્ત્વોનો વિશેષ ભાગ | કાર્ય (પયપાન ઉત્પન્ન થાય નહીં પરંતુ) |
|---|---|
| મુખને વિશે તમોગુણ વિશેષ | તે જંગમજાતિના મુખને વિશે કડક વચનને કાટવાપણું ઉત્પન્ન થાય |
| રસનાને વિશે રજોગુણ વિશેષ | તે જંગમજાતિ રસનાને વિશે ખાનપાને રજોગુણી હોય પણ કાટવાપણું ન હોય. |
| રસનાને વિશે સતોગુણ વિશેષ | તે જંગમજાતિને મુખ ખાનપાનમાં શાંત સ્વભાવનું હોય. |
| રસનાને વિશે અહંકારઘણ + તમોગુણ વિશેષ | તે જંગમજાતિના મુખને વિશે ભયંકર કાટવાપણું ઉત્પન્ન થાય તે ભયંકર એટલે જેને તે જાનવર કરડે અથવા ડંખે તેને ઝેર ચઢે અને તેનું મૃત્યુ થાય. |
| રસનાને વિશે સ્વકાશઘણ + સતોગુણ વિશેષ | તે જંગમજાતિના મુખને વિષે અતિશય નિર્મળ શાંતપણું હોય અને તે જંગમજાતિ હલન-ચલન કરતાં જીવનું ભક્ષણ કરે નહીં. |
| રસનાએ અચંતઘણ + તમોગુણ વિશેષ | તે જંગમજાતિના મુખને વિશે કરડવાપણું ઉત્પન્ન થાય પણ તેનું કરડેલું થોડીવાર ઝેર ચઢીને પાછું ઉતરી જાય. |
| રસનાને વિશે અહંકારઘણ + રજોગુણ વિશેષ | તે જંગમજાતિના મુખના શબ્દોનું ગર્જનાપણું ઘણું હોય પણ તે મુખે કોઈને કરડી ન શકે. |

તે પ્રકારે સર્વ જંગમજાતિની રસનાને વિશે ગુણ વર્તન કરે છે. તેને પયપાન ઉત્પન્ન ન હોય એ પ્રકારે સર્વ જંગમજાતિની રસનાને વિશે ત્રણ ઘણ અને ત્રણ ગુણના વિભાગ વર્તે છે પણ અન્ય જંગમના મુખને વિશે કરડવાપણુ ઉત્પન્ન ન હોય.

અગાઉ દર્શાવ્યા મુજબ તત્ત્વ સંયુક્ત કર્તાની ક્રિયાવૃત્તિ દ્વારા સ્થાવર, જંગમ, કીટ, પતંગ, મનુષ્ય, પશુના તનુ ઉત્પન્ન કર્યા, પણ સર્વ જડવત્ તનુ રહ્યાં. ત્યારે કર્તાએ તેમની સજીવનવૃત્તિ સર્વ તત્ત્વોને વિશે પ્રેરક કરી. તે કર્તાની સજીવનવૃત્તિથી સર્વ ઘાટો વૃદ્ધિ પામીને જેટલા તત્ત્વ વિભાગ પોખ્યાં હતા તેટલા સર્વ તનુ ને વિશે સ્ફૂરીને પરિપક્વ થઈ રહ્યા. જેમ વૃક્ષને વિશે બીજગ પરિપક્વ થાય છે તે જળ (પાણી) પૃથ્વીના યોગ વિના જડનાં જડ રહે છે. એ પ્રમાણે સર્વ તનુ રહ્યા ખરાં પણ જડનાં જડ રહ્યાં અને હલન-ચલન ચેષ્ટા કરવા લાગ્યાં નહીં. ત્યારે નિજ સજાણસ્વરૂપ કૈવલ કર્તાએ પોતાની અંશવૃત્તિથી પોતાના અંશ પ્રેરક કર્યા. તે કર્તાના અંશ તે નિજ સજાણસ્વરૂપ જાણવા.

### દોહા

**જંગમ વિપુ તિનું તત્ત્વકે, કીનેહુ સકલ વિભાગ;**
**પોખેહું જેહી જેતને જીમે, તેહી દરશાયેહુ ન્યાવ. ૧**

### શબ્દાર્થ

**જંગમ** = હલન-ચલન કરી શકે તેવું **વિપુ**= જાતિ, ઘાટ, શરીર **તિનું** = તેમના **તત્ત્વકે** = તત્ત્વોના **કિનેહુ**= કર્યા છે **સકલ** = બધા જ **વિભાગ** = જુદા જુદા ભાગો **પોખેહું** = પોંખવામાં આવ્યા છે, મેળવણી કર્યા છે **જેહી જેતને** = જેટ જેટલા **જીમે**= તેમાં **તેહી** = તે, **દરશાયેહુ** = દર્શાવ્યું છે **ન્યાવ** = ન્યાય સહિત.

### ભાવાર્થ-અનુવાદ

જેનાં શરીર અથવા તો ઘાટ સ્થિર નથી તેઓ હલન-ચલન કરી શકે છે, તેવા જંગમજાતિના શરીરોમાં જે જે તત્ત્વોની મેળવણી કરીને જેટલાં જેટલાં પ્રમાણમાં તત્ત્વોને મેળવ્યા છે અને તેની જુદા જુદા વિભાગે કાર્ય કરવાની કેવી (ક્રિયા) શક્તિ છે તે સર્વ બાબતોને આ સ્કંધમાં ન્યાયપૂર્વક દર્શાવવામાં આવ્યા છે.

**અબ અંતર અવિલોકવું, પલટ અવસ્થા મર્મ;**
**કહે કુવેર સૂણ શુદ્ધ ચિત્તે, નારદાસ ન્હેઃ કર્મ. ૨**

### શબ્દાર્થ

**અબ** = હવે **અંતર** = હૃદયમાં **અવિલોકવું** = અવલોકન કરવા **પલટ** = પલટાતી, ફેરફાર થતી **અવસ્થા** = અવસ્થા **મર્મ** = ગૂઢાર્થ ભરેલી સમજ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સૂણ** = સાંભળો, **શુદ્ધ ચિત્તે** = ચિત્તને એકાગ્ર રીતે, નિર્મળ રાખીને **નારણદાસ** = પૂજ્ય નારણદાસ મહારાજ **ન્હેઃ કર્મ** = નિષ્કામ.

### અનુવાદ-ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછીના સ્કંધમાં જંગમજાતિનાં શરીરમાં પલટાતી અવસ્થાઓના ગૂઢાર્થ ભરેલા મર્મને દર્શાવે છે, જેથી અંતરમાં (હૃદયમાં) તેનું અવલોકન કરતાં તે તે અવસ્થાના અને તત્ત્વોની ક્રિયા વિશે સમજ પડે તે માટે હવે પછીના સ્કંધ ૧૩માં દર્શાવે છે, જે સઘળી હકીકતોને નિષ્કામી બનીને શુદ્ધ ચિત્તે સાંભળવા માટે પૂજ્ય નારણદાસ મહારાજને આદેશ આપે છે.



# અવસ્થા પલટાવન ચક્ષસત્ત્વ
# વિભક્તિ દર્શાવનકો
## સ્કંધ ૧૩



પંચ અવસ્થા ઊલટા-સૂલટી પલટાય છે. કારણ કે મૂળ શુદ્ધ પ્રાણાયામને વિશે પંચતત્ત્વો પંચ વિકારી પ્રાણાયામ વારાફરતી વર્તમાન કરે છે. તે તત્ત્વ પલટાયે કરીને અવસ્થા પલટાય છે.

પંચ તત્ત્વોના સામાન્ય પ્રાણાયામને વિશે મહદ પ્રાણાયામના આભાસના રહ્યા છે. તે પંચતત્ત્વના પંચ સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રાણાયામને વિશે વારાફરતી વર્તમાન કરે છે.

| **તત્ત્વ** | **પંચતત્ત્વના મૂકાતો પ્રાણાયામ** | **લેવાતો પ્રણાયામ (પંચ ઉપસમ વાયુ)** |
|---|---|---|
| પૃથ્વી | અપાન વાયુ | કોરમ વાયુ |
| જળ | પ્રાણ વાયુ | કલકલ વાયુ |
| અગ્નિ | ઉદાન વાયુ | દેવદત્ત વાયુ |
| પવન | વાન વાયુ | નાગ વાયુ |
| આકાશ | સમાન વાયુ | ધનંજે વાયુ |

આ રીતે મુકાતા મહદ પ્રાણાયામને વિશે તો પંચતત્ત્વના પંચ મુકાતા સૂક્ષ્મ પ્રાણાયામ વિકાર સંયુક્ત વર્તે છે અને લેતા, મહદ પ્રાણાયામને વિશે તો પંચતત્ત્વના, લેતા પંચ સૂક્ષ્મ પ્રાણાયામ વિકાર સંયુક્ત વર્તે છે. તેને પંચતત્ત્વના વિકારી પ્રાણાયામને આવરણે કરીને તે તત્ત્વભેદ અવસ્થા પલટાય છે.

પંચતત્ત્વોના પ્રાણાયામ પંચતત્ત્વને વિશે રહ્યા છે. જેમ કે

જેવી રીતે વાજિંત્રને વિશે નાદ રહ્યો છે.

કાષ્ટ પાષાણને વિશે અગ્નિ રહ્યો છે

લુહારની ધમણને વિશે પવન રહ્યો છે.

આ ત્રણે નાદ, અગ્નિ અને પવન તો જડવત્ રહ્યો છે પણ કોઈ વિશેષ સત્ત્વવાન ચૈતન મળે છે, ત્યારે એ ત્રણેને વિશેષ ચૈતનવંત જાગ્રત કરે છે પણ આપોઆપ કોઈ જાગૃત થતાં નથી. કારણ કે, તેમાં સામાન્ય સત્ત્વ રહ્યું છે. તેને કરીને આપ આપનું (આપોઆપ) ચૈતન થાય નહીં.

તેમજ વિશેષ ચૈતનવાન મળે ત્યારે તેને જાગ્રત કરીને મહદ સત્વ (મહદ આકાશ, મહદ અગ્નિ અને મહદ પવન)ને વિશે મેળવે છે.

એટલે કે પંચભૂતને વિશે પંચ સામાન્ય પ્રાણાયામ રહ્યા છે. તેને કર્તાની સંજમભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્ત્વ-વિશેષ સત્વ ચૈતન થકી જાગૃત કરીને મહદ પ્રાણાયામને વિશે મેળવે છે.

એ પ્રકારે પંચતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિશે ત્રણ ચક્ષસત્ત્વ વર્તમાન કરાવે છે, તેને લીધે પંચ અવસ્થા પલટાય છે અને જે જે અવસ્થા સ્ફૂરણ થાય છે તે તે અવસ્થાની ક્રિયા પણ ત્રણ ચક્ષસત્ત્વ કરાવે છે. વળી જે અવસ્થા સ્ફૂરણ થાય છે તે સમયે તે અવસ્થાની સ્મૃતિ હોય અને અન્ય અવસ્થાની ક્રિયા વિસર્જન થાય છે તે પણ ત્રણ ચક્ષસત્ત્વને લીધે થાય છે. વળી, જાગૃત અવસ્થાને વિશે બધી અવસ્થાનું જ્ઞાન સ્ફૂરણ થાય છે અને બાળકને અક્ષરની આદ્ય લઈને શબ્દ ઉચ્ચાર પણ જાગૃતને વિશે થાય છે, પરંતુ અન્ય અવસ્થાઓને વિશે બીજી અવસ્થાનું જ્ઞાન કે શબ્દ ઉચ્ચારણ થતું નથી. તેના અનુક્રમની વિગત કહીએ છીએ.

**જાગૃત અવસ્થા**

જાગ્રત અવસ્થા નેત્ર દ્વારે કરીને સ્ફૂરણ થાય છે. તે નેત્રદ્વારની નાડીઓના છિદ્ર તો બ્રહ્મરંદ્રને વિશે એકતાપણે રહ્યા છે. તે બ્રહ્મરંદ્રને વિશે આકાશતત્ત્વનું વિશેષપણું રહ્યું છે અને વિશેષ આકાશતત્ત્વને વિશે પરમકારણ દેહ રહ્યો છે. તે પરમકારણ દેહને વિશે ઉન્મુની અવસ્થા રહી છે અને તે ઉન્મુની અવસ્થાને વિશે નચિંત અંતઃકરણ રહ્યું છે. અને તે નચિંત અંતઃકરણને વિશે મહદ સજાણ કૈવલકર્તાની અંશવૃત્તિનો જે અંશ છે તે સર્વ દેહ સ્ફૂરણ સાજનો સાક્ષી અને સર્વાતિત, સર્વનું જીવન, સર્વનો પ્રેરક, પ્રકાશક અને સર્વનો ચિંતક, સર્વનો અચંત, સર્વનો સવ્યકત સ્વરૂપ અને સર્વનો અવ્યકત મહાતત્ત્વ એવો અચંત, અવ્યક્ત મહદ સજાણસ્વરૂપ કૈવલ કર્તાનો જે અંશ દેહાતિત દેહને વિશે રહ્યો છે તે આપણું શુદ્ધ સ્વરૂપ નિજજાણવાપણુ જાણવું. તે જાણ્યપણું જે સર્વ પદાર્થ સંયુક્તની જાણ્યનું જીવન તે સદાકાળ અવ્યકત મૂર્તિમાન અને લક્ષાલક્ષ રહિત અખંડ એકરસ જે રહ્યો છે.

હવે જે જાણ્યપણું અવસ્થા પલટાયે કરીને અવસ્થાની સાથે લીન પામે છે તે જાણ્ય તો પદાર્થ સંયુક્ત લીન પામે છે.

**દૃષ્ટાંત**

જેમ સૂર્યનું પ્રતિબિંબ જળને વિશે પડે છે અને તે જળ ઉપર કંઈક આવરણ આવે છે ત્યારે તે જળમાં સંયુક્ત સૂર્ય લીન પામી જાય. પણ નિજ સૂર્ય તો તેમનો તેમ જ રહે છે. તેવી જ રીતે અહીં પ્રાણાયામ જળને વિશે નિજજાણ સ્વરૂપનું પ્રતિબિંબ રહ્યું છે. તેના ઉપર પંચતત્ત્વના વિકાર સંજુક્ત પ્રાણાયામ રૂપી આવરણ આવે છે, તેને લીધે તે પ્રાણાયામ સંજુક્ત જાણ્ય અવસ્થાને વિષે લીન પામે છે અને તે પ્રાણાયામ સર્વ પદાર્થ સંજુક્ત રહ્યો છે તે માટે પદાર્થ સંજુક્ત જાણ્ય અવસ્થા પલટાયે લીન પામે છે. તે પંચતત્ત્વના પ્રાણાયામનાં આવરણ ને ત્રણ ચક્ષસત્ત્વ લાવે છે અને પાછાં દૂર પણ તે ત્રણ ચક્ષસત્ત્વ જ કરે છે. એ પ્રકારે પદાર્થ સંજુક્ત જાણ અવસ્થાને વિષે લીન થાય છે. પણ નિજજાણ સ્વસ્‍રૂપ તે સનાતન સદાયકાલ જેમનું જેમ રહે છે.

**નિજજાણસ્વરૂપ તે સનાતન સદાકાળ જેમ છે તેમ જ રહે છે**

- તે સર્વ અવસ્થાને વિશે એકરસ અને પિંડ બ્રહ્માંડમાં અનુસુત, સરસ, સભેદ, સર્વાતિત અને સાક્ષીવંત છે.
- એ નિજજાણસ્વરૂપ સ્વયં આપનુ આપ તે નિજ સજાણ કૈવલ કર્તાનો અંશ તે પ્રગટ પ્રસિદ્ધ પિંડને વિશે હાલ હજૂર રહ્યો છે.
- તે શુદ્ધ સ્વરૂપ નિજજાણ કૈવલ સજાણના અંશનો વિશેષ આભાસ તે ઉન્મુની અવસ્થાના નચિંત અંતઃકરણને વિશે રહ્યો છે.
- તે નચિંત અંતઃકરણ જાગૃત અવસ્થામાં નેત્રની નાડીઓના છિદ્રને વિશે થઈને એકરસ થાય છે.
- તે ઉન્મુની અવસ્થા અને નચિંત અંતઃકરણની એકતા પામીને જાગ્રત અવસ્થા વિશેષ ઉજાગ્રત થાય છે.
- તે વિશેષ ઉજાગ્રત અવસ્થાને વિશે ત્રણ ચક્ષસત્ત્વ આવીને તે પણ ઉજાગ્રત થાય છે.
- તે ત્રણ ચક્ષસત્ત્વ ઉજાગ્રત થઈને જાગ્રત અવસ્થાને વિશે મન અંતઃકરણને સુજાગ્રત કરે છે.

એ પ્રકારે મન અંતઃકરણ અને ત્રણ ચક્ષસત્ત્વ ઉજાગ્રત થઈને જાગ્રત અવસ્થાને વિશે ચાર અવસ્થાઓનું જ્ઞાન જાણે છે અને બાવન અક્ષર સંયુક્ત શબ્દ ઉચ્ચાર થાય છે તે પણ નિજજાણ સ્વરૂપના વિશેષ આભાસે કરીને જાગ્રત અવસ્થાને વિશે થાય છે.

**શબ્દ કઈ વસ્તુનો અને કોના હુકમથી કોણ કરે છે તથા કયા પ્રકારે થાય છે ?**

જ્યારે નિજજાણસ્વરૂપ કૈવલ કર્તાના અંશને શબ્દ ઉચ્ચાર કરવાની ઈચ્છા થાય છે ત્યારે તે નિજજાણ સ્વરૂપ ત્રણ ચક્ષસત્ત્વને હુકમ કરે છે.

- ત્યારે ત્રણ ચક્ષસત્ત્વ કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વ અવિકાસ, વિકાસ અને કુંભસ્થ ને સામાસામી ભીડાવે છે ત્યારે શબ્દ થાય છે.
- તે પૈકી લેતો પ્રાણાયામ, મૂકતો પ્રાણાયામ અને સ્થંભન પ્રાણાયામ એમ ત્રણેના આકંતી સંયોગે કરીને ઊલટા-સૂલટીથી શબ્દ ઉત્પન્ન થાય છે.

નિજ જાણ સ્વરૂપ કૈવલકર્તાના અંશને શબ્દ ઉચ્ચાર કરવાની ઈચ્છા થાય

↓

ત્યારે ત્રણ ચક્ષસત્ત્વઃ અનંગ, વગ્રજ્ઞાન અને કાળને હુકમ કરે છે.

↓

| અવિકાસ મહાતત્ત્વ | વિકાસ મહાતત્ત્વ | કુંભસ્થ મહાતત્ત્વ |
| --- | --- | --- |
| ↓ | ↓ | ↓ |
| લેતો પ્રાણાયામ | મૂકતો પ્રાણાયામ | સ્થંભન પ્રાણાયામ |

↓

ત્રણેયના આક્રંત સંયોગ થવાથી ઊલટા-સૂલટી ક્રિયાથી શબ્દ ઉત્પન્ન થાય છે.

આ પ્રકારે મન અંતઃકરણને ત્રણ ચક્ષસત્ત્વ ઉજાગ્રત થઈને જાગ્રત અવસ્થાને વિષે ચાર અવસ્થાઓનું જ્ઞાન જોડે છે અને બાવન અક્ષરવાળા શબ્દનું ઉચ્ચારણ થાય છે. તે પણ નિજ જાણ સ્વરૂપના વિશેષ આભાસને લીધે જાગ્રત અવસ્થામાં જ થાય છે.

| વિશેષ આભાસ | સ્પર્શા-સ્પર્શ સામાન્ય આભાસ |
| --- | --- |
| ↓ | ↓ |
| મન અંતઃકરણ | |
| ↓ | ↓ |
| જાગ્રત અવસ્થાને વિષે ઉન્મુની અવસ્થાની સજાણપણાની વિશેષ એકતા રહી છે. | સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉન્મુની અવસ્થાને વિષે બુદ્ધિ, અહંકાર અને ચિત્ત અંતઃકરણની એકતા રહી છે. |
| ↓ | ↓ |
| ત્રણ ચક્ષસત્ત્વ વિશેષ ઉજાગ્રત પામે છે. | અંધતમ નિદ્રા વર્તે છે. |
| ↓ | ↓ |
| પાંચેય અવસ્થા જાગ્રતના ઉદરને વિશે વર્તે છે. | તેથી ચક્ષસત્ત્વ પણ અંધપણું પામે છે |
| | ↓ |
| | અવસ્થાઓનું જ્ઞાન જે તે અવસ્થાને રહેતું નથી. |

**વિશેષ આભાસ**

જાગ્રત અવસ્થા અને ઉન્મુની અવસ્થાના મન અંતઃકરણને વિશે સજાણજાણ સ્વરૂપના વિશેષ આભાસની એકતા રહી છે. તેથી જાગ્રત અવસ્થા વિશેષ ઉજાગ્રત થાય છે.

ત્રણ ચક્ષસત્ત્વ વિશેષ ઉજાગ્રતપણું પામે છે.

આ ત્રણ ચક્ષસત્ત્વ ઉજાગ્રત થઈને જાગ્રત અવસ્થાને વિશે મન અંતઃકરણને સુજાગ્રત કરે છે એ પ્રકારે મન અંતઃકરણ અને ત્રણ ચક્ષસત્ત્વ ઉજાગ્રત થઈને જાગ્રત અવસ્થાને વિશે ચાર અવસ્થાઓનું જ્ઞાન જાણે છે અને બાવન અક્ષર સંયુક્ત શબ્દ ઉચ્ચાર થાય છે.

પાંચેય અવસ્થા જાગ્રતના ઉદરને વિશે વર્તે છે તે પણ જાગ્રત સરખી જ જણાય પણ તેનાં ચિહ્ન માત્ર દેખ્યામાં આવે.

**સામાન્ય આભાસ**

સામાન્ય સ્પર્શાસ્પર્શ આભાસ રહ્યો છે.

સ્વપ્ન, સષોપતિ, તુરિયા અને ઉન્મુની તેમજ બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને નચિંત અંતઃકરણ.

અંધતમ નિંદ્રા વર્તે છે.

તેથી ચક્ષસત્ત્વ પણ અંધપણું પામે

માટે જાગ્રત સિવાયની અન્ય

અવસ્થાઓનું જ્ઞાન તે અવસ્થાને રહેતું નથી, પરંતુ જાગ્રત અવસ્થાને ને વિશે તો ઉન્મુની અવસ્થાના સજાણ સ્વરૂપના ભાસની વિશેષ એકતા રહી છે. તેને કરીને જાગ્રત અવસ્થામાં ત્રણ ચક્ષસત્ત્વ વિશેષ ઉજાગ્રતપણું પામે છે. તેની આદ્ય લઈ પાંચેય અવસ્થા જાગ્રતના ઉદરને વિશે વર્તે છે. તે પણ જાગ્રત સરખી જ જણાય.

◆ પંચ શરીરના તત્ત્વ વિભાગ ન્યારા ન્યારા છે. તેને પંચ પ્રકારે પંચ શરીરને અવિકાસ અને વિકાસ મહાતત્ત્વ જતમત જૂથ બંધ રાખી રહ્યું છે અને કુંભસ્થ મહાતત્ત્વના વિભાગ પંચ શરીરના સંધિને વિશે પોખ્યાં હતાં તેના વિભાગ તો પંચ શરીરને વિશે પંચ અહંતા માની રહ્યા છે.

◆ હવે તે પંચ શરીરના નાનાવિધિ (વિવિધ) પ્રકારના વૈભવને વિશે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ અને અનંગ ચક્ષસત્ત્વના વિભાગ ઉમંગમાં રાખે છે અને કાળ ચક્ષસત્ત્વના વિભાગ તે પંચ શરીરના ઉમંગને ભંગ કરતા રહે છે. એ પ્રકારે પાંચ શરીરને વિશે પાંચ અવસ્થા ભોગવે છે.

◆ કુલ ૪,૩૨૦ પ્રાણાયામ જપાય ત્યારે એક અવસ્થા પૂર્ણ થાય. એટલા પ્રાણાયામ મૂળ પાંચેય અવસ્થા ભોગવે પણ એ પાંચ અવસ્થાના પેટા વિભાગને વિશે બીજી પાંચ અવસ્થા એક એક અવસ્થાને વિશે ભોગવે છે. ૮૬૪ પ્રાણાયામ જાપ દરેક અવસ્થા ભોગવે છે. એટલે ૮૬૪x૫ = ૪,૩૨૦ પ્રાણાયામ થાય અને ત્યારે એક મૂળ અવસ્થા પૂર્ણ થાય.

**૧. જાગ્રત અવસ્થા**

**કારણ :** પૃથ્વીતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે જાગ્રત અવસ્થા

સ્ફૂરણ થાય.

**ક્રિયા :** અંધાધૂંધ અચેતપણાને સમાઈને સર્વ કાર્યોની શુદ્ધિ સ્ફૂરણ થાય છે. તે મૂળ જાગ્રત અવસ્થા જાણવી.

**સ્થાન :** તેનું મૂળ સ્થાન નેત્ર છે. નેત્રસ્થાને જાગ્રત અવસ્થા ભોગવે છે.

**જાપ :** ૮૬૪ મહદ પ્રાણાયામના જાપ ભોગવે છે.

**કયા શરીરને વિશે :** આ અવસ્થામા સ્થૂળ દેહ, પૃથ્વીતત્ત્વ, મન અંતઃકરણ અને રજોગુણ અધિષ્ઠાન એ ચારેય જાગ્રત અવસ્થા ભોગવે છે.

**ત્રણ ચક્ષસત્ત્વનો પ્રભાવ જાગ્રત અવસ્થામાં કેવો રહે છે તેની સમજ :**

**૧. અનંગ ચક્ષસત્ત્વ**

**કાર્ય :** જાગ્રત અવસ્થાને વિશે બાળક જેટલુ હલન-ચલન કરે છે તે અનંગ ચક્ષસત્ત્વની ક્રિયા જાણવી.

**કારણ :** વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ પ્રથમ પૃથ્વીતત્ત્વના પ્રાણાયામને જાગ્રત કરે છે.

**૨. વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ**

**ક્રિયા :** જાગ્રત અવસ્થાને વિશે બાળકની આ હલન-ચલન ને વિશે કંઈ કાર્ય - કારણ- કરે તે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વની ક્રિયા જાણવી.

**કારણ :** પૃથ્વીતત્ત્વના પ્રાણાયામને મહદ પ્રાણાયામથી વિખૂટો પાડીને મંદ કરે છે.

**૩. કાળ ચક્ષસત્ત્વ**

**ક્રિયા :** જાગ્રત અવસ્થાને વિશે બાળક હલન-ચલન કરતો બંધ થઈ મન અંતઃકરણ અને શરીર મંદ પામીને નિંદ્રા વશ થઈ જાય છે તે કાળ ચક્ષસત્ત્વની ક્રિયા જાણવી.

**કારણ :** પૃથ્વીતત્ત્વના પ્રાણાયામને મહદ પ્રાણાયામથી વિખૂટો પાડીને મંદ કરે છે ત્યારે જાગ્રત અવસ્થા લીન પામે છે.

**જાગ્રત અવસ્થાને ઉદરને વિશે પાંચેય અવસ્થા (પેટા અવસ્થા) રહી છે તે વર્તમાન થવાથી શું ક્રિયા થાય છે તેની સમજ**

| | |
|---|---|
| ૧. સુષુપ્તિ અવસ્થા | જાગ્રત અવસ્થાને વિશે વિસર્જનપણું થાય છે. |
| ૨. સ્વપ્ન અવસ્થા | જાગ્રતને વિશે નાનાવિધ પ્રકારના વૃથા વિચાર ઉત્પન્ન થાય છે. |
| ૩. તુરિયા અવસ્થા | જાગ્રતને વિશે સર્વ વિચાર લીન પામીને શાંતિ થઈ જાય છે અને કોઈ સમયે નચિંતપણું આવી જાય છે. |
| ૪. ઉન્મુની અવસ્થા | જાગ્રતને વિશે જાગ્રતના અંત સમયે અને નિદ્રાની આદિ (પ્રારંભે) એ બંને અવસ્થાની સંધી મધ્યે ઉન્મુની અવસ્થા જાણવી — આ સમયે જાગ્રતની ઉપાધિ સંસ્રત (પરિપૂર્ણ રીતે) નિવૃત થઈ જાય છે અને નિદ્રા પણ પૂરી |

પ્રવેશ થઈ નથી તે સમયે ઉન્મુનીવત્ થઈ જવાય છે.

**૨. સ્વપ્ન અવસ્થા**

**કારણ :** જળતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે સ્વપ્ન અવસ્થા સ્ફૂરણ થાય છે.

**ક્રિયા :** કોઈ દિવસે નેત્રે દેખ્યા ન હોય, કાને સાંભળ્યા ન હોય અને ચિત્તમાં ચિંતન પણ ન કર્યું હોય તેવા અણ ચિતવ્યા પદાર્થો સ્વપ્નમાં સ્ફૂરણ થાય ત્યારે તે મૂળ સ્વપ્ન અવસ્થા જાણવી.

**સ્થાન :** તેનું મૂળ સ્થાન કંઠ છે. કંઠ સ્થાને સ્વપ્ન અવસ્થા ભોગવે છે.

**જાપ :** ૮૬૪ મહદ પ્રાણાયામ સુધી સ્વપ્ન અવસ્થા ભોગવે છે.

**કયા શરીરને વિશે :** સ્થૂળદેહ, જળતત્ત્વ, બુદ્ધિ અંતઃકરણ અને સતોગુણ અધિષ્ઠાન એ ચર્પૃટી સંયુક્ત સ્વપ્ન અવસ્થા ભોગવે છે.

**સ્વપ્ન અવસ્થામાં ત્રણ ચક્ષસત્ત્વના પ્રભાવ કેવો રહે તેની સમજ**

**૧. વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ**

**કાર્ય :** સ્વપ્ન અવસ્થાને સ્ફૂરણ કરવાનું કામ કરે છે.

**કારણ :** જળતત્ત્વના પ્રાણાયામને જાગ્રત કરે છે.

**૨. અનંગ ચક્ષસત્ત્વ**

**કાર્ય :** સ્વપ્ન અવસ્થામાં સ્ફૂરેલા પદાર્થ દેખીને મોહ ઊપજે છે.

**કારણ :** તે જળતત્ત્વના સામાન્ય પ્રાણાયામને લઈને મહદ પ્રાણાયામને વિશે સંજમ કરે છે.

**૩. કાળ ચક્ષસત્ત્વ**

**કાર્ય :** બુદ્ધિ અંતઃકરણને સંપટ કરીને સ્વપ્નને વિલય પમાડીને નિંદ્રાવશ કરે છે તે કાળ ચક્ષસત્ત્વની ક્રિયા જાણવી.

**કારણ :** જળતત્ત્વના પ્રાણાયામને મહદ પ્રાણાયામથી વિખૂટો પાડીને મંદ કરી નાંખે છે ત્યારે સ્વપ્ન અવસ્થા સંપૂર્ણ લીન પામી જાય છે.

**સ્વપ્ન અવસ્થાને ઉદરને વિશે પાંચ અવસ્થા (પેટા અવસ્થા) રહી છે. તે વર્તમાન થવાથી શું ક્રિયા થાય તેની સમજ**

| | |
|---|---|
| ૧. જાગ્રત અવસ્થા | સ્વપ્નને વિશે જાગ્રત અવસ્થામાં દશ્યમાન થયેલા પદાર્થ દશ્યમાં આવે છે. |
| ૨. સુષુપ્તિ અવસ્થા | સ્વપ્નના પદાર્થ જે વહેવારમાં વર્તતાં વિસર્જનપણું થઈ જાય છે. |
| ૩. તુરિયા અવસ્થા | સ્વપ્ન અવસ્થામાં સ્ફૂરેલા પદાર્થો વિશેની નિવૃત્તિ થઈને શાંત થઈ જવાય છે. |

૪. ઉન્મુની અવસ્થા — સ્વપ્ન અવસ્થાના અંતને વિશે અને સુષુપ્તિ અવસ્થાની આદ્ય (શરૂઆતમાં) સમયે એ બંનેના મધ્ય ભાગે ઉન્મુની થઈ જવાય છે. તે નહીં તો સ્વપ્ન અવસ્થામાં કે નહીં તો સુષુપ્તિ અવસ્થામાં, તે સ્વપ્ન અવસ્થાની ઉન્મુની અવસ્થા જાણવી.

### ૩. સુષુપ્તિ અવસ્થા

**કાર્યઃ** અર્ધમાત્રિકા સ્વપ્ન દરશી દરશીને વિલાઈ જાય છે જે પૂરું સ્વપ્નનું રૂપ પણ બંધાય નહીં. અને અલ્પ પદાર્થ દરશીને વિલાઈ જાય છે, તે સુષુપ્તિ અવસ્થા જાણવી.

**કારણઃ** જ્યારે અગ્નિતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રાણાયામને વિશે વર્તે (સંજમકરે) ત્યારે સુષુપ્તિ અવસ્થા સ્ફૂરણ થાય છે.

**સ્થાન :** તેનું મૂળ સ્થાન હ્દય છે. હ્દય સ્થાને સુષુપ્તિ અવસ્થા ભોગવે છે.

**કયા શરીરને વિશે :** કારણદેહ, અગ્નિતત્ત્વ, અહંકાર અંતઃકરણ અને રુદ્ર (તમોગુણ) અધિષ્ઠાન એ ચર્પુટી સંયુક્ત સુષુપ્તિ અવસ્થા ભોગવે છે.

**જાપ :** ૮૬૪ પ્રાણાયામ ભોગવે છે.

## સુષુપ્તિ અવસ્થામાં ત્રણ ચક્ષસત્ત્વનો પ્રભાવ કેવો રહે છે તેની સમજ

### ૧. વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ

**કાર્ય :** સુષુપ્તિ અવસ્થાને સ્ફૂરણ કરવાનું કાર્ય કરે છે, એટલે કે અર્ધમાત્રિક, સ્વપ્ન દર્શાઈ દર્શાઈને વિલાઈ જાય છે, જેથી સ્વપ્નનું સંપૂર્ણ રૂપ પણ બંધાય નહીં. જે અલ્પ પદાર્થને સુષુપ્તિ વિશે દર્શાવે છે તે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ જાણવું.

**કારણ :** અગ્નિતત્ત્વના પ્રાણાયામને જાગૃત કરે છે.

### ૨. અનંગ ચક્ષસત્ત્વ

**કાર્ય :** તે અલ્પ પદાર્થ દરશ્યાનો અલ્પ મોહ ઉત્પન્ન થાય છે.

**કારણ :** અગ્નિતત્ત્વના પ્રાણાયામને મહદ પ્રાણાયામ સાથે સંજમ કરે છે.

### ૩. કાળ ચક્ષસત્ત્વ

**કાર્ય :** તે સુષુપ્તિ વિશે અહંકાર અંતઃકરણને સંપુટ કરીને સુષુપ્તિને લય પમાડીને નિંદ્રાવશ કરે છે.

**કારણ :** અગ્નિતત્ત્વના પ્રાણાયામને મહદ પ્રાણાયામથી ભિન્ન પાડીને મંદ કરી નાંખે છે ત્યારે સુષુપ્તિ અવસ્થા લીન થઈ જાય છે.

## સુષુપ્તિ અવસ્થાને ઉદરને વિશે પાંચ અવસ્થા ( પેટા અવસ્થા) રહી છે તે વર્તમાન થવાથી શું ક્રિયા થાય છે તેની સમજ

૧. સ્વપ્ન અવસ્થા — સુષુપ્તિને વિશે અર્ધમાત્રિક, સ્વપ્ન વિના ચિંતવન દશ્યમાન થાય છે.

| | |
|---|---|
| ૨. જાગ્રત અવસ્થા | કોઈ નિદ્રામાં જ બરલી ઊઠે છે, અને કોઈ કહે કે તું કેમ બરલે છે ? ત્યારે તે પુરુષ જાગ્રત થઈને કહે કે હું તો બરલ્યો નથી. એવું કહે તે સુષુપ્તિમાં જાગ્રત અવસ્થા જાણવી. |
| ૩. તુરિયા અવસ્થા | સુષુપ્તિ અવસ્થાના અર્ધમાત્રિકા સ્વપ્નનો અલ્પ વિષય જે ઉત્પન્ન થયાં હોય તે અર્ધમાત્રિકા સ્વપ્ન રહે અને એકલા અલ્પ વિષયની શાંતિ થઈ જાય. તે સુષુપ્તિને વિષે તૂર્યા અવસ્થા જાણવી. |
| ૪. ઉન્મુની અવસ્થા | અર્ધમાત્રિકા, સ્વપ્નનો લય થઈ જાય અને સુષુપ્તિના અંત સમયે તથા તુરિયાની આદિમાં (શરૂઆતમાં) એ બંને અવસ્થાની સંધિને વિશે સુષુપ્તિ અવસ્થામાં ઉન્મુની જાણવી. આ વખતે મૂકતો પ્રાણાયામ ઘોર કરતો બહાર નીકળે અને લેતો પ્રાણાયામ ઘોર વિના પ્રવેશ કરે તે સમયે સુષુપ્તિના ઉદરની ઉન્મુની અવસ્થા જાણવી. |

### સુષુપ્તિ અવસ્થાનાં ચિહ્ન પ્રાણાયામને વિશેની સમજ

- જાગ્રત અવસ્થાનો પ્રાણાયામ અવ્યક્તવાન ચાલે છે.
- સ્વપ્ન અવસ્થાનો પ્રાણાયામ વ્યક્તવાન ચાલે છે.
- સુષુપ્તિ અવસ્થાનો પ્રાણાયામ ઘોર કરતો ચાલે છે. તે લેતો પ્રાણાયામ સુષુપ્તિનો જ ઘોર કરે અને મૂકતો પ્રાણાયામ તે સામાન્ય સ્વપ્ન અવસ્થાના જેવો ચાલે છે. કારણ કે મન તેમજ બુદ્ધિ અંતઃકરણ લીન પામ્યાં છે, તેને લીધે ઊર્ધ્વભાગની નાડીઓ ઈંગલા અને પિંગલા ચપટ થઈ જાય છે. તેથી વિકાસ રુંધન (અવરોધ) પામે છે. તે માટે ઊર્ધ્વભાગનો લેતો પ્રાણાયામ ઘોર કરે છે અને અધો ભાગની નાડીઓ તો સુષુપ્તિ અવસ્થામાં અહંકાર અંતઃકરણ જાગ્રતે કરીને વિકાસ પામી રહે છે. તે માટે મૂકતો પ્રાણાયામ ઘોર કરતો નથી. વળી, કોઈ પુરુષ વાંસની બંસી (વાંસળી ) બજાવે છે તે વાંસળીને ચપટ થયેલી બાજુથી ફૂંક મારે તો વાંસળી ઘોર કરે છે અને ચપટાયા સિવાયના અવળા ભાગ તરફથી ફૂંક મારે તો વાંસળી વાગતી નથી એ દૃષ્ટાંતે કરીને સુષુપ્તિનો પ્રાણાયામ બોલતો અથવા ન બોલતો જાણવો.

### ૪. તુરિયા અવસ્થા

**કાર્ય :** આ અવસ્થા એકલા પ્રાણાયામ દેહને વિશે જ સ્ફૂરણા પામે છે. સર્વ પદાર્થના સંકલ્પ લીન પામીને શાંત થઈ જાય ત્યારે તુરિયા અવસ્થા જાણવી. આ અવસ્થા પ્રથમ સ્ફૂરણ થતાં બંને પ્રાણાયામ (લેતા અને મૂકતા) બરાબર ઘોર કરે છે. કારણ કે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણ અંતઃકરણ મળી છ તત્ત્વો આકૃતિવંત હતાં તે લીન પામ્યાં છે, તેને લીધે નખથી તે શિખા પર્યંત શરીરની નાડીઓ ચપટાઈ જાય છે તે માટે લેતો અને મૂકતો પ્રાણાયામ બંને ઘોર કરતા ચાલે છે.

**કારણ :** જ્યારે વાયુતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે તુરિયા અવસ્થા

સ્ફૂરણ થાય.

**સ્થાન :** નાભિ સ્થાને તુરિયા અવસ્થા ભોગવે છે.

**કયા શરીરને વિશે** : મહાકારણ દેહ, વાયુતત્ત્વ, ચિત્ત અંતઃકરણ અને અવ્યાક્રત મહાતત્ત્વ અધિષ્ઠાન એ ચર્પુટી સંયુક્ત તુરિયા અવસ્થા ભોગવે છે.

**જાપ :** તુરિયા અવસ્થા ૮૬૪ પ્રાણાયામના જાપ સુધી ભોગવે છે.

**તુરિયા અવસ્થામાં ત્રણ ચક્ષસત્ત્વના પ્રભાવ કેવો છે તેની સમજ**

**૧. વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ**

**કાર્ય :** તુરિયા અવસ્થાને સ્ફૂરણ કરવાનું કામ વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ કરે છે. (કારણ કે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ તે કબંધ નિયંતાવાન છે, તેને લીધે બંને પ્રાણાયામને નિયંતા (નિયમમાં) બરાબર નેક (નીતિમાન) બંધી રાખે છે.)

**કારણ :** પવનતત્ત્વના પ્રાણાયામને જાગ્રત કરે છે.

**૨. અનંગ ચક્ષસત્ત્વ**

**કાર્ય :** એ બંને પ્રાણાયામ ઘોર કરતા હોય તેમાંથી મૂકાતો પ્રાણાયામ સામાન્ય ચાલવા લાગે અને તેમાં પ્રાણાયામ ઘોર કરતો જ ચાલે તે અનંગ ચક્ષસત્ત્વની ક્રિયા જાણવી. કારણ કે લેતા પ્રાણાયામની તો અનંગ ચક્ષસત્ત્વ ખેંચ કરે છે, તેને લીધે પ્રાણાયામ ઘોર કરે છે. હવે મૂકાતા પ્રાણાયામે તો અનંગ ચક્ષસત્ત્વ નપુસંક (નામર્દ) થાય છે. તે માટે મૂકાતો પ્રાણાયામ સૂક્ષ્મ સામાન્ય ચાલે છે. કારણ કે અનંગ ચક્ષસત્ત્વ તે કામદેવ તુલ્ય જાણવું. તે કામદેવ જ્યાં સુધી બંધ હોય ત્યાં સુધી કાયમ સામર્થ્યતા રહે છે અને કામ સ્ખલિત થઈ જાય છે ત્યારે પુરુષની માફક નપુંસકવત્ થાય છે. અ પ્રકારે મુકાતા પ્રાણાયામે અનંગ સ્ખલિત થાય છે, તેને લીધે મૂકાતો પ્રાણાયામ સામાન્ય ચાલે છે.

**કારણ :** તે પૃથ્વીતત્ત્વના પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિશે સંજમ કરે છે ત્યારે તુરિયાઅવસ્થા સ્ફૂરણ થાય છે.

**૩. કાળ ચક્ષસત્ત્વ**

**કાર્ય :** તે પછી ચિતઃ અંતકરણને મંદ કરીને તે તુરિયા અવસ્થાને લય પમાડીને નિંદ્રાવશ કરી દે છે. પ્રાણાયામને વિશે અનંગ ચક્ષસત્ત્વને વિશે લેતો પ્રાણાયામ ઘોર કરતો હતો અને મૂકતો પ્રાણાયામ સામાન્ય ચાલતો હતો તે હવે કાળ ચક્ષસત્ત્વને વિશે મૂકતો પ્રાણાયામ ઘોર કરતો ચાલે અને લેતો પ્રાણાયામ તે સામાન્ય ચાલે કારણ કે કાળ ચક્ષસત્ત્વ તો પ્રાણાયામની નાસ્તિ (નાશ) કરવા સારું પ્રાણાયામને બહાર વેગથી કાઢી નાંખે છે અને લેતા પ્રાણાયામને સૂક્ષ્મ ખેંચે છે તે માટે લેતો પ્રાણાયામ સામાન્ય ચાલે અને મૂકતો પ્રાણાયામ ઘોર કરે છે.

**કારણ :** પવનતત્ત્વના પ્રાણાયામને મહદ પ્રાણાયામથી વિખૂટો પાડીને મંદ કરી નાંખે છે ત્યારે

તુરિયા અવસ્થા લીન પામે છે.

**તુરિયા અવસ્થાની ઉદરને વિશે પાંચ અવસ્થા (પેટા અવસ્થા) રહી છે તે વર્તમાન થવાથી શું ક્રિયા થાય છે તેની સમજ**

| | |
|---|---|
| ૧. સ્વપ્ન અવસ્થા | બંને પ્રાણાયામ સામાન્ય સૂક્ષ્મ ઘોર કરવા લાગે છે. કારણ કે સ્વપ્ન અવસ્થાને વિશે પ્રાણાયામ દેહને ચેતનપણું થાય છે. તે પ્રાણાયામ દેહને ચેતનતાથી નાડીઓ વિકાસ પામે છે. તે નાડીઓ વિકાસ પામવાથી પ્રાણાયામ સંકીરણ થતો નથી, તેને લીધે પ્રાણાયામ સામાન્ય સૂક્ષ્મ ઘોર કરે છે. |
| ૨. જાગ્રત અવસ્થા | ત્યાર પછી મૂકતો પ્રાણાયામ એકલો ઘોર કરે અને લેતો પ્રાણાયામ ઘોર વિનાનો સૂક્ષ્મ ચાલે. કારણ કે જાગ્રત અવસ્થા તો નાડીઓને ઊર્ધ્વમુખે રહી છે, તેને લીધે ઊર્ધ્વમુખની નાડીઓ વિકાસ પામે છે. તેટલા માટે લેતો પ્રાણાયામ ઘોર કરતો નથી. |
| ૩. સુષુપ્તિ અવસ્થા | ત્યારપછી લેતો પ્રાણાયામ ઘોર કરે છે અને મૂકતો પ્રાણાયામ સામાન્ય ચાલવા લાગે. કારણ કે સુષુપ્તિ અવસ્થા અને અહંકાર અંતઃકરણ નાડીઓના અધોમુખ ભાગને વિશે રહ્યા છે, તે અહંકાર અંતઃકરણ નાડીઓના અધોભાગને વિકાસ પમાડે છે, તેને લીધે મૂકાતો પ્રાણાયામ ઘોર કરતો નથી અને લેતો પ્રાણાયામ ઘોર કરે છે. |
| ૪. ઉન્મુની અવસ્થા | ત્યારપછી તુરિયા અવસ્થાના અંત સમયે અને શુદ્ધ ઉન્મુનીની આદ્યમાં એ બંને અવસ્થાની મધ્યે બંને પ્રાણાયામ શ્વાસવત્ સૂક્ષ્મ ઘોર કરતા ચાલે. |

એ પંચે અવસ્થા તુરિયા સહિત તુરિયાના ઉદ્રની કહી.

**ઉન્મુની અવસ્થા**

**કાર્ય :** આ અવસ્થા એકલા પ્રાણાયામ દેહને વિશે જ સ્ફૂરણા પામે છે. જ્યારે બંને પ્રાણાયામ સમવત્ સામાન્ય થઈ જાય અને જાગ્રત અવસ્થામાં સરખા ચાલવા લાગે તે પ્રથમ મૂળ ઉન્મુની અવસ્થા જાણવી. જાગ્રત અવસ્થાને વિશે જે પ્રાણાયામ ચાલતો હોય તેનાથી લેશમાત્ર જાસ્તી (વધુ) ચાલે તે સામાન્ય જાણવો. તે શા માટે સામાન્ય ચાલે છે ને ઘોર કરતો નથી, કારણ કે નિંદ્રાનો અંત સમય થાય છે. જાગૃતની આદ્ય પ્રવેશ થઈ છે તથા નચિંત અંતઃકરણ સ્ફૂર્યું છે, તેને લીધે સર્વે દેહની નાડીઓ વિકાસ પામે છે. તે માટે પ્રાણાયામ ઘોર કરતો નથી અને સામાન્ય ચાલે છે. તે સમયે સર્વ શરીર પણ સમવત્ હોય છે.

**કારણ :** જ્યારે આકાશતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે ઉન્મુની અવસ્થા સ્ફૂરણ થાય છે.

**સ્થાન :** આ અવસ્થાનું મૂળ સ્થાન બ્રહ્મરંદ્ર છે.

**જાપ :** ઉન્મુની અવસ્થા ૮૬૪ પ્રાણાયામના જાપ સુધી ભોગવે છે.

**કયા શરીરને વિશે :** પરમકારણ દેહ , આકાશતત્ત્વ, નચિંત અંતઃકરણ અને નિરંજન અધિષ્ઠાન એ ચર્પુટી સંયુક્ત ઉન્મુની અવસ્થા ભોગવે છે.

## અવસ્થામાં ત્રણે ચક્ષસત્ત્વના પ્રભાવ કેવો છે તેની સમજ

### ૧. વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ

**કાર્ય :** હવે તુરિયા અવસ્થાના અંત સમયે અને જાગૃત અવસ્થાના આદ્ય સમયે ઉન્મુની અવસ્થા અને નચિંત અંતઃકરણને સ્ફૂરણ કરવાનું કાર્ય તે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વનું જાણવું.

**કારણ :** આકાશતત્ત્વના પ્રાણાયામને જાગ્રત કરે છે.

### ૨. અનંગ ચક્ષસત્ત્વ

**કાર્ય :** ત્યારપછી શરીર ચળ વળે અને હાથ-પગ પ્રસરણ સંકિરણ (આઘા-પાછા) થવા લાગે તે ઉન્મુની અવસ્થાને વિશે અનંગ ચક્ષસત્ત્વની ક્રિયા જાણવી. કારણ કે જેમ ઉન્મુની અવસ્થાના સાધક શિવ અને એકલશ્રૃંગીની આદ્ય લઈને સર્વ યોગી પુરુષો તે કાળના ભયે કરીને ડોલતા નથી, દ્રવ્યે કરીને પણ ચલીત થયા નહીં, ક્ષુધાપિપાસાએ પણ ડોલ્યા નથી અને ચૌદલોકની પદવીના અભિમાનમાં પણ ડોલાયમાન થયા નથી, પરંતુ અનંગ ચક્ષસત્ત્વ રૂપ કામદેવ વડે કરીને તેઓના દેહ ડોલાયમાન થયા છે. તે જ દૃષ્ટાંતે કરીને ઉન્મુની અવસ્થાને વિશે અનંગ ચક્ષસત્ત્વ શરીરને ચલાયમાન કરે છે.

**કારણ :** આકાશતત્ત્વ સામાન્ય પ્રાણાયામને લઈને મહદ પ્રાણાયામને વિશે સંજમ કરે છે ત્યારે ઉન્મુની અવસ્થા સ્ફૂરણ થાય છે.

### ૩. કાળ ચક્ષસત્ત્વ

**કાર્ય** ત્યારપછી નચિંત અંતઃકરણને સંપટ કરીને ઉન્મુની અવસ્થાને લય પમાડીને શરીરને શૂન્યાકાર કરી નાંખે છે – કારણ કે ત્યારપછી જાગ્રત અવસ્થા સ્ફૂરે છે તે જાગ્રત અવસ્થાને વિશે પ્રથમ જાગ્રત થતાં પુરુષ યા સ્ત્રી અંધાધૂંધ શૂન્યાકાર સરખાં ઊઠે છે, તેને લીધે અચેત સરખાં ઊઠે છે. તે માટે તે સમયે કાળ ચક્ષસત્ત્વ જાણવું.

ત્યારપછી પુનઃ વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ જાગ્રત અવસ્થાને સ્ફૂરણ કરે છે ત્યારે અંધાધૂંધ અચેતપણું સમાઈ જાય ને સર્વ કાર્યોની શુદ્ધિ સ્ફૂરણ થાય છે.

**કારણ :** આકાશતત્ત્વના પ્રાણાયામને મહદ પ્રાણાયામથી વિખૂટો પાડીને મંદ કરે છે ત્યારે ઉન્મુની અવસ્થા લીન પામે છે.

**ઉન્મુની અવસ્થાને ઉદરને વિશે પાંચ અવસ્થા (પેટા અવસ્થા) રહી છે. તે વર્તમાન થવાથી શું ક્રિયા થાય છે તેની સમજ**

**૧. તુરિયા અવસ્થા**

જ્યારે એક બે પ્રાણાયામ સામાન્ય ચાલે અને તેની અંદર એક લેતો પ્રાણાયામ ઘોર કરી જાય અને વળી બે ચાર પ્રાણાયામ સામાન્ય ચાલીને પછી મૂકતો એક પ્રાણાયામ ઘોર કરી જાય એ પ્રકારનો ચિહ્ન થાય ત્યારે તે સમયે ઉન્મુની ને વિશે તુરિયા અવસ્થા જાણવી.

**૨. સુષુપ્તિ અવસ્થા**

ત્યારપછી સર્વ શરીર ઊલટા-સૂલટી થવા લાગે – જે જમણી બાજુથી ડાબી બાજુ થાય અને ડાબેથી જમણે થાય તે ઉન્મુનીને વિશે સુષુપ્તિ જાણવી.

**૩. સ્વપ્ન અવસ્થા**

વળી, હાથ-પગ પ્રસરણ – સંકીરણ (આઘા-પાછા) થવા લાગે તે ઉન્મુનીને વિશે સ્વપ્ન અવસ્થા જાણવી.

**૪. જાગ્રત અવસ્થા**

ત્યારપછી નિદ્રાના અંત સમયે અને જાગ્રતની આદ્યે આંખ તો બંધ હોય છતાં સર્વ શરીર ઉપર હાથ ફેરવે અને શરીરને ચળ આવે ત્યાં ખણતો જાય તે ઉન્મુનીને વિશે જાગ્રત અવસ્થા જાણવી.

પંચ અવસ્થા ઉન્મુની સહિત ઉન્મુનીના ઉદ્રની કહી. એ પંચ અવસ્થા પંચ પ્રકારે ભોગવે છે. પંચ દેહના કોણ કોણ પ્રકારે કેટલા કેટલા તત્ત્વ કયા કયા શરીર થયા તેની સમજ.

**દેહના તત્ત્વ વિભાગ**

**સ્થૂળ દેહ (સ્ત્રી અને પુરુષ)**

સ્થૂળ દેહ, પૃથ્વીતત્ત્વ, મન અંતઃકરણ અને રજોગુણ અધિષ્ઠાન એ ચારેય સંયુક્ત જાગ્રત અવસ્થા ભોગવે છે. તેને વિશે દેહોસ્મિ અહંતા રહી છે.

૬ ભાગ અહંકારઘણ પૃથ્વીતત્ત્વના

૪ ભાગ – જળ, અગ્નિ, તેજ અને વાયુ x૧

૫ ભાગ ૫ આકાંક્ષા ગવન, વિષય, શ્રવણ, નિરીક્ષણ અને ઉચાર x૧

૨૫ ભાગ - ૫ આકાંક્ષા શ્રુધા-પિપાસા, સુગંધ, શીત-ઉષ્ણ, મળ વિસર્જન અને ગ્રહાજ x૫

૨૦ ભાગ ૫ માત્રા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ x૪

૯ ભાગ રજોગુણ પ્રધાનના

૧ ભાગ અહંકારઘણ

કુલ ૭૦ એ તત્ત્વ વિભાગ મન અંતઃકરણ, સંયુક્ત રજોગુણ અધિષ્ઠાન સહ વર્તમાન કર્તાની ક્રિયાવૃત્તિથી થયેલા સ્થૂળદેહ જાણવો.

૫/૮ ભાગ ( ૧/૨ અવિકાસ + ૧/૧૬ કુંભસ્થ + ૧/૧૬ વિકાસ)

૫/૮ ભાગ ( ૧/૨ વિકાસ + ૧/૧૬ કુંભસ્થ + ૧/૧૬ અવિકાસ)

૫/૮ ભાગ ( ૧/૨ કુંભસ્થ + ૧/૧૬ વિકાસ + ૧/૧૬ અવિકાસ) જંગમની સ્થૂળ અને સૂક્ષ્મ શરીરની સંધિને વિશે રહ્યો છે.

**સૂક્ષ્મદેહ (સ્ત્રી અને પુરુષ)**

સૂક્ષ્મ દેહ, જળતત્ત્વ, બુદ્ધિ અંતઃકરણ અને સતોગુણ અધિષ્ઠાન એ ચારેય સંયુક્ત સ્વપ્ન અવસ્થા ભોગવે છે.

તેને વિશે અહં જીવોસ્મિ અહંતા રહી છે.

૬ ભાગ જળતત્ત્વના

૪ ભાગ ( પૃથ્વી, વાયુ, તેજ અને આકાશ) x ૧

૪૫ ભાગ સતોગુણની પંચ અવસ્થા ( જાગૃત, સ્વપ્ન, સષોપતિ, તુરિયા અને ઉન્મુની) x ૯

૫ ભાગ સ્વકાશઘણના પાંચ સંભસક્રણ (સ્વાંત્ય, સહેજ, શીલ, સંતોષ અને સમતા) x ૧

૪૫ ભાગ - સતોગુણના અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને નચિંત) x ૯

૫ ભાગ સ્વકાશઘણની પાંચ વિવસ્તા (સ્થિતિ, ઉદાર, ગલિત, કુંભ અને સામાન્ય ) x ૧

૯ ભાગ સતોગુણ પ્રધાનના

૧ ભાગ સ્વકાશઘણ

કુલ ૧૨૦ તત્ત્વ ભાગ બુદ્ધિ અંતઃકરણ, સંયુક્ત સાત્ત્વિક અધિષ્ઠાન સહવર્તમાન કર્તાની ક્રિયાવૃત્તિ દ્વારા થયેલો સૂક્ષ્મદેહ જાણવો.

૫ ભાગ ( અનંગ ૧ ૧/૨ + વગ્રજ્ઞાન ૧ ૧/૨ + કાળ ૨)

૧ ૧/૪ ( ૧ વિકાસ + ૧/૮ + અવિકાસ ૧/૮ + કુંભસ્થ)

૧ ૧/૪ ( ૧ અવિકાસ + ૧/૮ વિકાસ + ૧/૮ કુંભસ્થ)

૧ ૧/૪ (૧ કુંભસ્થ + ૧/૮ વિકાસ + ૧/૮ અવિકાસ ) સૂક્ષ્મ અને કારણ શરીરની સંધિને વિશે.

૫/૮ ( ૧/૨ કુંભસ્થ + ૧/૧૬ વિકાસ + ૧/૧૬ અવિકાસ) સ્થૂળ અને સૂક્ષ્મ શરીરની સંધિને વિશે.

**કારણ દેહ (સ્ત્રી અને પુરુષ)**

કારણ દેહ, અગ્નિતત્ત્વ, અહંકાર અંતઃકરણ અને તમોગુણ અધિષ્ઠાન એ ચારેય સંયુક્ત સુષુપ્તિ અવસ્થા ભોગવે છે.

તેને વિશે અહંમ શિવોસ્મિ અહંતા રહી છે.

૬ ભાગ અગ્નિતત્ત્વના

૪ ભાગ ( પૃથ્વી, જળ, વાયુ અને આકાશ ) x૧

૯૦ ભાગ તમોગુણના ૧૦ કાળ ( સ્વભાવ, કામના, આક્રંત, આશ્ચર્ય, પૃથક, વિપરીત, અજ્ઞાન, રાગસ, દ્વેષ અને વૃદ્ધિ - અંત) x ૯

૧૦ ભાગ અચંતઘણની ૧૦ ભાવના ( અહમ્, સમ, વિસર્જન, નિંદ્રા, અંધતમ, અચેત, ઉચ્ચાર, અભાવ, મુન્ય અને અસામર્થ) x ૧

૯ ભાગ તમોગુણ પ્રધાનના

૧ ભાગ અચંતઘણનો

કુલ ૧૨૦ તત્ત્વ ભાગ અહંકાર અંતઃકરણ સંયુક્ત 'રુદ્ર' અધિષ્ઠાન સહવર્તમાન કર્તાની ક્રિયાવૃત્તિ દ્વારા થયેલો કારણદેહ જાણવો.

૨½ ( ૨ વિકાસ + ¼ અવિકાસ + ¼ કુંભસ્થ) કારણ દેહમાં પોખ્યા.

૨½ ( ૨ અવિકાસ + ¼ વિકાસ + ¼ કુંભસ્થ)

૨½ ( ૨ કુંભસ્થ + ¼ વિકાસ + ⅛ અવિકાસ) કારણ દેહ અને મહાકારણ દેહની સંધિને વિશે

૧½ ( ૧ કુંભસ્થ + ⅛ વિકાસ + ⅛ અવિકાસ) સૂક્ષ્મ અને કારણદેહની સંધિને વિશે

૨½ ( અનંગ ¾ + વગ્રજ્ઞાન ¾ + કાળ ૧)

**મહાકારણ દેહ (સ્ત્રી અને પુરુષ)**

મહાકારણ દેહ, વાયુતત્ત્વ, ચિત્ત અંતઃકરણ અને અવ્યાક્રત અધિષ્ઠાન એ ચારેય સંયુક્ત તુરિયા અવસ્થા ભોગવે છે.

તેને વિશે અહં બ્રહ્માસ્મિ અહંતા રહી છે.

૬ ભાગ વાયુતત્ત્વના

૪ ભાગ ( પૃથ્વી, જળ, આકાશ અને અગ્નિ) x ૧

૯ ભાગ આનંદ તત્ત્વકારણ

૯ ભાગ પ્રકૃતિ તત્ત્વકારણ

૧ ભાગ મહા તત્ત્વકારણ

૧ ભાગ ધનંજે તત્ત્વકારણ

કુલ ૩૦ તત્ત્વભાગ ચિત્ત અંતઃકરણ સંયુક્ત અવ્યાક્રત અધિષ્ઠાન સહવર્તમાન કર્તાની ક્રિયાવૃત્તિથી થયેલ મહાકારણ દેહ જાણવો.

૧¼ (અનંગ ચક્ષસત્ત્વ ⅜ + વગ્ર ચક્ષસત્ત્વ ⅜ + કાળ ½)

૧૦ ભાગ ( ૮ અવિકાસ + ૧ વિકાસ +૧ કુંભસ્થ)

૫ ભાગ ( ૪ વિકાસ + ½ અવિકાસ + ½ કુંભસ્થ) મહાકારણ દેહને વિષે પોખ્યા.

૨½ ભાગ ( ૨ કુંભસ્થ + ¼ વિકાસ + ¼ અવિકાસ ) મહાકારણ દેહ અને કારણ દેહની સંધિને વિશે)

૫ ભાગ ( કુલ ૧૦ ભાગ પૈકી) અધોમુખે)

(૮ કુંભસ્થ + ૧ અવિકાસ + ૧ વિકાસ ) મહાકારણ દેહ અને પરમકારણ દેહની સંધિને વિશે - ૫ ભાગ ઊર્ધ્વમુખે પરમકારણ દેહ, અને ૫ ભાગ અધોમુખે મહાકારણ દેહ.)

**પરમકારણ દેહ પુરુષ ને સ્ત્રીના અલગ અલગ છે.**

- પરમકારણ દેહ, આકાશતત્ત્વ, નચિંત અંતઃકરણ, નિરંજન અધિષ્ઠાન એ ચારેય સંયુક્ત ઉન્મુની અવસ્થા ભોગવે છે.

- તેને વિશે વિસર્જનોસ્મિ અહંતા રહી છે.

**પુરુષ**

૬ ભાગ આકાશતત્ત્વના

૪ ભાગ ( પૃથ્વી, જળ, વાયુ અને અગ્નિ ) x ૧

૮ નિરંજન

૨ અવ્યાક્રત

કુલ ૨૦ તત્ત્વ વિભાગ, પુરુષનો પરમકારણ દેહ, નચિંત અંતઃકરણ સંયુક્ત નિરંજન અધિષ્ઠાન સહવર્તમાન કર્તાની ક્રિયાવૃત્તિથી પરમકારણ દેહ જાણવો.

**સ્ત્રી**

૬ ભાગ આકાશતત્ત્વ

૪ ભાગ ( પૃથ્વી, જળ, વાયુ અને અગ્નિ) x ૧

૮ અવ્યાકત

૨ નિરંજન

કુલ ૨૦ વિભાગ સ્ત્રીનો પરમકારણ દેહ નચિંત અંતઃકરણ સંયુક્ત નિરંજન અધિષ્ઠાન સહવર્તમાન કર્તાની ક્રિયાવૃત્તિથી પરમકારણ દેહ જાણવો.

**આ ઉપરાંત અન્ય તત્ત્વ વિભાગની સમજ ત્રણ મહાતત્ત્વ ને ત્રણ ચક્ષસત્ત્વ**

$^{5}/_{8}$ ભાગ ($^{3}/_{16}$ અનંગ ચક્ષસત્ત્વ + $^{3}/_{16}$ + વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ + $^{1}/_{4}$ કાળ ચક્ષસત્ત્વ)

૧૦ ભાગ (૮ વિકાસ + ૧ અવિકાસ + ૧ કુંભસ્થ)

૫ ભાગ (૪ અવિકાસ + $^{1}/_{2}$ વિકાસ + ૧ કુંભસ્થ (ફરીથી)

૫ ભાગ ઊર્ધ્વમુખે

(કુલ ૧૦ ભાગ - ૮ કુંભસ્થ + ૧ અવિકાસ + ૧ વિકાસ ) જંગમજાતિ પરમકારણ દેહની અને મહાકારણ દેહની સંધિને વિશે)

(૫ ભાગ ઊર્ધ્વમુખે પરમકારણ દેહ + ૫ ભાગ અધોમુખે મહાકરણ દેહને વિશે)

| તત્ત્વ વિભાગ | ઈંદ્રિ | | માત્રા | કોશ | તત્ત્વો આપ આપને સ્થાને રહીને પ્રકાશે છે |
|---|---|---|---|---|---|
| | પુરુષ કાર્ય | સ્ત્રી કારણ | | | |
| પૃથ્વીતત્ત્વ કઠણ વિભાગ | ગુદા | નાશિકા | ગંધ | અનોમય (અન્ન થકી જ પુષ્ટી પામે) | પંચ અંતઃકરણ, પંચભૂત, દસ ઈન્દ્રિયો, પાંચ અવસ્થા અને ત્રણ ગુણો |
| જળતત્ત્વ નરમ વિભાગ | ઉપસ્થ | જીભ | રસ | આનંદમય કોષ, (આનંદ થકી જ પૃષ્ટી પામે) | દસ ઈંદ્રિયો, પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થા |
| અગ્નિતત્ત્વ ઉષ્ણ વિભાગ | પગ | નેત્ર | રૂપ | મનોમય કોષ (મન પ્રફુલ્લિત હોય તો જ પૃષ્ટી પામે) | દસ ઈન્દ્રિયો, પાંચ અવસ્થા અને ત્રણ ગુણ |
| વાયુતત્ત્વ, ચલ વિભાગ | હાથ | ત્વચા | સ્પર્શ | પ્રાણાયામ કોષ (દસ પ્રકારના વાયુથી પૃષ્ટિ પામે) | દસ ઈંદ્રિયો, પાંચ અવસ્થા અને ત્રણ ગુણ |
| આકાશતત્ત્વ, અવકાશ વિભાગ | મુખ | કાન | શબ્દ | વિજ્ઞાનમય કોષ (વાચા- શ્રવણથી પૃષ્ટિ પામે) | દસ ઈંદ્રિયો, પાંચ અવસ્થા અને ત્રણ ગુણ |

**નોંધ :** ત્રણ ચક્ષસત્ત્વને લીધે જે અવસ્થા સ્ફૂરણ થાય તે અવસ્થાની સ્મૃતિ રહે અને અન્ય અવસ્થાની ક્રિયા વિસર્જન થાય છે.

૧. દરેક દેહના તત્ત્વો અલગ-અલગ છે તેને જતમત જૂથબંધ રાખવાનું કામ અવિકાસ અને વિકાસ મહાતત્ત્વ રાખી રહ્યો છે અને કુંભસ્થ મહાતત્ત્વ પંચ શરીરની સંધિને વિશે પોખેલો છે. તે પંચશરીરને વિષે પંચ અહંતા માની રહ્યા છે.

૨. પાંચ શરીરના વિધવિધ પ્રકારના વૈભવ ને વિશે ઉમંગમાં રહે છે. તે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ અને અનંગ ચક્ષસત્ત્વ પંચ શરીરના વેશે રહીને પંચ શરીરને ઉમંગમાં રાખે છે. જયારે કાળ ચક્ષસત્ત્વ શરીરના ઉમંગને ભંગ કરવા રહેલો છે.

૩. મૂળ શુદ્ધ પ્રાણાયામને વિષે પંચ તત્ત્વો વારા-ફરથી વર્તમાન કરે છે. તે તત્ત્વ પલટાય એટલે અવસ્થા પલટાય છે.

૪. પંચ સૂક્ષ્મ પ્રાણાયામ મહદ પ્રાણાયામના આભાસના રહ્યા છે. પંચતત્ત્વના પંચ સૂક્ષ્મ વિકારી

પ્રાણાયામ તે પંચ પ્રાણ વાયુ જાણવા. પૃથ્વીતત્ત્વ અપાન વાયુ, જળતત્ત્વ પાન વાયુ, અગ્નિ તત્ત્વ ઉદાન વાયુ, વાયુતત્ત્વ વાનવાયુ, આકાશતત્ત્વ સમાનવાયુ. આ પાંચ વાયુ મૂકાતા શ્વાસના પ્રાણાયામ જાણવા, અને પાંચ તત્ત્વના લેવાતા શ્વાસના પંચ પ્રાણાયામ પાંચ ઉપસમ વાયુ જાણવા. પૃથ્વીતત્ત્વ કોરમ વાયુ, જળતત્ત્વ કરકલ વાયુ, અગ્નિતત્ત્વ દેવદત્ત, વાયુ તત્ત્વ નાગ વાયુ, આકાશતત્ત્વ ધનંજે વાયુ જાણવા. તેથી તે તત્ત્વોનો સૂક્ષ્મ વિકારી પ્રાણાયામ જ્યારે મહદ પ્રાણાયામને વિશે વર્તે ત્યારે અવસ્થા સ્ફુરાયમાન થાય છે.

| દેહ સ્થાન | વાયુ | ચક્ષસત્ત્વ | કાર્ય (ચક્ષસત્ત્વનું) |
|---|---|---|---|
| સ્થૂળ દેહ + મન અંતઃકરણ + રજોગુણ = જાગ્રત અવસ્થા (નેત્ર સ્થાને) | અપાનવાયુ (મુકાતો) કોરમ વાયુ (લેવાતો) | વગ્રજ્ઞાન<br>અનંગ<br>કાળ | - પૃથ્વીતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને જાગ્રત કરે.<br>પૃથ્વીતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામમાં મેળવે ત્યારે જાગ્રત અવસ્થા સ્ફૂરાયમાન થાય. ૮૬૪ શ્વાસા ભોગવે.<br>પૃથ્વી તત્ત્વ સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિશેથી વિખૂટો પાડી મંદ કરી નાંખે ત્યારે જાગ્રત અવસ્થા લીન પામે. |
| સૂક્ષ્મ દેહ + બુદ્ધિ અંતઃકરણ + સતોગુણ = સ્વપ્ન અવસ્થા (કંઠ સ્થાને) | પાન (મુકાતો) કરકલ (લેવાતો) | વગ્રજ્ઞાન<br>અનંગ<br>કાળ | જળતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને જાગ્રત કરે.<br>જળતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિશે મેળવે ત્યારે સ્વપ્ન અવસ્થા સ્ફૂરાયમાન થાય. ૮૬૪ શ્વાસા ભોગવે.<br>જળતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિષેથી વિખૂટો પાડીને મંદ કરે ત્યારે સ્વપ્ન અવસ્થા પુરી થાય. |
| કારણ દેહ + અહંકાર અંતઃકરણ + તમોગુણ = સુષુપ્તિ અવસ્થા (હૃદય સ્થાને) | ઉદાન (મુકાતો) દેવદત્ત (લેવાતો) | વગ્રજ્ઞાન<br>અનંગ<br>કાળ | અગ્નિતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને જાગ્રત કરે.<br>અગ્નિતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિશે મેળવે તેથી સુષુપ્તિ અવસ્થા સ્ફૂરાયમાન થાય. ૮૬૪ શ્વાસા ભોગવે.<br>અગ્નિતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિશેથી વિખૂટો પાડી મંદ કરે તેથી સુષુપ્તિ અવસ્થા લીન પામે. |

| | | | |
|---|---|---|---|
| મહાકારણ દેહ<br>+<br>ચિત્ત અંતઃકરણ<br>+<br>પ્રકૃતિ<br>=<br>તુરિયા અવસ્થા<br>(નાભિ સ્થાને) | વાન (મુકાતો)<br>નાગ (લેવાતો) | વગ્રજ્ઞાન<br><br>અનંગ<br><br><br>કાળ | વાયુતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને જાગ્રત કરે.<br><br>વાયુતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને લઈને મહદ પ્રાણાયામને વિશે મેળવે, જેથી તુરિયા અવસ્થા સ્ફૂરાયમાન થાય. ૮૬૪ શ્વાસા ભોગવે.<br>વાયુતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિશેથી વિખૂટો પાડીને મંદ કરી નાંખે જેથી તુરિયા અવસ્થા લીન પામે. |
| પરમકારણ દેહ<br>+<br>નચિંત અંતઃકરણ<br>+<br>નિરંજન<br>=<br>ઉન્મુની અવસ્થા<br>(બહ્મરંદ્ર સ્થાને) | સમાન (મુકાતો)<br>ધનંજે (લેવાતો) | વગ્રજ્ઞાન<br><br>અનંગ<br><br>કાળ | આકાશતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને જાગ્રત કરે.<br><br>આકાશતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામ સાથે મેળવે ત્યારે ઉન્મુની અવસ્થા સ્ફૂરાયમાન થાય. ૮૬૪ શ્વાસા ભોગવે.<br>આકાશતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામને મહદ પ્રાણાયામને વિશેથી વિખૂટો પાડી મંદ કરે તેથી ઉન્મુની અવસ્થા લીન પામે. |

## દોહા

**તીન ચક્ષ અનુકરમહી, કીયે પસરન ગતિ પંચ;**
**જાગ્રત, સ્પપ્ન, સષોપતિ, ઉન્મુની, તુરિ, સકંચ. ૧**

### શબ્દાર્થ

**તીન** = ત્રણ **ચક્ષ** = ચક્ષસત્ત્વ **અનુકરમહી** = અનુક્રમ પ્રમાણે **કીયે** =કર્યા **પસરન** = ફેલાવો **ગતિ** = સમજ **પંચ** = પાંચેય અવસ્થા અને પાંચ દેહ પૈકી **જાગ્રત** = જાગ્રત અવસ્થા થાય **સ્વપ્ન** = સ્વપ્ન અવસ્થા **સષોપતિ** = સષોપતિ અવસ્થા **ઉન્મુની** = ઉન્મુની અવસ્થા **તુરિ** = તુરિયા અવસ્થા **સકંચ** = કળ ભરી છે.

### ભાવાર્થ-અનુવાદ

આ સ્કંધમાં સકર્તા સર્જનહારના સંજમભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્ત્વ (વગ્રજ્ઞાન, અનંગ, કાળ)ની કાર્યશક્તિ તેના પ્રભાવથી સતોગુણની પાંચ અવસ્થા (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરિયા અને ઉન્મુની)ની સાડા ત્રણ હાથના શરીરમાં જે જે પ્રકારે પાંચ દેહનો વિસ્તાર કરેલો છે તેની સઘળી સમજ દર્શાવવામાં આવેલ છે.

**અબ તીનું પુનિ સ્થાનકી, રચિત રમણ અતિ ગાર;**
**પ્રાણ ગવન ગતિ ગ્યમ કહું, નારણદાસ સુણ સાર. ૨**

## શબ્દાર્થ

**અબ** = હવે પછી **તીનું** = ત્રણેયના **પુનિ** = ફરીથી **સ્થાનકી** = સ્થાન અંગે **રચિત** = રચના **રમણ** = ગમન **અતિગાર** = વિશેષ પ્રમાણમાં **પ્રાણ** = પ્રાણાયામને વિશે **ગવન** = ફરે છે, ગવન કરે છે **ગતિ ગ્યમ** = સમજ **કહું** = કહું છું **નારણદાસ**= પૂજ્ય નારણદાજી મહારાજ **સુણ** = સાંભળો **સાર** = વૃત્તાંત, સમજ.

## ભાવાર્થ-અનુવાદ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે કે હવે પછીના સ્કંધ ૧૪માં આ ત્રણે ચક્ષસત્ત્વોના કયા કયા સ્થાને વિશેષ પ્રમાણમાં તેની સમજ તેમજ પ્રાણાયામને વિશે તેમાં ગવન કરીને તેના કાર્યબળ વિશે સમજાવેલ છે જે પૂજ્ય નારણદાસ મહારાજને સર્વ વૃત્તાંતને સાંભળવા માટે દર્શાવે છે.



# ત્રણ ચક્ષસત્ત્વ, મૃત્યુ, અંશનું સ્થાન, તાપ અંગેની ગતિ દર્શાવનકો

## સ્કંધ ૧૪



**ત્રણ ચક્ષસત્ત્વ**

એક એક ચક્ષસત્ત્વ ત્રણ ત્રણ સ્થાને રમણ કરે છે. બબ્બે સ્થાન તો ત્રણ ચક્ષસત્ત્વ રૂપ સહેલાણીને સહેલ કરવાનાં છે અને એક એક મકાની સ્થાન તે ત્રણ ચક્ષસત્ત્વને સદાકાળ મકાને રહેવાનું છે. એ ત્રણ ચક્ષસત્ત્વનાં બબ્બે સહેલાણી સ્થાન કહ્યાં. એ બબ્બે સ્થાને એક એક ચક્ષસત્ત્વ રહીને બીજી સર્વ ઈંદ્રિયોની સહેલ કરે છે. પણ ઘણાંક તો એ બબ્બે ઈંદ્રિ સ્થાનને વિશે વર્તે છે. એ ત્રણ ચક્ષસત્ત્વ તે મૂળ સ્થાને શ્રેષ્ઠ ભાગે રહ્યાં છે. તે ત્રણ ચક્ષસત્ત્વ શ્રેષ્ઠ ભાગને વિશે અન્ય ચક્ષસત્ત્વના બબ્બે સૂક્ષ્મ ભાગ મળવાથી એકબીજાને વિશે માંહોમાંહે કેવી રીતે રહ્યા છે તેની સમજ.

| ચક્ષસત્ત્વ | મૂળસ્થાને શ્રેષ્ઠભાગે | સહેલી સ્થાન | એક ચક્ષસત્ત્વમાં બીજા બે ચક્ષસત્ત્વના કાર્યની સમજ |
|---|---|---|---|
| અનંગ | બંને શ્વાસની સંધિને વિશે કુંભસ્થ મહાતત્ત્વ પ્રેરક પ્રાણાયામે લેતા શ્વાસને અંદર ખેંચી રાખે છે તેથી પ્રણવ નિજ બળપૂર્વક રહે છે અને શરીર વિશે જમાવ પણ કરે છે તેથી શરીરને વિશે સામર્થ્યતા રહે છે. | નેત્ર દ્વાર અને ઉપસ્થ દ્વાર | **અનંગ** – સ્ત્રીની આદ્ય લઈ સર્વે રૂપને નિહાળે છે.<br>**વગ્રજ્ઞાન** – તેને વિશે સાર-અસાર રૂપની પરીક્ષા કરે છે.<br>**કાળ** – તેને વિશે અસાર રૂપ પ્રત્યે દૃષ્ટિ દ્વારા અભાવ ઉપજાવે છે. |
| વગ્રજ્ઞાન | અવિકાસ મહાતત્ત્વ (લેવાતો પ્રાણાયામ) તે પ્રાણાયામને ભિતર પુરી પુષ્ટી કરે છે, તેથી અતિશય બહાર નીકળી જતો નથી. | હૃદયસ્થાન અને કર્ણદ્વાર | **વગ્રજ્ઞાન** – સર્વ વ્યવહારિક ક્રિયાના ભાવની વિભક્તિ ન્યારી દેખાડે છે.<br>**અનંગ** – તેને વિશે સાર ભાવનું ગ્રહણ કરી પ્રિય માને છે.<br>**કાળ** – તે ક્રિયાભાગને વિશે અસાર ભાવ પ્રત્યે અભાવ ઉપજાવે છે. |
| કાળ | વિકાસ મહાતત્ત્વ (મુકાતો પ્રાણાયામ) મુકાતો પ્રાણાયામ શ્વાસને બહાર રેચક કરી નાંખે છે. પ્રાણાયામનો કાળ કરવા સારું પ્રાણયામને બહાર રેચક કરે છે. | રસના અને મુખ | **કાળ** – તે મૂળ જીવનરૂપ પ્રાણાયામને કાઢી ને શબ્દ ઉચ્ચાર કરી નાંખે છે.<br>**વગ્રજ્ઞાન** – તે શબ્દને વિશે અક્ષરનો છંદ બંધાય છે.<br>**અનંગ** – તે અક્ષરના છંદને વિશે પ્રિયપણું હેતુ રહ્યું છે. |

**નોધ : અનંગ** ચક્ષસત્ત્વ જેટલું નિર્બળ પામે ત્યારે તેટલો પ્રાણાયામ કાળ ચક્ષસત્ત્વ બહાર વિશેષ રેચક કરી નાંખે છે તેને કરીને શરીર જલદી નાશ પામે છે. જેથી યોગીજનો અનંગ ચક્ષસત્ત્વ જે કામદેવ તે કામદેવને જીતીને જતમત રાખે છે. તેથી અનંગ ચક્ષસત્ત્વ અતિ સે સામર્થ્ય બને છે. તે સામર્થ્યતાથી પ્રાણાયામને વિશેષ કુંભક કરી રાખે છે. સર્વ શરીર ઈશ્વરતાપણું તેમજ સામર્થ્યતા પામે છે. તે માટે યોગીનું વચન ફળીભૂત થાય છે. અને ઘણાક કાળ શરીર ચિરંનજીવી રહે છે. માટે યોગી કાળજીત છે. સર્વ સિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે. અનંગ ચક્ષસત્ત્વ રૂપ કામદેવ તે પ્રાણાયામને સદાકાળ સુધી અનંગભર્યું રાખે છે અને યોગીનું શરીર ઘણા કાળ સુધી ટકી રહે છે.

જ્યારે અનંગ ચક્ષસત્ત્વ પ્રાણાયામને કુંભક કરી રાખે છે ત્યારે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ પણ વિશેષ સામર્થ્યતા પામે છે. વળી, વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ તે સર્વ દેહની ઈન્દ્રિયો અંતઃકરણ અને ગુણ સહિતના વેવહારીક જે વિષય હોય તે ઈન્દ્રિયોના વિષય ઈન્દ્રિયોને પોતપોતાની વગ પ્રમાણે જણાવે છે અને પોતે જાણે છે. તે માટે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ વિશેષ સ્મૃતિ પામ્યાથી યોગીજન સર્વ પદાર્થ ભાવનાની ગતિને અગમ-નિગમ જાણે છે. કાળ ચક્ષસત્ત્વ તે શરીરના જીવન રૂપ પ્રાણાયામને બહાર રેચક કરી નાંખે છે.

એ પ્રકારે ત્રણ ચક્ષસત્ત્વની ક્રિયા સ્થાવર, જંગમ, કીટ, પતંગ, પશુ, પક્ષીની આદ્ય લઈ દેવ, નાગ, મનુષ્ય, યક્ષ પર્યંત સર્વને વિશે જાણવી. તે જેમાં જેટલા જે પ્રકારે કર્તાની ક્રિયાવૃત્તિએ વિભાગ પોખ્યાં હોય તેમાં તે પ્રકારે એટલી ક્રિયા હોય અને એ જ પ્રમાણે સર્વને વિશે ત્રણ ચક્ષસત્ત્વ અહર્નિશ સદાયકાળ વર્તમાન કર્યા જાય છે.

## અંશનું સ્થાન અને કાર્યશક્તિ અંગે

**સ્થાન :** કર્તાના અંશવૃત્તિનો જે નિજજાણસ્વરૂપ અંશ છે, તે પિંડની હયાતિમાં તો પિંડ - બ્રહ્માંડની સંધિને વિશે બિરાજમાન રહ્યો છે. જેને લીધે પિંડ ચૈતનવત્ રહે છે. કારણે કે જો કદાચ તે અંશ પિંડની અંદર હોય તો પિંડ ક્યારેય મૃત્યુ પામે નહીં અને બ્રહ્માંડમાં હોય તો પિંડ ચૈતન કઈ રીતે થાય ? માટે કર્તાનો અંશ પિંડ બ્રહ્માંડની સંધીને વિષે રહ્યો છે.

પિંડ બ્રહ્માંડની સંધિ તે જાગ્રત અવસ્થા અને ઉન્મુની અવસ્થાની મધ્યે છે કારણ કે ઉન્મુની અવસ્થાના પાછલા ભાગે બ્રહ્માંડની એકતા છે અને જાગ્રત અવસ્થાના પાછલા ભાગે પિંડની એકતા રહી છે. તે માટે બંને અવસ્થાની મધ્યે પિંડ બ્રહ્માંડની સંધિ રહી છે અને તે સંધિની મધ્યે નિજજાણસ્વરૂપ કર્તાનો અંશ બિરાજમાન છે.

## નિજજાણ સ્વરૂપ અંશના આભાસ અંગે સમજ

નિજજાણ સ્વરૂપના આભાસથી દેવ મનુષ્યની આદ્ય લઈ સર્વના દેહ લીલા-વિલાસ કરે છે. તે નિજજાણ સ્વરૂપનો આભાસ પ્રથમ કયા તત્ત્વને વિશે મળીને પ્રત્યેક શરીરમાં પ્રવેશ કરીને પિંડને પ્રકાશીને ચેતન રાખે છે.

**અંશની જાણ સ્વરૂપનો બે આભાસ**

↓

**સામાન્ય આભાસ**

↓

કર્તાની પ્રકાશવૃત્તિના ત્રણ મહાતત્ત્વના પ્રાણાયામને ચેતન કરે છે.

↓

કર્તાની સંજમભોગવૃત્તિમાં ત્રણ ચક્ષસત્ત્વને ચેતન કરે.

↓

નિરંજન અને અવ્યાક્તના વિભાગને ચેતન કરે છે.

↓

ચાર તત્ત્વ કારણને વિશે જાય (ચેતન કરે છે).

↓

| ગુણ | | | ઘણ | | |
|---|---|---|---|---|---|
| રજો | સતો | તમો | અહંકાર | સ્વકાશ | અચંત |
| દસ આકાંક્ષા | પાંચ અંતઃકરણ પાંચ અવસ્થા | દશકાળ | પાંચભૂત પાંચ માત્રા | પાંચ વિવસ્તા પાંચ સંભસક્રણ | દસ ભાવના |

આ પ્રમાણે પ્રાણાયામના સામાન્ય આભાસે કરીને અન્યો અન્ય આભાસ પોખાઈને (પ્રવેશીને) સર્વ શરીરના સાજ સામાન્ય ચેતનવંત રહેતો હોય છે, પરંતુ પ્રાણાયામને વિશે સ્થિરતાપણુ નહીં હોવાથી તેના વિશે તો આભાસ સદાકાળ પણ સામાન્ય જ ભાષ્યમાન થાય. દા.ત. અસ્થિર જળમાં સૂર્ય પ્રતિબિંબની ઝલક માત્ર દેખાય છે પણ તેને વિશે મૂર્તિમાન સૂર્યનો આભાસ દશ્યમાન થતો નથી.

**વિશેષ આભાસ**

ઉન્મુની અવસ્થાને વિશે રહ્યો છે. નચિંત અંતઃકરણ જ્યાં સુધી સ્ફૂરે ત્યાં સુધી અચળ સ્થિર પણે રહે છે. તેથી વિશેષ ભાષ્યમાન થાય છે. ઉન્મુની અવસ્થા તો ઉપાધિ સિવાયની છે, પરંતુ તેની એકતા જાગ્રત અવસ્થાને વિશે થાય છે. તેથી જાગ્રત અવસ્થાને વિશે વિશેષ આભાસ થાય છે. તેથી જાગ્રત અવસ્થાને વિશે અનંત સમુદ્ધિ ધારણ કરીને તે નિજજાણ સ્વરૂપનો આભાસ ગાદીપતિ થઈને ત્યાં બિરાજમાન રહે છે.

### સામાન્ય આભાસ

પ્રાણાયામના સામાન્ય આભાસે કરીને અન્યો અન્ય આભાસ પોખાઈને (પ્રવેશીને) સર્વ શરીરનો સાજ સામાન્ય ચેતનવત્ રહેતો હોય છે, પરંતુ પ્રાણાયામને વિશે સ્થિરતાપણું ન હોવાથી તેના વિશેનો આભાસ સદાકાળ એકરસ રહે પણ સામાન્ય જ ભાષ્યમાન થાય.

દા.ત., અસ્થિર જળમાં સૂર્ય પ્રતિબિંબની ઝલક માત્ર દેખાય છે પણ તેને વિશે મૂર્તિમાન સૂર્યનો આભાસ દશ્યમાન થતો નથી.

## વિશેષ આભાસ

ઉન્મુની અવસ્થાને વિશે રહ્યો છે. તે ઉન્મુની અવસ્થા તથા નચિંત અંતઃકરણ જ્યાં સુધી સ્ફૂરે ત્યાં સુધી તે અચળ સ્થિરતાપણે રહે છે, તેને લીધે નિજજાણ સ્વરૂપનો આભાસ તેને વિશે વિશેષ ભાષ્યમાન થતો હતો પણ ઉન્મુની અવસ્થા તો ઉપાધિ સિવાયની હતી તેને લીધે નિજજાણ સ્વરૂપનો આભાસ ત્યાં કઈ વસ્તુની સ્ફૂરણા કરે ? તે માટે ત્યાં વિશેષ આભાસ શુદ્ધ સ્વરૂપે રહેતો હતો. હવે તે ઉન્મુનીનો વિશેષ શુદ્ધ આભાસ જ્યારે જાગ્રત અવસ્થા સ્ફૂરણ થતી હતી ત્યારે તે આભાસ જાગ્રત અવસ્થાને વિશે બિરાજમાન થતો હતો. કારણ કે જે જાગ્રત અવસ્થાને વિશે ઉન્મુની અવસ્થાની એકતા થાય છે, તેને લીધે નિજજાણ સ્વરૂપનો જાગ્રત અવસ્થાને વિશે વિશેષ આભાસ થયો હતો. જે જાગ્રત અવસ્થાને વિશે અનંત ઉપાધિ સ્ફૂરણ હતી. તે અનંત ઉપાધી દેખીને નિજજાણ સ્વરૂપના આભાસનો આભાસ અનંત સમૃદ્ધિ ધારણ કરીને ગાદીપતિ થઈને ત્યાં બિરાજમાન રહેતો હતો. તે નિજજાણ સ્વરૂપના આભાસનો આભાસ જાગ્રત અવસ્થાને વિશે ગાદીપતિ થઈને રહેતો હતો, તે કેવી રીતે જાણી શકાય ? તેની સમજ.

## જાગ્રતને વિશે

- રાજા રાજ કરે છે. જાગ્રતને વિશે.
- ન્યાયાધીશ ન્યાય આપે છે. જાગ્રતને વિશે.
- હીરા, માણેક અને રત્નની પરીક્ષા કરે છે. જાગ્રતને વિશે.
- પ્રાણીમાત્ર અનેક પ્રકારના ઉદ્યમ કરે છે. જાગ્રતને વિશે.
- ખાનપાનાદિકની આદ્ય લઈને અનેક પ્રકારના વિષય વિહાર કરે. જાગ્રતને વિશે.
- સ્થાવર જંગમની આદ્ય લઈને ચૌદલોકની ઓળખાણ કરે. જાગ્રતને વિશે.
- ચાર વેદ, ચૌદ વિદ્યા, ખટ શાસ્ત્ર, વ્યાકરણ અને અઢાર પુરાણ વર્ણવ્યાં છે. જાગ્રતને વિશે.
- મંત્ર - જંત્ર - વિદ્યા અને અવિદ્યા અનેક પ્રકારની પઢે છે. જાગ્રતને વિશે.
- ત્રણ પ્રકારની સમાધિની આદ્ય લઈને અષ્ટાંગ યોગ તેમજ સિદ્ધિ સાધે છે. જાગ્રતને વિશે.
- નવધાભક્તિની આદ્ય લઈને જ્ઞાન, વિજ્ઞાન તથા પંચ પ્રકારના વૈરાગ કરે. જાગ્રતને વિશે.
- પુરુષ નરપતિ દિગ્વિજય કરે અને પૃથ્વી જીતે છે. જાગ્રતને વિશે.
- કોઈ જ્ઞાતા પુરુષ, જડ-ચૈતનની આદ્ય લઈને સાર-અસારનો વિવેક કરે. જાગ્રતને વિશે.
- વિષ્ણુએ ચોવીસ અવતાર ધારણ કરીને ધર્મનું સ્થાપન કર્યું છે. જાગ્રતને વિશે.
- અનંત બ્રહ્માંડને વિશે અનંત લીલા વિપુ ધારીને અદ્વૈતા-દ્વૈત રમણ કરે. જાગ્રતને વિશે.
- અણિમા, મહિમા, ગરિમા, લઘુમા, ઈશત્વા, પ્રાપ્તિ અને પ્રકાશિકની આદ્ય લઈને ત્રેવીસ સિદ્ધિઓની સાધના કરે. તે પણ જાગ્રતને વિશે.
- સમ, દમ, ઉપપ્રતીતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ ખટ સંપત્તિની આદ્ય લઈને સર્વ

સિદ્ધાંતના સત્ત્વને ગ્રહણ કરે. જાગ્રતને વિશે.

એ પ્રકારે સર્વ વ્યાધિની આદ્ય લઈને અન્ય સર્વે, દશેદિશા, સ્થાવર જંગમ, ચૌદ લોક, સ્વર્ગ, મૃત્યુ અને પાતાળની આદ્ય લઈને અગમ નિગમની ગતિ સ્ફૂરણ થાય છે. તે પણ જાગ્રતને વિશે થાય છે. એવી જાગ્રત અવસ્થા અતિશય સ્ફૂરણા પામે છે. કારણ કે જે નિજજાણ સ્વરૂપનો આભાસનો વિશેષ આભાસ ત્યાં ગાદીપતિ થઈને રહેલો છે. તેટલા માટે જાગ્રત અવસ્થા અતિશય વિશેષ સ્ફૂરણા પામે છે.

### સપ્ત ભૂમિકા

અંશને રહેવા માટેની સાત માળની હવેલી છે – જે મુજબ અંશની ઈચ્છા ઊપજે અને તેમાં રહે તો તે ભૂમિકાનો પુરુષ કહેવાય.

સપ્ત ભૂમિકા એક શરીરને વિશે રહી છે. તે નિજકર્તાનો અંશ જે સજાણજાણ સ્વરૂપ તેને બિરાજમાન થઈને રહેવાની સાત માળની મહેલાત (મહેલ) જાણવી. જે માળે કર્તાના અંશની આભાસમાન દૃષ્ટિ સ્થંભન (વિરામ – થોભી જવું) પામે તે ભૂમિકાનો તે પુરુષ કહેવાય. જેથી જે અંશની અધિક ન્યૂન મહદતા જણાય છે. જ્યાં જેવી ભૂમિકા ત્યાં તેવાં તત્ત્વ, દેવ ને અંતઃકરણ રહ્યાં છે. તે પ્રમાણે કર્તાના અંશની મહ્દતા સ્ફૂરણ કરે છે, તેને લીધે ભિન્ન-ભિન્ન મહદતા જણાય છે.

### ૧. શુભ ઈચ્છા

મોક્ષની ઈચ્છાને માટે ગુરુને શરણે જઈ શ્રવણ, મનન કરે તે પણ જાગ્રતને વિશે જ થાય. સ્થૂળ શરીર, પૃથ્વીતત્ત્વ, જાગ્રતઅવસ્થા અને 'બ્રહ્મા' અધિષ્ઠાન સહવર્તમાન મન અંતઃકરણ ધારણ કરી રહે છે. કારણે કે પ્રથમ શુભ ઈચ્છા તે મનથી જ ઉત્પન્ન થાય છે. તેમાં શુભ કર્મ પણ સ્થૂળ શરીર વડે જ થાય છે. માટે તેને શુભ ઈચ્છા ભૂમિકા જાણવી. જો પ્રથમ શુભ ઈચ્છાને વિશે કર્તાના અંશની ઈચ્છા વર્તે તો તે પહેલી ભૂમિકાનો પુરુષ કહેવાય.

### ૨. સુવિચારણા

બીજી સુવિચારણા તે નિજ અધ્યાસ નિરૂપણને સૂક્ષ્મ વસ્તુનું ગ્રહણ કરે અને સ્થૂળનો અભાવ કરે તે પણ જાગ્રતને વિશે રહીને જ થાય – તે સૂક્ષ્મ શરીર, જળતત્ત્વ, સ્વપ્ન અવસ્થા અને 'વિષ્ણુ' અધિષ્ઠાન સહવર્તમાન બુદ્ધિ અંતઃકરણ, ધારણ કરી રહે છે. કારણે કે સુવિચાર ઊપજે તે બુદ્ધિવંતને બુદ્ધિથી ઊપજે છે અને સુવિચારનાં સૂક્ષ્મ કર્મો પણ સૂક્ષ્મ શરીર વડે જ થાય. તે માટે તેને વિશે સુવિચારણા ભૂમિકા જાણવી. જો સુવિચારણાને વિશે કર્તાના અંશની ઈચ્છા વર્તે તો તે બીજી ભૂમિકાનો પુરુષ કહેવાય.

### ૩. તનુમાનસા

ત્રીજી તનુમાનસા તે નિત્યાનિત્યનો વિવેક કરવો તે પણ જાગ્રત અવસ્થાને વિશે જ થાય.

તે કારણ શરીર, અગ્નિતત્ત્વ, સુષુપ્તિ અવસ્થા, 'રૂદ્ર' (શંકર) અધિષ્ઠાન સહવર્તમાન અહંકાર અંતઃકરણ ધારણ કરી રહે છે. કારણ કે શરીરની માનીનતા તે અહંકાર અંતઃકરણને જ ઊપજે છે. અને સ્થૂળ, સૂક્ષ્મ શરીરને તોળી રાખે છે. તે પણ કારણ શરીર જ તોળી રાખે છે. તે માટે તેને વિશે તનુમાનસા ભૂમિકા રહેલી છે. તનુમાનસાને વિશે કર્તાના અંશની ઈચ્છા વર્તે તો તે ત્રીજી ભૂમિકાનો પુરુષ કહેવાય.

આ ત્રણ ભૂમિકા તોડી તો જગત સાચું ભાસે તે પણ જાગ્રતને વિશે રહીને જ ભાસે છે.

**૪. સત્ત્વાપતિ**

ચોથી સત્ત્વાપતિ ભૂમિકા જે આત્મ પ્રતીતિ દૃઢ થવાથી જગત સ્વપ્ન સમાન ભાસે, તે પણ જાગ્રતને વિશે જ ભાસે છે. અને તેને "બ્રહ્મ વિત્ત" કહેવામાં આવે છે. મહાકારણ શરીર, વાયુતત્ત્વ, તુરિયા અવસ્થા અને 'અવ્યાકૃત' અધિષ્ઠાન સહવર્તમાન તે ચિત અંતઃકરણ ધારણ કરી રહે છે. કારણ કે સર્વ શાસ્ત્રોના સિદ્ધાંતના સત્ત્વનું ચિત્તે કરીને જ ચિંતવન થાય છે. વળી, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ અને ત્રણ શરીરના સત્ત્વનું પતિપણું પણ મહાકારણ શરીરને વિશે રહેલું છે. કદાચ સત્ત્વાપતિ ને વિશે કર્તાના અંશની ઈચ્છા વર્તે તો તે ચોથી ભૂમિકાનો પુરુષ કહેવાય.

**૫. આસમશક્તિ**

પાંચમી આસમશક્તિ ભૂમિકા તે ક્ષણ સમાધિવત્ અને ક્ષણ સ્વકાશ દૃષ્ટિ રહે છે પણ તે સ્વકાશ દૃષ્ટિને વિશે કંઈ આસક્ત હોય નહીં. તેનાં ચિહ્ન પણ જાગ્રતને વિશે જ જણાય છે અને તેને 'બ્રહ્મવિત્તવર' કહે છે. જે પરમકારણ શરીર, આકાશતત્ત્વ, ઉન્મુની અવસ્થા અને 'નિરંજન' અધિષ્ઠાન સહવર્તમાન નચિંત અંતઃકરણ ધારણ કરી રહ્યું છે.

કારણ કે નચિંત અંતઃકરણને વિશે નચિંતપણું રહ્યું છે. વળી, આ આસમશક્તિ નામક ભૂમિકામાં જે સમશક્તિ રહેલી છે તે નચિંત અંતઃકરણને લીધે રહે છે. સમપણું એટલે સામાન્યપણું પણ પરમકારણ શરીરને વિશે રહ્યું છે. તે માટે તેને વિશે આસમશક્તિ ભૂમિકા કહે છે. જો આસમશક્તિ ને વિશે કર્તાના અંશની ઇચ્છા વર્તે તો તે પંચમી ભૂમિકાનો પુરુષ કહેવાય.

**૬. પદાર્થભાવના**

છઠ્ઠી પદાર્થ ભાવનાની ભૂમિકા ને સદાકાળ સમાધિવત્ રહે અને કોઈ ઉત્તમ મુમુક્ષુ આવી મળે ને બોલવું પડે તો સહેજ સ્વભાવે લક્ષાર્થ બોલી જાય. પણ આપોઆપ બોલવાની ઈચ્છા થાય નહીં. તેનો અનુભવ પણ જાગ્રતને વિશે જ જણાય. તેને 'બ્રહ્મ વિત્તવરિયાણ' કહે છે. તે શુદ્ધ અહંગ શરીર, ઓહંકાર પ્રણવ તત્ત્વ, અવ્યક્ત મહદ માનુભાવ અવસ્થા અને બ્રહ્મ અધિષ્ઠાન સહવર્તમાન ચિદાભાસ અંતઃકરણ ધારણા કરી રહે છે. ચિદાભાસ અંતઃકરણ એટલે તેને ચિદનું આભાસ જાણવું. તે ચિદના આભાસના અંતને ચિદ્ કહે છે. તે ચિદ્‌ના અંતનું કિરણ તેજ ચિદાભાસ જે ૐકાર પ્રણવને



સદાકાળ ઉન્મુનીવત્
બ્રહ્મમય રહે. આપો
આપ બોલવાની ઈચ્છા
ન થાય. કોઈ મુમુક્ષુ
પ્રત્યે પણ બોલે નહીં.
તતષ્ટ તુરિબ્રહ્મ સંગિતમ્ ભૂમિકા
- સ્વમેવ હંશ શરીર
- સોહંગ પ્રણવતત્ત્વ
- સહેજ શૂન્ય અવસ્થા
- કૈવલ અધિષ્ઠાન
- ચિદ અંતઃકરણ
સદાકાળ સમાધિવત્
રહે. કોઈ ઉત્તમ મુમુક્ષુ
આવી મળે ને બોલવું પડે
તો જ સહજ ભાવે લક્ષાર્થ
બોલી જાય
પદાર્થ ભાવની ભૂમિકા
- શુદ્ધ અહંગ શરીર
- ઓહંકાર પ્રણવતત્ત્વ
- અવ્યક્ત મહદ
માનુભાવ અવસ્થા
- બ્રહ્મ અધિષ્ઠાન
- ચિદાભાસ અંતઃકરણ
ક્ષણ સમાધિવત્ત અને
ક્ષણ સ્વકાશ દૃષ્ટિએ રહે
આસમ શક્તિ ભૂમિકા
- પરમકારણ શરીર
- આકાશતત્ત્વ
- ઉન્મુની અવસ્થા
- નિરંજન અધિષ્ઠાન
- નચિંત અંતઃકરણ
આત્મ પ્રતિતિ દૃઢ
થવાથી જાગ્રત
સ્વપ્ન સમાન ભાષે
સત્વાપતિ ભૂમિકા
- મહાકારણ શરીર
- વાયુતત્ત્વ
- તુરિયા અવસ્થા
- અવ્યાકૃત અધિષ્ઠાન
- ચિત્ત અંતઃકરણ
નિત્યા-નિત્યનો
વિવેક કરીને રહે
તનુ માનસા ભૂમિકા
- કારણ શરીર
- અગ્નિતત્ત્વ
- સુષુપ્તિ અવસ્થા
- શંકર અધિષ્ઠાન
- અહંકાર અંતઃકરણ
નિજ અધ્યાસ
નિરૂપણને સૂક્ષ્મ
વસ્તુનું ગ્રહણ
કરે અને સ્થૂળનો
ત્યાગ કરે
સુવિચારણા ભૂમિકા
- સૂક્ષ્મ શરીર
- જળતત્ત્વ
- સ્વપ્ન અવસ્થા
- વિષ્ણુ અધિષ્ઠાન
- બુદ્ધિ અંતઃકરણ
મોક્ષની
ઈચ્છાથી ગુરુને
શરણે જાય
અંશની
આભાસમાન દૃષ્ટી
શુભ ઈચ્છા ભૂમિકા
- સ્થૂળ શરીર
- પૃથ્વીતત્ત્વ
- જાગ્રત અવસ્થા
- બ્રહ્મા અધિષ્ઠાન
- મન અંતઃકરણ

વિશે ભાસ આવવાથી તેને ચિદાભાસ અંતઃકરણ કહે છે. હવે પદાર્થ ભાવનાની ભૂમિકા એટલે અંત પદનો અર્થ અને અંત પદનો અર્થ એટલે જે પદાર્થ તે જ પદાર્થનાં ભાવની અને અંત પદ અર્થની ભાવના તે શુદ્ધ અહંગ શરીર ને વિશે રહી છે. તે માટે તેને પદાર્થ ભાવની ભૂમિકા કહે છે. પદાર્થ ભાવનાને વિશે જો કર્તાના અંશની ઈચ્છા વર્તે તો ને છઠ્ઠી ભૂમિકાનો પુરુષ કહેવાય.

**૭. તતષ્ટતુરિબ્રહ્મસંગિતમ્**

સાતમી તતષ્ટતુરિબ્રહ્મસંગિતમ્ ભૂમિકા તેજ સદાકાળ ઉન્મુનીવત્ ખલ્વિંદ અયમ્ મમ ઈતિ બ્રહ્મ એક રસ રહે તેને આપોઆપ બોલવાની પણ આસક્તિ થાય નહીં. કોઈ મુમુક્ષુ પ્રત્યે બોલે નહીં તે પણ જાગ્રતને વિશે રહીને નિવૃત પામે છે. તે સ્વમેવ અંશ (હંસ) શરીર, સોહંગ પ્રણવતત્ત્વ, સહેજ શૂન્ય અવસ્થા અને 'કૈવલ' અધિષ્ઠાન સહવર્તમાન ચિદ્ અંતઃકરણ ધારણા કરી રહે છે.

તે ચિદ્ અંતઃકારણ જે ચિદ્નો અંત તે કૈવલપદ અને જે કૈવલના કિરણનો ભાસ તે વ્યાપક ચિદ્ બ્રહ્મ જાણવું. તે ચિદ્ના અંતનું જે કિરણ છે તેને ચિદ્ અંતઃકરણ કહેલું છે. વ્યાપક ચિદ્બ્રહ્મના સત્ત્વની સહેજ માનીનતા પણ સ્વયમેવ હંસ શરીરને વિશે રહે છે. વળી તતષ્ટતુરિબ્રહ્મસંગિતમ્ના મતે સર્વ શરીરની તટ તીર જાણવી. તે શરીરના ત્રઠ તટે રહી ને સ્વયમેવ અંશ શરીરને, સોહંગ પ્રણવતત્ત્વ અને સહેજ શૂન્ય અવસ્થા એ ત્રણનો વ્યાપક ચિદ્બ્રહ્મને વિશે સંગ મળીને સદાયકાળ એકતા રહે છે. તે માટે તેને તતષ્ટતુરિબ્રહ્મસંગિતમ્ ભૂમિકા કહેલી છે. ચિદ્ અંતઃકરણ જે તતષ્ટતુરિબ્રહ્મસંગિતમ્ ભૂમિકાના સત્વને પોતાના સ્વરૂપને વિશે સમરસ કરીને સમદમ રાખીને કર્તાના અંશની ઈચ્છા વર્તે તો તે સાતમી ભૂમિકાનો પુરુષ કહેવાય.

એ સાત ભૂમિકા જે કહી તેમાં કર્તાના અંશને જ્યાં ઈચ્છા આવે ત્યાં બિરાજમાન થાય પણ તે ભૂમિકાનું સ્વરૂપાકારપણું તે જાગ્રત અવસ્થાના અનુભવને વિશે રહીને કહેવાય. અન્ય અવસ્થાને વિશે તેનો અનુભવ કહેવાય નહીં.

**ત્રિવિધિના તાપ**

શરીર સબંધી ત્રિવિધિ તાપ જાગ્રતના સામાન્ય જ્ઞાનને વિશે ભુક્તમાન થાય એટલે કે જાગ્રતને વિશે જે ભુક્તમાન થાય છે. તે ત્રણ પ્રકારે ઓળખાય છે.

**૧. શરીર સંબંધી અધિદૈવતાપ**

કામ ક્રોધાદિ ગુણ અધિક તપી જાય અને દસ ઈન્દ્રિયોના દેવ અધિક વિષયની ચાહના કરવા લાગે પણ તે વિષયની પ્રાપ્તિ ન થાય ત્યારે તેનો તાપ શરીરને વિશે થાય.

**૨. શરીર સંબંધી અધિભૂત તાપ**

પંચભૂત (પૃથ્વી, જળ, આકાશ, તેજ અને વાયુ)માં કોઈ તત્ત્વ અધિક વૃદ્ધિ પામે ત્યારે તેનો તાપ શરીરને વિશે થાય.

a. **પૃથ્વીતત્ત્વ અધિક વૃદ્ધિ પામે તો**

પાંડુરોગ, કઠોદર, જલંદરની આદ્ય લઈને વ્યાધિ (દુઃખ) ઉત્પન્ન થાય.

b. **જળતત્ત્વ અધિક વૃદ્ધિ પામે તો**

શરદી, ક્ષય, કફ, અજીર્ણ ને શીત (ઠંડી લાગવી)ની આદ્ય લઈને વ્યાધિ ઉત્પન્ન થાય.

c. **અગ્નિતત્ત્વ અધિક વૃદ્ધિ પામે તો**

પ્રમેહ, જવર, નેત્રદુઃખ ગલતીકોડ, પત્ય ગરમી અને બવેશી (હરસ)ની આદ્ય લઈને વ્યાધિ ઉત્પન્ન થાય.

d. **વાયુતત્ત્વ અધિક વૃદ્ધિ પામે તો**

ઊલટી, ઉધરસ, દમ, તાણ, મૃગીવાયુ અને ચિતભ્રમની આદ્ય લઈને વ્યાધિ (દુઃખ) ઉત્પન્ન થાય.

e. **આકાશતત્ત્વ અધિક વૃદ્ધિ પામે તો**

સોજો, પેટ ચડવું, શૂન્યકાર અને શૂન્યવટની આદ્ય લઈને વ્યાધિ (દુઃખ) ઉત્પન્ન થાય.

### શરીર સંબંધી અધ્યાત્મ તાપ

શરીરને વિશે ક્ષુધા પિપાસાનો તાપ સદાયકાળ રહે છે જેના કારણે રાત્રિ – દિવસ સર્વે જગત મશાગત (મહેનત) કર્યા જાય છે.

**નોંધ :** અન્ય પ્રકારના તાપ તો કોઈ દિવસ શાંત પામીને ફરીથી ઉપન્ન થાય, પરંતુ ક્ષુધાપિપાસાનો તાપ તો સદાકાળ અધ્યાતમ સમાન લિપ્તમાન રહે છે. તે માટે ક્ષુધા પીપાસા તે અધ્યાત્મ તાપ જાણવો તે હી પણ જાગ્રતને વિષે ભૂક્તમાન થાય છે.

### ઉપપરિત તાપ

આ ત્રણ પ્રકારના તાપ બીજા વડે લાગુ પડેલો હોવાથી તે ઉપપરિત તાપ જાણવા, શરીર સબંધી ઉપપરિત તાપ જાગ્રતના સામાન્ય જ્ઞાનને વિશે ભુક્તમાન થાય છે. તે ત્રણ પ્રકારે ઓળખાય છે.

### ૧. અધિદૈવ ઉપપરિત તાપ

નવગ્રહ, પિતૃપીડા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અગ્નિકોપ અને શીતની આદ્ય લઈને દૈવકોપની પીડા ઉત્પન્ન થાય. કારણ કે આપણા દેહથી પ્રોક્ષ રહીને તાપ પમાડે છે. તે માટે બીજા વડે લાગુ પડેલો તાપ ને અધિદૈવ ઉપપરિત તાપ જાણવો.

### ૨. અધિભૂત ઉપપરિત તાપ

રાજા, વનપતિ(સિંહ), ચોર, વાટપાડુની આદ્ય લઈને સર્પ, વીંછી વગેરે એ સર્વ પરોક્ષ અધિભૂતનો તાપ ઉત્પન્ન થાય તે અધિભૂત ઉપપરિત તાપ જાણવો.

### ૩. આધ્યાતમ ઉપપરિત તાપ

સુત્ત, વિત્ત, દારા, કુટુંબ, સહોદર સંબંધીની આદ્ય લઈને તેઓના દુઃખનો અધ્યાસ આપણા અંતરને વિશે એવા તાપ થયા કરે છે. તેવા તાપને આધ્યાતમ ઉપપરિત તાપ જાણવો. તેહી પણ માનીનતા જાગ્રતને વિષે રહી છે.

### પ્રાણીઓના ડંખના ઝેર વિશે

વીંછી, તથા સર્પની આદ્ય લઈ ઝેરી પ્રાણીઓ ડંખ દે છે, ત્યારે તેનું વિષ(ઝેર) શરીરમાં વ્યાપે છે. તેને મંત્ર તથા ઔષધિ વડે ઉતારે છે તે પણ જાગ્રત ને વિશે ઉતારે છે. તે મંત્રાદિ, ઔષધિથી ઝેર ઉતારે છે ત્યારે ક્યા સંજોગોમાં ઊતરે છે તે કહીયે છીએ.

સર્પ વીંછીની આદ્ય લઈને જેટલા જીવ તામસ યોનિના છે, તેટલા જીવના મુખારવિંદને વિશે તામસ ભાગ વિશેષ રહ્યો છે. તેથી તે જેને ડસન (ડસવું) કરે છે તેને વિષ(ઝેર) વ્યાપે છે. તે વિષ મંત્રાદિ ઔષધિથી ઊતરે છે. તે પણ તામસ યોનિનો વિભાગ છે. તે મંત્રાદિ ઔષધિ તામસનો વિભાગ હોવાથી સર્પ વીંછીના ડસણ કરેલા શરીરને પોષણ કરીને તેના શરીરનો તામસ ભાગ હોય તેને વિશે આ મંત્રાદિ ઔષધિ જે તાપસનો વિભાગ તે શરીરના તામસ વિભાગને વિશે પોષાયે કરીને શરીરનો તામસ વિભાગ જાગ્રત થઈને વિશેષતાપણું પામે છે. તે શરીરનો તામસ ભાગ ચૈતન શરીરને મળવાથી વિશેષતાપણું પામે કરીને પેલા ચૈતનથી વિખૂટો પડેલો તામસ ભાગ જે વિષ હતું તેને શરીરમાંથી નાશ પમાડે છે. તે પણ જાગ્રતને વિશે જણાય છે.

દા.ત., કોઈ મંદિરને વિશે અગ્નિ (દીવો) છુપાવી રાખ્યો હોય તો તે મંદિરને વિશે તિમિર (અંધકાર) વ્યાપી જાય છે. ત્યાર પછી તે અગ્નિને (દીવો) કોઈ જાગ્રત કરે (પ્રગટાવે) તો તે તિમિરનો નાશ કરે છે.

વળી, કોઈ ખેતરને વિશે રખેવાળ સૂતો હોય અને તે ખેતરમાં ઢોર પ્રવેશીને ચરવા લાગે પછી તે રખેવાળ ને કોઈ જાગ્રત કરે તો ઢોરને ખેતરમાંથી કાઢી મૂકે.

એ પ્રકારે શરીરનો તામસ જાગ્રત થવાથી વિષ રૂપી ઝેર (ઢોર) અને તિમિરને નાશ પમાડે છે.

### ૧. મંત્ર વગર ઝેર ઊતરી જાય

જેના શરીર વિશે મન અંતઃકરણ, સ્થૂળદેહ અને જાગ્રત અવસ્થા આ ત્રણેયમાં જો તામસનો વિભાગ વર્તતો હોય અને જો સર્પ, વીંછીની આદ્ય લઈને કોઈ કરડે અને ડંખ મારે તો મંત્રાદિ ઔષધિ વિના ઝેર ઊતરી જાય છે.

### ૨. મંત્ર વડે ઝેર ઉતરી જાય

જેના શરીરને વિશે બુદ્ધિ અંતઃકરણ, સૂક્ષ્મદેહ ને સ્વપ્ન અવસ્થા આ ત્રણેયમાં જો તામસનો વિભાગ વર્તતો હોય અને સર્પ, વીંછીની આદ્ય લઈને કરડે તો તે મંત્ર ઔષધિથી ઝેર ઊતરી જાય.





**૩. મંત્ર છતાં પણ ઝેર ન ઊતરે**

જો શરીરને વિશે અહંકાર અંતઃકરણ, કારણ દેહ, સુષુપ્તિ અવસ્થા આ ત્રણેયમાં જો તામસનો વિભાગ વર્તતો હોય અને જો સર્પ, વીંછીની આદ્ય લઈને કરડે, ડંસ લાગે તો મંત્રાદિ ઔષધિથી પણ ઝેર ઊતરે નહીં તેથી તે જીવનું મૃત્યુ થાય છે – જો વીંછીની આદ્ય લઈને સૂક્ષ્મ વિષ હોય તો ધીરે ધીરે ઊતરે પણ મંત્રાદિ ઔષધિ વડે ઉતરે નહીં અને સર્પાદિકની આદ્ય લઈને જો વિશેષ વિષ હોય તો તેનું મૃત્યુ જરૂર થાય.

**ભૂત, પિશાચ, મૂઠ અંગેના દુઃખ નિવારણની સમજ**

ભૂત – પિશાચની આદ્ય લઈને કોઈના શરીરના વિશે પ્રવેશ કરીને દુઃખ પમાડે છે. તે પણ જાગ્રતને વિશે જ માલુમ પડે છે. તેને કોઈ ટાણા-ટૂણી, ભૂવા-જાગરિયાની આદ્ય લઈને મલિન દેવયોનિનું શરીરમાં જે પોક્ષણ (પ્રવેશ) કરે છે. તેને કોઈક ભૂવા વિગેરે ટાણા-ટૂણી કરીને શરીરના શુદ્ધ દેવ જાગ્રત કરીને પેલા મલિન ભૂત – પિશાચ દેવ યોનીને નાશ પમાડે છે (નસાડી મૂકે છે) અને કોઈને ટાણા-ટૂણી કરવા છતાં નીકળતા નથી. તે હકીકત કોઈને વિષ ઊતરે અગર કોઈને ન ઊતરે તે વિષેના શરીર કહ્યા હતા, તેની માફક જાણવું. એ પ્રકારના તંત્ર ભેદ આ વિશ્વને વિશે વર્તમાન કરે છે, તે પણ જાગ્રતને વિશે જ વર્તમાન કરે છે.

જેના શરીરમાં મન અંતઃકરણ, સ્થૂળ દેહ અને જાગ્રત અવસ્થા આ ત્રણેયને વિશે જો તામસનો વિભાગ વર્તતો હોય અને જો મૂઠ ચોટની આદ્ય લઈ અને મનુષ્યના શરીર વિશે પ્રવેશ કરવામાં આવે તો તેની અસર થતી નથી.

જેના શરીરમાં બુદ્ધિ અંતઃકરણ, સૂક્ષ્મદેહ ને સ્વપ્ન અવસ્થા આ ત્રણેય ને વિશે જો તામસનો વિભાગ વર્તતો હોય અને જો મૂઠ ચોટની આદ્ય લઈ અને મનુષ્યના શરીર વિશે પ્રવેશ કરવામાં

આવે તો તેનું મંત્રાદિકથી નિવારણ થઈ શકે છે.

જો શરીરમાં અહંકાર અંતઃકરણ, કારણદેહ, સુષુપ્તિ અવસ્થા આ ત્રણેયને વિશે જો તામસનો વિભાગ વર્તતો હોય અને જો મૂઠ-ચોટની આદ્ય લઈ અને મનુષ્યના શરીર વિશે પ્રવેશ કરવામાં આવે તો તે મૃત્યુ પામે.

એ પ્રકારના તંત્ર ભેદ આ વિષયને વિશે વર્તમાન કરે છે તે પણ જાગ્રતને વિશે જ વર્તમાન કરે છે.

તેમજ કોઈ મૂઠ-ચોટની આદ્ય લઈ પ્રહાર કરીને મનુષ્યને મારે છે. તે પણ જાગ્રતને વિશે જ. અને તેને મંત્ર વડે પછી મટાડે છે. પ્રથમ મંત્ર વડે મનુષ્યને મારે છે તે વિશેષ તામસ દેવ વિભૂતિ છે, તેને સાધીને પોતાને સ્વાધીન કર્યા પછી તેને મંત્રે કરીને દુશ્મનના શરીરમાં પ્રવેશ કરાવે છે ત્યારે તે પ્રવેશ કરીને દુઃખ પમાડે છે તેની સમજઃ

### મંત્રથી દુઃખ દેનાર મલિન દેવને દૂર કરે છે

જે શરીરનાં પંચભૂત ને પંચમાત્રા એ દશની એકતા ઇંદ્રિયોને વિષે રહી છે. તે ઇંદ્રિયોની એકતા અંતઃકરણને વિશે રહી છે. તે અંતઃકરણની એકતા ગુણ-ઘણને વિશે રહી છે. તે ગુણ-ઘણની એકતા પ્રકૃતિને વિશે રહી છે. તે પ્રકૃતિની એકતા આનંદ તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણને વિશે રહી છે. તે આનંદ તત્ત્વકારણ અને ધનંજે તત્ત્વકારણની એકતા અવ્યાકૃતને વિશે રહી છે. તે અવ્યાકૃતની એકતા પુરુષને વિશે રહી છે. તે પુરુષની એકતા બ્રહ્મને વિશે રહી છે. તે ચૈતનબ્રહ્મની એકતા નિજ કૈવલના અંશની વિશે રહી છે. એ પ્રકારે અન્યોન્યની એકતાયે કરીને સર્વ શરીર હુષ્ટપુષ્ટ રહે છે. તેટલા પ્રકારની જે એકતા રહી તેમાં અંતઃકરણ અને ગુણની એકતાની સંધિને વિશે પેલા વિશેષ તામસ દેવની વિભૂતિના મૂઠ ચોટની આદ્ય લઈને મંત્ર પ્રવેશ કરીને અંતઃકરણ અને ગુણની સંધિને છેદન કરતા રહે છે. તેને કરીને તે મનુષ્યનું શરીર સુકાઈ જાય છે.

હવે તેને કોઈ બીજા મંત્ર વડે તે મૂઠ-ચોટને મટાડે છે - તેમાં તે મંત્ર પણ વિશેષ તામસદેવની વિભૂતિ છે તે વિશેષ તામસદેવ વિભૂતિના ચોટ નિવારણ મંત્ર તે શરીરને વિશે પુનઃ પ્રવેશ કરાવવાથી શરીરના વિશેષ તામસદેવને જાગ્રત કરે છે. ત્યારે તે શરીરના વિશેષ તામસદેવ જાગ્રત થઈને પેલા વિશેષ તામસ દેવ વિભૂતિ મંત્ર જે શરીરને દુઃખ દેનારા હતા તેને દૂર કરે છે (ભગાડી મૂકે છે). પરંતુ કોઈના શરીરમાંથી તે મૂઠના મંત્ર નીકળતા નથી ત્યારે તેનું મૃત્યુ થાય છે.

### કોઇના શરીરમાંથી તે મંત્ર નીકળતા નથી ત્યારે તેનું મૃત્યુ થાય છે તેની સમજ

મનુષ્યના શરીરનો વિશેષ તામસદેવ ત્રીજા કારણદેહને વિશે વર્તતા હોય (અગ્નિતત્ત્વ, સુષોપ્તિ અવસ્થા રૂદ્ર (શંકર) અધિષ્ઠાન સહવર્તમાન અહંકાર અંતઃકરણ ધારણ કરેલું હોય તે)તે સમયે ચોટ નિવારણ વિશેષ તામસ મંત્ર જો શરીરને વિશે પ્રવેશ કરે તો તે શરીરના વિશેષ તામસદેવને જાગ્રત કરી શકે નહીં. કારણ કે ત્રીજા કારણદેહને વિશે વિશેષ તામસદેવ દુઃખ નિવારણમંત્ર પ્રોક્ષનો પ્રેરાયેલો પ્રવેશ કરી શકતો નથી. તેને કરીને શરીરનો નાશ થાય છે. તે પણ જાગ્રત ને વિશે જ થાય છે.

### આશિષ - શ્રાપ અંગે

વળી, કોઈ યોગી શ્રાપ દે છે. તે પણ વિશેષ તામસદેવને સાધીને જ શ્રાપ આપે છે. કોઈ યોગી આશિષ દે છે, તે પણ વિશેષ તામસદેવને શાંત પમાડીને દે છે. તે ક્રિયા પણ જાગ્રત ને વિશે જ થાય છે.

### અપવાદ રૂપ મહાપુરુષો

પરંતુ રાજા, યોગી, જ્ઞાની અને ઈશ્વરની આદ્ય લઈ તેમને મંત્ર તંત્ર તેમજ મૂઠ-ચોટ લાગી શકતાં નથી. કારણ કે જેને વિશે સર્વ દેવ વિશેષ વિભૂતિ લઈને જાગ્રતમાન થઈ રહ્યાં છે, તેને લીધે તેમના દેહને વિશે મૂઠ – ચોટ અને મંત્રની અસર લાગી શકતી નથી. તે પણ સર્વે દેવ જાગ્રત હોવાથી મૂઠ-ચોટ વિગેરે લાગી શકતાં નથી. એ પ્રકારે મંત્ર ભેદની ઉપાધિમાં આ વિશે વર્તમાન કરે છે તે પણ જાગ્રતને વિશે જ થાય છે.

### ફણગલી રોગ - (ત્રણ પ્રકાર)

બાળકને ત્રણ પ્રકારના ફણગલી રોગ ઉત્પન્ન થાય છે એક નાની ફણગલી બીજી મોટી ફણગલી અને ત્રીજી સૂક્ષ્મ ફણગલી, એવા ત્રણ પ્રકારના રોગ થાય છે. તેને પ્રાદેશિક ભાષામાં શીતળામાતા નીકળ્યા એમ કહે છે અને તેના ઉપર બીજાની છાયા નહીં પડવા દેવાની પથ્ય (ચરી) પાળે છે. વળી, આપણા ગુજરાત દેશમાં તે રોગ માટે બળિયાદેવનું સ્થાપન કહે છે. તે વ્યાધિનો તાપ જાગ્રતને વિશે બાળક જાણે છે.

જ્યારે પ્રથમ સ્ત્રી-પુરુષના સંયોગના બિંદુનું બાળક તનુ થાય છે ત્યારે તે સ્ત્રી-પુરુષના બિંદુની સાથે કાચા જળનો વિભાગ સ્ખલિત થઈને આવે છે. તેમાં પાકાં પંચતત્ત્વના બિંદુનો બાળક દેહ બંધાય છે અને પુરુષના કાચા જળનો વિભાગ જે તુરંત પાન કરેલા બિંદુની સાથે આવે છે. તે બાળકની નાડીઓને વિશે ભરાઈ રહે છે.

સ્ત્રીનાં બિંદુનો જળ વિભાગ બાળકના માંસ ભાગ અને ત્વચા ભાગની સંધિને વિશે ભરાઈ રહે છે. જ્યારે તે બાળકની ત્વચા, માંસ અને નાડી કઠણતા પકડતી જાય છે ત્યારે તે જળ બહાર ફૂટી નીકળે છે.

તે નાના બાળકથી લઈ નાના-મોટા દરેક માણસો ને એક સાથે ફૂટી નીકળે છે તેને ફણગલી કહેવામાં આવે છે. તે કેમ નીકળે છે, તે કહીએ છીએ.

વૈરાટને વિશે ઓગણપચાસ વાયુ વહે છે તે પૈકી એક શીતબલ અગ્નિ નામક વાયુ છે તે વાયુ જે દેશ પરગણા, મુલક, નગર અને ગામને વિશે જેટલા વિસ્તારમાં વહી જાય તેટલા વિસ્તારને વિશે જે બાળકની નાડી, ત્વચા, માંસ કઠણતા પામી રહ્યાં હોય તે સર્વ બાળકની ત્વચામાં રહેલું કાચું પાણી ફૂટી નીકળે છે.

મોટી ફણગલી (ઓરી) – તે પિતાના બિંદુનાં જળ વિભાગનો રોગ જાણવો.

નાની ફણગલી (અછબડા) તે માતાના બિંદુનો જળ વિભાગ જાણવો.



**નાની ફળગલી બીજી મોટી ફણગલી અને ત્રીજી સૂક્ષ્મ ફણગલી**

સૂક્ષ્મ ફણગલી (બળિયા) તે માતા પિતા બંનેના બિંદુનું પાણી છેલ્લી ત્વચાને વિશે એકઠું મળી જાય છે તેનો તે રોગ થાય છે.

એ ત્રણ રોગના નામ ઓરી, અસબળા ને બળીયા કહેવાય છે. કોઈ દેશમાં એને શીતળા દેવી નીકળ્યા કહે છે.

## મૃત્યુ અને પછીના જન્મ અંગેની સમજ

કૈવલ કર્તાની અંશવૃત્તિનો જે નિજજાણ સ્વરૂપ અંશ છે તે નિજજાણ સ્વરૂપના આભાસ વડે પ્રથમ કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વના પ્રાણાયામને વિશે રહેતો હતો. તે નિજજાણ સ્વરૂપનો સામાન્ય આભાસ પ્રાણાયામને ચેતન કરીને કર્તાની સંજમભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્ત્વને વિશે ગયો – સર્વને વિશે ત્રણ ચક્ષસત્ત્વ અહર્નિશ સદાયકાળ વર્તમાન કર્યા જાય છે. હવે એ ત્રણેય ચક્ષસત્ત્વ વર્તમાન કરતાં કરતાં ઘણા દિવસે.

પ્રથમ અનંગ ચક્ષસત્ત્વ હાર પામી જાય છે ત્યારે લેતા પ્રાણાયામ શ્વાસનું કુંભકને વિશે ખેંચપણું છૂટી જાય છે ત્યારે શ્વાસ શિથિલ થઈ જાય છે. એટલે શ્વાસ જેટલો પ્રેરકમાં અંદર પોખાય તેટલો ને તેટલો જ પાછો રેચક થઈ જાય. પણ શરીરમાં શ્વાસનો સંગ્રહ કઈ રહે નહીં. ત્યારે શરીર અતિશય શિથિલ થઈ જાય હલન-ચલન ઓછું થઈ જાય.

આજ રીતની ક્રિયાથી થોડાક દિવસમાં વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ જે લેતા પ્રાણાયામ શ્વાસને અંદર પુરી રાખીને પુષ્ટ કરતું હતું તે પણ પાછુ નાશ થઈ જાય એટલે શ્વાસ અંદર પ્રેરાતો બંધ થઈ જાય.

હવે માત્ર કાળ ચક્ષસત્ત્વ એકલું જ રહે ત્યારે પ્રાણાયામ એકલો રેચક થયા જાય. પણ તે શ્વાસ પાછો ઊલટીને પિંડમાં પ્રેરક થાય નહીં. એ રીતે કાળ ચક્ષસત્ત્વ પ્રાણાયામનો નાશ કરવા માટે પ્રણવને બહાર કાઢી નાંખે છે. કાળ ચક્ષસત્ત્વનો એકભાગ પહેલાથી જ વધારે હતો તેથી કાળ ચક્ષસત્ત્વ પાછળ

વધારે વખત રહ્યું. તે કાળ ચક્ષસત્ત્વનો વધારાનો એક વિભાગ પહોંચતા સુધી પ્રાણાયામને બહાર ઉલેચી નાંખ્યા કરે. ત્યાર પછી તે વધારાનો એક વિભાગ પણ ખૂટી જાય ત્યારે કાળ ચક્ષસત્ત્વનો પણ નાશ થઈ જાય. ત્યારે પ્રાણાયામ બહાર રેચક થતો પણ અટકી જાય.

આ રીતે જ્યારે રેચક પ્રાણાયામ ચાલતો બંધ થઈ જાય અને પ્રેરક પ્રાણાયામ તો આગળથી નાશ પામ્યો છે. એ બંને પ્રાણાયામ શાંત થઈ જાય ત્યારે શરીર કાળવશ થઈ જાય.

તે કાળ ચક્ષસત્ત્વ સર્વ પ્રાણાયામને બહાર રેચક કરીને પોતે નાશ પામ્યું હોય તો સર્વ જંગમની આદ્ય લઈને મનુષ્યજાતિના દેહના મૃત્યુકાળ સમયે મુખારવિંદ ઉપર શ્યામતા (કાળાશ) છવાઈ જાય. જ્યારે દેવને વિશે દેવનું પતન (મૃત્યુ) થાય છે ત્યારે તેજ પૂંજ પ્રકાશ થઈને દેવતનુ વિલાઈ જાય છે. તે તેજપૂંજને વિશે ધુમ્મર ભર્યા અગ્નિની જ્વાળા સરખી શ્યામતા દેખાય છે. જો શરીરમાં થોડાક પ્રાણાયામ રહી ગયો હોય અને કાળ ચક્ષસત્ત્વનો નાશ થાય તો મૃત્યુકાળ સમયે મુખારવિંદ ઉપર તેજ ઉત્પન્ન થાય. જ્યારે દેવને વિશે દેવનું પતન (મૃત્યુ) થાય છે ત્યારે તેજ પૂંજને વિશે અતિશય પ્રકાશ દશ્યમાન થાય તે શ્યામતા ન હોય.

એ પ્રકારે સર્વ દેવ મનુષ્યની આદ્ય લઈ ઉત્પન્ન પરલે શરીર થાય છે. એ તો સર્વ પદાર્થ ભાવનાનો ઉત્પન્ન પરલે ભેદ કહ્યો.

આ રીતે પિંડથી અલગનો અલગ અને સળંગ રીતે સમસ્ત પિંડની ઈંદ્રિયો અને અંતઃકરણ વિશે ચાસમી લેતો રહે છે, ત્યાં સુધી નિજજાણ સ્વરૂપ કર્તાના અંશની દૃષ્ટિ પિંડને વિશે સન્મુખ અનુકૂળ રહેતી હોય છે. જેથી આખું શરીર આનંદપૂર્વક રમણ કરે છે. આમ, કર્તાના અંશની દૃષ્ટિ જંગમ શરીરને વિશે આભાસે આભાસ પ્રવેશ થઈ પિંડને ચેતનવંતો રાખે છે.

જાગ્રત અવસ્થાને વિશે ચાર અવસ્થાનું જ્ઞાન જાણે છે અને
બાવન અક્ષર સંયુક્ત શબ્દ ઉચ્ચાર કરે છે.

↓

મન અંતઃકરણ અતિશય સ્ફૂરણતા પામે અને ઉજાગ્રત કરે છે.

↓

દસ ઇન્દ્રિયોની ચાસમી લે છે અને ઉજાગ્રત કરે.

↓

બુદ્ધિ અંતઃકરણને પોષે છે.

↓

ચિંત અંતઃકરણને પોષે છે.

↓

નચિંત અંતઃકરણને પોષે છે.

↓

અંશને પહોંચે છે.



જ્યારે પ્રાણાયામ નો નાશ થઈ ગયો ત્યારે નિજજાણસ્વરૂપ કર્તાના અંશની દૃષ્ટિનો આભાસ જે પ્રાણાયામ ઉપર હતો તે પ્રાણાયામનો નાશ થયા પછી આભાસ ઊલટીને નિજજાણ સ્વરૂપને વિશે લીન પામી ગયો ત્યારે જંગમ જાતિનું શરીર મૃત્યુ પામી જાય.

એ રીતે જ્યારે જંગમ શરીર મૃત્યુ પામે ત્યારે નિજજાણ સ્વરૂપ કર્તાનો અંશ પિંડ-બ્રહ્માંડની સંધિ વિશે જે રહેલો હતો તે છોડીને કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિ ભૂમિકાને વિશે ઊલટ બિરાજમાન થઈ રહે એટલે કે તે પોતાની ઈચ્છાવંત, સ્વરૂપાકાર, અવ્યક્ત મૂર્તિમાન રહે પણ કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિની ભૂમિકાને વિશે એકરૂપ થઈને મળી જાય નહીં.

કારણ કે કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિ ભૂમિકા તો નિરસત્વ નિરાકાર, શૂન્યમાં વ્યાપક ને શૂન્ય સમાન છે જેમ કે - સૂર્યનો પ્રકાશ શૂન્યને વિશે વ્યાપક રહ્યો છે. પણ તે પ્રકાશને વિશે સૂર્યનો મૂર્તિમાન અંશ રહ્યો નથી. તેમજ અંશ નિપજતો નથી. કદાચ નિપજે તો અગ્નિ નિપજે. પરંતુ તે અગ્નિ તો પ્રકાશ જ જાણવો. કારણ કે પ્રકાશનું પ્રતિબિંબ તો નિરસત્ત્વ હોય, પણ અંશ વિના તો કોઈ વંશવૃદ્ધિ પામે




લોખંડ રૂપી ચુંબક
ચુંબક નિજજાણસ્વરૂપ અંશ

નહીં. તે માટે કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિ ભૂમિકા તે નિઃસત્ત્વ અને નિરાકાર છે. તે નિઃસત્ત્વ નિરાકાર બ્રહ્મભૂમિકાને વિશે નિજસ્વરૂપ કર્તાનો અંશ સત્ત્વસંજુક્ત મૂર્તિમાન અકુંરને વિશે મળીને એક્તા કેવી રીતે થઈ જાય ?

અનેક પ્રકારની વનસ્પતિનાં બીજગ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અર્થાત્ અત્યંત બારિકમાં બારિક હોય તે પૃથ્વી ને વિશે ભેગા ભળીને એકમેક થઈ રહે છે પણ તે બીજગ પૃથ્વીને વિશે ભળી જઈને પૃથ્વી રૂપ થઈ જતા નથી. કારણ કે બીજ તો વિશેષ સત્વ સંયુક્ત અંકુર મૂર્તિમાન જ છે. જ્યારે પૃથ્વી તો સામાન્ય સત્ત્વ જડાકાર છે. તે માટે બિજગ પૃથ્વીને વિશે ભળી જતા નથી.

તેવી જ રીતે પ્રકાશ બ્રહ્મભૂમિકાને વિશે નિજજાણ સ્પરૂપ કર્તાના અંશ ભેળા રહે છે. પણ તેની અંદર મળી જતા નથી, કર્તાના અંશ પ્રકાશબ્રહ્મ ભૂમિકાને વિષે મળ્યા થકી ન્યારા ને ન્યારા રહે છે. અને કર્તાના સ્વરૂપને વિશે પણ પાછા તે અંશ પહોંચી શકતા નથી. તે માટે નિજજાણસ્વરૂપ કર્તાના અંશ કર્તાથી પણ ભિન્ન રહે છે. કારણ કે,

નિજ આદ્ય પુરુષ મહદ સજાણસ્વરૂપ કૈવલ કર્તા એ પોતાની ઈચ્છાથી પંચવૃત્તિ ઉત્પન્ન કરી ને તે પંચવૃત્તિઓનાં તત્ત્વ ઘણા વિભાગે કરીને ઊલટા-સૂલટી મેળવીને દેવની આદ્ય લઈને અનંત પ્રકારના ઘાટ રચ્યા પછી તે ઘાટને વિશે પોતાની દૃષ્ટિ રૂપ પાંચમી ચૈતનવૃત્તિ પોખીને સર્વ સાજ સંયુક્ત નખથી તે શિખા પર્યંત પરિપક્વ કર્યા, પરંતુ કોઈ ઘાટ કર્તાની ઈચ્છા પ્રમાણે હલન-ચલન કરીને ચેષ્ટા કરવા લાગ્યા નહીં. ત્યારે નિજ મહદ સજાણસ્વરૂપ આદિ કૈવલ કર્તા એ પોતાની છઠ્ઠી કર્તાઅંશવૃત્તિ ઉત્પન્ન કરીને પોતાના નિજજાણસ્વરૂપ અંશ ઘાટમાં પોખ્યાં તે વખતથી સર્વ અંશ કર્તાથી વિખૂટા પડીને કર્તાની પંચવૃત્તિના વિભાગના સાજ સંયુક્ત જડ શરીરના સાક્ષી થઈ રહે છે.

હવે તે નિજજાણસ્વરૂપ કર્તાના અંશ જડ શરીરના સાક્ષી થવાથી સર્વ જડ શરીરના વિભાગો સચેતન થઈને અનેક પ્રકારના વિષય વૈભવ કરવા લાગ્યા. તે સર્વે વિષયોની ચાસમી અન્યો-અન્ય પહોંચતી તે નિજજાણસ્વરૂપ કર્તાનો અંશ લેતો હતો. તેથી કરીને નિજજાણસ્વરૂપ કૈવલ કર્તાની મહદ જાણ્ય હતી તે વિસર્જન પામીને વિષય ચાસમીની જાણ્ય થવાથી નિજજાણસ્વરૂપ કર્તાના અંશ










પોતાનું નિજ સ્વરૂપ વિસ્મૃતિ પામીને વાસના રૂપ થઈ ગયા. તેથી કરીને વાસનાની વિષય ચાસમીની સ્મૃતિ રહે છે. નિજજાણ સ્વસ્ૂપની વાસના ઉપર સહેજ સ્વભાવે સૂક્ષ્મ દૃષ્ટિ રહે છે. આ કારણે જ વાસના રૂપ અમરવેલ પિંડ પડ્યા પછી પણ સહેજ સ્વભાવે અંશને લપટાયમાન થઈને રહે છે જેમ કે,

જેમ ચુંબકીય સત્તાથી ચુંબકની સાથે લોખંડ લપટાઈને રહે છે. એજ પ્રકારે નિજજાણસ્વરૂપ ચુંબકવત્‌ની સત્તાથી લોહ જડવત્ વાસનાઓને નિજજાણસ્વરૂપ ચુંબકની સાથે સહેજ સ્વભાવે લપટાઈને રહે છે.

સર્વ પદાર્થ ઇન્દ્રિયો અને અંતઃકરણની ચાસમી લીધાની જાણ નિજજાણ સ્વરૂપને સહેજ સ્વભાવે સ્મૃતિમાં રહી જાય છે. આ નિજજાણ સ્વરૂપ કૈવલના અંશને ઈન્દ્રિયો તથા અંતઃકરણની ચાસમીની સ્મૃતિ રહે છે તે જ વાસનાનું સ્વરૂપ જાણવું. માટે નિજજાણસ્વરૂપ કર્તાના અંશ સંયુક્ત વાસના સમ્યક સહેજ સ્વભાવે રહી છે. તે વાસના નિજજાણ સ્વરૂપને ચાસમીની સ્મૃતિરૂપ જ છે. તે વાસનાસ્મૃતિ નિજજાણસ્વરૂપ કર્તાના અંશને પદાર્થ ભાવનાથી ઉત્પન્ન થઈ છે. તે માટે વાસનાની પદાર્થ ઉપર અધોગતિ દૃષ્ટિ રહેવાથી નિજજાણસ્વરૂપ કર્તાના અંશની વૃત્તિ પણ સહેજ સ્વભાવે અધોગત વાસના પાછળ તણાઈ રહે છે.

એ પ્રકારે નિજજાણ સ્વરૂપ કર્તાના અંશની વૃત્તિ અધોગત રહે છે. તેને કરીને તે અંશ આદ્યપુરુષ સજાણ સ્વરૂપ કૈવલકર્તાને પાછા નથી મળી શકતા તેથી કર્તાથી ભિન્ન રહે છે. એ જ રીતે નિજજાણ સ્વરૂપ કર્તાના અંશ દેહ ત્યજીને જ્યારે ભિન્ન થાય છે ત્યારે વાસના તેની પાછળ તણાઈ જાય છે. જ્યારે વાસના અન્ય દેહને વિશે પ્રવેશ કરે છે ત્યારે તેની પાછળ નિજજાણ સ્વરૂપ કર્તાના અંશ તણાઈ જાય છે. જેમ કે...

નાવને વિશે લોખંડનો ખીલો જડેલો હોવાથી નાવિક જેમ નાવ હંકારે તેમ નાવ પાછળ તણાતો જાય છે.

પણ જ્યારે તે લોખંડ ખીલાને ઊંડા જળની અંદર ચુંબક દૃષ્ટિએ પડે તો તે લોખંડનો ખીલો

ચુંબક પાસે ખેંચાઈ જાય છે. જ્યારે તે ખીલાની પાછળ નાવ સહિત નાવિક પણ ખેંચાઈ જાય છે.

તેવી જ રીતે શરીર છૂટતી વખતે નિજજાણ સ્વરૂપ કર્તાના અંશની પાછળ વાસના તણાઈ જાય છે. અને બીજો દેહ ધારણ કરતી વેળાએ પણ વાસનાની પાછળ નિજજાણ સ્વરૂપ કર્તાના અંશ તણાઈ જાય છે. કારણ કે ઈંદ્રિયો, અંતઃકરણની ચાસમીના સ્વાદને લીધે (કરીને) નિજજાણ સ્વરૂપ કર્તાના અંશ પદાર્થના સાક્ષી થવાથી તેને ભોગવવાની ઈચ્છા રહે છે. અને તેની ઈચ્છા પદાર્થો ઉપર વાસનાની અધોગતિ દૃષ્ટિ રહે તેથી જન્મ-મરણની ભવાટવી અસંખ્ય કાળથી ચાલી આવે છે.

તે માટે મહાપુરુષ ખાતાં-પીતાં, બોલતાં-ચાલતાં સર્વ પદાર્થોના વિષયને વિશે રહ્યા છતાં નિર્લેપ રહે છે. તેમાં આસક્ત થતા નથી. જેમ જીભ ચિકાસમય ખોરાક ખાવા છતાં કોઈ રસમાં લોપાયમાન થઈને ચિકાશમય પામતી નથી. અને અન્ય શરીર અંગને વિષે ગ્રથના સ્પર્શ કરીને ચિકાસ પામે છે, પણ જીભ ચિકાશ પામતી નથી.

તેટલા માટે તો મહદ પુરુષ કૈવલવેત્તા ખાતાં-પીતાં, બેસતાં-ચાલતાં અને પદાર્થોના વિષયને વિશે રહ્યા છતાં નિર્લેપ રહે છે. પણ તેમાં આસક્ત થતા નથી. આ રીતે તેઓ અનેક પ્રકારના વૈભવ કરે છતાં રસનાની માફક નિર્લેપ રહે છે અને અન્ય જીવ તો વિષયને દૃષ્ટિએ દેખે તો પણ બંધન પામી જાય છે. મહદ પુરુષ કૈવલવેત્તાનાં ચિહ્નન જોઈને તેમની દેખાદેખી અન્ય જીવોએ કરવી નહીં. કારણ કે મહદ પુરુષ કૈવલવેત્તા તો કૈવલકર્તાના મહદ અંશ છે તેઓ કર્તાના નિજ હુકમથી અનુભવાનંદ દેહ ધારણ કરે છે તે માટે તે પુરુષને કર્તાના સ્વરૂપ સમાન જાણવા. તેથી તે પુરુષ ચાહે તે કરી શકે છે. કારણ કે મહાદ પુરુષ તો કર્તાના પરમ વિશેષ અંશ છે. તે વિશેષ સામર્થ્યતાએ કરીને ખાતાં-પીતાં, બોલતાં-ચાલતાં હોવા છતાં આવરણમાં આવતા નથી. માટે તે મહાદ પુરુષ


ससं० कीअनुभवानंददेहधारंन करेछे ।। तेमाटेतेपुरसतोकरतानुसरुपजजांणवा ।। २५
२२२ ए ।। तेमाटेतेपुरसतेचाहेसोकरे ।। अोरुतेसामाटेजेमाहादपुरसतोकरतानावीसे
सअंसछे ।। तेवीसेससांमथतापेकरीने ।। २६० ।। षातापीताबोलताचालतायकाआ
व्रणमेनथीआवता ।। तेमाटेमाहादपुरसतेकरतारुपजछे ।। अनेआंन्यजीवतो ।। २६
१ ।। करतानासांमांन्यअंसछे तेमाटेतेसरवजीवपदारथोनाविसेने वीषेआव्रणपांमी
गयाछे ।। तेमाटेकरतानाविसेसअंसजे ।। २६२ ।। तेसरगुरुमुरतीनेसततसंघेकरीने ।।
सांमांन्यजीवअंसपदारथोनावीसेआव्रणथीनीरव्रतथाय ।। २६३ ।। ईतीश्रीससमवे
दग्रंथसमाप्तं ।। ।।संपूर्णम ।। ।।लखीतंग ।। करुणाशंकरगंगाशंकर ।। तेकाणंमांमुना
यकनीपोलमां ।। जीलेकालुपरअमदावादमां ।। शुभंभवतु ।। ।।कल्याणमस्तु ।। श्री
संवत ।। १९६५ ना वैशाखशुक्ल ।। २ ।। बुधवासरे ।। मीदंपुस्तकं ।। संपूर्णंभवतु ।। श्रीरस्तु ।। २२२

# ચોપાઈ અનુસુચી


| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| **અ** | | | |
| અનંત સિદ્ધાંત અંત મોર્ધની કૈવલ કંથ... | મંગલાચરણ | ૭ | ૫ |
| અબ તુમ સુનો જીવ જાંહાંન જગ... | સ્કંધ ૧ | ૨૦ | ૨૧ |
| અબ જીનું ચાહેહુ મોક્ષ જન... | સ્કંધ ૧ | ૨૪ | ૨૪ |
| અવિલોકયુ નિજપતિ જગ... | સ્કંધ ૧ | ૨૭ | ૨૬ |
| અરબ ખરબ ગતિ અગમ લ્યૌ... | સ્કંધ ૧ | ૩૬ | ૩૧ |
| અતિ કરુણા કર તેહી પર... | સ્કંધ ૧ | ૪૧ | ૩૪ |
| અજ ઈશ્વર પંડિત કવિ... | સ્કંધ ૧ | ૭૪ | ૫૩ |
| અબ સમજેહુ સંક્ષેપમે... | સ્કંધ ૧ | ૧૦૫ | ૭૪ |
| અવન્યલોક સુર લોક ગગનહી... | સ્કંધ ૩ | ૨ | ૮૮ |
| અવનિ સકલ અંકુર જબ ભયેઉ... | સ્કંધ ૩ | ૨૩ | ૧૦૧ |
| અબ જંગમ ગતમત કહુ સારા... | સ્કંધ ૩ | ૬૫ | ૧૨૮ |
| અણી અલંકાર સકલ તન ધજહી... | સ્કંધ ૩ | ૧૦૯ | ૧૫૬ |
| અણી અગ્રેવ લક્ષ તિલક સો ભાલા... | સ્કંધ ૩ | ૧૧૮ | ૧૬૨ |
| અતિ દ્રઢ અડંગ મતે મસ્તાને... | સ્કંધ ૩ | ૧૨૩ | ૧૬૬ |
| અચુત સચીત ચિત વિમલ હી... | સ્કંધ ૩ | ૧૨૬ | ૧૬૮ |
| અકલ તેજ તનુ નિકલંક દેહી... | સ્કંધ ૪ | ૧૬ | ૧૭૯ |
| અદષ્ટ વિભૂતિ ત્રીયેનુ તન પાવા... | સ્કંધ ૪ | ૧૮ | ૧૮૦ |
| અબ તેહી વચન સૂનહો સતગુરુકા... | સ્કંધ ૪ | ૫૧ | ૨૦૨ |
| અલગ ઉદાર રહત જગ સેતી... | સ્કંધ ૪ | ૫૮ | ૨૦૭ |
| અતિ ગતિ ગુપન જપન તેહી જાપુ... | સ્કંધ ૪ | ૬૧ | ૨૦૯ |
| અરુઢ મતિ ગત કહી હમ જીનકી... | સ્કંધ ૪ | ૬૩ | ૨૧૦ |
| અગમ બોધ અનુભવ ગતિ આપી... | સ્કંધ ૪ | ૧૦૯ | ૨૩૯ |
| અગમ નિગમ ઓરુ આદ્ય અંતનકી... | સ્કંધ ૪ | ૧૧૧ | ૨૪૦ |
| અજર અરસ પર તખત વિજ્ઞાના... | સ્કંધ ૪ | ૧૨૬ | ૨૫૧ |
| અબ સતગુરુ કર્તારનકી બાની... | સ્કંધ ૪ | ૧૩૨ | ૨૫૫ |
| અગમ પ્રકાશ બ્રહ્મ પુનિત ઈછાઈ... | સ્કંધ ૫ | ૨ | ૨૬૦ |
| અતિ સ્થિર ઈંડ વૈરાટ કે... | સ્કંધ ૭ | ૧ | ૩૨૧ |
| અબ ખટ ગુણ ઘણ મહાદ કે... | સ્કંધ ૭ | ૨ | ૩૨૧ |
| અબ સ્થાવર જંગમ જીનું... | સ્કંધ ૯ | ૨ | ૩૫૭ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| અબ જંગમ ગતિ ગાવહુ... | સ્કંધ ૧૦ | ૩ | ૩૮૩ |
| અબ અંતર અવિલોકવું... | સ્કંધ ૧૨ | ૨ | ૪૩૬ |
| અબ તીનું પુનિ સ્થાનકી... | સ્કંધ ૧૩ | ૨ | ૪૫૮ |
| **આ** | | | |
| આપ આપને અવગુણ સબે... | સ્કંધ ૧ | ૮૪ | ૫૯ |
| આભ્ર નાદ અપ ક્રત હર્ત તંતુ... | સ્કંધ ૩ | ૧૫ | ૯૬ |
| આપહી આપ ગડહી નહીં કીલા... | સ્કંધ ૩ | ૯૨ | ૧૪૫ |
| આવન જાવન ગવન બિનુ જેહી... | સ્કંધ ૪ | ૩ | ૧૭૧ |
| આદ્ય અંત કોહુ નાહીનાં વિચારી... | સ્કંધ ૪ | ૭૬ | ૨૧૯ |
| આયે હુ જેહુ નાં ગતિ રહેહુ ના કોઇ... | સ્કંધ ૪ | ૮૦ | ૨૨૨ |
| આન્ય અવસ્થા અંતસકરણ ઓરુ... | સ્કંધ ૪ | ૧૦૧ | ૨૩૪ |
| **ઈ** | | | |
| ઈન્દ્રિ અગોચર સ્વર પર મહાદુ... | સ્કંધ ૩ | ૧૮ | ૯૮ |
| ઈન્દ્રિ સાજ અંતઃકરણ ઉરા... | સ્કંધ ૩ | ૫૦ | ૧૧૯ |
| **ઉ** | | | |
| ઉપની મહેર જબી જીવ પર... | સ્કંધ ૧ | ૨૮ | ૨૬ |
| ઉપજત ગુણ તમો દિનકર ઘોરા... | સ્કંધ ૩ | ૩૮ | ૧૧૧ |
| ઉનમૂનિ શૂન્ય સદાઈ સમદમહી... | સ્કંધ ૪ | ૯૮ | ૨૩૨ |
| ઉલટ સુલટ તંત વિભાગ મેલાઈ... | સ્કંધ ૫ | ૧૧ | ૨૬૬ |
| ઉલટ સુલટ તત્ત્વ ઉતઈત... | સ્કંધ ૬ | ૨ | ૨૭૭ |
| **એ** | | | |
| એહી વિધિ ભરમત જીવ જગ... | સ્કંધ ૧ | ૧૮ | ૧૯ |
| એહી અભિપ્રાય આય હમ... | સ્કંધ ૧ | ૭૧ | ૫૨ |
| એહી નફા મુજ મીલનકા... | સ્કંધ ૧ | ૯૬ | ૬૯ |
| એહી તન ધર એક તુજ કહ્યા... | સ્કંધ ૧ | ૯૮ | ૭૦ |
| એક અખંડ વૃત્તિ મુજ વિષે... | સ્કંધ ૧ | ૧૦૧ | ૭૨ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| એહી આગે ગતિ બરન હુ... | સ્કંધ ૧ | ૧૦૬ | ૭૫ |
| એહી સત્સંગ તૂજ મૂજ તણો... | સ્કંધ ૧ | ૧૦૭ | ૭૫ |
| એહી ખટ ઋતુ ગુન સુરકે સમાગુ... | સ્કંધ ૩ | ૪૫ | ૧૧૫ |
| એહી સબ કર્તા સો નિજપદ નાંહી... | સ્કંધ ૩ | ૫૬ | ૧૨૩ |
| એકમેક અદ્વૈત ગમગતહી... | સ્કંધ ૩ | ૯૫ | ૧૪૭ |
| એહી પરકાર સાર સર્વ ખોજુ... | સ્કંધ ૩ | ૯૭ | ૧૪૮ |
| એહી વિધિ વિચરત નર ઓરુ નારી... | સ્કંધ ૩ | ૧૨૪ | ૧૬૭ |
| એહી નિજ તિલક નિરુપણ... | સ્કંધ ૩ | ૧૨૫ | ૧૬૭ |
| એહી પંચ ભોમ કારણ દ્વૈત ભયેઉ... | સ્કંધ ૪ | ૧૨ | ૧૭૭ |
| એહી વિધિ ગુણ અપ અવન્ય રેલામે... | સ્કંધ ૪ | ૨૩ | ૧૮૪ |
| એક દમ અમલ રાજ સર્વ દેહું... | સ્કંધ ૪ | ૨૯ | ૧૮૭ |
| એહી પરકાર સકલ ચર અચરા... | સ્કંધ ૪ | ૩૦ | ૧૮૮ |
| એહી કરતા તનકે પંચ ગાવા... | સ્કંધ ૪ | ૪૧ | ૧૯૫ |
| એહી પરકાર કરહી અસ્તૂતિ... | સ્કંધ ૪ | ૫૦ | ૨૦૧ |
| એહી દશ તત્ત્વ ભયે જીનુ તન સારા... | સ્કંધ ૪ | ૮૪ | ૨૨૪ |
| એહી દશ ભાગ મીલેહુ તન જીનકા... | સ્કંધ ૪ | ૮૫ | ૨૨૫ |
| એહી ખટ ચતુર ભયેહુ તન ભેસા... | સ્કંધ ૪ | ૮૬ | ૨૨૫ |
| એતેહી ભરમ પરેહુ જીવ ઘોરા... | સ્કંધ ૪ | ૧૦૮ | ૨૩૮ |
| એહી નિજપતિ ગત વિગત વિશાલુ... | સ્કંધ ૪ | ૧૨૮ | ૨૫૨ |
| એહી વૃત્તિ પંચ સંચ જુગ સારા... | સ્કંધ ૫ | ૧૨ | ૨૬૬ |
| એહી ખટવૃત્તિ પ્રથુ મુલસે... | સ્કંધ ૫ | ૧૬ | ૨૬૯ |
| એહી વિધિ સ્થાવર જંગમ... | સ્કંધ ૧૦ | ૧ | ૩૮૨ |

**ઓ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ઓર સકલ ક્રત શબ્દકે... | સ્કંધ ૧ | ૫૦ | ૩૯ |
| ઓર સબ અંશ સામાન્યકી... | સ્કંધ ૧ | ૬૭ | ૪૯ |
| ઓરુ ઈન્દ્રાદિક સુર સર... | સ્કંધ ૧ | ૭૩ | ૫૩ |
| ઓર સકલ નિજ સંતહી... | સ્કંધ ૧ | ૯૧ | ૬૪ |
| ઓરુ વિષ્નુ કે અંતસકરણ ચઉના... | સ્કંધ ૩ | ૪ | ૮૯ |
| ઓરુ આનંદ સહિત પદ સરલુ... | સ્કંધ ૩ | ૧૭ | ૯૭ |
| ઓર સકલ જીવ ત્રિગુણ સમેતા... | સ્કંધ ૩ | ૬૪ | ૧૨૭ |
| ઓર સકલ કરતવ ઉપજુગતી... | સ્કંધ ૩ | ૯૯ | ૧૫૦ |
| ઓર સકલ ઉપાસન વરતા... | સ્કંધ ૩ | ૧૧૩ | ૧૫૯ |
| ઓર છાપ ગુણ ઈશ ઓરલાની... | સ્કંધ ૩ | ૧૧૯ | ૧૬૩ |
| ઓરુ ઈદ્રાદિક સુરનકે... | સ્કંધ ૮ | ૩ | ૩૩૭ |

**અં**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| અંત સકલ ઘટ પ્રણવકો... | સ્કંધ ૧ | ૫૭ | ૪૩ |
| અંગ તિલક ચિંતામણી... | સ્કંધ ૧ | ૮૨ | ૫૮ |
| અંતઃકરણ ચતુર અણિ ભેશા... | સ્કંધ ૩ | ૭૪ | ૧૩૪ |

**ક**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| કમલ નાભ પૃથ્વી આદ્યહી નિકસે... | સ્કંધ ૨ | ૧૦ | ૮૫ |
| કહુ તિનકે કર્તા પુનિ સોઈ... | સ્કંધ ૩ | ૩૫ | ૧૦૯ |
| કબહુક ગુન તમો વ્રતત વર્ષાકાલા... | સ્કંધ ૩ | ૪૨ | ૧૧૩ |
| કહહું તાય અણી અગ્ર બખાની... | સ્કંધ ૩ | ૭૫ | ૧૩૪ |
| કેતેકકુ કંટક અણિયારે... | સ્કંધ ૨ | ૪ | ૮૨ |
| કેતેકકુ અનિ સહુ સાજ સકુલા... | સ્કંધ ૨ | ૫ | ૮૨ |
| કેતીક પત્ર ફુલ અનિ ડીરા... | સ્કંધ ૨ | ૬ | ૮૩ |
| કૈવલપદ અદબદ અજમાલી... | સ્કંધ ૩ | ૯૪ | ૧૪૬ |
| ક્રતવકે આપ ક્રતહી ઈષ્ટ થાપા... | સ્કંધ ૩ | ૧૧૪ | ૧૬૦ |
| કૈવલ મોક્ષ ઈચ્છ જીનુ ભક્તિ... | સ્કંધ ૩ | ૧૧૬ | ૧૬૧ |
| કહુ જીનુ વરણ તિલક રંગ વેશા... | સ્કંધ ૩ | ૧૨૨ | ૧૬૫ |
| કૈવલપદ પ્રચંડ પ્રમેતુ... | સ્કંધ ૪ | ૧ | ૧૭૦ |
| કરમ કાલ બિન શ્રમ મમ ભેવા... | સ્કંધ ૪ | ૨ | ૧૭૦ |
| કીયેહુ નિવાસ શક્તિભોમ જબહી... | સ્કંધ ૪ | ૧૭ | ૧૮૦ |
| કોમલ વચન શીતલ શશુ દામી... | સ્કંધ ૪ | ૪૭ | ૧૯૯ |
| કૈવલપદ નિજ ઘરકે ઉપાસી... | સ્કંધ ૪ | ૫૨ | ૨૦૩ |
| કૈવલપદ ભક્તિજીનુ જાની... | સ્કંધ ૪ | ૫૭ | ૨૦૬ |
| કામ ક્રોધ મન પ્રોધ ન ધરના... | સ્કંધ ૪ | ૬૪ | ૨૧૦ |
| કૈવલ પંથ કાયમ નિજ આદુ... | સ્કંધ ૪ | ૭૨ | ૨૧૬ |
| ક્રત વિશે દશ ઈન્દ્રિકે... | સ્કંધ ૧ | ૫૩ | ૪૧ |
| ક્રતવ પંથ ગુન ભજન જનનકે... | સ્કંધ ૪ | ૭૮ | ૨૨૦ |
| કોહુ નિરાકાર શૂન્ય નિર્ગુણહી ઠાના... | સ્કંધ ૪ | ૧૨૨ | ૨૪૮ |
| કૈવલ નામ તાહી કાહી હુસે ભયેઉ... | સ્કંધ ૪ | ૧૨૭ | ૨૫૧ |
| કર્તા ઉમંગ ખટવૃત્તિ ક્રત... | સ્કંધ ૬ | ૧ | ૨૭૭ |

**ખ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ખટ ગુણ ઘણ તનું તત્ત્વકે... | સ્કંધ ૮ | ૨ | ૩૩૬ |
| ખુદસે ઈત આવન ગત... | સ્કંધ ૧ | ૬૨ | ૪૬ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ખુદ ખાવન કૈવલ કુલ... | સ્કંધ ૧ | ૭૫ | ૫૪ |
| ખુદ ઘર ગમ ધર જા દિન કે... | સ્કંધ ૧ | ૮૭ | ૬૧ |
| **ગ** | | | |
| ગુની જ્ઞાની પંડિત કવિ... | સ્કંધ ૧ | ૩૧ | ૨૮ |
| ગાઢ સષોપતિ માંહિ સબે... | સ્કંધ ૧ | ૫૧ | ૪૦ |
| ગુપ્ત પ્રગટ ગતિ ગમ કહી જેહી... | સ્કંધ ૪ | ૬૨ | ૨૦૯ |
| ગુપ્ત ભાવ સર્વ કહી ઉર આસે... | સ્કંધ ૪ | ૭૪ | ૨૧૭ |
| **ઘ** | | | |
| ઘડન ઘાટ મધ્યમા અનિ કેસે... | સ્કંધ ૩ | ૭૧ | ૧૩૨ |
| **ચ** | | | |
| ચકિત ભયે સદ્‌ગુરુ જબી... | સ્કંધ ૧ | ૩૯ | ૩૩ |
| ચીન ભાલ અણી અગ્રજેહ... | સ્કંધ ૧ | ૮૦ | ૫૭ |
| ચહે હો લક્ષ એહી જેહી જન... | સ્કંધ ૧ | ૯૫ | ૬૮ |
| ચર બ્રહ્મા ચતુરાનન જેહી... | સ્કંધ ૩ | ૧ | ૮૮ |
| ચૈતન હંશ જીવ અંકુરા... | સ્કંધ ૩ | ૩૦ | ૧૦૬ |
| ચિત ચિતવન તન રહતહી ઘેરા... | સ્કંધ ૩ | ૭૭ | ૧૩૫ |
| ચૈતન હંશ વંશ જગ જીનકે... | સ્કંધ ૪ | ૪ | ૧૭૧ |
| ચતુર પ્રકાર વિભૂતિ વિદ્યાની... | સ્કંધ ૪ | ૭ | ૧૭૩ |
| ચૌદેય લોક બ્રહ્માંડ અનંતા... | સ્કંધ ૪ | ૧૧૯ | ૨૪૬ |
| **જ** | | | |
| જજત ઈશ અંતર ગત... | સ્કંધ ૧ | ૧૬ | ૧૮ |
| જડ ચૈતન ઉભય બીજ મરમુ... | સ્કંધ ૩ | ૨૮ | ૧૦૪ |
| જડ બીજગ નિરંજન હીસે ભયેઉ... | સ્કંધ ૩ | ૨૯ | ૧૦૫ |
| જો પાવહી ભવ ભેદ એહ... | સ્કંધ ૧ | ૧૦ | ૧૪ |
| જેહી ગુન ગ્રામ ગુઢારથ... | સ્કંધ ૧ | ૨૨ | ૨૨ |
| જેહી મોક્ષ ગતિ અગમકી... | સ્કંધ ૧ | ૨૯ | ૨૭ |
| જીનકુ વ્યાપત ના કછુ... | સ્કંધ ૧ | ૬૬ | ૪૮ |
| જેહી નિજપતિ ગતિ અતિ કહુ... | સ્કંધ ૧ | ૯૩ | ૬૭ |
| જબી નિજ લક્ષ હમ તીનુ દીયા... | સ્કંધ ૧ | ૧૦૨ | ૭૩ |
| જબી હમ કહત તુજે સુન... | સ્કંધ ૧ | ૧૦૩ | ૭૩ |
| જો ગત હમ તુમસે કહી... | સ્કંધ ૧ | ૧૦૪ | ૭૪ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| જેહી નિજ તિલક ભાલ ગતિ તંતુ... | સ્કંધ ૨ | ૧ | ૮૦ |
| જયૌ બીજગ નિરંજન નિરમયેઉ... | સ્કંધ ૩ | ૨૭ | ૧૦૪ |
| જેહી હમ બ્રહ્મ અવન કર ઠાના... | સ્કંધ ૩ | ૩૩ | ૧૦૭ |
| જેહી કર્તા કીયે તંત એહી સરભી... | સ્કંધ ૩ | ૫૨ | ૧૨૦ |
| જયોતિ બીજગ બ્રહ્મ અવનિ આકારા... | સ્કંધ ૩ | ૫૪ | ૧૨૧ |
| જયૌ નરપત દ્વારેહી સર્વ દીના... | સ્કંધ ૩ | ૯૦ | ૧૪૪ |
| જેસેહી ભોમ સજડ સંલારી... | સ્કંધ ૩ | ૯૧ | ૧૪૪ |
| જેહી ઉપચાર આદ્ય અનુસુતા... | સ્કંધ ૩ | ૧૦૫ | ૧૫૪ |
| જો કોહુ અરથ ગુપત મત ઘેહેરુ... | સ્કંધ ૩ | ૧૧૭ | ૧૬૨ |
| જાહિતે સબંધ નિજ પદ અનુરાગા... | સ્કંધ ૩ | ૧૨૧ | ૧૬૪ |
| જડહીકે લગત જડ હીકે સભાવા... | સ્કંધ ૪ | ૩૫ | ૧૯૧ |
| જન્મ મરણ ભયે ભવ વિકરાલા... | સ્કંધ ૪ | ૩૮ | ૧૯૩ |
| જદીપ જીવ મતિ કરત વિલાપા... | સ્કંધ ૪ | ૪૦ | ૧૯૫ |
| જયૌ કોહુ પુરુષ પકરેહુ બેગારી... | સ્કંધ ૪ | ૬૬ | ૨૧૨ |
| જેહી જાકુ જજત ભજત તાંહી જાવે... | સ્કંધ ૪ | ૭૧ | ૨૧૫ |
| જાહી તુમ કહત સકલ ચિદ્ બ્રહ્મ... | સ્કંધ ૪ | ૧૦૦ | ૨૩૩ |
| જાગ્રત અવન્ય બીજગ અંકુરા... | સ્કંધ ૪ | ૧૦૨ | ૨૩૪ |
| જબી સતગુરુ કીયે સરજનહારા... | સ્કંધ ૪ | ૧૩૧ | ૨૫૪ |
| જેહી અવિગત પતિ અગમ અપારા... | સ્કંધ ૫ | ૧ | ૨૬૦ |
| જેહી તનુ તત્ત્વ વૈરાટ કે... | સ્કંધ ૬ | ૩ | ૨૭૮ |
| જંગમ વિપુ તિનું તત્ત્વકે... | સ્કંધ ૧૨ | ૧ | ૪૩૫ |
| **ત** | | | |
| તેહી કાયમ કૈવલ કુલ... | મંગલાચરણ | ૨ | ૨ |
| તયો જયો જયો અહો અકલ... | મંગલાચરણ | ૩ | ૨ |
| તેહી શ્વસમ નિજ નિગમસે... | સ્કંધ ૧ | ૩ | ૯ |
| તાહિત્યે સમંચ કર સ્વર ઈત... | સ્કંધ ૧ | ૬ | ૧૧ |
| તેહી તારે તન પ્રોઈયાં... | સ્કંધ ૧ | ૭ | ૧૨ |
| તેહી લખ નિરણે નિરુપણ... | સ્કંધ ૧ | ૮ | ૧૨ |
| તાહિતે નિગમ નિજ પંચમો... | સ્કંધ ૧ | ૧૩ | ૧૬ |
| તબ તેહી જીવ મુક્તાવન... | સ્કંધ ૧ | ૧૯ | ૨૦ |
| તાહીતે સકલ કુલ વિશ્વહી... | સ્કંધ ૧ | ૩૩ | ૨૯ |
| તેહી સાર સત્ શબ્દકે... | સ્કંધ ૧ | ૪૬ | ૩૭ |
| તેહી શ્વાસા અનુ અક્ષર... | સ્કંધ ૧ | ૫૨ | ૪૧ |
| તેહી વેત્તા વીત જતમત... | સ્કંધ ૧ | ૬૧ | ૬૧ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| તેહી તિલક નિજ નીરણવું... | સ્કંધ ૧ | ૭૬ | ૫૪ |
| તરણ આદ્ય ઓરુ કીટ અજ... | સ્કંધ ૧ | ૭૯ | ૫૬ |
| તેહી પણ સુને સનમુખ રહી... | સ્કંધ ૧ | ૧૦૮ | ૭૬ |
| તીત નભ નાદ ભયેઉ અનુકરતા... | સ્કંધ ૩ | ૧૩ | ૯૫ |
| તાહી તે નિરંજન કેહી વિધિ ઉપના... | સ્કંધ ૩ | ૧૯ | ૯૯ |
| તાહીતે અગમ રહે બીજ કરનારા... | સ્કંધ ૩ | ૨૨ | ૧૦૧ |
| ત્યૌ બીજગ અવનિ પખ ઉરે... | સ્કંધ ૩ | ૨૫ | ૧૦૨ |
| ત્યૌ નિજ બ્રહ્મ ભોમીગત ભાવુ... | સ્કંધ ૩ | ૨૬ | ૧૦૩ |
| તજી તમોગુન રજોગુન સુર ધરહી... | સ્કંધ ૩ | ૪૧ | ૧૧૨ |
| તેસેહી બ્રહ્મ વેદાંત બખાના... | સ્કંધ ૩ | ૪૬ | ૧૧૬ |
| તાહીતે ખોજ પંડિત કરો સંતુ... | સ્કંધ ૩ | ૪૯ | ૧૧૮ |
| તુમ નહીં ચીનત આદ્ય તુમારા... | સ્કંધ ૩ | ૫૫ | ૧૨૨ |
| તેહી કર્તા મહાદ્દ અખંડ ઉજાસા... | સ્કંધ ૩ | ૬૨ | ૧૨૬ |
| તાહિતે સકલ સતગુરુ કરો ખોજા... | સ્કંધ ૩ | ૯૩ | ૧૪૬ |
| તિલક ભાલ હમ જબી નિરમાવા... | સ્કંધ ૩ | ૯૮ | ૧૪૯ |
| તિલક ભાલ સો નવીન નહીં નુગતા... | સ્કંધ ૩ | ૧૧૦ | ૧૫૭ |
| તબ તિનુ તિલક અલખ કયૌ લખહી... | સ્કંધ ૩ | ૧૧૫ | ૧૬૦ |
| તત્ત્વ ચતુર પુનિ તાહીસે ઉપાને... | સ્કંધ ૪ | ૮ | ૧૭૪ |
| તેહી કર્તા જીનું અંશ આપ નિજુ... | સ્કંધ ૪ | ૪૪ | ૧૯૭ |
| તેહી લક્ષ જપત જપત જન જેહી... | સ્કંધ ૪ | ૫૫ | ૨૦૫ |
| તિલક ભાલ તનુ અકલ અનુપા... | સ્કંધ ૪ | ૫૬ | ૨૦૫ |
| તેહી નમુને હમ તિલક બનાયે... | સ્કંધ ૪ | ૭૫ | ૨૧૮ |
| તાહીતે ખલક ઘર અલખ ન પેખુ... | સ્કંધ ૪ | ૭૯ | ૨૨૧ |
| તેહી ગતિ અકલ સકલ મહીં રહેવુ... | સ્કંધ ૪ | ૮૧ | ૨૨૨ |
| તેહી તત્ત્વ મીલીત તન દેવા... | સ્કંધ ૪ | ૯૦ | ૨૨૮ |
| તુરી પદ પવન રહન નિજ ભેદા... | સ્કંધ ૪ | ૧૦૪ | ૨૩૬ |
| તત્ત્વની અવસ્થા કીયેહુ સર્વ સેતી... | સ્કંધ ૪ | ૧૦૫ | ૨૩૬ |
| તેહી બીજગ નિજ સ્વરૂપ સબનકા... | સ્કંધ ૪ | ૧૧૦ | ૨૪૦ |
| તેહી આપ અકલ સકલમે સમયેવુ... | સ્કંધ ૪ | ૧૧૮ | ૨૪૫ |
| તાહીતે સકલ સર્વ ફરત બેહાલા... | સ્કંધ ૪ | ૧૨૧ | ૨૪૭ |
| તેહુ દુલ્હાની જાણ સ્વજાણ સમાની... | સ્કંધ ૪ | ૧૩૦ | ૨૫૪ |
| તાહી વિધિ વિગત જુગત જેહી જીનકી... | સ્કંધ ૪ | ૧૩૩ | ૨૫૬ |
| તેહી ગતિ સબલ સુનાવહુ... | સ્કંધ ૫ | ૧૮ | ૨૭૦ |
| તામહી પ્રથમ પ્રકાશકુ... | સ્કંધ ૯ | ૩ | ૩૫૭ |
| તીન ચક્ષ અનુકરમહી... | સ્કંધ ૧૩ | ૧ | ૪૫૮ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| **ત્ર** | | | |
| ત્રિયે દૃષ્ટાંત કહેહુ જેહી આગુ... | સ્કંધ ૩ | ૨૪ | ૧૦૨ |
| ત્રિતીયે તમોહી અહંકાર ઉદ્યોતિ... | સ્કંધ ૩ | ૭૩ | ૧૩૩ |
| ત્રિવિધિ રસ્વ સમલિત ઠસ વેદા... | સ્કંધ ૩ | ૭૬ | ૧૩૫ |
| **થ** | | | |
| થીર થાવર તરુવર ગત પેખી... | સ્કંધ ૨ | ૯ | ૮૪ |
| થયે અતિ સકલ વિકલ એહી ભાવા... | સ્કંધ ૪ | ૩૯ | ૧૯૪ |
| સ્થિર સ્થાવર ગતિ બરનેહુ... | સ્કંધ ૧૦ | ૨ | ૩૮૩ |
| **દ** | | | |
| દરસ અદરસ આદ્ય ચક્રવર્તિ... | સ્કંધ ૩ | ૭ | ૯૧ |
| દિનકરકુ અપ ઉપજ ન ભાવુ... | સ્કંધ ૩ | ૧૦ | ૯૩ |
| દશ અવતાર વિષ્ણુકે ધરે જેહી... | સ્કંધ ૩ | ૭૯ | ૧૩૭ |
| દેવ સકલ શશી સુર ઉડઘનહી... | સ્કંધ ૩ | ૮૬ | ૧૪૧ |
| દૃષ્ટ અલોક આતમ અનુભવકી... | સ્કંધ ૩ | ૧૦૮ | ૧૫૬ |
| દેવત તત્ત્વ તનું પોષક... | સ્કંધ ૮ | ૧ | ૩૩૬ |
| દેવતનું નરનારીકે... | સ્કંધ ૯ | ૧ | ૩૫૭ |
| **ધ** | | | |
| ધર્મદાસકુ જેહી દીયા... | સ્કંધ ૧ | ૪૫ | ૩૬ |
| ધરમદાસ ગઢ બાંદુકે... | સ્કંધ ૧ | ૮૮ | ૬૨ |
| ધાન સકલ સર્વ તરણાહી સારે... | સ્કંધ ૨ | ૩ | ૮૧ |
| ધારન પંડ અકડ અહંકારા... | સ્કંધ ૩ | ૫ | ૯૦ |
| ધરત રજોગુણ રવિકર જબહી... | સ્કંધ ૩ | ૩૭ | ૧૧૦ |
| ધરી તન સુગમ જુગમેં જશવંતુ... | સ્કંધ ૪ | ૧૨૪ | ૨૪૯ |
| ધર ઘર સધર અધરહી અનુપા... | સ્કંધ ૪ | ૧૨૫ | ૨૫૦ |
| **ન** | | | |
| નિગમ ચતુર ચૂરચૂર મતી... | સ્કંધ ૧ | ૪ | ૧૦ |
| નિજ પતિ પરમ પુરાતન... | સ્કંધ ૧ | ૨૧ | ૨૨ |
| ન્હે : અક્ષર ઘર રહેતહી... | સ્કંધ ૧ | ૪૩ | ૩૫ |
| નિજપતિસે જબી વિલસેહુ... | સ્કંધ ૧ | ૭૭ | ૫૫ |
| નિજ ક્રત વૃત સબ જહાંનહી... | સ્કંધ ૧ | ૮૫ | ૬૦ |
| નારણદાસ તોઈ નરણવી... | સ્કંધ ૧ | ૮૯ | ૬૩ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| નારણદાસ ધન્ય તુજ સમો... | સ્કંધ ૧ | ૯૦ | ૬૩ |
| નારણદાસ નિજ તિલકકે... | સ્કંધ ૧ | ૯૨ | ૬૪ |
| નામ રુપ ગુણ જીવ તન જેતે... | સ્કંધ ૨ | ૨ | ૮૦ |
| નિજ નભ ભભક શબ્દ અણ ઈચ્છા... | સ્કંધ ૩ | ૧૨ | ૯૪ |
| નિજ ઉપજણ કર્તા હંગ નાંહી... | સ્કંધ ૩ | ૧૪ | ૯૬ |
| નિરાકાર બ્રહ્મ સમ સરભરહી... | સ્કંધ ૩ | ૫૧ | ૧૧૯ |
| નિજ પદારથ નિરંજન મહામાયા... | સ્કંધ ૩ | ૫૩ | ૧૨૧ |
| નિખ શિખ કુચન સહિત અનિ રાજે... | સ્કંધ ૩ | ૬૭ | ૧૨૯ |
| નિજ કૈવલસે સકલ જબ ભયેવું... | સ્કંધ ૩ | ૮૮ | ૧૪૨ |
| ન ચી પરપંચ લખો ન મત ભુરી... | સ્કંધ ૩ | ૧૦૭ | ૧૫૫ |
| નિજ કૈવલ પદકે જીવ અંશા... | સ્કંધ ૩ | ૧૧૧ | ૧૫૮ |
| નિજ કૈવલ વૃક્ષવત્ પદ જાસે... | સ્કંધ ૪ | ૧૩ | ૧૭૭ |
| નિજ બીજ અંશ સંચ બિનુ શેષુ... | સ્કંધ ૪ | ૧૪ | ૧૭૮ |
| નિજ મમ સ્વરૂપ પંચતનુ પારી... | સ્કંધ ૪ | ૪૯ | ૨૦૧ |
| નિજ કૈવલ કરતા અંશ આપુ... | સ્કંધ ૪ | ૫૪ | ૨૦૪ |
| નિજ કૈવલ જન લક્ષ એહી ગાઇ... | સ્કંધ ૪ | ૫૯ | ૨૦૭ |
| નિજ કૈવલ સદોદિત સદ... | સ્કંધ ૪ | ૧૩૪ | ૨૫૭ |
| નિજપતિ પરમ પુરુષ સો સુજાના... | સ્કંધ ૫ | ૬ | ૨૬૩ |

**પ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| પ્રથમ એહી મંગલા ચરનન... | સ્કંધ ૧ | ૧ | ૮ |
| પરમ મોક્ષ પરમારથ... | સ્કંધ ૧ | ૨૫ | ૨૪ |
| પુનિ જગમહી હમ આયકર... | સ્કંધ ૧ | ૩૦ | ૨૮ |
| પ્રથમ રહેતઘર પિંડમે... | સ્કંધ ૧ | ૪૭ | ૩૭ |
| પણ વિકસત નિજ પ્રણવસે... | સ્કંધ ૧ | ૪૯ | ૩૮ |
| પિંડ તીત બ્રહ્માંડ પર... | સ્કંધ ૧ | ૫૬ | ૪૩ |
| પ્રણવ સકલ રેહેવન ઘર... | સ્કંધ ૧ | ૫૮ | ૪૪ |
| પરમહંસ જુગ ઇશ લહુ... | સ્કંધ ૧ | ૬૮ | ૫૦ |
| પણ શિર અંક પ્રતાપસુ... | સ્કંધ ૧ | ૮૬ | ૬૧ |
| પંચતત્ત્વ ગુણ રહિત અકર્તા... | સ્કંધ ૩ | ૩૪ | ૧૦૮ |
| પ્રથમ બીજગ નિરંજનહી અંકુરા... | સ્કંધ ૩ | ૬૩ | ૧૨૭ |
| પાદુ પાણ્ય અંગુરી અનિવેશા... | સ્કંધ ૩ | ૬૬ | ૧૨૯ |
| પંચતત્ત્વ ઇંદ્રિ મુખ એહી... | સ્કંધ ૩ | ૬૯ | ૧૩૦ |
| પરાહિ શૂન્ય શ્રવણ અનિયારે... | સ્કંધ ૩ | ૭૦ | ૧૩૧ |
| પ્રથમ રજો સંબંધહી જેહી સાધે... | સ્કંધ ૩ | ૭૨ | ૧૩૨ |
| પંચ ચતુર કુલ નાગ નરેશુ... | સ્કંધ ૩ | ૮૧ | ૧૩૮ |
| પશુ પંખી ઓરુ કીટ પતંગા... | સ્કંધ ૩ | ૮૨ | ૧૩૮ |
| પ્રણવ ચાપ રસના કર ઠાંની... | સ્કંધ ૩ | ૮૭ | ૧૪૨ |
| પક્ષ પંથ મત વિવિધ વિચારા... | સ્કંધ ૩ | ૧૦૪ | ૧૫૩ |
| પસરણ પૃષ્ટ સંકીરણ સંખેતુ... | સ્કંધ ૩ | ૧૦૬ | ૧૫૫ |
| પ્રકૃતિ ઉછાહ ચાહ જબી ભયેઉ... | સ્કંધ ૪ | ૯ | ૧૭૫ |
| પુરુષ નિરંજન સો આદ નરેહા... | સ્કંધ ૪ | ૧૫ | ૧૭૮ |
| પ્રકૃતિ પ્રેરક બીજ વિલસ ભયાના... | સ્કંધ ૪ | ૨૦ | ૧૮૨ |
| પ્રથમ અવન્ય અહંકારઘણ ઠાઇ... | સ્કંધ ૪ | ૨૧ | ૧૮૨ |
| પરવશ પ્રોક્ષ પરેહુ પરમાતા... | સ્કંધ ૪ | ૩૪ | ૧૯૧ |
| પંચ શરીર આપ હોઇ બેઠા... | સ્કંધ ૪ | ૪૨ | ૧૯૬ |
| પ્રગટ જાપ કૈવલ મુખ જપહી... | સ્કંધ ૪ | ૬૯ | ૨૧૪ |
| પ્રસત ન પોમ વ્યોમ રહે જેહી... | સ્કંધ ૪ | ૮૯ | ૨૨૭ |
| પુનિ અપકે ખટ ત્રી ભાગ મેલંતુ... | સ્કંધ ૪ | ૯૨ | ૨૨૯ |
| પ્રથમ કીનેહુ નિજ વૃત્તિ ખટ... | સ્કંધ ૪ | ૧૩૫ | ૨૫૭ |
| પંચમી ચૈતનવૃત્તિ ઉપજી ઉમેદા... | સ્કંધ ૫ | ૩ | ૨૬૧ |
| પ્રથમ પ્રકાશ બ્રહ્મવૃત્તિકે વિભાગા... | સ્કંધ ૫ | ૮ | ૨૬૪ |

**ફ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ફનેહુ જીવ જગ જ્યોં લ્યો... | સ્કંધ ૧ | ૧૪ | ૧૬ |

**બ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| બિનું ફંદે ભવ ફારગત... | સ્કંધ ૧ | ૧૧ | ૧૪ |
| બિનું વૃધ્ધિ ઉત્પન્ન વિશ્વહી... | સ્કંધ ૧ | ૧૨ | ૧૫ |
| બિન કર્તા ચિને નિજ... | સ્કંધ ૧ | ૧૫ | ૧૭ |
| બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર... | સ્કંધ ૧ | ૩૨ | ૨૯ |
| બહોરુ જહાંનમહી ઉતઇત... | સ્કંધ ૧ | ૪૦ | ૩૩ |
| બહોરુ બરજુ તોઇ ધર્મદાસ... | સ્કંધ ૧ | ૪૪ | ૩૬ |
| બહોરુ પ્રણવ સમ દમ જમ... | સ્કંધ ૧ | ૫૪ | ૪૨ |
| બહેહુ લાહાર સબ તેહુનકી... | સ્કંધ ૧ | ૭૦ | ૫૧ |
| બાઈ ચતુરથી અચરત... | સ્કંધ ૧ | ૯૯ | ૭૧ |
| બીજગ અનાદ આદ્ય અંકુરા... | સ્કંધ ૨ | ૭ | ૮૩ |
| બ્રહ્મ સનાતન આદ્ય સર્વનુ... | સ્કંધ ૩ | ૧૬ | ૯૭ |
| બિનુ અંકુર બીજ ઉગહી ના અવનિ... | સ્કંધ ૩ | ૨૦ | ૯૯ |
| બિનું કર્તા નંગ ઉપજત નાંહી... | સ્કંધ ૩ | ૪૭ | ૧૧૭ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| બોહોરુ તિનકી અવસ્થા પુનિ સોઇ... | સ્કંધ ૪ | ૯૭ | ૨૩૧ |

ભ

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ભૂલેહુ નિજ ઘર જબનત્યે... | સ્કંધ ૧ | ૧૭ | ૧૯ |
| ભાલતિલક લક્ષ સર્વ તરુ ઉગહી... | સ્કંધ ૨ | ૮ | ૮૪ |
| ભ્રકૃટિ નૈન નાશા અની અગ્રુ... | સ્કંધ ૩ | ૮૪ | ૧૪૦ |
| ભાલતિલક ચિંન સબ તનુ જાયે... | સ્કંધ ૩ | ૯૬ | ૧૪૮ |
| ભાલતિલક તિનમાંહી સરદારા... | સ્કંધ ૩ | ૧૦૩ | ૧૫૩ |
| ભાલતિલક ઓરુ ભજન કૈવલકા... | સ્કંધ ૩ | ૧૨૦ | ૧૬૪ |
| ભયેહુ ઇચ્છ પીછ પુરુષ નિરંજનુ... | સ્કંધ ૪ | ૬ | ૧૭૩ |
| ભઇ શુદ્ધ સચેત સુગમ ગતિ ચાહાઇ... | સ્કંધ ૪ | ૧૦ | ૧૭૫ |
| ભયેહુ પંચ પરમ કારણ સમેતા... | સ્કંધ ૪ | ૨૬ | ૧૮૬ |
| ભૂલેહુ આપ અહંગ નિજ અંશા... | સ્કંધ ૪ | ૩૨ | ૧૮૯ |
| ભૂલત સદેહ ગેહ નહીં પાવા... | સ્કંધ ૪ | ૪૫ | ૧૯૮ |
| ભયેઉ શરીર ભાગ મીલી તન એતે... | સ્કંધ ૪ | ૮૩ | ૨૨૩ |
| ભાગ ખટ પુનિ પવન પરમેતિ... | સ્કંધ ૪ | ૮૭ | ૨૨૬ |
| ભાગ ચતુર પંચ અગની વિશેષુ... | સ્કંધ ૪ | ૯૩ | ૨૨૯ |
| ભયેહુ ઉપાધ વિભ્રાંતિ ભાતિ એહુ... | સ્કંધ ૪ | ૧૦૬ | ૨૩૭ |
| ભયેઉ મોય સોહી અનુભવ જાગે... | સ્કંધ ૪ | ૧૧૩ | ૨૪૨ |
| ભયેહુ અંશ કર્તા એહી વિધિ પોતે... | સ્કંધ ૫ | ૧૩ | ૨૬૭ |

મ

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| મહદ અંશ વિભૂતિ વિદ... | સ્કંધ ૧ | ૬૪ | ૪૭ |
| મહાદ્ અંશકુ મતલબે... | સ્કંધ ૧ | ૬૫ | ૪૮ |
| મલિન આદ્ય શુભ સુર લહુ... | સ્કંધ ૧ | ૭૮ | ૫૬ |
| મહા અંકુર પુનિ પ્રસવ ભયેઉ... | સ્કંધ ૪ | ૫ | ૧૭૨ |
| મનોમયે અવન્ય બુદ્ધિ અપ હીરા... | સ્કંધ ૪ | ૯૯ | ૨૩૩ |
| મસ્તુ મમેતિ જાણ તન નિજુ... | સ્કંધ ૪ | ૧૧૬ | ૨૪૪ |

ય

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| યાહિતે અગમ ગતિ જેહુનકી... | સ્કંધ ૧ | ૩૪ | ૩૦ |
| યાહિતે સકલ ખોજ કીયેહુ નિહોરા... | સ્કંધ ૩ | ૧૦૨ | ૧૫૨ |
| યૌ જોંહી તોંહી વરતેહુ જમતમહી... | સ્કંધ ૪ | ૩૬ | ૧૯૨ |
| યાહીકી જાણ અંશ ઉલટ સુલીટા... | સ્કંધ ૪ | ૧૨૯ | ૨૫૩ |
| યેસેહી અંશ હુયેહુ અનુસારા... | સ્કંધ ૫ | ૧૪ | ૨૬૮ |

ર

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| રામ ક્રષ્ન જુગ ઇશનકી... | સ્કંધ ૧ | ૩૫ | ૩૧ |
| રહેણી રચિત ચિત્ત જતમત... | સ્કંધ ૧ | ૧૦૦ | ૭૧ |
| રજો ઓરુ સત્વ સંજુકતહી આદિતા... | સ્કંધ ૩ | ૩૯ | ૧૧૧ |
| રજો ઓરુ તમો સુર મિલિત સંજોગા... | સ્કંધ ૩ | ૪૦ | ૧૧૨ |
| રહત ગલિત ત્રિતી યેહુ ગુન જેહી... | સ્કંધ ૩ | ૪૪ | ૧૧૪ |
| રહેત શૂન્ય અજરાયલ અરસુ... | સ્કંધ ૩ | ૬૦ | ૧૨૫ |
| રુદ્રહી બાણ એકાદશ લિંગુ... | સ્કંધ ૩ | ૮૩ | ૧૩૯ |
| રજોગુણ અપ સતોગુણ શીતલાઇ... | સ્કંધ ૪ | ૨૨ | ૧૮૩ |
| રોમરોમ રગરગ નખ શીખહી... | સ્કંધ ૪ | ૨૭ | ૧૮૬ |
| રહેહુ આપ નિજ અંશ અયાના... | સ્કંધ ૪ | ૪૩ | ૧૯૭ |
| રેણ દિવસ રસબસ ભરપુરા... | સ્કંધ ૪ | ૬૭ | ૨૧૨ |
| રચેહુ સૃષ્ટ જીને વિવિધી વિભાવા... | સ્કંધ ૪ | ૧૨૦ | ૨૪૭ |

લ

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| લોક ચતુર્દશ ત્યૌ તસે... | સ્કંધ ૧ | ૬૯ | ૫૦ |
| લક્ષ પક્ષ બિનુ રહિત સમારા... | સ્કંધ ૪ | ૬૦ | ૨૦૮ |

વ

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| વિવિધી ભાત્ય વિગતંગ અંગ... | મંગલાચરણ | ૪ | ૩ |
| વિધિ વિત્તપન શિર પાંચમો... | સ્કંધ ૧ | ૯ | ૧૩ |
| વિલસત સહેજ ઉપજતહી યેસે... | સ્કંધ ૩ | ૧૧ | ૯૪ |
| વેદ પુરાણ શાસ્ત્ર મત એહી... | સ્કંધ ૩ | ૫૮ | ૧૨૪ |
| વિશ્વ સકલ તન સર્વ અણી આસે... | સ્કંધ ૩ | ૮૯ | ૧૪૩ |
| વાહી માંહી ઓહી ઓહી વાહીમાંહી ભીજુ... | સ્કંધ ૪ | ૧૯ | ૧૮૧ |
| વિસરેહુ જ્ઞાન અગમ જબી આપુ... | સ્કંધ ૪ | ૩૭ | ૧૯૩ |
| વ્યોમ વિભાગ અમલ ખટ હોઇ... | સ્કંધ ૪ | ૮૮ | ૨૨૬ |
| વિભાગ ચતુર પંચ અવન્યહી આપુ... | સ્કંધ ૪ | ૯૧ | ૨૨૮ |
| વિભાગ મારુત નિજ નવ પરમાના... | સ્કંધ ૪ | ૯૪ | ૨૩૦ |
| વ્યોમ ખટ પુનિ ત્રીયેહુ વિભાગા... | સ્કંધ ૪ | ૯૫ | ૨૩૦ |
| વારપાર વિનુ અમર સનાદિ... | સ્કંધ ૪ | ૯૬ | ૨૩૧ |
| વિનાહુ લક્ષ નિજ પક્ષ ન પાગા... | સ્કંધ ૪ | ૧૦૭ | ૨૩૮ |
| વૃત્તિ ષષ્ટમી કર્તા અંશ ઉપાસે... | સ્કંધ ૫ | ૪ | ૨૬૧ |
| વૃત્તિ ખટ તુરત પ્રેરક કરી જહાંના... | સ્કંધ ૫ | ૭ | ૨૬૩ |
| વૃત્તિ ત્રીતીયેહુ ઇચ્છા અસક ઉપાઇ... | સ્કંધ ૫ | ૧૦ | ૨૬૫ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| વૃત્તિ પંચ પસરન કરી... | સ્કંધ ૫ | ૧૫ | ૨૬૯ |

**દ્વ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| દ્વૈત રમણ નામ રુપ ગુણ વેશા... | સ્કંધ ૩ | ૧૦૦ | ૧૫૦ |
| દ્વિતીયે સંજમ ભોગવૃત્તિ વિસ્તરયેઉ... | સ્કંધ ૫ | ૯ | ૨૬૪ |

**શ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| શિષ શાખ્યા અગણિત કીયે... | સ્કંધ ૧ | ૩૮ | ૩૨ |
| શબ્દ સ્પર્શ રુપ રસ ઓરુ ગંધા... | સ્કંધ ૩ | ૩ | ૮૯ |
| શક્તિ ધાગુ વટવલ અકડાઈ... | સ્કંધ ૩ | ૮ | ૯૨ |
| શીત ઓર હીમ બસત ગુન હૃદયે... | સ્કંધ ૩ | ૪૩ | ૧૧૪ |
| શેષ સકલ સૃષ્ટિ શિર ધારુ... | સ્કંધ ૩ | ૮૦ | ૧૩૭ |
| શસ્ત્ર સકલ બહુ વિધિ મતમતકે... | સ્કંધ ૩ | ૮૫ | ૧૪૦ |
| શરીર સબંધી ઈન્દ્રિ રસ ભોગા... | સ્કંધ ૪ | ૩૧ | ૧૮૯ |

**સ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| સર્વ ઉતઈત તીત તખત અક્થ... | મંગલાચરણ | ૬ | ૪ |
| સોહમ્ સ્વાસા સ્વસમ હી... | સ્કંધ ૧ | ૨ | ૮ |
| સ્વસંવેદ શુદ્ધ સરલ એ... | સ્કંધ ૧ | ૫ | ૧૦ |
| સોહી લક્ષ જીનું લખવાવહુ... | સ્કંધ ૧ | ૨૩ | ૨૩ |
| સોહમ્ કરુણા કરનન... | મંગલાચરણ | ૧ | ૧ |
| સોયેહુ જગ અજ્ઞાન નિંદ... | સ્કંધ ૧ | ૨૬ | ૨૫ |
| સો નહીં ભાખે ભવ નિધિ... | સ્કંધ ૧ | ૩૭ | ૩૨ |
| સૂર મનુ પશુ પતંગ લ્યૌ... | સ્કંધ ૧ | ૪૮ | ૩૮ |
| સાર શબ્દ ઘર રેહેતહી... | સ્કંધ ૧ | ૫૫ | ૪૨ |
| સાર શબ્દ ઘર રેહેતહી... | સ્કંધ ૧ | ૫૯ | ૪૪ |
| સાર શબ્દ ન્હેઃ અક્ષર... | સ્કંધ ૧ | ૬૦ | ૪૫ |
| સોહી લખ પખ વિનુ પરમહી... | સ્કંધ ૧ | ૬૩ | ૪૭ |
| સોહી ઘર સધર પ્રમાનગી... | સ્કંધ ૧ | ૮૧ | ૫૭ |
| સો નિજપતિસે બગાર કર... | સ્કંધ ૧ | ૮૩ | ૫૯ |
| સકલ અચર ગત એહી નર નુપા... | સ્કંધ ૨ | ૧૧ | ૮૬ |
| સાત્વિક ગુણ તન સ્વાંતિ સકલમેં... | સ્કંધ ૩ | ૬ | ૯૦ |
| સોહી શ્રુતિ કહત પુરુષ બ્રહ્મહેજા... | સ્કંધ ૩ | ૯ | ૯૩ |
| સોહી બીજકે જુગમે કુન કરતા... | સ્કંધ ૩ | ૨૧ | ૧૦૦ |
| સહુ ઓરલે પદ રહે અટકાઈ... | સ્કંધ ૩ | ૩૧ | ૧૦૬ |
| સર્વ સિદ્ધાંત સાર ગત અંતુ... | સ્કંધ ૩ | ૩૨ | ૧૦૭ |
| સમ દમ પવન ચરલ ગતિ વામે... | સ્કંધ ૩ | ૩૬ | ૧૦૯ |
| સમ શક્તિ સચરાચર સર્વમે... | સ્કંધ ૩ | ૪૮ | ૧૧૭ |
| સગુણ નિર્ગુણ દોહુ પક્ષ દઢવાઈ... | સ્કંધ ૩ | ૫૭ | ૧૨૩ |
| સગર્ભ શુદ્ધ સનાતન તનહી... | સ્કંધ ૩ | ૫૯ | ૧૨૪ |
| સર્વ ઉત્કૃષ્ટ શિખર ઘર સોઈ... | સ્કંધ ૩ | ૬૧ | ૧૨૬ |
| સોહી કંટક અણી અગ્ર સરેખુ... | સ્કંધ ૩ | ૭૮ | ૧૩૬ |
| સોહી ચૈતન જબી ભયે દ્રશ રુપા... | સ્કંધ ૩ | ૧૦૧ | ૧૫૧ |
| સરજી સૃષ્ટ ઉત્કુષ્ટ તબનકા... | સ્કંધ ૩ | ૧૧૨ | ૧૫૮ |
| સૂક્ષ્મ સ્થૂળ કારણ મહાકારણ... | સ્કંધ ૪ | ૧૧ | ૧૭૬ |
| સોહી નવ તત્ત્વ તનુ સુક્ષ્મ શરીરા... | સ્કંધ ૪ | ૨૪ | ૧૮૪ |
| સૂક્ષ્મ સ્થૂળ તનુ પ્રગટ પ્રસીના... | સ્કંધ ૪ | ૨૫ | ૧૮૫ |
| સહેજ અચેત સાક્ષીવત્ સબકે... | સ્કંધ ૪ | ૩૩ | ૧૯૦ |
| સરલ મુમુક્ષુ હોઈ શુદ્ધ ચૈતન... | સ્કંધ ૪ | ૪૬ | ૧૯૯ |
| સકલ દેવ દેવનકે હો દેવા... | સ્કંધ ૪ | ૪૮ | ૨૦૦ |
| સકલ વહેવાર વર્તતહી જગતકા... | સ્કંધ ૪ | ૬૫ | ૨૧૧ |
| સુચિત કરમ અતિ પરમ પવિતુ... | સ્કંધ ૪ | ૬૮ | ૨૧૩ |
| સોહી નિજ જન કૈવલપદ પાવહી... | સ્કંધ ૪ | ૭૦ | ૨૧૪ |
| સકલ જીવનકી કૈવલપદ આશી... | સ્કંધ ૪ | ૭૩ | ૨૧૬ |
| સોહી વિધિ વિગત જુગત તત્ત્વનનકી... | સ્કંધ ૪ | ૮૨ | ૨૨૩ |
| સ્વપ્ન અવસ્થા નીરહી નિરમયેઉ... | સ્કંધ ૪ | ૧૦૩ | ૨૩૫ |
| સુનત બોધ સતગુરુ મુખ બાની... | સ્કંધ ૪ | ૧૧૨ | ૨૪૧ |
| સકલ સજાત ભાત મમ ભેસા... | સ્કંધ ૪ | ૧૧૪ | ૨૪૨ |
| સકલ સાયાજ સંજુકત હી સમેવા... | સ્કંધ ૪ | ૧૧૫ | ૨૪૩ |
| સ્વજાણ સ્વરૂપ કરતાહી સો અઘાપા... | સ્કંધ ૪ | ૧૧૭ | ૨૪૪ |
| સગુન નિગુનકે જાનન જાણ્ય પદહી... | સ્કંધ ૪ | ૧૨૩ | ૨૪૮ |
| સોહી તત્ત્વ તનકુ વિગતે સુત સાધી... | સ્કંધ ૫ | ૫ | ૨૬૨ |

**હ**

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| હિરણ્ય ગ્રભ અજ અમર આદ્ય... | મંગલાચરણ | ૫ | ૪ |
| હમ બક્ષી ગતિ તોહીનકુ... | સ્કંધ ૧ | ૯૪ | ૬૮ |
| હમ જેહી ગતિ નિજ તુજ દેહી... | સ્કંધ ૧ | ૯૭ | ૬૯ |
| હલન ચલન ઈતિહાસ ભઈ મૂરતિ... | સ્કંધ ૪ | ૨૮ | ૧૮૭ |
| હોનેકી અગમ અબ સોહી નહીં જાને... | સ્કંધ ૪ | ૭૭ | ૨૧૯ |

| ચોપાઈ | સ્કંધ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| **ક્ષ** | | | |
| ક્ષુદ્ર દેવહી ઉપાસના જેતી... | સ્કંધ ૪ | ૫૩ | ૨૦૩ |
| **શ્ર** | | | |
| શ્રોત સજન હોઇ સનમુખ... | સ્કંધ ૧ | ૪૨ | ૩૪ |
| શ્રોતા સરલ મમોક્ષહુ... | સ્કંધ ૧ | ૭૨ | ૫૨ |
| શ્રવણ વ્યોમ રસના અપ સારા... | સ્કંધ ૩ | ૬૮ | ૧૩૦ |
| શ્રોતા સકલ સૂનહો મમ... | સ્કંધ ૫ | ૧૭ | ૨૭૦ |

ભાલ તિલક ઓરુ ભજન કૈવલકા, જમ જૂથ કુલ નહીં કરપ અમલકા

કહ જીનુ વરણ તિલક રંગ વેશા, રક્ત શ્વેત ઉભયે અણિ રેખા

વિશ્વ સર્વજનમંગલ ચેરીટી ટ્રસ્ટ

978-81-921648-7-8